Gujarati Maulana Rumi Masnavi Book No 6

મસ્નવી મૌલાના રૂમી

ભાગ ૬ ઠ્ઠો

શરૂ કરું છું અલ્લાહના નામથી જે મોટો મહેરબાન અને ઘણી રહેમ કરવાવાળો છે.

૧ ઓ (મારા) દિલના જીવન, હુસામુદ્દીન છઠ્ઠો ભાગ કે જે (મારા દિલમાં) ઉછળે છે (તેને લખવાની) ઉત્કંઠા કર.

૨ તારા જેવા સંતના આકર્ષણ થકી, એક હુસામની કિતાબ દુનિયામાં ફેલાવો પામી છે.

૩ (હવે) ઓ રૂહાની અવસ્થાવાળા, હું મસ્નવી પુરી કરવા આ છઠ્ઠો ભાગ (લખવા) તને દરખાસ્ત કરું છું.

૪ આ છએ ખુંકોમાંથી છએ દિશાઓએ પ્રકાશ ફેલાશે, એટલા માટે કે હરકોઈ કે જેણે (મસ્નવીની) પ્રદક્ષિણા નથી કરી તે પ્રદક્ષિણા કરે.

૫ પ્રેમને પાંચેય (ઇન્દ્રિયો) અને છ (દિશાઓથી) કાંઈ લાગતું વળગતું નથી. તેનું ધ્યેય માત્ર) વહાલમના ખેંચાણમાં પ્રવૃત્તિશીલ (રહેવાનું) છે.

૬ ત્યારબાદ જો (ખુદા પાસેથી) પરવાનગી આવશે તો જે છુપાં રહસ્યો કહેવાં જોઈએ તે કહીશ.

૭ (સમજણની) વધુ નજીક લઈ જાય તેવી વાકચચાતુરીથી, આ મર્મજ્ઞ (અને) ગહન (જ્ઞાન) ઇશારાથી (સમજ).

૮ ગુપ્ત, ગુપ્ત જાણનારના સિવાય કોઈનું ભાગીદાર નથી, નાસ્તિકના કાનમાં ગુપ્ત, ગુપ્ત રહેતું જ નથી.

૯ **પરંતુ પેદા કરનાર પાસેથી (ખુદા તરફ લોકોને) બોલાવવા હુકમ નીચે આવે છે, તેઓ કબુલ કરે કે ન કરે તેની સાથે (નબી કે ઈમામે મુબીં)ને શી નિસ્બત ?**

૧૦ (હ.) નુહ (અ. સ.) એ નવસો વર્ષ સુધી (લોકોને ખુદા તરફ) બોલાવવું ચાલુ રાખ્યું, પરંતુ તેના ટોળાની નાસ્તિકતા પળે પળે વધતી જતી હતી.

૧૧ તેણે બોલવાનો અધિકાર કદી પાછો ખેંચ્યો ? તેઓ કદી નીરવ ગુફામાં ચોર પગલે ચાલ્યા ગયા ખરા ?

૧૨ તેણે (પોતાને) કહ્યું, "વણજાર કદી અવાજ કે કુતરાના ભસવાથી મુસાફરીમાંથી પાછી હટી છે ?

૧૩ અથવા તો ચાંદની રાતે પૂર્ણિમાનો ચંદ્ર કુતરાઓના રડવાથી પોતાનું ભ્રમણ કયારેય અવરોધે છે ?

૧૪ ચંદ્રમા અજવાળું પાથરે છે, અને કુતરો ભસે છે, દરેક પોતાની બાસીયત પ્રમાણે વર્તે છે.

૧૫ (દૈવી) ભાવીએ દરેક જણને એક ચોક્કસ જાતની તેની અનિવાર્ય જરૂરીયાત મુજબ સેવા કરવાની તેની શક્તિના પ્રમાણમાં વહેંચણી કરી છે.

૧૬ જ્યારે કે કુતરો તેની વિનાશક કારમી ચીસો છોડશે નહિ, હું (કે જે) ચંદ્રમા છું (તે) શા માટે મારૂં ક્ષેત્ર તજું ?

૧૭ જેમ સુરકો તેની પોતાની બાટાશ વધારે છે, તેમ બાંડ પણ વધારવી જરૂરી બને છે.

૧૮ ગુસ્સો (સુરકા) બાફક છે, દયા મધ જેવી છે અને આ બન્ને દરેક વસ્તુનાં મુળ છે.

૧૯ જો મધ સુરકાને (વધુ બાટો થતો) અટકાવવામાં નિષ્ફળ જાય તો વાયુ બગડી જશે.

૨૦ લોકો તેના હ. (અ. સ.) (નુહના) ઉપર સુરકો રેડતા હતા, અને (દૈવી બક્ષીશ)નો સાગર નુહ (અ. સ.) માટે બાંડ રેડતો હતો.

૨૧ તેની બાંડ બક્ષિશોના સાગરમાંથી ભરપાઇ થતી હતી, તેથી દુનિયાના (સમસ્ત) રહેવાશીઓના સુરકાથી બાંડ ટપી જતી હતી.

૨૨ **એકલો હજાર જેવો કોણ છે ? પેલા "ઇમામે મુબીન" તે મહાન (ખુદાનો) 'બાસ' સો પેઢીઓ તુલ્ય છે.**

૨૩ મહાન નદીઓ, બરણી કે જેમાં દરિયાની નહેર ઠલવાય છે, કે જેમાં સમુદ્રમાંથી એક નહેર આવે છે.

૨૪ બાસ કરીને આ "હક" ના સમુદ્રમાં, કારણ કે (બાકીના) બીજા બધા સમુદ્રો, જ્યારે કે તેઓએ આ (શહેનશાહી) આદેશ સાંભળ્યો અને (જોરાવર) કુપા (જોઇ).

૨૫ ત્યારે તેઓનાં મોઢાં શરમથી અને સંકોચથી કડવાં બન્યાં કારણ કે સૌથી મહાન નામ પેલાની સાથે જોડાએલું હતું.

૨૬ પેલી દુનિયા સાથે આ દુનિયાને સબંધીત કરવામાં આ દુનિયા શરમમાં બંચકાય છે.

૨૭ આ (રીતથી) સમજાવવું એ પણ અપુરતું અને ત્રુટીવાળું છે, કારણ કે દુષ્ટ અને બાસ પસંદ કરાએલામાં સરખાપણું હોઇ જ ન શકે!

૨૮ (જો કે) કાગડો ફળના બગીચામાં કા કા કરે (છતાં) પણ તેના મીઠા ગાન ગાવાથી અટકશે?

૨૯ તો પછી દરેક જણ આ બજારમાં તેના જુદા જુદા ઘરાક છે, "તે જે ઇચ્છે તે તે કરે છે."

૩૦ ભોજન જે કાંટાના ઝાડથી બનાવેલું છે, તે કાંટા અગ્નિનો આહાર છે. ગુલાબના અત્તરની સુવાસ ભાવનામય મગજનો ખોરાક છે.

૩૧ જો કે ગંદવાડ આપણા મતે હલકો છે (છતાં) ડુક્કર અને કુતરા માટે તે ખાંડ અને મીઠાઇ છે.

૩૨ જો કે ગુનેહગારો ગુનાહ કરે છે (છતાં ચોકખું) પાણી (વસ્તુઓને) પવિત્ર કરવા નિષ્ઠાવાન હોય છે.

૩૩ અજગરો દ્વારા ઝેર ઓકવામાં આવે છે અને કટુભાષી લોકો આપણને સંતાપે છે.

૩૪ (છતાં) પર્વતોમાં, ગુફામાં અને ઝાડમાં માખીઓ મધનો સાકર ભંડાર ભરે છે.

૩૫ ઝેર ગમે તેટલું ઝેરપણું બતાવે (છતાં) ઝેર નિવારક તેનાં મુળીયાં ઉખેડી નાખે છે.

૩૬ જ્યારે કે તું ગણત્રી કરે છે કે આ દુનિયામાં બધા ઘર્ષણમાં છે, રજકણ સાથે રજકણ. જેમ કે ધર્મ વિરુદ્ધતામાં નાસ્તીકતા સાથે (ઘર્ષણમાં) છે.

૩૭ એક રજકણ ડાબી તરફ ઉડે છે અને બીજું જમણી તરફ (તેની) શોધમાં ઉડે છે.

૩૮ એક રજકણ ઉપર અને બીજું નીચે (ઉડે છે). તેઓની હીલચાલનું બરોબર ઘર્ષણ નિહાળ.

૩૯ દેખીતુ ઘર્ષણએ અદૃષ્ય ઘર્ષણનું પરીણામ છે, જાણકે પેલું વૈમતસ્ય ગૈમનસ્યમાંથી ઉદ્‌ભવે છે.

૪૦ રજકણનું ઘર્ષણ કે જે સુર્યમાં ધસી આવે છે, તે વર્ણન કે હિસાબ કરવાથી પર છે.

૪૧ જ્યારે (વ્યક્તિગત) આત્મા અને શ્વાસ રજકણમાંથી ધસી આવતા હોય છે, તેનું ઘર્ષણમાત્ર સુર્યનું ઘર્ષણ છે.

૪૨ (તેની) કુદરતી હીલચાલ અને આરામ તેમાંથી રવાના થયાં હોય છે. શા (કારણથી)? આ કારણથી, 'બરોબર અમે તેમાં પાછા ફરનાર છીએ."

૪૩ અમો અમારા માંથી તારા સમુદ્રમાં પાછા ફર્યા છીએ. અને જે મૂળે અમને ધરાવ્યા તેને ધાવ્યા છીએ.

૪૪ ઓ તું કે જે પ્રેતના કારણે કિંમત વગરના રસ્તા ઉપર જ રહ્યો છે, ઓ સિદ્ધાંતહીન આદમી, (મૂળભૂત) સિદ્ધાંતની બડાઈ ન હાંક.

૪૫ અમારી લડાઇ અને સુલેહ 'નૂર અયન" છે. તે લડાઈ અમારામાંથી નથી. તે ખુદાની બન્ને આંગળીઓમાં છે.

૪૬ પ્રકૃતિની લડાઈ, આમાલની લડાઇ, વાણીની લડાઇ (બ્રહ્માંડના) ભાગોમાં ભયંકર અથડામણ છે.

૪૭ આ લડાઈના કારણોથી આ દુનિયાનો નિભાવ થાય છે. મુળભૂત તત્વોની ગણત્રી કરું, એટલા માટે કે તે (મુશ્કેલી) નો ઉકેલ કરવામાં આવે.

૪૮ ચાર મુળતત્વો ચાર મજબુત થાંભલાઓ છે, કે જેનાથી અત્યારની દુનિયાનું છાપરૂં સીધું રાખવામાં આવ્યું છે.

૪૯ દરેક થાંભલો બીજાનો નાશ કરનાર છે, થાંભલો (પાણીના) નામે ઓળખાય છે. એ આગનો નાશ કરનાર છે.

૫૦ જ્યારે કે સર્જનની હવેલી ઉલટી સુલટી બાજુ પર આધારિત છે. અનિવાર્યપણે આપણે આપણા નફા અને નુકશાનીની લડાઈમાં છીએ.

૫૧ તારી કાયા અને મનની હાલતો અરસપરસ વિરૂદ્ધની છે. દરેક અરસપરસની અસરમાં વિરૂદ્ધ છે.

૫૨ જ્યારે કે હું અવિરતપણે મારાથી રસ્તો રોકવાની (લડાઈમાં) છું. હું બીજા સાથે સુખરૂપે કેમ વર્તી શકું ?

૫૩ મારી હાલતોના લશ્કરનાં મોજાંઓને જુઓ, દરેક એકબીજાથી લડાઇમાં એક બીજાથી લડાઈમાં એક બીજાથી સંઘર્ષે છે.

૫૪ તારામાંની તેવીજ દુઃખદાયક લડાઈનો કાળજીપુર્વક વિચાર કરો, તો પછી શા માટે તું બીજા સાથે લડાઇમાં રોકાયો છે ?

૫૫ અથવા ખુદા તને આ લડાઇમાંથી મુકિત અપાવે અને તને શાન્તિથી દુનિયાના એક રંગમાં ખેંચી લાવે.

૫૬ આ દુનિયા કાયમી અને વિકસતી સિવાય બીજું કંઇ નથી. કારણ કે તે અથડામણોથી ભરેલી નથી.

૫૭ આ અરસપરસનો સર્વનાશ દરેક ઉલટી બાજુ ઉપર તેની ઉલટી રીતે ઠોકી બેસાડવામાં આવેલ છે, જ્યાં ઉલટી બાજુ નથી, ત્યાં અનંતકાળની હૈયાતી સિવાય બીજું કંઇ નથી.

૫૮ બહિશ્તમાં રૂખસત આપવા જેવી ઉલટી સુલટી બાબતો તેને છે જ નહિ. કહે, "સુર્ય અથવા તેની વિરોધી સખત ઠંડી કાંઇપણ ત્યાં હશે નહિ."

૫૯ રંગોનું અસલ બેરંગપણું છે. સુલેહો લડાઇઓનું અસલ છે.

૬૦ પેલી દુનિયા આ દુઃખદાયક રહેઠાણનું મુળ છે, 'મિલન' એ દરેક જુદાઈ અને
વિખુટા પડવાનું અસલ છે. ૬૯૧

૬૧ મહેરબાનો, શા માટે આપણે આવી વિરુધાઈમાં છીએ, શા માટે એકયતા આ
સંખ્યાઓને જન્મ આપે છે?

૬૨ કારણ કે આપણે શાખા છીએ અને ચાર મુળતત્વો ભંડોળ છે. જથ્થો શાખામાં
પોતાની પ્રકૃતિને અસ્તિત્વમાં લાવે છે.

૬૩ (પણ) જ્યારે કે સત્વ (કે જે) આત્મા છે, વિભાગીકારણથી પર છે. તેની પ્રકૃતિ આ
અનેકતા નથી. તે (દૈવી) શહેનશાહી પ્રકૃતિ છે.

૬૪ સમજ કે લડાઈઓ કે જે સુલેહના મુળ છે, એ પયગમ્બરની લડાઇ માફક છે જેની
લડાઈ ખુદાની ખાતર છે.

૬૫ તે વિજેતા અને બન્ને દુનિયામાં શકિતશાળી છે. આ વિજેતાનું વર્ણન કરવું એ
મોઢાની વાત નથી.

૬૬ જોકે 'ઓકસસ' નદી પી જવી અશકય છે છતાં પોતાની તરસ છીપાવવા જેટલું
પી શકાય તેટલું પાણી પીવા કોઈ પોતાને અટકાવી ન શકે

૬૭ **જો તમો રૂહાની દરિયાના તરસ્યા છો તો મસનવીના ટાપુમાં બાકોરું
બનાવો. એવું મોટું બાકોરું બનાવો કે દરેક પળે મસનવીને માત્ર
રૂહાનીયત બનેલી જુઓ.**

૬૮

૬૯ જ્યારે પવન નદીના પાણીના (મથાળેથી) વરાળને ઘસડી જાય છે, ત્યારે પાણી
પોતાનું બેરંગીપણું બનાવે છે.

૭૦ પરવાળાની તાજી ડાંખળીઓ નિહાળો, આત્માના પાણીમાંથી ઉગેલાં ફળો નિહાળો!

૭૧ જ્યારે કે તે (મસનવી) એકવટી અને શબ્દો અને અવાજો અને ફૂંકોથી ખુલ્લી
(સમજાય) તેવી બનાવાઈ છે ત્યારે તે પેલું (બધું) પાછળ છોડે છે અને
(રૂહાની) દરિયો બને છે.

૭૨ શબ્દ બોલનાર અને શબ્દ સાંભળનાર અને શબ્દો (પોતે પણ) આ બધા ત્રણેય
અંતે આત્મા બને છે.

૭૩ રોટલો આપનાર અને રોટલો સ્વીકારનાર અને આખો રોટલો તેઓના આકારોમાંથી
એકજ (ખુલ્લો બને છે) અને માટીમાં ફેરવાઇ જાય છે.

૭૪ પણ તેઓની વાસ્તવિકતા (ઉપર જણાવેલી) ત્રણેય પ્રકારોમાં, (આ) દરજ્જા અને
કાયમીપણા, બન્નેમાં જુદી જુદી છે.

૭૫ તેઓ દેખાવમાં માટી બનેલ છે, વાસ્તવિકમાં તેઓ નથી (બન્યા). જો કોઈ એમ
કહે કે તેઓ છે તેને કહો કે "નહિ, તેઓ નથી."

૭૬ રૂહાની દુનિયામાં બધા ત્રણેય (દૈવી હુકમ માટે) કોઈ વાર રૂપોમાંથી ભાગી છુટતા અને કોઈ વાર (તેમાં) નિવાસ કરવા રાહ જુએ છે.

૭૭ (જ્યારે) (દૈવી) હુકમ આપે છે, "રૂપમાં દાખલ થાઓ" તેઓ (તેમાં) દાખલ થાય છે, જેવી રીતે તેના હુકમથી તેઓ (રૂપથી) ભાગી છુટયા હતા.

૭૮ તેથી જાણ કે (આયાત) "પેદા કરવું તેનું જ કામ છે અને તેનો જ હુકમ છે" પેદા થવું એ રૂપ છે અને (દૈવી) હુકમ એ તેના ઉપર સવાર થએલ આત્મા છે.

૭૯ સવાર થએલ અને જેના પર સવારી થઇ તે (બન્ને) બાદશાહના હુકમના આધીન છે. કાયા પ્રવેશદ્વારે છે અને આત્મા સભાગૃહમાં છે.

૮૦ જ્યારે બાદશાહ પાણી રેડવાના પાત્રમાં પાણી આવે તેથી ઇચ્છા કરે છે, તે આત્માના લશ્કરને કહે છે. 'સવાર થાઓ.'

૮૧ ફરીવાર જ્યારે તે આત્માને ઉપર બોલાવે છે ત્યારે દેખરેખ રાખનારની ખુમ આવે છે. "ઉતરી જાઓ."

૮૨ પછી આ મુદ્દા ઉપર આમ વિવરણ (જો ચાલુ રહ્યું) તો તરકટી બનશે, અગ્નિને બુઝવી નાખ, તેમાં વધુ ઇંધણ ન નાખ.

૮૩ રખેને નાના ઘડાઓ (બહુ) ઝડપે ઉકળે, સમજણનો ઘડો નાનો અને નીચો છે.

૮૪ પવિત્ર અત્યુત્તમ કે જે વાસ્તવિકતાથી દુનિયા (બગીચો) બનાવે છે, એક શબ્દની વચ્ચે તેમને (સફરજનોને) સંતાડે છે.

૮૫ આ અવાજ અને શબ્દો અને વાતચીતની વચમાં (એવી એક) સુગંધ પ્રસરે છે કે સમજણમાં સુગંધ સિવાય સફરજન (દૃષ્ટિમાં) આવતાં નથી.

૮૬ કંઈ નહિ તો આ સુગંધ તમારા સમજણના (નસકોરાંથી) વધુ પ્રમાણમાં ખેંચો, કે કાનથી લઈ જતાં તે તેમને તમારા અસલ તરફ દોરી જાય.

૮૭ સુગંધ સાચવી રાખ અને લીંટથી ખબરદાર રહેજે. તારી કાયાને ઠંડા પવનથી રક્ષણ આપજે અને હલકટથી છેટો રહેજે.

૮૮ (તેની) અસરથી રખેને તારું નાક બંધ કરી દે. અરે તેઓની હવા શિયાળા કરતાં વધુ ઠંડી છે.

૮૯ તેઓ નિર્જીવ પદાર્થ અને થીજેલા અને કાયાની મજબૂતી જેવા છે, તેઓના શ્વાસોશ્વાસ એ બરફની ટેકરીમાંથી આવેલા છે.

૯૦ જ્યારે (તમારી હસ્તિની) માટી આ બરફના એક કરનથી ઢંકાએલી છે, ત્યારે સૂર્યના કિરણ જેવી હુર સામુ દીનની તલવાર વીંઝો.

૯૧ ધ્યાન દઇને સાંભળ, પુર્વમાંથી અલ્લાહની તલવાર ઉંચી ઉઠાવો, પેલા પૂર્વના (પ્રકાશ) માં તારા દિલનો સખતાઈ ઓગાળી નાખ.

૯૨ પેલો સુર્ય બરફને જમૈયાથી વીંધે છે, તે વાવંટોળોને પર્વતોમાંથી (થીજેલી) જમીન ઉપર રેડે છે.

૯૩ કારણ કે તે નથી પૂર્વનો કે નથી પશ્ચિમનો, તે દિવસના અને રાત્રીના ભવિષ્યવેતા સાથે લડાઈમાં છે.

૯૪ કહે છે, શા માટે તેં તારા હલકાઈપણા અને અંધાપામાં બીજા ગ્રહોને મારા સિવાય કિલ્લા તરીકે બનાવ્યા કે જે સાચી દોરવણી આપતા નથી?

૯૫ પેલા વિશ્વાસુના કુરાનમાં તને નાખુશ કરતા આ શબ્દો છે, "જે અસ્ત થાય છે. તેને હું ચાહતો નથી."

૯૬ 'કઝડ' થી (ઉશ્કેરાએલા) ચંદ્રમા આગળ તારા પોતાને (પેલાની સેવા કરવા) અંગે ઠેકડી કરાવી છે, જ્યારે કે તું (કુરાનની જાહેરાત મુજબની નિશાનીથી) ચીડાએલો છો, "અને ચંદ્રમા ટુકડામાં વહેંચાઈ ગયો."

૯૭ તું માનતો નથી કે "સુર્યને વાળી લેવામાં આવશે." તારા અભિપ્રાયમાં સુર્ય ઉંચામાં ઉંચા દરજ્જાનો છે.

૯૮ તું ગ્રહોના કારણે હવા બદલતી જુએ છે, તું (આયાત) થી નારાજ થયો છે "જ્યારે ગ્રહો પડી જશે"

૯૯ બરોબર, ચંદ્રમા રોટલા કરતાં વધુ અસર પાડતો નથી. અરે કેટલાએક રોટલાના ટુકડા કે જે જીંદગીની દોરીને જુદી કરે છે!

૧૦૦ બરોબર, શુક્રનો ગ્રહ પાણી કરતાં વધુ મોટી અસર ઉપજાવતો નથી. અરે ઘણા એક પાણીએ કાયાનો નાશ કર્યો છે.!

૧૦૧ પેલા ગ્રહોનો પ્રેમ તારા આત્મામાં (વાવેલો) છે, અને તારા દોસ્તની સલાહ માત્ર તારા કાનની બહારની ચામડી ઉપર અથડાય છે.

૧૦૨ ઓ મહાન માનવ, (જે) અમારી સલાહ તને પકડતી નથી તો જાણ કે તારી સલાહ પણ અમને પકડતી નથી.

૧૦૩ **(તારા કાનો બંધ છે) સિવાય, બનવા જોગ છે કે (બાદશાહ) આસ્ચાર્ય (તેમને ઉઘાડવા) દોસ્તમાંથી આવે કે જેની પાસે છે. "આસ્માનોની ચાવીઓ."**

૧૦૪ આ વિવરણ (ભવ્યતામાં) તારાઓ અને ચંદ્રમાની માફક છે, પણ ખુદના હુકમ સિવાય તે કાંઈ પણ અસર ઉપજાવતું નથી.

૧૦૫ આ ગ્રહ (મસનવી) ની અનિવાર્ય અસર (કે જે) મર્યાદાથી પર છે (માત્ર તે) દાનો ઉપર અથડાય છે કે જે દૈવી પ્રેરણા શોધે છે.

૧૦૬ કહે છે, "તમો મર્યાદાના (જગતમાંથી) અવકાશી સંબંધ વગરના જગતમાં આવો, એટલા માટે કે વરૂ તમારી સ્પર્ધામાં તમને કટકામાં ફાડી ન ખાય."

૧૦૭ જ્યારે કે તેનો (ઈમામે મુબીનનો) મોતીઓ વેરતો પ્રકાશ એવો છે કે ચાલુ દુનિયાનો સુરજ એક ચામાચીડીયા જેવો કહી શકાય.

૧૦૮ સાતેય વાદળી (અવકાશી) ગોળાઓ તેને આજ્ઞાધીન છે. દ્યુત ચંદ્રમા બેચેન છે. અને તેનાથી ધીમે ધીમે ક્ષીણ થતો જાય છે.

૧૦૯ શુકનો ગ્રહ તેના પર (તેની સદ્‌ભાવના) મેળવવા પ્રાર્થના કરવા હાથ મુકે છે. ખરીદનાર તેના આત્માની રોકડી કિંમત કરવા માગણીમાં આગળ આવે છે.

૧૧૦ શનિનો ગ્રહ તેના હાથને ચુંબન કરવા આતુર છે, પણ તે પોતે પેલા માનને પોતાને લાયક પોતાને ગણતો નથી.

૧૧૧ તેના કારણ અંગે, મંગળનો ગ્રહ તેના હાથ અને પગો ઉપર કેટલાય ઝખમો લાદે છે. તેના કારણ અંગે, બુધના ગ્રહે એક સો કલમોને ભાંગી છે.

૧૧૨ આ બધા ગ્રહો ભવિષ્યવેત્તાથી લડાઈમાં છે, કહે છે, "ઓ તું કે જેણે આત્માને જવા દીધા છે અને રંગ (ગર્વને) પસંદ કર્યો છે."

૧૧૩ તે (મસ્નવીની વાસ્તવિકતા) આત્મા છે, અને આપણે બધા (માત્ર) રંગ અને ભાત છીએ, તેમાંના દરેક વિચારનો ગ્રહ (તણખો) (પાર્થિવ) ગ્રહનો આત્મા છે.

૧૧૪ (તેના સંબંધમાં) વિચાર તે (વળી) કયાં છે? બધો જ પવિત્ર પ્રકાશ છે, ઓ વિચાર કરનાર, 'વિચાર' શબ્દ માત્ર તારા ખાતર જ છે

૧૧૫ દરેક (પાર્થીવ) ગ્રહનું પોતાનું રહેઠાણ ઉપર છે, આપણો ગ્રહ કોઈ પણ રહેઠાણમાં સમાએલ નથી.

૧૧૬ તે કે જે બળે છે તે અવકાશમાં રહેઠાણ કેમ ઉપર ચડાવે? અમર્યાદિત પ્રકાશ માટે મર્યાદા કેમ હોય?

૧૧૭ પણ તેઓ (ગુઢાર્થની) એક સરખામણી અને ઉદાહરણ વાપરે છે, એટલા માટે કે એક પ્રેમાળ નબળા મનનો માણસ (સત્યને) નિહાળે.

૧૧૮ તે એક ઉપમાનથી, પણ તે થીજેલી રમજ (ઓગાળવા) હેતુ માટેની એક બોધ કહાણી છે,

૧૧૯ બુદ્ધિમાન માથામાં મજબુત છે પણ પગમાં (રૂહાનીયત સમજમાં) નબળો છે કારણ કે દિલનો બિમાર છે. (કદાચ) કાયાનો તન્દુરસ્ત હોય!

૧૨૦ તેઓની (ભૌતિકવાદી માણસોની) સમજણ આ દુનિયાની (બાહ્યપાણીની) ખુશીયાલીમાં ખૂબજ ઉંડી ઉતરી છે, વિષયવાસના તજવાનું તેઓ કદી પણ ધારતા નથી.

૧૨૧ તેઓનાં દિલો ઢોંગના વખતે પૂર્વના સુર્યની માફક આવેશમય બને છે, (પણ) પવિત્ર ભક્તિભાવના વખતે તેઓની સહનશીલતા વિજળી જેવી દુંકી હોય છે.

૧૨૨ એક વિદ્વાન માણસ કે જે પોતાની ચાતુરી (બતાવવા) પોતાના માટે વધુ પડતો ઉચ્ચ અભિપ્રાય બતાવે છે તે અવિશ્વાસુ છે. વખત આવ્યે તેનો ઢોંગ સમજાઈ જતો હોય છે.

૧૨૩ જે વખતે તે પોતાને (ગર્વથી) બતાવે છે ત્યારે તે દુનિયાની અંદર હોતો નથી, તે રોટલાની માફક ગળામાં અને પેટમાં ગુમાવાએલો બન્યો છે,

૧૨૪ (છતાં પણ) તેઓના આ બધા હલકા ગુણો સારા પણ બને જ્યારે તે ભલાઇ તરફ ફરે છે ત્યારે હલકાઈ રહેતી નથી.

૧૨૫ જો કે અહમ ધાતુની માફક હલકી વાસવાળું છે (છતાં) તે આત્મામાં દાખલ થાય ત્યારે તે પ્રકાશ મેળવે છે.

૧૨૬ જ્યારે દરેક ધાતુ પોતાનો ચહેરો વાવણી તરફ ફેરવે છે, ત્યારે (ભાજીઓકાલાની માફક) તેના કિસ્મતના ઝાડમાંથી જીવન મેળવે છે

૧૨૭ દરેક છોડ કે જે પોતાનો ચહેરો (જનાવરી) આત્મા તરફ ફેરવે છે તે હ. ખિજરની માફક જીવનના ઝરામાંથી પીએ છે.

૧૨૮ એક વાર ફરી, જ્યારે (જનાવરી) આત્મા (દૈવી) પ્રિતમ તરફ પોતાનો ચહેરો ગોઠવે છે ત્યારે તે પોતાનો સામાન નીચે મુકે છે (અને) અંત વગરના જીવનમાં (પ્યાર) થાય છે.

એક પૂછપરછ કરનારનું, એક પંખી કે જેને ધારી લ્યો કે શહેરની દિવાલ ઉપર ગોઠવાયું છે તે વિષે (ઉપદેશકને) પૂછવું, "શું તેણીનું માથું વધુ ઉત્તમ અને સ્તુતિપાત્ર અને ઉમદા અને માનવંત છે કે તેની પૂંછડી?" તેની સમજણના માપને યોગ્ય ઉપદેશકનો તેને જવાબ આપવો.

૧૨૯ એક દિવસ એક સવાલ કરનારે એક ઉપદેશકને કહ્યું; "ઓ તમો કે જે વ્યાસપીઠના ખૂબજ જાણીતા વ્યાખ્યાનકાર છો,

૧૩૦ મારી પાસે એક પૂછવાનો સવાલ છે. ઓ ડહાપણના ભંડાર, મારા સવાલનો આ સભાગૃહમાં જવાબ આપો.

૧૩૧ એક પંખી શહેરની દિવાલ ઉપર બેઠું છે, વધુ ઉત્તમ તેનું માથું કે તેની પૂંછડી છે?

૧૩૨ તેણે જવાબ આપ્યો, "જો તેણીનો ચહેરો શહેર તરફ છે અને તેની પૂંછડી મેદાન છે, તો જાણ કે તેનો ચહેરો તેની પુછડી કરતાં વધુ સરસ છે.

૧૩૩ પણ "જો તેની પુછડી શહેર તરફ છે અને તેનો ચહેરો મેદાન તરફ છે તો તેની પુછડી ઉપર ધુળ પડો, અને તેના ચહેરા તરફથી ભાગી જાઓ."

૧૩૪ એક પંખી પોતાના માળે પાંખોના કારણે ઉડે છે, ઓ લોકો, માણસની પાંખો દૈવી પ્રેરણા છે.

૧૩૫ પ્રેમની (બાબતમાં) કે જે ભલા અને બુરા સાથે બગડેલ છે, ભલું બુરું ધ્યાનમાં ન લે. (પાત્ર) પ્રેરણાને જો.

૧૩૬ જો એક બાજ સફેદ હોય અને સરખામણીથી પર હોય (છતાં પણ) તે તિરસ્કારણીય બને છે જ્યારે કે તે ઉંદરનો શિકાર કરે છે.

૧૩૭ અને જો એક ઘુવડ હોય કે જેને બાદશાહ માટેની ઇચ્છા હોય તો તે બાજના માથા (માફક ઉમદા) છે. બઠારના દેખાંવની ગણત્રી ન કર.

૧૩૮ માટીના ભીંજવેલા પિંડથી, મોટા નહિ તેવા માનવીએ આસમાનો અને ઇશ્વરને (કિંમતીમાં) પાછળ મુકેલ છે.

૧૩૯ આ આસમાને કદીપણ (આ શબ્દો સાંભળ્યા છે ? "અમે માનવંત બનાવેલ છે" કે જે આ દિલગીરીયુકત ઇન્સાને (ખુદા પાસેથી) સાંભળેલ છે ?

૧૪૦ શું કદી કોઇએ જમીન અને આસમાનને (તેની) ખુબસુરતી અને સમજણ અને વાણી અને લાગણીનો શોખ સ્વીકાર કરવા આગળ ધરેલ છે?

૧૪૧ શું તેં કદી આસમાનને તારા ચહેરાની સુંદરતા અને તારા અભિપ્રાયમાં ઇન્સાફની સત્યતા જાહેર કરી છે ?

૧૪૨ ઓ પુત્ર, શું તે કદીપણ તારા રૂપેરી હોઠો નહાવણીમાં ચિત્રોના રૂપને સ્વીકારવા કહેલ છે ?

૧૪૩ (નહિજ) તેં હુરાં જેવી આકૃતિઓને છોડી દીધેલ છે અને તારા પોતાને અર્ધઆંધળી બુઢ્ઢી ડોસી જેવો બતાવેલ છે.

૧૪૪ ઘરડી ડોસીમાં શું છે કે જે તેમનામાં હતું નહિ, કે જેથી તેણી તારા ખુદને પેલી આકૃતિમાંથી વિંટાળી ઉઠાવી ગઇ ?

૧૪૫ (જો) તું (તે શું છે તે) કહે, નહિ તો હું (તને) ખુલ્લી રીતે કહીશ. તે સમજણ અને બુદ્ધિ અને સુઝ અને વિચારણા અને આત્મા છે.

૧૪૬ પેલી ઘરડી ડોસીમાં આત્મા છે કે જે (કાયા સાથે) મળી ગએલો છે. નાહવણીના ચિત્રેલા રૂપોને (વાસ્તવિક) આત્મા નથી.

૧૪૭ જો નાહવણીના ચિત્રમાંનો આકાર હાલે ચાલે, તો તે તુર્તજ પેલી ઘરડી ડોસીમાંથી તને છુટો કરશે.

૧૪૮ આત્મા શું છે ? (આત્મા) ભલા અને બુરાનું, માયાળુપણા અંગે બુશ થતું, ઇન્તિના કારણે રોતું, અંતઃકરણ છે.

૧૪૯ જ્યારે અંતઃકરણ, આંતરિક પ્રકૃતિ અને આત્માનું સત્ય છે. ત્યારે જેમ એક માણસ વધુ સજ્જન છે તેમ તે વધુ ઇન્સાનીયત છે.

૧૫૦ સજ્જનપણું આત્માની અસર છે, જે કોઇને પણ આ અસર વધુ પડતી છે, તે ખુદાનો માણસ છે.

૧૫૧ જ્યારે આ (કાયાની) પ્રકૃતિથી પર અંતઃકરણો છે, પેલી રૂહાની રંગભુમીમાં આ (વાસનામય) આત્માઓ નિર્જીવ પદાર્થની (માફક) છે.

૧૫૨ **નવજીવન ન પામેલો આત્મા પાર્થિવ દુનિયાનો સંબંધિત છે. આત્માનો આત્મા (રૂહાની માબાપ) એ ખુદાનું (પોતાનું જ) સત્વ છે.**

૧૫૩ ફિરસ્તાઓ સંપૂર્ણ રીતે સમજણ હતા, અને આત્મા (જ્યાં સુધી કે) આદમનો આત્મા આવ્યો ત્યાં સુધી ગૌણ હતા.

૧૫૪ સદ્‌કિસ્મતે, જ્યારે તેઓ પેલા આત્માને વળગ્યા, ત્યારે તેઓ પેલા આત્માને કાયાની માફક આધિન બન્યા.

૧૫૫ જ્યારે કે ઇબલીસે (સેતાને) પોતાનું માથું આત્માથી ફેરવ્યું, તે તેનાથી એક બન્યો નહિ કારણ કે તે એક મરેલો અવયવ હતો.

૧૫૬ જ્યારે કે તે તેનો ન હતો તે તેને અર્પણ ન થયો, ભાંગેલો હાથ આત્માને તાબે થતો નથી (કે જે કાયા ઉપર સત્તા રાખે છે).

૧૫૭ (પણ) આત્મા તેના ભાંગેલા અવયવના કારણે દુર્બળ થતો નથી. કારણકે પેલો (અવયવ) પોતાની શક્તિમાં છે, અને તે તેને જીવનમાં લાવી શકે છે.

૧૫૮ એક બીજું ગુઢાર્થ કહેવા જેવું છે, (પણ) બીજો કાન કયાં છે? પેલી સાકર ખાઇ શકે તેવો શક્તિશાળી પોપટ કયાં છે?

૧૫૯ પસંદ કરાએલા પોપટ માટે એક ગહન સાકર છે. પેલા ખોરાક તરફ હલકટ પોપટની આંખ કયાં છે?

૧૬૦ એક કે જેને (માત્ર) દરવેશનો દેખાવ જ છે તે પવિત્રતાનો સ્વાદ કયાંથી માણે? તે રૂહાનીયત વાસ્તવિકતા છે, નહિ (માત્ર) બે જાતનાં જીવનારા અને પાર્થિવ પગવાળા.

૧૬૧ (હ. ઈસા અ. સ.)ના ગધેડામાંથી સાકરને તેણે અટકાવી ન હતી પણ ગધેડો કુદરતી રીતે જ ઘાસથી રાજી હોય છે.

૧૬૨ જો સાકરે ગધેડામાં ખુશી ઉત્પન્ન કરી હોત તો તેણે ગધેડાની આગળ એક સો વજનની સાકર રેડી હોત.

૧૬૩ જાણ કે આ "અમે તેઓના મોઢા આગળ સીલ કરેલ છે" નો આંતરિક અર્થ છે. આ (જ્ઞાન) આ રસ્તાના મુસાફર માટે જરૂરી છે.

૧૬૪ કે કદાચ, પયગમ્બરોના સીલના રસ્તે ચાલવાથી, સખત સીલ તેઓના હોઠો ઉપરથી ઉઠાવી લેવામાં આવે.

૧૬૫ સીલ કે જે (અગાઉના) પયગમ્બરોએ બાકી રાખેલ તે હ. આહમદ (ર. સ. અ.)ના મહેરબે હટાવી લીધેલ છે.

૧૬૬ નહિ બોલેલા તરજાંઓ (તેઓ હતાં તેવાં) બાકી રહ્યાં હતાં. "અરે અમોએ ઉઘાડેલ છે" ના હાથથી ઉઘાડેલાં હતાં.

૧૬૭ તે આ દુનિયામાં અને પેલી દુનિયામાં મધ્યસ્થી છે. આ દુનિયામાં 'સત્ય પંથ' તરફ દોરવણી માટે અને પેલીપાર બહિશ્તમાં દાખલ થવા માટે.

૧૬૮ આ દુનિયામાં તે કહે છે, " તું તેઓને રસ્તો બતાવ, અને પેલી દુનિયામાં તે કહે છે, " તું તેઓને ચંદ્રમા બતાવ."

૧૬૯ ખુલ્લી રીતે અને બાતુનમાં તેની કહેવાની ટેવ હતી (કહે), મારા લોકોને દોરવણી આપ, ખરેખર તેઓ જાણતા નથી.

૧૭૦ તેની ફૂંકે (શાક્તિશાળી મધ્યસ્થીના પ્રતાપે) બન્ને દરવાજા ઉઘાડવામાં આવ્યા હતા. તેની પ્રાર્થનાનો બન્ને દુનિયામાં જવાબ આપવામાં આપે છે.

૧૭૧ તે આના કારણે (તબીઓની) મહોર બન્યા છે, કે ભવ્યતામાં આના જેવો કદી કોઇ હતો નહિ કે કદી બનશે નહિ.

૧૭૨ જ્યારે કળામાં એક પ્રવીણ (બીજા બધાથી) આગળ વધે છે, તમે (તેને) કહેશો કે " આ કળાએ તને ઉંચે દરવાજે ચડાવેલ છે "

૧૭૩ ઓ મુહમ્મદ, સીલો ખોલવામાં તું (પોતેજ) સર્વોતમ મહોર છો. રૂહાની જીવન આપનારાઓની દુનિયામાં તું 'હાતીમ છો.'

૧૭૪ સારાંશ (આ છે કે) હ. મુહમ્મદ (સ.અ.) નું (ગુઢાર્થ જ્ઞાનનું) શિક્ષણ એ સંપૂર્ણ રીતે દૈવી પ્રેરણાની અંદર પ્રેરણાની અંદર પ્રેરણા છે.

૧૭૫ તેના આત્મા ઉપર અને તેના પુત્રોના આગમન અને ઝમાનાની ઘટમાળને એક લાખ આશિર્વાદ હોજો !

૧૭૬ પેલા ખુશનશીબ બરીક જન્મેલા તેના પુત્રો, તેના દિલ અને આત્માના સત્વથી જન્મેલા છે.

૧૭૭ ભલે પછી તેઓ બગદાદના અથવા હિરાતના અથવા રયના હોય, તેઓ પાણી અને માટીથી મેળવેલ વગરના તેના વંશ છે.

૧૭૮ જ્યાં જ્યાં ગુલાબની ડાળી ખીલે છે. ત્યાં ત્યાં તેજ ગુલાબ છે. જ્યાં જ્યાં મદિરાની બરણી ઉભરાય છે ત્યાં ત્યાં તેજ મદિરા છે.

૧૭૯ જો સુર્ય પશ્ચિમમાંથી પોતાનું માથું ઉંચું કરે તો પણ બીજો કે ઈ નહિ પણ તેજ સૂર્ય છે.

૧૮૦ ઓ પેદા કરનાર તારી પડદામાં રહેલી દયાના પ્રતાપે, ભૂલો શોધતા આંધળાથી આ (ગુઢાર્થ) ઉચ્ચારણ અટકાવજે.

૧૮૧ ખુદાએ (મારી પ્રાર્થનાના જવાબમાં) કહ્યું, " મેં હલકી પ્રકૃતિના ચામાચીડીયાની આંખોને અપૂર્વ સૂર્યને નિહાળવાથી) વંચિત રાખેલ છે.

૧૮૨ નબળા અને અસ્થિર ચામાચીડીયાની નજરમાંથી પેલા સુર્યના તારાઓ પણ છુપાવેલ છે.

સડેલ (કિંમત વગરની કિર્તી)ના વાંકમાં, કે જે ઇમાનનો રૂહાની અનુભવ અટકાવે છે અને અશ્રદ્ધા તરફ ફેરવે છે અને લાખો મુર્ખાઓના રસ્તા આડે ઉભે છે. (દાખલા તરીકે) ઘેટાનું (ટોળું) અમુક બાયલા માણસના રસ્તામાં ઉભું છે, અને તે પસાર થવાની હિંમત કરતો નથી, તેથી તેણે ભરવાડને પુછયું " મને નવાઇ લાગે છે. શું આ તારાં ઘેટાં મને કરડશે ?" તેણે જવાબ દીધો. જો તમો એક પુરૂષ છો અને પુરૂષાતનના મૂળ તમારામાં છે તો તેઓ બધા તાબેદારછે, પણ જો તમો બાયલા છો તો તેમાંનું દરેક તમારો (નાશ કરનાર) અજગર છે. એક બીજી (જાતનો) બાયલો માણસ છે કે જે જ્યારે ઘેટાંને જુએ છે કે તુર્તજ પાછો ફરી જાય છે અને ભરવાડને પુછવાની પણ હિંમત કરતો નથી કારણકે તે બીએ છે કે જો તે પૂછશે તો ઘેટાં તુર્તજ તેના ઉપર તુટી પડશે અને તેને કરડી આશે.

૧૮૩ હુસ્સામુદ્દીન, ઓ ખુદાના પ્રકાશ, આવ, ઓ આત્માને ઊજાળનાર અને મુક્તિ તરફના રસ્તાના બાદશાહ.

૧૮૪ મસનવીને એક સ્વતંત્ર અને ખુલ્લી ગતી આપ. તેની બોધકથાના બહારના રૂપને (જીવનના) આત્માથી ઓપ.

૧૮૫ કે જેથી તેના બધા શબ્દો સમજ અને આત્મા બને અને આત્માના કાયમી રહેઠાણ ઉડે.

૧૮૬ (તે) તારી સખત મહેનતના પ્રતાપે કે તેઓ આત્માઓની (દુનીયા)માં શબ્દોમાં બંધાઈને (ત્યાં) રહેવા આવ્યા.

૧૮૭ પેલી હ. ખિજરની માફક તારી જીંદગી આત્માને ઉત્તમ બનાવતી અને મદદ કરતી અને કાયમી બનો ?

૧૮૮ હ. ખિજરની (સ.અ.) અને હ. ઇલિયાસ (અ.સ.)ની માફક (હંમેશ માટે) દુનિયામાં તું રહે, કે તારી કૃપા દ્રષ્ટિએથી પૃથ્વી બહિશ્ત બને !

૧૮૯ હું તારી કૃપાદ્રષ્ટિનો એક સોમો ભાગ જ જાહેર કરીશ, જો તે હલકટ આંખની વૃથા કિંતી ખાતર જ ન હોત તો.

૧૯૦ પણ હલકટ ઝેરી આંખના કારણે મેં આત્માને કચરતા ફટકાઓ સહન કર્યા છે.

૧૯૧ (તેથી) હું તારી હાલતનું છટાદાર વર્ણન આપીશ નહિ, સિવાય કે બીજાની હાલત કહેતાં સંકેત કરનારૂં કહીશ.

૧૯૨ (બરેબર, છતાં પણ) આ ઢોંગ પણ દિલના પ્રલોભનોમાંનો એક છે જેનાથી દિલના પગો એક કાદવવાળી જમીનમાં (પકડાણા છે).

૧૯૩ હજારો દિલો અને આત્માઓ પેદા કરનારના પ્રેમમાં છે. (પણ) હલકી આંખ અથવા હલકો કાન (તેમને તેના મિલનથી) સંતાયેલ છે.

૧૯૪ બરેબર, (તેમનામાંના) એક હ. અબુ તાલીબ હ. પયગમ્બર સાહેબના કાકા (છે) તેમને આરબોની દુશ્મની ભયંકર દેખાણી.

૧૯૫ કારણ કે (તેમણે વિચાર્યું), "આરબો મારા માટે શું કહેશે? (તેઓ કહેશે) તેના પુત્રના આદેશે તેણે (પ્રણાલિકાગત) રૂઢી કે જેના ઉપર આપણે આધાર રાખતા હતા તે ફેરવી છે."

૧૯૬ તેમણે (હ. પયગમ્બર સાહેબે) તેમને કહ્યું "ઓ કાકા, એકવાર કલમો ઉચ્ચારો કે જેથી હું તમારા માટે ખુદા પાસે આજીજી કરું."

૧૯૭ તેઓએ (અબુતાલીબે) કહ્યું "આમ કહેવાથી તે ચોતરફ ફેલાઈ જશે, દરેક ગુપ્ત વાત કે જે બેને (કહેવાય) તે સામાન્ય વાત બને છે.

૧૯૮ હું આરબોની જીભ ઉપર હાંસીપાત્ર રહીશ, કારણ કે આના કારણે હું તેઓની નજરમાં હલકો બનીશ.

૧૯૯ પણ જો અગાઉથી નીયત કરેલી દયા તેને (બક્ષવામાં) આવી હોત તો આ મૂર્છામય અંતઃકરણ ખુદાના (પોતા તરફ) ખેંચાણા છતાં કેમ હસ્તિમાં છે!

૨૦૦ ઓ તું કે જે જેઓ મદદ શોધે છે તેની મદદ છો, આ સ્વતંત્ર મરજીનાં દુષ્ટ કૃત્યોની આ બેઇજ્જતીમાં (નાશી જવા) મને મદદ કર.

૨૦૧ દિલના છળ અને પ્રપંચના કારણે હું એવો હતાશ બન્યો છું કે મને પશ્ચાતાપ કરવામાં પણ અશક્ત છોડયો છે.

૨૦૨ હું કોણ છું? આસમાન તેના એકસો શક્તિશાળી કામકાજ સાથે મરજી મુજબના કાર્ય કરવાના આ સંકંજાની વિરૂદ્ધ મદદ માટે ખુમો પાડે છે.

૨૦૩ કહે છે, મરજી મુજબ કાર્ય કરવાની સત્તાની આ બેઇજ્જતીમાંથી મને મુક્ત કરો, ઓ દયાળુ અને ખૂબજ સહન કરતા માલિક!

૨૦૪ ઓ કૃપાવંત 'સત્યપંથ' ઉપર દોરી જતો એક માર્ગ, સંતાપ તરફ દોરી જતા બે માર્ગો કરતાં વધુ ઉતમ છે.

૨૦૫ જો કે તું એકલો જ આ બન્ને રસ્તાઓની હદ છો, છતાં ખરેખર આ દ્વૈતપણું આત્માને મહા સંતાપ કરે છે.

૨૦૬ અલબત આ બન્ને રસ્તાનું છેવટનું મુકામ તારા એકલામાં જ છે, છતાં લડાઇ એ કદી કાંઇ ભોજન સમારંભ જેવી હોતી નથી.

૨૦૭ કુરાનમાં ખુદાએ તેનું આપેલું વિવરણ સાંભળ, આયાત "તેઓ તે નિભાવવામાં સંકોચાયા."

૨૦૮ દિલમાં આ માનસિક મુંઝવણ એ લડાઈ જેવી છે (જ્યારે એક માણસ મુંઝાય છે ત્યારે તે કહે છે "હું નવાઈ પામું છું) મારા માટે આ કે પેલું વધુ ઉતમ છે."

૨૦૯ માનસિક મુંઝવણમાં (પરાજયની) બીક અને ફતેહની આશા હમેશાં એક બીજાથી અથડામણમાં છે. (કયારેક) આગળ વધે છે અને (કયારેક) પાછળ હઠે છે.

એક પ્રાર્થના અને મરજી મુજબ કાર્ય કરવાની સત્તાના આવેશમાં ખુદાથી પનાહ શોધવી અને પેલી ચીજોના આવેશમાંથી કે જે મરજી મુજબ કાર્ય કરવાની સત્તાથી શોહ પામે છે અને તેને જે ચીજ સહાય કરે છે તેનાથી બીએ છે, જ્યારે માણસની પ્રકૃતિને સ્વતંત્ર સત્તા શોધવાની આદત પડેલી છે. અને તે વધુ પોતાની મરજી મુજબ કરવામાં મશગુલ રહે છે, (દાખલા તરીકે) જો તે બીમાર હોય તો થોડી પસંદગી અને તન્દુરસ્તીની ઇચ્છા પોતા માટે મનમાં અનુભવે છે કે જે સ્વતંત્ર ઇચ્છાને સહાય કરે છે, એટલા માટે કે તેની કાર્ય કરવાની સત્તા વધેલી બને છે અને તે ઉંચી પદવીની ઇચ્છા કરે છે કે તેની સ્વતંત્ર ઇચ્છા વધેલી બને, અને છે તે કાર્ય કરવાની વધારતી સત્તા કે જે પણ તેને સહાય કરે છે, તેજ છે કે જેનાથી ભુતકાળના લોકો ઉપર ખુદાનો કોપ ઉતર્યો હતો. ફિરઔનને કદી કોઈએ કંગાળ જોયો ન હતો.

૨૧૦ શરૂઆતમાં આ ઓટ તારામાંથી આવી અને મારામાં આગળ વધી. નહિતર ઓ કિર્તીવંત, (મારો) આ સમુદ્ર હજી સુધી હોત.

૨૧૧ તે જ ઉદ્ગમસ્થાનમાંથી કે જ્યાંથી તું મને આ માનસિક મુંઝવણ આપે છે. કૃપા કરીને (હવે) તેવી જ રીતે મુંઝવણ વગરનો બનાવ.

૨૧૨ તું જ મને પીડા આપે છે, અરે, (મને) મદદ કરો, ઓ તું કે જેની પીડાથી માણસો સ્ત્રીઓ જેવા (નબળા બનાવાયા) છે.

૨૧૩ આ પીડા કયાં સુધી ચાલુ રહેશે ? મને પીડ નહિ. ઓ માલિક મારા પર એક જ રાહ ઇનાયત કર, દસ રાહે ચાલવાવાળો મને ન બનાવ.

૨૧૪ હું, એક દુર્બળ ઉંટ (જેવો) છું અને મારી પીડ મારી મરજી મુજબ કરવાની સત્તા કે જે ખોગીરની ગાંસડીને મળતી છે તેનાથી ઘવાએલ છે.

૨૧૫ એક પળે આ છાલીયું આ બાજુ વધુ વજનવાળું થાય છે, બીજી પળે પેલા છાલીયાના કોથળા બીજી બાજુએ છે.

૨૧૬ ખોટો સમતોલપણાનો બોજો મારામાંથી ભલે પડી જાય, કે જેથી હું પવિત્રોનું ચરાણ નિહાળું.

૨૧૭ (પછી) ગુફાના મુસાફરોની માફક હું મહાદાતના બગીચામાંથી કુણી કુણી ડાળીઓ બાઉં, મુસાફરોની " જાગૃત નહિ, નહિ, તેઓ સુતેલા છે. "

૨૧૮ હું ડાબી અથવા જમણી તરફ આરામથી બેસીશ, હું હલીશ નહિ, સિવાય ફરજીયાત એક દડાની માફક (ફેંકો).

૨૧૯ જેવી રીતે કે તું, ઓ કયામતના માલિક, ડાબી કે જમણી તરફ મને ફેરવે છે.

૨૨૦ લાખો વરસથી હું ફરજીયાત, હવામાં રજકણની માફક (રમામતેમ) ઉડતો હતો.

૨૨૧ જો કે તે વખત અને હાલત ભુલી ગયો છું (છતાં) સુવામાં સ્થળાંતર (બીજી રૂહા-નીયત દુનિયા તરફ) ની મારી યાદદાસ્ત તાજી કરાવે છે.

૨૨૨ (દરેક રાત્રીના) હું આ ચાર શાખાઓની ચોકડીમાંથી નાશી છુટું છું અને આ બધી ચાર જગ્યામાંથી આત્માના (ભવ્ય) ચરાણમાં કુદી પડું છું.

૨૨૩ ઓ માલિક, હું મારા વિતી ગએલા પેલા દિવસોનું દુધ પરિચારીકામાંથી ધાવું છું અને ઊંઘું છું.

૨૨૪ દુનિયામાં બધા (લોકો) તેઓની કાર્ય કરવાની સત્તામાંથી અને ખુદીથી તેઓની બેખુદી તરફ નાસે છે.

૨૨૫ એટલા માટે કે થોડી વાર માટે તેઓ ખુદીમાંથી મુક્ત બને, તેઓ પોતાના ઉપર શરાબ અને ગાયકની કલાની બદનામી ઓઢાડે છે.

૨૨૬ જાણ કે આ અસ્તિત્વ એક જાળ છે, પેલો સંકલ્પ પ્રેરિત વિચાર અને યાદદાસ્ત એક દોજખ છે.

૨૨૭ ઓ સદ્‌ચરણ આદમી, તેઓ ખુદીમાંથી બેખુદીમાં નશાની ચીલ્લેથી કે કાંતો (કોઇ) કામકાજમાં તલ્લીન બનીને નાસે છે

૨૨૮ (ઓ ખુદા) તું આત્માને નહિવતપણાની હાલતમાંથી પાછો ખેંચે છે કારણ કે તે તારા હુકમ સિવાય બેખુદીમાં દાખલ થયો.

૨૨૯ પાર્થિવ જગતના પ્રદેશની કેદમાંથી જીન કે માણસ જાતને છુસવું એ શકય નથી.

૨૩૦ **રાહનુમાઈની શકિત સિવાય ઉંચામાં ઉંચા આસનાના બંધનોમાંથી છુટવાનું છે જ નહિ.**

૨૩૧ બંધો છોડવાના સાંચવનારામાંથી એક શકિત કે જે ભાવિકના આત્માને સાચવી રાખે છે તેના સિવાય બીજી કોઇ રાહનુમાઈ નથી.

૨૩૨ કોઈને માટે ત્યાં (દાખલ થવાનો) રસ્તો જ નથી. જ્યાં સુધી કે તે નહિવત બન્યો નથી ત્યાં સુધી (દૈવી) શહેનશાહના દરબારમાં (દાખલ થઈ શકતો નથી).

૨૩૩ અવકાશમાં ઉપર ચડવાનાં સાધનો કયાં છે ? આ નહિવતપણું એ (ખુદાના) પ્રેમીઓના દીન અને ઈમાન છે.

૨૩૪ પ્રેમનાં રસ્તામાં પોતાને હલકો બનાવવામાં ચામડાનો કોટ અને બરછટ જોડા અયા-ઝની પ્રાર્થનાની મુર્તિ બન્યા.

૨૩૫ જો કે બાદશાહ (મહમુદ)થી માનીતો હતો અને સારી રીતભાતવાળો અને આંતરિક અને દેખાવમાં ખુબસુરત હતો.

૨૩૬ (કારણ કે) તે કોઈ પણ જાતની અજ્ઞાનતા અથવા શેખીખોર અથવા હલકાઇથી વંચિત હતો અને તેનો ચહેરો બાદશાહની ખુબસુરતી માટેની એક આરસી હતો.

Missing Page 303

૨૫૦ તેણે તેને વિજ્ઞાન અને બધી શિષ્ટ પરિપૂર્ણતાઓ શીખવી હતી. તેણે તેના દિલમાં પાંડિત્યની મીણબત્તી સળગાવી હતી.

૨૫૧ પેલા લાભદાયી માણસે બચપણથી માયાળુપણાના ખોળામાં સુવરાવી સાનુકૂળ થએલો બનાવ્યો હતો.

૨૫૨ આ શેઠને એક સુંદર છોકરી પણ હતી, રૂપેરી અવયવોવાળી, દેખાવડી અને ઉત્તમ ગુણોવાળી.

૨૫૩ જ્યારે છોકરી લગભગ સ્ત્રીત્વે પહોંચી (તેના હાથના) ઉમેદવારો ભારે દહેજની ઓફર કરતા હતા.

૨૫૪ અને દરેક અમીર પાસેથી છોકરીઓની શાદી (માટે માગું નાખનારા) શેઠની પાસે ચાલુ આવ્યા કરતા હતા

૨૫૫ શેઠે (પોતાના દિલમાં) કહ્યું, "દોલતમાં કાયમીપણું નથી. તે સવારમાં આવે છે અને રાત્રીએ (દરેક દિશામાં) વેરાઈ જાય છે.

૨૫૬ શારિરીક સુંદરતાનું પણ કાંઈ મહત્વ નથી, કારણ કે એક (ગુલાબી) ચહેરાને એક જ કાંટો ભોંકવાથી પીળો (ફિક્કો) બને છે.

૨૫૭ અમીરાતમાં જન્મ એ પણ નાની બાબત છે, કારણ કે તેને (આવા એકને) પૈસા અને ઘોડાઓથી મુરબ્બ બનાવે છે."

૨૫૮ અરે, કેટલાય અમીરના દિકરા છે કે જેઓએ બળવામાં અને ભુલોમાં પોતાના દુષ્ટ કૃત્યોથી પોતાના બાપને અપમાનીત કર્યા છે.

૨૫૯ સુઝ ભરેલા માણસને ગણત્રીમાં ન લે (ભલે પછી) તે (તેના લીધે) ઉત્કૃષ્ટ બનેલો હોય, ઇબ્લીસના (દાખલા) માંથી ચેતવણી લે.

૨૬૦ તેને (ઇબ્લીસને) જ્ઞાન હતું. (પણ) જ્યારે કે તેને દીન પ્રત્યે પ્રેમ ન હતો ત્યારે તેણે હ. આદમ (અ. સ.)માં માટીની આકૃતિ સિવાય બીજું કંઈ જોયું નહિ.

૨૬૧ તમો (બધી) ઝીણી ઝીણી વિગતોનું જ્ઞાન ધરાવતા હો છતાં ઓ વિશ્વાસુ (પંડિત) તે કારણો અંગે તમારી આંતરિક બે આંખો જે અદ્રષ્ય પારખે છે તેથી ઉઘાડી બનશે નહિ.

૨૬૨ તે (પંડિત) પાઘડી અને દાઢી સિવાય બીજું કંઈ જોતો નથી. તે સમાચારને જાહેર કરનારને તેના નફા નુકશાન વિષે પૂછે છે.

૨૬૩ (પણ) તમો, (ખુદાના) ઓ જાણનાર, તમને જાહેર કરનારની જરૂરત જ નથી. તમો પોતે જ તમારા માટે જુઓ છો. કારણ કે "તમો ઉગતો પ્રકાશ છો."

૨૬૪ એક માત્ર ચીજ કે જે મહત્વની છે તે ખુદાની બીક છે અને ધર્મ અને દયા છે કે જેનું પરિણામ બન્ને દુનિયામાં સુખ છે.

૨૬૫ તેણે (શેઠે) એક પવિત્ર જમાઈ પસંદ કર્યો કે જે આખી કોમની મગરૂરી અને ભંડાળ હતો.

૨૬૬ પછી સ્ત્રીએ કહ્યું "તેની પાસે મિલ્કત નથી. તેની પાસે અમીરાત અથવા ખુબ સુરતી કે સ્વતંત્રતા નથી.

૨૬૭ તેણે જવાબ આપ્યો "પેલી ચીજો ભાવિક લોકો અને મગજમાં ગૌણ છે, તે (પવિત્ર પુરૂષ, ભલે) સોના વગરનો છે, પૃથ્વીના પટ ઉપર બન્દનો છે.

૨૬૮ જ્યારે તે જાણીતું બન્યું કે પેલી છોકરી ખરા ઈરાદાથી પરણાવવામાં આવી રહી છે, (જેમ) શાદીના કરાર મુજબ, પ્રતિકો અને શાદીનાં ઘરેણાં કપડાંથી (સાબીત થયું).

૨૬૯ ત્યારે નાનો ગુલામ કે જે ઘરમાં હતો, તૂર્તજ ચાંદો બને નબળો અને અશકત બન્યો.

૨૭૦ તે એક ક્ષયની રોગીની માફક નબળો પડતો હતો. કોઇ પણ હકીમ તેનું દર્દ પારખી શકયો નહિ.

૨૭૧ સમજણ જાહેર કરતી હતી કે દર્દનું મુળીયું તેના દિલમાં હતું (અનેક) કાયા માટેની દવા દિલના દર્દ માટે નકામી છે.

૨૭૨ તે નાનો ગુલામ તેની (ખરી) હાલતનો એક શબ્દ ઉચ્ચારી શકતો ન હતો અને તેની છાતીમાં ભોંકાતા શૂલનું કારણ કહી શકતો ન હતો.

૨૭૩ એક રાત્રીએ ધણીએ પોતાની ઘરવાળીને કહ્યું "તેને શું થયું છે તે તેને બાનગી રીતે પૂછ"

૨૭૪ તું તેની માની જગ્યા એ છો. બનવા જોગ છે કે તે તેની તકલીફ તારી આગળ જાહેર કરે.

૨૭૫ જ્યારે સ્ત્રીએ આ શબ્દો સાંભળ્યા, ત્યારે બીજે દિવસે તેણી ગુલામ પાસે ગઈ.

૨૭૬ પછી પરણેલી સ્ત્રીએ પોતાનું માથું ઘણાં ઘરેણાં અને મિત્રતાની નિશાનીઓથી સજાવ્યું.

૨૭૭ શોખીન માતાઓની રીતે તેણીએ તેનું ભવિષ્ય ભાખ્યું ત્યાં સુધી કે તેણે સમજાવવું શરૂ કર્યું.

૨૭૮ કહે, હું તમારી પાસેથી આવું ધારતો ન હતો કે તમો એક તદ્દન પરાયાને તમારી દીકરી આપશો.

૨૭૯ તેણી મારા એક શેઠની દીકરી છે અને હું બરા અંતઃકરણથી તેને ચાહું છું. શું તે (લાડી તરીકે) બીજી કોઇ જગ્યાએ જાય તે શરમ નથી ?

૨૮૦ શેઠાણી, તેણીમાં ઉઠેલા ગુસ્સાથી (ઉશ્કેરાણી), તેને મારવાની અને છાપરા ઉપરથી નીચે ફગાવવાની તૈયારીમાં હતી.

૨૮૧ (પોતાના મનમાં) કહે, "તે કોણ, એક વારાંગનાપુત્ર હિન્દુ, તે શું એક શેઠની દિકરીની ઇચ્છા કરે ?"

૨૮૨ પણ તેણીએ કહ્યું "ધીરજ ઉત્તમ છે" અને પોતાને તેમ કરવામાંથી વારી, (ત્યારબાદ) તેણીએ શેઠને કહ્યું "આ અદ્‌ભુત ચીજ સાંભળો."

૨૮૩ આવા એક કંગાળ ગુલામ વિશ્વાસઘાતી ! (અને) આપણે ધારતા હતા કે તેનો વિશ્વાસ કરવો જોઇએ ! "

શેઠનો દીકરીની માને ધીરજવાન બનવાનો આદેશ આપવો, કહે ગુલામને ઠપકો દેતી નહિ. તેને ઠપકો આપ્યા વગર હું તેને તેની ઇચ્છા છોડી દેવાનું એવી સરસ રીતે કરીશ કે સગીયાનું માંસ બળશે નહિ કે કાચું રહેશે નહિ.

૨૮૪ શેઠે કહ્યું "ધીરજ રાખ. તેને કહે કે અમો (પેલા સાથેનો) સબંધ કાપી નાખશું, તેણી તને જ આપશું.

૨૮૫ તેથી કદાચ હું તેના મગજમાંથી આ (આશા) નસાડી શકું. રાહ જો અને હું તેને નિષ્ફળ બનાવું છું તે જો.

૨૮૬ તેના દિલને ખુશ કર અને કહે, "ખાત્રીપુર્વક જાણ કે અમારી દીકરી ખરેખર તમારી તમારી (ભાવિ) પરણેતર છે.

૨૮૭ અરે ભલા માણસ, (તું તેની ઇચ્છા કરે છે) તે અમો જાણતા જ ન હતા. (હવે) અમો તે જાણીએ છીએ ત્યારે તમો જ સૌથી લાયક છો.

૨૮૮ આપણી કુટુંબી બાબત આપણી પોતાની જ છે, લયલા (નવોઢા) તમારી જ છે. અને તમો અમારા મજનૂન (વરરાજા) છો. "

૨૮૯ (તેને આમ કહેજે) એટલા માટે કે સુખદ કલ્પનાઓ અને વિચારો કદાચ તેને અસર કરે, સુંદર વિચારો એક માણસને જાડો બનાવે છે.

૨૯૦ એક જનાવર જાડો બનાવાય છે પણ (માત્ર) ઘાસથી. માણસ માનપાન અને પ્રખ્યાતીથી જાડો બને છે.

૨૯૧ માણસ પોતાના કાન થકી જાડો બને છે. એક જનાવર તેનું ગળું અને ખાવાથી અને પીવાથી જાડો બને છે.

૨૯૨ શેઠાણીએ કહ્યું "આવી એક ભયંકર નામોશી ! ખરેખર આ બાબતમાં મારા હોઠો કેમ હાલશે ?

૨૯૩ શા માટે મારે તેના કારણે આના જેવી બાલિશ વાત કરવી ? ભલે તે સેતાનીક વિશ્વાસઘાતી મરતો ! "

૨૯૪ શેઠે જવાબ આપ્યો, "નહિ, બીક રાખ નહિ. તેને ખાલી આશ્વાસન આપ. એટલા માટે કે તેની બિમારી આ મીઠી ખુશામતના ગુણથી નાશી જાય. "

૨૯૫ ઓ પ્રિતમ, તેને નિષ્ફળ બનાવવાના કામની મને સોંપણી કર અને સુંદર કપડાનો વણનાર ભલે તેની તન્દુરસ્તી મેળવે.

૨૯૬ જ્યારે શેઠાણી આ ખેંચાણમાં બિમાર પ્રત્યે બોલી ત્યારે તેની ઠંફાશના કારણે દુનિયા ઉપર તેના માટે જગ્યા જ બાકી ન રહી,

૨૯૭ તે સશક્ત અને જાડો અને રાતા (ગાલવાળો) બન્યો, અને એક ગુલાબના ફુલ જેવો ખીલ્યો અને એક હજાર ઉપકારો માન્યા.

૨૯૮ અવારનવા તે કહેતો, "ઓ મારી શેઠાણી, (મને બીક લાગે છે કે) રબને આ એક ઢોંગ અને યુક્તિ બને,

૨૯૯ શેઠે એક સમારંભ અને મિજબાની યોજી (તેના મહેમાનોને) કહે, "હું ફરાજ માટે એક સમોવડીયું બનાવું છું."

૩૦૦ તેથી પેલા સમુહે રમુજ કરી અને (તેની સાથે) વિનોદ કર્યો અને કહ્યું. 'ઓ ફરાજ તમારી શાદી આશીર્વાદીત હો!'

૩૦૧ આના પરિણામે ફરાજને પેલું વચન બાત્રીપુર્વકનું દેખાણું, અને તેની બિમારી તદ્દન અને જડમુળથી નાબુદ પામી.

૩૦૨ ત્યારબાદ, શાદીની રાત્રીએ, તેણે (શેઠે) લુચ્ચાઈપુર્વક એક યુવાનના (હાથ અને પગો) હીનતાથી, એક સ્ત્રીની માફક રંગ્યા.

૩૦૩ તેણે એક લાડીની માફક તેના આગલા હાથો શણગાર્યા, પછી તેણે તેને (ફરાજને) એક કુકડી બતાવી પણ (ખરી રીતે) તેણે તેને એક મરઘો આપ્યો.

૩૦૪ (કારણ કે) તે સશક્ત યુવાનને બુરખામાં અને લાડીઓના સુંદર કપડાંઓમાં સજ્જ કર્યો.

૩૦૫ તેણે બાનગીમાં મળવાની વેળાએ બતી બુજાવી નાખી. હવે પેલો ગુલામ એક સશક્ત યુવાન પાસે એકલો રહી ગયો. ત્યાર બાદ તેની સાથેની વર્તણુંકથી સમજી શકાય તેમ છે.

૩૦૬ ગુલામ બીચારો ફરીયાદની બુમો પાડતો હતો પણ વાજાંના ગાવા બજાવવામાં કોઇ સાંભળતું ન હતું. અગર કોઈ સાંભળી પણ લ્યે તો પણ આ ઇરાદાપુર્વક કરેલું કાર્ય કોણ અટકાવે.

૩૦૭ ડફ અને તાલીઓનો અવાજ અને પુરૂષોના ઘોંઘાટથી હસવામાં આ ફરિયાદીના અવાજોને ઢાંકી દીધા.

૩૦૮ આવી રીતે પેલો સશક્ત પેલા (ગુલામને) દુઃખ આપતો રહ્યો, આગલી બુરાઇ (શેઠની દીકરીનું માગું કરવાની) આવી સજા કરાવાઈ.

૩૦૯ સવારના તેઓ નાહવાની બેસને અને (કપડાં વગેરેની) મોટી ગાંસડી લાવ્યા. અને વરરાજાઓની રીત મુજબ ફરાજ નહાવા ગયો.

૩૧૦ તે આત્મામાં બૂબજ સંતાપ પામેલો નહાવા ગયો. (પણ) ભંગીઓના ગધેડાની માફક (તેની) દેખભાળ કોણ કરે?

૩૧૧ નહાવણીમાંથી તે વહુરાણીના ઓરડામાં, (બધાની) એક હાંસીપાત્ર વ્યક્તિ ગયેા, તેની બાજુમાં (શેઠની) દીકરી એક વહુરાણી જેવા (કપડામાં) બેઠી.

૩૧૨ તેણીની મા પણ તેના ઉપર દેખરેખ રાખવા બેઠી હતી. રખેને દિવસના ભાગમાં તે તેણીના ઉપર કાંઇ સાહસ કરે.

૩૧૩ તેણે થેાડી વાર માટે તેણી ઉપર ખિન્નતાપુર્વક આંખેા ચડાવી. પછી બન્ને હાથેા વડે દશેય (આંગળીઓ) તેણીને આપી.

૩૧૪ તેણે ઉદ્ગાર કાઢયેા, "તારા જેવી હલકું કાર્ય કરતી એક ગંદી સાથે કેાઇ પણ પરિણીત જીવનમાં ન જીવે !

૩૧૫ દિવસના તારેા ચહેરેા એક ખુબસુરત જુવાન સ્ત્રીઓ જેવેા ચહેરેા છે, રાત્રીના તારેા ચહેરેા હબસી ભુંડ જેવેા છે."

૩૧૬ તેવી જ રીતે આ દુનિયાની બધી ખુશીઓ ખરેખરી કસેાટી પહેલાં દુરથી (જ્યારે જેવામાં આવે છે) ત્યારે અવા જ આહલાદજનક લાગે છે.

૩૧૭ દુરથી જેતાં તેઓ (ચેાકખા) પાણી જેવા દેખાય છે (પણ) જ્યારે તમેા તેમની સમક્ષ રજુ થાઓ છેા ત્યારે તેઓ એક મૃગજળ છે.

૩૧૮ તેણી (દુનિયા) એક ગંધાતી ડાકણ છે, જો કે તેણીની ખેાટી ખુશામતના કારણે તેણી એક યુવાન વહુરાણી જેવી પેાતાને બતાવે છે

૩૧૯ ધ્યાન રાખજે, તેના લાલ પાઉડરથી છેતરાતેા નહિ, તેનું સરબત કે જે ઝેરથી મેળવેલ છે તેનેા સ્વાદ લેતેા નહિ.

૩૨૦ ધીરજ ધરજે, કારણ કે ધીરજ આનંદ તરફની ચાવી છે. રખેને ફરાજની માફક એક સેા (દુઃખદાયક) કહાણીઓમાં પડેા.

૩૨૧ તેણીનું (દુનિયાનું) છટકું દ્રષ્યમાન છે (પણ) તેણીનેા ફાંસલેા ગુપ્ત છે. પેલી દૃષ્ટિએ તેણીનેા સદ્‌ભાવ તમને મીઠેા દેખાય છે.

હિન્દુનેા આ બેાટેા ભ્રમ (આશ્ચર્યજનક) ન હતેા, તેથી ઉલટું દરેક મનુષ્ય તેવાજ બેાટા ભ્રમથી (મુસાફરીના) દરેક દરજ્જાએ પિડીત બન્યા છે, સિવાય પેલાઓ કે જેને ખુદાએ બચાવેલા છે, તે સમજાવવા વિષે.

૩૨૨ અત્યાર સુધી તમેા પેલા (દુન્યવી માલસામાનને) વળગેલા છેા, અરે બખરદાર થાઓ ! (ત્યાર બાદ) કેટલી બધી વાર તમેા પશ્ચાતાપમાં દયાજનક રીતે રડશેા ?

૩૨૩ 'શાહનામા', 'વઝીરાત' અને 'બાદશાહી' નામેા (આકર્ષક છે પંણ) તેમની નીચે મેાત અને દુઃખ અને પ્રેત સંતાએલ છે.

૩૨૪ (ખુદાનેા) એક ગુલામ બન અને (સવારની નીચે) એક ઘેાડાની માફક પૃથ્વી ઉપર ચાલ. નહિ કે એક ડાડીની માફક કે જે (લઈ જનારની) કાંધ ઉપર ઉઠાવાય છે.

૩૨૫ અનુપકારી (સંસારી) આદમી દરેક લોક તેને ઉઠાવે તેવી ઇચ્છા રાખે છે, તેઓ તેને એક મરેલા સવારની માફક કબરે લાવે છે.

૩૨૬ જો તમને (ઠાઠડી ઉપર લઈ જવાનું) સ્વપ્નુ આવે તો તે કચેરીમાં ઉંચા દરજ્જાનો અમલદાર બનશે.

૩૨૭ તેવી જ રીતે જેમ જનાઝો લોકો (જેઓ તે ઉપાડે છે તેના) ઉપર એક બોજો છે આ ઉચ્ચ દરજ્જાની વ્યક્તિઓએ લોકો ઉપર બોજો મુકયો છે.

૩૨૮ તારો બોજો કોઇ ઉપર મુક નહિ, તે તારા પોતા ઉપર જ મુક. મોટાઈ ન શોધ, ગરીબ થવું તે સૌથી સારૂં છે.

૩૨૯ લોકોની ગરદનો ઉપર સતત સવાર ન બન, રખેને સંધિવા તારા પગોમાં ઉતરે.

૩૩૦ દુન્યવી દોલત કે જેને તમો અંતમાં શ્રાપ આપશો. કહેશો, "તું એક (આબાદ) શહેરના જેવી દેખાતી હતી, પણ તું (ખરેખર) તો એક ભંગાર ગામડું છો.

૩૩૧ તેને હમણાં જ શ્રાપ દે કે જ્યારે તે એક શહેરના જેવી તને દેખાય છે, એટલા માટે કે (આખરમાં તમારે નિર્જન પ્રદેશમાં ભાર ઉતારવો ન પડે.

૩૩૨ તેને હમણાં જ શ્રાપ દે કે જ્યારે તમો એકસો બગીચાઓ ધરાવો છો રખેને તમો પરિત્યાગ કરવા અસમર્થ બનો અને (દુન્યવી દોલતના) જંગલના ભાવિક બનો.

૩૩૩ **હ. પયગમ્બર સાહેબે કહ્યું છે, "જો તમો ખુદા પાસેથી બહિશ્તની ઇચ્છા ધરાવતા હો તો (બીજા કોઇ) પાસેથી કાંઈ પણ ચીજની ઇચ્છા રાખો નહિ."**

૩૩૪ જ્યારે તમો (બીજા કોઇ પાસેથી) કંઈ પણ ચીજની ઇચ્છા રાખતા નથી ત્યારે (આરામના બગીચાની) હું ખાત્રી આપું છું અને ખુદાના "દ્વિદ્વાર"ની.

૩૩૫ આ ખાત્રીના કારણે (હ. પયગમ્બર સાહેબના) અસબાબ (બીજાથી) એવા સ્વતંત્ર બન્યા કે એક દિવસ જ્યારે તેઓ (પોતાના ઘોડા) ઉપર સવાર થયા,

૩૩૬ અને ચાબુક તેમનાં હાથમાંથી પડી ગઈ ત્યારે તેઓ પોતે નીચે ઉતર્યા અને તે બીજો કોઇ તેને આપે તેવી ઇચ્છા કરી નહિ.

૩૩૭ તે (ખુદા) કે જેના ઇનામોમાંથી હલકું આપતું જ નથી. (તમારી જરૂરીયાત) જાણે છે અને કંઈ પણ પૂછયા વગર તે પોતે જ તમને આપશે.

૩૩૮ પણ જો તમો ખુદાના હુકમથી માગશો તો તે સત્ય છે. આવું માગવું એ પયગમ્બરોથી અનુસરાએલો માર્ગ છે.

૩૩૯ જ્યારે પ્રેતમને મહત્વશિલ લાગ્યું છે (કે તમારે આમ આમ કરવું જોઇએ) તો તે વધુ વર ગુન્હા લાયક નથી. જ્યારે તેના બાતર અશ્રદ્ધા હોય છે ત્યારે અલ્પશ્રદ્ધા પોતે જ ઇમાન બને છે.

૩૪૦ કોઇપણ ગુન્હાહિત કૃત્ય તેના હુકમથી પ્રેરાએલું દુનિયામાંના (બધા) સારા કૃત્યોને ટપી જાય છે.

૩૪૧ ભલે પછી છીપની (બહારની) ચામડી નુકશાન પાયેલી હોય, તેને શ્રાપ આપતો નહિ કારણ કે તેની અંદર એક લાખ મોતીઓ છે.

૩૪૨ આ મુદ્દાનો અંતજ નથી, બાદશાહ (ખુદા) તરફ પાછો ફર અને બાજની પ્રકૃતિ પ્રદાન કરેલો બન.

૩૪૩ ચોકખા સોનાની માફક બાણ તરફ પાછો ફર, એટલા માટે કે તમારા હાથો હસે (આંગળીઓ) ઢેવાની (જરૂરીયાતમાંથી) મુક્ત બને.

૩૪૪ (કારણ કે) જ્યારે તેઓ (સંસારી માણસો) એક ઇન્દ્રિયગમ્ય રૂપને પોતાના દિલોમાં દાખલ કરે છે ત્યારે અંતે તેઓ પશ્ચાતાપમાં તેને શ્રાપ આપે છે.

૩૪૫ તેઓ જે પશ્ચાતાપ બતાવે છે તે પતંગીયા જેવો છે. (જલ્દીથી) અનુપકારીપણું તેજ કામ પર તેઓને પાછા ખેંચે છે.

૩૪૬ આવો એક પતંગીયાની માફક દુરથી અગ્નિને પ્રકાશમાં જુએ છે અને તૈયાર થઈને તેના તરફ (ધસે છે)

૩૪૭ જેવું તે (અગ્નિ તરફ) આવે છે તેવું તે પોતાની પાંખો બાળે છે અને પોતે ભાંગી છુટે છે અને (પછી) ફરીવાર (લાલસામય) બચ્ચાંની માફક તે પડે છે અને પોતાનો ઉતમ નિર્ણય ફેરવે છે.

૩૪૮ ફરી એક વાર, નફો વિચારતો અને આશા કરતો તો જલ્દીથી મીણબતીની અગ્નિ ઉપર પોતાને અફાળે છે.

૩૪૯ ફરી એક વાર તે દાઝયો છે અને પાછો હરે છે (પછી) ફરીવાર તેના દિલની લાલસા તેને ગાફલ અને ઉન્મત બનાવે છે.

૩૫૦ તે વખતે કે જ્યારે તે દાઝેલો બનતાં પાછો હટે છે. ત્યારે દિલ (ગુલામની) માફક મિણબતીને તે દસેય (આંગળીઓ) આપે છે.

૩૫૧ કહે છે, અરે, તારો ચહેરો રાત્રીના પ્રકાશના ચંદ્રમા જેવો હોય છે. પણ અરે, (બરેબરા) સંજોગમાં તું ખોટો અને તેના માટે વિઘાતક કે જે તારાથી છેતરાણો છે.

૩૫૨ (પછી) ફરીવાર તેનો પશ્ચાતાપ અને રૂદન તેની યાદદાસ્તમાંથી ચાલ્યું જાય છે કારણ કે ખુદાએ જુદાઓના દાવપેચ નબળા બનાવેલા હોય છે,

"જેમ વારંવાર તેઓ લડાઈની અગ્નિ સળગાવે છે તે" કુરાનની આયાતનું સામાન્ય સમજ સંબંધીત અર્થઘટન.

૩૫૩ જેટલી વાર તેઓ (રૂહાની) લડાઈની અગ્નિ સળગાવે છે તેટલીવાર ખુદા તેઓની અગ્નિ બુજાવે છે કે જેથી તેને (તદ્દન) બુજાવી નખાય.

૩૫૪ તે (આવો એક) એક ડરાવ છે, કહે છે, "એ (મારા) દિલ, ત્યાં જા નહિ." (પણ તુર્તજ) તે ભુલકણો બને છે. કારણ કે તે (બરેબરો) અડગ નથી.

૩૫૫ અત્યાર સુધી તેનામાં શ્રદ્ધાનું બી વાવેલું ન હતું, ખુદાએ તે (ઠરાવ) તેનામાંથી ભુલાવ્યો.

૩૫૬ જો કે તેના દિલમાં તે દિવાસળી ઘસે છે. ખુદાનો હાથ હમેશાં તણખાને બુઝાવે છે.

આના વિવરણમાં એક વઝારાની કહાણી.

૩૫૭ એક વિશ્વાસુ માણસે (તેના ઘરમાં) રાત્રી દરમ્યાન પગલાંનો અવાજ સાંભળ્યો. તેણે પ્રકાશ આપનાર સાધન લઈ એક ભડકો સળગાવ્યો.

૩૫૮ તેજ પળે ચોર આવ્યો અને તેની બાજુમાં બેસી ગયો. જ્યારે જ્યારે પ્રવાહી પદાર્થ અગ્નિ પકડતો ત્યારે તે બુજાવી નાખતો.

૩૫૯ પોતાની આંગળીનો છેડો પેલી જગ્યા ઉપર મુકતો એટલા માટે કે સળગતી વાટ તુર્તજ બુજાઈ જતી.

૩૬૦ શેઠે વિચાર્યું કે તે પોતાની મેળે બુજાય છે, ચોર તેને ઓલવી નાખતો હતો તે તેણે જોયું નહિ.

૩૬૧ શેઠે કહ્યું "આ પદાર્થ ભીનો હતો. તેના ભીનાશપણા અંગે ચિનગારી જલ્દી બુજાય છે.

૩૬૨ તેની આગળ ઘોર અંધારૂં હતું. તેણે બતી બુજાવી નાખનારને પોતાની પાસે જોયો નહિ.

૩૬૩ (તેથી) અશ્રદ્ધાળુની આંખ તેના આંખાપણા અંગે તેના દિલમાં તેથી જ અગ્નિ બુજાવનારને જોતી નથી.

૩૬૪ કોઈ પણ જાણનાર પુરૂષનું દિલ અજ્ઞાન કેમ હોય? હાલતી ચીજો છે તો જરૂર તેનો એક હલાવનાર પણ હશે જ?

૩૬૫ શા માટે તમો પોતે (પોતાને) કહેતા નથી, "એક માલિક વગર દિવસ અને રાત્રી પોતાની મેળે આવજાવ કેમ કરે?"

૩૬૬ તમો બુદ્ધિગમ્યોથી કુંડાળું ફરો છો (પણ) ઓ ઉદ્ધત, (આ બાબતમાં) તમે કેવી સમજણની ખામી બતાવી છે તે તો જુઓ.

૩૬૭ એક ઘર બાંધનાર થકી બુદ્ધિગમ્ય છે કે એક બાંધનાર વગર? ઓ અધુરા જ્ઞાનવાળા આદમી, જવા દે!

૩૬૮ લખાણ એક લખનાર થકી બુદ્ધિગમ્ય છે કે એક લખનાર વગર? ઓ પુત્ર, વિચાર કર!

૩૬૯ ઓ શંકાશિલ, કાનનો 'જીભ' અને આંખનો 'અવન' અને મોઢાનો 'મીમ' એક લખનાર વગર કેમ રૂપ પકડશે?

૩૭૦ સળગાવેલી મીણબતી સળગાવનાર સિવાય પ્રકાશ આપે અથવા એક હુશીયાર સળગાવતો નથી?

૩૭૧ એક આંધળા અને લકવાવાળા હાથેથી થએલી કારીગરી વાજબી બનેલી ધારી શકાય અથવા એક કે જેને (પોતાના હાથો પર) કબજો છે અને જોઈ શકે છે?

૩૭૨ હવે, આના પરિણામ રૂપે તમે (હકીકત) જોઇ શકયા છો કે તે (ખુદા) તમારાથી અતિ પ્રબળ છે અને તમારા માથા ઉપર દુઃખની ગદા ફટકારશે.

૩૭૩ (જો તમારાથી બને) તો એક નિમરૂદની માફક તેને પાછો ધકેલો, તેની સામે હવામાં સખત લાકડાનું તીર ફેંકો!

૩૭૪ મોંગોલના સમસ્ત સિપાહી વર્ગની માફક, (તમારી કાયામાંથી) તમારા આત્માને ભાંગી પડતો બચાવવા એક તીર આસમાન તરફ ફેંકો.

૩૭૫ જો તમારાથી બની શકે તો તેનાથી ભાગી છુટો, અને (તમારે રસ્તે) જાઓ (પણ) તમો કેવી રીતે જશો, જ્યારે કે તમો તેના હાથમાં એક ગીરો મુકાએલ ચીજ છો?

૩૭૬ (જ્યારે) તમો અસ્તિત્વમાં ન હતા તેના હાથમાંથી છટકી શકયા નહિ (તો પછી) અત્યારે એ મદદ વગરના તમો તેના હાથથી કેમ છટકી શકશો?

૩૭૭ પોતાના ખુદની ઇચ્છા શોધવી એ (ખુદામાંથી) ભાગી છુટવું છે અને તેના ઇન્સાફની હજુરમાં ભક્તિભાવનું લોહી વહેવરાવવું છે.

૩૭૮ આ દુનિયા એક ફાંસલો છે અને ઇચ્છા તેનું છટકું છે, ફાંસલાઓમાંથી ભાગી છુટ. તારો ચહેરો (ખુદા તરફ) જલ્દીથી ફેરવ.

૩૭૯ જ્યારે તમો આ રસ્તાએ ચાલ્યા છો ત્યારે તમોએ એક સો (રૂહાની) આશીર્વાદો માણ્યા છે. જ્યારે તમો વિરૂદ્ધાઇના રસ્તે ચાલ્યા છો, તમોએ બીમારી મેળવી છે.

૩૮૦ તેથી જ હ. પયગમ્બર સાહેબે કહ્યું છે, "તમારા દિલોમાંથી સલાહ મેળવો, જો કે તમને જાહેરમાં મુકતી (દુન્યવી) બાબતોમાં સલાહ આપે છે."

૩૮૧ ઇચ્છાનો ત્યાગ કર એટલા માટે કે તે (તમારા ઉપર) દયા ઉતારે, અનુભવથી તમને માલમ પડયું હશે કે આવો (પરિત્યાગ) તેને જોઇએ છે.

૩૮૨ જ્યારે કે તમો નાસી શકતા નથી. તેની બિદમત બજાવો કે જેથી તમો તેના કેદખાનામાંથી તેના ગુલાબના બગીચામાં જાઓ.

૩૮૩ **ઓ ઊંધા દોરવાએલા આદમી. જ્યારે તમો (તમારા વિચારો અને આમાલો) ઉપર ચાલુ રીતે ચોકી રાખશો ત્યારે (દૈવી) ઇન્સાફ અને (દૈવી) ન્યાયાધીશને રોજ જોશો.**

૩૮૪ અને જો તમે (બેદરકારીમાં) તમારા ઉપર પડેલા પડદાને કારણે આંખો બંધ કરશો. (તો પણ) સુર્ય પોતાનું કામ કેમ છોડી દેશે?

બાદશાહ (મહમુદ) નું અમીરોને રહસ્ય છતું કરવું અને તેઓ કે જેઓ અયાઝની વિરૂદ્ધ કાવતરાં કરતાં હતા, દરજ્જે અને સદભાવ અને પગારમાં તેમનાથી તેનું ચડીયાતાપણાનું કારણ, એવી રીતમાં સમજાવવું કે તેઓને માટે (તેના સમક્ષ મુકવાની) કોઇ પણ દલીલ અથવા વાંધો બાકી ન રહ્યો.

૩૮૫ જ્યારે અમીરો (અયાઝની) અદેખાઈમાં બળતા હતા, ત્યારે આખરે તેઓએ પોતાના બાદશાહને મેણાં માર્યાં.

૩૮૬ કહે, 'આ તમારા અયાઝને ત્રીસ સમજશક્તિઓ નથી, તો પછી તે ત્રીસ અમીરોનો પગાર કેમ ખાય છે?"

૩૮૭ બાદશાહ, ત્રીસેય અમીરોની સાથે વેરાન અને પર્વતમય જમીનમાં શિકાર કરવા નીકળી પડ્યો.

૩૮૮ બાદશાહે એક દુરની વણજાર વર્ણવી, તેણે એક અમીરને કહ્યું "નબળી શક્તિના આ આદમી.

૩૮૯ જા અને દાણની ચોકીએ પેલી વણજારને પુછ કે તેઓ કયા શહેરથી આવી રહ્યા છે?

૩૯૦ તે ગયો અને પૂછ્યું અને પાછો ફર્યો. "રય શહેરમાંથી" બાદશાહે પૂછ્યું. ક્યાં જઈ રહ્યા છે? તે (અમીર) (જવાબ દેવા) અશકત હતો.

૩૯૧ (પછી) તેણે બીજા (અમીર) ને કહ્યું "પ્રખ્યાતીમાં જાઓ અને વણજાર કયાં જવા માટે નીકળી છે?"

૩૯૨ તે ગયો અને પાછો ફર્યો અને કહ્યું "યમન જવા માટે" બાદશાહે કહ્યું "હું, ઓ વિશ્વાસુ, તેઓના વેચાણનો માલ શું છે?"

૩૯૩ તે (અમીર) મનની મુંઝવણમાં (ચુપ) રહ્યો, (પછી) બાદશાહે એક બીજા અમીરને કહ્યું "જાઓ અને પેલા લોકોની ચીજ (શું છે)?"

૩૯૪ તે પાછો આવ્યો અને કહ્યું "તે દરેક જાતનો માલ છે. મોટે ભાગે રયમાં બનાવેલ પ્યાલા છે.

૩૯૫ તેણે (બાદશાહે) પૂછ્યું "રય શહેરમાંથી તેઓ કયારે રવાના થયા હતા?" નબળો સમજ શકિતવાળો અમીર મુંઝવણમાં (ચુપ રહ્યો).

૩૯૬ તેમજ (ચાલતું ગયું) ત્યાં સુધી કે ત્રીસ અમીરો અને વધુની (કસોટી કરાઈ) તેઓ (બધા) નિર્ણયશકિતમાં નબળા અને (માનસિક) શક્તિમાં ખામીવાળા (હતા)

૩૯૭ (પછી) તેણે અમીરોને કહ્યું "એક દિવસ હું મારા અયાઝની જુદી રીતે કસોટી કરીશ."

૩૯૮ કહે, વણજારની તપાસ કર (અને શોધી આવ) કે તે કયાંથી આવે છે? તે ગયો અને આ બધા સવાલો પૂછી આવ્યો.

૩૯૯ સુચનાઓ વગર, (મારાથી) એ દોરવણી વગર તેઓને લગતી તમામ વિગત દરેકે દરેક મુદ્દો કાંઈ પણ અચોક્કસતા અથવા શંકા વગર જાણી લીધી.

૪૦૦ દરેક ચીજ કે જે આ ત્રીસ અમીરોએ ત્રીસ તબક્કાએ શોધી તે આ તેના (અયાઝે) એક પળમાં તમામ પુરી કરી.

અમીરોનો જરૂરીયાતવાળાના ખોટા સંતવ્યથી પેલી દલીલ ખંડન કરવાનો સખત પ્રયાસ કરવો અને બાદશાહનો તેમને જવાબ આપવો.

૪૦૧ આ તેની (ખુદાની) જોગાનજોગ આવી મળેલ સદ્‌ભાવની શાખા છે તેને (વ્યક્તિગત) પ્રયાસ સાથે લાગતુંવળગતું નથી.

૪૦૨ ચંદ્રમાનો સુંદર ચહેરો ખુદાએ તેના પર નવાજીશ કરેલ છે, ગુલામની મધુર સુવાશ સદ્‌કિસ્મતની એક ભેટ છે.

૪૦૩ સુલતાને કહ્યું "નહિ, તે કે જે પોતાના એકલાથી આગળ ધપે છે તે (પોતાનીજ) બેદરકારી અને (પોતાનીજ) જાત મહેનતમાંથી ઉતરેલી આવક છે.

૪૦૪ નહિતર, હ. આદમ (અ.સ.) એ ખુદાને આમ કેમ કહ્યું. "એ અમારા માલિક, ખરેખર અમોએ અમારા પોતાનુંજ બુંડું કર્યું છે."

૪૦૫ ચોક્કસપણે તેમણે આમ કહ્યું હોત. "આ પાપ કિસ્મતમાંથી હતું, એટલે કે તે ભાવી હતું. આપણાં સાવચેતીનાં પગલાં શું મદદ કરે?"

૪૦૬ ઇબલીસની માફક જેણે કહ્યું "તેં મને ઉંધો દોરવ્યો છે" બ્યાલો તેં ભાંગ્યો છે અને મને મારી રહ્યો છે.

૪૦૭ નહિ, (દૈવી) નશીબ એ હકીકત છે અને ગુલામના (માણસના) પ્રયાસની (શકિત) એક હકીકત છે. ખબરદાર થા, એક આંખનો આંધળો ચીંથરેહાલ ઇબલીસની જેમ ન બન (એકજ બાજુ ન જા.)

૪૦૮ આપણને બે કાર્યો (માંથી એકની પસંદગી કરવાના) વચ્ચે ડગમગતા છોડી દેવામાં આવ્યા છે. મરજી મુજબ કામ કરવાની સત્તા વગર આ ડગમગવું કેમ હોય?

૪૦૯ તે કે જેના હાથો અને પગો ઉપર સાંકળ બાંધેલ છે તે કેમ કહેશે કે "હું આ કરૂં કે પેલું?"

૪૧૦ આના જેવું ડગમગવું મારા મનમાં કદી બની શકે, (એટલે કે) હું દરિયા ઉપર ચાલીશ અથવા હું ઉંચે ઉડીશ ખરો?

૪૧૧ (નહિ), (માત્ર) આજ જાતનું ડગમગવું છે (એટલે કે) હું (વેપાર માટે) મોસલ જઇશ અથવા હું બાબિલોન જાઉ (શીખવા) માટે જાઉં?

૪૧૨ પછી, ડગુમગુપણાને કાર્ય કરવાની એક શકિત (તેના સબંધીત) હોવી જોઈએ, નહિતર તે એક મુછમાં હસવાનુંજ હોય.

૪૧૩ ઓ યુવાન, ભાવિ ઉપર દોષ મુકતો નહિ, તમારાં પોતાનાં પાપ માટે (બીજાઓ) ઉપર (જવાબદારી) તું કેવી રીતે મુકી શકે?

૪૧૪ ઝયદ ખુનનું કૃત્ય કરે છે અને સજા કે જેને માટે તે બંધાએલ છે તે 'અમ્ર' ઉપર પડે? 'અમ્ર' શરાબ પીએ છે અને શરાબ (પીવાનો) દંડ અહમદ ઉપર પડે?

૪૧૫ તારા પોતાની આજુબાજુ ફર અને તારાં પાપ નિહાળ, સુર્યમાંથી જે હિલચાલ પેદા થાય છે તે નિહાળ અને તેને પડછાયામાંથી પેદા થતી ન નિહાળ.

૪૧૬ કારણકે 'માલિક'ની યોગ્ય શિક્ષા ભુલ કરતી નથી, તે વિચારવંત 'માલિક' ગુનેગારને (સારી રીતે) જાણે છે.

૪૧૭ જ્યારે તમોએ (ખુબજ) મધ ખાધું છે ત્યારે (તેનાથી આવતો) હાથ બીજાને આપશે નહિ, તમારા દિવસનો પગાર રાત્રીના બીજા કોઈની પાસે આવશે નહિ.

૪૧૮ તમે તમારી શક્તિના પુરા બળથી કયા કામમાં (કોઇપણ રૂપમાં) તેનો બદલો પાછો ન મળે તેવું કામ કર્યું? એવું તમે શું વાવ્યું કે જે વાવેલા બીમાંથી (પાછું તમને) પેદાશના રૂપમાં ન મળ્યું હોય?

૪૧૯ તમારા આમાલ જે તમારા આત્મા અને કાયામાંથી જન્મેલા છે તે તમારા પહેરણે, તમારા પોતાના બચ્ચાની માફક વળગશે.

૪૨૦ અદ્રષ્ય દુનિયામાં આમાલને એક રૂપ આપવામાં આવે છે, લુંટના કાર્ય માટે ફાંસીના માંચડા (સજામાં) બાંધવામાં નથી આવતા?

૪૨૧ ફાંસીના માંચડા લુંટના જેવા દેખાવે કેમ હોય? પણ તે ખુદાથી (લુંટ માટે) આપેલું રૂપ છે કે જે (ખુદા) અદ્રષ્ય ચીજો જાણે છે.

૪૨૨ એટલે કે ખુદા અમલદારના દિલમાં કે ન્યાયની ખાતર આવા એક રૂપની પ્રેરણા કરે છે.

૪૨૩ જ્યાં સુધી કે તમો ડાહ્યા અને ન્યાયી છો ત્યાં સુધી દૈવી ભાવી (તમારા આમાલોથી) અનુરૂપમાં ન હોય તેવી શિક્ષાનો ઇન્સાફ કેમ કરશે?

૪૨૪ એક ઉત્તમ ઇન્સાનના દાવામાં એક ન્યાયાધીશ આમ કરે છે ત્યાર પછી આ ન્યાયાધીશોમાંનો ઉત્તમ ઇન્સાફી ઇન્સાફ કેમ કરશે?

૪૨૫ જ્યારે તમો જવ વાવશો ત્યારે જવ સિવાય બીજું કંઈ ઉત્પન્ન થશે નહિ, (ઝે) તમોએ ઉછીનું લીધું છે, (માત્ર તમારીજ પાસેથી તો) શું તમને કોઈની ખાત્રીની જરૂરત પડશે!

૪૨૬ તમારા પાપ (માટે) બીજા કોઇપણ ઉપર (જવાબદારી) ન મુકો. તમારા મન અને કાનને આની યોગ્ય સજા આપો.

૪૨૭ પાપ તમારા પોતા ઉપર મુકો, કારણકે તમોએ પોતેજ (બી) વાવ્યું. વળતર અને ખુદાના ઇન્સાફ સાથે સુલેહ કરો.

૪૨૮ (તમારી) તકલીફનું કારણ કાંઇક ખરાબ આમાલ છે, જવાબદારી સ્વીકારો કે ગુન્હો તમારાથી થયો છે, નહિ કે નશીબથી થયો છે.

૪૨૯ માત્ર એકલા નશીબ તરફ દૃષ્ટી રાખવી, તે આંખને બાડી બનાવે છે. તે નફસે અમ્મારા (દુષ્ટ મનને) શ્વાનધર અને આળસુ સાથે સબંધીત બનાવે છે.

૪૩૦ ઓ યુવાન, તારા પોતાનો અવિશ્વાસ કર. (દૈવી) ઇન્સાફના બદલાનો અવિશ્વાસ ન કર.

૪૩૧ એક મર્દની માફક પશ્ચાતાપ કર, તારૂં મસ્તક (સાચા) રસ્તા તરફ ફેરવ "કારણકે જે કોઇ એક રજના વજનનું (ભલું/બુરૂં) કરે છે, તે તે જોશે."

વધારવો - વધ ઉંગશો
તમો જાણો - તો લોકો ની ખાત્રીની જરૂરખરી.
તકલીફ - આમાલ ખરાબ છે, બહારો તમારાથી નથી
નશીબથી

૪૩૨ દુષ્ટ મનના પ્રપંચોથી છેતરાતો નહિ કારણકે દૈવી સુર્ય એક રજ પણ છુપાવશે નહિ.

૪૩૩ ઓ નફો કરતા આદમી, આ પાર્થીવ રજકણો આ પાર્થીવ સુર્યની હાજરીમાં દેખાય છે.

૪૩૪ (તેજ પ્રમાણે) ખ્યાલો અને વિચારો ધરાવતા રજકણો વાસ્તવિકતાના સુર્યની હાજરીમાં સ્પષ્ટ દેખાય છે.

પારધીની કહાણી કે જેણે પોતાને ઘાસમાં વીંટયો હતો અને પોતાના માથા ઉપર એક ટોપીની માફક થોડાં ગુલાબો અને રાતાં ફુલો ઢાંકયાં હતાં એટલા માટે કે પંખી ધારે કે તે ઘાસ હતું. હુશીયાર પંખીનું થોડું મંતવ્ય હતું કે (ખરેખર તો) એક માણસ હતો, અને (પોતાના મનમાં) કહ્યું "મેં આ આકારનું ઘાસ કદી જોયું નથી પણ તે બધી (સત્યતા) સમજી શકયું નહિ. અને પેલાના ઢોંગથી છેતરાયું કારણકે પેલી દૃષ્ટિએ પોતાની શંકા સાચી છે. તેનો નિર્ણય તે કરી શકયું નહિ (હવે જ્યારે) પેલી છેતરપીંડી તરફ નિર્ણયાત્મક દલિલ હતી, એટલે કે કંજુસાઇ અને લાલસા (કે જે) ખૂબજ જરૂરીયાત અને તંગીના વખતે (આસ કરીને) જોરદાર બને છે. હ. પયગમ્બર સાહેબે કહ્યું છે, "ગરીબાઈ એ લગભગ (ઇન્સાનને પાપમાં ધકેલે છે."

૪૩૫ એક પંખી એક ચરાણમાં ગયું. ત્યાં પંખી પકડવાના ઇરાદા માટે એક ફાંસલો હતો.

૪૩૬ થોડા દાણા જમીન ઉપર મુકવામાં આવ્યા હતા. અને પારધી પકડવામાં માટે એક જગ્યાએ સ્થિર થયો હતો.

૪૩૭ તેણે પોતાને પાંદડાં અને ઘાસમાં વીંટયો હતો કે જેથી કંગાળ શિકાર (સલામતીના) રસ્તામાંથી ગલતી કરે.

૪૩૮ એક નાનું પંખી (તેની ઓળખથી) અજ્ઞાનતામાં તેની સમક્ષ હાજર થયું, પછી તે ગોળ ફર્યું અને માણસ તરફ દોડયું.

૪૩૯ અને તેને કહ્યું "તમો જંગલમાં આ (બધા) જંગલી જનાવરોની વચ્ચે લીલોતરી પહેરેલો કોણ છે?"

૪૪૦ તેણે જવાબ આપ્યો, "હું એક (માણસ જાતથી) જુદો પડેલો સંસારત્યાગી છું. હું અહીં થોડા ઘાસ ઉપર (જીવવા) સંતોષી બન્યો છું.

૪૪૧ મેં સંસારત્યાગ અને ભક્તિભાવ મારા ધર્મ અને આબાદ માફક અંગીકાર કર્યો છે, કારણ કે મેં મારા જીવનના અંતનો મુકરર કરેલો વખત જોયો છે.

૪૪૨ મારા પાડોશીના મોતે મને ચેતવણી આપી છે અને મારો (દુન્યવી) કામ ધંધો અને વેપાર ઉંધો વાળેલ છે."

૪૪૩ એટલે કે આખરે મને એકલો છોડી દેવામાં આવશે તે પછી મને દરેક માણસ અને સ્ત્રી સાથે મિત્રતા ન કરવાનું આવશ્યક લાગે છે.

૪૪૪ હું આખરે મારો ચહેરો કબર તરફ ફેરવીશ, તે વધુ ઉત્તમ છે કે હું એક જ (ખુદાથી) દોસ્તી કરું.

૪૪૫ એટલે કે મારી હડપચી (આખરે કફન વખતે) બાંધેલી બનશે, એ મારા દેવ, તે વધુ ઉત્તમ છે કે હું મારી હડપચી અત્યારે જ બાંધુ.

૪૪૬ ઓ તું કે જે સોનેરી ભરતનો ઝભ્ભો અને એક પટો પહેરતાં શીખ્યો છો, આખરે તારા માટે પહેરવાનું અદ્દીઠ પહેરણ (કફન) માત્ર છે.

૪૪૭ આપણે આપણા ચહેરા જમીન તરફ ફેરવશું કે જ્યાંથી આપણે ઉઠ્યા છીએ. તો પણ શા માટે આપણે સજીવ જીવો કે જેઓ કાયમીપણાથી વંચિત છીએ તેનાથી આપણા દિલો બાંધીએ.

૪૪૮ ચાર મુળ તત્વો આપણા પરદાદા અને જુના કુટુંબી છે, (છતાં, આપણે કામચલાઉ) સગાં ઉપર આપણી આશાઓ કેન્દ્રીત કરી છે.

૪૪૯ ઘણાં વર્ષો સુધી માણસની કાયાને પેલા મુળતત્વો સાથે સંગાથ અને મૈત્રી હતી.

૪૫૦ તેનો આત્મા, બરેબર આત્મા, બરેબર આત્માઓ અને સમજશક્તિઓની (દુનિયાનો) છે (પણ) આત્મા તેની અસલીયતોમાંથી ભાગી છુટેલ છે.

૪૫૧ પવિત્ર આત્માઓ અને સમજ શક્તિઓમાંથી આત્માને એક પત્ર આવે છે. કહે છે, "ઓ વિશ્વાસ વગરના

૪૫૨ તમને પાંચ દિવસના કેટલાક કંગાળ દોસ્તો મળ્યા છે, અને તારા જુના દોસ્તોમાંથી તમે તમારો ચહેરો ફેરવી લીધો છે.

૪૫૩ જો કે બચ્ચાંઓ પોતાની રમતમાં સુખી છે (છતાં) રાત્રી પડશે તેઓ બેંચી જવાશે અને ઘરે લઇ જવાશે.

૪૫૪ રમતના વખતે નાનું બચ્ચું કપડાં ઉતારે છે, બીચારો એક ચોર તેનો કોટ અને કપડાં ઉઠાવી જાય છે.

૪૫૫ તે એટલો બધો રમતમાં મશગુલ બનેલ છે કે તેની ટોપી અને પહેરણ ભુલાઇ ગયાં છે.

૪૫૬ રાત પડે છે, અને તેની રમત અશક્ય બને છે, ઘરે જવાની તેની હિંમત થતી નથી.

૪૫૭ તમે આયાત સાંભળી નથી. "ચાલુ જીંદગી એ માત્ર એક રમત છે?" તમે તમારો સામાન પવનને સોંપેલ છે અને બીધેલા બન્યા છો,

૪૫૮ તમારા કપડાંનુ ધ્યાન રાખો. નહિતર રાત્રી આવી રહી છે. દિવસ નકામી વાતોમાં ન ગુમાવો.

૪૫૯ મેં આ જંગલમાં એક એકાંતવાસ (ની જગ્યા) પસંદ કરી છે. મને ભાન થયું છે કે માણુસજાત કપડાંની ચોર છે

૪૬૦ અધી જીંદથી દિલી દોસ્તો માટેની ઇચ્છામાં (ગુમાવાય છે). (બીજી) અધી જીંદગી દુશ્મનોથી ઉપજાવવાએલ ઉત્કંઠાઓમાં (ગુમાવાય છે).

૪૬૧ પેલી (ઇચ્છા આપણો) ડગલો ઉઠાવી ગએલ છે, આ (ઉત્કંઠા) આપણી ટોપી ઉઠાવી ગએલ છે (જ્યારે) આપણે એક નાનાં બચ્ચાની માફક રમતમાં ગરકાવ બન્યા છીએ.

૪૬૨ અરે, મૃત્યુના રાત્રીનો વખત નજીક છે, આ રમત છોડી દે, તું પૂરતું (રમ્યો) છો. તેને પાછું ન લાવ.

૪૬૩ ધ્યાન દે, પશ્ચાતાપના (ઘોડા) ઉપર સવાર થા, ચોરને પકડ અને તેની પાસેથી તારાં કપડાં પાછાં મેળવ.

૪૬૪ પશ્ચાતાપનો ઘોડો એ અદ્‌ભુત ઘોડો છે, એક પળમાં તે નીચેથી આસમાન ઉપર દોડે છે

૪૬૬ પણ હંમેશાં ઘોડાને તેની પાસેથી કે જે ગુપ્ત રીતે તારો કોટ ચોરે છે તેનાથી (સલામત) રાખજે.

માણુસ કે જેનો ઘોડો કેટલાક ચોરોથી ચોરાણો હતો તેની કહાણી તેનાથી સંતોષ ન પામતાં, તેઓ એક યુક્તિ થકી તેનાં કપડા પણ ચોરી ગયા.

૪૬૭ અમુક માણુસ પાસે એક ઘોડો હતો (જે) તે પોતાની પાછળ પાછળ દોરી જતો હતો. એક ચોર તેનો ઘોડો તેનો દોરડો કાપીને ઉઠાવી ગયો.

૪૬૮ જેવું (તેનું) માલીકનું ધ્યાન ગયું. તેવું જ તેણે ડાબી અને જમણી તરફ દોડવું શરૂ કર્યું કે જેથી તે ચોરાએલા ઘોડો કયાં હતી તે શોધી શકે.

૪૬૯ એક કુવાની બાજુમાં એક ચોરને 'અફસોસ' 'મને શ્રાપ હો'ની ધુમો પાડતો જોયો.

૪૭૦ તેણે કહ્યું "ઓ શેઠ, તમે શા માટે આકંદ કરો છો ?" તેણે જવાબ આપ્યો, "સોનાથી ભરેલી મારી થેલી કુવામાં પડી ગઈ છે."

૪૭૧ જો તમો અંદર જઈ શકો અને તે બહાર કાઢી શકો તો હું ઘણી ખુશીથી (પૈસાનો) પાંચમો હિસ્સો તમને આપીશ.

૪૭૨ તમો એકસો દિનારનો પાંચમો ભાગ તમારા હાથમાં મેળવશો. તે (ઘોટાંના માલિકે) (પોતાના કાનમાં) કહ્યું, શા માટે, આ દસ ઘોટાંની કીંમત છે.

૪૭૩ જો એક દરવાજે બંધ થાય છે, દસ દરવાજાઓ ખુલ્લા થાય છે, જો એક ઘોડો ગયો છે, ખુદા બદલીમાં એક ઊંટ આપે છે."

૪૭૪ તેણે પોતાનાં કપડાં ઉતાર્યા અને નીચે કુવામાં ગયો, તુર્તજ ચોર તેનાં કપડાં પણ ઉઠાવી ગયો.

૪૭૫ ગામડા તરફનો રસ્તો શોધવામાં એક સમજુ માણસની જરૂર હોય છે. (જો) સમજુની ગેરહાજરી હોય તો કંજુસાઈ મહામારી લાવે છે.

૪૭૬ તે (સેતાન) એક ઉપદ્રવી ચોર છે, દરેક પળે એક આભાસની માફક તે જુદા જુદા (આકારમાં) દેખાય છે.

૪૭૭ તેની લુચ્ચાઈ (માત્ર) ખુદાજ જાણે છે, ખુદાથી પનાહ લે અને દુષ્ટતામાંથી બચી જા.

મઠવાસ સબંધી પંખીનો પારધી સાથે વાદવિવાદ અને મઠવાસ કે જેના માટે હ. મુસ્તફા (ર.સ.અ.) એ તેને આચરણમાં મુકવાથી પોતાની કોમને મના કરી. કહેવામાં આવ્યું. "ઈસ્લામની અંદર એકાંતવાસ નથી."

૪૭૮ પંખીએ તેને કહ્યું "ઓ શેઠ (મઠવાસી એકાંતમાં રહો નહિ, હ. આહમદ (ર.સ.અ)ના દીનને ધ્યાનમાં લેતાં મઠવાસીપણું સારૂં નથી.

૪૭૯ હ. પયગમ્બર સાહેબે મઠવાસની મના કરી છે. ઓ નિર્માલ્ય, આ નાસ્તિકતાને તેં આલીંગન કેમ કર્યું છે?"

૪૮૦ (ઇસ્લામે) આ શરતો (લાદી) છે, શુક્રવારની બંદગીમાં (ભાગ લેવો). આમ જનતાની બંદગી ભલાઇનો લાભ લેવો અને ગુન્હાથી દુર રહેવું.

૪૮૧ હલકી પ્રકૃતિવાળાથી થએલ દુઃખ ધીરજથી સહન કરવું અને વાદળાંની માફક (ખુદાના) સજીવ પ્રાણીઓ ઉપર ભલાઈ બતાવવી.

૪૮૨ ઓ (મારા) બાપ, લોકોમાં સૌથી ઉતમ તે છે જે લોકોની ભલાઈ કરે છે, જો તમો એક પત્થર નથી તો તમો માટીના ઢેફાં સાથે શા માટે સબંધ બાંધ્યો છે?

૪૮૩ (દૈવી) દયાનું ધ્યેય છે કે કોમની સાથે જીવો. હ. અહમદ (ર.સ.અ.)ના દીનને તજી ન દયો, (તેના હુકમ પ્રમાણે) અમલ કરનાર બનો.

૪૮૪ તેણે (પારધીએ) જવાબ આપ્યો, "હરકોઇ કે જેની સમજશકિત અચોક્કસ છે તે બુદ્ધિશાળીના અભીપ્રાયમાં એક પત્થર અને ઢેફા જેવો છે."

૪૮૫ એક કે જેની (માત્ર) ઇચ્છા રોટલા માટે છે તે ગધેડાને મળતો આવે છે, તેની સાથેની દોસ્તી એ સાધુના જીવનનું સત્ય છે.

૪૮૬ (તેની સાથે ભળો નહિ), કારણ કે ખુદા સિવાય બધા ભુક્કો થઇ જાય છે (અને) દરેક દરેક ચીજ જે એક વખત બાદ આપે છે તે (અનિવાર્યપણે) આપે છે જ.

૪૮૭ તેની પરિસ્થિતિ તેના પેલા કિલ્લા જેવી જ છે, તેને મરેલો કહો કારણ જેમ તે મરેલાને શોધે છે.

૪૮૮ હરકોઈ જે આ (સંસારી) લોકો સાથે રહે છે તે એક સાધુ છે, કારણ કે તેના સાથીદારો ઢેફાં અને પત્થરો જેવા છે.

૪૮૯ વાસ્તવમાં, (બરેબર) ઢેફાં અને પત્થરાઓ કોઇનો પણ કદી રસ્તો રૂંધતા નથી, (જ્યારે) પેલા ઢેફાંઓમાંથી એક લાખ સડાઓ આવે છે.

૪૯૦ પંખીએ તેને કહ્યું. "(સારૂં) તો પછી 'જીહાદ' (રૂહાનીયત લડાઇ) તે વખતે (ચલાવાય) છે જ્યારે કે એક આના જેવો ડાકુ રસ્તા ઉપર છે.

૪૯૧ બહાદુર માણસ રક્ષણ કરવા અને મદદ કરવા અને લડવાના ઇરાદાએ બિન સલામત રસ્તા ઉપર દાખલ થાય છે.

૪૯૨ પુરૂષત્વનું મુળ (જન્મસિદ્ધ ગુણ) તે જ વખતે સ્પષ્ટ બને છે કે જ્યારે મુસાફર રસ્તા ઉપર પોતાના દુશ્મનોને મળે છે.

૪૯૩ એટલે કે (ખુદાનો) સંદેશક તલવારનો નબી હતો, ત્યારે તેની કોમના (લોકો) બહાદુરો અને વિજેતાઓ છે.

૪૯૪ આપણા દીનમાં સત્ય વસ્તુ લડાઇ અને ભય છે, હ. ઇસા (અ.સ.)ના દીનમાં સાચી વસ્તુ ચુકા અને પર્વતોમાં (નિવૃત્તિ લેવી) છે,

૪૯૫ તેણે (પારધીએ) કહ્યું, "હા, જો એકને (ખુદામાંથી) મદદ હોય, અને પાપ અને ગુનાહ ઉપર સખત ફટકો લગાવવાનું બળ હોય તો,

૪૯૬ (પણ) જ્યારે બળ નથી, ત્યારે દુર રહેવું વધારે સારૂં છે, જે નિભાવી શકાય તેવું નથી તેવામાંથી ભાગી જવા સહેલાઈથી કુદકો માર.

૪૯૭ તે (પંખીએ) જવાબ આપ્યો. "દિલની મક્કમતા કાર્યસિદ્ધિ માટે જરૂરી છે. પણ એક (મક્કમ) દોસ્તને મિત્રોની બાબી હોતી નથી.

૪૯૮ એક (મક્કમ) દોસ્ત બન કે જેથી તમો સંખ્યાબંધ દોસ્તો મેળવી શકો કારણ કે દોસ્તો વગર તમો ચુસુફ જેવા છો, ઓ માનવંત, યાકુબનું પહેરણ જવા દેતો નહિ.

૫૦૦ સામાન્ય રીતે વરૂ (પોતાનો શિકાર) તે પળે પકડે છે કે જ્યારે એક વરસનું એક ઘેટું પોતાની મેળે ટોળામાંથી એકલું રઝળે છે.

૫૦૧ તે કે જેણે (મુસ્લિમ) કોમની શરીયત (બનાવવી) છોડી દીધી છે. તેણે એક ત્રાસદાયક જંગલી જનાવરોની રીતમાં તેનું પોતાનું લોહી પીવું નથી!

૫૦૨ શરીયત (સલામત) રસ્તો છે. અને (તમારા રસ્તા ઉપરની) કોમ અસહાબો બાકુબ છે, રસ્તા અને સાથીઓ વગર તમો (સખત) તકલીફમાં પડશો.

૫૦૩ (પણ) સાથી મુસાફરને નહિ કે જે સમજણનો એક દુશ્મન છે અને તમારાં કપડા ઉડાવી જવાની તક શોધે છે.

૫૦૪ (અને માત્ર) તમારી સાથે જાય છે એટલા માટે કે પર્વતનો રસ્તો શોધે કે જ્યાં તે તમોને ફેંકી શકે!

૫૦૫ એક એવો પણ નહિ કે જેને એક ઉંટનું (ભીરૂ) દિલ છે. જ્યારે તેને બીક લાગે છે ત્યારે તમને રસ્તા ઉપરથી પાછા ફરવાની સુચના કરે છે.

૫૦૬ તેના ઉંટની હિંમતથી તે પોતાના સાથીને ખીવરાવે છે જાણુ કે આવો એક સાથી મુસાફર એક દુશ્મન છે, દોસ્ત નહિ.

૫૦૭ (ખુદા તરફનો) રસ્તો એ પોતાની કુરબાની કરવી તે છે અને હરકોઈ કે જેના આંતમાં એક કાચની શીશી જેવો (બરડ) છે તેને હાંકી કાઢવા દરેક ઝાડીમાં ઉત્પાત છે.

૫૦૮ દીનનો રસ્તો સંકટ અને તકલીફ રૂપી સમજણ માટે ભરેલો છે કે તે રસ્તો એવા માટેનો નથી કે જેની પ્રકૃતિ બાયલાપણાની છે.

૫૦૯ આ રસ્તા ઉપર (માણુસોના) આત્માની તકલીફથી કસોટી કરવામાં આવે છે. જેમ ભુસું જુદું કરવા એક ચારણી (વાપરવામાં આવે છે.)

૫૧૦ રસ્તો શું છે? પગલાંથી ભરપુર. સાથી શું છે, સીડી; કે જેનાથી અંતઃકરણો ઉપર ચડે છે.

૫૧૧ હું લખી આપું છું કે (તમારી) સાવચેતીનાં પગલા થકી વરૂ તમને શોધશે નહિ. (પણ)
સાથીદાર વગર ચેલી (ફહાનીયત) તત્પરતા શોધી શકશો નહિ.

૫૧૨ તે કે જે આનંદપુર્વક એક સો મુસાફરો ઉપર જાય છે, (જો તે) સાથીદારો સાથે જાય છે તો તેની પ્રગતિ એક સો ગણી વધે છે.

૫૧૩ ગધેડાની સ્થૂળતા ધ્યાનમાં ન લેતાં, ઓ દરવેશ, તે (ગધેડો) (પોતાની જ જાતના) સાથીદારોથી આનંદિત છે અને બળમાં ક્રિયાશીલ બનવા શક્તિમાન બને છે.

૫૧૪ કોઇ પણ ગધેડો જે એકલો અને વણજારથી (છુટો) પડે છે, તેને થાક અંગે રસ્તો સો ગણો લાંબો લાગે છે,

૫૧૫ જો તે એકલો (સાથી વગરનો) વેરાન મુલક પસાર કરે તો કેટલા બધા વધુ પરોણા અને ધોકા તે સહન કરે!

૫૧૬ પેલો ગધેડો (સર્વથા) તમને કહે છે, "બરાબર ધ્યાન રાખ, આના જેમ એકલો મુસાફરી ન કરે. સિવાય કે તમો એક ગધેડા છો."

૫૧૭ કાંઇપણ શંકા વગર તે કે જે દાણુઘરમાં એકલો આનંદપુર્વક જાય છે, તે (જ્યારે) સાથીદારો સાથે જશે તો વધુ હસતો જશે.

૫૧૮ દરેક પયગમ્બર (જેઓ) આ સીધા રસ્તા પર ચાલ્યા, સાબ્રીતી સહિતના ચમત્કારો કર્યા અને સાથી મુસાફરો મેળવ્યા.

૫૧૯ જો દીવાએ આપેલી મદદ ન હોત તો મકોડો અને ભંડારો કેમ ઉભાં થાત?

૫૨૦ જો દરેક દિવાલ (એક બીજાથી) જુદી બનાવવામાં આવી હોત, તો પછી છાપરૂં હવામાં લટકાવેલું કેમ રહ્યું હોત!

૫૨૧ જો શાહી અને કલમની કાંઇ પણ મદદ ન મળી હોત તો કાગળની સપાટી ઉપર લખાણ કેમ આપત?

૫૨૨ આ બરૂની સાદડી જે કોઇ વાપરે છે તે એક સાથે જોડેલ ન હોત (ગુંથાઈ ન હોત) તો પવન તેને ઉઠાવી જાત.

૫૨૩ એટલે કે ખુદાએ દરેક જાતની જોડી પેદા કરી. તેથી (બધાં) પરિણામો ભેગા થવાના કારણે ઉત્પન્ન થયાં છે.

૫૨૪ તે (પારધી) (એક બાજુ ઉપર) બોલ્યો અને તે (પંખી) બીજી બાજુનું બોલ્યું.

૫૨૫ મસનવી હળવી અને દિલને ખુશકારક બનાવ, (તેઓની) વિરૂદ્ધાઈ ઘટાડ અને ટુંકાવ.

૫૨૬ ત્યારબાદ તે (પંખીએ) તેને કહ્યું, "ઘઉં કોના છે?" તેણે જવાબ આપ્યો, "તે એક તે એક અનાથ કે જેનો કોઈ પાલક નથી તેના છે.

૫૨૭ તે અનાથની મિલકત છે. મારી અનામત રાખેલ છે કારણ કે લોકો મને વિશ્વાસુ જુએ છે."

૬૨૮ પંખીએ કહ્યું, "હું જરૂરીયાતમાં ઘસડાએલો છું અને સખત હાલતમાં છું. આ પળે મુડદાલ માંસ (પણ) મારા માટે હલાલ છે.

૫૨૯ ઓ વિશ્વાસુ અને ભક્તિભાવ અને માનવંત સાહેબ, સાંભળો, તમારી મંજુરીથી હું આ ઘઉં ખાઇશ."

૫૩૦ તેણે જવાબ આપ્યો, "તું પોતે તારી જરૂરીયાતનો ઈન્સાફ કરનાર છો, જો જરૂરીયાત અંગે તું ખાઇશ તો તું એક પાપ કરીશ.

૫૩૧ અને જો કે જરૂરીયાત છે, છતાં તે વધુ સારૂં છે કે દુર રહેવું, અથવા જો તું ખાઇશ જ, કોઇ પણ ભોગે તે ખાઇશ જ તો (પાછું ભરપાઈ કરવાની) ખાત્રી આપ."

૫૩૨ આથી પંખી ઉંડા વિચારમાં લીન થયું (પણ) તેના ચંચળ ઘોડાએ સમજણ ન ગણકારતાં, તેનું માથું લીધું.

૫૩૩ જ્યારે તેણે ઘઉં ખાઈ લીધા, તે ફાંસલામાં રહી ગયું. તેણે (સુરે) યાસીન અને (અલ અનામ) આયાત કેટલીય વખત પઢી.

૫૩૪ નિરાધાર થયા બાદ 'અફસોસ અને 'અરે' ની ધુમ (પાડવાનો) શું અર્થ? પેલા (દુઃખ) પહેલાં જ આ ઉંડા નિસાસાઓ કાઢવા જોઇતા હતા.

૫૩૫ તે વખતે જ કહ્યા કર, કહે, "(મને મદદ કરો) ઓ તું કે જે મદદની ધુમે આવી પહોંચે છે.

૫૩૬ કારણ કે તે વખત બસરાની પાયમાલીમાંથી આગથી થઈ હતી અને એમ પણ બને કે બસરા પેલી પાયમાલીમાંથી બચાવી લેવાય.

૫૩૭ ઓ તું કે જે મારા માટે રૂદન કરશે, ઓ તું કે જે મારાથી વંચિત બનેલ છો. મારા માટે બસરા અને ગોસલની પાયમાલી પહેલાં રૂદન કર.

૫૩૮ મારા માટે રૂદન કર અને મારા મૃત્યુ પહેલાં તારા પોતાને ધુળથી લપેટયા કર. મારા મૃત્યુ બાદ રૂદન ન કરશે પણ (મારા નાશને) ધીરજથી સહન કરજે.

૫૩૯ બિમારીના (જળ પ્રલય) બાદ રૂદન મુકી દેજે.

૫૪૦ (અને) જે વખતે સેતાન તારો રસ્તો રોકે ત્યારે ત્યારે (સુરા) યાસીન પઢવી જોઈએ.

૫૪૧ ઓ ચોકીદાર, તારૂં અવાજ કરતું યંત્ર, (લુંટારાથી) વણજર લુંટાય તે પહેલાં વગાડ.

એક ચોકીદાર કે જેણે લુંટારાઓ વેપારીઓના માલનો જથ્થો સંપૂર્ણપણે ઉઠાવી ગયા ત્યાં સુધી ચુપ રહ્યો, પણ ત્યાર બાદ એક મોટી ધૂમ પાડી. અને એક ચોકીદારની ફરજ બજાવી.

૫૪૨ અમુક ચોકીદાર ઉંઘી ગયો. લુંટારાઓ સામાન ઉઠાવી ગયા અને જમીનના કટકા નીચે (બધી) વસ્તુઓ સંતાડી દીધી.

૫૪૩ (જ્યારે) દિવસ ઉગ્યો, વણજર જાગૃત થઈ, તેઓએ જોયું કે માલનો જથ્થો અને પૈસા અને ઉંટો ચોરાઈ ગયાં છે.

૫૪૪ પછી તેઓએ તેને કહ્યું "ઓ ચોકીદાર, શું બન્યું હતું તે અમોને કહે, આ જથ્થો અને સામાન કયાં છે ?"

૫૪૫ તેણે જવાબ આપ્યો, "લુંટારાઓ ઓચીંતા આવ્યા અને મારી આગળથી બધો સામાન ઉતાવળે ઉઠાવી ગયા."

૫૪૬ (વેપારીઓના) સમુહે તેને કહ્યું, પણ ઓ (માટીના ટેકરા) જેવા નબળા, તો પછી તું શું કરતો હતો ? ઓ વિશ્વાસઘાતી, તું કોણ છે ?

૫૪૭ તેણે કહ્યું. "હું (માત્ર) એકલો જ હતો, અને તેઓ હથીઆરથી સજ્જ અને બહાદુર અને પ્રચંડ એક ટોળું હતું.

૫૪૮ તેણે (વેપારીઓના બોલનારે) કહ્યું "જો લડાઇમાં (તેમને હરાવવાની (તારામાં ઉમેદ) ન હતી તો (શા માટે) તેં ધુમ ન પાડી, સદ્દગ્રહસ્થો) (બિછાનામાંથી) ઉઠો. "

૫૪૯ તેણે જવાબ આપ્યો, "તે પળે તેઓએ છરાઓ અને તલવારો રજૂ કરી, કહે, "ચુપ રહેજે ! અથવા અમો તને નિષ્ઠુર રીતે મારી નાખશું,"

૫૫૦ તે વખતે મેં મારું મોઢું બીકમાં બંધ રાખ્યું, આ વખતે હું ધુમો (પાડી શકું) અને મદદ માટે બોલાવવા અને દુઃખની ધુમો પાડું.

૫૫૧ તે વખતે એક શબ્દ ઉચ્ચારવામાંથી મારો અવાજ અટકાવાયો હતો. અત્યારે તમો ખુશી થાઓ તેટલી ધુમો પાડીશ.

૫૫૨ સેતાન કે જે (પાપીઓને) નામોશીમાં ધુલ્લો પાડે છે, તમારૂં જીવન ઉઠાવી ગએલ છે ત્યારે (ધુમ પાડવી) એ મુર્ખતા છે " હું (ધુદામાં) પનાહ લઉં છું," અને 'ફાતિયા' પઢવા.

૫૫૩ (પણ) અત્યારે પશ્ચાતાપ કરવો મુર્ખતા છે (છતાં) અનિવાર્યપણે બેધ્યાનપણું પેલા કરતાં વધુ મુર્ખતાભરેલું છે.

૫૫૪ આમ ડુસકાં ભાવાં ચાલુ રાખ, મુર્ખતાઇથી પણ, "ઓ સર્વશક્તિમાન, હલકટ (પાપીઓ તરફ પણ) નજર કર."

ાલે તે વહેલું હોય કે મોડું, તું સર્વશક્તિમાન છો, ઓ ખુદા તારાથી કોઈ પણ યારે છટકયું છે?

(તમો) જે તમારી પાસેથી નાશી ગએલ છો, તેનાથી દિલગીર થશો નહિ"ના બાદશાહ, ની શક્તિની મર્યાદામાંથી) તમારી ઇચ્છા વસ્તુ કેમ ભુલાશે?

સંસારત્યાગીની લુચ્ચાઇ અને ઢોંગ અને ચાલાકી થકી ફાંસલામાં પકડાએલ બનેલ પંખીનું આરોપણ કરવું.

ંખીએ કહ્યું 'સંસારત્યાગીની છેતરામણીની વાત જે કોઈ સાંભળે તેને માટે આ યોગ્ય જા છે."

'સારત્યાગીએ કહ્યું "નહિ, તે એક કંજુસ હલકટ કે જે નિરાધારોની માલમિલકત તત રીતે હડપ કરે છે તેને માટે આ યોગ્ય સજા છે."

ારબાદ તેણે (પંખીએ) એવી રીતનું રૂદન શરૂ કર્યું કે ફાંસલો અને પારધી લગીરી (કે જે તેણે બતાવી) તેનાથી ક્રુજી ઉઠયા.

ાક્રંદ કરીને કહે "મારા દિલમાં (ઉઠતી વિરૂદ્ધાઈ એ) મારી પીઠ ભાંગી નાખી છે.

। પ્રિતમ આવ, મારા માથા ઉપર તારો હાથ ફેરવ."

રા હાથની નીચે મારૂં મસ્તક (દુઃખવાથી) એક (મોટી) રાહત છે, તારો હાથ સદ્‌ભાવ ાયત કરતો એક ચમત્કાર છે,

રા માથા ઉપરથી તારો પડછાયો (રક્ષણ) ઉઠાવી લેતો નહિ, હું બેચેન છું, બેચેન, બેચેન.

રા માટેની મારી તમન્નામાં (બધી) જાતની ઉંઘ મારી આંખમાંથી ભાગી ગએલ ઓ તું કે જે સરૂ અને ચમેલીથી અદેખાયો છો,

કે હું (તારા સદ્‌ભાવને) લાયક નથી એક નાલાયક એક પળ માટે એક મહા-તાપમાં તારી આગળ માગે તે વળી કઈ મોટી વાત છે?

શંક, (તારા સદ્‌ભાવને) નહિવતપણા માટે કયો હક હતો કે જેના માટે તારી દયાએ વા દરવાજા ખોલ્યા છે?

રી) કૃપા ગંદી જમીનને અટકી (ભાત પાડી) અને તેના અંતર્ગત ભાગમાં ઇન્દ્રિય-ય જ્ઞાનનાં દસ મોતીઓ મુકયાં!

ય જાહેરી સમજ અને પાંચ આંતરિક સમજ, જેનાથી મરેલા વીર્યથી માણસ બનાવાયો.

ઉચ્ચતમ 'ખુદાઈ નૂર' તારા આશીર્વાદ વગર પશ્ચાતાપ, પશ્ચાતાપની દાઢી તરફ વા સિવાય બીજુ કંઈ નથી.

તું પશ્ચાતાપની મુછ કટકે કટકે તોડે છે? પશ્ચાતાપ જો પડછાયો છે, અને તું શનો ચંદ્રમા છે.

તું કે જેનાથી મારી દુકાન અને રહેઠાણ નાશ પામ્યાં છે, હું કેમ આક્રંદ ન કરું જ્યારે તું મારૂં દિલ જબરદસ્તિથી ખેંચે છે?

(તારામાંથી) કેમ ભાગું? જ્યારે કે તારા સિવાય કોઈ જીવે જ નહિ અને તારી લેકી સિવાય કોઇ ગુલામનું અસ્તિત્વ જ હોય?

૫૭૨ ઓ મારા જીવનના મુળ, મારૂં જીવન લઈ લે, કારણ કે તારા સિવાય હું મારા જીવનથી થાકેલો બન્યો છું.

૫૭૩ હું ગાંડાની કુશળતાથી પ્રેમમાં છું. હું ડહાપણ અને પવિત્રતાથી ખૂબ ધરાઈ ગયો છું.

૫૭૪ જ્યારે શરમ (નો પડવો) ચીરાઈ જાય છે ત્યારે હું ખુલ્લી રીતે ગુઢાર્થ જાહેર કરીશ, આ આત્મસંયમ અને દુઃખ અને સુન્દરીની પકડ કેટલો વધુ લાંબો વખત?

૫૭૫ હું શરમમાં છુપાએલો બન્યો છું. દોરા ધાગાથી બનેલા સુશોભનની માફક, હું આ ઓછાડની અંદરથી ઓચીંતો બહાર કુદી પડીશ.

૫૭૬ ઓ સાથીદારો, પ્રિતમે રસ્તો રૂંધ્યો છે, આપણે લંગડા હરણ છીએ. અને તે એક શિકાર કરતો સિંહ છે,

૫૭૭ (એક કે જે) લોહી તરસ્યા ભયંકર સિંહના પંજામાં છે તેને આત્મસમર્પણ અને મુંગી અનુમતી સિવાય બીજો કયો રસ્તો છે?

૫૭૮ તેને સૂર્યની માફક ઉંઘ કે આહાર નથી, તે આત્માઓને પણ ખોરાક અને ઉંઘ વગરના બનાવે છે.

૫૭૯ કહે છે, આવ મારો બન અથવા મારા જેવો એક આસિયતવાળો બન, કે જેથી જ્યારે હું મારો પડદો ઉંચકું ત્યારે મારો ચહેરો નિહાળે.

૫૮૦ અને જો તેં તે જોએલ નથી તો તું આવો બેગાનો કેમ બનેલ છો? તું માટી હતો (અને હવે) તું એવો બન્યો છે કે એક (રૂહાની જીવનની) શોધમાં ઝડપી બન્યો છે?

૫૮૧ જો તેણે (દુનિયા કે જે) અવકાશી સંબંધ વગરની છે તેમાંથી આહાર ન આપ્યો હોત તો તમારી રૂહાનીયત આંખ પેલા પ્રદેશ ઉપર કેમ ચોંટી હોત?

૫૮૨ બિલાડી ઉંદરના દર ઉપર ધ્યાન રાખતાં ઉત્સુક બને છે. કારણ કે (અગાઉ) પેલા દરમાંથી પેતાને બવડાવેલ છે.

૫૮૩ બીજી બિલાડી છાપરા ઉપર ચોરી છુપીથી ભટકે છે કારણ કે તેણીએ (અગાઉ) પંખીઓનો શિકાર કરીને ખોરાક મેળવેલ છે.

૫૮૪ એક માણસનો 'કિલ્લો' (ધ્યાનની વસ્તુ) વણનારની કળા છે. જ્યારે બીજો (બાદશાહના) પગારની ખાતર ચોકીદાર છે.

૫૮૫ અને એક બીજો નોકરી વગરનો છે, તેનો ચહેરો, વગર અવકાશથી (દુનિયા તરફ) ફરે છે કારણ કે તે (અગાઉ) પેલા સ્થળમાંથી રૂહાની ખોરાક આવ્યો હતો.

૫૮૬ તે કામ (વાસ્તવિક છે કે જે ખુદાની ઇચ્છાવાળું કે બન્યું છે. અને તેના (ખુદાના) કામની ખાતર પોતાના (બીજા બધા) કામથી પોતાને જુદો કર્યો છે.

૫૮૭ બાકીના બચ્ચાંની રમત જેવા છે, આ થોડા દિવસો રાત્રી પડતાં છુટા પડાય ત્યાં સુધી.

૫૮૮ ઉંઘણશી તે છે જે (ગફલતીમાંથી) જાગીને કુદી પડે છે; તેને પરિચારીકા, હલકટ સુચનાઓ છેતરે છે,

૫૮૯ કહે છે, મારા વ્હાલા (મારા આત્મા), ઉંઘવા જાઓ, હું કોઈને તારી ઘસઘસાટ ઉંઘમાં ઉઠાડવા આવવા નહિ દઉં.

૫૯૦ તમો પોતે જ (જે તમો સમજુ છો તો) તમારી ઘસઘસાટ ઉંઘને મુળમાંથી ઉઠાડી મુકે જેમ એક તરસ્યો માણસ પાણીનો અવાજ સાંભળી (દોડે છે).

૫૯૧ (ખુદા તને કહે છે), હું તરસ્યાના કાનોમાં પાણીનો અવાજ છું. હું આસમાનમાંથી વરસાદની માફક આવું છું.

૫૯૨ ઓ પ્રેમી, ઉલો થા, ઉશ્કેરાટ પ્રદર્શીત કર, પાણીનો અવાજ અને તમો તરસ્યા, અને પછી ઉંઘમાં પડવું?

પ્રેમીની કહાણી કે જે (તેને) તેની પ્રિયતમાને આપેલા મિલનના સંકેત પ્રમાણેની આશામાં તેણે બતાવેલ હતું તે ઘરે રાત્રીના આવ્યો, રાત્રીનો અમુક વખત તેણે રાહ જોઇ (પછી) ઉંઘે તેનો કબજો લીધો, (જ્યારે) તેની દોસ્ત પોતાનું વચન પુરૂં કરવા આવી અને તેને ઉંઘતો માલમ પડયો ત્યારે તેણીએ તેનો ખોળો અખરોટોથી ભર્યો અને તેને સુતેલો છોડી દીધો અને (ઘરે) ફરી.

૫૯૩ જુના ઝમાનામાં એક પ્રેમી હતો, કે જે તેના વખતમાં સાચી આસ્થા રાખતો હતો.

૫૯૪ વર્ષો સુધી (તે) તેના સુંદર ચહેરાના ચંદ્રમાની અને તેના બાદશાહની મુલાકાત શોધવાના દર્દમાં સપડાએલો હતો.

૫૯૫ અંતે જોનાર છે છે શોધનાર છે, કારણકે ધીરજમાંથી આનંદ ઉદ્‌ભવે છે.

૫૯૬ એક દિવસ તેના દોસ્તે કહ્યું "આજે રાત્રીના આવજે કારણકે મેં તારા માટે છુંદા સાથે વટાણા પકાવેલ છે.

૫૯૭ મધ્યરાત્રી સુધી ફલાણા ફલાણા ઓરડામાં બેસજે કે જેથી મધ્યરાત્રીએ હું શોધ્યા વગર આવું."

૫૯૮ માણસે કુરબાની કરી અને રોટલા વહેંચ્યા, જ્યારે કે (સદ્‌કિસ્મતી) ચંદ્રમા (બદ્‌-કિસ્મતની) ધુળ નીચેથી તેને દેખાતો હતો.

૫૯૯ રાત્રીના કામલોલુપ પ્રેમીએ ઓરડામાં પોતાને બેસાડયો, એવી આશામાં કે પેલો વિશ્વાસુ દોસ્ત સંકેત પ્રમાણે આપેલા વચને (આવશે).

૬૦૦ મધ્ય રાત્રી બાદ તેનો દોસ્ત, તેના દિલનો હર્ષ, પેલાઓ કે જેઓ પોતાના વચનમાં સાચા છે તે પ્રમાણે (વખતસર) આવી પહોંચ્યો.

૬૦૧ તેને તેનો પ્રેમી સુતો પડેલો માલમ પડયો, (આથી) તેણે તેના (પ્રેમીના) બાંયનો એક નાનો ટુકડો કાપી લીધો.

૬૦૨ અને તેના ખોળામાં થોડા અખરોટો મુકયા, કહે, તું એક બચ્ચું છો, આ લે અને ચોપા.ની એક રમત રમ.'

૬૦૩ જ્યારે પ્હો ફાટતાં પ્રેમી નિદ્રામાંથી જાગૃત થયો, તેણે ફાટેલી બાંય અને અખરોટો જોયા.

૬૦૪ તેણે કહ્યું, ' આપણો બાદશાહ તદ્દન સત્ય અને વિશ્વાસુ છે. તે (નામોશી) જે આપણા ઉપર આવે છે તે આપણા પોતાના એકલા ઉપરથી જ આવે છે.

૬૦૫ ઓ ઉંધ વગરના દિલ, અમો (સાચા પ્રેમીઓ) આમાંથી સલામત છીએ. અમો ચોકીદારોની માફક, અમારાં વાળ છાપરા ઉપર વગાડીએ છીએ.

૬૦૬ અમારાં અખરોટો આ ચક્કીમાં પીસાઈ ગયાં છે, અમારા દુઃખની જે પણ વાત અમો કહીએ તે (માત્ર) થોડીજ છે.

૬૦૭ ઓ ઠેકડી કરનાર, (દુનિયાના) કામ ધંધામાં (જોડાવાનું) આ આમંત્રણ (આપવું) તું ક્યાં સુધી ચાલુ રાખીશ? હવે પછી એક બેગાનાને સલાહ આપતો નહિ.

૬૦૮ હું (પ્રિતમથી) જુદાઇની બંધાઇભરેલી વાત સાંભળીશ નહિ, મેં તે અનુભવી છે, હું કેટલો લાંબો વખત તે અનુભવીશ?

૬૦૯ આ રસ્તામાં અસ્થિર હાલત અને બેગાનાપણા સિવાય (તેનામાંથી) દુરપણું અને તબદીલી (કારણ) નથી.

૬૧૦ ધ્યાન દે, મારા પગ ઉપર તે બેડી બાંધ, કારણ કે મેં (વિચારશક્તિ)ની કાળજીની જંજીરના ટુકડા કર્યા છે.

૬૧૧ ભલે તમો બસો બેડીઓ લાવો હું મારી કિર્તીવંત ખુબસુરતીની લટો સિવાય (તે બધીના) ટુકડા કરીશ.

૬૧૨ ઓ ભાઈ, પ્રેમ અને કિર્તીને સુમેળ નથી, ઓ પ્રેમી, કિર્તીના દરવાજે ઉભો રહેતો નહિ.

૬૧૩ મારા માટે નગ્ન થવાનો વખત આવ્યો છે, (શારિરીક) રૂપને તજી દેવું અને સંપૂર્ણપણે આત્મીક બનવું.

૬૧૪ ઓ શરમના દુશ્મન અને ઉત્કંઠિત વિચાર આવ, કારણ કે શરમ અને સંકોચનો પડદો ચીરી નાખેલ છે.

૬૧૫ ઓ તું કે જેણે તારા જાદુથી આત્માની ઉંઘને મંત્રેલ છે. ઓ સખત દિલના પ્રિતમ કે તું દુનિયામાં છો.

૬૧૬ સાંભળ, **આત્મસંયમનું** ગળું ઘુંટ અને ગળુ ઘુંટીને તેને મારી નાખ, એટલા માટે કે ઓ ઘોડેસ્વાર, તેથી પ્રેમનું દિલ સુખી બનેલું બનાવાય.

૬૧૭ હું બળું નહિ ત્યાં સુધી તેનું દિલ સુખી બનેલું કેમ બનશે? અને, મારું **દિલ તેનો બંગલો અને રહેઠાણ છે.** (મોમન દિલ કુરઆન)

૬૧૮ (જો) તું તારું ઘર બાળશે, તેને બાળ, તે કોણ છે કે તે કહેશે, તેની રજા નથી?

૬૧૯ ઓ ઝનુની સિંહ, આ ઘરને સારી રીતે બાળી મુક, પ્રેમી ઘર આવું જ વધુ ઉત્તમ છે.

૬૨૦ હવે પછી હું, મારો કિમ્લા (ઉદ્દેશ), આમ બળવાનો બનાવીશ, કારણ કે હું મીણ-બત્તી (માફક) છું, હું બળવાથી પ્રકાશીત બનું છું.

૬૨૧ ઓ (મારા) બાપ, આજ રાત્રિના ઉંઘને તજી દે, કારણ કે એક રાત્રિ ઉંઘ વગરના પ્રદેશમાં ભ્રમણ કર.

૬૨૨ આ (પ્રેમીઓ) તરફ જુઓ કે જેઓ પ્રચંડ ક્રોધાવેશી બન્યા છે, અને (પ્રિયતમથી તેઓના) મિલન અંગે પંતગીયાંની માફક મરાયા છે.

૬૨૩ આ (ખુદાના) સજીવ જીવોના જહાજ ઉપર નજર કર (અને તે) પ્રેમમાં કેમ ડુબ્યું છે તે (જો). તમો કહેશો કે પ્રેમનું ગળું (તેને ગળી જવા) એક અજગર બન્યું છે.

૬૨૪ એક દિલ ઓપતો અદ્રષ્ય અજગર, તે સમજણ કે જે પહાડ જેવી મક્કમ છે તેને (પોતાના તરફ) લોહચુંબક છે.

૬૨૫ દરેક દવાવાળો કે જેની સમજણ તેના (પ્રેમથી) પરિચીત બની છે, દવા અને અત્તરોથી ભરેલી ટ્રેઓ નદીના પાણીમાં ફેંકી છે.

૬૨૬ જાઓ, કારણ કે તમો આ પ્રેમની નદીમાંથી અનંતકાળની અમર જીંદગીમાં બહાર નીકળશો નહિ સત્ય કહેતાં, "તેની સાથે સરખામણી કરી શકાય તેવો કોઇ નથી."

૬૨૭ ઓ ખોટા ઢોંગી, તમારી આંખ ખોલો અને જુઓ, આ અથવા તે જાણતો નથી તે કયાં સુધી તમો કહ્યા કરશો?

૬૨૮ ઢોંગ અને વિપત્તિના પ્લેગમાંથી ઉંચો આવ, જીવન અને બકા'ની દુનિયામાં દાખલ થા.

૬૨૯ તેથી 'હું જોતો નથી', 'હું જોઉં છું' બને, અને આ તમારૂં 'હું જાણતો નથી' તે 'હું જાણું છું' માં ફેરવાય.

૬૩૦ નકશાથી પર પસાર થા અને એવો એક બન કે જે બીજાઓ ઉપર નશો ઇનાયત કરે છે, આ પરિવર્તનશીલતામાંથી તેના કાયમીપણામાં ચાલ્યો જા.

૬૩૧ આ નશામાં કેટલો બધો લાંબો વખત ગર્વ લઇશ? હવે તે બસ છે. દરેક ગલીના મથાળે (તારા જેવા) ઘણા બધા નશાબાજ છે.

૬૩૨ જો બન્ને દુનિયા પેલાઓ કે જેને દોસ્તે નશાબાજ કર્યા તેનાથી ભરાએલ બને તો તેઓ બધા એક (આત્મા) બનશે અને પેલો એક તિરસ્કરણીય નથી.

૬૩૩ આ (આત્મા) પુષ્કળ માણસોના (દેખાવે) કોઈ પણ ભોગે તિરસ્કરણીય બનતો નથી, તિરસ્કરણીય કોણ છે? ઋતુની પ્રકૃતિનો વિષયવાસનામત કાયાનો ચાકર.

૬૩૪ જો કે દુનિયા સુર્યના પ્રકાશથી ભરાઈ જાય છે. છતાં તે સુશોભિત સુંદર કિરણ તિરસ્કરણીય કેમ બને?

૬૩૫ પણ, આ બધા પછી પણ, ગર્વની ચાલે ચાલ, એટલે કે 'ખુદાની પૃથ્વી ભવ્ય અને આહ્લાદજનક છે.

૬૩૬ જો કે આ નશો સફેદ બાજની માફક (અદ્ભુત) છે, (છતાં) મહિમાવાન (દૈવી) દુનિયામાં તેના કરતાં કંઈક વધુ ઉત્તમ છે.

૧૩૭ જાઓ, તમારી કિર્તીમાં એક ઈઝરાફિલ બનો. રૂહાનીયતની ભાવના પ્રેરિત અને મદહોશ અને (બીજાને) નશાબાજ બનાવનાર બનો.

૧૩૮ જ્યારે કે નશાબાજ માણસનું દિલ ખુશીના વિચારોથી રોકાએલું હોય છે, તે તેની ટેવ પડી જાય છે કે, 'હું આ જાણતો નથી અને હું તે જાણતો નથી ?'

૧૩૯ હું 'આ જાણતો નથી અને હું તે જાણતો નથી' તે કહેવાનું કારણ શું છે ? એટલા માટે કે સર્વશક્તિમાન ખુદાનું હોવું, જેમ અમો કબુલ કરીએ છીએ તેમ તમો કરો.

૧૪૦ વિવરણમાં નકાર એ હકારાત્મક ઈરાદા માટે વપરાય છે. ના પાડવામાંથી હટી જા અને હા પાડવી શરૂ કર.

૧૪૧ આપ, 'આ નથી અને પેલું નથી (કહેણ) છોડી દે, પેલો એક કે જે ખરી હસ્તિ છે તેને આગળ લાવ.

૧૪૨ નકારાત્મક છોડી દે અને ખરી હસ્તિની ભક્તિ કર. ઓ બાપ, આ મસ્ત તુર્ક પાસેથી આ શીખ.

સવારમાં પીવાના સમયે એક પીધેલ તર્કીશ અમીરનું એક કવિને તેડાવવું અને હદીસ ઉપરનું એક વિવરણ : "અરેઅર, સર્વશક્તિમાન ખુદા પાસે શરાબ છે કે જેણે પોતાના દોસ્તો માટે તૈયાર કરેલ છે. જ્યારે તેઓ તેને પીએ છે ત્યારે તેઓ નશાબાજ બને છે અને જ્યારે તેઓ મદમસ્ત બને છે ત્યારે તેઓને પવિત્ર કરવામાં આવે છે !" હદીસના અંતમાં "શરાબ ગુદાર્થની બરણીઓમાં ઉકળે છે, એટલા માટે કે હરકોઇ ખુદીમાંથી અનાવૃત્ત બનેલ છે. પેલી મદિરા ભલે પીએ." કિર્તીવંત ખુદાએ કહ્યું છે, "અરે, સાચાઓ પીશે" આ શરાબ કે તું પીએ છે તેની મનાઇ કરવામાં આવી છે, અમો હલાલ શરાબ સિવાય પીતા નથી. ખુદાના નહિવતપણામાંથી (અરેઅર) હસ્તિવાળો બન અને ખુદાની શરાબથી કેફી બન.

૧૪૩ એક બર્બરીયન તુર્ક પહેરો ફાટતાં પોતાની સમજમાં આવ્યો અને શરાબે ઉપજાવેલ ગળાની બિમારી (સહન કરતાં) કવીની ઇચ્છા થઈ.

૧૪૪ રૂહાની કવી પેલા (ખુદાથી) મદમસ્ત થએલાઓના દિલી દોસ્ત છે તે પીધેલાની સ્વાદિષ્ટ મિઠાઈ અને ખોરાક અને શક્તિ છે.

૧૪૫ કવી તેમને નશા તરફ દોરે છે, પછી ફરીવાર, તે (નશાબાજ) કવીની કવીતામાંથી નશાનો ઘુંટ ભરે છે.

૧૪૬ પેલો (આત્મજ્ઞાની) ખુદાની મદિરા પેલા (રૂહાની) કવીના, કારણે લાવે છે, જ્યારે આ એક (વિષયવાસનાવાળો) આ (વાસનામય) કવિમાંથી શારીરિક શરાબ ચુસે છે.

૬૪૭ જો કે વિવરણમાં બન્ને કવીઓનું એક જ નામ છે, છતાં આ હસન અને પેલા હસન વચ્ચે ઘણો મોટો તફાવત છે.

૬૪૮ ખુલાસાવાર જાહેરાતમાં મૌલિક મળતાપણું છે, પણ આસમાન અને એક દોરડાને (ખરો) સંબંધ શું હોય ?

૬૪૯ (કેટલાય અર્થોમાં) એક શબ્દનો ભાગ લેવો હંમેશાં (સમજણ તરફ) રસ્તાનો લુંટનાર અશ્રદ્ધાળુનો સાચા ઈમાનદાર સાથે ભાગ લેવો એ (માત્ર) કાયામાં જઈ,

૬૫૦ કાયાઓ ઢાંકણાંઓ સાથેના ઘડા જેવી છે. દરેક ઘડામાં શું તેમાં નજર કર અને જો.

૬૫૧ પેલી કાયાનો ઘડો જીવનના જળથી ભરેલો છે. કાયાનો આ ઘડો મૃત્યુના ઝેરથી ભરેલ છે.

૬૫૨ જો તમારી આંખ તેની તૃપ્તિ ઉપર લગાડશો તો તમો એક રૂહાની રાજા છો, પણ જો તમો તેનું વાસણ નિરખશો તો તમો ઉંધા રસ્તાએ દોરવાએલા છો.

૬૫૩ જાણ કે શબ્દો આ કાયાને મળતા આવે છે અને કે તેઓનો આંતરિક અર્થ આત્માને મળતો છે.

૬૫૪ શારિરીક આંખ હમેશાં શરીરને જુએ છે. આધ્યાત્મિક આંખ કાયામય આત્મા જુએ છે

૬૫૫ મસ્નવીમાં વપરાએલા ઉદ્‌ગારોની ઢબથી દેખાવ પુરતો માણસ તેથી ઉંધે રસ્તે દોરવાય છે, જ્યારે તેઓ સાચા ઇન્સાનને દોરવણી આપે છે.

૬૫૬ તેણે (ખુદાએ) કુરાનમાં કર્યું છે; " આ કુરાન પોતાના ખરા દિલથી કેટલાકને સીધે રસ્તે દોરવે છે અને કેટલાકને ઉંધે રસ્તે (દોરવે છે).

૬૫૭ ખુદા, ખુદા ! જ્યારે આત્મજ્ઞાની 'મદીરા' વિષે બોલે છે, આત્મજ્ઞાનીની આંખોમાં પાર્થીવ રીતે 'શૂન્ય' એ એક પાર્થીવ વસ્તુ બને !

૬૫૮ જ્યારે કે તમારી સમજણ (માત્ર) સેતાનના શરાણની છે, ત્યારે તમને દયાળુ (ખુદા)-ની મદિરાનો કાંઇ ખ્યાલ કયાંથી હોય ?

૬૫૯ એ જોડકું, કવી અને મદિરા ભાગીદારો છે, આ એક જલ્દીથી પેલા તરફ દોરે છે અને પેલું એક આને દોરે છે.

૬૬૦ તેઓ કવીની કવીતાના ગળાડુબ ખોરાકથી પોષાયા છે, કવીઓ તેઓને દારૂના પીઠા તરફ લાવે છે.

૬૬૧ પેલો એક (કવી) (પ્રેમીનો) શિક્ષણની શરૂઆત છે, અને આ પીઠું (તેનો) અંત છે, જે ખુદ (પ્રેમી) તેના પોલો બેટના એક દડા જેવો છે.

૬૬૨ કાન તેને ઢળે છે કે જે મસ્તકમાં છે. પ્રેમી તેના આવેશને જે પ્રજ્વલિત રાખતાં ગીતો સિવાય બીજું કંઈ સાંભળશે નહી.

૬૬૩ ત્યારબાદ આ બન્ને (કવી અને પ્રેમી) બેખુદીમાં જાય છે, ભુલનાર અને ભુલાએલું એક બને છે.

૬૬૪ જ્યારે આનંદ અને દિલગીરી એક થાય છે, આપણો તર્ક કવીઓને જાગૃત કરે છે.
૬૬૫ કવીએ એક ઊંધરેટું પદ (ગાવું) શરૂ કર્યું. "ઓ તું કે જેને હું જોતો નથી, મને એક પ્યાલો આપ.
૬૬૬ તું મારો ચહેરો છો, હું જોતો નથી, તે કાંઈ નવાઈ નથી. અત્યંત નિકટતા એ ગુઢાર્થી પડદો છે.
૬૬૭ તું જ મારી સમજણ છો, હું તને જોતો નથી તેમાં કાંઇ નવાઈ નથી. (વિચારની) જટીલ ગુંચવણોની રેલમછેલના કારણે હું (તને જોતો નથી)
૬૬૮ તું મારી ગરદનની ધોરી નસથી વધુ નજીક આવ્યો છો. હું કેટલો લાંબો વખત 'ઓહ કહીશ?' 'ઓહ' તેને બોલાવવા માટે છે કે જે દુર છે.
૬૬૯ નહિ, પણ લાયકોમાંથી જ્યારે હું તેને બોલાવીશ ત્યારે તેમનાથી છુપાવીશ. એટલા માટે કે તેઓ કે જેઓ મારી અદેખાઈ કરે છે તેમનાથી તેને છુપાવીશ.

એક આંધળા માણસનું હ. મુસ્તફા (ર. સ. અ.) ના ઘરમાં દાખલ થવું અને બીબી આયશાનું આંધળાની હાજરીમાંથી નાશી જવું અને હ. પયગમ્બર, સાહેબનું પૂછવું "તું શા માટે દોડી જાય છે? તે તને જોઈ શકતો નથી," અને બીબી આયશાનો હ. પયગમ્બર સાહેબને જવાબ દેવો.

૬૭૦ એક આંધળો માણસ હ. પયગમ્બર સાહેબની હજુરમાં આવ્યો. કહે "ઓ તું કે જે (દરેક) શોધનારના દિલનો ઉત્સાહ છે,
૬૭૧ ઓ તું જે (જીવનના) જળનો માલિક છો. ઓ મને પીવાનું આપનાર, જ્યારે હું જલંદરના રોગથી પીડાઉં છું ત્યારે મને મદદ કરો,
૬૭૨ જ્યારે આંધળો માણસ ઉતાવળમાં દરવાજે આવ્યો. બીબી આયશા (તેનાથી) પોતાને છુપાવવા દોડી ગયાં.
૬૭૩ કારણ કે તે ગુણિયલબાનુ હ. પયગમ્બર સાહેબની અદેખાઇના રોષથી સભાગ હતી.
૬૭૪ હરકોઇ જે વધુ ખુબસુરત હોય છે, તેની અદેખાઈ વધુ મોટી છે કારણ કે ઓ પુત્રો, અદેખાઈ સુંદરતા ધરાવવામાંથી જાગે છે.
૬૭૫ પતીત ડોસીઓ પોતાના કદરૂપા અને ઘરડી ઉમરથી ખબરદાર હોય છે તેથી તેઓ પોતાના ધણીઓને એક રખાત લેવાની રજા આપે છે.
૬૭૬ હ. આહમદ (ર. સ. અ.) ના જેવી બન્ને દુનિયામાં કદી કોઈની ખુબસુરતી હતી? અરે દેવી કિર્તી તેને મદદ કરો.
૬૭૭ તેઓ બન્ને દુનિયાની બધી માહિતી ધરાવતા હતા. એવું દેખાતું કે સોગણા સુર્યો પણ અદેખા બનતા.
૬૭૮ કહેતા, "મેં મારી (ચમક) શનિના ગોળા ઉપર ફેંકી છે. ઓ ગ્રહો, ખબરદાર થાઓ, તમાર ચહેરાઓ સંતાડો!

૬૭૯ મારા અમાપ પ્રકાશમાં 'શુન્ય' બનો, નહિતર તમોને મારા પ્રકાશ આગળ શરમમાં મુકાવું પડશે.

૬૮૦ હું દરેક રાત્રીના માયાળુપણા અંગે અદ્રષ્ય થાઉં છું. (પણ) હું છુટો કેમ પડું? માત્ર જુદા પડવાનો દેખાવ જ કરું છું.

૬૮૧ કે એકાદ રાત્રી માટે તમો મારા વગર ચામાચીડીયાની માફક આ ઉડવાની જગ્યાની આજુબાજુ પાંખો ફફડાવતા ભલે ઉડો!

૬૮૨ અને કે મોરની માફક એક (મનોહર) પાંખ બતાવો અને પછી નશાબાજ અને ઉદ્ધત અને બેખુદ બનો.

૬૮૩ તમારા રોચા પગ તરફ નજર કરો, ગામડી જોડાની માફક, તેઓ અવાજની આગળ મીણબત્તી માફક મુકવામાં આપવા હતા

૬૮૪ પહેા ફાટતાં મેં મારો ચહેરો તમને સખત ઠપકો આપવા બતાવ્યો. રખેને અહમ-પણામાં તમો ડાબા હાથના (દોજખ તરફના) લોકોમાંના બનો.

૬૮૫ તે (મુદ્દો) બંધ કર, કારણ કે તે મુદ્દો લાંબો છે (તે કે જે) હુકમ 'થા' (નું કારણ છે) તેણે લંબાણ માટે મના કરી છે.

હ. મુસ્તફા (ર.સ.અ.)ની બીબી આઇશાની કસોટી કરવી અને કહ્યું "તું શા માટે સંતાય છે? સંતા નહિ કારણ કે આંધળો માણસ તને જોઇ શકતો નથી. એટલા માટે કે એવું દેખાય છે કે કાંતો બીબી આઇશા હ. મુસ્તફાના બાનગી વિચારોથી માહિતગાર હતાં અથવા તો તેઓ માત્ર દર્શાવેલી ઇચ્છાઓને અનુસરતા હતા તે વિષે.

૬૮૬ નબી સાહેબે કસોટી કરવા ખાતર કહ્યું "તે તને જોઈ શકતો નથી. સંતા નહિ.'

૬૮૭ બીબી આયશાએ પોતાના હાથથી એક નિશાની કરી (જાણે કહેતી હોય (જો) કે તે મને જોઈ શકતો નથી, છતાં હું તેને જોઉં છું.

૬૮૮ આત્માની ખૂબસુરતીની સમજશક્તિની અદેખાઈ આ સાદૃશ્ય અને દૃષ્ટાંતકથાઓ ભરેલ મસ્નવી (લખવાનું કારણ) છે.

૬૮૯ તેમ છતાં પણ આ આત્મા આમ સંતાએલ છે. શા માટે સમજશક્તિ તેની આટલી બધી અદેખી છે?

૬૯૦ ઓ અદેખા, તું તેને કોનાથી સંતાડે છે કે જેનો ચહેરો 'તેના નૂર' થી સંતાએલ છે.

૬૯૧ આ સુર્ય ઢંકાએલા ચહેરાથી જાય છે. તેનો ચહેરો તેના વધુ પડતો 'નૂર'થી પડદે છે.

૬૯૨ ઓ અદેખા, તું તેને કોનાથી સંતાડે છે? સુર્ય (પોતે) તેનું એકાદ ચિન્હ જોઈ શકતો નથી.

૬૯૩ (વિવેકશક્તિ) કહે છે. મારી કાયામાંની અદેખાઇ (વધુ) મોટી છે કારણ કે હું તેને
મારા પોતાથી પણ સંતાડવાની ઇચ્છા રાખું છું.
૬૯૪ એક ખૂબજ અને પ્રચંડ કારણે હું પોતે જ મારા કાન અને આંખ સાથે લડાઈમાં છું.
૬૯૫ એ મારા આત્મા અને દિલ, જ્યારે કે હું તને એક આવી શક્તિશાળી અદેખાઈ
છે, ત્યારે તારૂં મોઢું બંધ કર, અને બોલવું છોડી દે.
૬૯૬ (સમજશક્તિ કરે છે), જો હું ચુપ રહું તો મને બીક લાગે છે કે પેલો સુય
પડદો ચીરશે અને બીજા સ્થળેથી (પોતાને જાહેર કરશે!)
૬૯૭ ચુપ રહેવામાં આ (તેને માટે) આપણું આંતરિક બોલવું એ (માત્ર) વધુ સ્પષ્ટ
બનશે કારણ કે (ખુલ્લા થવા) ની ઇચ્છા દબાણથી વધે છે.
૬૯૮ જો સમુદ્ર ગર્જના કરે છે તો તેનું ગર્જવું કિણમાં ફેરવાઇ જાય છે અને "હું
ગુપ્ત બળનો હતો" નું લહેરાવું બને છે.
૬૯૯ (તેના સબંધીત શબ્દો ઉચ્ચારવાના (તે પોતાને જાહેર કરે છે તેનો) દરવાજો બંધ
કરવા (સમાન) છે. ઉચ્ચારવાનું દરેક કાર્ય (તેવો) વેશપલટો છે.
૭૦૦ ગુલાબની હાજરીમાં બુલબુલની માફક ગા, એટલા માટે કે તેમને (ખુદાના પ્રેમીઓને)
ગુલાબની સુગંધથી છેટા રાખે.
૭૦૧ તેથી તેઓના કાનો ગીત (સાંભળવામાં) રોકાએલા રહે, અને તેઓનું ધ્યાન ગુલાબના
ચહેરા તરફ ઉડે નહિ.
૭૦૨ આ સૂર્ય કે જે ખૂબ જ પ્રકાશમાન છે તેની આગળ ખુદાના અસ્તિત્વની બધી સાબિતીઓ
અને પ્રકૃતિ તેના રસ્તામાં ઘુજતી અટકાયતો છે.

કવિ કે જેણે ટર્કીશ અમીરના સમારંભમાં આ પદ ગાવું શરૂ કર્યું. "તું એક ગુલાબ છો કે કમળ અથવા શરનું ઝાડ અથવા એક માણસ–હું જાણતો નથી" "તું આ નશાબાજ કે જેણે પોતાનું દિલ ગુમાવ્યું છે તેની પાસેથી શાની ઇચ્છા ધરાવે છે? હું જાણતો નથી અને તુર્કનું તેને ધૂમ પાડી કહેવું, તું જે જાણે છે તે જ કહે, અને કવિનો અમીરને જવાબ આપવો.

૭૦૩ પીધેલ તુર્કની હાજરીમાં કવિએ મધુર સંગીતના પડદા નીચે 'અલસ્ત'નાં ગુઢાર્થો
(નું ગીત) શરૂ કર્યું.
૭૦૪ "હું જાણતો નથી કે તું એક ચંદ્રમા છો અથવા એક મૂર્તિ છો, તારી શાની ઇચ્છા
છે તે હું જાણતો નથી.
૭૦૫ હું તારી કેવી ખિદમત કરી શકું તે હું જાણતો નથી, મારે ચુપ રહેવું જોઇએ કે
શબ્દોમાં તને ઉચ્ચારવો જોઇએ તે (હું જાણતો નથી).

૭૦૬ તે અદ્‌ભુત છે કે તું મારાથી જુદો નથી (અને છતાં) હું કયાં છું. અને તું કયાં (છો) તે હું જાણતો નથી.

૭૦૭ તું મને કેમ ખેંચે છે તે હું જાણતો નથી. તું કોઈવાર મને દિલમાં અને કયારેક લોહીમાં ખેંચે છે.

૭૦૮ આવી રીતમાં તેણે (માત્ર) એટલું જ કહેવાં બોલ્યા કર્યું "હું જાણતો નથી" તેણે "હું જાણતો નથી, હું જાણતો નથી" નો સુર બનાવ્યો.

૭૦૯ જ્યારે "હું જાણતો નથી" હદ વટાવી ગયું. આપણો તુર્ક અચંબો પામ્યો અને તેનું દિલ આ સાદા ગીતથી કંટાળ્યું.

૭૧૦ તુર્ક ઊભો થયો અને તેજ જગ્યાએ કવિના માથા ઉપર લોદાનો સળીઓ ફટકારવા લઈ આવ્યો.

૭૧૧ (પણ) એક અમલદારે તેના હાથમાંનો સળીઓ પકડી લીધો, કહે, "નહિ, નહિ આ પળે કવિને મારી નાખવો એ દુષ્ટતા છે."

૭૧૨ તેણે (તુર્કે) જવાબ આપ્યો, "આ અગણીત અને અંત વગરના ફરી ફરી ઉચ્ચારણે મારી પ્રકૃતિ બગાડી નાખી છે, હું તેનું માથું ભાંગીશ.

૭૧૩ એ છિનાળ સ્ત્રીના પતિ (જો) તું જાણતો નથી તો અક્કલ વગરની વાત ન કર. અને જો તું જાણતો હો તે મુદ્દા ઉપર ગાયન ગા.

૭૧૪ એ બેગાના મુર્ખ, તું જે જાણે છે તે જ કહે, હું જાણતો નથી, ફરી ફરી (ચાલુ બોલ્યા ન કર).

૭૧૫ (ધારો કે) હું પૂછું. "એઽ ઢોંગી તું કયાંથી આવે છે?" તમો કહેશો, બલ્ખમાંથી નહિ, હિરાતમાંથી નહિ.

૭૧૬ બગદાદમાંથી નહિ અને મોસલમાંથી નહિ અને તીરાઝમાંથી નહિ, તમો નહિ, નહિ, કહેવામાં એક લાંબી મુસાફરી ખેંચશો.

૭૧૭ આટલું જ કહી દો કે તમો કયાંથી આવો છો અને (લંબાણ ચર્ચામાંથી) હટી જાઓ. આવા કિસ્સામાં કહેવાના મુદ્દાને લંબાણપૂર્વક કહેવું તે મુર્ખતા છે."

૭૧૮ અથવા (ધારી લ્યો કે) મેં પૂછયું, "નાસ્તામાં તમને શું મળ્યું? તમો કહેશો, શરાબ અથવા ભુંજેલુ ગોસ નહિ.

૭૧૯ 'મિસકાકી' નહિ, તળેલાં પાંઉ નહિ અને મસુર નહિ, તમે શું ખાધું તે જ કહો, માત્ર તે જ અને વધુ કાંઈ નહિ."

૭૨૦ શા માટે આવી લાંબી મિથ્યા ચર્ચા? કવિએ કહ્યું "કારણ કે મારો મુદ્દો ચિંતનપ્રધાન છે.

૭૨૧ (બીજું બધું) તમો નામુકર જાઓ તે પહેલાં (ખુદાની) કબૂલાત મંજૂર કરવી (તમે) ટાળો છો, મેં (બધું) અસ્વીકાર્યું એટલા માટે કે તમે કબૂલાતની એકાદ સુગંધ મેળવો.

૭૨૨ મેં નકારાત્મકની ઢબ ગાઈ, જ્યારે તમો મરી જશો ત્યારે મૃત્યુ શુદ્ધાર્થ જાહેર કરશે."

૭૨૩ તમોએ ઘણી માનસિક વેદના સહન કરી છે. પણ (હજી) તમે પડદામાં છો કારણ કે (ખુદીમાં) મરણ પામવું એ પાયાનો સિદ્ધાંત હતો અને તમોએ તે પૂરો કર્યો નથી.

૭૨૪ તમારી માનસિક પીડા તમો મરી જશો ત્યાં સુધી પૂરી નહિ થાય. દાદરો પૂરો કર્યા સિવાય તમો મથાળે પહોંચી શકશો નહિ.

૭૨૫ જ્યારે એકસોમાં બે પગથીઆ બાકી છે, ત્યારે ચડનારને છાપરા ઉપર ચડવાની મનાઈ કરવામાં આવશે.

૭૨૬ જ્યારે દોરડું એકસો વારમાં એક વાર ઘટે છે, તો પછી કુવામાંનું પાણી ડોલમાં કેમ જશે ?

૭૨૭ એ અમીર, આ (ખુદાનું) વહાણ ભાંગી ગયાનો તું અનુભવ કરી શકીશ નહિ કે જ્યાં સુધી તેમાં છેલ્લો મણ (વજન) મુકીશ.

૭૨૮ જાણ કે છેલ્લો મણ (વજન) એ પાયાનો જ છે, કારણ કે તે (ચમકારા) મારતા તારા જેવો છે કે જે રાત્રીના ઉગે છે, તે હલકા સૂચનો અને પાપના પહાડને ડુબાડી દેશે.

૭૨૯ ખુદીનું વહાણ જ્યારે સંપૂર્ણ રીતે ભાંગી જાય છે ત્યારે નીલવર્ણી અવકાશમાં સૂર્ય જેવું બને છે.

૭૩૦ જેમ કે જો તમો (ખુદીમાં) મર્યા નથી તો તમારી માનસિક મુંઝવણ વધવામાં છે, ઓ ખુબસુરત, પહો ફાટતાં ખુઆઈ ગએલો બનજે !

૭૩૧ જાણ કે જ્યાં સુધી આપણા તારાઓ સંતાએલા બને છે ત્યાં સુધી દુનિયાનો સુરજ સંતાએલ રહે છે.

૭૩૨ તારા પોતાની વિરૂદ્ધ છડીને ધારણ કર, અહંમના કટકે કટકા કર. કારણ કે કાયાની આંખ એ કાન માટે (રૂહાની દરજ્જે ચડવામાં) અડચણ છે

૭૩૩ ઓ દુષ્ટ ઈન્સાન, તું પોતે પોતાના વિરૂદ્ધ ગદા ઝીંકે છે, ઓ અહમ મારા કૃત્યો-(ની આરસી) માં તારૂં પોતાનું જ પ્રતિબિંબ છે.

૭૩૪ મારા રૂપની આરસીમાં તમોએ તમારૂં પોતાનું પ્રતિબિંબ જોયું છે અને તારા પોતાથી લડવા ગરમીમાં જાગૃત થયો.

૭૩૫ સિંહની માફક કે જે કુવામાં નીચે ગયો (કારણ કે) તેણે કલ્પના કરી કે પોતાનું પ્રતિબિંબ તેનું દુશ્મન હતું !

૭૩૬ કાંઈ પણ શંકા વગર નકાર (નહિવત) એ (સત્ય) હકીકતનું વિરોધી છે, (અને આ) એટલા માટે કે એક વિરૂદ્ધાઈના કારણે બીજા વિરોધીનું કાંઇક જ્ઞાન તમે મેળવો.

૭૩૭ આ વખતે (ખુદાને) બહાનો બનાવવાના (સાધનો) નથી. સિવાય (વિરોધીને નકારી કાઢવું, આ (દુન્યવી) જીવનમાં એક પણ પળ એવી નથી, કે જે છટકાં વગરની હોય.

૭૩૮ એ તું કે જે ઇમાન ધરાવે છે. (જો) તમને પેલી (વાસ્તવિકતા) પડદા વગરની જોઈતી હોય, તો મૃત્યુ પસંદ કરો અને પડદો ચીરી નાખો.

૭૩૯ **એવું મોત નહિ કે તમો કબરમાં જાઓ (પણ) (રૂહાનીયત) પરિવર્તન ધરાવતું એક મોત, કે જેથી તમો "નૂર"માં જોશો.**

૭૪૦ (જ્યારે) એક માણસ જુવાન થાય છે, તેનું બચપણ મરી ગયું (જ્યારે) તે (સુંદર સ્વાંગનો) એક ગ્રીક બને છે ત્યારે તે ઇથોપીયન (રંગની) ડાય ધોઈ નાખે છે.

૭૪૧ (જ્યારે) માટી સોનું બને છે (ત્યારે) તેનો માટી જેવો દેખાવ રહેતો નથી. (જ્યારે) દિલગીરી આનંદ બને છે, દિલગીરીનો કાંટો રહેતો નથી.

૭૪૨ જેથી હ. મુસ્તફા (ર. સ.ા અ.) એ કહ્યું, "ઓ ગુઢાર્થોના શોધનાર. (જો) તમો એક મરેલા માણસને જીવતો જોવાની ઇચ્છા કરો તો,

૭૪૩ **જીવતા માણસની માફક જમીન પર ચાલતો અને તેનો આત્મા આસપાસ આસમાન તરફ ગયો તેનો અનુભવ કરો.**

૭૪૪ (એક) કે જેના આત્માને રહેવાની જગ્યા આ પળે ઊંચે છે, (તેથી) જો તે મરણ પામે તો તેના આત્માને સદેહ સ્વર્ગે લઈ જવાયો નથી.

૭૪૫ કારણ કે તેને મૃત્યુ પહેલાં સ્વર્ગે લઈ જવાયો છે, આ (ગુઢાર્થ) (માત્ર) મરણ પામવાથી સમજાય છે, નહિ કે (કોઈ બીજાની) સમજશક્તિ (વાપરવાથી)

૭૪૬ તે સ્વર્ગે લઈ જવાયો છે. પણ ગીધના આત્માઓને લઈ જવાય તેવી રીતે નહિ. તે (જીવન દરમ્યાન) એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરબદલીને મળતું આવે છે.

૭૪૭ દુનિયા ઉપર આમ દ્રષ્યમાન રીતે મરેલાને ચાલતો જો કોઈ જોવા ઇચ્છે તો, જો

૭૪૮ તેને હ. અબુબક્ર (ર. અ.) નિહાળવા દો. ભાવિક, (જે) સાચો સાક્ષી બનવા અંગે પુનર્જીવનના બાદશાહ બન્યા.

૭૪૯ આ (દુનિયાના) જીવનમાં, સિદ્દિક તરફ જો, કે તમો પુનર્જીવનમાં વધુ દ્રઢતાથી માગો

૭૫૦ હ. મુહમ્મદ (ર. સ. અ.) પછી. એકસો (રૂહાનીયત) પુનર્જીવન હતા. કારણ કે તેઓ (અણિક) બાંધવા અરે છોડવામાં મરેલા (નહિવત) બન્યા હતા,

૭૫૧ હ. આહમદ (ર. સ. અ.) આ દુનિયામાં બે વાર જન્મ્યા છે, તેઓ જાહેરી રીતે એક સો પુનર્જીવન હતા.

૭૫૨ કોઈ તે પુનર્જીવનને લગતું તેમને પૂછતા તો તેઓ કહેતા એક (તું કે જે) પુનર્જીવન છે પુનર્જીવન તરફ રસ્તો કેટલો લાંબો છે ?

૭૫૩ અને વારંવાર તેઓ પોતાની આંતરિક હાલતની જાણથી કહેતા. "શું કોઈપણ મને પુનર્જીવન સંબંધીત પુનર્જીવન શું છે તે મને પૂછશે ?"

૭૫૪ એટલે કે સારા સમાચારના સંદેશકે કહ્યું "પ્રતિક રૂપે (બોલતાં) ઓ અમીરો, મર્યા પહેલાં મરી જાઓ,"

૭૫૫ હું પણ મૃત્યુ પહેલાં મરી ગયેા છું અને પેલી પારથી આ કિર્તી અને પ્રખ્યાતી લાવેલેા છું.

૭૫૬ તું પણ પછી, (રૂહાનીયત) પુનર્જીવન બન અને (આથી) પુનર્જીવન જે (અનુભવ) આમ (બનવું) કાંઇપણ બરી પ્રકૃતિ જોવા માટે જરૂરી સરત છે.

૭૫૭ જ્યાં સુધી તું તે બનતેા નથી ત્યાં સુધી તું સંપૂર્ણ રીતે તે પ્રકાશ છે કે એ મારૂં છે તે તું જાણતેા નથી.

૭૫૮ જો (તું) સમજશક્તિ બને તેા તું સમજ શક્તિસંપૂર્ણપણે જાણીશ. જો તું પ્રેમની (જલતી) વાટ જાણીશ.

૭૫૯ આ નિશ્ચિત કથનની સાબિતી હું ખુલ્લી રીતે જાહેર કરીશ જો તેની સ્વીકારવાની યેાગ્ય સમજણ હેાત તેા.

૭૬૦ ગુહાર્થ જ્ઞાનનેા મારેા ભંડાર વિપુલ અને મિલનસાર છે, જો કેાઇ નવેા મહેમાન મારી પાસે તે લેવા આવે તેા

૭૬૧ આખી દુનિયામાં (બધા) માણસેા અને સ્ત્રીઓ ચાલુ રીતે મૃત્યુની માનસિક મુંઝવણમાં છે અને મરી રહ્યા છે.

૭૬૨ તેઓના શબ્દેા (આખરી) સુચનાઓ, જેમ એક બાપ દિકરાને તે પળે આપે છે તેવી રીતની નિહાળ.

૭૬૩ કે આથી લક્ષમાં લેવાની બાબત અને દયા (તારા દિલમાં) ઉત્પન્ન થાય કે જેથી ધિક્કાર અને અદેખાઈ અને દુશ્મનાઈનું મુળ કાપી નાખવામાં આવે.

૭૬૪ પેલા ઇરાદાથી તારા કુટુંબી તરફ જો કે જેથી તારૂં દિલ તેની મૃત્યુની પીડા માટે દયાથી બળે !

૭૬૫ દરેક વસ્તુ જે આપવાની છે તે આપશે જ. અહીંતહીં તેને (આવવાથી) નિહાળ. તારા દોસ્તને મૃત્યુની મહાપીડામાં સપડાતેા અને (પેાતાના જીવનને) હારી જતા કાર્યમાં નિહાળ.

૭૬૬ અને જો (સ્વાર્થી) પ્રેરણા આ આંતરિક દૃષ્ટિમાંથી દુર રાખે તેા તારા દિલમાંથી આ પ્રેરણાઓને બહાર ફેંકી દે.

૭૬૭ અને જો તમેા (તેમને બહાર ફેંકી) ન શકેા તેા અશકયતાની હાલતમાં શક્તિહીણ રીતે ઉભા નહિ, જાણ કે (દરેક) અસમર્થ સામે એક ભલી શક્તિ આપનાર પણ છે.

૭૬૮ અશકયતા એક સાંકળ છે, તેણે તે તારા ઉપર મુકી છે, તારે તારી આંખેા તેને કે જેણે મુકી છે તેને જોવા ઉઘાડવી જોઈએ.

૭૬૯ તેથી નમ્ર યાચના કરતેા રહે, જીવનના (રસ્તાઓ) માર્ગદર્શક, હું સ્વતંત્ર હતેા, (અને હવે) હું સંબંધમાં પડયેા છું. આનું કારણ શું છે ?

૭૭૦ મેં અગાઉ કરતાં વધુ દ્રઢતાથી મારો પગ પાપમાં ડુબાવ્યો છે, તારી અનંત શક્તિ થકી બચાવ, ખરેખર બધો વખત હું મારા એક નિષ્ફળ કાર્યને વળગી રહ્યો છું.

૭૭૧ હું તારા સદ્‌ગુણો તરફ બહેરો બન્યો છું. જ્યારે મુર્તિ ભાંગનાર બનેલો કબૂલ કરવા છતાં હું ખરેખર તો એક મુર્તિ બનાવનાર છું.

૭૭૨ તારાં કાર્યો અથવા મૃત્યુનો વિચાર કરવો શું (મારા માટે) વધારે ગૌરવરૂપ છે? મૃત્યુ વસંત જેવું છે, અને તું મુળ છો કે જે પાંદડાઓનું અસલ છે.

૭૭૩ વર્ષો સુધી આ મૃત્યુ ઢોલ પીટતું આવ્યું છે (પણ માત્ર જ્યારે તે) ઘણું મોડું પડે છે જ્યારે તમારો કાન (સાંભળવાથી) હટાવાયો છે.

૭૭૪ તેની મહાપીડામાં તે (બેખબર ઇન્સાન) પોતાના (આંતરિક) આત્મામાંથી બુમો પાડે છે "અફસોસ હું મરી રહ્યો છું. શું મૃત્યુ એ પોતાથી હમણાં જ તમને સન્નગ કર્યા છે?"

૭૭૫ મૃત્યુનું ગળુ બુમોથી ઘસાઈ ગયું છે, તેનો ઢોલ વધુ પડતા ફટકાઓથી ફાટી ગયો છે.

૭૭૬ (પણ) તમો તમારા પોતાને સત્વહીનતામાં સપડાવેલ તે (માત્ર) તમો હવે જ મૃત્યુના ગુઢાર્થનો અર્થ સમજ્યા છો.

બેદરકાર માણસ કે જે પોતાનું જીવન વ્યર્થ ગુમાવે છે અને (માત્ર) પશ્ચાતાપ શરૂ કરે છે અને (બુદાની) માફી માગે છે જ્યારે પોતાની મૃત્યુ પથારીમાં અત્યંત પીડામાં સૂએ છે (અને) આશુરા દરમ્યાન (શહેરની) એન્ટીઓચ દરવાજે એલેપ્પોના શીયાઓની વાર્ષિક શોક કરવાની સરખામણી અને એક કવિ કે જે અજાણ્યો હતો પોતાની મુસાફરીમાં (ત્યાં) આવી પહોંચ્યો અને શોકની આ ચીસોનું કારણ શું હતું તે પૂછવું.

૭૭૭ એલેપ્પોના બધા લોકો આશુરાના દિવસે રાત્રી પડવા સુધી એન્ટીઓચ દરવાજે ભેગા થયા.

૭૭૮ એક મોટો સમુહ, સ્ત્રીઓ અને પુરૂષો, અને (પવિત્ર) કુટુંબ માટે એક ચાલુ રૂદન.

૭૭૯ આશુરા દરમ્યાન શીયાઓ કરબલાના રડારોળ અને દુશ્કાં સાથે આંસુ સહિત આક્રંદ કરે છે.

૭૮૦ તેઓ અઝીદ અને શીમ્રના હાથોથી (પવિત્ર) કુટુંબે સહન કરેલ દુઃખો અને તકલીફોની ફરી વાર યાદી કરે છે.

૭૮૧ દુઃખ અને તકલીફની બુમો સહિત તેઓ આક્રંદ કરે છે, આખું મેદાન અને જંગલ (તેઓની બુમોથી) ભરાઈ ગયું હતું.

૭૮૨ એક અજાણ્યો (કે જે) કવિ (હતો) આશુરાના દિવસે રસ્તા ઉપર આવી પહોંચ્યો અને પેલાં રૂદનો સાંભળ્યાં.

૭૮૩ તેણે શહેર છોડયું અને પેલી દિશામાં (જવાનું) નક્કી કર્યું. તે પેલી તીણી ચીસો (નું કારણ) તપાસવા નીકળી પડયો.

૭૮૪ તે તેની તપાસમાં ઘણા સવાલો કરતો આગળ વધ્યો, આ દિલગીરી શાની છે? કોના મરણના કારણે આ શોક છે?

૭૮૫ તે મરણ પામેલી બહુ મોટી વ્યક્તિ હોવી જોઇએ. આવી એક મોટી લોકોની જમાવટ એ કાંઇ નાની બાબત નથી.

૭૮૬ તેમનું નામ અને લકબો મને જણાવો કારણ કે હું એક અજાણ્યો છું. અને તમો શહેરના રહેવાસી છો,

૭૮૭ તેનું નામ અને ધંધો અને ગુણો શું છે? (મને કહો), એટલા માટે કે હું તેમના મહાન ગુણો ઉપર એક વિલાપ ગીત લખું.

૭૮૮ હું એક વિલાપ ગીત બનાવીશ, કારણ કે હું એક કવિ છું કે હું અહીંયાથી થોડો ખોરાક અને ખોરાકના કોળીયાઓ લઇ જાઉં.

૭૮૯ (તેમનામાંના) એકે કહ્યું, આહ, શું તમો ગાંડા છો? તમો શીયા નથી. તમો (પવિત્ર) કુટુંબના એક દુશ્મન છો.

૭૯૦ શું તમે જાણતા નથી કે આશુરાનો દિવસ એક માત્ર આત્મા કે જે એક તમામ મનુષ્ય જાત કરતાં વધુ ઉત્તમ છે તેના શોકનો દિવસ છે.

૭૯૧ સાચા ઇમાનદારની આ ખતરનાક બનાવને હળવો કેમ ધારી શકાય? કાનની વાળીનો પ્રેમ હકીકતમાં કાન માટેનો પ્રેમ છે.

૭૯૨ સાચા ઇમાનદારની દ્રષ્ટિમાં પેલા પવિત્ર આત્મા માટેનો શોક હ. નુહ (અ.સ.)ના એક સો જળપ્રલયો કરતાં વધુ ઉજવવા લાયક છે.

એલેપ્પોના શીઆઓની ટીકામાં કવિનું હિકમતી વિવરણ.

૭૯૩ તેણે કહ્યું, હા. પણ યઝીદનો ઝમાનો (આપણા વખતના સંબંધમાં) કયાં છે? આ દિલગીરીજનક બનાવ કયારે બન્યો? તેના (સમાચાર) અહીં મોડા કેમ આવ્યા?

૭૯૪ આંધળાની આંખોએ તે નુકશાની જોઈ છે, બહેરાના કાનોએ તે વાર્તા સાંભળી છે.

૭૯૫ શું તમો અત્યાર સુધી સુતા હતા? કે (માત્ર) અત્યારે તમો દિલગીરીમાં તમારાં કપડાં ફાડી રહ્યા છો?

૭૯૬ તો પછી, ઓ સુનારાઓ, તમારા પોતા માટે શોક કરો, કારણ કે આ ભારે ઘસઘસાટ ઉંઘ એ એક ગુન્હાહિત મૃત્યુ છે.

૭૯૭ એક બાદશાહી આત્મા એક કેદમાંથી છુટયો, (તો પછી) શા માટે આપણે આપણાં કપડાં ફાડયાં? અને શા માટે આપણા હાથો કરડવા?

૭૯૮ જ્યારે કે તેઓ 'સત્ય દીન'ના શહેનશાહો હતા, તેમને માટે તે વખત ખુશીનો હતો કે જ્યારે તેઓએ પોતાનાં બંધનો તોડયાં.

૭૯૯ તેઓએ બાદશાહીના મહેલ તરફ ઝડપ કરી, તેઓએ પોતાની બેડીઓ અને સાંકળોને ફેંકી દીધી.

૮૦૦ તે (તેઓની) બાદશાહી અને ગર્વ અને સદ્‌વર્તનો મહત્વના છે, જો તેમનું એક અણુ જેટલું પણ તમને જ્ઞાન હોય તો.

૮૦૧ અને જો તને (આ) જ્ઞાન નથી તો જા, તારા પોતા માટે રૂદન કર, કારણ કે તું (આ દુનિયામાંથી બીજી દુનિયામાં) ફેરવણીમાં અને છેલ્લા ઈન્સાફના સભાગૃહમાં તું માનતો નથી.

૮૦૨ તારા ઢોંગી દિલ અને દીન માટે શોક કર, કારણ કે (તારૂં દિલ) આ જુની માટી સિવાય બીજું કંઈ જોતું નથી.

૮૦૩ અથવા જો તે (ફાની દુનિયા) જુએ છે, તો શા માટે તે બહાદુર અને (બીજાઓને) મદદ કરતું અને ખુદની કુરબાની અને પુરેપુરું સંતોષી નથી?

૮૦૪ **તારા ચહેરામાં ખુશીઆલી ક્યાં છે (કે જે) 'સત્યપંથ'ની મદિરાની (અસર) છે? જો તેં (ખુબસુરતીનો) સમુદ્ર જોયો છે તો ખુબસુરત હાથ ક્યાં છે?**

૮૦૫ તેં કે જેણે નદી જોઈ, (તરસ્યાથી) પાણીને રોકે નહિ, આસ કરીને તે કે જેણે તે સમુદ્ર અને (પેલાં) વાદળાંઓ જોયા છે.

લોભીષ્ટ ઈન્સાન કે જે ખુદાની બધી રહેમતો અને તેની દયાના (અનંત) ભંડારો જોતો નથી, એક કીડી એક માત્ર ઘઉંના દાણાને અનાજના ભંડારમાંથી લઈ જવા સખત કોશીષ કરે છે અને સખત ગભરાટમાં અને ધ્રુજતી અને ઝડપથી તેને ખેંચી જતી દાણાના ભંડારની જમીન ઉપર પડેલા જથ્થાબંધથી બેધ્યાન જતી હોય છે, તેની સરખામણી.

૮૦૬ એક કીડી (ઘઉંના) એક દાણા માટે ધ્રુજે છે કારણ કે દાણાથી ભરપુર જમીનથી તે આંધળી છે.

૮૦૭ તે એક દાણાને કંજુસાઈ અને બીકની મારી ખેંચી જાય છે, કારણ કે તે ફેતરાં કાઢેલાં ઘઉંનો એક સારો જથ્થો (ત્યાં છે) તે જોતી નથી.

૮૦૮ અનાજ મસળવાની જગ્યાનો માલિક (કીડીને) કહે છે, એઈ, તું કે જે તારા અંધાપામાં કાંઈ કહેતાં કાંઈ જોતી નથી,

૮૦૯ મારા ભંડારમાંની માલિકીમાં તે (એક જ દાણાને) તેં નિકાળ્યો છે કે જેથી તું પેલા એક માત્ર દાણાને તારી બધી શક્તિથી વળગી રહી છો!

૮૧૦ ઓ તું કે જે સ્વરૂપમાં એક રજકણ જેવો (નજીવો) છો, શનિના ગ્રહ તરફ જો. તું એક લુલી કીડી છો, જા. (ઝમાનાના) **'સુલેમાન' તરફ જો.**

૮૧૧ **તું આ કાયા નથી. તું પેલી (રૂહાની) આંખ છો. જે તેં આત્માને જોયેા છે, તેા તમે કાયામાંથી મુક્ત બનાવાયા છેા.**

૮૧૨ માણસ (ખરી રીતે) આંખ છે, (તેનું) બાકી (માત્ર) માંસ અને ચામડી છે જે પણ કાંઇ તેની આંખ નિહાળે છે, તે તે વસ્તુ છે.

૮૧૩ એક બરણી એક પહાડને તેના પાણી સાથે ડુબાવી દેશે જ્યારે બરણીની આંખ સમુદ્ર તરફ ખુલી છે.

૮૧૪ એક નહેર બરણીના (આંતરિક) આત્મામાંથી સમુદ્ર સુધી જ્યારે બનાવાય છે ત્યારે બરણી એાકસસથી ઝનુની લડાઇ શરૂ કરે છે.

૮૧૫ તેજ કારણે જે પણ કાંઈ હ. આહમદ (ર.સ.અ.) નેા અવાજ ઉચ્ચારાતેા, (ખરેખર તેા) શબ્દેા સમુદ્રથી ઉચ્ચારાએલા છે,

૮૧૬ તેઓના બધા શબ્દેા સમુદ્રના મેાતીઓ છે કારણ કે તેમના દિલને સમુદ્રમાં રસ્તેા હતેા.

૮૧૭ **જ્યારે કે સમુદ્રની કૃપા આપણી બરણીમાંથી રેડાય છે, શી નવાઈ છે કે સમુદ્ર (પેાતે) એક સંપૂર્ણ ઇન્સાન (ઇમામે ઝમાનમાં) સમાએલ ન બને?**

૮૧૮ વિષયાસક્ત આંખ ચીનેના વિલક્ષણ ઢબછબના રૂપ ઉપર મંડાઈ છે. તું તેને એક સરીયામ રસ્તાની માફક નિહાળે છે, પણ તે (સંપૂર્ણ ઇન્સાન) સદૈવ નિવાસીની માફક છે.

૮૧૯ આ દ્વૈતપણું આંખ કે જે બેવડું જુએ છે તેની લાક્ષણિકતા છે, પણ (વાસ્તવિક રીતે) પહેલેા તે છેલ્લેા છે અને છેલ્લેા તે પહેલેા છે.

૮૨૦ સાંભળ, શાના કારણે આ (તને) જાણીતું બનાવાયું છે? (રૂહાની) પુનર્જીવનના કારણે. (તે) પુનર્જીવનના સંબંધમાં વાદવિવાદ ન કર,

૮૨૧ પુનર્જીવનના દિવસના (અનુભવની) જરૂરી સરત પહેલાં મરી જવું છે, કારણ કે 'બાપ' (પુનર્જીવન) શબ્દ અર્થ દર્શાવે છે. "મૃત્યુમાંથી નવજીવનમાં ઉભા થવું."

૮૨૨ એટલે કે બધી દુનિયાએ ખેાટેા રસ્તેા લીધેા છે, કારણ કે તેઓ 'શુન્ય'ના ગભરાએલા છે, જો કે તેઓને (ખરેખર) તેા (જેમાં તેઓની મુક્તિ છે તેમાં) પનાહ લેવાની છે.

૮૨૩ આપણે (સાચું) જ્ઞાન કયાંથી શેાધીશું? (આપણું જુઠું) જ્ઞાન તજી દેવામાંથી. આપણે સાચી શાંતી કયાંથી શેાધશું? આપણા (દુષ્ટ મનથી) શાંતી તજી દેવામાં

૮૨૪ આપણે (સાચું) અસ્તિત્વ કયાંથી શેાધશું? (ભ્રામક) અસ્તિત્વને તજી દેવામાંથી (સત્ય) તું મુળ આપણે કયાંથી શેાધશું? (નિશ્ચિત કથન અને સ્વાર્થીપણાનેા) હાથ તજી દેવામાંથી.

૮૨૫ એ સૌથી મેાટા મદદગાર, આંખ કે જે 'શુન્ય' તે જુએાને તેને તું ખરેખરા) અસ્તિત્વને નિહાળતી બનાવી શકે છે.

૮૨૬ આંખ કે જે શુન્યમાંથી ઉત્પન્ન થઈ તેણે (ખરી) હસ્તિના સત્વને સંપૂર્ણપણે 'લા' નિહાળ્યું.

૮૨૭ (પણ) જો (તારી) બે આંખો બદલાવાઈ અને પ્રકાશીત કરવામાં આવી તો આ સારી હાલતની દુનિયાની બધી ચીજો નજીવી જોઈશ.

૮૨૮ આ વાસ્તવિકતાઓ (અહીં) અપૂર્ણપણે બતાવવામાં આવી છે કારણ કે સ્પષ્ટ અર્થની તેઓની આ કાયા (અજ્ઞાનોથી) ગુપ્ત રાખવામાં આવી છે.

૮૨૯ જો કે ખુદા પરોપકારી છે, બહિશ્તના ભવ્ય બગીચાઓનો આનંદ તેઓ કે જેઓને ભાવિમાં દોજખ છે તેઓથી સંતાડવામાં આવેલ નથી.

૮૩૦ સ્વર્ગનું મધ મોઢામાં કડવું લાગશે જ્યારે કે તે તેઓમાંનો એક કે જે અનંત કાળના જીવન માટે આપેલો 'કોલ' (બયઈત) વિશ્વાસપુર્વક ચાલુ રાખે તેવો હતો.

૮૩૧ તમો (સંસારીજનો) પણ (જેઓ) વેપારમાં (મુશગુલ છો), તમારો હાથ કોઈ પણ વેચવા કેમ હાલે જ્યારે કોઈ ખરીદનાર જ ન હોય?

૮૩૨ વૃથા નજર ખરીદવાને લાયક કેમ બને? મુર્ખનું જોવું (ખરીદવા માટે હોતું નથી) માત્ર આંટાફેરા માટેનું હોય છે

૮૩૩ (તે) ચાલુ (રહેલ) છે, પૂછે છે, 'આ કેટલું છે!' અને 'પેલું કેટલું છે?' માત્ર વખત પસાર કરવા અને ઢોંગથી (પૂછે છે).

૮૩૪ તે (માત્ર) કંટાળામાંથી છે (કે) તે તમને તમારો માલ (બતાવવા) કહે છે, તે માણસ ખરીદનાર કે માલનો શોધનાર નથી.

૮૩૫ તે એક ચીજ એક સો વખત તપાસે છે અને પાછો (તમને) હાથમાં આવે છે. તેણે કયારે એક કપડાનો ટુકડો માપ્યો છે? તે પવન સિવાય (બીજું કંઈ) માપતો નથી.

૮૩૬ સોદાનો ખરીદનાર અને એક મુર્ખ મશ્કરી કરનારની મશ્કરી વચ્ચે તફાવત કેવો છે?

૮૩૭ જ્યારે તે તેના કબજામાં એક સિક્કો પણ નથી ત્યારે તે મશ્કરી સિવાય એક ડગલો કેવી રીતે ખરીદશે?

૮૩૮ તેની પાસે વેપાર માટે મુડી નથી, તો પછી તેવા બેડોળ પુરૂષે અને એક પડછાયા વચ્ચે શું તફાવત છે?

૮૩૯ આ દુનિયાની બજાર માટે (જોઈતી) મુડી સોનું છે, પેલી બીજી દુનિયામાં મુડી પ્રેમ અને (આંસુ ભરેલી) બે આંખો છે

૮૪૦ જે કોઈ બજારે વગર મુડીએ ગયો. તેનું જીવન પસાર થયું અને તે નિરાશામાં તાકીદે પાછો ફર્યો.

૮૪૧ અરે, ભાઈ, તું કયાંય હતો! કયાંઈ નહિ, અરે, તે બાવા માટે શું પડ્યું? (સારો) સેરવો નહિ.

૮૪૨ એક ખરીદનાર બન કે મારો હોય (તેને વેચવા માટે) હરફર અને આની બેજીવ
ખાણ ઝવેરાત બહાર લાવે.
૮૪૩ ભલે ખરીદનાર શિથિલ અને ઉદાસીન છે (છતાં) તેને 'સત્યપંથ' તરફ બોલાવે,
કારણ કે બોલાવવાનો (હુકમ) (ખુદા તરફથી) નીચે આવ્યો છે.
૮૪૪ બાજને ઉડવા દો અને રૂહાની કબુતરને પકડવા વધો, ખુદા તરફ બોલાવવામાં હ.
નુહ (અ. સ.) ની રીત અજમાવો.
૮૪૫ બીદમતનું એક કામ પેદા કરનારની ખાતર કરો, લોકોના કબુલાત અથવા અસ્વીકાર
સાથે તમારે શું સંબંધ છે?

મધ્યરાત્રીએ એક અમુક મહેલના દરવાજે સહુર માટે એક માણસ ઢોલ પીટતો હતો. એક પાડોશીએ તેને કહ્યું "શા માટે અત્યારે મધ્યરાત્રી છે, હજુ પ્રભાત થયું નથી અને સાથે સાથે આ મહેલમાં કોઇ પણ નથી તો પછી કોના ખાતર તું ઢોલ પીટે છે અને કવિના જવાબની કહાણી.

૮૪૬ અમુક માણસ અમુક દરવાજે સહુરની જાહેરાત કરવા ઢોલ પીટતો હતો તે એક
કચેરીનું ઘર અને એક અમીરની મહેલાત હતી.
૮૪૭ (જ્યારે) તે મધ્યરાત્રાએ બેફામપણે તેનો ઢોલ પીટતો હતો, કોઈએ તેને કહ્યું
"ઓ તું કે જે મદદ (માગવાનું) શોધી કાઢો છો.
૮૪૮ પહેલું તો, પહો ફાટતી વખતે 'સહુર' માટે બોલાવ, આ મધ્યરાત્રી ગરબડ (કરવાનો)
વખત નથી.
૮૪૯ અને બીજું, ઓ વૃથા ઉમેદના આદમી, જરા નજર કર કે હકીકતમાં મધ્યરાત્રીએ આ
ઘરમાં કોઈ છે કે નહિ.
૮૫૦ અહીં સેતાનો અને આત્માઓ સિવાય બીજું કોઇ જ નથી જ. માટે તું તારો
વખત નકામો ગુમાવે છે?
૮૫૧ તું એક કાનના કારણ માટે તારું ઠઠ્ઠ વગાડે છે, કાન ક્યાં છે! (તારો ઇરાદો; જાણ-
વાની જરૂરત છે સમજણ ક્યાં છે?"
૮૫૨ તેણે જવાબ આપ્યો "તમે (તમારું કહેવાનું) કહ્યું છે (હવે) તમારા (નમ્ર) સેવક
પાસેથી જવાબ સાંભળો કે જેથી તમો આવેશ અને મુંઝવણમાં ન રહો.
૮૫૩ અલબત તમારા અભિપ્રાયમાં આ પળ મધ્યરાત્રી નથી, પણ મારા દૃષ્ટિબિંદુમાં
ખુશીનું પરોઢ હાથવેંતમાં ફેરવાઈ ગઇ છે,
૮૫૪ મારી દ્રષ્ટિમાં દરેક હાર જીતમાં ફેરવાઈ ગઈ છે. મારી આંખોમાં બધી રાત્રીઓ દિવસમાં
ફેરવાઇ ગઇ છે.
૮૫૫ તમને નાઈલ નદીનું પાણી લોહી દેખાય છે. મને તે લોહી નથી, ઓ અમીર તે પાણી છે.

૮૫૬ તમારી દ્રષ્ટિમાં પેલી (વસ્તુ) લોઢું અથવા આરસ છે, (પણ) પયગમ્બર હ. દાઉદ (અ.સ.) માટે તે મીણ જેવું નરમ અને કહ્યાગરૂં છે.

૮૫૭ તમને પર્વત ખૂબ જ ભારે નક્કર અને નિર્જીવ છે (પણ) હ. દાઉદને સંપૂર્ણ સંગીતકાર છે.

૮૫૮ તમને કાંકરા મુંગા છે, હ. અહમદ (ર.સ.અ.) ને તે છટાદાર અને (ખુદાને) આજીજી કરતા બને છે.

૮૫૯ તમને મસ્જિદનો થાંભલો એક નિર્જીવ ચીજ લાગે છે, હ. અહમદ (ર.સ.અ.) ને તે એક પ્રેમી જેવો છે કે જેણે દિલ ગુમાવ્યું છે.

૮૬૦ ગીધને દુનિયાની બધી ચીજો પહેલી દેખાય છે, પણ ખુદાની સમક્ષ તેઓ જ્ઞાનથી સભર અને (તેના હુકમની) તાબેદાર છે.

૮૬૧ જેમ તમારા કહેવા મુજબ આ ઘર અને મહેલમાં કોઈ નથી, તું શા માટે ઢોલ પીટે છે?

૮૬૨ (હું જવાબ આપું છું કે) આ (મુસલમાનો) ખુદાને ખાતર (મોટી) રકમોનું સોનું આપે છે, પવિત્ર સંસ્થાઓ અને મસ્જિદોના પાયા નાખવાની ખાતર (આપે છે).

૮૬૩ અને મદદગાર પ્રેમીઓની માફક, ઘણી ખુશીથી પોતાની માલ-મિલકત અને કાયાઓનું દુરની યાત્રા (હજ) કરવાના રસ્તામાં આહુતી આપે છે.

૮૬૪ **તે કે જે "ખુદાના નૂર"થી પ્રકાશિત બનેલ છે તે પ્રિતમનું ઘર (દિલ) (તેનાથી) ભરપુર બનેલું નિહાળે છે.**

૮૬૫ તેઓ કદી એમ કહે છે "ઘર (કાબા) ખાલી છે?" નહિ, (તેઓ જાણે છે કે ઘર (કાબાનો) માલિક એ 'આત્મા' અદ્રશ્ય છે.

૮૬૬ તેઓ કે જેઓ અંત જુએ છે તેમની આંખોમાં ઘણાએક મહેલો ટોળાંથી ભરેલા છે અને (લોકોની) મેદની ખાલી છે.

૮૬૭ તમને જેની જેની ઇચ્છા હોય તેને (રૂહાનીયત) કાબામાં શોધ, કે તે જલ્દીથી તમારા તમારા ચહેરા સમક્ષ દ્રષ્ટિમાં આવે છે.

૮૬૮ **(સંપૂર્ણ માનવ, ઈમામે ઝમાન)નું રૂપ કે જે પ્રભાવશાળી અને ઉત્તમ છે તે કદીપણ ખુદાના ઘરમાંથી ગેરહાજર બને?**

૮૬૯ તે (ત્યાં) (હમેશાં) તેઓના અવરોધનથી સ્વતંત્ર હાજર છે, (જ્યારે) બાકીની માણસજાત તેઓના (પ્રસંગોપાત) જરૂરિયાતના કારણે ત્યાં છે.

૮૭૦ શું તેઓ (યાત્રીઓ) કદી એમ કહે છે. "કાંઈ પણ જવાબ મળવા વગર અમે 'લબ્બૈક' કહીએ છીએ, વિનંતી કરૂં છું કે (આમ) શા માટે છે?

૮૭૧ નહિ, દૈવી આશીર્વાદ કે જે 'લબ્બૈક'ની તેઓની ખુબનું કારણ છે, (સત્ય કહેતાં) દરેક પળે (ખુદા) માંથી આવતો એક જવાબ છે.

૮૭૨ હું સુગંધ ઉપરથી જાણું છું કે આ હવેલી અને મહેલ આત્માનો ભોજન સમારંભ છે, અને તેની ધુળ એક કિમીઓ છે.

૮૭૩ હું મારૂં જસત તેના કિમીયા સાથે રૂહાનીયત પ્રકૃતિ બદલાવવા અથડાવીશ.

૮૭૪ કે આ રીતમાં (મારૂં) 'સહુર' અવાજ વગાડતાં (દૈવી દયાનો) સમુદ્ર તેઓના મોતીઓ વેરવા અને તેમની દયા ઉતરવા ઉછળે.

૮૭૫ માણસો પોતાની જીંદગી રણમેદાનના મોરચે પેદા કરનારની ખાતર લડાઇમાં ભયમાં મુકે છે,

૮૭૬ એક તકલીફમાં ઝોબાની માફક, બીજો ધીરજમાં હ. યાકુબ (અ.સ.)ની માફક.

૮૭૭ લાખો લોકો, તરસ્યા અને દુઃખી (તેને ખુશી કરવાની ઇચ્છામાં) ખુદાની ખાતર સખત વેઠ કરે છે.

૮૭૮ હું પણ, દયાળુ માલિકના ખાતર અને તેની ઉમેદમાં આ દરવાજે 'સહુર' કહેવા ઢોલ પીટું છું.

૮૭૯ (જો) તમને એક ઘરાક કે જેની પાસેથી તમો સોનું મેળવો તે જોઇએ છે તો ઓ મારા દિલ, અહીં ખુદા સિવાય બીજો વધુ સારો ઘરાક કોણ હોય ?

૮૮૦ તે તમારા માલના જથ્થામાંથી એક મેલી કોથળી ખરીદે છે (બદલામાં) તમને એક આંતરિક પ્રકાશ જે (તેના પોતામાંથી) ઉચ્ચ ઉદ્યમ લ્યે છે તે બદલામાં આપે છે.

૮૮૧ તે આ નાશવંત કાયાનો (પીગળતો) બરફ મેળવે છે અને આપણી કલ્પનાથી પર એવી એક બાદશાહી આપે છે.

૮૮૨ તે એક થોડાં આસુનાં ટીપાંઓ સ્વીકારે છે અને એક 'કવસર' (એવી સ્વાદિષ્ટ) કે સાકર (તેના મીઠાપણાથી) અદેખાઈ કરે તે અર્પે છે.

૮૮૩ તે મનની મુંઝવણ અને બાષ્પીય ધુમાડા ભરેલા નિસાસા મુકે છે અને દરેક આહ માટે એક સો ફાયદાકારક પદવીઓ મેળવે છે.

૮૮૪ નિશ્વાસોના પવનના કારણે તે આંસુઓનો પ્રલય પેદા કરે છે. તેણે (હ. ઇબ્રાહીમને) એક બલિલ 'અર્પયર્વાહ' કહીને બોલાવ્યો હતો.

૮૮૫ સાંભળ, તમારી જૂની શેતરંજીઓ આ ચેતનામય અનુપમ બજારમાં વેચો, અને (બદલામાં) સામી બાદશાહી મેળવો.

૮૮૬ અને જો કાંઇપણ શંકા કે વહેમ તમારો રસ્તો રોકે તો (રૂહાનીયત) વેપારીઓ (એટલે કે) પયગમ્બરો (અને ઇમામો) ઉપર નિર્ભય હો.

૮૮૭ આથી (દૈવી) શહેનશાહે તેઓનાં નશીબો હદ ઉપરાંતનાં વધાર્યા, કોઇપણ પર્વત બપોર બાદ પોતાના હ. મુસ્તફા (ર. સ અ.) માટેના પ્રેમમાં હિજાઝની ગરમીમાં હ. બિલાલ "એક એક"ની ધૂમ પાડતા હતા. જ્યારે તેનો યહુદી શેઠ ઝનુનમાં કાંટાની ડાળીથી હિજાઝના બળતા સુર્યની ગરમીમાં ફટકારતો હતો, અને દરેક ફટકાથી બીલાલની કાયામાંથી લોહી નીકળતું

હતું અને (તેમના હોઠમાંથી) મરજી વિરૂદ્ધ 'એક એક' નો શબ્દ ટપકતો હતો, જ્યારે દિલગીર થએલા બીજાઓમાંથી ઈચ્છા વિરૂદ્ધ ડૂસકા ભરાઈ જતા હતા. કારણ કે તે એટલો બધો પ્રેમના આવેશથી ભરેલો હતો કે (તેના દિલમાં) દાખલ થતા કાંટાઓના દુઃખમાંથી મુકત થવાની જગ્યા જ ન હતી. (તેની હકીકત) પેલા ફિરસ્તાઓ તથા જાદુગરો અને ફિરઔસ અને બીજાઓ (કે જેઓ) અસંયમ અને ગણતરીથી પર હતા તેના જેવી હતી

૮૮૮ પેલા હ. બિલાલ પોતાની કાયા કાંટાના ઝખમોથી ગાળતા હતા. તેનો શેઠ તેમને સીધા કરવા ખાતર ફટકારતો હતો.

૮૮૯ કહે, શા માટે, ઓ દુષ્ટ ગુલામ, તું મોહમ્મદને માને છે? (અને) તું મારા ધર્મમાં ઈમાન રાખતો નથી?

૮૯૦ તે સુર્યની (ગરમીમાં) કાંટાઓથી તેમને ફટકારતો હતો (જ્યારે) તેઓ (હ. બિલાલ) 'એક' ની બુમ ખુશીથી પાડતા હતા.

૮૯૧ (આખરે) પેલી 'એક' ની બુમો સીદીક (હ. અબુબકર) ના કાન ઉપર પહોંચી કે કે જેઓ પાડોશમાંથી પસાર થતા હતા.

૮૯૨ તેઓની આંખો આંસુઓથી ભરેલી બની અને તેમનું દિલ દુઃખથી, (કારણ કે) પેલા 'એક' આપી તેમણે એક પ્રેમાળ દોસ્ત (ખુદાની) ખુશબુ પકડી પાડી,

૮૯૩ ત્યારબાદ તેઓ તેને (હ. બિલાલને) ખાનગીમાં મળ્યા અને શિખામણ આપી કે કહે, 'તું તારી માન્યતા યહુદીથી ગુપ્ત રાખ'

૮૯૪ તે (ખુદા) (બધી) ગુપ્તતાઓ જાણે છે. તારી ઈચ્છા ગુપ્ત રાખ. તેઓએ (હ. બિલાલે) કહ્યું "ઓ બાદશાહ, હું તમારી પાસે પશ્ચાતાપ કરૂં છું."

૮૯૫ બીજે દિવસે વહેલી (સવારે) જ્યારે સિદ્દિક (હ. અબુબકર) કેટલાક કામકાજ અંગે તે જ જગ્યાએથી ઉતાવળે જતા હતા ત્યારે.

૮૯૬ તેઓએ ફરીવાર 'એક' (ની બુમ) સાંભળી, કાંટાની (શિક્ષા)થી પડતા ઘાના અવાજે (સાંભળ્યા)થી તેમના દિલમાં અગ્નિના ભડકા અને ચિનગારીઓ ભડકી ઉઠી.

૮૯૭ તેઓએ એક વધુ વાર તેને શીખામણ આપી અને એક વધુ વખત તેઓ (હિ. બિલાલ) પસ્તાણા, (પણ) પ્રેમ ઉત્પન્ન થયો અને તેના પશ્ચાતાપને ગળી ગયો

૮૯૮ આ જાતનો પસ્તાવો ઘણા વખત થયો (ત્યાં સુધી) કે આખરે તેઓ પસ્તાવાને તજી દેનાર બન્યા.

૮૯૯ અને (પોતાનું ઈમાન) જાહેર કર્યું, અને પોતાની કાયાને દુઃખને હવાલે કરી, બુમ પાડતા "ઓ હ. મુહમ્મદ. ઓ પસ્તાવાના કોલના દુશ્મન.

૯૦૦ ઓ તું કે જેનાથી મારો કાયા અને મારી (બધી) નાડીઓ ભરાઈ ગઈ છે, તેની અંદર પસ્તાવા માટેની જગ્યા કેમ હોય?

૬૦૧ હવે પછી હું (મારા) આ દિલમાંથી પસ્તાવાને હાંકી કાઢીશ, હું અનંત કાળના જીવન માટે પસ્તાવો કેમ કરીશ !

૬૦૨ પ્રેમ બધું જ દાબી દેનાર છે. અને હું પ્રેમથી દબાઇ ગયો છું, પ્રેમના ખારાપાણીથી સાકર જેવો મીઠા બનાવાયો છું.

૬૦૩ ઓ ઋતુની પવન, હું તારી સમક્ષ (માત્ર) એક તણખલો છું. હું ક્યાં પડીશ તે હું કેમ જાણું !

૬૦૪ ભલે હું બિલાલ (જેવા મજબુત) હોઉં અથવા બીજના ચાંદ (હિલાલ) જેવો (પાતળો) છું, હું દોડતો રહું છું અને તારા સુર્યના રસ્તાને અનુસરી રહ્યો છું.

૬૦૫ જડાપણા કે પાતાળાપણાને ચંદ્રમા સાથે શું કામ છે ? તેણી એક પડછાયાની માફક સુર્યની એડી ઉપર દોડે છે.

૬૦૬ હરકોઈ જે (દૈવી) ભાવીથી તહકુબી કરવાની દરખાસ્ત કરે છે તે પોતાની ખુદની મુછ તરફ હાંસી ઉડાવે છે.

૬૦૭ પવનના ઝપાટમાં એક તણખલું, અને પછી તહકુબી (નો વિચાર) એક પુનર્જીવન (ચાલુ છે) અને પછી (સ્વતંત્ર રીતે) કાર્ય કરવાનું નક્કી કરે !

૬૦૮ પ્રેમના હાથમાં હું એક કોથળીમાંની બિલાડી માફક છું. ક્યારેક ઉંચે ઉપાડેલ અને ક્યારેક પ્રેમથી નીચે ફગાવેલ.

૬૦૯ તે તેના મસ્તકથી ચોતરફ મને ફેરવે છે, મને નીચે કે ઉપર આરામ નથી.

૬૧૦ (ખુદાના) પ્રેમીઓ એક ભયંકર વાવાઝોડામાં ફસાયા છે, તેઓએ પોતાના દિલો પ્રેમના વટહુકમ ઉપર લગાડેલ છે.

૬૧૧ (તેઓ) રાત્રી અને દિવસ (ચાલુ) ચક્રાવો અને સતત રૂલ કરતા ચક્કીના પત્થરની માફક છે.

૬૧૨ જેઓ નદીને શોધે છે તેને માટે તેનું ફરવું સાબિતી છે, રબ્બને કોઇ એમ કહે કે નદી હિલચાલ વગરની છે.

૬૧૩ જો તું (દૈવી) પ્રિતમના કાર્યો જુએ નહિ તો અવકાશોનું (કાયમી) ફરવું જો.

૬૧૪ જ્યારે કે આસમાનોને તેના (પ્રેમથી) આરામ નથી, ઓ દિલ, એક ગ્રહ જેવો થા અને આરામ શોધ નહિ.

૬૧૫ જો તમો એક ડાળી પકડશો તો તે (ડાળીને) વળગી રહેવા કેમ દેશે ! જ્યારે જ્યારે તમો તેને વળગશો ત્યારે તે તેને ભાંગી નાખશે.

૬૧૬ જો તમો (દૈવી) હુકમનામાનું ફરતું કાર્ય જોતા નથી તો (ચાર) મુળ તત્વોમાં (પેલા દેખાતા) ઉગતા અને ફરતા તરફ જુઓ.

૬૧૭ કારણ કે લાકડીઓ અને તણખલાઓ અને ફીણનું ચકરાવો લેવું (પ્રેમના) મહાન સમુદ્રના ઉકળવાના કારણે છે.

૯૧૮ ફેર ચડાવતો, ગર્જના કરતો પવન નિહાળો. તેના હુકમથી ઉત્પન્ન થતાં મોતી નિહાળો.

૯૧૯ સુર્ય અને ચંદ્રમા ગોળ ગોળ જતા (દુનિયા ઉપર) ચોકી કરતા ઘાણીના બે બળદો છે.

૯૨૦ તારાઓ તેનીજ માફક (આકાશમાં) ઘરોઘર દોડે છે અને દરેક ભલું બુરૂં કિસ્મત પહોંચાડે છે.

૯૨૧ સાંભળ, જો કે આસમાનના ગ્રહો ઘણા ક્રૂર છે અને તમારી સમજણો, (તેમની હિલચાલો નિહાળવા) ખૂબ જ ઠોઠ અને નિષ્ક્રીય છે.

૯૨૨ (છતાં તારા ખુદને પુછ) આપણા ગ્રહો, આંખ, કાન, મન રાત્રીના કયાં હોય છે? અને આપણે જાગૃત બન્યા ત્યારે (તેઓ) કયાં છે?

૯૨૩ કયારેક (તેઓ) સદ્દકિસ્મત અને મિલન અને સુખમાં છે, કયારેક બદકિસ્મત અને જુદાઇ અને બેસમજ છે.

૯૨૪ જ્યારે કે અવકાશી ચંદ્રમા આ ગોળ ફરવામાં (રોકાએલો છે) ત્યારે તે કયારેક અંધકારમાં છે અને કયારેક પ્રકાશમાન છે.

૯૨૫ કોઇવાર તે વસંતઋતુ અને ઉનાળો, કયારેક મધ અને દુધ જેવો (સ્વાદિષ્ટ) કોઇવાર (દુનિયા) બરફ અને ઠંડી ઘોંચતી એક સજા કરવાની જગ્યા છે.

૯૨૬ જોઇએ છીએ કે તેની (ખુદાની) આગળ અવકાશો (તેના) હુકમના તાબેદાર અને તેના બેટ સમક્ષ સિજદો કરતા એક દડાની માફક છે.

૯૨૭ ઓ દિલ, તું આ લાખો હસ્તિઓમાંનું (માત્ર) એક છે, તેના હુકમનામા તરફ વગર આરામે હિલચાલ કરતું કેમ બનતું નથી?

૯૨૮ બાદશાહની તહેનાતમાં એક ઘોડો (અથવા ખચ્ચરની) માફક કયારેક તબેલામાં પુરાએલો કયારેક (રસ્તા ઉપર) દોડતો બન.

૯૨૯ જ્યારે તે બીજા સાથે તને બાંધે ત્યારે (શાંત અને તાબેદાર બની) બંધાઇ જા. જ્યારે તે તને છોડી મુકે ત્યારે હર્ષોન્નમત્ત બન.

૯૩૦ (પણ સીધા રસ્તા ઉપર ચાલતો રહેજે કારણ કે જ્યારે) અવકાશી સુર્ય ઢોંગથી કૂદકો મારે છે ત્યારે તે કાળા ચહેરાના ઘરણુમાં પરિણમે છે.

૯૩૧ કહે છે, ઘરણુના રસ્તામાંથી દુર રહેજે, ધ્યાન રાખજે, રખેને તું રાંધવાના ઘડાની માફક કાળા ચહેરાવાળો બને,

૯૩૨ વાદળાંને પણ અગ્નિના એક ફટકાથી ફટકારવામાં આવે છે (જાણે એમ કહેવાતું હોય) પેલા રસ્તે જાઓ, આ રસ્તે જતા નહિ.

૯૩૩ ફલાણી ફલાણી બીજુ ઉપર વરસાદ વર્ષાવો, આ સ્થળે વરસતા નહિ. તે તેને ધમકાવે કહે છે, "કાન દઇને સાંભળો!"

૯૩૪ તારી સમજણ સુર્યથી વધુ સારી નથી, જેની મના કરવામાં આવી છે તે વિચારમાં સ્થગીત બનતા નહિ.

૯૩૫ ઓ સમજણુ, તું પણુ વગર વિચાર્યું પગલું ભરતી નહિ, રખેને તે ખુબસુરત ચહેરાનું ઘરણુ (તારા) પર પડે.

૯૩૬ જ્યારે (તારાં) પાપ ઓછાં છે, ત્યારે તું અર્ધો સુર્ય ઘરણુમાં અને અર્ધો પ્રકાશતો જોઇશ.

૯૩૭ કારણુ કે હું તારા પાપના પ્રમાણુમાં સજા કરું છું. આ ઇન્સાફ અને યોગ્ય શિક્ષા માટે મુકાએલો સિદ્ધાંત છે.

૯૩૮ (તું) ભલે ભલો અથવા બુરો અથવા જાહેર અથવા ગુપ્ત છો, હું "તે કે જે બધું સાંભળે છે, અને બધી ચીજો જુએ છે" તે છે.

૯૩૯ ઓ (મારા) બાપ, આ મુદ્દાને છોડ, નવા વર્ષનો દિવસ આપેલ છે. સજીવ જીવો પેદા કરનારથી મીઠાં મોઢાંવાળા બનાવાયા છે.

૯૪૦ **(જીવનનું) રૂહાની પાણી આપણા નદીના પટમાં પાછું ફર્યું છે, આપણો બાદશાહ આપણી ગલીઓ પાછો ફર્યો છે.**

૯૪૧ સદ્કિસ્મત હસ્સાથી ચાલે છે અને (ગર્વપુર્વક) તેનું પહેરણુ પકડે છે અને પશ્ચાતાપના લીધેલા સોગંદ તોડવાની (નિશાની તરીકે) ઢોલ પીટે છે.

૯૪૨ વધુ એકવાર જળપ્રલયનું પાણી પશ્ચાતાપને ઉઠાવી ગયું છે, તક આવી પહોંચી છે. ચોકીદાર ઉંઘથી ઘેરાઇ ગયો છે.

૯૪૩ દરેક દારૂડીયાએ મદિરા પીધી છે અને મદમસ્ત બનેલ છે. આજ રાત્રીએ આપણી બધી માલ-મિલકત ગીરો મુકશું.

૯૪૪ જીવન વધારતા આત્માના ચળકતા લાલ રંગનો શરાબ (પીવામાં) અમે માણેકની અંદર માણેકની અંદર માણેક છીએ.

૯૪૫ વધુ એક વાર સભાગૃહ સમૃદ્ધ અને દિલ પ્રકાશતો બનતો જાય છે. હલકી આંખને દુર રાખવા જાગૃત થા અને શોકાર્તના બીયાંને બાળી મુક.

૯૪૬ મદહોશ આનંદી (પ્રેમીઓની) ખુમો મારા તરફ આવે છે, ઓ પ્રિતમ મારી ઇચ્છા છે કે તે અનંતકાળ સુધી આની માફક (આવતી) ચાલુ રહે.

૯૪૭ અરે, એક નવો બીજનો ચાંદ (હિલાલ) એક બિલાલથી મળી ગયો છે. અને કાંટાની (શિક્ષા) ના ફટકા તેને ગુલાબ અને ચમેલીના ફૂલો જેવા (આનંદદાયક) બન્યા છે.

૯૪૮ હ. (બિલાલે કહ્યું) જો મારૂં શરીર આ કાંટાની સજાના ફટકાથી એક ચાળણી (જેવું કાણાવાળું) હોય (તો પણ) મારો આત્મા અને કાયા એક ગુલાબના બગીચાની માફક આહ્લાદજનક છે.

૯૪૯ મારી કાયા જાલીમના (કાંટાની) શિક્ષાનું લક્ષ બની છે (પણ) મારો આત્મા કેદી અને પેલા પ્રેમાળ એકથી મોહીત બન્યો છે.

૯૫૦ (પ્રિતમ) આત્માની સુવાસ મારા આત્મા તરફ આવે છે, મારા પ્રેમાળ દોસ્તની સુવાસ મારા તરફ આવે છે.

૯૫૧ (જ્યારે) હ. મુસ્તફા (ર.સ.અ.) 'મઅેરાજ'માંથી આવ્યા (તેઅોઅે) હ. બિલાલ ઉપર (આશીર્વાદ) વરસાવ્યા, (તું) મને કેવો વહાલો છે? કેવો વહાલો?

૯૫૨ હ. બિલાલ પાસેથી આ (ગુઢાર્થ વાણી) સાંભળતા કે જેની વાણીમાં કદી અસત્યતા ન હતી (તેવા) હ. અબુબકરે તેને પશ્ચાતાપ કરવાની સલાહ આપવામાંથી પોતાના હાથ ધોઇ નાખ્યા.

હ. (અબુ બક્ર) સિદ્દિક (ર. અ.) એ હ. બિલાલ ઉપર વિતેલ દુઃખને યાદ કર્યું, અને જ્યુની (તેમની વિરૂદ્ધ) વધુ અગ્નિ પ્રગટાવી, અને બનેલી વિગત હ. મુસ્તફા (ર. સ. અ.) ને કહેવી અને તેને (હ. બિલાલને) જ્યુ પાસેથી ખરીદી લેવાની સલાહ મસલ્લત કરવી.

૯૫૩ ત્યાર બાદ હ. સિદ્દિક હ. મુસ્તફા (ર. સ. અ.)ને વિશ્વાસુ બિલાલની કફોડી હાલત વર્ણવી.

૯૫૪ કહે, પેલો બહિશ્તને માપતો આશીર્વાદ પાંખનો નમ્ર (આત્મા) અત્યારે આપતી પ્રેમમાં અને આપના માળામાં છે.

૯૫૫ બાજશાહી બાજ પેલા ઘુવડોથી શારીરિક ઈજાઓથી રીબાણો છે, પેલો મહાન બજનો ગંદકીમાં દટાયો છે

૯૫૬ ઘુવડો બાજને ઇજાઓ પહોંચાડી રહ્યા છે, જો કે તે નિર્દોષ હોવા છતાં તેની કલગી અને પીંછા તોડી રહ્યા છે.

૯૫૭ તેનો માત્ર એક ગુન્હો આ છે કે તે એક બાજ છે. બધા પછી હ. યુસુફનો ગુન્હો તેની ખુબસુરતી સિવાય કયો હતો?

૯૫૮ ઘુવડનું અસલ અને અસ્તિત્વ જંગલમાં છે, તેજ પેલા બાજના વિરૂદ્ધ તેઓના જ્યુઇશ ગુસ્સાનું કારણ છે

૯૫૯ (તેઓ કહે છે), શા માટે તું પેલી પારની દુનિયાનું (હંમેશાં) વર્ણન કરતો હોય છે અથવા બાદશાહની મુડી અથવા મહેલની (વાત કરતો હોય છે)?

૯૬૦ તું ઘુવડોના ગામડામાં ઉદ્ધતાઈથી વર્તે છે, તું (અમારી વચ્ચે) ગડબડ અને કલહ કરાવી રહ્યો છે.

૯૬૧ અમારૂં રહેણાક, કે જે સ્વર્ગીય રહેણાકને અદેખાઇ ઉપજાવે તેવું છે (તેને) તું એક જંગલ કહી બોલાવે છે અને તેને હલકી જગ્યાનું નામ આપે છે.

૯૬૨ તેં ઢોંગ આચર્યો છે એટલા માટે કે અમારા ઘુવડો તને (પોતાનો) બાદશાહ અને આગેવાન બનાવે.

૯૬૩ તું તેમનામાં એક વૃથા કલ્પનાની જાળ અને એક ગાંડી કલ્પના ગુંથી રહ્યો છે. તું આ બહિશ્તને ભંગાર નાવ આપી રહ્યો છે.

૬૬૪ ઓ દુષ્ટ ગુણોના (પંખી) અમો તારૂં માથું ત્યાં સુધી ભાંગ્યા કરશું કે તું આ ઢોંગ અને અક્કલહિણુતા તજી દે.

૬૬૫ તેઓ (જ્યુ) (હ. બિલાલને) તેનો ચહેરો પૂર્વ તરફ રાખી અને એક કાંટાની ડાળીથી તેના નગ્ન શરીરને ફટકા મારી મારી નાખતા હતા.

૬૬૬ તેમના શરીરમાંથી એકસો જગ્યાએથી લોહી વહેતું હતું. જ્યારે (તેઓ) 'એક' ની ખુમ પાડતા હતા અને પોતાનું માથું સિજદામાં ઝુકાવતા હતા.

૬૬૭ મેં વારંવાર તેને શીખામણ આપી. કહીને, તારો દીન સંતાડેલ રાખ. શ્રાપિત જ્યુથી તારી ગુપ્તતા છુપાવી રાખ.

૬૬૮ (પણ) તે એક પ્રેમી છે. તેને (રૂહાનીયત) પુનર્જીવન આવ્યું છે કે જેથી પસ્તાવાનો દરવાજો તેના ઉપર બંધ થઈ ગયો છે

૬૬૯ ચાહકપણું અને પસ્તાવો અથવા ધીરજની (પણ) શકયતા, ઓ (વ્હાલા) આત્મા, આ એક અતિ પ્રચંડ બેવકુફી છે.

૬૭૦ પસ્તાવો એક કીડો છે, જ્યારે પ્રેમ એક અજગર મિસાલ છે, પસ્તાવો માણસનો એક ગુણ છે જ્યારે તે (બીજો) ખુદાનો ગુણ છે.

૬૭૧ પ્રેમ ખુદાનો એક ગુણ છે કે જે કે કાંઈજ જોઈતું નથી. તેના સિવાય બીજા માટે પ્રેમ વાસ્તવિક નથી.

૬૭૨ કારણ કે તે (કે જે તેની સાથે છે) તે ઢોળ ચડાવેલી ખુબસુરતી છે તેનું બહારનું રૂપ પ્રકાશિત અજવાળું છે (પણ) તે અંદર ધુમાડા ભરેલ કાળું છે.

૬૭૩ જ્યારે અજવાળું ચાલ્યું જાય છે, ધુમાડો દૃષ્યમાન બને છે તે પળે અસત્ય પ્રેમ નામોશી બને છે.

૬૭૪ તે ખુબસુરતી પોતાના મુળ તરફ પાછી ફરે છે, કાયા, હલકી વાસવાળી શરમ-જનક અને કદરૂપી બાકી રહી જાય છે.

૬૭૫ ચંદ્રમાનો પ્રકાશ ચંદ્રમા પાછો ફરે છે, તેનું પ્રતિબિંબ કાળી દિવાલથી ચાલ્યું જાય છે.

૬૭૬ અને પછી (જ્યારે) (દિવાલનું) પાણી અને માટી પેલા શણગાર વગર રહી જાય છે ચાંદની વગરની એક સેતાનની માફક દીવાલ (ગુફા) જેવી બને છે.

૬૭૭ જ્યારે હલકા સિક્કાના પટ ઉપરથી સોનું ભાગી જાય છે, પેલું સોનુ તેની (અસલ) બાણુ તરફ પાછું ફરે છે અને (ત્યાંજ) રહી જાય છે.

૬૭૮ પછી શરમ ભરેલ દેખાતું જસત, ધુમાડા જેવું (કાળું દેખાતું) બાકી રહે છે, અને તેનો પ્રેમી વધુ નામોશીમાં બાકી રહે છે.

૬૭૯ (પણ) તેમરો પ્રેમ કે જેને (રૂહાનીયત) આંતરિક દૃષ્ટિ છે તે સોનાની બાણુ ઉપર મંડાએલ છે, અતૂટ તે તે દરરોજ વધુ મોટી થતી જાય છે.

૯૮૦ કારણ કે ખાણને સોનેરી ઢાળમાં ભાગીદારી નથી. સાંભળ, ઓ (વાસ્તવિકતાની) ખાણ, તું તેની સબંધીત છે કે જેમાં કંઇ પણ શંકા નથી.

૯૮૧ જો કોઈ પણ ખોટા સિક્કાને ખાણથી (તેના સંબંધમાં) ભાગીદાર બનાવે, તો સોનું ખાણ તરફ પાછું જાય છે (કે જે) સ્થાનથી પર છે.

૯૮૨ (અને પછી) પ્રેમી અને તેનો પ્રિતમ (મહાસંતાપમાં) મરતા છોડવામાં આવે છે. મચ્છી (તરફડીયાં મારતી) બાકી છે, વમળમાંથી પાણી ચાલ્યું ગયું છે

૯૮૩ દૈવી પ્રેમ એ સંપૂર્ણતાનો સુર્ય છે, (દૈવી) 'શબ્દ' તેનું 'નૂર' છે સજીવ પ્રાણીઓ પડછાયા જેવો છે.

૯૮૪ જ્યારે હ. મુસ્તફા (ર. સ. અ.) આ વાત (સાંભળતા) ખુશીમાં ગરકાવ બન્યા, તેમની (હ. સિદ્દિકની) (બિલાલ વિષે) વાણી ઉચ્ચારવાની તમન્ના પણ વધી.

૯૮૫ જ્યારે તેઓને હ. મુસ્તફા (ર. સ. અ.) જેવો સાંભળનાર મળ્યો, ત્યારે તેમનો દરેક વાળેવાળ એક જુદી જીભ બન્યો.

૯૮૬ હ. મુસ્તફા (ર. સ. અ.) એ તેમને કહ્યું 'હવે ઈલાજ શું છે?' તેઓએ જવાબ આપ્યો, (ખુદાનો) આ દાસ તેને ખરીદવા માગે છે.

૯૮૭ હું તે (જ્યુ) ગમે તેટલી કીંમત માગશે તે આપી ખરીદીશ, હું (પૈસાનો) અને ગેરકાયદેસર નાણાં પડાવવાની ખોટને નજર અંદાજ નહિ કરું.

૯૮૮ કારણ કે દુનિયા ઉપર ખુદાનો બંદીવાન છે, અને તે ખુદાના દુશ્મનના ગુસ્સાનો ભોગ બન્યો છે.

હ. મુસ્તફા (ર. સ. અ.) નું હ. સિદ્દિક સાથે જોડાવું કહે, જ્યારે કે તમો બિલાલને વેચાતો લેવા જઇ રહ્યા છો, તેઓ (યકૃત લોકો) તેના સાથેના વાદવિવાદ અંગે તેની કીંમત ચોક્કસ વધારશે, આ પાત્રતામાં મને તમારો ભાગીદાર બનાવો, મારા પ્રતિનિધિ બનો અને ખરીદીના અર્ધા પૈસા મારી પાસેથી લઈ જજો.

૯૮૯ હ. મુસ્તફા (ર. સ. અ.) એ તેમને કહ્યું ઓ (રૂહાનીયત સદ્‌કિસ્મત શોધનાર, આ (સાહસમાં) હું તમારો ભાગીદાર બનીશ.

૯૯૦ મારા પ્રતિનિધિ બનો, મારા હિસ્સે અર્ધો ભાગ ખરીદીમાં રાખો, અને મારી પાસેથી આવેલા નાણાં લઈ જજો.

૯૯૧ તેમણે જવાબ આપ્યો, "હું તમારી ખિદમત કરવામાં મારાથી બનતું બધું કરીશ." પછી તેઓ દયાહિણ યહુદીના ઘરે ગયાં.

૯૯૨ તેઓએ પોતાના મનમાં કહ્યું "ઓ બાપ, બચ્ચાંઓના હાથમાંથી એક માણસ ઘણા સસ્તાં મોતીઓ ખરીદી શકે છે.

૯૯૩ આ મુર્ખ બચ્ચાંઓ પાસેથી પ્રેત જેવો સેતાન તેઓની સમજણ અને ઈમાન આ દુનિયાની બાદશાહીની બદલીમાં ખરીદ કરી રહ્યો છે.

૯૯૪ તે હાડપિંજરે એવી સરસ રીતે શણગારે છે કે (તેનાથી) તે તેમની પાસેથી બસો ગુલાબના બગીચા ખરીદ કરે છે.

૯૯૫ તે જાદુથી એવાં ચંદ્રમાનો પ્રકાશ ઉત્પન્ન કરે છે કે (તેના) જાદુના કારણે તે કિંમત વગરના ટોળાં પાસેથી એક સો (નાણાની) કોથળી ઉપાડી જાય છે.

૯૯૬ પયગમ્બરોએ તેમને (રૂહાની બજારમાં) વેપાર કરવા શીખવ્યું. અને તેમની સમક્ષ 'સત્યપંથ'ની મીણબત્તી સળગાવી. તેમ છતાં,

૯૯૭ (પણ) જાદુના કારણે અને સેતાનીક અને પીશાચીક જાદુગરોએ તેઓની આંખોમાં પયગમ્બરોને કદ્રુપ દેખાતા બનાવ્યા.

૯૯૮ તેના જાદુમંત્રથી દુશ્મન કદ્રુપ (દેખાતો) બનાવે છે, કે જેથી સ્ત્રી અને (તેણીના) ધણી વચ્ચે છુટાછેડા લેવાય છે.

૯૯૯ એક (શક્તિશાળી) યંત્રોથી તેઓની આંખો સીલ બનેલી બનાવાય છે કે જેથી તેઓએ આવું એક (અમુલ્ય) મોતી કચરાની બદલીમાં વેંચી નાખેલ છે.

૧૦૦૦ એ મોતી બન્ને દુનિયા કરતાં વધુ ચડીઆતું છે, સાંભળ, આ અજ્ઞાન છોકરા પાસેથી તે ખરીદી લે કારણ કે તે એક ગધેડો છે.

૧૦૦૧ એક ગધેડાને એક કોડી અને એક મોતી બન્ને સરખાં છે, એક ગધેડાને (રૂહાનીયત) મોતી અને સમુદ્રના સંબંધમાં એક મોટી શંકા છે.

૧૦૦૨ તે સમુદ્ર અને તેના મોતીમાં અવિશ્વાસ રાખે છે. એક જનાવર મોતીઓ અને ઘરેણાંનો શોધક કેમ બનશે ?

૧૦૦૩ ખુદાએ જનાવરનું માથું માણેકો અને મોતીઓથી વિભુશીત બનવાનું બનાવેલ નથી.

૧૦૦૪ શું તમે કદી ગધેડાઓને કાનની વાળીઓવાળા જોયા છે ? એક ગધેડાનો કાન અને ધ્યાન ચરાણ ચોંટેલ હોય છે.

૧૦૦૫ (સુરા) વઅલતીક (શબ્દો વાંચ) (અમે માણુસને) ઉત્તમ ગુણોવાળો (પેદા કર્યો). ઓ મિત્ર, કારણ કે આત્મા એક અમુલ્ય મોતી છે.

૧૦૦૬ (ને આત્મા પેદા થયો) ઉત્તમ સપ્રમાણુતામાં અવકાશોને હટાવે છે. (ને આત્મા પેદા થયો) ઉત્તમ સપ્રમાણુતામાં (વિચારવી) મર્યાદાથી પર છે.

૧૦૦૭ જો હું આ અપૂર્વ (મોતીની) કીંમત જાહેર કરું. હું હડપ બની જઈશ અને સાંભળનાર પણ હડપ થઈ જશે.

૧૦૦૮ આ મુદ્દા પર તારા હોઠો બંધ કર. અને ગધેડાઓ આ રસ્તે હાંક નહિ. આ હ. સિદ્દિક (ર. અ.) પેલા ગધેડાઓ (યહુદ્દીઓ) પાસે ગયા.

૧૦૦૯ તેઓએ દરવાજાની ટકોરી વગાડી અને જ્યારે યહુદીએ દરવાજો ખોલ્યો ત્યારે તેઓ (હ. સિદ્દિક) તેના ઘરની અંદર રોષની લાગણી સહીત ગયા.

૧૦૧૦ તેઓ પોતામાં ઋનુનપુર્વક અને બળતા દિલે બેઠા. તેઓના મોઢામાંથી કડવા શબ્દો સરકી પડયા.

૧૦૧૧ તું શા માટે આ ખુદાના દોસ્તને મારે છે? "ઓ 'નૂર'ના દુશ્મન, આ કેવા પ્રકારનો ધિક્કાર છે?

૧૦૧૨ જો તું તારા દીનમાં અડગ છે તો તારૂં દિલ તેના માટે કે જે (પોતાના દીનમાં) અડગ છે તે દુઃખ આપવામાં સંતોષ કેમ પામે છે?

૧૦૧૩ જ્યુઈઝમમાં, ઓ તું બાયલા (આવું બાયલાપણું) એક (રૂહાની) રાજા તરફ કોણે લાગુ પાડયું છે?

૧૦૧૪ દરેક (ચીજોને) તારી પોતાની વિકૃત આરસીમાં નિહાળ નહિ, ઓ તું કે જેને અનંત કાળના શ્રાપથી નિંદ્રામાં છો.

૧૦૧૫ જોયું હ. સિદ્દિકના હોઠોમાંથી તે પળે જે બહાર આવ્યું તે કહું, તો તમો આશ્ચર્યમાં ગરકાવ બની જાઓ.

૧૦૧૬ અવકાશી સબંધથી પરની (દુનિયામાંથી આવતા) ડહાપણના ઝરાઓ, 'ઈફેટીસ' માફક તેમતો મોંમાંથી દોડતા હતા.

૧૦૧૭ બડકમાંથી જ્યાંથી એક (મોટું) વહેણ ધસતું હોય, (બડકને) તેની (પોતાની બાજુએ) અથવા અંદરથી આવવાનું મુળજ ન હોય.

૧૦૧૮ (કારણ કે) ખુદાએ પેલા બડકને એક ઢાલ (પડદો) બનાવ્યો અને વાદળી નિર્મળ પાણી (માટે જવાનો એક) રસ્તો બનાવ્યો,

૧૦૧૯ જેવી રીતે તેણે તમારી આંખના ઝરામાંથી પ્રકાશ અથવા ઘટાડા વગર પ્રકાશ વહેતો બનાવ્યો.

૧૦૨૦ તેને ચરબીમાં (આંખની સફેદીમાં) અથવા ચામડીના ઘરમાં પહોંચવાનું મુળ નથી (પણ) પ્રિતમે (પોતા માટે) આ એક પડદો જ્યારે દ્રષ્ટિમાં પ્રકાશ લાવતાં બનાવ્યો.

૧૦૨૧ કાનના પોલાણમાં બોલતા શબ્દો પોતાની મેળે બેંચાય છે, અર્થ ગ્રહણ કરે છે કે જે બોલાબેલું છે તે બરૂં છે કે બોટું.

૧૦૨૨ તે નાના હાડકાંની અંદર પેલી હવા શું છે. (તે હવા) જે વાત કહેનારથી ઉચ્ચારાએલા શબ્દો અને અવાજો સ્વીકારે છે?

૧૦૨૩ હાડકું અને હવા માત્ર એક પડદો છે, બન્ને દુનિયામાં ખુદા સિવાય બીજું કંઈ નથી.

૧૦૨૪ તે સાંભળનાર છે, તે બોલનાર છે (જેને આત્મજ્ઞાની નિહાળે છે) પડદા વગરનો કારણ કે કાં તો માથું ધરાવે, બો તમો કે જેબોએ દૈવી બદલો પ્રાપ્ત કર્યો છે.

૧૦૨૫ તેણે (યહુદીએ) કહ્યું "જો તમને તેના માટે દયા ઉપજતી હોય તો મને સોનું આપો અને (બદલામાં) એ ભલા ગુણના માણસ તેને લઇ જાઓ.
૧૦૨૬ જ્યારે કે તમારૂં દિલ (સહાનુભુતીથી) બળે છે, ત્યારે મારી પાસેથી બદલો આપી છોડાવો, ખર્ચા વગર તમારી મુશ્કેલીનો અંત નહિ આવે.
૧૦૨૭ તેઓએ જવાબ આપ્યો, (તે માટે) હું એક સો કામો કરીશ અને (આભારમાં ખુદાને) પાંચમો સિજદો કરીશ. મારી પાસે એક ખુબસુરત ગુલામ છે પણ (તે) યહુદી છે.
૧૦૨૮ તેને સદ્દેરૂ કાયા છે. પણ એક કાળું દિલ છે, (તેને) લઈ લે અને બદલીમાં (મને) તે કે જેનું આખું શરીર કાળું છે પણ જેનું દિલ પ્રકાશિત છે, તેને આપ.
૧૦૨૯ પછી કબીલાના વડા (હ. અબુબકર) તેને લઇ આવવા (એક સંદેશવાહક) મોકલ્યો, વાસ્તવમાં પેલો ગુલામ ઘણો જ ખુબસુરત હતો.
૧૦૩૦ કે જેથી પેલો યહુદી દિગ્મુઢ બની ગયો, તુર્ત જ તેનું પત્થર દિલ હટી ગયું.
૧૦૩૧ આમજ રૂપના પુજનારાઓનું બને છે, તેઓનો પત્થર (ખુબસુરત) આકારથી વણાએલ બનાવેલ હોય છે.
૧૦૩૨ (પછી) ફરીવાર તેણે વાદવિવાદ કર્યો અને સંતોષાએલો બન્યો નહિ. કહે, કાંઇ પણ ટાળ્યા વગર (તમારે) આનાથી વધુ આપવું જોઈ એ.
૧૦૩૩ તેમણે વધારામાં રૂપાની બસો દિરહમ આપવા તત્પરતા બતાવી કે જેથી પેલા યહુદીની કંજુસાઈ સંતોષાય.

યહુદીનું હસવું અને આ સોદામાં હ. સિદ્દીક છેતરાણા તેવી કલ્પના કરવી.

૧૦૩૪ પેલા પત્થર દિલવાળા યહુદીએ મશ્કરી કરતાં અને મેલાપણામાં અને દુશ્મનાંઇમાં મશ્કરી અને ઠઠ્ઠા કરતાં અટ્ટહાસ્ય કર્યું.
૧૦૩૫ હ. સિદ્દીકે તેમને કહ્યું. "આ હસવું શા માટે? તેના સવાલના જવાબમાં તેણે વધુ જોરથી હસ્યો,
૧૦૩૬ અને કહ્યું "જો (વધુ પડતી) આતુરતા અને પ્રેમ આ કાળો ગુલામ ખરીદમાં તમોએ બતાવી ન હોત,
૧૦૩૭ તો મેં આટલો બધો વાદવિવાદ કર્યો ન હોત, બરોબર (આ રકમથી) દસમા ભાગની રકમમાં મેં તેને વેચ્યો હોત,
૧૦૩૮ કારણ કે મારા અભિપ્રાયમાં તેની કીંમત એક દાગ જેટલી પણ નથી. (પણ) તમોએ તેની કીંમત (તમારી) ખુબાખુબીથી વધારે બનવી."
૧૦૩૯ પછી હ. સિદ્દીકે તેને જવાબ આપ્યો, "ઓ મુર્ખ, તેં એક (મુર્ખ) છોકરાની માફક એક મોતીને એક અખરોટની બદલીમાં આપી દીધેલ છે.

૧૦૪૦ કારણ કે મારા અભિપ્રાયમાં તેની કિંમત બે દુનિયા જેટલી છે, હું તેનો આત્મા ધ્યાનમાં લઉં છું. તું તેનો રંગ (જુએ છે).

૧૦૪૧ મુર્ખાઓના આ રહેઠાણના અદેખાઈપણા અંગે, રાતું સોનું કે જેને પાલીશ કરેલા લોઢાની માફક કાળું બનાવાય તેવો તે છે.

૧૦૪૨ આંખ કે જે કાયાના આ સાતેય રંગો જુએ છે, તે આ મડદાના કારણે આત્માને નિહાળી શકતી નથી.

૧૦૪૩ જો તેં (કરી તેનાથી વધુ) રકઝક આ સોદામાં કરી હોત, તો મેં મારી તમામ દોલત અને માલમિલકત આપી દીધી હોત.

૧૦૪૪ અને તે (પછી) તારી માગણી વધારી હોત તો (તેને ખરીદવામાં) મારી ઉત્કંઠા અંગે એક છાળ ભરીને સોનું લીધું હોત.

૧૦૪૫ તેં તેને સહેલાઈથી આપી દીધો કારણ કે તેં (તેને) સસ્તામાં મેળવ્યો હતો. તેં મોતી જોયું નહિ. તેં બાસ્કેટ ખોલી જ નહિ.

૧૦૪૬ તારી મુર્ખતાએ (મને) બંધ કરેલી બાસ્કેટ આપી. તું તુર્તજ જોઈશ કે કેવી છેતરપીંડી તારા ઉપર આવી પડી છે.

૧૦૪૭ તેં એક માણેકો ભરેલી બાસ્કેટ આપી દીધી છે અને સીદીની માફક તું તારા કાળા ચહેરામાં આનંદ મનાવી રહ્યો છે.

૧૦૪૮ અંતમાં તું ઘણો 'મારા પર શ્રાપ હો" ઉચ્ચારીશ, શું કોઈ પણ નિઃશંક (પોતાનું) સદ્‌કિસ્મત અને પરમ સુખ વેચશે ?'

૧૦૪૯ એક ગુલામની વેશભુષામાં (તારીકને) નશીબ આવ્યું. (પણ) તારી બદ્‌કિસ્મતી આંખે માત્ર ચહેરો જોયો.

૧૦૫૦ તેણે તારી સમક્ષ પોતાની (માત્ર) ગુલામી બતાવી. તારી દુષ્ટ પ્રકૃતિએ તેના તરફ લુચ્ચાઇ અને ગુનહાહિત આચરણ કર્યા.

૧૦૫૧ (હવે), ઓ બાલિશ વાતો કરનાર, આ (ગુલામને) મુર્તિપૂજકની રીતે લઈ જા, કે જેના ગુપ્ત વિચારો તેનું શરીર સફેદ હોવા છતાં કાળા છે,

૧૦૫૨ આ એક તારા માટે, પેલો એક મારા માટે. આપણે (બન્ને) નફાવાળા બન્યા છીએ, સાંભળ, ઓ યહુદ્દી, "તમારામાં તમારો દીન અને મારામાં મારો દીન."

૧૦૫૩ પાર્થિવ ચીજોના (પ્રેમી માટે) આ યોગ્ય સોદો છે, તેનું (મુર્તીપૂજકના) ઘોડાનું જીન રેશમનું છે, (જ્યારે) તેનો ઘોડો લાકડાનો બનાવ્યો છે.

૧૦૫૪ તે (તેની પૂજવાની વસ્તુ), ધુમાડા અને અગ્નિથી ભરપુર નાસ્તિકોની કબર માફક છે (જ્યારે) બહારની બાજુ એક સો (સુંદર) ચિત્રો અને ઘરેણાંથી સજાવેલ છે.

૧૦૫૫ (અથવા) નિર્દય રાજવીની માફક, બહારની રીતે સુંદર (પણ) તેની અંદર (પ્રકૃતિદત્ત) સંતાએલાનું લોહી અને (ભવિષ્યનો) સંતાપ છે,

૧૦૫૬ (અથવા) ઢોંગીની માફક (કે જે) બહારની રીતે રોજાઓ અને બંદગીમાં (મશગુલ છે) (જ્યારે) આંતરિક રીતે વનસ્પતિ વગરની કાળી ખેડાણ જમીનને મળતો આવે છે.

૧૦૫૭ (અથવા) (વરસાદના) એક ખાલી વાદળાંની માફક, મેઘ ગર્જનાઓથી ભરપુર, કે જેની અંદર જમીનનો ફાયદો અથવા ઘઉં માટે પોષણ કરવાની પ્રક્રિયા નથી.

૧૦૫૮ (અથવા) ઢોંગ અને જુઠથી ભરપુર એક વચનની માફક કે જેનો અંત શરમજનક છે, ભલે તેની શરૂઆત ભવ્ય હોય,

૧૦૫૯ ત્યારબાદ તેઓએ (હ. સિદ્દિકે) હ. બિલાલનો હાથ પકડ્યો કે જે તકલીફવાળા દાંતોએ ફટકારેલા ફટકાઓથી એક દાંત ખોતરણી જેવો (પાતળો) બન્યો હતો.

૧૦૬૦ તે એક દાંત ખોતરણી (જેવો) બન્યો, અને પોતાનો રસ્તો મોંમાં લઈ ગયો. તે મધુર વાણીના આદમી (હ. નબી સાહેબ) તરફ ઉતાવળથી જતો હતો.

૧૦૬૧ જ્યારે પેલા (સખત રીતે) ઘવાએલાએ હ. મુસ્તફા (ર. સ. અ.)નો ચહેરો જોયો ત્યારે તે મૂર્છા ખાઈ પડી ગયો. તે તેની પીઠ ઉપર પડ્યો.

૧૦૬૨ એક લાંબો વખત સુધી તે બેભાન અને પોતામાં રહ્યો. જ્યારે તે ભાનમાં આવ્યો. તેણે ખુશીના આંસુ વહાવ્યાં.

૧૦૬૩ હ. મુસ્તફા (ર. સ. અ.) એ તેને પોતાની છાતીએ ચાંપ્યો, તેના ઉપર ઈનાયત થએલી કૃપા બીજો કોઈ કેમ જાણી શકે ?

૧૦૬૪ એક જસતનો ટુકડો કેવો બને જ્યારે તે કિમીયાને અડકયો છે? એક નાદાર કે જે એક અમુલ્ય ખજાનાથી અથડાયો તે કેવો બને ?

૧૦૬૫ (તે તેવું છે કે) એક મચ્છી (પાણીની જરૂરીયાતથી) તરફડે, (અને) દરિયામાં પડે (અથવા) એક વણજાર કે જેણે પોતાનો રસ્તો ગુમાવ્યો છે તેને ખરો રસ્તો માલમ પડે.

૧૦૬૬ જો તેમણે શબ્દો કે જે હ. નબી સાહેબના મુખમાંથી તેને સંબોધાયા તે રાત્રીના (રાત) ઉપર પડે તો રાત્રી રાત્રી ન રહે !

૧૦૬૭ રાત્રી પ્રભાતની માફક પ્રકાશિત દિવસ બને, હું પેલા ગુઢાર્થ સંબોધન (નો ખરેખરો અર્થ) વ્યક્ત કરી શકતો નથી.

૧૦૬૮ તમો પોતે એ સુર્ય, શબ્દ શું છે તે જાણો છો. મેષરાશિ (ની નિશાની) માં છોડવાઓ અને ખજુરીઓને સંબોધન કરવામાં આવે છે.

૧૦૬૯ તમો પોતે (પણ) જાણો છો કે નિર્મળ પાણી મધુર છોડવા અને વેલાઓને શું કહે છે.

૧૦૭૦ દુનિયાની બધી ચીજો તરફ ખુદાનું કાર્ય તેનાથી ઉચ્ચારેલા શબ્દો અને હુકમો જેવા છે.

૧૦૭૧ દૈવી ખેંચાણ અસર અને ગૌણ કારણોથી એકસો સંવાદો ગોઠવે છે, એક શબ્દ (બોલ્યા વગર) અથવા એક હોઠ (પણ હલાવ્યા વગર)

૧૦૭૨ એમ નથી કે દૈવી હુકમનામાની અસરની પેદાશ પ્રર્વતમાન નથી પણ તેનાથી તેની અસરોની પેદાશ સમજણ માટે ગહન છે.

૧૦૭૩ જ્યારે સમજણ પયગમ્બરોમાંથી ગોખણપટ્ટીથી શીખી છે ત્યારે મુળ સિદ્ધાંતોની નજરમાં, એ હલકટ, જાણ કે તે પણ સાધિત શબ્દની ગોખણપટ્ટીથી શિખાય છે.

૧૦૭૪ જો સમજણ પુછે છે કે ખુદાથી 'મિલન' કેમ મેળવાય ? કહે, એવી રીતે કે તે તું જાણતો નથી, અને (તેથી) છેલ્લી સલામ !

હ. મુસ્તફા (ર. સ. અ.) નો હ. સિદ્દિકને ઠપકો દેવો, કહીને, મારી સાથે ભાગીદારોમાં તેને ખરીદવા હું તમારી સાથે જોડાયો હતો, તમે એટલા માટે ખરીદ્યો ? અને તેમનો (હ. સિદ્દિક)નું કારણ બતાવવું.

૧૦૭૫ તેઓએ (હ. પયગમ્બર સાહેબે) કહ્યું "ઓ સિદ્દિક, શા માટે, આ તારી ઉદારતામાં મને ભાગીદાર બનાવવા મેં કર્યું હતું,"

૧૦૭૬ તેઓએ જવાબ આપ્યો, "અમો (હું અને બિલાલ) તમારી ગલીના ગુલામો છીએ. મેં તમારી ખાતર જ તેને સ્વતંત્ર કર્યો છે.

૧૦૭૭ મને તમારો ગુલામ અને વિશ્વાસુ દોસ્ત રાખજો, મને સ્વતંત્રતા જોઈતી નથી (એમ ધારી લેવામાં) ધ્યાન રાખજો.

૧૦૭૮ કારણ કે મારી સ્વતંત્રતા તમારો ગુલામ બનવામાં સમાએલી છે. આપના વગર દુઃખો અને ગેરઇન્સાફો મારા ઉપર (વર્ષ્યા હોત)"

૧૦૭૯ ઓ તમે કે જેઓ પસંદ કરાએલા (પયગમ્બર) થવાથી આખી દુનિયાને જીવન પ્રાપ્ત થયું છે અને સામાન્ય લોકો, ખાસ કરીને હું પસંદ કરાએલો બન્યો છું.

૧૦૮૦ મારી યુવાનીમાં મારા આત્માએ સુર્યના ગોળાએ મને સલામ કરતો આભાસ અનુભવ્યો છે.

૧૦૮૧ અને મને જમીનમાંથી આસમાનમાં ઉંચકયો છે. (આટલો બધા) ઉંચા ચડતાં હું તેનો સાથી મુસાફર બન્યો છું.

૧૦૮૨ મેં (મારા મનને) કહ્યું "આ વિપરીત અને હાસ્યજનક છે. હાસ્યજનક એક બરેબરી હાલત કેમ બને ?

૧૦૮૩ જ્યારે મેં તમોને નિરખ્યા. મેં મારા ખુદને નિરખ્યો, તે આરસી ઉપર આશીર્વાદ છે કે જે તેના રસ્તામાં ચોકખી છે.

૧૦૮૪ જ્યારે મેં તમોને જોયા, હાસ્યજનક મારા માટે વાસ્તવિક બન્યું, મારો આત્મા 'કિર્તી'માં સમાઈ ગયો હતો.

૧૦૮૫ ઓ દુનિયાના આત્મા, જ્યારે મેં આપને જોયા, ત્યારે બરેબર આ (પાર્થિવ) દુનિયાનો પ્રેમ મારી આંખોમાંથી સરી પડયો.

૧૦૮૬ તારાથી મારી આંખો ભવ્ય ઇચ્છાઓથી ઓતપ્રોત બની, તે સંતોષ સિવાય (દુન્યવી) બગીચા તરફ જોતી નથી.

૧૦૮૭ મેં 'નૂર' શોધ્યું, ખરેખર મેં પ્રકાશનું 'નૂર' જોયું, મેં હુરાં શોધી. ખરેખર મેં (તારામાં) હુરાંની અદેખાઈની વસ્તુ નિહાળી.

૧૦૮૮ મેં એક ખુબસુરત યુસુફ રૂપા (જેવા સફેદ) અવયવવાળો શોધ્યો, તારામાં યુસુફોનો એક સભાગ્રહ જોયો.

૧૦૮૯ હું બહિશ્તની પાછળ શોધખોળમાં હતો, આપના પ્રત્યેક આંખોથી અને એક બહિશ્ત દેખાય છે.

૧૦૯૦ મારા સંબંધમાં આ વખાણ અંતે પ્રશંસા છે, તમારા સંબંધમાં આ ભાંડણ અને ઉપહાસ છે.

૧૦૯૧ એક સાદા ભરવાડે હ. યુસા કલી મુલ્સાહની હજુરમાં ખુદાનાં કરેલાં વખાણ જેવાં છે.

૧૦૯૨ "હું તારી જૂ શોધીશ. હું તને દૂધ આપીશ, હું તારા જોડા સાંધીશ અને તારી સમક્ષ મૂકીશ."

૧૦૯૩ ખુદાએ તેનું ભાંડણ એક વખાણના ઉચ્ચારણ માફક સ્વીકાર્યું. જો તમને પણ દયા હોય તો તે કાંઈ અદ્‌ભુત નથી.

૧૦૯૪ (તને ઓળખવામાંથી) નિષ્ફળ જવા માટે અમારા અંતઃકરણ ઉપર દયા કરો. ઓ તું કે જે (બધી) સમજણો અને વિચારોથી પર છો.

૧૦૯૫ ઓ પ્રેમીઓ, જૂની દુનિયા કે જે વાસ્તવિક દુનિયાને નવી બનાવે છે તે આવી પહોંચી છે.

૧૦૯૬ દુનિયામાંથી કે જે તેમને માટે એક ઈલાજ શોધે છે કે જેનો ઈલાજ નથી (ચાલુ) દુનિયાની લાખો અજાયબીઓ (તેમાં) સમાએલી છે.

૧૦૯૭ ઓ લોકો, આનંદ કરો, જ્યારે કે મદદ આવી પહોંચે છે. ઓ લોકો, ખુશ થાઓ, તકલીફ હટાવાય છે.

૧૦૯૮ એક સુર્ય (હ. નબી સાહેબ) નવો ચાંદ (હ. બિલાલ) ની ઝુંપડીમાં ગયા. તાત્કાલીક માગણી કરી, કહે, 'ઓ બિલાલ, અમને તાજગી આપ.'

૧૦૯૯ તમો દુશ્મનોની બીકમાં તમારા શ્વાસથી બોલી શકતા ન હતા. (હવે) તેની મુંઝવણમાં મિનારામાં ઉપર જાઓ અને (જોરથી) બોલો.

૧૧૦૦ 'મુએઝીન' દરેક દિલગીરના કાનમાં જોરશોરથી સારા સમાચારો સંભળાવી રહેલ છે ઓ, બદકિસ્મત ઈન્સાન જાગ; અને સદ્‌કિસ્મત તરફનો રસ્તો લે.

૧૧૦૧ ઓ તું કે જે આ કેદમાં અને દુર્ગન્ધ અને આ જુઓ વચ્ચે છો, ખબરદાર થા. રખેને કોઈ સાંભળી જાય, ! તું (કેદમાંથી) નાશી છુટ્યો છો, ચુપ રહે !

૧૧૦૨ ઓ મારા વ્હાલા, અત્યારે તું ચુપ કેમ રહીશ, જ્યારે (તારી કાયામાંના) દરેક વાળના મુળમાંથી એક ઢોલ પીટનાર દેખાયો છે ?

૧૧૦૩ અદેખો દુશ્મન એટલો બધો બહેરો બન્યો છે (કે) તે કહે છે, આ બધા ઢોલોના અવાજો કયાં છે ?

૧૧૦૪ તાજી મધુર તુલસી તેના ચહેરાને અડે છે, (પણ) તેના અંધાપામાં તે કહે છે–આ પજવણી શેની છે?

૧૧૦૫ હુરાં તેના હાથને ચૂંટી ભરે છે અને (પોતાના તરફ તેને) ખેંચે છે, આંધળો માણસ બેગાનો છે અને કહે છે, "તે (કોઈક) મને કયાંથી ઇજા કરે છે?

૧૧૦૬ જ્યાં ત્યાં મારો હાથ અને કાયાને ધક્કા મારતું (આ દુઃખ) શેનું છે? હું સુતેલો છું. મને થોડી વાર સુવા દો."

૧૧૦૭ તે કે જેને તું તારી ગાઢ નિદ્રામાં શોધે છે, તે આ છે! તારી આંખો ખોલ, (તું જોઇશ કે) તે પેલો દિવ્ય ચંદ્રમા છે.

૧૧૦૮ તેના વહાલાઓ ઉપર વધુ પડતાં દુઃખો ઉતારવામાં આવ્યા, કારણ કે ખુબસુરત (પ્રેમીઓ) તરફ પ્રિતમે વધુ પડતા પ્રમાણના પ્રપંચો કર્યાં.

૧૧૦૯ તે દરેક રસ્તામાં ખુબસુરતો સાથે રમત રમે છે, વળી કેટલીકવાર તે આંધળાને પ્રચંડ ક્રોધાવેશમાં ફગાવે છે.

૧૧૧૦ એક પળ માટે તે પોતાને આંધળાને હવાલે કરે છે, કે જેથી આંધળાની ગલીમાંથી એક મોટી ગરબડ ઊઠે છે.

હિલાલની કહાણી કે જે ખુદાનો એક ભાવિક દાસ હતો, તે રૂહાનીયત દૃષ્ટિ ધરાવતો (હતો) અને (પોતાના દીનમાં) માત્ર (બીજાનું) અનુકરણ કરનાર ન હતો, (ખુદાના) સજીવ જીવો તરફ એક ગુલામ બનવામાં (વેશ-પલટો કરવામાં) તેણે પોતાને સંતાડેલ હતો, નહિ કે નિરાધારપણા અંગે. પણ હ. લુકમાન અને હ. યુસુફ અને બીજાઓની માફક દેખાવમાં (દુનિયાની) ભલાઈ ખાતર તે અમુક અમીરની નોકરીમાં એક અશ્વપાલ હતો, અને પેલો અમીર મુસ્લીમ હતો પણ (રૂહાની રીતે) આંધળો. "આંધળો માણસ જાણે છે કે તેને એક મા છે, પણ તેણી કોના જેવી છે તે તે જાણી શકતો નથી. જો આ જ્ઞાન ધરાવે તો પોતાની મા તરફ પૂજ્યભાવ બતાવે, તે શક્ય છે કે તે આંધળાપણામાંથી મુક્તિ મેળવે કારણ કે (હ. નબી સાહેબે કહ્યું છે) કે જ્યારે ખુદા (તેના) દાસ માટે ઇચ્છે છે ત્યારે તે તેના દિલની આંખો ઉઘાડે છે, કે જેથી તેમની સાથે અદ્રષ્ય (દુનિયા) જોતો બનાવે.

૧૧૧૧ જ્યારે કે તમોએ હ. બિલાલના (ઉત્તમ) ગુણો વિષે સાંભળ્યું છે, ત્યારે હવે હિલાલની કહાણી સાંભળો.

૧૧૧૨ તેઓ (ખુદાઈ) રસ્તે હ. બિલાલ કરતાં વધુ આગળ વધ્યા હતા, તેઓએ પોતાની હલકી પ્રકૃતિ ઉપર વધુ સંયમ કેળવ્યો હતો.

૧૧૧૩ (તેઓ) તમારી માફક સન્માર્ગચ્યુત વ્યક્તિ ન હતા, કારણ કે દરેક પળે તમો વધુ પાછળ છો. તમો (કીંમતી) મોતીની હાલતમાંથી (કીંમત) વગરના પત્થરની હાલત તરફ જઈ રહ્યા છો.

૧૧૧૪ તે એક મહેમાનની હકીકત જેવો છે કે જે અમુક શેઠને ત્યાં આવ્યો, શેઠ તેના દિવસો અને વર્ષોને લગતી તપાસ આદરી.

૧૧૧૫ તેણે પૂછયું. "ઓ મારા દિકરા, તું કેટલા વર્ષોની ઉમરનો છો ? કહી દે, સંતાડતો નહિ, પણ (સાચી રીતે) હિસાબ કરી (મને કહે)."

૧૧૧૬ તેણે જવાબ આપ્યો, ઓ અપનાવેલા ભાઈ, અઢાર, સત્તર અથવા સોળ અથવા પંદર.

૧૧૧૭ તેણે કહ્યું "પાછળ અને પાછળ જા, ઓ અસ્થિર મગજવાળા, પાછળ જવું એ તારું રાખ. એમ દસ વરસ પછી તારી ઇચ્છા તારા જન્મ સુધી પહોંચવાની લાગે છે !"

તે જ મુદ્દાના સ્પષ્ટીકરણમાં કહાણી.

૧૧૧૮ અમુક માણસે એક અમીરને પોતા માટે એક ઘોડો આપવા માગણી કરી. તેણે કહ્યું, "જા અને પેલો ભુખરા રંગનો ઘોડો લે."

૧૧૧૯ તેણે જવાબ આપ્યો, "મને પેલો એક જોતો નથી." તેણે પૂછયું "શા માટે નહિ ?" તેણે કહ્યું, "તે પાછળ પાછળ જાય છે અને બહુ અધીરો છે.

૧૧૨૦ તે પાછળ જાય છે, તેની પુંછડીના મુળની દિશામાં પાછા પગે ઝડપથી જાય છે." તેણે જવાબ આપ્યો, "તેની પુંછડી ઘર તરફ ફેરવજે."

૧૧૨૧ આ જનાવર જેના પર તમો સવાર છો તેની પુંછડી, (એટલે કે) તમારૂં દુષ્ટ મન વિષય વાસના છે, જ્યારે પેલો ખુદનો પુજક પાછળ જાય છે.

૧૧૨૨ ઓ બદલનાર, તેની (દૈહિક) વાસના કે જે પુંછડી છે તેને હવે પછીની દુનિયા માટે પાયાની રીતે વાસના બનાવ.

૧૧૨૩ જ્યારે તમો તેની વિષયવાસના બાંધશો (અને) રોટલાથી તેને (અટકાવશો) ત્યારે પેલી વિષયવાસના પોતાનું માથું ઉમદા સમજણમાંથી બહાર કાઢે છે.

૧૧૨૪ જેમ, જ્યારે તમો એક ઝાડમાંથી એક (બિનજરૂરી) ડાળી કાપી નાખશો ત્યારે સારી હાલતવાળી ડાળીઓ તરફ જોમ વળશે.

૧૧૨૫ જ્યારે તમોએ તેની (દુષ્ટ મનની) પુંછડીને પેલી દિશામાં વાળી છે, ત્યારે જો તે પીછેહઠ કરે તો તે આશારાની જગ્યાએ જશે.

૧૧૨૬ વિનમ્ર ઘોડાઓ કે જેઓ આગળ જાય છે, પાછળ જતા નથી અને અધીરાપણું બતાવતા નથી તે (ઘોડાઓ) કેવા ઉત્તમ છે ?

૧૧૨૭ હ. મુસા કલિમુલ્લાહની કાયાની માફક ઉતાવળે જતાં કે જેને બન્ને સમુદ્રો વચ્ચેનું છેટું એક રન્નાઈની ફુંક જેવું હતું !

૧૧૨૮ પ્રેમના પંથમાં તેણે મુકેલ પગની મુસાફરીનો કાળ સાતસો વર્ષ છે, (કે જે મુસાફરી માત્ર (એક જીવન પુરતી જ) લંબાણી.

૧૧૨૯ જ્યારે કે કલ્પના (કે જે તેને) કાયામાં મુસાફરીએ ઉપાડી ગઈ એ (આના) જેવી અમાપ છે, આત્મામાં તેની મુસાફરી ઉંચામાં ઉંચા બહિશ્તમાં હોઈ શકે.

૧૧૩૦ બાદશાહી ઘોડેસ્વારો (બધા કરતાં) વધુ આગળ વધ્યા. મુર્ખ સંસારીઓએ (પોતાના જનાવરોનો ભાર) તબેલામાં ઉતાર્યો.

દ્રષ્ટાંત કથા

૧૧૩૧ તે એક વણજારાઓની વાત જેવા છે કે (જેઓ) આવી પહોંચ્યા અને એક ગામડામાં દાખલ થયા અને અમુક દરવાજે ખુલ્લો માલમ પડયો.

૧૧૩૨ (તેમનામાંના) એકે કહ્યું, આ ઘરડી ડોસીની ઠંડી દરમ્યાન ચાલો આપણે અહીં થોડા દિવસો માટે બોજો (ઉતારીએ).

૧૧૩૩ એક અવાજે ખુમ પાડી, "નહિ. બહાર બોજો ઉતારો અને પછી અંદરના ભાગમાં આવો!"

૧૧૩૪ જે ઉતારવા જેવું હોઈ તે બહારની બાજુએ ઉતારો, તેની સાથે અંદર આવો નહિ. કારણ કે આ સભાગૃહ ઉંચા દરજ્જાની જગ્યા છે.

૧૧૩૫ હિલાલ રૂહાની રીતે સ્વીકારાએલો અને એક પ્રકાશિત આત્માનો આદમી હતો (જો કે તે) અશ્વપાલ (હતો) અને એક મુસ્લિમ અમીરનો ગુલામ હતો.

૧૧૩૬ યુવાન તબેલામાં એક અશ્વપાલ તરીકે કામ કરતો, (પણ) (ખરેખર તો) તે બાદશાહોનો બાદશાહ અને (માત્ર) નામમાં એક ગુલામ હતો.

૧૧૩૭ અમીર તેના ગુલામની (ખરી) હાલતથી અજ્ઞાત હતો કારણ કે તેની પરખશક્તિ ન હતી પણ ઈબ્લીસ ધરાવતો હતો તેવી (શક્તિ હતી).

૧૧૩૮ તેણે માટી જોઈ, પણ (તેમાં) (દટાએલો) ખજાનો જોયો નહિ, તેણે પાંચ (સમજણો) અને છ (દિશાઓ) જોઈ. પણ પાંચનું મૂળ ન જોયું.

૧૧૩૯ માટીનો રંગ દ્રષ્ટિમાન છે, દીનનો પ્રકાશ સંતાએલ છે, દુનિયામાં દરેક પયગમ્બરની (હકીકત) આવી હતી.

૧૧૪૦ એક (માણસે) મિનારો જોયો, પણ તેના ઉપર પંખીનું વિરામસ્થાન ન જોયું (જો કે) મિનારાની ઉપર એક સંપૂર્ણ વિનીત બાદશાહી બાજ હતું,

૧૧૪૧ અને એક બીજા (જોનારે) એક પંખીને પોતાની પાંખો ફફડાવતું જોયું પણ પંખીની ચાંચનો વાળ જોયો નહિ.

૧૧૪૨ પણ પેલો એક જે 'ખુદાના નૂર'થી જોતો હતો તે પંખી અને વાળથી સભાગ હતો.

૧૧૪૩ અને (બીજાને) કહ્યું "મહેરબાની કરી વાળ તરફ તમારી આંખ લગાડો." જ્યાં સુધી કે તમો વાળ નહિ જુઓ ત્યાં સુધી ગાંઠ ખુલશે નહિ.

૧૧૪૪ એકે ગારામાં (માત્ર) માટીનો ઘાટ જોયો, જ્યારે બીજાએ જ્ઞાન અને કાર્યોથી વિભુશીત માટી જોઈ.

૧૧૪૫ કાયા મિનાર છે, જ્ઞાન અને (ખુદાની) તાબેદારી પંખીની માફક છે. ધારો કે ત્રણસો પંખીઓ (તેના ઉપર) વિરામ કરશે અથવા (માત્ર) તમારી ખુશી પડે તેવા બે પંખી.

૧૧૪૬ બીજો માત્ર પંખી જુએ છે. તેની આગળ અથવા પાછળ તે પંખી સિવાય બીજું કંઈ જોતો નથી.

૧૧૪૭ વાળ એ ગુપ્ત પ્રકાશ પંખીની માલીકીનો છે, જ્યારે પંખીનો આત્મા (કાયમના માટે) સહન કરનાર છે.

૧૧૪૮ પંખીનું કામ કે જેની ચાંચમાં પેલો વાળ છે તે કદી પણ બનાવટી નથી.

૧૧૪૯ તેનું જ્ઞાન આતુર રીતે પોતાના આત્મામાંથી ધસે છે, તેને (આ પંખીને) કાંઈપણ નથી કે જે (બીજા પાસેથી) ઉછીનું લીધું હોય અને કોઈના કરજે કરવો.

આ હિલાલનું બિમાર પડવું અને તેનું બિમાર પડવું તેના શેઠથી અજાણ હોવું. કારણ કે તેને ધિક્કારતો હતો અને (તેની બરી હાલત) તે જાણતો ન હતો અને હ. મુસ્તફા (ર.સ.અ.)નું દિલ તેની બિમારીથી તેની નબળી હાલતથી જાણીતું બન્યું, અને હ. પયગમ્બર સાહેબે આ હિલાલની તપાસ આદરી અને તેમને જોવા તેઓ ગયા, તે વિષે.

૧૧૫૦ (દૈવી) ભાવીથી હિલાલ બીમાર અને નબળા બન્યા, પ્રેરણા અંગે હ. મુસ્તફા, (ર.સ.અ) તેની હાલતથી માહીતગાર બન્યા.

૧૧૫૧ તેનો શેઠ તેની બિમારીથી સન્નાગ ન હતો, કારણ કે તેની દ્રષ્ટિમાં તે (હિલાલ) બીન ઉપયોગી અને થોડી કીંમતનો હતો.

૧૧૫૨ (આવો) એક ભલો તબેલામાં નવ દિવસ સુધી બીમાર પડેલો હતો અને કોઇએ પણ તેના દુઃખ ઉપર દ્રષ્ટિ કરી નહિ.

૧૧૫૩ (પણ) તેઓ એક મહત્વશીલ વ્યક્તિ અને (બધી) મહત્વશીલ વ્યક્તિઓના બાદશાહ હતા, કે જેઓનું સાગરમય અંતઃકરણ દરેક જગ્યાએ પહોંચતું હતું.

૧૧૫૪ તેમને (દૈવી) પ્રેરણા આવી, ખુદાની દયાએ (હિલાલ તરફ) સહાનુભુતી બતાવી, (હ. નબી સાહેબને) કહીને, આવો આવો એક તારી ઝંખના કરતો બિમાર પડયો છે.

૧૧૫૫ (આથી) હ. મુસ્તફા (ર.સ.અ.) તે ઉમદા હિલાલને મુલાકાત દેવા ત્યાં પધાર્યા.

૧૧૫૬ (પયગમ્બરી) ચંદ્રમા પ્રેરણાના સુરજ પાછળ દોડતો હતો જ્યારે અસહાબો ગ્રહોની માફક તેમની પાછળ અનુસરતા હતા.

૧૧૫૭ ચંદ્રમા કહે છે, "મારા અસહાબો તારાઓ છે, જેઓ (તેને અનુસરે છે તેને) માટે એક નમુનો અને બેફરમાનો તરફ ખરતા તારાની (માફક).

૧૧૫૮ (જ્યારે) પેલા (રૂહાની) સુલતાનનું આગમન પેલા અમીરને કહેવામાં આવ્યું તે કુદકો મારી ઉભો થયો, આનંદથી નાચી ઉઠયો.

૧૧૫૯ તેણે આનંદપૂર્વક પોતાના હાથોની તાળી પાડી, એમ ધારીને કે (રૂહાની) શહેનશાહ તેના કારણે આવેલ છે.

૧૧૬૦ જ્યારે અમીર ઉપલા ગ્રહમાંથી નીચે આવ્યો ત્યારે તે સખાવતમાં જે સમાચાર લાવ્યો તેને સિક્કાની લહાણી કરતો હતો.

૧૧૬૧ પછી તેણે (પયગમ્બર સાહેબની આગળ) જમીનને ચુંબન કર્યું. અને (દબદબા-પુર્વક) સલામ કરી, તેની ખુશીમાં તેને પોતાનો ચહેરો ગુલાબ જેવો બનાવ્યો.

૧૧૬૨ તેણે કહ્યું "ખુદાના નામે (તેઓ દાખલ થવાથી) આ ઘરને માન અર્પણ કર્યું છે કે જેથી આ સભાગ્રહ એક બહિશ્ત બને.

૧૧૬૩ અનેકે મારો મહેલ (કિર્તીમાં) બહિશ્તથી ઉંચો બને ! કહે, મેં મધ્યણીંદુ જોયું છે જેના ઉપર વખત ચક્કર ફરે છે."

૧૧૬૪ પૂજ્ય (પયગમ્બર સાહેબે) ઠપકાના રસ્તે તેને કહ્યું "હું તમોને મળવા આવેલ નથી."

૧૧૬૫ તેણે જવાબ આપ્યો, "મારો આત્મા તમારી માલીકીનો છે, (તમારી આગળ) મારો આત્મા તો શું? અરે, કોના કારણે આ ફિકર છે?"

૧૧૬૬ કે જેથી હું તે પુરૂષ કે જેણે તમારી પસંદગીની ફળવાડીમાં બીલવા પડયો છે તેના પગની ધુળ બનું?

૧૧૬૭ પછી તેઓએ (નબી સાહેબે) તેને કહ્યું. "ઉંચામાં ઉંચા બહિશ્તનો પેલો નવો ચાંદ (હિલાલ) કયાં છે? તે કયાં છે કે જેની માનવતા ચંદ્રમાના કિરણોની માફક પથરાએલી છે?

૧૧૬૮ પેલો બાદશાહ કે જેણે એક ગુલામની વેષભુષા પહેરી છે, અને જાસુસીના કારણ માટે આ દુનિયામાં નીચે આવેલ છે.

૧૧૬૯ "એમ ન કહે, તે મારો ગુલામ અને અશ્વપાલ છે" "આ જાણી લે કે તે બંડેરમાં (દટાએલો) બન્દનો છે."

૧૧૭૦ અરે, મને અન્નયબી થાય છે કે બીમારીથી કેવી હલકી હાલતમાં તે આવી પડેલ છે, તે બીજનો ચંદ્રમા કે જેનાથી હજારો પૂર્ણિમાના ચાંદો તેના પગની નીચે છુંદાય છે."

૧૧૭૧ તેણે (અમીરે) કહ્યું "મને તેની બિમારીની કોઈપણ બબર નથી, પણ કેટલાય દિવસો પર્યંતથી તે મહેલને દરવાજે નથી આવ્યો.

૧૧૭૨ તે ઘોડાઓ અને બચ્ચરો સાથે વસે છે, તે એક અશ્વપાલ છે, અને આ તબેલો તેનું રહેઠાણ છે.

હ. મુસ્તફા (ર.સ.અ.)નું બિમાર હિલાલને જોવા અમીરના તબેલામાં આવવું અને તેઓએ તેની કેવી કાળજી લીધી તે વિષે.

૧૧૭૩ હ. પયગમ્બર સાહેબ આતુરતાપૂર્વક તેને જોવા માટે તબેલામાં ગયા અને શોધવો શરૂ કર્યો.

૧૧૭૪ તબેલો, અંધારો, ગંધાતો અને ગંદો હતો (પણ) આ બધું (હિલાલના) મગજમાંથી) અદ્રશ્ય થયું જ્યારે મિત્રતા આવી પહોંચી.

૧૧૭૫ ઝનુની (રૂહાની) (અ.સ.) સિંહને હ. પયગમ્બર સાહેબની સુવાસ આવી. જેવી રીતે હ. યુસુફની સુગંધને તેમના બાપા (હ. યાકુબ અ.સ.) એ જાણી હતી.

૧૧૭૬ મોજીઓ દીનના ઈમાનના કારણે નથી. તે સજાતીયની સુગંધ છે કે જે (તેજ જાતના) ગુણોને (પોતાની મેળે) ખેંચે છે.

૧૧૭૭ ચમત્કારો દુશ્મનને વશ કરવાના ઇરાદા માટે (કરવામાં આવે છે), સજાતીય સુગંધ (માત્ર) દિલોના જીતવા અંગે હોય છે.

૧૧૭૮ એક દુશ્મનને વશ કરવામાં આવે છે, નહિ કે દોસ્તને, એક દોસ્તની ડોક કેમ બાંધવામાં આવે.

૧૧૭૯ તેઓ (હિલાલ) (હ. પયગમ્બર સાહેબની) સુવાસથી જાગૃત બન્યા. તેમણે (પોતાના દિલમાં) કહ્યું "એક ગંદકી ભરેલ તબેલો, અને તેમાં આવા પ્રકારની સુગંધ!'

૧૧૮૦ (પછી) ઘોડેસવારીના જનાવરોના પગોમાંથી તેમણે અપૂર્વ પયગમ્બર સાહેબનું પવિત્ર પહેરણ જોયું.

૧૧૮૧ અને તે (રૂહાની) બહાદુર તબેલાના એક ખૂણામાંથી ઘસડાતો બહાર આવ્યો અને પોતાનું માથું (હ. પયગમ્બર સાહેબના) પગો આગળ મૂક્યું.

૧૧૮૨ પછી હ. પયગમ્બર સાહેબે પોતાનો ચહેરો (હિલાલના) ચહેરા સાથે મીલાવ્યો અને તેના માથાને અને આંખોને અને ગાલો ઉપર ચુંબન કર્યું.

૧૧૮૩ તેઓ ધૂમ પાડી ઉઠયા, "ઓ માલિક આ કેવું ગુપ્ત મોતી છે? ઓ અવકાશી અજાણ્યા, તું કેમ છો? તમોને ઠીક છે?

૧૧૮૪ તેણે (હિલાલે) કહ્યું "એક કે જેની નિદ્રા (દિલગીરીથી) ઉડી ગઈ છે, તે વાસ્તવમાં કેવો છે કે જ્યારે (પયગમ્બરી)નો સુર્ય તેનાં મોંમાં આવે છે?

૧૧૮૫ એક તરસ્યો માણસ કે જે (પોતાની તરસ ઓછી કરવા) માટી ખાય છે તે (જ્યારે) (જીવનનું) જળ તેના ચહેરા ઉપર પડે છે, અને ખુશીપૂર્વક ગ્રહણ કર્યે જાય છે.

નીચેની હદીસ ઉપર વિવરણ. હ. મુસ્તફા (ર.સ.અ.) એ સાંભળ્યું કે હ. ઈસા (અ.સ.) પાણી ઉપર ચાલ્યા. (આપે) ફરમાવ્યું, "જો તેનું ઈમાન વધ્યું હોત, તો તેઓ હવામાં ચાલ્યા હોત."

૧૧૮૬ (તે કેવો છે) કે જેને વિશાળ નદી હ. ઈસા (અ.સ.) ની માફક પોતાના તટ ઉપર લ્યે છે, કહે છે, "જીવનના જળમાં તું ડુબવામાંથી સલામત છો!"

૧૧૮૭ હ. આહમદ (ર.સ.અ.) કહે છે, (તેનું) ઈમાન વધુ મોટું હોત તો હવા પણ તેને સલામત રીતે લઈ જાત.

૧૧૮૮ મારી માફક કે જે મએરાજની રાત્રીના હવામાં સવાર થયો અને (ખુદાની સાથે) 'મિલન' શોધ્યું.

૧૧૮૯ તેણે (હિલાલે) કહ્યું "એક આંધળો ગંદો કુતરો કેમ ઉંઘમાંથી જાગી ઉઠે અને પોતાને સિંહ બનેલો જુએ ?

૧૧૯૦ આવા એક સિંહને કોઈ તીર મારશે નહિ, નહિ. (પણ આવો એક કે જે) તેની તલવાર અને ભાલાના ભયથી તુટી પડશે.

૧૧૯૧ એક આંધળો માણસ (કે જે) પોતાના પેટ ઉપર એક સરપની માફક જતો હતો (તે કેવો છે કે જ્યારે) તેણે પોતાની આંખો બગીચા અને વસંતમાં ઉઠાડી ?

૧૧૯૨ કેવું (અનિશ્ચિત હસ્તિ કે જે કેવાપણાથી સ્વતંત્ર બની. કેવાપણાને બાંધતા જીવનથી મળેલ હોય તે કેવું હોય ?

૧૧૯૩ તે સ્થળ વગરની દુનિયામાં 'કેટલાપણાં'નો વહેંચણી કરનાર બનેલ છે. બધા 'કેમ' તેના મેજની આજુબાજુ કુતરાની માફક (ભેગા થયા છે.)

૧૧૯૪ તે તેમના તરફ 'અકથનીય' (મેજ)માંથી એક હાડકું ફેંકે છે મેલાપણાની હાલતમાં તું ચુપકીદી જાળવજે, આ સુરા ઉચ્ચારતો નહિ.

૧૧૯૫ જ્યાં સુધી કે તું 'કેવાપણા'થી સદંતર ધોવાઇ ગયો હોય, ઓ યુવાન, આ કિતાબ ઉપર તારો હાથ મુકતો નહિ.

૧૧૯૬ ઓ (રૂહાનીયત) બાદશાહો, હું ગંદો હોઉં કે ચોકખો, જો હું આ પદ્ધું નહિ તો પછી દુનિયામાં હું શું થયું ?

૧૧૯૭ તમે મને કહો છો, (દૈવી) બક્ષિસના કારણ માટે, વજુ કર્યા વગર પાણીની ટાંકીમાં ન જતો.

૧૧૯૮ (પણ) ટાંકીની બહારની બાંજુએ માટી સિવાય બીજું કશું જ નથી. ટાંકીમાં જે ઉતરતો નથી તે કોઇ ચોકખો નથી.

૧૧૯૯ જો પાણીને ચાલુ રીતે ગંદકી સ્વીકારવાની દયા ન હોત,

૧૨૦૦ તો તડપતા પ્રેમી અને તેની આશા ઉપર અફસોસ ! અરે, તેના અનંત કાળના અફસોસ માટે અફસોસ !

૧૨૦૧ (નહિ, પણ) પાણીને એકસો સદ્ગુણો છે, શરીરની એકસો લાગણીઓ, કારણ કે તે ગંદાને સ્વીકારે છે (અને તેમને પવિત્ર કરે છે) (તારા ઉપર) સાંતી હોજો !

૧૨૦૨ ઓ તું ખુદાના પ્રકાશ, હુસ્સામુદ્દીન, ઉડતા હલકટ સજીવ પ્રાણીઓ (ચામાચીડીયા જેવા)માંથી 'નૂર' તારૂં રક્ષણકર્તા છે.

૧૨૦૩ **'નૂર' અને તેની મઅેરાજ' તારા રક્ષણકર્તા છે, ઓ સુર્ય કે જે ચામાચીડીયાથી સંતાએલ છે.**

૧૨૦૪ સુર્યના ચહેરા આગળ એક પડદો, તે પ્રકાશ અને ભવ્યતાના વધારા સિવાય બીજુ શું છે ?

૧૨૦૫ સુર્ય ઉપરનો પડદો એ 'માલિક'નું 'નૂર' જ છે. ચામાચીડીયું અને રાત્રીને તેમાં દાખલ થવાનો અધિકાર જ નથી.

૧૨૦૬ જેવી રીતે કે તેમાંના (બન્ને) (સુર્યથી) દુર રહ્યા છે, અને (તેનાથી) પડદે છે, તેઓ
કાંતો (રાત્રી માફક) કાળા ચહેરાવાળા અથવા ચામાચીડીયા જેવા) ઠંડા રહ્યા છે.
૧૨૦૭ જ્યારે કે તે (હિલાલ) નવા ચાંદની વાર્તાનો ભાગ લખ્યો છે, તેમ હવે પૂર્ણિમાના
ચાંદની વાર્તાના શબ્દો પણ લખ.

૧૨૦૮ બીજનો ચાંદ (મુરીદ) અને પૂર્ણિમાનો ચાંદ (મુરશીદ) બને છે. એક જ છે તેઓ દ્વૈતપણાથી અને અપૂર્ણતા અને બગાડથી દુર છે.

૧૨૦૯ નવો ચાંદ આંતરિક રીતે અપૂર્ણતાથી પર છે, તેની દેખાતી અપૂર્ણતાનું કારણ
તેનું ક્રમસર વધવું છે.
૧૨૧૦ રાત્રી પછી તે ક્રમિકતાનો એક પાઠ તેને આપે છે અને ઉંડા મનનથી તે (પોતા
માટે) આરામ પેદા કરે છે.
૧૨૧૧ તે ઉંડા ચિંતનથી કહે છે "એ ઉતાવળા મુર્ખ. (માત્ર) પગથીયે પગથીએ જ એક
છાપરા ઉપર ચડી શકાય છે.
૧૨૧૨ પકાવવાનો વાડો ક્રમસર ઉકળવા દયો, જેમ એક કુશળ રસોયો કરે છે, બહુજ
ઉતાવળે પકાવેલું માંસ કાંઈ ઉપયોગનું નથી.
૧૨૧૩ શું ખુદા એક પળમાં આસમાન પેદા કરવા 'થા' (શબ્દ કહીને) શક્તિમાન કહેતો ?
કાંઇપણ શંકા વગર (તે હતો જ.)
૧૨૧૪ તો પછી, ઓ રાહનુમાઈ શોધનાર, શા માટે તેણે છ દિવસનો વખત દરેક દિવસ
એક હજાર વર્ષો જેવો, વધાર્યો ?
૧૨૧૫ શા માટે એક બચ્ચાંનું સંપૂર્ણ પેદા થવું નવ મહીનાનું છે ? કારણ કે પેલા
બાદશાહનું લાક્ષણીક કાર્ય ક્રમે ક્રમે કરવાનું છે.
૧૨૧૬ શા માટે હ. આદમના પેદા કરવામાં લીધેલ વખત ચાલીસ સવારો (દિવસોનો હતો)
(કારણ કે) તે (ખુદા) પેલી માટીને ક્રમેક્રમે (સંપૂર્ણતામાં) વધારતો હતો.
૧૨૧૭ ઓ મૂર્ખ તારી માફક નહિ કે જે હવે જ આગળ ધસ્યો છે, એક બચ્ચુ છો,
અને તમે તમારા પોતાને એક મુખી બનતો બનાવ્યો છે.
૧૨૧૮ તમો એક તુંબડાના વેલાની માફક બધાથી મથાળે દોડયા છો, (પણ) તમને ટેકો
આપવા રૂહાનીયત લડાઇ અને ઘર્ષણ કયાં છે ?
૧૨૧૯ તમોએ ઝાડો અને દિવાલો ઉપર મધ માટે આધાર રાખ્યો છે, ઓ નાના તાલકા-
વાળા, તમો એક કોળાની માફક ઉપર ચડી ગયા છો.
૧૨૨૦ જો કે શરૂઆતમાં તમો એક ઉંચા સાઇપ્રિસ ઉપર ચડી બેઠા છો છતાં અંતે તમો
સુકેલા અને ગર્ભ વગરના બાલી છો.
૧૨૨૧ ઓ કોળા, તમારો લીલો (તાજો) રંગ તરત પીળો ફેરવાઈ જશે,

કારણ કે તે શેરડા પડવામાંથી ઉતરેલો હતો. તે કાંઇ અસલ ન હતું એક ઘરડી સ્ત્રીની કહાણી કે જેણી પોતાના કદરૂપા ચહેરા ઉપરથી વાળ કાઢી લાલ પાઉડર લગાડતી. જો કે તેનાથી સુંદર કે ખુશ કરતી બનતી ન હતી.

૧૨૨૨ એક નેવું વર્ષની ઉમરની બખડી ગએલ બુઢી ડોસી હતી, તેણીનો ચહેરો કરચલીઓથી ભરપુર અને તેણીના રૂપ રંગ કેસરી (જેવો પીળો) હતો

૧૨૨૩ તેણીનો ચહેરો એક મુસાફરના બોરાકની કોથળી માફક કરેલા જેવો હતો પણ તેણીમાં ઘણી મેળવવાની એક લાલસામય ઇચ્છા હતી.

૧૨૨૪ તેણીના દાંતો પડી ગયા હતા, તેણીના વાળ દુધ જેવા સફેદ બન્યા હતા. તેણીનો બાહ્યાકાર એક ધનુષ જેવો વળેલો હતો અને દરેક ઇન્દ્રિય અશક્ત બની હતી.

૧૨૨૫ તેણીની ધણી માટેની લાલસા અને તેણીની વિષયવાસના અને તમન્ના પુરેપુરા જોરમાં હતાં. જળ માટેની લાલસા હતી. જો કે સકંજાના ટુકડા થઇ ગયા હતા.

૧૨૨૬ (તેણી) એક કુકડો કે જે બોટા વખતે બાંગ પુકારે છે (તેના જેવી હતી) એક રસ્તો કે જે કયાંય દોડી જતો નથી, એક બાલી કીટલીની નીચે એક મોટી આગ.

૧૨૨૭ (એકની માફક કે જેને) ઘોડાદોડનો ખૂબ જ શોબ છે. પણ તેની પાસે એકેય ઘોડો નથી અને દોડાવવા પગો જ નથી (અથવા) બંસી વગાડવાનો ખૂબ જ શોબ છે, પણ વગાડવા હોઠ કે બંસી જ નથી.

૧૨૨૮ યહૂદીઓને પણ (આવી) લાલસા (તેઓની) ઘરડી ઉમરમાં નહિ હોય ! અરે, તે કે જેના ઉપર બુદ્ધાએ સાચી લાલસા લાદી છે તે (કેવો) દયાજનક છે !

૧૨૨૯ એક કુતરાના દાંતો જ્યારે તે ઘરડો બને છે ત્યારે પડી જાય છે, તે લોકોને એક બાજુએ છોડી દે છે અને વિષ્ઠા (બારોગવું) ચાલુ કરે છે.

૧૨૩૦ (પણ) આ સાઠ અને સિતેર વર્ષની વયના કુતરાઓ તરફ જુઓ, તેઓના કુતરાઈ દાંતો દરેક પળે, વધુ તીણા થાય છે.

૧૨૩૧ એક બુઢા કુતરાની રૂંવાટી બરી જાય છે (પણ) આ બુઢા (ઇન્સાની) કુતરાઓ રેશમી કપડામાં ઢંકાએલાને જુઓ.

૧૨૩૨ કુતરાઓના વંશજોની માફક તેઓની સ્ત્રીઓ અને સોના માટેની લાલસામય ઇચ્છા અને કંજુસાઇ ચાલુ રીતે વધતી નિહાળો.'

૧૨૩૩ આના જેવી એક જીંદગી કે જે દોજખનો જથ્થો છે, (દૈવી) કોપના બાટકીઓ (ફાંસીગરાઓ) માટે એક માંસની દુકાન છે.

૧૨૩૪ (છતાં) જ્યારે લોકો તેને કહે છે, "તમારી જીંદગી લાંબી હો !" તે ખુશ થાય છે અને હાસ્યમાં પોતાનું મોઢું બોલે છે.

૧૨૩૫ તે આના જેવો એક શ્રાપ લાભદાયી ધારે છે, તે કદીપણું પોતાની (આંતરિક) આંખ
ખોલતો નથી અથવા (બેખબરીની ગાઢ નિદ્રામાંથી) પોતાનું માથું ઉચું કરતો નથી.
૧૨૩૬ જો તેણે ભવિષ્યની હાલત એક વાળના છેડા જેટલી પણ જોઈ હોત તો તેણે તેને
કહ્યું હોત, "તારી જીંદગી પણ આના જેવી જ હોય!"

એક દરવીશ કે જેણે ગીલાનના એક માણસને કહ્યું, "તારા ઘરે અને કુટુંબીઓ પાસે ખુદા તને સહિસલામત પાછો લાવે" તેની કહાણી.

૧૨૩૭ એક દિવસ એક ખડતલ ભિખારી (કે જે) રોટલાનો ભર્યો શોખીન હતો અને
(પોતાની સાથે) કોથળી લઈ ગયો, અપરિચિત ગીલાનના શેઠ સાથે વાતે વળગ્યો.
૧૨૩૮ તેની પાસેથી થોડા રોટલા મળતાં તે ખુમ પોડી કહે, "ઓ તું (ખુદા) કે જેની
મદદ માગવામાં આવે છે, તેના ઘરે અને કુટુંબીઓ તરફ પાછો સહિસલામત
ખુશી સાથે લાવજે!"
૧૨૩૯ તેણે (શેઠે) કહ્યું. "જો ઘર કે જે મેં (હમણાં જ) જોયું તેજ હોય તો આ ગલીચ
કંગાળ, તો ખુદા તને ત્યાં લાવે."
૧૨૪૦ કિંમત વગરના લોક દરેક વાર્તા કહેનારને ઉતારી પાડે છે. જો તેના શબ્દો મહાન
હોય તો તેઓ તેને હલકા બનાવે છે.
૧૨૪૧ કારણ કે વાર્તા (સાંભળનારની) સમજણના હિસ્સે (ઉંચા અથવા) નીચા છે. દરજી
શેઠના (ઘરાકના) માપ પ્રમાણે ડગલો કાપે છે.

ઘરડી ડોસીનું વૃત્તાંત

૧૨૪૨ જ્યારે કે સભાજનો આવા દોષ દેવામાંથી સ્વતંત્ર નથી, નીચાને દુર કરવાનું અથવા
બીનજરૂરી વાત નિવારવાનું સાધન નથી.
૧૨૪૩ સાંભળ, પેલા મુદ્દાને છોડી દીધેલ ત્યાંથી શરૂ કર, ઘરડી સ્ત્રીની કહાણીએ પાછો વળ.
૧૨૪૪ જ્યારે તે (હરકોઇ) વરસોમાં આગળ વધેલો બન્યો છે અને આ રસ્તામાં સ્વીકારા
એલો એક માણસ નથી, તેના ઉપર લાયક ડોસાનું બિરદ ઇનાયત કરો.
૧૨૪૫ તેની પાસે (કાંઇપણ રૂહાનીયત) મુડી અને મૂળભૂત સિદ્ધાંત નથી. તે વળી આવો
એક જથ્થો સ્વીકારવાને કાબેલ પણ નથી.
૧૨૪૬ તે (રૂહાનીયત) ખુશીનો લેનાર કે દેનાર નથી. તેનામાં વાસ્તવિકતા અથવા
વાસ્તવિકતામાં નિમગ્ન થવાની (શક્તિ) નથી.
૧૨૪૭ તેને નથી જીભ અથવા કાન અથવા સમજણ અને આંતરિક સમજણ અથવા
અંતઃકરણ અથવા બેહોશી અથવા પ્રતિબિંબ નથી.
૧૨૪૮ નથી નમ્રતાપૂર્વકની બંદગી અથવા કોઇ ખુબસુરતી (કે જેનાથી) ગર્વ બતાવે,
તેનું (બધું આંતરિક) ઘર ઉપર ઘર, એક કુંગળીની માફક વાસ મારતું છે.

૧૨૪૯ તેણે કોઈ રસ્તો ઓળંગ્યો નથી, નથી તેના પગને રસ્તા ઉપર પગલું મુકવાની શક્તિ, બેશરમ (ગણિકા) ને (આંતરિક) માનસિક આવેશ નથી અથવા દઝાડતો (આવેશ) અને નિસાસો (પણ) નથી.

એક દરવીશની વાર્તા કે જે જ્યારે જ્યારે અમુક ઘરમાંથી કાંઇપણ માગતો ત્યાં તે (ઘરધણી) કહ્યા કરતો, "(તે અહીં નથી)."

૧૨૫૦ એક ભિખારી એક ઘરે આવ્યો અને સુકા રોટલાના એક ટુકડાની અથવા (નવા) ભીના રોટલાના ટુકડાની માગણી કરી.

૧૨૫૧ ઘરના માલિકે કહ્યું. "આ જગ્યામાં રોટલો કયાં છે? શું તું ગાંડો છે? આ ઘર એક પાંઉવાળાની દુકાન કેમ હોય?"

૧૨૫૨ તેણે માગણી કરી "કાંઈ નહિ તો મને એક નાનો ટુકડો ગોસનો આપો." તેણે કહ્યું. "શા માટે, તે કાંઈ કસાઈની દુકાન નથી."

૧૨૫૩ તેણે કહ્યું. "ઓ ઘરના ધણી, મને થોડો આટો આપો." તેણે જવાબ આપ્યો. "શું તું ધારે છે કે આ ચક્કી છે?"

૧૨૫૪ તેણે કહ્યું "તો પછી ભલે, મને ટાંકીમાંથી થોડું પાણી આપો." તેણે જવાબ આપ્યો, "શા માટે? તે કાંઇ એક નદી કે પાણીની જગ્યા નથી."

૧૨૫૫ તેણે રોટલાથી લઇ ભુસા સુધી જે જે માગ્યું, તે ઘરધણી મશ્કરી કરતો બાકીનું અને તેની ઉઠામણી કરતો હતો.

૧૨૫૬ ભિખારી ઉપર ગયો અને તેનું પહેરણ ઉતાર્યું.

૧૨૫૭ તેણે (ઘરધણીએ) હોઇ, હોઇની ધુમ પાડી. તેણે કહ્યું, "ચૂપ રહે, ઓ એકલવાયા આદમી.

૧૨૫૮ જ્યારે કે અહીંયા જીવવાના કોઈ સાધન નથી.

૧૨૫૯ જ્યારે કે તમો એક બાજ નથી કે જેથી શિકાર પકડવા (શક્તિમાન હો), બાદશાહના શિકાર માટે હાથે કેળવાએલું (એક બાજ).

૧૨૬૦ નથી એક મોર એકસો (સુંદર) ભાતોથી રંગાએલા, કે જેથી (બધી) આંખો ચિત્ર કે જે તમો રજુ કરો છો તેનાથી પ્રકાશીત બને.

૧૨૬૧ નથી. એક પોપટ કે જ્યારે તમને સાકર આપવામાં આવે (બધા) કાનો તમારી મીઠી વાણી સાંભળવા સજાગ બને.

૧૨૬૨ નથી એક પ્રેમીની માફક ગાતી બુલબુલ, ચરાણમાં અથવા ફુલના બગીચામાં મધુર અને ખુલ્લી રીતે ગાતી.

૧૨૬૩ નથી એક સંદેશો લાવનાર હુદ હુદ, નથી ઉંચે તમારો માળો બનાવતા બગલા જેવા

૧૨૬૪ તમો કયા કામકાજમાં લાગેલા છો? અને તમે શા કારણે ખરીદાયા છો? તમો કઇ જાતના પંખી છો? અને તમો કયો ખોરાક ખાઓ છો?

૧૨૬૫ આ રકઝક કરનારાની દુકાનથી પેલે પારની કૃપાની દુકાન કે જ્યાં ખુદા ખરીદનાર છે ત્યાં સવારી કર.

૧૨૬૬ (ત્યાં) પેલા કિર્તીવંતે સામાનનો એક કટકો ખરીદ કર્યો છે કે કોઈપણ માણસ તેની હલકાઇના કારણે તેના તરફ જોશે પણ નહિ.

૧૨૬૭ તેની સાથે કોઈ ખોટો સિક્કો અસ્વીકારવામાં નહિ આવે કારણ કે ખરીદ કરવામાં તેનો ઇરાદો નફો કરવાનો નથી.

ઘરડી સ્ત્રીની કહાણી તરફ પાછા ફરવું.

૧૨૬૮ જ્યારે કે તે (ડાસી કે જે) પાનખરની માફક (ખરી પડી હતી) પરણવાની ઇચ્છા રાખતી હતી, પેલી ગણીકા આંખના સફેદ વાળો ચૂંટી લેતી હતી.

૧૨૬૯ પેલી ઘરડી સ્ત્રીએ આરસી લીધી (અને) પોતાના ચહેરા આગળ ધરી, કે તેણી પોતાના ગાલો અને ચહેરો અને મોઢું ખુબસુરત બનાવે.

૧૨૭૦ તેણીએ (તેમને) આનંદપૂર્વક કેટલીય વખત પાઉડરથી ઘસ્યા, (પણ) તેના ચહેરાની કરચલીઓ વધુ વખત સંતાએલ રહી નહિ.

૧૨૭૧ (તેથી) પેલી ગંદી પવિત્ર કિતાબનો ભાગ કાપતી હતી અને તેમને પોતાના ચહેરા ઉપર ચોંટાડતી હતી.

૧૨૭૨ એટલા માટે કે તેના ચહેરાની કરચલીઓ સંતાએલી રહે અને સુંદર સ્ત્રીઓની વચ્ચે તેથી સુંદરતાનો નમુનો બને !

૧૨૭૩ તેણી (આ) પવિત્ર કિતાબના કટકાઓ પોતાના આખા ચહેરા ઉપર લગાડતી હતી (પણ) જ્યારે તેણી બુરખો પહેરતી ત્યારે તે ખરી પડતા હતા.

૧૨૭૪ પછી તેણી પોતાના ચહેરાની બધી બાજુએ પોતાના થૂંકથી ફરીવાર ચોટાડતી હતી.

૧૨૭૫ અને ફરી એક વાર પેલી સુંદરતાનો નમુનો પોતાનો બુરખો પહેરે અને (ફરીવાર) કિતાબના ટુકડા તેના ચહેરા ઉપરથી જમીન ઉપર પડે

૧૨૭૬ જ્યારે કે તેઓ વારંવાર તેણીએ ઘણી રીતે મહેનત કર્યા છતાં ખરી પડતા ત્યારે (આખરે) તેણી બરાડી ઉઠી, "ઇબલીસ ઉપર એક સો શ્રાપ હોજો !"

૧૨૭૭ તુર્તજ ઇબલીસે (દ્રષ્યમાન) આકાર કર્યો અને (તેણીને) કહ્યુ "ઓ સુર્યના તાપમાં સુકાએલા માંસના કટકા.

૧૨૭૮ મેં મારી આખી જીંદગીમાં આવું કદી વિચાર્યું ન હતું. તારા સિવાય બીજી કોઇ ગણીકાએ આવી (ઉદ્ધતાઇ કરેલી) મેં જોઈ નથી.

૧૨૭૯ તેં બદનામીના (ખેતરમાં) અજોડ બી વાવેલ છે. તેં દુનિયામાં (કુરાનનું) એક પણ લખેલ પાનું રહેવા દીધું નથી.

૧૨૮૦ તું એક સો ઇબલીસોની ટોળીના ટોળાં છો, ઓ મૂર્ખ પતીતા, મને એકલો રહેવા દે !

૧૨૮૧ તમો કિતાબના ઈમાનના ભારો કયાં સુધી ચોરશો? એટલા માટે કે તમારો ચહેરો સફરજન જેવો રંગાએલો બને?

૧૨૮૨ કયાં સુધી તમો ખુદાઇ ઇન્સાનના શબ્દો ચોરશો કે જેથી તે તમો વેચો અને ટોળામાંથી આવકાર મેળવો?

૧૨૮૩ રંગના લપેડા લગાવવાથી તમે કદી પણ ગુલાબી બનશો નહિ. બાંધેલી ડાળી ઝાડની ફેરજ બજાવશે નહિ.

૧૨૮૪ આખરે જ્યારે મૃત્યુનો પડદો તમારા ઉપર આવે છે ત્યારે આ કિતાબના કટકાઓ તમારા ચહેરા ઉપરથી ખરી પડે છે.

૧૨૮૫ જ્યારે જાગૃત થવાનો સંદેશો આવે છે, રવાના થવાનું આવે છે ત્યાર બાદ બધી વાદ વિવાદોની કળાઓ અદૃષ્ય થાય છે.

૧૨૮૬ ચુપકી દીની દુનિયા દૃષ્ટિમાં આવે છે, (વાતો કરવી) બંધ કર! તેના માટે અફસોસ છે કે જે પોતામાં ચુપકીદી મળતીયો થતો નથી.

૧૨૮૭ એક બે દિવસ તારૂં દિલ પાલીશ કર. ઘેલી આરસી (દિલને) ધ્યાન લગાવવાની કિતાબ બનાવ

૧૨૮૮ દૂરથી બાદશાહી હ. યુસુફ (અ. સ.) નું પ્રતિબિંબ જોતાં ઘરડી ઝુલેખા એક નવી યુવાન બની.

૧૨૮૯ ઘરડી સ્ત્રીનું ઠંડા આકર્ષણનું શરદીમય વાતાવરણ તામુઝના સુર્યથી ગરમીમાં ફેરવાયું.

૧૨૯૦ હ. મરીયમના બળતા મહાદુઃખે એક સુકેલી ડાળીને ફળો આપતી બનુરીમાં ફેરવી છે,

૧૨૯૧ ઓ (તું કે જે એક) ઘરડી ડોશી (જેવો) છો, કયાં સુધી તું (દૈવી) ભાવીથી સ્પર્ધા કરીશ? હવે રેકડ શોધ, ભૂતકાળ ભૂલી જા.

૧૨૯૨ જ્યારે કે તમારા ચહેરાને ખુબસુરતી (મેળવવાની) આશા નથી ત્યારે તમારે કાંતો (તેના પર) પાઉડર લગાડવો જોઇએ અથવા જે તમારી ઈચ્છા થાય તો શાહી.

એક બિમાર માણસની કહાણી કે જેની તન્દુરસ્તીની હકીમે આશા તજી દીધી હતી.

૧૨૯૩ અમુક માંદો માણસ એક હકીમ પાસે ગયો અને કહ્યું "ઓ પૂજનીય, મારી નાડી તપાસો.

૧૨૯૪ મારી નાડી તપાસતાં મારી હૃદયની હાલતનું નીદાન કરી શકો, કારણ કે હાથનો નાડી હૃદયથી જોડાએલી છે.

૧૨૯૫ જ્યારે કે હૃદય અદીઠ છે, જો તમને તેનું પ્રતિક જોઈએ, તેની પાસેથી શોધો કે જેનો સંબંધ હૃદય સાથે હોય.

૧૨૯૬ પવન આંખથી અદ્રષ્ય છે, એ વિશ્વાસુ (દોસ્ત) (પણ) તે પવનમાં અને પાંદડાં-ઓની હલચલમાં જુઓ.

૧૨૯૭ (અને તપાસો કે) તે જમણી કે ડાબી બાજુએથી ફુંકાય છે, પાંદડાની હલચલ તેની સ્થિતીનું તમને વર્ણન આપશે.

૧૨૯૮ (જો) તમે દિલનો નશો જાણો નહિ (અને પુછો) (તે) કયાંય છે? તેનું વર્ણન નશાબાજ આંખમાંથી શોધ.

૧૨૯૯ જ્યારે કે તમો ખુદાનું તત્વ (જાણવાથી) દુર છો, તમો પયગમ્બરમાં, તત્વના વર્ણનમાં અને (તેના) ખુલ્લા ચમત્કારોમાં જાણો.

૧૩૦૦ અમુક ગુપ્ત મોઝીજાઓ અને કૃપાઓ, મુરીદના દિલ ઉપર અસર કરતા ખાસ પસંદ થએલામાંથી પરિણમે છે.

૧૩૦૧ કારણ કે તેજાનામાં (આવા રૂહાની રાહબરમાં) એકસો તાત્કાલિક (રૂહાનીયત) એકસો પુનર્જીવન છે (કે જેમાં) આટલું તો છે જ કે તેઓનો પાડોશી મદહોશ બને છે.

૧૩૦૨ **આથી પેલો નશીબદાર (મુરીદ) કે જેણે આશીર્વાદિત (રાહબરને) પોતાનું (જીવન) અર્પણ કર્યું છે, ખુદાનો સાથી બન્યો છે.**

૧૩૦૩ પુરવાર કરતો મોજીઝો કે જે નિર્જીવ વસ્તુ ઉપર અસર ઉપજાવે છે તે (હ. મુસાના) દોરડાની માફક અથવા તો (ઈઝરાલીઓથી) સમુદ્રમાં રસ્તો અથવા ચંદ્રમાના ટુકડા થવા (જેવો) છે.

૧૩૦૪ જો તે પુરવાર કરતો મોજીઝો આત્મા ઉપર આત્કાલીક અસર ઉપજાવે છે (કારણ એ છે) કે તેને (આત્માને) ગુપ્ત જોડાણના કારણે સંબંધમાં લાવવામાં આવે છે.

૧૩૦૫ નિર્જીવ વસ્તુઓ ઉપર ઉપજાવેલી અસર (માત્ર) સંજોગવશાત હોય છે. (બરોબર તો) તેઓ અદ્રષ્ય ભલા આત્માના કારણ માટે હોય છે.

૧૩૦૬ એટલા માટે કે આંતરિક હૃદય પેલી નિર્જીવ વસ્તુના કારણે અસરકારક બને (બને) (પણ) તે કેવું વધુ અદ્ભુત છે કે (રોટલાના) સત્વ વગર રોટલો (પેદા કરાય) (એટલે કે) કણક!

૧૩૦૭ કંઈપણ ગંધ વગરના હ. ઈસા (અ.સ.) ના ખોરાકનું મેજ કેવું અદ્ભુત છે! હ. મરીયમનું ફળ જે ફળવાડી વગર (નીપજ્યું હતું) તે કેવું અદ્ભુત છે.

૧૩૦૮ **સંપૂર્ણ પુરૂષ (રૂહાની રાહબર) ના આત્માથી મોઝીઝાઓ (આગળ આવે છે) (મરેલાઓ ઉપર ઇનાયત) થએલ જીવનની માફક શોધકના આત્માને અમલ કરે છે.**

૧૩૦૯ મોઝીઝો સમુદ્ર માફક છે અને બેદયાન આદમી જમીન પંખી જેવો છે જે (સમુદ્રમાં નાશ પામે છે) પણ પાણીનું પંખી વિનાશમાંથી સહીસલામત છે.

૧૨૧૦ ને (મોઝીઝો) કોઈ પણ જે અપરિચિત છે તેના ઉપર અસ્થિરતા આણે છે. પણ એક પરિચિતના આત્મા ઉપર શક્તિ ઈનાયત કરે છે.

૧૩૧૧ જ્યારે કે તમો તમારા આંતરિક દિલમાં આ પરમસુખ અનુભવતા નથી તો પછી ચાલુ રીતે બહારની દિશામાંથી તેમની રાહનુમાઈ શોધો.

૧૩૧૨ કારણ કે અસરો સમજણોને સ્પષ્ટ દેખાય છે અને આ અસરો તેના પેદા કરનારના સંબંધમાં માહિતી આપે છે.

૧૩૧૩ દરેક દવાનો ગુણ જાદુની માફક અને કોઈ પણ જાદુગરની કળાની માફક ગુપ્ત છે

૧૩૧૪ (પણ) જ્યારે તેના કાર્યો અને અસરો તમો નિહાળો છો, ત્યારે તમો તેને પ્રકાશમાં લાવો છો, ભલે તે સંતાએલી હોય.

૧૩૧૫ શક્તિ કે જે તેમાં છુપાએલી હતી તે ચોકખી રીતે દેખાય છે અને ચોકખી બનાવાય છે જ્યારે કે તે કાર્યરત બને છે.

૧૩૧૬ જ્યારે કે તમામ ચીજો અસરોના પ્રતાપે તમને જાણીતી બને છે, ત્યારે અસરોના ઉત્પાદનથી ખુદા તમોને શા માટે જાણીતો ન કરે ?

૧૩૧૭ કારણો અને અસરો (બન્ને) ગર્ભ અને છાલ છે (તેમનું) સંપૂર્ણપણું નથી તેની પેદા કરેલી અસરોની તમો કયારે તપાસ કરશો ?

૧૩૧૮ તમો વસ્તુઓની અસર સાથે દોસ્તી કરો છો તો પછી શા માટે તેનાથી કે જે બધી અસરો ઉપજાવે છે તેનાથી અજ્ઞાત છો ?

૧૩૧૯ કલ્પનાની જમીન ઉપરના લોકોથી તમો દોસ્તી કરો છો (તો પછી) શા માટે તમો પૂર્વ અને પશ્ચિમના બાદશાહ સાથે મિત્રતા કરતા નથી ?

૧૩૨૦ આ ખુદાનો અંત જ નથી, (એ) (રૂહાની) શહેનશાહ, આ (શુદ્ધાર્થજ્ઞાન) માટેની અમારી ઇચ્છાનો છેડો જ ભલે ન હોય

બિમાર માણસની વાર્તા તરફ પાછા ફરવું

૧૩૨૧ પાછો ફર અને પેલો બિમાર માણસ અને ડાહ્યો હકીમ કે જેની પ્રકૃતિ શાંત કરવાની હતી તેની કહાણી કહે.

૧૩૨૨ તેણે તેની નાડી તપાસી અને તેની (તંદુરસ્તી) ની હાલતની ચોકસાઈ કરી. (તેણે જોયું) કે તેની સાજા થવાની આશા મુર્ખાઈ ભરેલી હતી.

૧૩૨૩ તેણે કહ્યું જે પણ તારૂં દિલ ચાહે તે કરજે એટલા માટે કે આ જૂનું દર્દ તારી કાયામાંથી હટી જાય.

૧૩૨૪ તમારું માનસિક વલણ જે ઇચ્છા કરે તેને અટકાવતો નહિ. રખેમે તમારો આત્મા સંયમ અને પરહેજી વેદનાઓમાં ફેરવાય.

૧૩૨૫ જાણજો કે આત્મસંયમ અને પરહેજી આ બિમારી માટે ઇજા પહોંચાડનાર છે. તમારૂં દિલ જેની પણ ઇચ્છા કરે તે તેને અર્પણ કરજો.

૧૩૨૬ એ કહેતા, (તે) આના જેવા એક માંદા માણસ માટે નિર્દેશ (હતો) (કે) મહાન ખુદાએ કહ્યું છે "તમો ચાહો તે કરો."

૧૩૨૭ તેણે (બિમાર માણસે) કહ્યું "(હવે) તું જો, એ તારા કાકાના આત્મા, હું નદીના કિનારે ફરવા માટે જઈ રહ્યો છું."

૧૩૨૮ તે તેના દિલની ઇચ્છા મુજબ પાણીની પાસે આંટા ફેરા લેતો હતો. એટલા માટે કે માટે તંદુરસ્તીનો દરવાજો શોધી શકે?

૧૩૨૯ નદીના કિનારે એક સુફી, પોતાના હાથ અને ચહેરો ધોતો અને પોતાને વધુ અને વધુ સ્વચ્છ કરતો બેઠો હતો.

૧૩૩૦ તેણે તેની (સુફીની) ગરદનની બોચી જોઈ, એક ગાંડા માણસની માફક, તેના ઉપર એક થપ્પડ મારવાની ઇચ્છા ઉદ્ભવી.

૧૩૩૧ (તેથી) તેણે પોતાનો હાથ ઘાડા સુપના શોખીન સુફીની બોચી ઉપર એક ફટ લગાડવા ઊંચો કર્યો.

૧૩૩૨ (પોતાના મનમાં) કહે, "હકીમે મને કહ્યું છે કે જો હું મારી ઇચ્છાના અમલ નહિ કરૂં તો તે મને બિમાર બનાવશે.

૧૩૩૩ હું ઝગડામાં તેને એક તમાચો લગાવીશ, કારણ કે (ખુદાએ કહ્યું છે) 'તમારા પોતાના હાથે પોતાના વિનાશમાં નાખો નહિ."

૧૩૩૪ (પોતા ને કહે છે) આ ફલાણા, આ આત્મસંયમ અને પરહેજી (તારો) વિનાશ છે તેને એક સારા જેવો ફટકો લગાવ, બીજાઓ માફક શાંત રહેતો નહિ.

૧૩૩૫ જ્યારે તેણે એક તમાચો માર્યો, ત્યાં એક ફાટ પડવાનો અવાજ ઉઠ્યો, સુફીએ બુમ પાડી "ઓઇ, ઓઈ, ઓ બદમાસ ભડવા!"

૧૩૩૬ સુફી તેની મુઠીથી બેત્રણ ફઠકા અને તેની મુછ ખેંચી કાઢવાની અને દાઢીના કટકે કટકા કરવાની તૈયારીમાં હતો, (પણ તેમ ન કર્યું).

૧૩૩૭ માણસજાત ક્ષયના દર્દી (જેવા) સહન કરનારા છે અને (તેઓના દર્દની) દવા વગરના છે, અને સંતાનના પ્રપંચ અંગે (તેઓ) એકબીજાને લાલસાપૂર્વક તમાચા ફટકારે છે.

૧૩૩૮ (તેઓમાંના) બધા નિર્દોશોને ઇજા કરવા તત્પર છે અને એક બીજાની પીઠ પાછળ બુલેા શોધતા ફરે છે.

૧૩૩૯ એ તું કે જે બે ગુનાહની બોચીઓ ઉપર ફટકારે છે, શું તું તારી પાછળ આપતો બદલો જોતો નથી?

૧૩૪૦ એ તું કે જે કલ્પના કરે છે કે (ભોગ વિલાસની) ઇચ્છા તમારી (સાચી) દવા છે અને નબળાઓ ઉપર તમાચાઓ ઝીંકે છે.

૧૩૪૧ તે કે જેણે (તમારી બિમારી માટે) આ ઇલાજ છે એમ કહ્યું. તેણે તમારા તરફ હાંસી કરી છે, "તે તે છે કે જેણે હ. આદમને ઘઉં તરફ દોરવ્યા."

૧૩૪૨ કહીને, એ તમો બન્ને કે જેઓ મદદની આજીજી કરો છો, ઇલાજ તરીકે આ દાણો ખાઓ કે જેથી તમો કાયમને માટે (બહિશ્તમાં) વસવાટ કરો."

૧૩૪૩ તેણે હ. આદમને કુબ્જતો બનાવ્યો અને બોચી ઉપર એક તમાચો માર્યો, પેલો તમાચો પાછો હટયો અને તેના (સંતાનના) માટે એક બદલો બન્યો.

૧૩૪૪ તેણે તેમને (હ. આદમ અ.સ.)ને ભયંકર રીતે પાછા ઉતરી પડવામાં કુબ્જતા બનાવ્યા, પણ ખુદા તેને (હ. આદમ અ.સ.)નો ટેકો અને મદદગાર હતો.

૧૩૪૫ હ. આદમ (અ.સ.) એક ડુંગર મિજાજ હતા, (ભલે) જો તેઓ (પાપના) સરળોથી ભરેલા હતા (છતાં) તેઓ ઝેરની વારણની એક બાણ હતા, અને સલામત હતા.

૧૩૪૬ તમો, કે જેઓ ઝેરી વારણનો એક અણુ પણ ધરાવતા નથી, તો પછી શા માટે તમો (મુક્તિથી) તમારી આશામાં મુરબ્બ બન્યા છો?

૧૩૪૭ તમારી બાબતમાં હ. (ઇબ્રાહીમ) ખલિલુલ્લાહ જેવો ખુદામાં વિશ્વાસ કર્યા છે? અને હ. (મુસા) કલિમુલ્લાહ (ઉપર ઇનાયત થએલી) (દૈવી) જેવી કૃપા તમો કયાંથી મેળવશો?

૧૩૪૮ કે જેથી તમારી છુરી હ. ઇસમાઇલ (અ.સ.)નું ગળું કાપે નહિ અને તમો નાઇલના ઉંડાણોને સુકો સરીયામ રસ્તો બનાવો?

૧૩૪૯ જો એક આશીર્વાદીત મિનારા ઉપરથી પડે (અને) તેના કપડામાં ભરાતા પવનથી બચાવાય.

૧૩૫૦ અરે ભલા માણસ, તો પછી શા માટે તમો પોતાને પવનને હવાલે કરો છો જ્યારે કે તમો (તેજ) સદ્‌કિસ્મત માટે બાજીવાળા નથી?

૧૩૫૧ આ મિનારામાંથી લાખો (લોકો) હ. આદમની માફક નીચે પડયા, અને પોતાના માથા અને દિલો પવનને હવાલે કર્યા.

૧૩૫૨ પેલાઓ કે જેઓ આ મિનારામાંથી લાખોના લાખો માથાભર પડયા તેમને નિહાળો.

૧૩૫૩ (જો) દોરડાના નાચની કળામાં જો તમો ચોક્કસ ન હો તો તો તમારા પગોનો આભાર માનો અને જમીન ઉપર ચાલો.

૧૩૫૪ કાગળની આંખો બનાવો નહિ અને એક હુંગરાના (મથાળેથી) ઉંડો નહિ, કારણ કે આ ગાંડપણમાં ઘણાએક માથાં (વિનાશ) પામ્યાં છે.

૧૩૫૫ જોકે સુંદ્રી અગ્નિથી સળગતો હતો (છતાં) તેણે પોતાની આંખો પરિણામ ઉપર ચોંટાડી.

૧૩૫૬ તે હારમાં આગળ રહે છે, ફતેહની સાથે કે જે ગલમાંનો પદાર્થ લેતો નથી અને છટકામાં કેદીપણાનો (ભય) જુએ છે.

૧૩૫૭ વિનાશમાંથી કાયાને સાચવી રાખે તેવું નિહાળતી બન્ને ઉમદા આંખો કેવી અદ્‌ભૂત છે!

૧૩૫૮ તે (દીર્ઘદૃષ્ટિ) અંતના દેખાવમાંથી (ઉતરે છે) કે જે હ. આહમદ (ર.સ.અ.) એ જોએલ હતી, કે જેઓ અહીં પણ (આ ચાલુ જીવનમાં) દોજખની દરેક વસ્તુ જોતા હતા.

૧૩૫૯ અને 'તખ્ત' જોયું અને ઢાળીયું મેજ અને બહિશ્તના બગીચા જોયા કે જેથી તેઓએ (અજાણ્યા) અનુપકારીપણાનો પડદો ચીર્યો.

૧૩૬૦ જો નુકશાનીમાંથી સલામત બનવાની તમારી ઈચ્છા હોય તો શરૂઆત તરફ તમારી આંખ મીંચો અને અંતનો કાળજીપુર્વક વિચાર કરો.

૧૩૬૧ કે જેથી તમો તદ્દન ક્ષુદ્ર બધી વસ્તુઓને (ખરેખરા) અસ્તિત્વની માફક નિહાળો અને (બધી) સ્થુળ વસ્તુઓને જુઓ, ઇન્દ્રિઓથી વિગતવાર જાણો.

૧૩૬૨ આટલું તો લક્ષમાં રાખો કે દરેક જણ કે જે સમજણ ધરાવે છે તે અસ્તિત્વ ન ધરાવતાની શોધમાં રાત્રી અને દિવસ (લાગેલા) છે.

૧૩૬૩ માગવામાં, તે એક વિપુલતા શોધે છે કે જે 'નહિવતપણામાં' છે, તે કે જે હસ્તિમાંજ નથી તેમાંથી તે નફો શોધે છે.

૧૩૬૪ ધાન્યના ખેતરમાં, તે આવક (પાક) શોધે છે કે જેનું અસ્તિત્વજ નથી. ફળવાડીઓમાં તે એક ખજુરી શોધે છે કે જે હસ્તિમાંજ નથી.

૧૩૬૫ પાઠશાળાઓમાં તે જ્ઞાન શોધે છે કે જેનું અસ્તિત્વ જ નથી, તે ક્રિશ્ચીયન મઠોમાં સદાચાર શોધે છે કે જેની હસ્તિજ નથી.

૧૩૬૬ તેઓએ (બુદ્ધિવાનોની) (ખરેખરી) અસ્તિત્વ ધરાવતી ચીજોને પોતાની પાછળ ફેંકી દીધી છે અને (ખરેખર) અસ્તિત્વ ન ધરાવતી ચીજોને શોધનારા અને તેઓને અર્પણ થનારા બન્યા છે.

૧૩૬૭ કારણકે ખુદાઈ કૃત્યોની ખાણ અને બજાનો બીજું કંઈ નથી કે અસ્તિત્વ ન ધરાવતી ચીજોને દ્રષ્ટિમાં આવતી બનાવે.

૧૩૬૮ આપણે અગાઉ આ (મુદ્દા) ઉપર થોડી સુચનાઓ આપી છે, આ (ચાલુ વિવરણને) નજરમાં રાખ અને તે (અગાઉનું વિવરણ) એક જ છે, બે નહિ.

૧૩૬૯ (અગાઉ) કહેવાઈ ગયું છે કે દરેક કળાબાજ કે જે (દુનિયામાં) દેખાણો તેની કળા બતાવવામાં 'શુન્ય'ને પોતાનું રહેઠાણ બનાવ્યું.

૧૩૭૦ મકાન બાંધનારે ભાંગીતુટી જગ્યા શોધી કે જે નાશ પામી હતી અને (જેનાં) છાપરાઓ પડી ગએલાં હતાં.

૧૩૭૧ પાણી ઉપાડનારે એક ઘડો કે જેમાં પાણી ન હતું, અને સુતારે એક ઘર કે જેને દરવાજો ન હતો તે શોધ્યો.

૧૩૭૨ પોતાના ધ્યેયને પુરૂં કરવાની પળે તેઓ 'શુન્ય'માં ધસ્યા (પછી) (ત્યારબાદ) તેઓ શુન્યમાંથી ભાગે છે.

૧૩૭૩ જ્યારે કે તમારી આશા 'નહિવતપણા'માં છે તો શા માટે તેની આ અવહેલના છે? તે કે જેનાથી તમારી ઈચ્છા મળતી છે તેનાથી આ વિરૂદ્ધાઈ શા માટે?

૧૩૭૪ જ્યારે કે 'શુન્યતા' તમારી ઇચ્છાથી મળતાવડી છે, ત્યારે શા માટે ક્ષુદ્ર વસ્તુઓ અને નહિવતપણાની અવહેલના છે?

૧૩૭૫ ઓ (વહાલા) આત્મા, જો તમો નહિવતપણાથી આંતરિક રીતે મળતીયા નથી તો શા માટે નહિવતપણા માટે તમો છટકામાં વાટ જુઓ છો?

૧૩૭૬ તમોએ તમારૂં દિલ તમારી બધી માલીકી ઉપર તોડી નાખેલ છે, તમોએ તમારા દિલની જાળ નહિવતપણાના દરિયામાં બીછાવી છે.

૧૩૭૭ તો પછી, શા માટે, (દિલની) ઇચ્છાના આ દરિયામાંથી ભાગવું કે જેણે તમારી જાળમાં લાખો શિકાર ફસાવ્યા છે.

૧૩૭૮ તો પછી શા માટે તમોએ મૃત્યુ નામ આપ્યું છે કે જે (ખરેખર તો) આત્મા માટેનો ખોરાક છે? જાદુ-કળા કે જે ખોરાકને મૃત્યુ દેખાતો બનાવે છે.

૧૩૭૯ તેના (ખુદાના) કૃત્યોના જાદુએ તારી બન્ને આંખો બાંધી લીધી છે, કે જેથી (દુનિયા) ની બીજી માટેની ઇચ્છાએ તમારા આત્મા ઉપર સરસાઈ મેળવી છે.

૧૩૮૦ પેદા કરનારની ચાલાકી અંગે, તેમાં (તમારા આત્મામાં) બીજી ઉપરનો વિસ્તાર ઝેર અને સરપોથી ભરેલ કલ્પના કરે છે.

૧૩૮૧ અનિવાર્યપણે તેણે (પોતાના માટે) ખાડાને આશ્રયસ્થાન બનાવ્યું છે કે જેથી મૃત્યુની (બીક) ખાડામાં ફગાવી દીધેલ છે.

૧૩૮૨ ઓ વહાલા મિત્ર, તમારા ગેરરસ્તે દોરવાએલા ખ્યાલના સંબંધમાં જે મેં કહ્યું તે સાંભળ્યા (બાદ) આ જ વિષય ઉપર 'અતાર'ના ઉચ્ચારણો પણ સાંભળ.

સુલતાન મહમુદ અને હિન્દુ છોકરાની કહાણી.

૧૩૮૩ તેના ઉપર ખુદાની કૃપા હોઈને, તેણે તે કહી, બાદશાહ મહમુદ ગાઝીની આ નિરસ વાર્તા કહી સંભળાવી.

૧૩૮૪ હિન્દની તેની ચડાઇની લુંટ દરમ્યાન એક છોકરો (કે જેને) પેલા શહેનશાહની હજુરમાં લાવવામાં આવ્યો હતો.

૧૩૮૫ ત્યારબાદ તેણે તેને પોતાનો પ્રતિનિધિ બનાવ્યો અને તખ્ત ઉપર બેસાડયો, અને (બાકીના) લશ્કર ઉપર તેને પસંદગી આપી અને 'પુત્ર' કહીને બોલાવ્યો.

૧૩૮૬ ઈમાનના બાદશાહના વિવરણની વાર્તામાં લંબાઇ અને પહોળાઇની બધી બાબતો નજરમાં રાખજે.

૧૩૮૭ ટુંકમાં છોકરાને બાદશાહ, શહેનશાહની બાજુમાં સોનાના તખ્ત ઉપર બેસાડવામાં આવ્યો.

૧૩૮૮ તે રોયો અને બળતા અંતઃકરણે આંસુ વહાવ્યાં, બાદશાહે તેને કહ્યું, ઓ તું કે જેનો દિવસ (સદ્‌કિસ્મત) વિજયવંતો છે.

૧૩૮૯ શા માટે તારે રોવું જોઇએ ? શું તારૂં નશીબ અજુગતું બન્યું છે ? તું બાદશાહોની ઉપર છો. (તું) શહેનશાહનો માનીતો સાથી (છો).

૧૩૯૦ તું આ તખ્ત ઉપર બેઠેલ છે, જ્યારે વઝીર અને સૈનિકો તારા તખ્ત આગળ હારબંધ તારાઓ અને ચંદ્રમાની માફક ઊભા છે.

૧૩૯૧ છોકરાએ કહ્યું, "સખત રોવાનું મારૂં કારણ પેલી પારનું શહેર અને દેશ છે."

૧૩૯૨ મારી મા મને હમેશાં તારી બીક બતાવતી હતી. (કહેતી), હું તને સિંહ, મહમુદના હાથમાં પડેલ જોઉં !

૧૩૯૩ પછી મારો બાપ મારી મા સાથે વાદવિવાદ કરતો (અને) જવાબમાં કહેતો, "આ કેવો ગુસ્સો અને દુઃખ છે ?"

૧૩૯૪ આવા મૃત્યુસમ શ્રાપ કરતાં બીજો હળવો શ્રાપ તું શોધી શકતી નથી !

૧૩૯૫ તું તદ્દન દયા વગરની અને ખૂબ જ સખત દિલની છો, કારણ કે તું ખરેખર તો એક સો તલવારોથી તેને કાપી રહી છો.

૧૩૯૬ તેઓ બન્નેની વાતોથી હું નિરાશ બનતો, એક (મોટી) બીક અને દુઃખ મારા અંતઃકરણમાં છવાઈ જતું.

૧૩૯૭ (ધારતો) અરે, અદ્‌ભૂત ! મહમુદ કેવો દ્વેજખી પુરૂષ હોવો જોઇએ. કારણો કે તે દુશ્મનાઈ અને દુઃખના માટે કહેવત રૂપ બન્યો છે.

૧૩૯૮ હું તમારી કૃપાવંત વર્તણુંક અને ઉંચા ભાવથી અજ્ઞાન હોતાં તમારી બીકમાં ધ્રુજી ઉઠતો.

૧૩૯૯ ઓ દુનિયાના બાદશાહ, મારી માતા ક્યાં છે કે જે તખ્ત ઉપર બેઠેલો અત્યારે મને જુએ ?

૧૪૦૦ રૂહાનીયત ગરીબાઈ તમારો મહમુદ છે, ઓ વિપુલતા વગરના આદમી તમારી (વિષયવાસનામય) પ્રકૃતિ હમેશાં તમોને તેનાથી બાંધેલા રાખે છે.

૧૪૦૧ જો તમોને આ ઉદાર મહમુદનું દયાળુપણું જાણવામાં આવે તો તમો આનંદપુર્વક પુકારી ઉઠશો, "અંત વખાણવા લાયક બનો!"

૧૪૦૨ ગૌરીબાઈ તમારો મહમુદ છે, એ કાયર દિલના આદમી, આ માતા, એટલે કે તમારી ગેરરસ્તે દોરવતી પ્રકૃતિને સાંભળતો નહિ.

૧૪૦૩ જ્યારે તમો ગરીબાઈના શિકાર બનો, ત્યારે તમો કયામતના દિને હિન્દુ છોકરાની માફક ચોક્કસ ખુશીના આંસુ સારશો.

૧૪૦૪ અલબત્ત કાયા એક માતાની માફક આત્માને પોષે છે, છતાં તે એક સો દુશ્મનો કરતાં તમને વધુ હાનિકર્તા છે.

૧૪૦૫ જ્યારે તમારી કાયા બિમાર પડે છે ત્યારે તે તમોને દવા શોધતો બનાવે છે અને જો તે મજબુત બને છે તો તે તમને એક હિંસક સેતાન બનાવે છે.

૧૪૦૬ જાણ કે આ દુષ્ટ કાયા એક માનના પોષાક માફક છે. તે એક નકામા પોષાક માફક છે.

૧૪૦૭ (છતાં) કાયા (તમારા માટે) સારી છે, કારણ કે ધીરજ કે જે (તમારી ઇચ્છાઓ દબાવતી બતાવો છો) ધીરજ ધરતાં દિલ (રૂહાનીયત શાંતીઓ) ફુલે છે.

૧૪૦૮ લોહી અને વિષ્ઠા બનવાની વચ્ચે બતાવેલી ધીરજ ઉંટડીનું બચ્ચું ત્રણ વર્ષનું થાય ત્યાં સુધી પોષવા દુધ શક્તિમાન બનાવે છે.

૧૪૦૯ ચંદ્રમાએ (અંધારી) રાત્રીએ બતાવેલી ધીરજ તેને પ્રકાશિત બનાવે છે. ગુલાબે કાંટા તરફ બતાવેલી ધીરજ તેને સુવાસિત બનાવે છે.

૧૪૧૦ અશ્રદ્ધાળુઓ તરફ સઘળા પયગમ્બરોએ બતાવેલી ધીરજે તેમને ખુદાના પસંદ કરેલા અને વિજયવંતા રૂહાની બાદશાહો બનાવ્યા.

૧૪૧૧ જ્યારે કોઈ સુંદર વસ્ત્ર પરીધાન કરેલાને જુઓ તો જાણજો કે તે તેણે ધીરજ અને મહેનત અંગે મેળવેલ છે.

૧૪૧૨ જો તમો કોઇને નગ્ન અને કંગાળ જુઓ તો તે તેનામાં રહેલી ધીરજની ખામીની સાબિતી છે.

૧૪૧૩ હરકોઈ જે એકલો લાગે છે અને જેનો આત્મા દુઃખથી ભરેલો છે તે જરૂર દુષ્ટ સાથે ભળેલો હોવો જોઇએ.

૧૪૧૪ જો તેણે ધીરજ અને (ખુદાઈ) વફાદારીની મિત્રતા બતાવી હોત તો તેણે તેનાથી બુદ્ધાપણા અંગે ઊંઠ પર પડેલ આ ફટકો સહન કર્યો ન હોત.

૧૪૧૫ તે દુધ સાથે મધ મળી જાય તેમ મળી ગયો હોત, "હું તેમને જે અસ્ત પામે છે તેને ચાહતો નથી."

૧૪૧૬ (પણ) અનિવાર્યપણે તે એકલો રહ્યો ન હોત ભલે પછી વણઝારાઓએ રસ્તા ઉપર અગ્નિ બાકી રાખ્યો હોત.

૧૪૧૭ (પણ) ધીરજની ખામી અંગે તે (ખુદા) સિવાય બીજાઓથી ભાગીદાર તરીકે જોડાયેા
તેના જુદાઇપણા અંગે તે દિલગીર અને ભલાઈથી વંચિત બન્યેા.
૧૪૧૮ જ્યારે તમારી મિત્રતા એક સેાના જેવી કિંમતી છે, ત્યારે તમેા એક બેવફાની સાથે
તેને વિશ્વાસમાં કેમ મુકેા છેા ?
૧૪૧૯ તેનાથી દેાસ્તી કરેા કેાની પાસે તમારી થાપણેા સલામત અને અખંડ અને નુકસાન વગરની છે

૧૪૨૦ તેની દેાસ્તી કરેા કે જેણે (માનવ) પ્રકૃતિ પેદા કરી અને પયગમ્બરેાની પ્રકૃતિઓને મહાન અને સંપૂર્ણ બનાવી.

૧૪૨૧ જો તમેા (તેને) એક ઘેટું આપશેા તેા તે આખું ઘેટાનું ટેાળું પાછું આપશે, બરેાબર
'માલિક' દરેક (ભલી) પ્રકૃતિનેા પેાષનાર છે.
૧૪૨૨ શું તમેા એક ઘેટાંને વરૂને સેાંપશેા ? (નહિ), વરૂ અને યુસુફ એકબીજાના સાથીદાર
તરીકે મુસાફરી કરે તેમ કરેા નહિ.
૧૪૨૩ જો વરૂ તમારા તરફ લેાંકડીપણું બતાવે તેા બબરદાર રહેજો. (તેનેા) વિશ્વાસ કરતેા
નહિ કારણ કે તેની પાસેથી કાંઈ પણ ભલાઇ બહાર આવશે નહિ.
૧૪૨૪ જો એક અધમ કુળનેા માણસ તમારા તરફ સહાનુભુતી બતાવે. (છતાં) પણ અંતમાં
તે તમારા ઉપર પેાતાના અધમપણાના કારણે ફટકાએા ફટકારશે.
૧૪૨૫ તે (અધમ) દેખાવમાં સારી રીતભાત રાખે છે (સ્ત્રીઓ અને પુરૂષેા પણ) એમ સમજો
કે ખુશ થાય છે, પરંતુ સમય આવે દેખાઇ આવે છે.
૧૪૨૬ તે સ્ત્રીઓ સાથે મિત્રાચારી બાંધે છે, અને બહેન તરીકે જાહેરમાં બેાલાવે છે, કે
તે તેણીથી જાણીતેા થઈ જાય.
૧૪૨૭ તેણીને બીજા મરદેાથી હાથ આડેા રાખી છુપાવે છે, એટલા માટે કે પેાતાને બીજાની
નજરમાં સગાવહાલા તરીકે ઓળખાવે.
૧૪૨૮ ખુદાતઆલાએ ફરમાવ્યું છે કે અમેા આવાની દગલબાજી અંગે એક વખતે તેઓ
ઉપર ગલબેા ઉતારશું.
૧૪૨૯ એટલા માટે કે આપણા જોનારાઓ પેલા અલ્પજનના દેખાવપણાથી સપડાએલા ન બને.
૧૪૩૦ (આ બાબતનું) તાત્પર્ય એ છે કે પુરૂષત્વ દરેક પુરૂષમાંથી બહાર આવતું નથી. જો
ડાહ્યા હેા તેા અજ્ઞાન માણસથી બબરદાર રહેજો.
૧૪૩૧ સુંદર વાણી ઉચ્ચારતા અજ્ઞાનની દેાસ્તી ભાવ સાંભળતા નહિ, કારણ કે તે એક
જૂના (કાતિલ) ઝેર જેવું છે.
૧૪૩૨ તે તમને કહે છે, એ તારી માતાના આત્મા ! એ મારી આંખેાના તેજ ! (પણ)
પેલાં (હેતાળ વચનેા) માંથી તમેાને માત્ર દુઃખ અને દિલગીરી જ વધશે.
૧૪૩૩ પેલી (મુર્ખ) માતા ખુલ્લી રીતે તમારા પિતાને કહે છે", નિશાળે જવા અંગે મારૂં
બચ્ચું બહુ નબળું થાય છે.

૧૪૩૪ જો તમોને તે બીજી ઘરવાળીથી મળેલું હોત તો તમો આવી ઘાતકી રીતે અને સખ્તાઇથી તેની સાથે વર્ત્યા ન હોત."

૧૪૩૫ (તમારા પિતા જવાબ આપે છે) અમારૂં બચ્ચું તારાથી નહિ પણ બીજી (ઘરવાળીથી) જન્મેલ હોત, તો તે ઘરવાળીએ પણ આના (જેવી જ) અક્કલ વગરની વાત કરી હોત.

૧૪૩૬ ખબરદાર રહે, આ માતા અને તેની બોટી ખુશામતમાંથી પાછો હટી જા, તારા પિતાનો તમાચો તેણીની મીઠાઈ કરતાં વધુ સારો છે.

૧૪૩૭ માતા એ દુષ્ટ મન છે અને પિતા ઉમદા સમજણ છે, તેમની શરૂઆત બંધન છે પણ તેનો અંત (આત્માના) એક સો વિસ્તારો છે.

૧૪૩૮ બો (બધી) સમજણોના આપનારા મારી મદદે આવો, તારા સિવાય બીજા કોઇ આવી શકશે નહિ.

૧૪૩૯ (ભલાઇની) ઇચ્છા અને ભલાં કૃત્યો બન્ને તારામાંથી બહાર આવે છે. અમો તે કોણ ? તું જ પહેલો છો, તું જ છેલ્લો છો.

૧૪૪૦ તું જ બોલે છે અને તું જ સાંભળે છે અને તું જ બનાવે છે ! અમો શુન્ય હોવા છતાં આ બધું કોતરીએ છીએ.

૧૪૪૧ તારી ઇચ્છાને અહમ આધીન થવાને કારણે તું (તારી) બંદગી માટેની અમારી ઇચ્છા વધારે છે. (અમારા ઉપર) પ્રમાદ અને આવશ્યકતાની વિલીનતા મોકલતો નહિ

૧૪૪૨ આવશ્યકતા સંપૂર્ણતાની પાંખ અને પીંછાં છે, આવશ્યકતા એ જેલ અને પ્રમાદપણાની બેડીઓ પણ છે.

૧૪૪૩ જાણ કે આ આવશ્યકતા નાઇલ નદીના પાણીની માફક છે, સાચા ઇમાનદાર માટે પાણી અને બેઇમાન માટે લોહી.

૧૪૪૪ બાજોને પાંખો બાદશાહ પાસે લઈ જાય છે, પાંખો કાગડાઓને કબ્રસ્તાન લઈ જાય છે.

૧૪૪૫ હવે નહિવતના વર્ણન તરફ પાછો ફર કારણ કે તે અમૃત જેવું છે. જો કે તમો તેને ઝેર ધારો છો.

૧૪૪૬ બો સાથી ચાકર સાંભળ અને હિન્દુ છોકરાની માફક જ નહિવતપણાના મહમુદથી બીમાર બન નહિ.

૧૪૪૭ હસ્તિ કે જેમાં તમો અત્યારે છો તેનાથી બીઓ, તમારી પેલી કલ્પના કંઇજ નથી અને તમો પોતે પણ કંઇજ નથી.

૧૪૪૮ એક 'કંઇ નહિ' બીજા 'કંઇ નથી' થી પ્રેમમાં પડેલ છે, કોઈ નહિવતે કદી રસ્તો રૂંધ્યો અને બીજા નહિવત ઉપર (હુમલો કર્યો છે ?)

૧૪૪૯ જ્યારે આ કલ્પનાઓ તમારી આગળથી જુદી પડી છે કે જેને તમો સમજો છો ત્યારે તે ગુપ્ત રહેતી નથી પણ તમોને સ્પષ્ટ દેખાય છે.

પેલાઓ કે જેઓ પસાર થઇ ગયા છે તેઓ મૃત્યુના કારણે દિલગીર બનતા નથી, તેઓએ માત્ર દિલગીરી (જીવનની) તકો ગુમાવી દીધી તેજ હોય છે.

૧૪૫૦ માણસ જાતના પયગમ્બર સાહેબે ખરૂંજ કહ્યું છે કે આ દુનિયામાંથી જે પણ કોઈ મરણ પામેલ છે.

૧૪૫૧ મૃત્યુના કારણે દિલગીર અથવા પસ્તાવો અથવા નિરાશા અનુભવતો નથી પણ તે તક ગુમાવવાના કારણે એક સો દિલગીરીઓ અનુભવે છે.

૧૪૫૨ (પોતાના મનમાં) કહે છે, શા માટે મૃત્યુને મેં મારો હેતુ ન બનાવ્યો? (મૃત્યુ કે જે) દરેક નશીબ અને દરેક આજીવીકાની વખાર છે.

૧૪૫૩ (અને શા માટે), મારી આખી જીંદગી મારૂં ધ્યાન પેલી કલ્પનાઓ કે જે છેવટની ઘડીએ નાશ પામી તેના ઉપર લગાવ્યું?

૧૪૫૪ મરણ પામવાની દિલગીરી મૃત્યુના કારણે નથી, તેનું કારણ, "આપણે (વિલક્ષણ) રૂપો ઉપર રહેઠાણ કર્યું."

૧૪૫૫ અને આ આપણે નિરખ્યું નહિ, કે પેલાં (માત્ર) રૂપ અને ક્ષીણ છે (અને કે) ક્ષીણ ચાલ્યું છે અને સમુદ્રથી ધરાયું છે.

૧૪૫૬ જ્યારે સમુદ્રે ફિણોના થર કિનારા ઉપર ફેંકયાં છે, કષ્ટગ્રસ્તાને જા અને પેલા ફિણોના પથરોને નિહાળ.

૧૪૫૭ પછી (તેમને) કહો, તમારી હિલચાલ અને ચકાવો (અત્યારે) કયાં છે? સમુદ્રે, તમને વિષમ પરિસ્થિતિમાં ફેંકી દીધેલ છે.

૧૪૫૮ એટલા માટે કે તેઓ તમને કહે, "તેઓના હોઠો પી નહિ પણ સર્વથા, આ સમુદ્રનો સવાલ પૂછ, અમારો નહિ."

૧૪૫૯ ફિણ જેવું (વિલક્ષણ) રૂપ મોજાં વગર હાલેચાલે? પવન વગર ધુળ મધ્ય બિંદુએ કેમ ઉડે?

૧૪૬૦ જ્યારે કે તમોએ ધુળને નિરખી છે, ત્યારે રૂપ પવનને નિરખો. જ્યારે કે તમોએ રૂપને જોયું છે, ત્યારે અસ્તિત્વમાં આણતા સમુદ્રને નિહાળો.

૧૪૬૧ આવ (તેને) નિહાળ, કારણકે એ માત્ર એકજ ચીજ આંતરદ્રષ્ટિ તમારામાં છે તો મદદરૂપ થાય છે, બાકીનું તમારૂં ગોસ ચરબીનો ટુકડો છે, એક વાણાતાણા.

૧૪૬૨ તમારી ચરબીએ કદીપણ મીણબતીમાં પ્રકાશ વધાર્યો નહિ, તમારૂં માંસ કદીપણ (ફહાનીયત) શરાબથી મદહોશ બનેલા માટે ભુજેલુ માંસ બન્યું નહિ.

૧૪૬૩ દ્રષ્ટિમાંની આખી આ તમારી કાયાને વિખેરી નાખો, દ્રષ્ટિમાં આવો, દ્રષ્ટિમાં આવો, દ્રષ્ટિમાં.

૧૪૬૪ એક દ્રષ્ટિ (માત્ર) બેજ વાર રસ્તો બતાવે છે. જ્યારે બીજી દ્રષ્ટિ બન્ને દુનિયા અને 'બાદશાહનો ચહેરો' જુએ છે.

૧૪૬૫ આ બન્નેની વચ્ચે અગણીત તફાવત છે. નેત્રાંજન શોધ અને રહસ્યમય ચીજો સૌથી સારી રીતે ખુદાજ જાણે છે.

૧૪૬૬ જ્યારે તમોએ 'લામકાં'ના સમુદ્રનું વર્ણન સાંભળ્યું છે, સતત કોશીષ કરી આ સમુદ્ર ઉપર આધાર રાખતો રહે.

૧૪૬૭ જેમકે કારખાનાનો પાયો નહિવત છે કે જે ખાલી, રસ્તા વગરનો અને નકામો છે.

૧૪૬૮ (અને જેમકે) બધા નિપૂણ કલાકારો 'શુન્ય' શોધે છે અને પોતાની કળા બતાવવાના ઈરાદા માટે ભાંગફોડની જગ્યા શોધે છે.

૧૪૬૯ અનિવાર્યપણે 'માલિક' (કે જે) બધા નિપૂણોનો નિપૂણ છે, તેનું કારખાનું નહિવતપણું અને 'શુન્ય' છે.

૧૪૭૦ જ્યારે જ્યારે આ નહિવતપણું વધુ મોટું છે, ત્યારે તે સ્થળનું કામ અને ખુદાઈ કારખાનું (વધુ સુસ્પષ્ટ) બને છે.

૧૪૭૧ જ્યારે કે સૌથી ઉંચો દરજ્જો 'લામકાં' છે ત્યાં દરવેશો (બીજા) બધાથી આગળ નીકળી ગયા હોય છે.

૧૪૭૨ ખાસ કરીને દરવેશ કે જે કાયાનો અને (દુન્યવી) માલ મિલ્કતનો વંચિત બન્યો છે. કાયાની ગરિબાઈ (તંગી) ઉપયોગી બાબત છે, નહિ કે ભીખ.

૧૪૭૩ ગરીબ તે છે કે જેનો (દુન્યવી) સરસામાન ગળી ગયો છે, સંતોષી માણસ તે છે કે જેણે પોતાની કાયા કુરબાન કરી છે.

૧૪૭૪ તેથી અત્યારે તકલીફની ફરીયાદ કરો નહિ, કારણ કે તે 'લામકાં' તરફ લઈ જતો રેવાલ ચાલ ચાલતો ઘોડો છે.

૧૪૭૫ આપણે ઘણું બધું કહ્યું છે. બાકીનાનો વિચાર કર (અથવા) જો વિચાર થીજી જાય (બાકી જાય) તો (ખુદાની) યાદીમાં લાગી જા.

૧૪૭૬ (ખુદાની) યાદી વિચારને ગતીમાં આણે છે. આ થીજેલા વિચાર માટે સુરજ બનવાની યાદી કર્યા કર.

૧૪૭૭ બરેબર, (ખુદાનો) ધક્કો એ અસલ મુળ છે, પણ ઓ સાથી ચાકર, પોતાની મેળે સખત કોશિષ કર, તે ધક્કા ઉપર આધારિત બનતો નહિ.

૧૪૭૮ કારણકે પ્રયત્ન છોડી દેવો એ તિરસ્કારના કાર્ય જેવું છે. એક (ખુદાના) પ્રેમી બિદમતગાર માટે તિરસ્કાર ઉચિત કેમ બને?

૧૪૭૯ ઓ યુવાન, સ્વીકાર કે અસ્વીકારનો વિચાર ન કર, હમેશાં ખુદાઈ હુકમ અને મનાઇ ઉપર ધ્યાન દે.

૧૪૮૦ (પછી) ઓચીંતાનું પંખી, એટલે કે (દૈવી) ખેંચાણ તેના માળામાંથી તમારી તરફ ઉડશે. જેવું તમો પ્રભાત જુઓ કે તુર્તજ મીણબતી ઠારી નાખો.

૧૪૮૧ જ્યારે આંખો તીક્ષ્ણ બની છે ત્યારે તેના (પ્રભાતનો) પ્રકાશ છે, પણ (પ્રકાશિત) આંખ છીલટામાં ગર્ભો નિહાળે છે.

૧૪૮૨ રજકણમાં તે અનંત કાળનો સુર્ય નિહાળે છે, (પાણીના) ટીપામાં તે સંપૂર્ણ સમુદ્ર નિહાળે છે.

ફરી એક વાર સુફી અને કાજીની કહાણી તરફ પાછા ફરવું.

૧૪૮૩ સુફીએ (પોતાના મનમાં) કહ્યું, "બોચી ઉપરના એક માત્ર તમાચાનો બદલો લેવા અંગે મારૂં માથું આંધળી રીતે ગુમાવવું તે મને છાજતું નથી.

૧૪૮૪ મારી આત્મસમર્પણની ભાવનાએ સુફીના પંડે કરેલા ફટકાઓ સહન કરવા સહેલા બનાવેલ છે.

૧૪૮૫ સુફીએ જોયું કે તેનો પ્રતિસ્પર્ધી ઘણજ વધુ પડતો દુર્બળ છે, તેણે (પોતાના મનમાં) કહ્યું "જો હું મારી મુઠીથી એક સખત ફટકો લગાવીશ.

૧૪૮૬ તો મારા એક જ ફટકાએ તે સીસાના કટકાની માફક તૂટી પડશે અને પછી બાદશાહ મને સજા કરશે અને ક્ષતિરહિત વેરની વસુલાત લેશે.

૧૪૮૭ તંબુ નાશ પામેલો છે અને તંબુના ખીલા ભાંગી ગયા છે, તે (તંબુ) પડવાનાં કારણો શોધે છે.

૧૪૮૮ તે એક અનુકંપા બનશે, એક (મોટી) અનુકંપા, કે આ (પ્રત્યક્ષ રીતે) મરેલા માબાપનાં માટે તલવારની નીચે મારા ઉપર વેરની વસુલાત આવી પડે.

૧૪૮૯ જ્યારે તેણે પોતાના પ્રતિસ્પર્ધીને એક મુક્કો લગાવવાની હીંમત ન કરી ત્યારે તેણે તેને કાજી પાસે લઇ જવાનું નક્કી કર્યું.

૧૪૯૦ (પોતાના મનમાં) કહે, "તે (કાજી) ખુદાની મિજાન અને માપ છે, તે સેતાનની દગલબાજી અને લુચ્ચાઇમાંથી મુક્તિનું સાધન છે.

૧૪૯૧ તે વાદવિવાદો અને દુશ્મનાઈઓ (કાપવા માટેની) કાતર છે. તે બે પ્રતિસ્પર્ધી-ઓની તકરારો અને વાદવિવાદોનો નિવેડો કરનાર છે.

૧૪૯૨ તેનો મંત્ર સેતાનને શીશામાં ઉતારે છે, તેનો કાયદાસરનો ઇન્સાફ મતભેદો નિવારે છે.

૧૪૯૩ જ્યારે ઉદ્ધત પ્રતિસ્પર્ધી (ઇન્સાફનો) કાંટો જુએ છે ત્યારે તે બળવાપણું છોડી દયે છે અને તાબેદાર બને છે.

૧૪૯૪ પણ જો ત્રાજવાં ન હોય (ભલે પછી) તમો તેને તેના ભાગ કરતાં (વધુ પણ આપો) તેની ચતુરાઈ (તેને આપેલા) હિસ્સાથી કદી પણ સંતોષાશે નહિ.

૧૪૯૫ કાજી (ખુદાએ અર્પેલ) એક દયા છે, અને ઝગડા મિટાવવાનું સાધન છે તે કયામતના ઇન્સાફના દરિયામાંનું એક પાણીનું ટીપું છે

૧૪૯૬ ભલે ટીપું નાનું અને લંબાઈમાં ટુકું છે (છતાં) તેના થકી સમુદ્રના પણીની સ્વચ્છતા દેખીતી બનાવાય છે.

૧૪૯૭ જો તમો ધુળમાંથી (બહારનો) પડદો (આંતરિક આંખનો પડદો) હટાવશો તો (પાણીના) ટીપમાં ટીગ્રીસ (નદી) જોશો.

૧૪૯૮ (તેઓ) સઘળાઓની હાલતનું ભાગો સાક્ષી પુરે છે કે જેથી સુર્યાસ્તના બાદ આભાસ સુર્યના સબંધનો એક સંદેશક બને છે.

૧૪૯૯ ખુદાએ પેલા કસમને લાગુ પડયું. (એટલે કે) તેના શબ્દો "બરેાબર (હું) સુર્યાસ્તના આભાસના કસમ ખાઉં છું."

૧૫૦૦ એક કીડી (ધાન્યના) એક દાણા માટેની (ઇચ્છામાં) કોનાથી ખુજે છે? જો તે એક માત્ર દાણા અંગે કોઠારનું અસ્તિત્વ જાણીતું બને છે.

૧૫૦૧ (હાથમાંના) મુદ્દા તરફ હવે પાછો ફર, કારણ કે સુફી બેગાનો બનેલ છે અને (તેના ઉપર ઉતારાએલી) ઇજા માટે ઠોકઠાક કરવાની ઉતાવળમાં છે.

૧૫૦૨ ઓ તું કે જેણે ગુન્હાહિત કૃત્યો આચરેલ છે, તું દિલમાં આટલો બધો ખુશી કેમ છો? શું તું તારા ઉપર દંડ લાદવાની માગણીથી સજાગ નથી!

૧૫૦૩ અથવા શું તું તારાં પેલા કર્તવ્યો ભુલી ગયો છે, જ્યારે કે બેધ્યાનપણાના પડદાઓએ તને ઢાંકી દીધેલ છે?

૧૫૦૪ જો તારી પાછળ દવાઓ કરનારા ન હોય તો અવકાશી ગોળો તારા સુખની અદેખાઈ કરતો હોત.

૧૫૦૫ પણ પેલા (તારી વિરૂદ્ધની) કાયદાસરના દાવાઓના કારણે તું મુંઝાએલો છે, (તેથી) પેલા અપકૃત્યોની થોડી થોડી માફી માગતો રહેજે.

૧૫૦૬ રબને અધિકારી ઓચિંતો તારી ધરપકડ કરે, હવે (જલ્દીથી) તે ડહોળાએલું પાણી ચોકખું કર અને (ખુદાના) પ્રેમી તરફના (તારા) અન્યાયો ભુસી નાખ.

૧૫૦૭ સુફી માણસ કે જેણે તેને તમાચો માર્યો હતો તેની પાસે ગયો અને એક દાભેદારની માફક તેનું પહેરણ મજબુત પકડયું.

૧૫૦૮ તેને ખેંચતો ખેંચતો કાજીની સમક્ષ રજુ કર્યો "કહીને, આ એક કમનશીબ ગધેડા ઉપર સવારી કરો (અને ગલીઓમાં ફેરવો!

૧૫૦૯ અથવા ચાબુકના ફટકાથી તેને સજા કરો, તમારા ઇન્સાફને યોગ્ય લાગે તેમ તમો (સજા કરો).

૧૫૧૦ કારણ તે એક કે જે તમારા હુકમની નીચે મરી જાય છે, વેરવૃત્તિથી તારા ઉપર કાંઈ પણ દંડ (તેના માટે) લાદવામાં આવતો નથી. તે (મૃત્યુ) સજાપાત્ર ગુન્હો બનતો નથી.

૧૫૧૧ જ્યારે કોઈ પણ કાજીએ ફટકારેલી સજાની અંદર મૃત્યુ પામે છે ત્યારે કાજી ઉપર
કોઇ જવાબદારી પડતી નથી. કારણ કે તે (કાજી) નાના દરજ્જાનો માણસ નથી.
૧૫૧૨ તે ખુદાનો પ્રતિનિધિ છે અને ખુદાઈ ઈન્સાફનો પડછાયો છે. આરસી (કે જે) દરેક
વાદી અને પ્રતિવાદીની (ખરી હાલત જાહેર કરે છે).
૧૫૧૩ કારણ કે તે એક કે જેણે ખોટું કર્યું છે તેને સુધારે છે, નહિ કે પોતાના માનની
ખાતર અથવા તેના ગુસ્સા અથવા પોતાના ભલા માટે (કરે છે.)
૧૫૧૪ જ્યારે કે તે ખુદાની ખાતર કરવામાં આવેલ છે, અને ત્યારબાદ ઈન્સાફના દિવસ
માટે, જો એકાદ ભુલ (તેનાથી) બની છે તો લોહીનો બદલો તેના બાપની બાજુએ
(મરેલાના) સગા–સંબંધીઓ ઉપર પડે છે.
૧૫૧૫ તે કે જે ઘા કરે છે અને પોતાની ખાતર મારી નાખે છે તે જવાબદાર છે, જ્યારે
તે કે જે ખુદાની ખાતર ફટકારે છે અને મારી નાખે છે, તે સહીસલામત છે.
૧૫૧૬ જો એક બાપ પોતાના છોકરા ઉપર ઘા કરે છે અને તે (દીકરો) મરી જાય તો બાપે
લોહીની કીંમત ચુકવવી જોઇએ.
૧૫૧૭ કારણ કે તેણે તેને પોતાના ભલા ખાતર ફટકાર્યો (જ્યારે કે) દીકરાની ફરજ છે કે
તેના (બાપની) સેવા કરે.
૧૫૧૮ (પણ) જ્યારે એક શિક્ષક એક છોકરાને ફટકારે છે અને તે (છોકરો) નાશ પામે છે
(ફટકાથી મરણ પામે છે) (દંડના રસ્તામાં) શિક્ષક ઉપર કાંઈ કરવામાં આવતું નથી,
જરાપણ બીક નહિ.
૧૫૧૯ કારણ કે શિક્ષક (ખુદાનો) એક પ્રતિનિધિ અને ટ્રસ્ટી છે, અને દરેક ટ્રસ્ટીને આ
નિયમ લાગુ પડે છે.
૧૫૨૦ તે કાંઈ તેની (છોકરાની) ફરજ નથી કે તેના શિક્ષકની સેવા કરે, તેથી તેને સજા
કરવામાં શિક્ષક (પોતા માટે) ફાયદો શોધતો ન હતો.
૧૫૨૧ પણ જો તેનો બાપ તેને ફટકારે તો તેણે પોતાના ખુદના ફાયદા માટે ફટકાર્યો.
અનિવાર્યપણે તે લોહીની કીંમત ચૂકવવાની જવાબદારીમાંથી મુક્ત ન હતો.
૧૫૨૨ ઓ (તું કે જે) ઝુલફિકાર (તલવારને મળતો છે) (તમારા) સ્વાર્થીપણાને કાપી નાખો.
એક દરવીશની માફક બિન સ્વાર્થી બની જાઓ.
૧૫૨૩ જ્યારે તમો બિનસ્વાર્થી બન્યા છો ત્યારે દરેક ચીજ જે તમો કરો છો (તે તેવી
બાબત વિશે) "તે તેં ફેંકી ન હતી, જ્યારે તે ફેંકી" (અને) તમો સલામત છો.
૧૫૨૪ જવાબદારી ઉપર રહે છે નહિ કે ટ્રસ્ટી ઉપર, તે ઇન્સાફની કિતાબોમાં ખુલ્લી રીતે
દર્શાવાયું છે.
૧૫૨૫ દરેક દુકાન જુદી જુદી (જાતનો) સામાન છે, ઓ પુત્ર, મસ્નવી (રૂહાનીયત) ગરીબાઈ
માટેની દુકાન છે.

૧૫૨૬ બુટ બનાવનારની દુકાનમાં સુંદર ચામડું છે, જો તમો ત્યાં લાકડું જાઓ, તો તે (માત્ર) બુટ માટે ઓઠા બાતર છે.

૧૫૨૭ કાપડના વેપારીઓને (તેઓની દુકાનમાં) રેશમ અને રાખોડી રંગનું કાપડ હોય છે, જો ત્યાં લોઢું હોય તો તે (માત્ર) વાર માપવાના માટે જ હોય છે.

૧૫૨૮ આપણી મસનવી ઐકયતા માટેની દુકાન છે. ત્યાં જે પણ બીજું કંઇ ખુદા સિવાય તમો જુઓ તો તે (માત્ર) ખેંચાણના કારણે છે.

૧૫૨૯ ગીધને પકડવાના કારણે એક મુર્તિનાં વખાણ કરવાં તે જાણ કે તે પયગમ્બર સાહેબની વાણી મુજબ છે. "સૌથી માનવંતા બગલાઓ."

૧૫૩૦ તેઓએ (પેલા શબ્દો) જલ્દીથી સુરા 'વ'લ નજમમાં ઉચ્ચાર્યા. પણ તે (સેતાનની) લાલચ હતી, તે (બરેબર) સુરાનો ભાગ ન હતો.

૧૫૩૧ આથી બધા નાસ્તિકો (બંદગીમાં) સિજદામાં પડયા, તે એક (દૈવી ડહાપણનું ગુઢાર્થ હતું, પણ તેઓએ નિયમીત બંદગી સિજદો કરી ગુજારી.

૧૫૩૨ આના બાદ આ વિષયમાં વધુ વિવરણ આપણને ઉંડા પાણીમાં લઈ જશે. **ઝમાનાના "સુલેમાન" સાથે રહો.** અને સેતાનોને ઉશ્કેરો નહિ.

૧૫૩૩ સાંભળ, સુફી અને કાજી ગુનેહગાર કે જે (એવો) નમળો અને ભયંકર રીતે બિમાર હતો તેની કહાણી રજૂ કર.

૧૫૩૪ કાજીએ (સુફીને) કહ્યું "ઓ પુત્ર, છાપરૂં મજબુત બનાવ, એટલા માટે કે શરૂમાં તું તારો કેસ સાબિત કર અને પછી હું મારો ઇન્સાફ આપીશ.

૧૫૩૫ આકંમક કયાં છે ? તે કયાં છે કે જે વેરથી દબાએલ છે ? આ માણસ બિમારીના (કારણે) (માત્ર) એક આભાસ બન્યો છે.

૧૫૩૬ કાયદો જીવતા માટે અને સ્વાયત્તતા માટે છે. કાફ્રસ્તાનના રહેવાસીઓ ઉપર કાયદો કેવી રીતે લાગુ કરાય ?

૧૫૩૭ માણસોનો વર્ગ કે જે બેધ્યાન (બેખુદ) (તેઓની રૂહાનીયત) કંગાળતાના કારણે છે તેઓ પેલા મરેલા અને (દટાએલા) કરતાં એક સો વધુ ગણા.

૧૫૩૮ મૃત્યુ પામેલ ઇન્સાન અને દ્રષ્ટિના એક જ ખુદાએ ખતમ થએલા છે. નહિવત છે. (એટલે કે) (કાયાના જીવનના) નાશની દ્રષ્ટિએ, સુફીઓ એકસો રીતે નહિવત બન્યા છે.

૧૫૩૯ (દૈહિક) મૃત્યુ એક માત્ર મોત છે, જ્યારે આ (રૂહાનીયત મોત) એ ત્રણ લાખ મરણ મરણ છે, કારણ કે દરેક કે જેની લોહીની કીંમત ગણત્રી બહાર છે.

૧૫૪૦ જો કે ખુદાએ આ ટોળાંને ઘણીવાર મારી નાખેલ છે (છતાં) તેણે દયાના અનંત ભંડારો લોહીની કીંમતની ભરપાઇમાં રેડેલ છે.

૧૫૪૧ **(આ શહીદોમાંના) દરેક આંતરીક રીતે સેન્ટ જ્યોર્જ માફક છે. તેઓને મારી નાખવામાં આવ્યા અને સાઠ વખત (ફરીવાર) જીંદગી આપી.**

૧૫૪૨ (દૈવી) ન્યાયાધીશના ભાલાની અણીએ (ફટકાર્યાની) તેની ખુશીમાં મરાઈ ગએલો (અત્યાનંદમાં) બળતો બુમ પાડે છે, "એક બીજો ફટકો લગાવો."

૧૫૪૩ (હું) ખુદાના કસમ ખાઈ કહું છું કે અસ્તિત્વ માટેનો પ્રેમ કે જે આત્માને પોષે છે, મરાઈ ગએલો બીજી વખત પણ મારી નાખવામાં આવે તેની લાલસા સેવતો હોય છે.

૧૫૪૪ કાજીએ કહ્યું "હું જીવતા માટેનો કાજી છું. કબ્રસ્તાનના રહેવાસીઓને હું કેવી રીતે કાજી હોઉં ?

૧૫૪૫ જો કે દેખીતી રીતે જાહેરમાં આ માણસને નીચે કબરમાં સુવડાવેલ નથી (છતાં) કબરો તેના રહેઠાણમાં દાખલ થઇ છે.

૧૫૪૬ તમોએ કબરમાં ઘણાએક મરેલા માણસો જોયા હશે. (હવે) ઓ આંધળા, એક મરેલા માણસમાં કબર જો.

૧૫૪૭ જો એક કબરમાંથી ઈંટો તમારા પર પડી છે તો એક સમજુ માણસ કબરમાંથી દુરસ્તી કેમ શોધે ?

૧૫૪૮ એક મરેલા માણસની આજુબાજુ ગુસ્સો અને તિરસ્કારથી ચકરાવો લે નહિ. ખબરદાર, એક કે જે નાહવણીના ચિત્રની (માફક) મરેલો છે તેની સાથે લડાઇ જગાડ નહિ.

૧૫૪૯ **આભાર માન કે જીવંતે (રૂહાની રાહબરે) તને ફટકાર્યો નથી, કારણ કે તે કે જેને 'જીવંતે' તજી દીધા છે તેને ખુદાએ તજી દીધા છે.**

૧૫૫૦ **'જીવંત' નો ગુસ્સો એ ખુદાનો ગુસ્સો અને તેના ફટકાઓ છે કારણ કે તે પવિત્ર શરીરવાળો ખુદામાં જ જીવે છે.**

૧૫૫૧ ખુદાએ તેને મારી નાખ્યો અને તેના પગો ઉપર કુંક મારી અને તુર્તજ એક ખાટકીની માફક તેની ચામડી ઉતરડી લીધી.

૧૫૫૨ કુંક તેનામાં રહે છે ત્યાં સુધી કે (તે) અંતિમ સ્થાનમાં પહોંચે છે, ખુદાઈ શ્વાસો-શ્વાસ એ ખાટકીના શ્વાસોશ્વાસ જેવો નથી.

૧૫૫૩ આ બન્ને શ્વાસોશ્વાસમાં ઘણો મોટો તફાવત છે. આ સંપૂર્ણપણે માન છે જ્યારે તે (બીજી) બાજુએ સંપૂર્ણપણે શરમ છે.

૧૫૫૪ આ (પાછલી) તેમાંથી (કાપેલા જનાવરમાંથી) જીંદગી લઇ લ્યે છે અને તેને ઈજા પહોંચાડે છે, જ્યારે ખુદાના શ્વાસોશ્વાસથી પેલી (રૂહાનીયત) જીવન કાયમી બનાવાય છે.

૧૫૫૫ આ (દૈવી) શ્વાસોશ્વાસ એ શ્વાસ નથી કે જેનું વર્ણન કરી શકાય, સાંભળ, બીજાના તળીયામાંથી મહેલના મથાળા ઉપર આવ.

૧૫૫૬ તેને (પ્રતિવાદીને) ગધેડા ઉપર બેસાડવો (અને તેને ફેરવવો) એ એક મજબુત નિર્ણય નથી. શું કોઈ (માત્ર) ઇંધણનું ચિત્ર એક ગધેડા ઉપર મુકે ?

૧૫૫૭ ગધેડાની પીઠ તેના માટે યોગ્ય જગ્યા નથી, એક જનાજાની પીઠ તેના માટે વધુ યોગ્ય છે.

૧૫૫૮ અન્યાય શું છે? એક ચીજને તેની યોગ્ય જગ્યાની બહાર મુકવી. ખબરદાર, તેની યોગ્ય જગ્યાની બહાર મૂકીને તેને ગુમાવતો નહિ.

૧૫૫૯ સૂફીએ કહ્યું "તો પછી કાંઈ પણ વળતી શિક્ષા અને એક દમડી પણ આપ્યા વગર તે મને તમાચો મારે તેને શું તમો યોગ્ય ધારો છો?

૧૫૬૦ કાંઈ પણ લેવાદેવા વગર સુફીઓ ઉપર એક મોટો બદમાસ, રીંછ તમાચા ફટકારે તે શું યોગ્ય છે?

૧૫૬૧ કાજીએ (પ્રતિવાદીને) કહ્યું "નાના મોટા કયા સિક્કા તારી પાસે છે?" તેણે જવાબ આપ્યો, મારી પાસે દુનિયામાં છ દિરહમના સિક્કા છે.

૧૫૬૨ કાજીએ કહ્યું (તારા પોતા માંટે) ત્રણ દિરહમ વાપરજે અને બીજા ત્રણ (એક પણ શબ્દના અવાજ) વગર તેને આપી દે.

૧૫૬૩ (કારણ તે તેણે પોતાના મનમાં વિચાર્યું) તે (પ્રતિવાદી) નબળો અને માંદો અને ગરીબ અને અસ્થિર છે. તેને બકાલું અને રોટલા માટે ત્રણ દિરહમની જરૂર પડશે.

૧૫૬૪ તેની (પ્રતિવાદીની) આંખ હાજીની ગરદનની બોચી ઉપર પડી, તે સુફીની બોચી કરતાં વધુ ઉતમ (વધુ આકર્ષતી) હતી.

૧૫૬૫ તેણે પોતાનો હાથ તેને થપ્પડ મારવા ઊંચો કર્યો, (પોતાના મનમાં) કહ્યું "મારા તમાચા માટેની વેરની વસુલાત સસ્તી બનાવાય છે."

૧૫૬૬ તે કાજીના કાન નજીક આવ્યો (જાણે કે) કોઈ ખાનગી બાબત (કાનમાં કહેવી હોય) અને પોતાની હથેળીથી એક સખત ફટકો કાજીને લગાવ્યો

૧૫૬૭ તેણે બુમ પાડી, "આ મારા બે દુશ્મનો, લઈ લ્યો. આ છે એજ દિરાહમો (પછી) હું તકલીફ અને આતુરતાથી મુક્ત બનું"

ગરીબ (માંદા) માણસના તમાચાથી કાજીનું ઉશ્કેરાવું અને સુફીનું કાજીને મહેણું મારવું.

૧૫૬૮ કાજી ઉશ્કેરાયો. સુફી બુમ પાડી ઉઠયો, "એઇ, તમારો ઇન્સાફ યોગ્ય છે, (તેના વિષે) કાંઈ જ શક નથી. કાંઈ પણ ભુલ નથી.

૧૫૬૯ ઓ દીને (ઇસ્લામના) શેખ, ઓ જવાબદાર આદમી, જે તમો તમારા પોતા માટે કબુલ કરતા નથી તે એક (મુસ્લિમ) ભાઈ માટે કેમ કબુલ કરી શકો?

૧૫૭૦ શું તમો આ જાણતા નથી કે (જો) તમો મારા માટે ખાડો ખોદશો તો આખરે તમો પોતે જ તે જ ખાડામાં પડશો?"

૧૫૭૧ "(હ. પયગમ્બર સાહેબની) હદીસમાં શું તમે વાંચ્યું નથી" જે કોઈ (પોતાના ભાઈ માટે) ખાડો ખોદે છે (તે તેમાંજ પડે છે) એ તારા બાપના આત્મા, જે તમોએ વાંચ્યું છે તેનો અમલ કરો.

૧૫૭૨ આ એક તમારો કાયદાનો નિર્ણય આના જેવો હતો. કારણ કે તેણે તમારી બોચી ઉપર એક તમાચો આણેલ છે.

૧૫૭૩ તમારા બીજા (અન્યાયી) ઇન્સાફો માટે અફસોસ. તેઓ તમારા માથા અને પગ ઉપર કઇ (સજા) આણશે?

૧૫૭૪ એક બોટું કરનારા ઉપર માયાળુપણા અંગે તમોએ દયા બતાવી, કહી ને. (બોરાક) માટે બરીદવા ત્રણ દિરહમ તારી પાસે ભલે રહે.

૧૫૭૫ ગુન્હા કરનારના હાથ કાપી નાખો, તેના હાથમાં અધિકાર અને કમર મુકવાનો તમોને કયો હક હતો?

૧૫૭૬ એ તમો કે જેનામાંથી ઇન્સાફ અજાણ્યો છે, તમો બકરાના મળતીયા છો કે જે પોતાનું દુધ વરૂના બચ્ચાને આપે છે.

કાજીનો સુફીને જવાબ દેવો.

૧૫૭૭ કાજીએ કહ્યું "જે પણ તમારો અથવા કુરતા (દૈવી ભાવી) પસાર થવા આવે તેને સંમત થવું એ અમારી ફરજ છે.

૧૫૭૮ (અવકાશી) કિતાબોમાં (વર્ણવેલ) ઠરાવોથી હું આંતરિક રીતે ખુશ છું. જોકે મારો ચહેરો કડવો બન્યો છે, કારણકે સત્ય કડવું છે.

૧૫૭૯ આ મારૂં દિલ ફળવાડી છે, અને મારી આંખ વાદળાં માફક છે, (જ્યારે) વાદળું રૂએ છે ત્યારે ફળવાડી આનંદપુર્વક અને સુખેથી હસે છે.

૧૫૮૦ એકાદ વર્ષના દુષ્કાળે ફળવાડીઓ ખતમ થઈ જાય છે અને સુર્યથી મહાસંતાપમાં બેભાનપણે હસે છે.

૧૫૮૧ તમોએ ખુદાઈ હુકમના (શબ્દો) વાંચ્યા છે, "અને તમો ઘણું રૂદન કરો" શા માટે તમો ભુંજેલી (ઘેટાંની) મૂંડી માફક દાંત કચકચાવતા રહ્યા છો?

૧૫૮૨ તમો મીણબત્તીની માફક ઘરનો પ્રકાશ બનશો, ને મીણબત્તીની માફક તમો આંસુ-ઓના ધોધો વહાવશો.

૧૫૮૩ માતા અથવા પિતાના ચહેરાનું કડવાપણું બચ્ચાને દરેક નુકશાનીમાંથી બચાવે છે.

૧૫૮૪ તમોએ હસવાનો આનંદ અનુભવ્યો છે, એ અમર્યાદ હસવાવાળા, (હવે) રૂદનનો આનંદ અનુભવ (અને જાણી લે કે) તે સાકરની એક બાણ છે.

૧૫૮૫ જ્યારે કે દોજખનો વિચાર રૂદન આણે છે, તેથી દોજખ બહિશ્ત કરતાં વધુ ઉત્તમ છે.

૧૫૮૬ આંસુઓમાં અટ્ટહાસ્યો છુપાએલાં છે, એ સાદા (સાચા) આદમી, ખંડેરોમાંથી ખજાનાની શોધ કર.

૧૫૮૭ ખુશી (દર્દમાં) છુપાએલ છે, રસ્તો ગુમાવાયો છે, જીવનના જળને અંધારાના (પ્રદેશમાં) ઉઠાવી જવામાં આવેલ છે.

૧૫૮૮ જ્યારે મુસાફરખાનાના રસ્તે (હકીકતમાં) દેખાવ ઉલટો દેખાય છે, ત્યારે તારી (બે) આંખોને અગમચેતીમાં ચારની માફક બનાવ.

૧૫૮૯ કાળજીપૂર્વકની ગણત્રી કરવા માટે તારી બે આંખોને ચાર (જેવી) બનાવ, તારી પોતાની આંખો સાથે દોસ્તની બે આંખો જોડી દે.

૧૫૯૦ (કુરાને શરીફ) ના પાનામાં વાંચ, "તેઓની ઘટના મસલત કરવા માટેની બાબત છે." દોસ્ત માટે કુરબાન થા અને તેને તિરસ્કારપૂર્વક 'ધિક્કાર છે' કહેતો નહિ.

૧૫૯૧ દોસ્ત રસ્તા ઉપરનો ટેકો અને આસરો છે, જ્યારે તમો સારી રીતે ગણત્રી કરશો ત્યારે (તમો જોશો કે) દોસ્ત જ રસ્તો છે.

૧૫૯૨ જ્યારે તમો દોસ્તોના ટોળામાં આવો ત્યારે ચુપ થઇને બેસજો, તે ગોળ કુંડાળામાં તમારા પોતાને બાકી બનાવતા નહિ.

૧૫૯૩ જુઆની બંદગી વખતે સારા અને સચેત દેખાજો, (તમો જોશો કે) બધા જ ધ્યાન-મગ્ન છે અને એક જ વિચાર અને ચુપકીદી ધરાવે છે.

૧૫૯૪ તમારો સરસામાન ચુપકીદી તરફ વાળજો, જ્યારે તમો (રસ્તા ઉપર) નિશાનીઓ શોધો ત્યારે તમારા ખુદને (લક્ષ ખેંચવાની) નિશાની બનાવતા નહિ.

૧૫૯૫ હ. પયગમ્બર સાહેબે કહ્યું છે "જાણજો કે સુરક્ષાઓના સમુદ્રમાં (મારા) અસહાઓ રસ્તો બનાવવાની બાબતમાં તારાઓ (મિસાલ) છે.

૧૫૯૬ તમારી આંખ તારાઓ ઉપર લગાડો અને રસ્તો શોધો, વાણી એ દૃષ્ટિ માટે ગુંચવણનું કારણ છે, બોલતો નહિ.

૧૫૯૭ ઓ ફલાણાભાઈ, જો તમો સાચા બે શબ્દો બોલશો તો તેઓની ગાડીમાં અંધારી (બોટી) વાણી વહેવી શરૂ થશે.

૧૫૯૮ ઓ ક્રોધાવેશી (પ્રેમી) તમારી મુંઝવણોને લગતી તમારી વાણી વાતોના મોજાંથી ખેંચાય છે તે શું તમોએ વાંચેલ નથી?

૧૫૯૯ ખબરદાર, પેલા સાચા શબ્દો બોલવા શરૂ ન કરતો, કારણ કે શબ્દો જલ્દીથી (બીજા) શબ્દોને (પોતાની પાછળ) ખેંચે છે.

૧૬૦૦ જ્યારે તમોએ એકવાર મોઢું બોળ્યું છે ત્યારે તેઓ તમારા કબજામાં નથી. કાળું (જુઠ) પવિત્ર (સત્યની) એડીઓ ઉપર વહે છે.

૧૬૦૧ તે (એકલો જ) (પોતાનું મોઢું) બોલે છે જે (ભુલોમાંથી) (દૈવી) પ્રેરણાના રસ્તા આગે જાળવાએલ છે, તે પરવાનગી આપવા યોગ્ય છે જ્યારે કે તે સંપૂર્ણપણે પવિત્ર છે.

૧૬૦૨ કારણ કે એક પયગમ્બર પોતાની ઇચ્છાથી બોલતા નથી, તેનામાંથી કે જે ખુદાથી સચવાએલ છે તેનાથી પોતાની ઇચ્છા કેમ બહાર આવે?

૧૬૦૩ આત્મજ્ઞાનની અસરોથી જે છટાદાર રીતે બોલે તેનાથી એકતા કર, રખેને મારી માફક તમો એક વાદવિવાદના ગુલામ બનો.

સુફીનો કાળીને સવાલ કરવો.

૧૬૦૪ સુફીએ કહ્યું. "જ્યારે કે (બધું) સોનું એક જ ખાણમાંથી છે તો શા માટે લાભદાયી અને પેલું બીજું નુકશાનકારક છે?

૧૬૦૫ જ્યારે કે તમામ (કુદરત) એક માત્ર હાથથી અસ્તિત્વમાં આવી છે ત્યારે આ એક ધીરગંભીર છે અને પેલો એક ચકચુર છે.

૧૬૦૬ જ્યારે કે (બધી) નદીઓ એક જ સમુદ્રમાં વહે છે ત્યારે શા માટે આ એક મધ છે અને પેલી એક મોઢામાં ઝેર છે?

૧૬૦૭ જ્યારે કે બધા પ્રકાશો અનંત કાળના સુર્યમાંથી (ઉતરી આવેલ છે) ત્યારે શા કારણે સાચું પ્રભાત અને ખોટું પ્રભાત ઉગે છે?

૧૬૦૮ જ્યારે દરેક દેખતા ઇન્સાનની આંખોમાંનું અંધારૂં એક જ આંજણમાંથી ઉતરી આવેલ છે ત્યારે શા કારણે સાચી દ્રષ્ટિ અને ઝાંઝવાની દ્રષ્ટિ (બનવામાં) નજરે પડે?

૧૬૦૯ જ્યારે કે ખુદા ધાતુનો શાસક છે ત્યારે શા માટે સાચા અને ભેળસેળવાળા (બન્ને) સિક્કા ભટકાણા છે?

૧૬૧૦ જ્યારે કે ખુદાએ રસ્તાને મારો રસ્તો કહી બોલાવેલ છે ત્યારે આ એક વિશ્વાસુ વળાવીઓ છે અને પેલો એક લુંટારો?

૧૬૧૧ એક (અમીર) સ્વતંત્ર માણસ અને (હલકટ) મુર્ખ કેવી રીતે એક જ પેટમાંથી બહાર આવે. જ્યારે કે તે ચોક્કસ છે કે પુત્ર તેના બાપની આંતરિક પ્રકૃતિનો છે?

૧૬૧૨ હજારોનું આવું સંગઠન (અથવા) બાકીનાના સત્યમાંથી (બહાર પડતા) એક લાખ ઇશારાઓ કદી કોઇએ જોયા છે?

કાળીનો સુફીને જવાબ દેવો.

૧૬૧૩ કાળીએ કહ્યું "ઓ સુફી, મુંઝાએલો બન નહિ. આ (ગુઢાર્થના) સમજણમાં એક બોધદાયક વાત પર ધ્યાન દે.

૧૬૧૪ એક કે જેની સ્વસ્થતાનું પરિણામ કે જે તેમના દિલોને બંદીવાન બનાવે છે તે પ્રેમીઓની અશાંતિ જેવું જ છે.

૧૬૧૫ તે તેના ધિક્કારમાં એક પહાડની માફક અચળ ઉભો છે, જ્યારે તેના પ્રેમીઓ પાંદડાંની માફક ધ્રુજે છે.

૧૬૧૬ તેનું અટ્ટહાસ્ય (તેમને) આંસુ વહેવડાવે છે, તેની કિર્તી તેમની કિર્તીઓને કરમાવતી બનાવે છે.

૧૬૧૭ આ બધું (કેમ અને કેવું) બિનશરતી સમુદ્રની સપાટી ઉપર ફીણની માફક અથડાયા છે.

૧૬૧૮ તેમાં (સમુદ્રમાંના) સત્વ અને કાર્યમાં નથી વિરૂદ્ધાઈ કે નથી પસંદગી, તેના (એકલાથી) બધી અસ્તિત્વતાઓ (અસ્તિત્વના) કપડામાં સજ્જવાઈ છે.

૧૬૧૯ એક વિરોધી બનવાનું ઈનાયત કેમ કરે અને તેના વિરોધી ઉપર અસ્તિત્વ નહિ. તે ભાગે છે અને તેમાંથી નાશી છુટે છે.

૧૬૨૦ 'નીદ' તો અર્થ શું છે? જેવું જ ' (મિસ્લ)' કોઈ સારી કે હલકી ચીજના જેવી એક પસંદગી તેના જેવી જ કેમ કરે?

૧૬૨૧ જ્યારે ત્યાં બે પસંદગીઓ છે, એ ખુદાથી બીનારા આદમી, પેદા કરવાના (ઈરાદા) માટે પેલી એક આ એકથી વધુ લાયક કેમ બને?

૧૬૨૨ ફલવાડીના પાંદડાઓની માફક સંખ્યામાં, વિરોધીઓ અને પસંદગીઓ સમુદ્રની સપાટી ઉપરના માત્ર ફીણના ગુંચળા માફક જ છે.

૧૬૨૩ જોજે કે સમુદ્રની જીત અને હાર બિનશરતી છે, તો પછી, સમુદ્રના તત્વમાં બિનશરતીપણા માટે જગ્યા કેમ બને?

૧૬૨૪ તમારો આત્મા આખરે તો તેનું રમકડું જ છે (છતાં) આત્માનો ગુણ અને વર્ણનની બાત્રી કેવી રીતે બની શકે?

૧૬૨૫ તો પછી, આવો એક સમુદ્ર કે જેનું દરેક ટીપું, વિવેકબુદ્ધિ અને આત્મા કાયા કરતાં વધુ અજાણ્યો છે.

૧૬૨૬ તે ગુણ અને સંખ્યાના સાંકડા, ઓરડામાં કેમ સમાએલો બને? ત્યાં સર્વમય સુજ્ઞવણ અજ્ઞાનોની એક છે

૧૬૨૭ સમજણ કાયાને કહે છે, "ઓ નિર્જીવ વસ્તુ, જ્યાં બધાને પાછા ફરવાનું છે ત્યાંના સમુદ્રની સુવાસ કદી તને હતી?"

૧૬૨૮ કાયા જવાબ આપે છે, "અનિવાર્યપણે હું તારો પડછાયો છું. ઓ તારા કાકાના આત્મા, એક પડછાયા પાસેથી કોણ મદદ માગશે?"

૧૬૨૯ સમજણ કહે છે. "આ વ્યાકુળતાનું ઘર છે, તે ઘર નથી કે જ્યાં પાત્ર અપાત્રથી વધુ બહાદુર હોય."

૧૬૩૦ અહીં ભવ્ય સુર્ય એક રજકણ બની ઘરના ચાકરની માફક આદર આપે છે.

૧૬૩૧ આ સ્થળે સિંહ પોતાનું માથું હરણ આગળ નમાવે છે, અહીં બાજ પોતાની પાંખો તેતર આગળ મુકે છે.

૧૬૩૨ (જો) તમને આ માન્યામાં ન આવે (તો પછી) તે કેમ છે કે હ. મુસ્તફા એક નીચા ગરીબ પાસેથી આશીર્વાદ શોધે છે?

૧૬૩૩ જો તમે જવાબ દેશો કે તે (પોતાના મુરીદોને) શીખવવાના કારણે તેમને તદ્દન અજ્ઞાનતામાં તેમનું છોડી દેવું હતું, શું તેમને સમજાવવાના કારણે હતું ?

૧૬૩૪ નહિ, પણ તેઓ જાણતા હતા કે બાદશાહ રાજ્યનો બજાનો ખંડીએરોમાં રાખે છે.

૧૬૩૫ (રૂહાની રાહબર વિષેના) હલકા વિચારો હકીકતમાં વિરોધી દેખાવ રજુ કરવા અંગે હોય છે. જો કે (સત્ય રીતે) તેનો દરેક જાણુ (દૈવી ગુઢાર્થો વિષે તેને ખબર આપતા) જાસુસ છે.

૧૬૩૬ નહિ સત્ય, સત્યતામાં ચુસાય છે, હવે, સીતેર, નહિ, એક સો ફિરકાઓ ઉત્પન્ન થયા છે.

૧૬૩૭ (હવે) હવે હું જુદી જાતની વાતો તારી સાથે કરીશ, ઓ સુફી, સાંભળ, તારો રૂહાની કાન જરા વધુ પહોળો ઉઘાડ.

૧૬૩૮ આસમાનમાંથી જે પણ કાંઇ ફટકા તારા ઉપર આવે, તેના પછી હમેશાં એક માનનું ઇનામ મેળવવાની ધારણા કરતો રહે.

૧૬૩૯ કારણ કે તે એવો બાદશાહ નથી કે તમને તમાચો મારે અને પછી તમને એક મુગટ અને એક તખ્ત કે જેના ઉપર સુવાનું હોય તે ન આપે?

૧૬૪૦ આખી દુનિયાની કીમત એક મચ્છરની પાંખ કરતાં વધુ નથી (પણ) એક તમાચા માટે ત્યાં અનંત બક્ષિશ છે.

૧૬૪૧ આ સોનાનો કાંઠલો કે જે દુનિયા છે તેની બહાર આસ્તેથી તમારી ગરદન સેરવી લ્યો અને બુદ્ધામાંથી (આવતા) તમાચાઓ સહન કરો.

૧૬૪૨ જ્યારે કે પયગમ્બરોએ ગરદનો ઉપર પેલા ફટકાઓ સહન કર્યા, પેલા દુઃખના બદલામાં તેઓએ પોતાના માથાં ઉંચા ઊંચકયાં છે.

૧૬૪૩ પણ (હમેશાં) પોતામાં (સજાગ અને તૈયાર) હાજર રહેજે, ઓ યુવાન, એટલા માટે કે "તે તમને ઘરે હાજર જુએ."

૧૬૪૪ નહિતર તે તેના માનનાં ઇનામો પાછી લઇ જશે, કહેશે, "મને ઘરમાં કોઈ મળ્યું જ નહિ."

ફરીવાર સુફીનો કાજીને સવાલ કરવો

૧૬૪૫ સુફીએ કહ્યું "તે કેમ બને જો આ દુનિયા સદા સર્વદા દયાની પાંખણ ન બીડે?

૧૬૪૬ જો તે દરેક પળે કાંઇ મુશ્કિલી લાવત નહિ અને તેના બદલાવાથી દુઃખ પેદા ન કરત,

૧૬૪૭ જો રાત્રી દિવસની બત્તી ચોરતી ન હોત અને જો ડીસેમ્બર (શિયાળો) ફળવાડી કે જે ખુશી શીખી તે ઉઠાવી ગએલ ન હોત.

૧૬૪૮ જો તન્દુરસ્તીનો પ્યાલો તોડવા તાવનો પત્થર ન હોત અને (એકાદની) સલામતી માટેની આતુરતા આણવાની જો બીક ન હોત.

૧૬૪૯ જો તેની હવામાં વાવાઝોડાં ન હોત તો, ખરેખર, કેવી રીતે તેની ઉદારતા અને દયા નરમ પડેલી બને?

સુફીના સવાલોનો કાજીનો જવાબ અને એક બોધદાયક કહાણી તરીકે એક તુર્ક અને દરજીની કહાણી દ્રષ્ટાંત તરીકે રજુ કરવી.

૧૬૫૦ કાજીએ કહ્યું "તમો એક આળસુ ભમતારામ સુફી છો, તમો વિવેકબુદ્ધિથી વંચિત છો. (તમો) કુરીક 'કાફ' જેવા (છો)."

૧૬૫૧ શું તમે સાંભળ્યું નથી કે અમુક મીઠા હોઠવાળો (વાર્તા કહેનાર) દરજીઓની બેઇમાનીની વાર્તા રાત્રી પડતાં કહ્યા કરતો.

૧૬૫૨ તે વર્ગના (માણસોની) ચોરીને લગતી જુની વાર્તાઓ લોકો આગળ રજુ કરતો.

૧૬૫૩ પેલા એકની અને આ એકની તેઓ જ્યારે કપડાના ટુકડાને કાપતા હોય ત્યારે તેઓના ઉઠાવી જવા (ચોરી જવા)ની વાતો રજુ કરતો.

૧૬૫૪ અને રાત્રીની વાતો દરમ્યાન દરજીઓની (ચાલાકીઓ) ઉપર એક કિતાબ તે ઉંચા અવાજે વાંચતો, જ્યારે કે તેની આજુબાજુ એક ટોળું એકઠું થતું.

૧૬૫૫ જ્યારે કે તે પેલાઓ કે જેઓ આતુરતાપુર્વક સાંભળનારાઓ જોતો ત્યારે તે વાર્તા કહેવામાં તન્મય બની જતો.

હ. પયગમ્બર સાહેબે કહ્યું છે, "ખરેખર ખુદા બોધ આપનારાઓની જીભોથી તેઓ કે જેઓ તેમને સાંભળે છે, તેમની ઉત્કટ ઇચ્છાના માપ પ્રમાણે ડહાપણ શીખવે છે."

૧૬૫૬ જો કોઇને સૌમ્ય વાકચાતુરી હોય, તો તે સાંભળી લેવામાં આવે છે, શિકારનો ઉત્સાહ અને કાર્યશક્તિ શિષ્ય (કે જેને તે શીખવે છે) તેમાંથી ઉતરે છે.

૧૬૫૭ જ્યારે તંતુવાદ્ય (સંગીત ઢબછબની) ચોવીસ રીતો વગાડે છે, કોઇ કાન (સાંભળનાર) જોતો નથી ત્યારે તેનું તંતુવાદ્ય એક બોજો બને છે.

૧૬૫૮ તેની યાદીમાં સારું ગીત અથવા ઉર્મી કાવ્ય આવતું નથી, તેની દસ આંગળીઓ કામમાં લાગશે નહિ.

૧૬૫૯ જો અદ્રશ્ય (માંથી સંદેશો) સ્વીકારનાર કોઈ કાનો ન હોત તો કોઈપણ જાહેરાત કરનાર (પયગમ્બર) આસમાનમાંથી વહી લાવ્યા ન હોત.

૧૬૬૦ અને જો ખુદાના કામો જોનાર કોઈ આંખો ન હોત તો આકાશ ફરતું ન હોત અથવા પૃથ્વી હસીન હોત (લીલોતરીથી છવાઈ ન હોત).

૧૬૬૧ 'લવલાક'ની જાહેરાતનો અર્થ આ છે, કે સર્જનની (તમામ) ઘટના તીણુ આંખ અને જોનારના કાણુ માટે છે.

૧૬૬૨ સાથીદારોને પ્રેમમાં અને (બોરાકની) વાનીઓના તેઓના પ્રેમમાં ખુદાઇ કામગીરીના પ્રેમ માટેની ચીંતા એક ગીધને કયાંથી હોય?

૧૬૬૩ જ્યાં સુધી કે કેટલાય કંજુસ કુતરાઓ પીવા માટે હોતા નથી ત્યાં સુધી તમો કથરોટમાં 'ટટમાજ' રેડતા નથી.

૧૬૬૪ જાઓ, મહાન માલિકના ગુરૂના કુતરા બનો. એટલા માટે કે તેનું તમને પસંદ કરવું આ કથરોટમાંથી મુક્તિ આપે.

૧૬૬૫ જ્યારે તેણે (વાર્તા કહેનારે) પેલા દરજીઓ કે જેઓએ બાનગીમાં દયાહિણ ચોરીઓ કરી તે કહી બતાવી.

૧૬૬૬ ત્યારે એક બીતામાંનો તુર્ક (કે જે) ટોળામાં હતો તે પેલા પ્રકાશથી બૂબજ ગુસ્સે થયો.

૧૬૬૭ રાત્રીના વખતે તે (વાર્તા કહેનાર) બુદ્ધિવાનો (સાંભળનારાના) ફાયદા માટે પેલી ગુપ્ત હકીકતો જાહેર કરતો હતો, કયામતના દિવસે (જેમ બધું બુલ્લી રીતે જાહેર થશે તેમ),

૧૬૬૮ જ્યારે જ્યારે તમો એક વાદ વિવાદથી દરવાજા બંધ કરો છો ત્યારે તમો જોશો કે બે દુશ્મનો (એક બીજાની) ગુપ્તતાઓ જાહેર કરવામાં મશગુલ બન્યા છે.

૧૬૬૯ જાણો કે (કજીઆનો) વખત એ (કુરાનનો) દર્શાવેલ છેલ્લા ઇન્સાફના વખત (જેવો) છે, અને જાણો કે ગળું કે જે ગુપ્તતાઓ કહે છે તે અસરાફીલના રણશીંગા (માફક) છે.

૧૬૭૦ કારણકે બુદ્ધાએ ગુસ્સાની નેમો તૈયાર રાખી છે, અને (આમ) પેલી શરમજનક વસ્તુઓ બુલ્લી બનતી બનાવી છે.

૧૬૭૧ જ્યારે તેણે (વાર્તા કહેનારે) દરજીઓની બેઇમાનીના ઘણા દાખલાઓ રજુ કર્યા ત્યારે તુર્ક, ક્રોધી અને ગુસ્સે અને દુખી બન્યો.

૧૬૭૨ અને કહ્યું "ઓ વાર્તા કહેનાર, તમારા શહેરમાં આ (જાતની) દુષ્ટતા અને છળકપટમાં સૌથી મોટો હુશીયાર કોણ છે?

તુર્કની બડાઇ મારવી અને શરત લગાડવી કે તેની પાસેથી પેલો દરજી કોઈ પણ ચોરી કરવા શક્તિમાન બનશે નહિ.

૧૬૭૩ તેણે જવાબ આપ્યો, એક પીર-ઈ-શશ નામનો દરજી છે તે હાથચાલાકી અને ચોરીમાં બધાને ટપી જાય છે.

૧૬૭૪ તેણે (તુર્કે) કહ્યું "હું બાંહેધરી આપું છું કે એક સો પ્રયત્નોથી પણ તે મારી હાજરીમાં એક દોરાનો કટકો પણ લઈ જવા શક્તિમાન થશે નહિ.

૧૬૭૫ પછી તેઓએ તેને કહ્યું "તમારા કરતાં ઘણા વધુ હુશીઆર માણસોને તેણે હરાવ્યા છે, તમારી બડાઇઓમાં વધુ ઉંચા ચડો નહિ.

૧૬૭૬ ચાલ્યા જાઓ, તમારી સમજણથી મુરખ બનો નહિ, નહિતર તેના પ્રપંચોમાં તમે ખોવાઇ જશો."

૧૬૭૭ તુર્ક (છતાં પણ) વધુ ગરમ બન્યો અને ત્યાં જ એક શરત લગાવી કે તે (દરજી) નવું કે જૂનું કાંઈ પણ તેની પાસેથી લુંટી શકશે નહિ.

૧૬૭૮ પેલાઓ કે જેઓએ તેની આશાના વખાણ કર્યા, આથી વધુ ગરમ બન્યો, તાત્કાલીક તેણે શરત લગાવી અને હોડની ચીજ જાહેર કરી.

૧૬૭૯ કહે, જો તે મારી ચીજ કળાપૂર્વક ચોરે તો આ મારો અરબી ઘોડો દંડ તરીકે આપી દઉં.

૧૬૮૦ અને જો તે (મને) લુંટી શકે નહિ તો શરતના હિસાબે હું તમારી પાસેથી ઘોડો મેળવીશ.

૧૬૮૧ તેની આતુરતા અંગે (આખી) પેલી રાત તુર્ક ઉંઘી શક્યો નહિ. તે ચોરના આભાસ સાથે લડતો હતો.

૧૬૮૨ સવારના પહોરમાં તેણે પોતાની બગલમાં સાટીનનો એક ટુકડો મુક્યો, બજારમાં ગયો અને પેલા લુચ્ચા ઠગની દુકાનમાં દાખલ થયો.

૧૬૮૩ પછી તેણે ઉત્સાહપુર્વક તેને સલામ કહી, અને પેલો નિપુણ (દરજી) પોતાની જગ્યાએથી કુદકો મારી ઉભો થયો અને તેને આવકાર આપવા પોતાના હોઠો ઉઘાડ્યા.

૧૬૮૪ તેણે પેલા તુર્કથી પણ ઘણી વધુ હેત પ્રિતથી (તેની તબિયત વિગેરેની) પુછપરછ કરી કે જેથી તેણે (તુર્કના) દિલમાં પોતા માટેની વહાલની લાગણીઓ ઉત્પન્ન કરી.

૧૬૮૫ જ્યારે તેણે (તુર્કે) તેની પાસેથી બુલબુલના જેવી એક કવિતા સાંભળી ત્યારે તેણે તેની આગળ સાટીનનો ટુકડો ફગાવ્યો.

૧૬૮૬ કહે, "લડાઈના દિવસ માટે આમાંથી એક ડગલો કાપ. નાભીથી નીચે પહોળો અને તેની ઉપર સજ્જડ.

૧૬૮૭ મારી કાયા (કદ) બતાવતો ઉપર તસતસતો, નીચે પહોળો કે જેથી મારા પગોમાં આડે આવે નહિ."

૧૬૮૮ તેણે જવાબ આપ્યો, "ઓ માયાળુ આદમી, તમારી એકસો સેવા કરીશ." અને તે સ્વીકારવાના પ્રતિક માટે તેણે પોતાનો હાથ પોતાની આંખ ઉપર રાખ્યો.

૧૬૮૯ પછી તેણે (સાટીનને) માપ્યું અને તેની સપાટીની ચકાસણી કરી, અને ત્યાર બાદ પોતાના હોઠો નકામી વાતોમાં ઉઘાડ્યા.

૧૬૯૦ બીજા અમીરોની વાર્તાઓ અને સખાવતો અને પેલા લોકોની બક્ષિસો.

૧૬૯૧ અને કંજુસો અને તેઓની (હલકી) નાણાકીય હાલતો (વિગેરે) (આ બધા હસાવવાના ખાતર દાખલાઓ તેણે આપ્યા.

૧૬૯૨ તેણે ખુલ્લા દિલે કાતરની એક જોડી ફટકારી અને કાપવું શરૂ કર્યું જ્યારે તેના હોઠો વાર્તાઓ અને પ્રપંચી વાતોથી ભરપુર બન્યા હતા.

દરજીએ હસવા લાયક ચિનોદો કર્યો અને તુર્કના પૂબ જ હસવાપણા અંગે તેની ચુંચી આંખો મીંચાણી અને દરજીને (ચોરી કરવાની) તક સાંપડી.

૧૬૯૩ તુર્ક વાર્તાઓથી હસવું શરૂ કર્યું અને તે પળે તેની સાંકડી આંખો મીંચાણી.

૧૬૯૪ તેણે (દરજીએ) (સાટીનનો) એક ટુકડો ચોર્યો અને તેને પોતાના સાથળ વચ્ચે મુક્યો
(જ્યાં તે) ખુદા સિવાય બીજી બધી જીવતી હસ્તિઓથી બંતાડ્યો હતો.
૧૬૯૫ ખુદાએ તે જોયું, પણ તે (ગુન્હાઓને) ઢાંકવાની વ્યવસ્થા કરે છે, છતાં જ્યારે તમો
(તેમને) હદની બહાર લઈ જાઓ છો ત્યારે તે વાત ફેલાવનાર છે.
૧૬૯૬ તેની (દરજીની) નજીવી વાતોની તેની ખુશીમાં પેલો તુર્ક આગલી બડાઈ દિલથી
ભૂલી ગયો હતો.
૧૬૯૭ સાટીન શું ? લડાઇ શું ? શરત શું ? પાસાની રમુજોથી તુર્ક છાકટો બન્યો છે.
૧૬૯૮ તુર્કે તેને આજીજી કરી ખુમ પાડી કહે, "ખુદાની ખાતર રમુજો કહેવું ચાલુ રાખ
કારણ કે તે મારા માટે (ભુંજેલા) માંસ જેવા (મીઠા) છે.
૧૬૯૯ (પછી) પેલા બદમાસે એવી એક હાંસીપાત્ર વાર્તા કહી કે તે (તુર્ક) અટ્ટહાસ્યના એક
ખુલાસામાં પોતાના વાંસા ભર પડ્યો
૧૭૦૦ તેણે (દરજીએ) ઝડપથી સાટીનનો એક ટુકડો ટુંકા પાટલુનની અંદરની ગડીમાં સેરવ્યો,
જ્યારે તુર્કનું કાંઈપણ ધ્યાન હતું નહીં અને લાલસાથી રમુજો હસતો હતો
૧૭૦૧ છતાં પણ (આજીજીઓ ચાલુ રાખતાં) બીતાના તુર્કે ત્રીજી વખત કહ્યું : "ખુદાની
ખાતર મને એક રમુજ કહે."
૧૭૦૨ તેણે (દરજીએ) (પેલા કહી તેનાથી) વધુ હસવા જોગ એક વાર્તા કહી, અને પેલા
તુર્કને સંપૂર્ણપણે પોતાનો શિકાર બનાવ્યો.
૧૭૦૩ પોતાની આંખો બંધ કરી પોતાની સુઝને ભગાડી મુકેલ બડાઇખોર તુર્ક અટ્ટહાસ્યોથી
છાકટો બન્યો હતો.
૧૭૦૪ પછી ત્રીજી વખત માટે તેણે (દરજીએ) (જ્યારે તે કાપતો હતો ત્યારે) ડગલામાંથી
એક ટુકડો ચોર્યો જ્યારે કે તુર્કના હસવાએ તેને ચોરવા માટે પુરતો વખત આપ્યો.
૧૭૦૫ જ્યારે ચોથી વખત બીતાનો તુર્ક કળાબાજ દરજી પાસેથી એક રમુજની માગણી
કરતો હતો.
૧૭૦૬ ત્યારે કળાબાજને તેના ઉપર દયા આવી અને કળા અને અન્યાય એક બાજુએ રાખ્યો.
૧૭૦૭ તેણે (પોતાના મનમાં) કહ્યું "આ બુદ્ધિહીન માણસને આ (નકામી વાતો માટે) એક
મોટી તમન્ના છે, (તે) કેવી નુકસાની અને તેના માટે તેઓ કેવી છેતરપીંડી છે
તે જાણતો નથી.
૧૭૦૮ (એમ હોવા છતાં પણ તે (તુર્ક) પેલા નિપુણના માથા અને આંખો ઉપર ચુંબનો
કરતો હતો, કહેતો, ખુદાની ખાતર એક વાર્તા મને કહે.
૧૭૦૯ ઓ તું કે જે એક વાર્તા બન્યો છો અને (ઉપયોગી) અસ્તિત્વ તરફ ભરેલો (છે)
કયાં સુધી તું વાર્તાઓની કસોટી કરવાની ઇચ્છા કરતો રહીશ ?
૧૭૧૦ તારા પોતાના સિવાય બીજી કોઇ વાત વધુ હસવા જેવી નથી. તમારી પોતાના
નાશકારક કબરના કિનારા ઉપર ઉભા રહો (અને ધ્યાન લગાડો).

૧૭૧૧ ઓ તું કે જે અજ્ઞાનતા અને શંકાની કબરમાં નીચે ગયા છો, કયાં સુધી તમો રમુજો અને ઝમાનાની વાર્તાઓ (સાંભળવાનું) શોધશો ?

૧૭૧૨ કયાં સુધી તમો આ દુનિયાની ખુશામતો સાંભળશો કે જે તમારૂં અંતઃકરણ કે તમારો આત્મા વ્યવસ્થિત છોડતો નથી ?

૧૭૧૩ વખતની રમુજો, આ હલકટ અને શુદ્ર ગાઢ સાથીએ તમારા જેવા એક લાખની નામનાઓ લુંટી છે.

૧૭૧૪ આ સર્વભય દરજી એક સો મુસાફરો, બચ્ચાંઓ જેવા મુર્ખના પોષાકો કાપે છે અને ચોરી કરે છે.

૧૭૧૫ જો તેની રમુજો (વસંતમાં) ફળવાડીઓ ઉપર એક બક્ષિસ ઇનાયત કરે તો જ્યારે ડીસેમ્બર (શિયાળો) આવ્યો ત્યારે તેઓ (તેના રમુજોએ) પેલું ઇનામ પવનને આપી દીધું.

૧૭૧૬ જુનાં બચ્ચાંઓ તેની બાજુમાં બેસી માગણી કરતા કે તે રમુજ કરે (અને તેમને) ભલુ બુરૂં કિસ્મત તેમને કહેવામાં (નવાઈ પમાડે).

દરજીએ તુર્કને કહ્યું "એઈ, તારી જીભ બંધ કર, જો હું રમુજી વાર્તાઓ કહીશ તો ડગલો તમારા માટે (ઘણો) તંગ બનશે."

૧૭૧૭ દરજીએ કહ્યું "ઓ હિજડા, ચાલ્યો જા, જો હું બીજી એક રમુજ કહીશ તો તારા પર શ્રાપ પડશે.

૧૭૧૮ (કારણ કે) પછી, ત્યારબાદ, ડગલો તમારા માટે વધુ તંગ બનશે શું કોઈ પોતે પોતાના ઉપર આ દગો કરે ?

૧૭૧૯ (આ તે) કેવું અટ્ટહાસ્ય છે ? જો જરા જેટલી પણ (સત્યની) ઇશારત તમને હોત તો હસવાને બદલે તમે લોહીનાં (આંસુથી) રડ્યા હોત.

આળસુ લોકો કે જેઓ આ તુર્કની મઝાક (વાર્તાઓ) સાંભળવાની ઇચ્છા કરે છે અને કે છેતરામણી અને વિશ્વાસઘાતી દુનિયા એક દરજી મઝાક છે અને કે વિષયવાસનાઓ અને સ્ત્રીઓ આ દુનિયાના હસવા લાયક રમુજો જેવી છે, અને કે જીંદગી, અખંડતા અને ભાવિકતાનો એક પોષાક અને ડગલો બનાવવા દરજી આગળ સુકેલા સાટીનના ટુકડાને અણતો આવે છે તે સમજાવવા વિશે.

૧૭૨૦ દરજી કે જે દુનિયાની મોહજાળ છે, તમારા જીવનનું સાટીન કટકે કટકે પોતાની કાતરો કે જે મહિનાઓ છે તે લઇ ગયે છે.

૧૭૨૧ તમો ઇચ્છો છો કે તમારો મઝ હમેશાં વિનોદ કરે અને તમારી સખાવતી હમેશ માટે ચાલુ રહે.

૧૭૨૨ તમો તેની ઉપરછલ્લી ઢબછબથી અને તેનું ધિક્કારપણું અને દુશ્મનાઈ અને ભુલોથી બહુ ગુસ્સે થયા છો.

૧૭૨૩ તમો ચુપકીદી અને સભ્યતાઇ અને દુશ્મનાઇ બતાવવા તરફ તેની સહનશીલતાથી તમો ગુસ્સે બન્યા છો.

૧૭૨૪ કહીને, "શા માટે આનંદ શુક્રનો ગ્રહ નાચતો નથી?" તેના ભલા કિસ્મત અને ભવ્ય નાચ ઉપર આધાર રાખતો નહિ.

૧૭૨૫ તમારો ગ્રહ કહે છે, "જો હું વધુ વિનોદ કરીશ, તો તમો સંપૂર્ણ રીતે છેતરાએલા બનશો."

૧૭૨૬ આ ગ્રહોનું નકલીપણું નિહાળો નહિ, ઓ અધમ આદમી, નકલ માટેના તમારા પ્રેમને નિહાળો.

બોધદાયક કહાણી

૧૭૨૭ અમુક માણસ પોતાની દુકાને જવા રસ્તા ઉપર હતો. (જ્યારે) તેણે જોયું કે તેની આગળનો રસ્તો સ્ત્રીઓથી રૂંધાયો હતો.

૧૭૨૮ તેના પગો ઉતાવળ અંગે બળતા હતા, અને રસ્તો ચંદ્રમા જેવી ખુબસુરત સ્ત્રીઓના ટોળાથી બંધ થયો હતો.

૧૭૨૯ તેણે પોતાનો ચહેરો એક સ્ત્રી તરફ ફેરવ્યો અને કહ્યું "ઓ અધમ (સજીવ ઇન્સાન) અરે, છોકરીઓની માફક તમો આટલી બધી કેમ છો?

૧૭૩૦ સ્ત્રી તેના તરફ ફરી અને જવાબ આપ્યો, ઓ ઈમાનદાર આદમી, અમો આટલી બધી હોવા માટે બિકણ ન બન.

૧૭૩૧ અમો આટલી બધી હોવા છતાં ગણત્રી કર કે પૃથ્વી ઉપર તમો પુરૂષો પોતાના આનંદ ભોગ માટે અમો અપુરતી છીએ તેમ સમજો છો.

૧૭૩૨ સ્ત્રીઓ સાથેની સહેવત હોવા છતાં તમારી નજર હંમેશાં બહાર હોય છે અને તેવા વિચારમાં જ રચ્યાપચ્યા રહો છો.

૧૭૩૩ (ઓ સુફી), આ વખતના બનાવો ન નિહાળતો કે જે આકાશમાંથી (આગળ વધે છે) (અને) અહીં સહન ન થાય તેવા પ્રસાર થાય છે

૧૭૩૪ એકની રાજી અને આજીલીકાને અને આ (બોરકની) તાણ આને બીક અને ધ્રુજવાને કાળજીપુર્વક આતુરતાથી નિહાળતો નહિ.

૧૭૩૫ (પણ) આ બધી (દુન્યવી) કડવાશો હોવા છતાં, તમો દૈહિક રીતે તેનાથી પ્યારમાં છો અને તેને બેપરવાઇથી આધીન છો.

૧૭૩૬ સખત તકલીફોને એક (દૈવી) દયા નિહાળતો નહિ. ગર્વ અને બદબની બાદશાહીને (દૈવી) કોપ બનતો નિહાળ.

૧૭૩૭ પેલા હ. ઈબ્રાહીમ (અલિલુલ્લાહ) વિનાશમાંથી ભાગ્યા અને સલામત રહ્યા જ્યારે આ ઇબ્રાહીમ (દુન્યવી) માનથી ભાગ્યા અને સવાર થઇ ચાલ્યા ગયા.

૧૭૩૮ પેલો એક બળ્યો નહિ અને આ એક બળ્યો, અરે અદ્‌ભુત! (ખુદાની) શોધના રસ્તામાં દરેક વસ્તુ યોગ્ય સ્થળે હોતી નથી.

સુફીએ પોતાનો સવાલ ફરી વાર દોહરાવ્યો.

૧૭૩૯ સુફીએ કહ્યું "તે (ખુદા) કે જેની મદદ માગવામાં આવે છે, તેને આપણો વેપાર નુકશાનીમાંથી મુક્ત કરવાની શક્તિ છે.

૧૭૪૦ તે કે જે (નીમરૂદના) અગ્નિને ગુલાબો અને લીલોતરીમાં ફેરવે છે તે આ (દુન્યવી અગ્નિને) નુકસાની વગરની બનાવવા પણ શક્તિમાન છે,

૧૭૪૧ તે કે જે કાંટાઓ વચ્ચેથી ગુલાબો બહાર આણે છે તે શિયાળાને વસંતમાં ફેરવી નાખવા શક્તિમાન છે.

૧૭૪૨ તે કે જેનાથી દરેક સાયપ્રસ સ્વતંત્ર (લીલું) બનાવાય છે તે દિલગીર રીતે આનંદમાં ફેરવવા શક્તિમાન છે.

૧૭૪૩ તે કે જેનાથી દરેક 'શુન્ય' અસ્તિત્વવાળું બનાવે છે, તે શું નુકસાન સહન કરશે જો તે તેને કાયમના માટે સાચવી રાખે?

૧૭૪૪ તે કે જે કાયાને એક આત્મા જીવન જીવવા આવે છે. તે તે એક નુકસાનીમાં ગએલો કેમ બનશે જો તે તેને મૃત્યુ પમાડવાનું કારણ બન્યો નહિ?

૧૭૪૫ ખરેખર, તે વળી કેવી વાત છે કે જો તે કૃપાળુ પોતાના ચાકર ઉપર (તકલીફ) ઉઠાવ્યા વગર તેના આત્માની ઇચ્છા ફનાયત કરે?

૧૭૪૬ કાયાની લુચ્ચાઈ અને સેતાનનો આવેશ (કે જે) સકંજા માટે લાગ જોઈ છુપાએલ છે તેવા કંગાળ મરણાધિનોથી દુર રહેજે.

કાજીનો સુફીને જવાબ દેવો.

૧૭૪૭ કાજીએ કહ્યું (ખુદામાંથી) કડક હુકમો ન હોત અને જો ભલું અને બુરું અને કાંકરાઓ અને મોતીઓ ન હોત.

૧૭૪૮ અને જો માનવદેહ અને સેતાન અને લાલસાઓ અને ફટકાઓ અને લડાઇ અને ઝગડા ન હોત.

૧૭૪૯ તો એ તન્દુરસ્ત ઇન્સાન, પછી કયા નામે અને ઇલ્કાબે બાદશાહ પોતાના ચાકરોને બોલાવત?

૧૭૫૦ તે કેમ કહેશે, "એ અડગ એક, અને એ એક સંયમશીલ?" તે કેમ કહેશે, એ એક બહાદુર અને 'એ એક ડાહ્યા?'

૧૭૫૧ શ્રાપિત સેતાન અને લુંટારા વગર, અડગ અને ઈમાનદાર અને એક કૃપણ કેમ બને?

૧૭૫૨ 'રૂસ્તમ' અને 'હમ્ઝા' અને 'કૈટમાઇટ' (બધા) એક બનત, જ્ઞાન અને ડહાપણ રદબાતલ અને સંપૂર્ણ રીતે વિનાશ પામત.

૧૭૫૩ 'સત્યપંથ' અને બોટા રસ્તાઓ વચ્ચે (ભેદ પારખવાના) ઇરાદા માટે જ્ઞાન અને ડહાપણ હસ્તિ ધરાવે છે. જ્યારે બધા (રસ્તાઓ) સાચા રસ્તાઓ છે ત્યારે જ્ઞાન અને ડહાપણ (અર્થ વગરના) છે.

૧૭૫૪ વાસનામય પ્રકૃતિની આ બારી (ઢોંગી) દુકાનના કારણ માટે આ બન્ને દુનિયાનો નાશ પામે તેવું સ્વીકારવા લાયક તમો ધારો છો ?

૧૭૫૫ હું જાણું છું કે તમો પવિત્ર (પ્રકાશીત બનેલા) છો, નહિ કે કાચા (મુર્ખ). અને કે આ તમારા સવાલો અધમ માર્ગદર્શન કરવાના બાતર પુછાણા છે.

૧૭૫૬ ઝમાનાનું (કિસ્મતનું) ઘાતકીપણું અને દરેક તકલીફ જે હસ્તિ ધરાવે છે તે તેના પ્રત્યે અનુપકારીપણું અને બુદ્ધામાંથી દુર થવું વધુ હળવું છે.

૧૭૫૭ કારણ કે આ (તકલીફો) પસાર થઈ જશે (પણ) પેલું (અનુપકારીપણું) નહિ, (માત્ર) તે કે જે પોતાના આત્માને (બુદ્ધા તરફ) સન્માગ રાગે છે (અને) (તેના ધ્યાનમાં રહે છે) તે જ પરમ સુખનો અધિકારી છે.

એક વાર્તા રજુ કરવી કે દુન્યવી તકલીફો સહન કરવામાં ધીરજ ધરવી એ પ્રિયતમથી જુદાઇ સહન કરવાની ધીરજ ધરવાથી વધુ સહેલી છે.

૧૭૫૮ અમુક સ્ત્રીએ પોતાના ધણીને કહ્યું "હેઈ બો તું કે જેણે કાયમને માટે ઉદ્યમતા છોડી દીધી છે.

૧૭૫૯ તમને શા માટે મારી ફીકર નથી ? આ તકલીફના ઘરમાં હું કેટલો લાંબો વખત રહીશ ?

૧૭૬૦ ધણીએ જવાબ આપ્યો, હું પૈસા પેદા કરવા મારાથી બનતું બધું કરૂં છું જો કે હું કંગાળ છું, હું હાથપગ હલાવું છું,

૧૭૬૧ બો (મારી) મુર્તિ, પૈસા અને કપડાં તમને મળતાં રહે તે મારી ફરજ છે. તમો તે બન્ને મારી પાસેથી મેળવો છો અને તે અપૂરતાં નથી.

૧૭૬૨ ઘરવાળીએ પોતાથી કાંચળીની બાંય (તેને) બતાવી, કાંચળી ઘણી જાડી અને મેલી હતી.

૧૭૬૩ તેણીએ કહ્યું "તે બહુ જાડી છે, તે મારી કાયાને બાય છે (બખમો કરે છે) શું કોઇ પણ આવી જાતનું કપડું પહેરે છે ?"

૧૭૬૪ તેણે કહ્યું "બો સ્ત્રી, હું તને એક સવાલ પુછીશ, હું એક ગરીબ માણસ છું. હું માત્ર આટલું જ જાણું છું.

૧૭૬૫ આ (કાંચળી) બરબચડી અને જાડી અને અસ્વીકાર્ય છે પણ (સારી રીતે) વિચાર કર. બો વિચારવંતી બોરત !

૧૭૬૬ આ (કાંચળી) વધુ બરબચડી અને વધુ ગંદી છે કે છુટાછેડા ? આ કાંચળી તમને વધુ અપ્રિય છે કે જુદાઈ ?

૧૭૬૭ તેજ પ્રમાણે એ શેઠ જે તકલીફો અને ગરીબાઈ અને સંતાપ અને દુઃખોના પ્રતાપે નિંદા કરે છે.

૧૭૬૮ કંઈ જ શક નથી કે આ વિષય વાસનાઓનું છોડી દેવું સખત દુઃખ આપે છે પણ ખુદામાંથી દુર બનવું એ તેના કરતાં વધુ કડવું છે.

૧૭૬૯ ને કે (દૈહીની વિરૂદ્ધ) લડવું અને રોજાઓ સખત અને કઠણ છે છતાં તેનામાંથી કે જે તકલીફો ઉતારે છે તેનાથી દુર બનવું એ વધુ સારૂં છે!

૧૭૭૦ એક પળ માટે પણ દુઃખ કેમ સહન થાય કે જ્યારે પસંદગીનો આપનાર તને કહે છે, ઓ મારા એક બાંદા, તું કેમ છો?"

૧૭૭૧ અને (ભલે) તે એમ કહે પણ નહિ કારણ તેના માટે જરૂરી જ્ઞાન અને સમજણ તમને ન હોય છતાં તમારી બંદગીની ભાવનાની આંતરિક લાગણી તારી પાછળ તપાસ કરે છે.

૧૭૭૨ પેલા ખુબસુરતો કે જેઓ રૂહાનીયત હકીમો છે બિમાર તરફ તપાસ કરવા ફરે છે.

૧૭૭૩ અને જો તેઓ નામોશી અને માન ગુમાવવાની જવાબદારીના બીકવાળા બને તો તેઓ કાંઈક સાધનો વિચારે છે અને એક સંદેશો મોકલે છે.

૧૭૭૪ અથવા જો તેમ નથી તો પેલી (બિમાર માટેની કાળજી) તેઓના દિલોમાં લીન બને છે કોઈપણ પ્રિતમ તેના પ્રેમીથી બેખબર નથી.

૧૭૭૫ ઓ તું કે જે અદ્‌ભુત વાત સાંભળવાની ઈચ્છા ધરાવે છે, તેમની વાર્તા વાંચ કે જે પ્રેમની રમત રમે છે.

૧૭૭૬ તું (બધા) આ લાંબા વખત દરમ્યાન સખત રીતે ઉકળતો બન્યો છો (અને છતાં) ઓ સુકાએલા ગોસ, તું અર્ધો પણ પાક્યો નથી.

૧૭૭૭ એક (આખા) જીવનના સમય દરમ્યાન તેં ઇન્સાફ અને (ખુદાનો) ન્યાય જોયો છે અને (બધા પછી) પણ તું એક આંધળા કરતાં વધુ અજ્ઞાન છે.

૧૭૭૮ જે કોઇ તે એક વિદ્યાર્થી તરીકે તેની સેવા કરે છે તેં એક શિક્ષક બને છે, (પણ) ઓ આંધળા મૂર્ખ, હું પાછળ પડયો છે.

૧૭૭૯ ખરેખર તું તારા માતાપિતા પાસેથી કાંઈપણ શીખ્યો નથી, તું રાત્રી અને દિવસમાંથી એક પાઠ પણ શીખ્યો નથી.

બોધદાયક કહાણી

૧૭૮૦ એક (સુફી) આત્મજ્ઞાનીએ એક વૃદ્ધ ક્રિશ્ચીયન પાદરીને પૂછયું, 'સાહેબ, ઉમરમાં તમો અથવા તમારી દાઢી વધુ મોટી છે?"

૧૭૮૧ તેણે જવાબ આપ્યો, "નહિ, હું તેની અગાઉ જનમ્યો છું. મેં દાઢી વગર ઘણી દુનિયા નિહાળી છે."

૧૭૮૨ તેણે (સુફીએ) કહ્યું "તમારી દાઢી સફેદીમાં વળી છે, તે બદલાઇ ગઈ છે, (પણ) તમારા હલકટ અવગુણો સારા બન્યા નથી.

૧૭૮૩ જોકે તમારી દાઢી તમારી પાછળ જન્મી હતી અને (છતાં) તે તમને ટપી ગઇ છે, તમો ખૂબજ સુકા (નકામા બેફાયદે) છો કારણ કે રોટલાના ટુકડા માટેની તમારી લાલસા ગઇ નથી.

૧૭૮૪ તમો હજી સુધી તે જ પ્રકારના છો કે જેનાથી તમો જનમ્યા હતા. તમોએ એક ડગલું પણ આગળ ભર્યું નથી.

૧૭૮૫ હજી સુધી તમો ઠેકાણાની જ ખાટી છાશ જેવા છો. વાસ્તવમાં તમોએ તેમાંથી કોઇપણ તેલ (માખણ) એંચ્યું નથી.

૧૭૮૬ હજી સુધી તમો માટીની બરણીમાં કણક (જેવા) છો. જો કે તમો જીંદગીના (પુરા) સમય દરમ્યાન સખત બળતી સગડીમાં રહ્યા હતા.

૧૭૮૭ તમો એક નાની ટેકરી ઉપરના છોડ જેવા છો. (તમારા) પગ જમીનમાં (અઅળ) છે જો કે તમારૂં માથું લાલસાના પવનથી આમતેમ હાલે છે.

૧૭૮૮ રણની ગરમીમાં હ. મુસા (અ. સ.)ના લોકોની માફક, એ મુર્ખ માનવી, તું (તેજ) જગ્યાએ ચાલીસ વર્ષો રહ્યો છો.

૧૭૮૯ તું દરરોજ રાત્રી પડતાં સુધી ઝડપથી ચાલે છે અને પોતાને મુસાફરીના પેલા તબક્કાની જગ્યાએ જ પોતાને જુએ છે.

૧૭૯૦ તું કદીપણ આ ત્રણસો વર્ષનું છેદું કરી શકીશ નહિ જ્યાં સુધી કે તને વાછરડા માટે પ્રેમ છે.

૧૭૯૧ જ્યાં સુધી કે વાછરડા માટેની તેઓની કલ્પના તેઓના દિલોમાંથી હટી ગઈ નહિ ત્યાં સુધી જંગલ તેમને માટે એક બળતા વાવંટોળ જેવું હતું.

૧૭૯૨ વિશેષમાં આ વાછરૂ કે જે તે તેમાંથી (ખુદામાંથી) મેળવેલ છે, તેં અનંત દયાઓ અને દુવાઓ અનુભવી છે.

૧૭૯૩ તને એક ગાયની પ્રકૃતિ છે, જ્યારે કે તારા આ વાછરડાના પ્રેમમાં (પેલા) મહાન ફાયદાઓ તારા દિલમાંથી અદ્રશ્ય થયા છે.

૧૭૯૪ હવે આજીજી કરી કહું છું કે તારા દરેક ભાગને પુછ, આ મુંગા ભાગોને એકસો જીભો છે.

૧૭૯૫ જગતને વ્યવસ્થિત રાખનારની કૃપાઓ યાદ કરો કે જે સમયના વહેણમાં સંતાએલા છે.

૧૭૯૬ રાત્રી અને દિવસ તમો આતુરતાપુર્વક વાર્તાઓ (સાંભળવાનું) શોધો છો, જ્યારે જુદા જુદા દરેક ભાગ (તેની કૃપાઓની) વાર્તા તને કહે છે?

૧૭૯૭ તારા દરેક જુદા જુદા ભાગ 'શુન્ય'માંથી મોટા થયા છે, તેઓએ કેટલો બધો આનંદ અને કેટલું બધું દુઃખ અનુભવેલ છે?

૧૭૯૮ કારણ કે આનંદ વગર કોઈપણ ભાગ મોટો થાય નહિ, વિરૂધાઈમાં, ભાગ કે જે (દુઃખની) દરેક ખેંચની અસરવાળો થયો. પાતળો બને છે.

૧૭૯૯ ભાગ અસ્તિત્વમાં રહ્યો પણ યાદીમાંથી મગ્ન ચાલી ગઈ છે. નહિ, તે અદ્રશ્ય થઈ નથી (જો કે), તે પાંચ ઇન્દ્રીઓ અને (કાયાના સાત સલ્યોથી) ગુપ્ત બની છે.

૧૮૦૦ (તે) ઉનાળાની માફક છે, કે જેમાંથી કપાસ જનમ્યું છે. કપાસ બાકી રહે છે. ઉનાળો વધુ વાર યાદ રહેતો નથી.

૧૮૦૧ અથવા બરફની માફક જે કે શિયાળામાં જનમ્યું છે, શિયાળો અદ્રશ્ય થાય છે પણ બરફ આપણી સાથે છે.

૧૮૦૨ બરફ (શિયાળાની) તકલીફોની યાદગીરી છે, અને ડીસેમ્બરમાં આ ફળો ઉનાળાની એક યાદગીરી છે.

૧૮૦૩ તેવી જ રીતે, ઓ યુવાન, તારી કાયાનો દરેક ભાગ એક (ભૂતકાળની) કૃપાની વાર્તા કહે છે.

૧૮૦૪ જેમ એક સ્ત્રીની (બાળતમાં) કે જેને વીસ બચ્ચાં છે, દરેક બચ્ચું (ભૂતકાળની) એક ખુશીની વાત કહે છે,

૧૮૦૫ (ભૂતકાળના) અત્યાનંદ અને કામેચ્છુ રમત સિવાય સગર્ભાવસ્થા સંભવે નહિ, વસંત ઋતુ વગર ફળવાડી ફળો કેમ પેદા કરે ?

૧૮૦૬ અર્થપૂર્ણ (ઝાડો) પોતાના ખોળામાં પાન અને ફળો આવેલાં, વસંતના અડપલાંની સાબીતી છે.

૧૮૦૭ દરેક ઝાડ તેના બચ્ચાંને ધવરાવવામાં મગ્ન છે. તે હ. મરીયમની માફક એક અદીઠ બાદશાહથી ગર્ભીત બન્યું છે.

૧૮૦૮ જો કે (ઉકળતા) પાણીમાં અગ્નિની ગરમી (દૃષ્ટિમાંથી) સંતાએલ છે. એક લાખ પરપોટા તેમાંથી બહાર આવે છે

૧૮૦૯ અને જો કે અગ્નિના વણાટો બહુ જ ગુપ્ત છે. પોપડો (પોતાની હાજરી) દસ આંગળાંથી જાહેર કરે છે

૧૮૧૦ તેવી જ રીતે 'મિલન' થી પેલા પીધેલાઓના દરેક ભાગો (રૂહાની) ભાવનાઓ જાહેર કરે છે અને શબ્દોના (આદર્શ) રૂપથી સભર છે.

૧૮૧૧ તેઓનાં મોઢાં (પેલી) પરમાણુંદની ખુબસુરતી તરફ (અન્તયબીમાં) વકાસી રહ્યા છે (જ્યારે) તેઓની આંખો આ દુનિયાના રૂપોમાંથી ગેરહાજર (ખેંચી લેવાઈ છે)

૧૮૧૨ પેલી (રૂહાની) સંતતીઓ આ ચાર (મુળ તત્વો) ના કારણે પેદા થએલી નથી. પરિણામે તેઓ આ આંખોથી દેખાતી નથી.

૧૮૧૩ આ સંતતીઓ (દૈવી) રોશનીથી જન્મેલ છે, પરિણામે તેઓ (દૃષ્ટિમાંથી) એક પડદાથી ઢંકાએલ છે.

૧૮૧૪ આપણે કહ્યું "જન્મ્યા, પણ વાસ્તવમાં તેઓ જન્મ્યા નથી." "અરે આ સંકેત (માત્ર) સમજણને દોરવવાની ખાતર વાપર્યો છે.

૧૮૧૫ સાંભળ, ચુપ રહે જે કે કહેનારૂં બાદશાહ (રૂહાની રાહબર) બોલે, આ જાતના એક ગુલાબથી કોયલ્લું ગાન વેચતો નહિ.

૧૮૧૬ આ છટાદાર ગુલાબ અવાજો અને બુમોથી ભરેલ છે. ઓ કોયલ તારી જીભ ભલે બંધ પડે, ભલે (બધું) કાનજ બને!

૧૮૧૭ (આ) જાતના પવિત્ર આદર્શ રૂપો મિલનના ગુઢાર્થના કીંમતી સાક્ષીઓ છે.

૧૮૧૮ હિકમતી અને આહ્લાદજનક બુબસુરતીની (આ) બન્ને જાતો (રૂહાનીયત) સંતતીઓ અને જીવન વધવાના સાક્ષીઓ છે.

૧૮૧૯ બરફની માફક કે જે તામુઝના નવા મહીનામાં શિયાળાની વાર્તા કહ્યા કરે છે.

૧૮૨૦ અને ઠંડી હવાઓ અને સખત ધુમ્મસને પેલા સખત દિવસો અને સમયોની યાદ તાજી કરાવે છે.

૧૮૨૧ (અથવા) ફળની માફક કે શિયાળાના વખતમાં બુદાના પ્રેમાળપણાની વાત કહે છે.

૧૮૨૨ અને ઋતુની વાત જ્યારે સુર્ય હસતો હતો અને ફળવાડીઓની વહુરાણીઓને ભેટતો હતો.

૧૮૨૩ અત્યાનંદ ચાલ્યો ગયો છે પણ તમારો (દરેક) ભાગ એક યાદગીરી તરીકે રહેલ છે કાંતો તેની તપાસ કર અથવા તું પોતે (અત્યાનંદને) દિલમાં યાદ કર.

૧૮૨૪ જ્યારે દિલગીરી તારા દિલનો કબજો લ્યે ત્યારે જો તમો યોગ્ય (સચેત અને શક્તિમાન) પુરૂષ હો, તો તમો પેલી નિરાશાની પળનો વિચાર કરતા નહિ!

૧૮૨૫ અને તેને કહેજો, ઓ દિલગીરી કે જે પેલા સંપૂર્ણપણાથી (ઇનાયત થએલ) પસંદગીની રાજીનો સર્વથા અસ્વીકાર કરે છે.

૧૮૨૬ જો વસંત અને (તેની) તાજી ખુશીઓ હંમેશાં તારી ન હોત, (તો પણ) તારી કાયા (કે જે) ગુલાબના ઢગલા માફક એક કોઠાર છે?

૧૮૨૭ તારી કાયા ગુલાબનો ઢગલો છે. તારા વિચાર ગુલાબજળ જેવા છે, ગુલાબજળ ગુલાબનો અસ્વીકાર કરે છે, અરે, અહીં એક ચમત્કાર છે!

૧૮૨૮ તણખલાની (પણ) ના પાડવામાં આવે છે કે જે ચીબાવલાપણાથી અનુપકારીપણું બતાવે છે (જ્યારે) સુર્ય અને વાદળું (તડકો અને વરસાદ) પેલાઓ કે જેઓ નમીઓના ગુણોને મળતા આવે છે તેના ઉપર વિપુલ પ્રમાણમાં ઉતરે છે.

૧૮૨૯ અનુપકારીપણું બતાવવામાં પેલો દુરાગ્રહ વાંદરાથી અનુસરાતો કાયદો છે, જ્યારે પેલું આભારપણું અને ઉપકાર માનવો એ પયગમ્બરનો રસ્તો છે.

૧૮૩૦ ચીબાવલાને તેઓનાં શરમજનક કર્તવ્યોના કારણે શું કરવામાં આવ્યું તે જુઓ. પેલા પયગમ્બરી ગુણોવાળાને તેઓના ભક્તિભાવના કાર્યો માટે શું કરવામાં આવ્યું તે પણ જુઓ.

૧૮૩૧ દુન્યવી દોલતની જગ્યાએ નીચ અને કરડતા (કુતરાઓ) હોય છે. નાશ પામેલી જગ્યાઓએ કીર્તી અને પ્રકાશનો બદલે હોય છે

૧૮૩૨ જો આ (રૂહાનીયત) ચંદ્રમા ઘરણમાં ન હોત તો આટલા બધા ફિલસુફોએ (સત્ય) પંથ ગુમાવ્યો ન હોત.

૧૮૩૩ પોતાનો રસ્તો ગુમાવવામાં તીવ્ર અને બુદ્ધિમાને પોતાને મુર્ખાઓનું બિરૂદ પામેલાં જોયા.

ફકીરની બાકી રહેલી કહાણી કે જેણે પોતાની રોજની રોજી કામ (કર્યા વગર) મળવાની ઈચ્છા કરી.

૧૮૩૪ પોતાના દુઃખમાં પેલો કંગાળ મુફલીસ કે જેણે ગરીબીના કારણે એક હજાર દુઃખો સહન કર્યા.

૧૮૩૫ ખુદાને પ્રાર્થના અને આજીજીમાં બુમ પાડતો. એ "માલિક અને તેનો રખેવાળ કે જેઓ (પોતાના લોકોના) ભરવાડો છે.

૧૮૩૬ (મારા ભાગે) કાંઇ પણ મહેનત કર્યા વગર તેં મને પેદા કરેલ છે, (મારા ભાગે કાંઈ પણ તકલીફ વગર આ મહેલમાં (દુનિયામાં) મને રોજંદી રોજી આપ.

૧૮૩૭ તેં મારા માથાના દાણડામાં મને પાંચ જવાહીર આપેલ છે અને વળી પાંચ બીજી ગુપ્ત (ઈન્દ્રિઓ).

૧૮૩૮ આ તારી બક્ષિશોની સંખ્યા કે ગણત્રી થઈ શકે તેમ નથી, તેમને ગણાવતાં હું શરમજનક ચહેરાવાળો અને બાંધેલ જીભનો બની છું.

૧૮૩૯ જ્યારે કે આ કુદરતમાં તું એકલો જ (ભાગીદાર વગરનો) છો, તેજ રીતે મને રોજની રોજી પણ પહોંચાડતો જા.

૧૭૪૦ વર્ષો સુધી આ પ્રાર્થના તેનાથી ઉચ્ચારાતી હતી અને આખરે તેની બંદગીએ અસર ઉપજાવી.

૧૮૪૧ જેમ પેલા પુરૂષની માફક તે જે કાંઈ પણ મહેનત કે હાડમારી ભોગવ્યા વગર એક કાયદાસરની હલાલ રોજી આપવા ખુદા પાસે માગ્યા કરતો.

૧૮૪૨ આખરે છેવટે એક ગાયે તેને સુખ આપ્યું, તે હ. દાઉદ (અ. સ.) કે જેનો ઇન્સાફ દૈવી પ્રેરણાથી હતો, તેમનો ઝમાનો હતો.

૧૮૪૩ આ પ્રેમના ગુલામે પણ દયાજનક આજીજીઓ કરી જાને અને તે તેવી જ રીતે (પસંદગીના) મેદાનમાંથી દોડો ઉઠાવી ગયો (તેની આજીજી સ્વીકારાણી).

૧૮૪૪ (છતાં) જ્યારે પ્રાર્થના કરતાં કરતાં તે બદલા અને બક્ષિશના મુલ્યવીપણા અંગે હલકા વિચારો પણ કરતો હતો.

૧૮૪૫ (અને પછી) ફરીવાર તે દયાળુ માલિકની (તેની આજ્ઞાઓનું) મુલ્યવીપણું તેના દિલમાં એક આનંદનો સંદેશો લાવશે, (તેના પુરસ્કાર માટેની) એક સલામતી બનશે.

૧૮૪૬ જ્યારે જ્યારે તેના અંતઃકરણપુર્વકની ખરી બંદગીમાં થાક તેને નાઉમેદ બનાવશે. ત્યારે તે ખુદાઈ હાજરીમાંથી સાંભળશે "આવો."

૧૮૪૭ આ (દૈવી) બનાવનાર તે છે જે વગોવણી કરે છે અને વખાણ કરે છે. આ બંને સ્વાભાવિક લક્ષણો વગર કોઈ પણ કામ સંપૂર્ણત થતું નથી.

૧૮૪૮ પૃથ્વીના નીચાપણાની અને અવકાશના ઉંચાપણાની ગણત્રી કર. એ ફલાણા આ બન્ને સ્વાભાવિક લક્ષણો વગર તેમને ચકાવો અશકય છે.

૧૮૪૯ આ પૃથ્વીનું નીચાપણું અને ઉંચાપણું બીજી જાતનાં છે, કારણકે અર્ધા વર્ષ માટે તે ઉજ્જડ છે અને (બીજી) અર્ધા માટે (તે) લીલું અને તાજું છે.

૧૮૫૦ દુઃખમય સમયનું ઉંચાપણું અને નીચાપણું એક બીજી જાતનાં છે. એક અર્ધો દિવસ અને (બીજી એક) અર્ધી રાત.

૧૮૫૧ આ આપણી દૈહિક કાયાના હવામાનનું હલકાપણું અને ઉંચપણું કોઈવાર આપણી તન્દુરસ્તી છે અને કોઈવાર બિમારી કે જે આપણને દુઃખીની ગુમ પડાવે છે.

૧૮૫૨ જાણ કે તેવી જ રીતે દુનિયાની બધી બદલાતી હાલતો છે, દુકાળ અને અનાવૃષ્ટિ અને શાંતિ અને લડાઇ (કે જે) (દૈવી) કસોટીમાંથી ઉભી થાય છે.

૧૮૫૩ આ બન્ને પાંખોના કારણે આ દુનિયાને હવામાં (એક પંખીની માફક) રાખે છે. આ જોડીના કારણથી (બધા) આત્માઓ બીક અને આશાના ટેવાએલા છે.

૧૮૫૪ અંતમાં કે પૃથ્વી ઉપરના પવનમાં અને પુનર્જીવનના ગરમ પવન અને મૃત્યુમાં એક પાંદડાંની માફક હમેશાં ફુજતી બનશે.

૧૮૫૫ (અને) ઐકયતા અને વાસ્તવિકની સર્વમય રંગની દેગ એકસો રંગો ધરાવતી દેગની કીંમતનો કદાચ નાશ કરે.

૧૮૫૬ કારણ કે (ઐકયતાની) પેલી દુનિયા એ એક નીમકની ખાણ માફક છે, કે જે નજીક વધુ નજીક ગયું, રંગવામાંથી બાકાત રહી ગયું.

૧૮૫૭ જમીન તરફ જુઓ, તે માણસ જાતને તેઓની કબરોમાં એક જ રંગના બનાવવા ઘણા રંગો (ફેલાવે છે.)

૧૮૫૮ આ દ્રષ્યમાન (શારીરિક) કાયાઓ માટે નીમકની ખાણ છે (પણ) વાસ્તવમાં આદર્શ ચીજો માટેની નીમકની ખાણ જુદી છે.

૧૮૫૯ આદર્શ ચીજો માટેની નીમકની ખાણ આદર્શ (રૂહાનીયત) છે. તે અંનતતામાં હંમેશ માટે નવી જ હાલતમાં રહે છે.

૧૮૬૦ આ (દૈહિક) નવાપણાને તેના વિરોધી જેવું જુનાપણું વાસ્તવિકતાની દુનિયાનું (સંબંધીત) વિરોધ કે સરખું અથવા સંખ્યા જેવું નથી.

૧૮૬૧ તે હ. મુસ્તુફા (સ.સ.અ.)ના 'નુર'નું ઓપવાના કાર્ય જેવું છે. લાખો જાતનાં અંધારા દીપ્તિમાન બન્યાં.

૧૮૬૨ યહુદ્દી અને અનેક દ્વૈવવાદી અને ક્રિશ્ચયન અને મેજીઅન, બધાજ પેલા મહાન બહાદુરથી એકજ રંગના બનાવાયા છે.

૧૮૬૩ એક લાખ લાંબા ટુંકા પડછાયાઓ, ગુઢાર્થના પેલા સુર્યના પ્રકાશમાં એક બન્યા.

૧૮૬૪ એક લાંબો (પડછાયો) કે એક ટુંકો કે એક પહોળો પડછાયો રહ્યો, દરેક જાતના પડછાયાઓ સુર્યને ગીરવીમાં દેવાયા.

૧૮૬૫ પણ એકરંગીપણું કે જે કયામતમાં (દરેક જગ્યાએ) છે તે (પછી) જાહેર કરાયું અને ભલા-બુરાને એક સરખી રીતે ખુલ્લું કરાયું.

૧૮૬૬ કારણકે પેલી દુનિયામાં વિચારો ને રૂપથી વસ્ત્ર પરિધાન કરેલ છે અને આપણા (દ્રશ્યમાન) આકારો આપણા (નિતીમાન અને રૂહાની) ગુણોના અનુરૂપ બન્યા.

૧૮૬૭ (ગુપ્ત) વિચારો પછી કિતાબના આકારમાં બનશે. આ અસ્તર કપડાની બહારની સપાટી બનશે.

૧૮૬૮ આ ચાલુ ઝમાના દરમ્યાન (માણસોની આંતરિક માન્યતાઓ એક કાબરચીતરી ગાય જેવી છે અને (જુદા જુદા) દીનના ફિરકાઓમાં વાણીનું ગુંચળું એકસો રંગના (દોરા) વણે છે.

૧૮૬૯ તે ઘણા રંગોવાળો અને ઘણાં અંતઃકરણોવાળો સબત છે, એક રંગનું જગત પડદામય કેમ બને ?

૧૮૭૦ તે ઈથોપીયનનો ઝમાનો છે, ચીકો (દૃષ્ટિમાંથી) ગુપ્ત છે. આ રાત્રી છે અને સુર્ય ગીરવી છે.

૧૮૭૧ તે વરૂનો ઝમાનો છે, અને યુસુફ કુવાને તળીએ છે. તે મિસરીઓનો ઝમાનો છે અને ફિરઓન બાદશાહ છે.

૧૮૭૨ (આ દૈવી ઈરાદો છે) એટલા માટે કે થોડા દિવસો માટે આ બદમાસો (દુન્યવી) ધન દૌલત માટે હસવાનો તેઓનો હિસ્સો મેળવે.

૧૮૭૩ (પણ) આ દુનિયાના જંગલની અંદર સિંહો છે. "આવો" હુકમની રાહ જોતા આજુબાજુ પથરાતા બનતા.

૧૮૭૪ પછી પેલા સિંહો (દુન્યવી) ચરાણુમાંથી આગળ આવશે અને ખુદા (તેમનામાં) કાંઈપણ પડદા વગર તેઓની આવક અને જાવક બતાવશે.

૧૮૭૫ માણસનું (રૂહાની) તત્વ જમીન અને આસમાનને ઘેરી લેશે (જ્યારે) કાબરચીતરાં દોરને કુરબાનીના દિવસે બલિ તરીકે મારી નાખવામાં આવશે.

૧૮૭૬ સાચા ઈમાનદારો માટે કયામતમાં કુરબાનીનો ભયંકર દિવસ અને દોરના નાશનો દિવસ એક તહેવાર છે.

૧૮૭૭ કુરબાનીના દિવસે બધાં પાણીનાં પંખીઓ સમુદ્રની સપાટી ઉપર વહાણની માફક ચાલતા થશે.

૧૮૭૮ (આ દિવસ નિર્ધારીત છે.) અંતમાં કે "તેઓ કે જેઓ વિનાશ પામ્યા, ચોકખી સાબિતીમાં વિનાશ પામ્યા" અને કે જેઓ બચાવાયા અને તેનું ચોકખું જ્ઞાન છે, (ચોકખી સાબિતીથી) બચાવાશે.

૧૮૭૯ અને કે બાજો સુલતાન તરફ જશે અને કાગડાઓ કબ્રસ્તાનમાં જશે.

૧૮૮૦ કારણ કે આ દુનિયામાં કાગડાઓના સ્વાદિષ્ટ ખોરાક હાડકાંઓ અને રોટલાની માફક વિષ્ઠાના ટુકડાઓ છે.

૧૮૮૧ કાગડાઓ માટે ઠહાપણની સાકર કેવી દુરસ્થ છે ! ફળવાડીમાં વિષ્ઠાનો વાદો કેવો દુરસ્થ છે !

૧૮૮૨ એક બાયલા માણસ માટે દુષ્ટ મનની વિરૂદ્ધ લડવા જવું યોગ્ય નથી. કુંવારનું લાકડું અને કસ્તુરી એક બકેડા માટે યોગ્ય નથી.

૧૮૮૩ જ્યારે કે સ્ત્રીઓને લડાઈમાં ભાગ લેવા દેવામાં આવતો નથી ત્યારે 'જીહાદ' કરવાં મોટી લડાઈ (દુષ્ટ મનની) તેમાં ભાગ લેતી બનાવાય.

૧૮૮૪ (કોઈકવાર) એક રૂસ્તમ સ્ત્રીની કાયામાં છુપાએલ બને છે જેમ હ. મરીયમની (બાબતમાં હતું) (પણ) માત્ર ભાગ્યે જ (તેમ બને છે).

૧૮૮૫ તેવી જ રીતે (કોઈકવાર) સ્ત્રીઓ પુરૂષોની કાયાઓમાં છુપાએલ હોય છે, અને તેઓ (આવા માણસો) (પ્રત્યક્ષ પણ હકીકતમાં નહિ) દિલના દુર્બળપણા અંગે સ્ત્રીઓ છે.

૧૮૮૬ પેલી દુનિયામાં જો કોઈપણ તેના પુરૂષત્વની યોગ્યતામાં (રૂહાનીયત લડાઈ માટે) માલમ નહિ પડે તો તેનું સ્ત્રીત્વ (દ્રષ્યમાન) આકાર લ્યે છે.

૧૮૮૭ (ઈન્સાફના) દિવસે ઈન્સાફ છે, અને (દરેકને) જે યોગ્ય છે તે આપવામાં ઈન્સાફ સમાએલો છે, બુટ પગ માટે છે અને ટોપી માથા માટે છે.

૧૮૮૮ (આ) એટલા માટે છે કે દરેક શોધનાર પોતાની તલાશની ચીજ મેળવે, અને કે દરેક ચીજ ભાવીમાં જવા બંધાએલ છે તે તેની પહોંચવાની જગ્યાએ પહોંચે.

૧૮૮૯ તલાશની કોઈપણ વસ્તુ શોધનારમાંથી અટકાવાતી નથી. સુર્ય ગરમીની સોબતમાં છે અને વાદળું પાણીથી.

૧૮૯૦ ચાલુ દુનિયા ગુનેગારોને સુધારણાગૃહ છે, જ્યારે કે તમોએ સજા (ભોગવવાનું) પસંદ કર્યું છે, (તો) સજા ભોગવો !

૧૮૯૧ સજા પામેલાઓના વાળ અને હાડકાંઓનો ઠાળજીપુર્વક વિચાર કરો કે જેમને (દેવી) સજાની તલવારે દરિયા અને જમીન ઉપર પછાડ્યા છે.

૧૮૯૧ પંખીનાં પીંછા અને પત્રો સકંજામાં આજુબાજુ ફસેલાની ગણત્રી કરો. તે ચુપકીદીથી ખુદાની સજાની (પ્રકૃતિ) પ્રગટ કરે છે.

૧૮૯૩ તે (સંસારી માણસ) મરી જાય છે અને પોતાની જગ્યા સેળવવા માટે દફનક્રિયાની ઘોડી છોડી જાય છે, અને એકની (બાતમાં) કે જે ઘરડો બન્યો છે અને ઘોડી પણ અદ્રશ્ય થઈ છે.

૧૮૯૪ ખુદાઈ ઇન્સાફે દરેકને (પોતાની જાત સાથે) સંબંધીત કરેલ છે. હાથીને હાથી સાથે અને મચ્છરને મચ્છર સાથે.

૧૮૯૫ હ. આહમદ (ર.સ.અ.) ના સુપરિચિત સાથીદારો ચાર દોસ્ત હતા (જ્યારે) અબુ જહલના સુપરિચિત ઉતબા અને ધુલ ખિમાર હતા.

૧૮૯૬ હ. જીબ્રીઈલનો અને (અવકાશી) આત્માઓનો કાબા 'લોટસ' છે. પેટના ગુલામનો કિબ્લો બાવાના મેજનું કપડું છે.

૧૮૯૭ **આત્મજ્ઞાનીનો કિબ્લો (ખુદાથી) મિલનનું 'નૂર' છે. ફીલસુફના જ્ઞાનનો કિબ્લો કલ્પના છે.**

૧૮૯૮ સંતનો કિબ્લો દયાળુ ખુદા છે, ખુશામતખોરનો કિબ્લો એક સોનાની કોથળી છે.

૧૮૯૯ રૂહાનીયતનો કિબ્લો સહનશીલતા અને લાંબી પીડા વેઠવી છે, રૂપના પુજનારાઓનો કિબ્લો પથ્થરની મુર્તી છે,

૧૯૦૦ આંતરિકતા ઉપર તેઓ કે જેઓ રહે છે તેઓનો કિબ્લો દાનપ્રદાન કરનાર છે. પેલાઓ કે જેઓ બાહેરી રૂપને પુજે છે તેઓનો કિબ્લો ઔરતનો ચહેરો છે.

૧૯૦૧ તેવી જ રીતે નવા અને જુના (દાખલાઓ)ની ગણત્રી કર અને જો (આમ કરવામાં) તું થાકી જા. તો પછી તારૂં કામ કર્યા કર.

૧૯૦૨ (ખુદામાંથી) આપણો ખોરાક એક સોનાના પ્યાલામાં 'મદિરા' છે. જ્યારે પેલા 'તુટ્યા જ' સુપ અને કથરોટ છે.

૧૯૦૩ (ખુદા કહે છે) "તેના ઉપર કે જેના અમોએ (ખાસ) સદ્‌ગુણ ઇનાયત કરેલ છે, અમોએ તેવી જ રીતનો લાયક ખોરાક મોકલ્યો છે.'

૧૯૦૪ અમોએ પેલા એકનો ગુણ રોટલાના પ્રેમની લાલસાવાળો બનાવ્યો છે. અમોએ આ એકનો ગુણ પ્રિતમથી બેગાના થતો બનાવ્યો છે.

૧૯૦૫ જ્યારે કે તમો તમારા ગુણથી રાજી અને સુખી છો ત્યાર પછી તમો જે તમારા ગુણને બંધબેસતું છે તેનાથી શા માટે ભાગો છો ?

૧૯૦૬ (જો) સ્ત્રીત્વથી તમો રાજી છો તો એક બુરખો મેળવો. (જો) રૂસ્તમનું શૌર્ય છે તો એક જમૈયો મેળવો.

૧૯૦૭ આ મુદ્દાનો અંત જ નથી. અને (દરમ્યાન) ફકીર ગરીબાઈના ફટકાઓથી ખૂબ જ ઘવાએલો બન્યો છે.

બજાનાના દફ્તરની વાર્તા કે જેમાં લખેલું હતું : "અમુક ઘુમ્મટવાળા મકાનની બાજુમાં તારો ચહેરો કિબ્લા (મક્કા) તરફ ફેરવજે અને પણછ ઉપર તીર મુકજે અને છોડજે, જ્યાં તે પડે તે જગ્યાએ બજાનો દાટેલ છે."

૧૯૦૮ તેને એક રાત્રીએ સ્વપ્ન આવ્યું પણ ઉંઘ ક્યાં હતી? ઉંઘ વગરનું દ્રષ્ય સુરીને
પરિચિત હોય છે.

૧૯૦૯ (કે) એક અવકાશી અવાજે તેને કહ્યું "ઓ તું કે જેણે તકલીફ જોઇ છે, અમુક દફ્તર માટે
ચોપડી વેચનાર પાસે વેચેલા હાથથી લખેલા છુટા પાંદડાઓમાં તપાસ કરજે.

૧૯૧૦ સાહિત્યનો વેચનારો કે જે તારો પાડોશી છે, (તેણે) વગર જોએલ (છે) તમારે
હાથ તેના કાગળો સાથે અડકાતો આણજે.

૧૯૧૧ તે આવા આવા આકાર અને આવા રંગનું દફ્તર છે, પછી (જેમ બને તેમ જલ્દી)
ઓ દુઃખીયારા, તેને એકાંત સ્થાનમાં વાંચજે.

૧૯૧૨ જ્યારે તમે સાહિત્ય વેચનાર પાસેથી ચોરી લ્યો ત્યારે, મારા દિકરા, પછી લોકોના
ટોળા અને ગડબડ અને અવાજથી દુર નીકળી જજે.

૧૯૧૩ અને તું પોતે જ એકાંત સ્થળે વાંચજે. ખબરદાર, તેને વાંચવામાં કોઈ ને ભાગીદાર
બતાવતો નહિ.

૧૯૧૪ પણ ભલે જો તે (ગુપ્ત હકીકત) ખુલ્લી બનેલી બને, તો પણ આતુર ન બનતો
કારણ તે તારા સિવાય બીજો કોઈ એક અધી જુવારના દાણા જેટલું પણ તેમાંથી
મેળવશે નહિ

૧૯૧૫ અને જો તે (ઘટના) લાંબી પણ બને, ખબરદાર થાજે અને ધ્યાન રાખજે! દરેક
પળે તમારી બંદગી (આવી) બનાવજે." ઓ તમો નિરાશ થાઓ નહિ" (કુરાનેમજીદ)

૧૯૧૬ સારા સમાચારના (અવકાશી) ઉચ્ચારનાર આમ કહ્યું અને પોતાનો હાથ તેના
(ફકીરના) હૃદય ઉપર મુક્યો. કહે "જાઓ કઠોર પરિશ્રમ સહન કરજે."

૧૯૧૭ જ્યારે પેલો યુવાન બેરહાજરી બાદ ભાનમાં પાછો આવ્યો, તેની ખુશીના કારણે તે
દુનિયામાં પણ સમાઈ શક્યો નહિ.

૧૯૧૮ જો ખુદાની પસંદગી અને નાજુક સંભાળ અને રક્ષણ ન હોત તો તેની ચળવળમાંથી
તેનું પિત્તાશય ફાટી ગયું હોત,

૧૯૧૯ આનંદનું એક કારણ આ હતું કે છસો પડદાઓ (માંથી પસાર થયા) બાદ તેના
કાને (તેની પ્રાર્થનાનો) દૈવી હજુરમાંથી જવાબ સાંભળ્યો હતો.

૧૯૨૦ જ્યારે તેની શ્રવણશક્તિની ઇન્દ્રિએ પડદાઓને વીંધી નાખેલ છે, તેણે પોતાનું
માથું ઉંચું ઉઠાવ્યું અને આકાશોની પેલે પાર પસાર થયો.

૧૯૨૧ (ધારતો) કે દિલમાં ઘડો લેતાં, તેની દૃષ્ટિની ઇન્દ્રિયપણા અદ્રષ્યના પડદામાંથી
એક રસ્તો શોધે.

૧૯૨૨ અને કે જ્યારે તેની (બન્ને) ઇન્દ્રિયો પડદામાંથી પસાર થઈ હતી. તેનું દૃષ્ય અને
(ખુદામાંથી) સંબોધન પછી ચાલુ રહેશે.

૧૯૨૩ (તેથી) તે સાહિત્ય વેચનારની દુકાને આવ્યો અને (થોડા વખત માટે) પોતાનો હાથ અહીં તહીં તેના (વેચનારના) લખવાના નમુનાઓ ઉપર મુકતો હતો.

૧૯૨૪ ઓચીંતાના પેલા લખાણનો ટુકડો લાક્ષણિક નિશાનીવાળો, કે જેને અવકાશી અવાજે વર્ણવ્યો હતો તેના પર નજર પડી,

૧૯૨૫ તેણે તેને પોતાના હાથની નીચે સરકાવી દીધો અને કહ્યું "શેઠ, છેલ્લી સલામ. ઓ ભલા આદમી, હું તુર્તમાં જ પાછો આવીશ.

૧૯૨૬ તે એક એકાંત વિશ્રામસ્થાનમાં ગયો અને તેણે વાંચ્યું અને વ્યાકુળતા અને અજાયબીમાં ગરકાવ બન્યો.

૧૯૨૭ (અજાયબ થતો કે) કેવી રીતે આવો કીંમત આંકી ન શકાય તેવો આ જાતનો ખજાનાનો કાગળ (સાહિત્ય વેચનારના) કાગળો વચ્ચે આવ્યો અને પડયો રહ્યો.

૧૯૨૮ (પછી) ફરીવાર તેના મગજમાં વિચાર દોડી આવ્યો કે ખુદા દરેક વસ્તુનો રક્ષક છે.

૧૯૨૯ રક્ષક તેની સાવચેતીમાં કોઇ પણ વસ્તુને બેધ્યાનપણે કેવી રીતે લઇ જવા આવે !

૧૯૩૦ જો કે મેદાન સોના (અને) (રૂપા)ના નાણાથી ભરેલું હોય તો પણ ખુદાની મંજુરી વગર એક રજ જેટલું પણ લઈ જઇ શકાતું નથી.

૧૯૩૧ અને ભલે તમે કાંઇ પણ વિરામ વગર એક સો કિતાબો વાંચો તો પણ તમને દૈવી હુકમનામા વગર એક પણ મુદ્દો યાદ રહેશે નહિ.

૧૯૩૨ પણ જો તમો ખુદાની બીદમત કરશો અને એક કિતાબ પણ વાંચશો નહિ તો તમારા પોતાના અંતઃકરણમાંથી દુર્લભ વિજ્ઞાનો ઝીખર છે.

૧૯૩૩ હ. મુસા (અ. સ.) નો હાથ પોતાના હૃદયમાંથી એક પ્રકાશ ફેલાવતો હતો કે જેને આકાશમાંના ચંદ્રમાથી ચડીયાતો હતો

૧૯૩૪ (સર્વેશ્વર) કહે છે. "તે કે જે તું ભયંકર અવકાશી ગોળામાંથી શોધે છે તે ઓ મુસા, તારા પોતાના જ દિલમાંથી ઉગેલ છે."

૧૯૩૫ એટલા માટે કે તમે જાણો કે ઉંચા અવકાશો માણસની સમજશક્તિની વૃતિનું પ્રતિબિંબ છે

૧૯૩૬ (બાબત) એ નથી કે કિર્તીવંત ખુદાના હાથે બન્ને દુનિયાના પેદા કર્યા પહેલાં સર્વ પ્રથમ સમજણ પેદા કરી.

૧૯૩૭ આ વિવરણ (કેટલાકો) માટે ચોકખું છે અને (બીજાઓ માટે) ખૂબજ ચિંતન-પ્રધાન છે કારણ કે માખી 'અન્કા' થી પરિચિકિત નથી.

૧૯૩૮ ઓ પુત્ર, ફરી એક વાર વાર્તા તરફ પાછો ફર. ખજાનો અને ફકીરની વાતનો અંત લાવ.

ફકીરની વાર્તાનો ઉપસંહાર અને ખજાનાની હાલત દર્શાવતી નિશાનીઓનું (વર્ણન)

૧૯૩૯ ટીપણામાં આમ લખાએલું હતું. જાણ કે શહેરની બહાર એક બગ્ગનો દટાએલો છે
૧૯૪૦ એક ફલાણા ઘુમ્મટવાળા મકાનમાં (જાઓ) જેમાં એક શહીદની કબર છે. તેનો
પાછલો ભાગ ગામ તરફ અને તેનો દરવાજો મેદાન તરફ
૧૯૪૧ તેના તરફ તારી પીઠ રાખજે અને કીબ્લા (મક્કા) તરફ ચહેરો રાખજે અને પછી
તમારા બાણમાંથી એક તીર ફેંકજે.
૧૯૪૨ ઓ નશીબદાર, જ્યારે તમે તમારા બાણમાંથી તીર ફેંકયું છે, ત્યારે જ્યાં તમારું
તીર પડે ત્યાં ખોદજો,
૧૯૪૩ આથી યુવાન એક મજબુત બાણ લઈ આવ્યો અને અવકાશી અંતરિક્ષના વિસ્તારમાં
એક તીર ફેંકયું.
૧૯૪૪ અને તાત્કાલીક અને ઘણી ખુશીની સાથે એક ત્રીકમ અને કોદાળી લાવ્યો અને
જ્યાં તેનું તીર પડયું હતું ત્યાંની જગ્યા ખોદી કાઢી.
૧૯૪૫ (પણ) તે અને કોદાળી અને ત્રીકમ બંને (વૃથા મહેનતમાં) ઘસાઈ ગયાં અને ગુપ્ત
બગ્ગનાનો એક સંકેત પણ તેને માલમ પડયો નહિ.
૧૯૪૬ દરરોજ તેવી રીતે તે તીરો ફેંકતો હતો પણ બગ્ગનાની હાલત કદી પણ જાણી
શકયો નહિ.
૧૯૪૭ જ્યારે કે તેણે આ કાર્ય કરવું ચાલુ રાખ્યું, શહેરમાં અને લોકોમાં એક બહોળા
પ્રમાણમાં અફવા ફેલાણી.

આ બગ્ગનાના-સમાચાર જાણીતા બન્યા અને બાદશાહના કાન સુધી પહોંચ્યા.

૧૯૪૮ પછી બબર આપનારનો સમુહ કે જે અનુકૂળ સ્થળે બાતમી માટે રહેલો, બાદ-
શાહને આના સમાચાર આપ્યા.
૧૯૪૯ અને ગુપ્ત રીતે (તેને) આ હકીકત રજુ કરી, કહીને કે ફલાણા ફલાણાને એક
બગ્ગનાનું ટીપણુ હાથ લાગ્યું છે.
૧૯૫૦ જ્યારે આ પુરૂષે (ફકીરે) સાંભળ્યું છે કે તે બાદશાહના જાણવામાં આવેલ છે
ત્યારે તેણે બીજો કોઇ ઉપાય જોયો નહિ સિવાય કે છોડી દઈ અનુમતી આપવી.
૧૯૫૧ (તેથી), હમણાં જ તે બાદશાહના હુકમથી રિબાવવાના યંત્ર (ઉપર તકલીફ) સહન
કરશે, પેલા પુરૂષે (બગ્ગનાનો) પત્ર તેની સમક્ષ રજુ કર્યો.
૧૯૫૨ કહીને, " જ્યારથી મને આ ટીપણુ મળેલ છે. ત્યારથી બેહદ તકલીફ સિવાય બીજું
કંઈ બગ્ગનાનું જોયું નથી.
૧૯૫૩ એક રજમાત્ર જેટલો પણ બગ્ગનો શોધવામાં આવેલ નથી પણ એક સરપની
માફક દુઃખનાં ઘણા તરફડીયાં માર્યા છે.
૧૯૫૪ આખા એક મહીના દરમ્યાન આની માફક સખત દુઃખમાં હું હતો, આ (બજ્જનાના
ટીપણુ)માંથી નફો નુકશાન માટે મારા માટે મનાઇ થયેલી છે.

૧૯૫૫ એ બાદશાહ (કે જે) લડાઈમાં વિજેતા અને કિલ્લાઓનો જીતનાર છે, કદાચ તમારું કિસ્મત આ (દોલતની) બાબુ ખુલ્લી કરે.

૧૯૫૬ છ મહીના અને તેથી વધુ બાદશાહે તીરો ફેંકયાં અને બાડા બોદાવ્યા.

૧૯૫૭ જ્યારે જ્યારે એક ઉત્સાહી બાણાવળી માલમ પડતો તે (બાદશાહ) તેને ફેંકવા માટે તીરો આપતો અને દરેક દિશામાં બજના માટે તપાસ કરતો.

૧૯૫૮ (પરીણામ) કાંઈ જ ન હતું પણ સંતાપ અને દુઃખ અને નિરર્થકતા. 'અંકા'ની (બાબત માફક) બજનાનું નામ બધાને જાણીતું હતું. પણ તત્ત્વ (વાસ્તવિકતા) હસ્તિમાં ન હતું.

બજનો શોધવામાં બાદશાહને નિરાશા સાંપડવી અને તેની શોધમાં થાકેલો બનવા વિષે.

૧૯૫૯ જ્યારે (તેના સાહસમાં) લંબાઈ અને પહોળાઈમાં બધી રીતે (ફતેહમાં) તેણે અડચણો ભોગવી ત્યારે બાદશાહ દિલથી બિમાર અને થાકેલો બન્યો.

૧૯૬૦ બાદશાહે વારંવાર મેદાનમાં બાડા બોદાવ્યા (બાદ) તેણે તેની (ફકીરની) આગળ પેલું ટીપણ ગુસ્સાપુર્વક ફેંકી દીધું.

૧૯૬૧ તેણે કહ્યું "આ ટીપણ લઈ જા, કે જેના સારા પ્રભાવો નથી. તું જ તેના માટે યોગ્ય (માલિક) છે. જ્યારે કે તને કાંઈ કામ નથી.

૧૯૬૨ જે કાંઇ કામ કરવું છે તેના માટે તે કામનું નથી કે તેણે ગુલામને બાળવું અને પોતાને કાંટાથી કામે લાગવા જવું.

૧૯૬૩ તે વિલક્ષણ છે, કે આ મનની મુંઝવણના ગાંડપણનો ભોગ બનેલાઓ લોઢામાંથી ઘાસ ઉગવાનું કેમ ધારે?

૧૯૬૪ આ વિશિષ્ઠતા માટે તારા જેવા મજબુત દિલના માણસની જરૂર છે. તું જ કર કે જેને એક મજબુત દિલ છે, આ (બજના માટે) શોધ ચાલુ રાખ.

૧૯૬૫ જો તું તે શોધી શકે નહિ તો (પણ) તું કદી થાકીશ નહિ. અને જો તે તને જડે તો તેની માલીકીનો હક અર્પણ કરું છું.

૧૯૬૬ વિવેકબુદ્ધિ નિરાશાનો રસ્તો કેમ પકડે? તે પ્રેમ છે કે જે તે દિશામાં પોતાના માથાભર દોડે છે.

૧૯૬૭ પ્રેમ બેપરવા છે નહિ કે વિવેકબુદ્ધિ, સમજશક્તિ શોધે છે કે જેમાંથી તે નફો મેળવે છે.

૧૯૬૮ (પ્રેમી) ઉપરનાં ઋતુની છે અને કાયા બવાય છે અને વગોવણી વગર ઘંટીના પત્થરની માફક તકલીફમાં.

૧૯૬૯ સખત ચહેરાવાળો કે જેને પીઠ નથી, તેણે પોતાનો સ્વાર્થ શોધવામાં પોતાને મારી નાખેલ છે.

૧૯૭૦ તે ખુદની રીતે (દરેક ચીજનું) જોખમ ખેડે છે. તે કાંઈપણ બદલો શોધતો નથી
ભલે પછી તે તેનામાંથી (ખુદામાંથી) દરેક ચીજ સ્વતંત્ર ભેટ તરીકે મેળવે છે.
૧૯૭૧ ખુદા તેનું અસ્તિત્વ કાંઈપણ કારણ વગર આપે છે ભાવુક (પ્રેમી) કાંઈપણ કારણ
તેને તાબે થાય છે.
૧૯૭૨ કારણ કે ભક્તિભાવ કાંઈપણ નિમિત્ત વગર અર્પણ થવામાં છે, દરેક ધર્મની જાહેરી
બાબુ પોતાને સમર્પણ કરવાનું જોખમ ખેડવામાં છે.
૧૯૭૩ કારણ કે જેમ ધર્મ (દૈવી) દયા અથવા મુક્તિ શોધે છે. તેમ પેલાઓ કે જેઓ
દરેક ચીજનું પવિત્ર થવા જોખમ ખેડે છે તેઓ (ખુદાના) પસંદ પામેલાઓ છે.
૧૯૭૪ તેઓ ખુદાને ચકાસણીમાં મુકે અથવા નથી તેઓ કાંઈપણ નફા નુકશાનનો દરવાજો
બખડાવતા.

બાદશાહનું ફકીરને બજાનાનું ટીપણ પાછું આપવું, કહીને, "આ લઇ જા, અમોએ તેના ઉપરથી હાથ ઉઠાવી લીધો છે.

૧૯૭૫ જ્યારે બાદશાહે પેલા દુઃખથી ભરેલા આદમીને બજાનાનો પત્ર હવાલે કર્યો (કે જે)
ગડબડથી ભરપુર હતો.
૧૯૭૬ તે (ફકીર) પ્રતિસ્પર્ધીઓ અને બીજથી સલામત બન્યો હતો. (તેથી) તે ગયો
અને તેના મનના ઉચાટપણાના ગાંડપણમાં પોતાને મગ્ન કર્યો.
૧૯૭૭ તેણે દિલગીરી પ્રેરીત પ્રેમને પોતાનો દોસ્ત બનાવ્યો. એક કુતરો પોતાનું ભાડું
પોતે જ ચાટે છે.
૧૯૭૮ તેના દુઃખદર્દમાં પ્રેમ પણ મદદ કરી શકે તેમ ન હતું. શહેરમાં એક પણ રહેવાશી
તેનો પરિચિત ન હતો.
૧૯૭૯ પ્રેમી સિવાય કોઈ વધુ ગાંડો હોતો નથી. (છતાં) વિવેકબુદ્ધિ આંધળી છે. અને
બહેરાપણું તેની માનસિક મુંઝવણ છે.
૧૯૮૦ કારણ કે આ કાંઇ સામાન્ય ગાંડપણ ન હતું. આવી બાબતોમાં દવા સાચું માર્ગ-
દર્શન આપી શકતી નથી.
૧૯૮૧ જો આ જાતનો પ્રચંડ ક્રોધાવેશ એક દવા દેનારનો કબજો લ્યે છે, તો તે લોહીનાં
આંસુની દવાની કિતાબ ધોઈ નાખશે.
૧૯૮૨ બધી વિવેકબુદ્ધિઓની એકમાત્ર દવા તેનું (પ્રેમનું) ચિત્ર છે, પ્રિયતમાઓના
બહેરાઓ માત્ર તેના માટે એક પડદો છે.
૧૯૮૩ ઓ પ્રેમના સંનિષ્ઠ સેવક, તારો ચહેરો તારા પોતાનાજ ચહેરા તરફ ફેરવ, ઓ
બાકુબા બનેલા, તારો સગો તારા પોતા સિવાય બીજો કોઈ નથી.
૧૯૮૪ તેણે (ફકીરે) પોતાના દિલને કિલ્લો બનાવ્યો અને બંદગી શરૂ કરી, "જેના માટે
તે કમાયો તે સિવાય માણસ બીજું કંઈ નથી."

૧૯૮૫ પૂર્વે તેણે (પોતાની પ્રાર્થનાનો) જવાબ સાંભળ્યો હતો. તે ઘણા વર્ષોથી બંદગીમાં મશગુલ બન્યો હતો.

૧૯૮૬ તે કાંઈપણ જવાબ મળ્યા વગર ઉત્સાહપુર્વક પ્રાર્થના કરતો હતો. (પણ) તે ગુપ્ત રીતે (દૈવી) કૃપામાંથી 'લબ્બેક' સાંભળતો હતો.

૧૯૮૭ જ્યારે કે પેલો બિમાર જેવો માણસ હમેશાં સર્વશક્તિમાનની કૃપા ઉપર આધારિત ડર વગર નાચતો હતો.

૧૯૮૮ (જો કે) અવકાશી અવાજ અથવા (દૈવી) સંદેશક કદી તેની બાજુમાં ન હતો (છતાં) તેની આશાનો કાન 'લબ્બેક'થી ભરેલો હતો.

૧૯૮૯ તેની આશા હમેશાં તેને જીભ વગર કહેતી હતી, "આવો" અને પેલું કહેણ તેના દિલમાંથી (બધા) થાકો અંધેરી નાખતી હતી.

૧૯૯૦ કબુતરને બોલાવો નહિ કે જે છાપરાની (મુલાકાત લેવાનું) શીખ્યું છે (જો તમારાથી બને તો) તેને નસાડી મુકો કારણ કે તેની પાંખો (છાપરાથી) ચોંટેલી છે.

૧૯૯૧ ઓ ખુદાઈ પ્રકાશ, હુસામુદ્દીન, (આવા એકને) તું જરૂર ભગાડી મુક, (જો તું તેમ ન કરી શકે), કારણ કે (તે) તારા મિલન થકી જ છે કે તેનો આત્મા તેમાં વિસ્તાર પામ્યો છે.

૧૯૯૨ જો તું ધ્યાન વગર પંખી, તેના આત્માને ઉડાડી મુકીશ, તેમ છતાં પણ તે તારા છાપરાની ચોતરફ ચક્કાવો લેશે.

૧૯૯૩ તેણીના બધા દાણા અને ખોરાક તારા છાપરા ઉપર છે (જે દરમ્યાન) મધ્ય બિંદુમાં ઉડે છે તેમ છતાં તે છટકામાંના ખોરાકથી બેગાનું છે.

૧૯૯૪ જો એક પળ માટે (ગુપ્ત રીતે) આત્મા તારામાં આભાર પ્રદર્શીત કરવામાં ઇમાન ન રાખે (છતાંપણ) (તું) તેના ઉપર વિજય અને પસંદગી ઇનાયત કરે છે.

૧૯૯૫ પ્રેમ, ન્યાયાધીશ કે જે વારંવાર રીતે વેર વસુલ કરે છે, તેના દિલ ઉપર (જુદાઈ કે) ધગધગતી ડેગ મુકશે.

૧૯૯૬ કહીને "ચંદ્રમા તરફ આવો અને ધૂળ પાછળ મુકી દયો. પ્રેમ, બાદશાહ તને બોલાવે છે, તમામ ઝડપથી પાછા ફરો!"

૧૯૯૭ હું એક કબુતરની માફક તરંગ પશુ આ છાપરા ઉપર અને કબુતર ઘર તરફ ઉડું.

૧૯૯૮ હું પ્રેમનો જીબ્રીઇલ છું, અને તું મારૂં 'લોટસઝાડ' છો, હું માંદો માણસ છું. અને તું મારો, પરિચયનો પુત્ર ઇસા છો.

૧૯૯૯ મોતીઓ વેરતો તારો સમુદ્ર ભારે છલકાય, આજે આ મદદગારની આગળ માગતો રહે!

૨૦૦૦ જ્યારે તું તેનો બન્યો છો, (રૂહાનીયત ગુઢાર્થોનો) સમુદ્ર તેને છે, ભલે પછી આ વખત કટોકટીનો વખત હોય.

૨૦૦૧ આ (મસ્તવી) માત્ર વિલાપમય સંગીત છે કે જે તેણે ઉચ્ચારેલ છે, (તેના) માટે કે જે (તેનામાં) ગુપ્ત છે, ઓ માલિક, દયા (બતાવજે)!

૨૦૦૨ અમોને વાંસળીની માફક અવાજનાં બે મોઢાં છે, એક મોં તેના હોઠોમાં ગુપ્ત છે.

૨૦૦૩ એક મોઢું તારામાં વિલાપ કરે છે, તે ઘણી એક કર્કશ યાદીઓ હવા ઉપર વહેતી મુકે છે.

૨૦૦૪ પણ દરેક જણ કે જેને આંતરિક દ્રષ્ટિ છે, જાણે છે કે આ છેડાથી નીકળતું રૂદન પેલા છેડામાંનું (પ્રેરિત છે.)

૨૦૦૫ આ વાંસળીનું રૂદન તેના શ્વાસોશ્વાસમાંનું છે, આત્માનું આકંદ તેની જ ખુમમાંથી છે.

૨૦૦૬ જો વાંસળીને તેના હોઠથી વાતચીત ન હોત, તો દુનિયા વાંસળીના (સાકર જેવા) મધુર સંગીતથી ભરાઇ ન હોત.

૨૦૦૭ તું કોની સાથે સુતો હતો અને તું કોની દિશાએથી ઉઠ્યો (જાગૃત) થયો કે તું એક સમુદ્રની માફક આટલો બધો વ્યાકુળ છો?

૨૦૦૮ અથવા તેં (હ. પયગમ્બર સાહેબના શબ્દો) ઉચ્ચાર્યા છે, "મેં મારા માલિક સાથે રાત્રી પસાર કરી" અને અગ્નિના સમુદ્રના પેટાળમાં કુદી પડ્યો?

૨૦૦૯ (ખુદાની) ખુમ, "ઓ અગ્નિ, ઠંડો બન," ઓ બધાના ઉદાહરણ, તારા આત્માને એક રક્ષણ બન્યું.

૨૦૧૦ ઓ ખુદાના પ્રકાશ, હુસ્સામ (તલવાર), દીની અને રૂહાની, એક સુર્ય માટીથી કેમ લપેડાશે?

૨૦૧૧ આ માટીના લપેડાઓ જે (તારો રંગ લગાડનારે) સુર્ય ઉપર લગાડવા વૃથા કોશીષ કરી.

૨૦૧૨ પર્વતોના પેટાળનાં (તારાથી) ભાંગેલા, માણેક (વિરોધી) બન્યાં, (તેઓનાં) અદ્ર-હાસ્યોમાંથી ફળવાડીઓ તારાથી છલ્લોછલ્લ ભરાઇ ગઇ છે.

૨૦૧૩ તારા પુરૂષત્વની જેમ હું એક પરિચિત છું. રૂસ્તમ કયાં છે કે હું તારા એકસો ભંડારોમાંથી તેમાંનું એકાદ જવના દાણા જેટલું પણ (તેને) કહું?

૨૦૧૪ જ્યારે હું તારી ગુપ્તતા બહાર કહેવા ઇચ્છું ત્યારે હ. મૌલા અલી (અ.સ.)ની માફક મારૂં માથું કુવા તરફ કરૂં છું.

૨૦૧૫ જ્યારે કે તેના ભાઇઓને વેરવૃત્તિવાળા દિલો હતાં, :મારા યુસુફ માટે કુવાનું તળીયું સૌથી ઉત્તમ જગ્યા હતી.

૨૦૧૬ હું નશાબાજ બન્યો છું. હું એક કતાર કરવા આગળ વધીશ, કુચો તો શું? હું એક ખુલ્લા મેદાનમાં મારો તંબુ ઓઢીશ.

૨૦૧૭ મારા હાથમાં કાતિલ શરાબ મુકો, અને પછી મગરૂરી અને કિર્તી જુઓ કે જે પીધેલાઓ માણે છે?

૨૦૧૮ ફકીરને રાહ જોવાનું કહો, (જો કે હજી સુધી) તે બન્દના વગરનો છે કારણ કે આપણે આપણે 'મિલન'ની આસણીમાં ડુબેલા છીએ.

૨૦૧૯ હવે, ઓ ફકીર, ખુદાથી પનાહ શોધ, હું જે ડુબેલો છું તેની પાસેથી મદદ શોધ નહિ.

૨૦૨૦ કારણ કે તને મદદ આપવા સાથે મને સબંધ નથી, મને મારું પોતાનું અને મારી દાઢીનું ભાન નથી.

૨૦૨૧ જ્યાં એક વાળ માટે પણ જગ્યા નથી તેવી મદિરામાં પાણીની સપાટી અથવા મુછના પવન માટે જગ્યા કયાંથી હોય ?

૨૦૨૨ ઓ સાકી, એક મોટો પ્યાલો તેને હવાલે કર, તેની દાઢી અને મુછમાંથી શેઠને મુક્ત કર.

૨૦૨૩ તેની મગરૂરી અમારા તરફ મુછના વળ ચડાવે છે, પણ (હકીકતમાં) તે અમારા તરફની અદેખાઈમાં તેની જ (પોતાની) દાઢી તોડે છે.

૨૦૨૪ તે તેનાથી (ખુદાથી) જોડાયેા છે, તેનાથી જોડાયેા છે, તેનાથી જોડાયેા છે, કારણ કે આપણે તેના ઢંગેાથી જાણીતા બન્યા છીએ.

૨૦૨૫ 'પીર' (રૂહાની રાહબર) વાળેવાળ ખુલ્લે ખુલ્લું જુએ છે કે જે (શેઠને) એક સેા વર્ષ બાદ દેખાશે.

૨૦૨૬ સામાન્ય માણસ અરીસામાં શું જોશે કે જે પીર અશકય લોઢાની પાટમાં જુએ નહિ.

૨૦૨૭ બરછટ દાઢીવાળા માણસે જે પોતાના ઘરમાં ન જોયું તે, તે કે જેને હડપચી ઉપર થેાડા વાળ છે તેને તુર્તજ દેખીતું બનશે.

૨૦૨૮ સમુદ્ર તરફ જાઓ કે તમેા જેની મચ્છી જનમ્યા છેા, તમેા કચરાની માફક દાઢીમાં કેમ પડચા છેા ?

૨૦૨૯ તું કચરેા નથી. તારાથી તે દુર થાઓ ! તમેા મેાતીને પણ અદેખાઈ આવે તેવી હસ્તિ છેા, સમુદ્ર અને મેાજાંઓમાં રહેવાનેા તમને સૌથી ઉત્તમ હક છે.

૨૦૩૦ તે 'મિલન'ના સમુદ્ર છે, ત્યાં સાથી કે ભાગીદાર નથી, તેના મેાતીઓ અને મચ્છીઓ તેનાં મેાજાંઓ સિવાય બીજું કંઇ નથી.

૨૦૩૧ અરે તેના ભાગીદાર (કેાઇને) બનાવવેા તે હાસ્યજનક છે, હાસ્યજનક તે પેલા સમુદ્ર અને તેનાં મેાજાંઓથી દુર બનેા !

૨૦૩૨ સમુદ્રમાં ભાગીદારી કે મુંઝવણ નથી જ. પણ જે એવડું જુએ છે તેને હું શું કરું ? કાંઈ જ નહિ, કાંઈ જ નહિ.

૨૦૩૩ ઓ મુર્તીપુજક જ્યારે કે આપણે પેલાઓ કે જેઓ એવડું જુએ છે તેના સાથીઓ છીએ ત્યારે તે જરૂરનું છે કે તે કે જે (ખુદાના) ભાગીદારની વલણવાળા છે તેની સાથે તેવી રીતથી વાત કરીએ.

૨૦૩૪ પેલી એકયતા, વર્ણન અને શરતથી પર છે, વાણીના વિસ્તારમાં દ્વૈતભાવ સિવાય બીજું કંઈ આવતું નથી.

૨૦૩૫ કાંતો બેવડું જોવાવાળા માણસની માફક, આ દ્વૈતભાવથી, અથવા તારૂં મોઢું બંધ કર અને ખૂબ જ ચુપ બન.

૨૦૩૬ અથવા વારાફરતી કયારેક ચુપ, કયારેક વાણી (ઉચ્ચારતો રહે), તેની માફક ઢોલ પીટ કે જે બેવડું જુએ છે અને તેના ઉપર શાંતી હોય !

૨૦૩૭ જ્યારે તમો એક વિશ્વાસુ જુઓ, ત્યારે આત્માનું ગુહ્યાર્થ જાહેર કરો. (જો) તમો ગુલાબ જુઓ તો બુલબુલની માફક જોરથી ગાઓ.

૨૦૩૮ (પણ) જ્યારે તમો એક કે જે પાણીની મસક માફક ઢોંગ અને જુઠાથી ભરેલને મળતો છે તેને જુઓ ત્યારે તમારા હોઠો બંધ કરો અને પોતાને (સુકેલ હોઠની) બરણીની માફક બનાવો.

૨૦૩૯ (કારણ કે) તે (રૂહાનીયત જીંદગીના) જળનો દુશ્મન છે, તેની હાજરીમાં તમારા હોઠો હલાવતા નહિ, નહિતર તેની અજ્ઞાનતાનો પત્થર તમારી બરણી ભાંગી નાખશે.

૨૦૪૦ અજ્ઞાન માણસથી આવી પડેલી તકલીફો ધીરજથી સહન કરો, તેને સારા શબ્દો કહો, સમજણ કે જે ખુદાઈ પ્રેરીત છે જે વડે તેનાથી અળગા રહો.

૨૦૪૧ અયોગ્ય તરફ ધીરજ બતાવવી એ લાયકને (પવિત્ર કરવાના) નિમિત્તો છે, જ્યાં જ્યાં એક દિલ હસ્તિ ધરાવે છે ત્યાં ધીરજ તેને પવિત્ર કરે છે.

૨૦૪૨ નમરૂદની અગ્નિ હ. ઇબ્રાહિમ ખલિલુલ્લાહ માટેની, આંતરિક આરસી ચળકતી કરવાના કાર્ય માટેનું સાધન હતી.

૨૦૪૩ હ. નુહ (અ. સ.) ના લોકોની અદેખાઈ પ્રેરીત બેઈમાની અને હ. નુહ (અ. સ.) ની ધીરજ હ. નુહ (અ. સ.)ના આત્માની આરસીને પોલીશ કરવાનું હથીઆર હતી.

શેખ (અબુ) હસન બરકાનીના મુરીદની કહાણી.

૨૦૪૪ બરકાનના અબુલહુસેનની પ્રખ્યાતીના કારણે એક દરવીશ તાલકાનના શહેરમાંથી આવ્યો.

૨૦૪૫ શેખ કે જે ઈમાનથી સલાહ અને ઉચ્ચ બંદગીથી વિભુષિત હતો તેને મળવા તેણે પહાડો અને લાંબી બીણની મુસાફરી કરી.

૨૦૪૬ જો કે તકલીફો અને ઈજાઓ જે તેણે સહન કર્યા તે જણાવવાને લાયક છે છતાં, હું (વાત) ટુંકાવીશ.

૨૦૪૭ જ્યારે પેલો યુવાન મુસાફરીના અંતમાં પહોંચ્યો ત્યારે તેણે પેલા (રૂહાની) બાદશાહના ઘર તરફ દોરી જવા સવાલ કર્યો.

૨૦૪૮ એક સો પચ્ચીસાવો સહિત તેના દરવાજાને જોયો તેણે બખડાવ્યો, (શેખની) ઘરવાળીએ ઘરના દરવાજામાંથી બહાર ડોકું કાઢ્યું.

૨૦૪૯ કહે, "તને શું જોઇએ છીએ ? ભલા માણસ, મને કહે," તેણે જવાબ આપ્યો. "હું (શેખને) મળવાના ઈરાદાથી આવ્યો છું."

૨૦૫૦ ઘરવાળી ખૂબ જ મોટા અવાજે હસી. તેણીએ ઘુમ પાડી. "હા, હા, તારી દાઢી તરફ જો, આ બધી તકલીફ અને મુસાફરી કરવા તરફ જો.

૨૦૫૧ (જ્યાંથી તું આવ્યો ત્યાં) કાંઈ કામ તારા માટે હતું નહિ, કે આળસુપણે આ મુસાફરીએ નીકળી પડ્યો ?

૨૦૫૨ મુર્ખતાભરી રીતે આમ ભટકવું તને સારૂં લાગ્યું અથવા ઘરથી સખત અણગમો તારા ઉપર સવાર થયો છે ?

૨૦૫૩ અથવા સેતાને આંખે પાટા બાંધ્યા અને મુસાફરીએ જવાનો આવેશ ઉદ્ભવ્યો ?

૨૦૫૪ તેણી કંટાળાજનક અને કપટી અને મુર્ખાઈ ભરેલા શબ્દો બોલી, હું બધા જણાવી શકતો નથી.

૨૦૫૫ મુરીદ તેણીની વાતો અને અસંખ્ય ઉપહાસોથી ભિન્નતાની દુઃખમય હાલતમાં ફેંકાયો.

નવા આવનારે ઘરવાળીને પૂછ્યું, "શેખ ક્યાં છે ? હું તેને ક્યાં મળી શકું ?" અને શેખની ઘરવાળીએ ઉદ્ધત જવાબ આપ્યો.

૨૦૫૬ તેની આંખોમાંથી આંસુ ખરી પડ્યા, અને તેણે કહ્યું "એમ હોવા છતાં, મધુરનામી પેલો (રૂહાની) રાજા ક્યાં છે ?

૨૦૫૭ તેણીએ જવાબ આપ્યો "પેલો નકામો પાખંડી ઠગ, મુર્ખાઓ માટેની એક જાળ અને દુઃખમાં દોરી જતો એક ફાંસલો છે.

૨૦૫૮ તારા જેવા લાખો બિનઅનુભવી મુર્ખાઓ તેના થકી એકસો અગ્નિ પડ્યા છે.

૨૦૫૯ જો તમો તેને મળો નહિ અને સલામતીથી ઘરે પાછા ફરો તો તે તમારા માટે સદ્ કિસ્મત બનશે, તમો તેનાથી ઉંધે રસ્તે દોરવાએલા બનશો નહિ.

૨૦૬૦ એક શેખીખોર, એક થાળ ચાટનાર, એક પરાવલંબી, તેના ઢોલનો અવાજ દુનિયાના વેરાનમાં વેરાન ભાગમાં પહોંચેલ છે.

૨૦૬૧ આ લોકો (કે જેઓ તેને અનુસરે છે) તેઓ ઈઝરાઈલીઓ જેવા છે અને (સોનાના) વાછરડાને પુજે છે, શા માટે તું તારા હાથ ગાયને ઘસે છે ?

૨૦૬૨ જે કોઈ આ પરાવલંબીથી છેતરાયો છે તે રાત્રીના ઘસઘસાટ ઉંઘમાં પડ્યો છે. અને દિવસના નુકસાનકર્તા બન્યો છે.

૨૦૬૩ આ લોકોએ એકસો જાતનાં જ્ઞાન અને સંપૂર્ણતા છોડી દીધેલ છે અને એક ઢોંગી અને ઠગને છાતીએ લગાડ્યો છે, 'આ પરમાણુંદ છે.'

૨૦૬૪ અફસોસ હ. મુસાના કુટુંબીઓ ક્યાં છે કે અત્યારે તેઓ વાછડો પુજનારાઓનું લોહી વહેવડાવે.

૨૦૬૫ (કે જેઓએ) ધર્મ અને ભક્તિભાવને પોતાની પાછળ ફગાવી દીધેલ છે. હ. ઉમર ક્યાં છે ? સાચી રીતે વર્તવા એક કડક હુકમ ક્યાં છે ?

૨૦૬૬ કારણ કે આ લોકોએ આચરેલી અધિકૃત છુટ અપકિર્તી પામેલી બનેલ છે. તે દરેક ઠોંગી પાપીએ માણેલો ભોગ વિલાસ છે.

૨૦૬૭ હ. પયગમ્બર સાહેબ અને તેના અસહાબોનો રસ્તો કયાં છે? તેઓની નિયમીત બંદગી અને ગુલામનો બગીચો અને (દીની) અહકામો કયાં છે?"

ફરિયાદ કરતી સ્ત્રીને મુરીદનો જવાબ દેવો અને તેની બેઈમાની અને નકામી વાતોથી દુર રહેવાની માગણી કરવી.

૨૦૬૮ પેલો યુવાન તેણી તરફ ઘુમ પાડી ઉઠયો અને કહ્યું "બધા ખુલ્લા દિવસના પ્રકાશમાં રાત્રીનો ચોકીદાર કયાંથી આવ્યો ?

૨૦૬૯ (પવિત્ર) માણસોનો પ્રકાશ પૂર્વ અને પશ્ચિમમાં પથરાયો છે, અવકાશોએ આશ્ચર્યતાથી નીચે નમી માથાં નમાવ્યા છે.

૨૦૭૧ યંત્રની નિશાનીમાંથી ખુદાઈ સુર્ય ઉગ્યો છે, (પાર્થીવ) સુર્ય શરમના અંગે પડદામાં ચાલ્યો ગયો છે.

૨૦૭૧ તારા જેવી સેતાનની નિરર્થક વાતોથી મને આ ધુળના રહેઠાણેથી પાછો કેમ ફેરવશે ?

૨૦૭૨ મને એક વાદળાની માફક (વૃથા ઇચ્છાઓના) પવનથી અહીં આવવાની (ફરજ પાડવામાં) આવી નથી કે હું આવી પવિત્ર હજુરમાંથી ધુળ (મુર્ખાઇ ભરેલા) શબ્દોથી પાછો ફરું.

૨૦૭૩ પેલા 'નૂર'ના સદાચારથી વાછરડો (દૈવી) દયાનો કિલ્લો બને છે. પેલા 'નૂર' વગર કિલ્લો નાસ્તીકતા અને મુર્તીનું (એક પ્રતિક) બને છે.

૨૦૭૪ અધિકૃત છુટ કે જે પોતાની ઇચ્છામાંથી આવે છે તે પાપ છે, અધિકૃત છુટ જે ખુદામાંથી આવે છે તે સંપૂર્ણતા છે.

૨૦૭૫ પેલા સ્થળે જ્યાં નિઃસીમ 'નૂર' પ્રકાશ્યું છે, ત્યાં નાસ્તિકતા ઈમાન બન્યું છે અને સેતાન ઈસ્લામમાં દાખલ થયો છે.

૨૦૭૬ તે (રૂહાની રાહબર) (દૈવી) કિર્તીના પ્રગટીકરણ માટે એક રંગભૂમિ અને તે (ખુદાનો) ખરો પ્રેમી છે, તે બધા દેવદુતો (ઉપર સરસાઇનું) ઇનામ ઉપાડી ગએલ છે.

૨૦૭૭ (ફિરસ્તાઓથી) હ. આદમને સિજદો કરવો એ તેના ઉંચા દરજ્જાની ખુલ્લી સાબિતી છે. છીલકું હમેશાં ગર્ભને માથું નમાવે છે.

૨૦૭૮ ઓ ઘરડી સ્ત્રી, (જે) ખુદાની મીણબત્તીને (ઓલવવા) ફુંક મારીશ ઓ ખોટાએ તો તું અને તેજ વખતે તારૂં માથું, બળી જશે.

૨૦૭૯ એક કુતરાના મોઢાથી સમુદ્ર ગંદો કેમ બનશે? પવનના એક સુસવાટાથી સુર્ય કેમ ઓલવાઇ જશે ?

૨૦૮૦ ભલે પછી તમો (માત્ર) દેખાવ ઉપરથી અંદાજ બાંધશો (મને) કહો, આ 'નૂર' કરતાં વધુ સ્પષ્ટ શું છે ?

૨૦૮૧ આ દ્રષ્યની સરખામણીમાં બધી સ્પષ્ટ ચીજો ખૂબ જ અપૂર્ણ અને બાનીવાળી હાલતમાં છે

૨૦૮૨ જો કોઇપણ ખુદાની બીણુમત્તી તરફ ફુંક મારે, તો બીણુબતી કેમ બુઝાશે ? તેનું મોઢું અને નાક બળેલું બનશે ?

૨૦૮૩ **ચામાચીડીયાની માફક તમો વારંવાર સ્વપ્ન જુઓ છો કે આ દુનિયા પેલા સુર્ય (હમામે ઝમાન) વંચિત નિરાધાર છોડેલી બનશે.**

૨૦૮૪ આત્માના સમુદ્રોનાં ઝનુની મોજાંઓ હ. નુહ (અ.સ.) ના જળપ્રલય (નાં મોજાંઓ કરતાં) એક સો ગણાં (ઝનુની) છે.

૨૦૮૫ પણ કેનાનની આંખમાં વાળ ઉગ્યો. તે હ. નુહ (અ.સ.) તેની કિસ્તી છોડીને ભાગી ગયો અને પર્વતને શોધ્યો.

૨૦૮૬ પછી એક અર્ધું મોજુ પર્વતને ઉપાડી ગયું અને કેનાન નામોશીની ગર્તામાં ડુબી મર્યો.

૨૦૮૭ ચંદ્રમા પોતાનો પ્રકાશ પાથરે છે અને કુતરાઓ ભસે છે. ચંદ્રમાના પ્રકાશ ઉપર કુતરાને કેમ પોષણ મળે.

૨૦૮૮ પેલાઓ કે જેઓ રાત્રીના મુસાફરી કરે છે અને પોતાને રસ્તે ચંદ્રમાથી વધુ ઝડપે જાય છે. તેઓ પેલા કુતરાના ભસવાથી પોતાની મુસાફરી કેમ માંડી વાળશે?

૨૦૮૯ ભાગ પોતાના અસલ તરફ તીરની ઝડપે જાય છે, કોઈ વૃદ્ધ ડાકણના કારણે તે કેમ અટકશે.

૨૦૯૦ આત્મજ્ઞાની દીનને આત્મા અને ભક્તિભાવનો આત્મજ્ઞાન ભુતકાળના ત્યાગનું પરિણામ છે.

૨૦૯૧ ત્યાગપણું ધારવાની મહેનત છે. આત્મજ્ઞાન બીયાંની ઉપજની લલણી છે.

૨૦૯૨ તેથી ત્યાગીની સખત મહેનત અને તેનો દીનનો મજબુત એકરાર કાયા માફક છે (જ્યારે) આ વાવણીનો આત્મા (બીનું) ઉગવું અને તેની લણણી છે.

૨૦૯૩ તેને (ત્યાગીને) બરૂં કરવાનો અને બરાનો (સંપૂર્ણ) હક છે. તે ગુઢાર્થો ખુલ્લાં કરનાર અને જે ખુલ્લુ કરાએલું છે તે બને છે.

૨૦૯૪ તે આજનો અને આવતી કાલનો આપણો બાદશાહ છે; પાર્થીવ દુનિયા તેના ભલા ગર્ભ માટે હંમેશાની ગુલામ છે.

૨૦૯૫ જ્યારે શેખ (હલ્લાજે) કહ્યું : 'હું ખુદા છું' અને તે અંત સુધી લઈ ગયો તેણે બધાં આંધળા સંશયો (ફગાવી દીધા)

૨૦૯૬ જ્યારે એક માણસનું 'હું' અસ્તિત્વમાંથી નકારાયું, ત્યારપછી શું બાકી રહે ? અને અનુપકાર કરનાર, ગણુત્રી કર.

૨૦૯૭ જો તમને એક આંખ હોય તો બોલો અને જુઓ. 'ના' ની પાછળ, શા માટે, બીજું શું રહે છે ?

૨૦૯૮ અરે, ચંદ્રમા અથવા આકાશ તરફ પેલા થૂંકતા હોઠો અને ગળું અને મોઢું ભલે કપાઇ જાય !

૨૧૯૯ અરે, કંઈપણ શંકા વગર આ થૂંક તેના ચહેરા ઉપર પાછું પડશે.
૨૧૦૦ ઓલિકમાંથી થૂંક તેના ઉપર કયામત સુધી રહેશે. જેમ કે બુલહબના આત્મા
ઉપર 'તબત' (વરસાદે) મહાદુઃખ ઉતાર્યું.
૨૧૦૧ તબ્લ અને વાવટો (ઝંડાની) રાજાના (કાયદાસર)ના માલેકીનાં છે. જો કોઈ તેમને
પરોપજીવી કહે તો તે અધમ વ્યકિત છે.
૨૧૦૨ આકાશો તેના ચંદ્રમાના એક ગુલામ છે, પૂર્વ અને પશ્ચિમ તમામે તમામ તેની
પાસેથી રોજની ભીખ માગે છે.
૨૧૦૩ કારણ કે 'લવલાક' (માત્ર તારા જ માટે) તેની (શહેનશાહી)ની માર્ગદર્શિકાની નિશાની
ઉપર શબ્દો વડે અંકિત કરાયું છે. તેની કૃપામાં અને વહેંચણીમાં બધાનો
(સમાવેશ કરાયો છે.)
૨૧૦૪ જો તે હસ્તિમાં ન હોત તો આસમાન ચક્રાવો લેવાની ગતીમાં અને પ્રકાશ અને
ફિરસ્તાઓના રહેઠાણ બનવાની (મર્તબાવાળું) ન હોત,
૨૧૦૫ જો તે હસ્તિમાં ન હોત તો ભીતો અથવા મચ્છી અને સાચાં મોતીઓ ન હોત,
૨૧૦૬ જો તે હસ્તિમાં ન હોત તો જમીને પોતાની અંદર બજનો અને કુલો મેળવ્યાં
ન હોત.
૨૧૦૭ પોષણના (આપણા) સાધનો તેનાથી ઈનાયત થએલા પોષણના સાધનો હજમ કરે
છે. ફળો તેના વરસાદના તરસ્યા છે.
૨૧૦૮ ધ્યાન રાખજો, કારણ કે (દૈવી) હુકમમાં દાન દેવામાં, આ ગાંઠ દેખાવમાં વાસ્તવિકતા
તરફ ઉલટી છે, તેને ખેરાત આપો કે જે પોતાને ખેરાત આપે છે,
૨૧૦૯ (તમારું) બધુ સોનું અને રેશમ (દેખાવ પુરતી રીતે) તને ગરીબ માણસ પાસેથી
મળે છે. સાંભળ, (બરેબરા) પૈસાદાર માણસને ખેરાત આપે છે, એ તું કે જે
(બરેબરો) ગરીબ છે.
૨૧૧૦ એક (એક બદનામ જીવ), તારી માફક એક બદનામી, પેલા માણસની સાથે પરણી
કે જેનો આત્મા (ખુદાથી) સ્વીકારાએલો છે, હ. નુહ (અ.સ.)ની ખેઈમાન પરણેલી
સ્ત્રીને મળતો છે.
૨૧૧૧ જો તારી મિત્રતા આ (આશીર્વાદીત) ઘર માટે ન હોત તો હું આ પળે તને
કટકાઓ કરી ફાડી નાખત,
૨૧૧૨ હું તારામાંથી પેલા નુહને મુકત કરીશ, એટલા માટે કે હું વેરની બદલીમાં
(મરેલો બનવામાં) ઉચ્ચ પદે પહોંચેલો બનીશ.
૨૧૧૩ પણ દુનિયાના શહેનશાહના ઘર તરફ આવું અપમાન બતાવવું મારાથી બની શકે નહિ.
૨૧૧૪ બસ અને ખુદાનો આભાર માન કે તું આ રહેવાની જગ્યાનો કુતરો છો. (કારણ કે)
નહિતર, હું અત્યારે જે કરવું જોઈએ તે જરૂર કરત.

મુરીદનું શેખના ઘરમાંથી પાછા ફરવું અને (પાડોશના) લોકોને સવાલ કરવો અને તેઓએ તેને રસ્તો બતાવ્યો. કહીને, " શેખ ફલાણા ફલાણા જંગલમાં છે, તે વિષે.

૨૧૧૫ ત્યારબાદ તેણે દરેક જણને પુછવાનું શરૂ કર્યું, અને દરેક સ્થળે લાંબા વખત સુધી શેખની શોધ કરી.

૨૧૧૬ પછી (આખરે) કોઇએ તેને કહ્યું " તે દુન્યાનો ચાંદ ડુંગરાળ ગામડામાંથી બળતણના લાકડાં લેવા ગએલ છે."

૨૧૧૭ મુરીદ કે જેના વિચારો 'ઝુલફિકાર' જેવા તીક્ષ્ણ હતા. શેખ માટેની આતુરતા ભરેલી ઇચ્છા સહિત જંગલમાં જલ્દી દોડ્યો.

૨૧૧૮ (પણ) સેતાન પેલા (યુવાન) માણસના મગજમાં એક હલકટ સુચના ઉતારતો હતો એટલા માટે કે (રૂહાની) ચંદ્રમા ધુળથી છુપાએલો બને.

૨૧૧૯ અર્થાત, શા માટે 'સત્ય' પંથનો આ શેખ પોતાના ઘરમાં આના જેવી સ્ત્રી પોતાના સાથી અને સંગાતી તરીકે રાખે છે ?

૨૧૨૦ વિરોધી અને વિરોધી વચ્ચે આ પરિચિતપણું કયાંથી ? તે કયાંથી આવ્યો ને ઉચ્ચ કક્ષાનો વાનર, માણસ જાતના ઇમામ સાથે જોડાયો ?

૨૧૨૧ પછી ફરીવાર તે ઉત્સાહપુર્વક ઉદગાર કાઢતો હતો. " લાહઉલ " મારો તે વિષે વાંધો ઉઠાવવો એ નાસ્તિકતા અને દુશ્મનાઇ છે.

૨૧૨૨ ખુદાની સંપૂર્ણ સત્તા આગળ હું તે કોણ ? કે મારૂં દુષ્ટ મન મુશ્કેલીઓ અને વાંધા ઉઠાવે છે ?

૨૧૨૩ પણ તેનો નફસો અમ્મારા જેના વિરોધમાં ઉઠતો હતો. (આ શેખની ઘરવાળી બાબતમાં) તેવો તેના તણખલા જેવા દિલમાં ધુમાડો ફેલાતો હતો.

૨૧૨૪ કહે, જીબ્રીઇલ જેવા (એક સંત) સાથે સેતાન જેવી આ સ્ત્રીને શું સંબંધ છે કે તેણી દાંપત્ય જીવન અંગે સંભોગમાં પધારીની સહભાગી છે ?

૨૧૨૫ (હ. ઇબ્રાહીમ) ખલીલ આઝર સાથે એકમત કેમ થાય ? રાહેનુમાલુ દ્વારથી એકમત કેમ થાય ?

મુરીદની ઉમેદ પુરી થવી અને જંગલની નજીક શેખને મળવું.

૨૧૨૬ તે આ મુંઝવણમાં ગુંથાએલો હતો. જ્યારે ઓચીંતાના પ્રખ્યાત શેખ સિંહની ઉપર સરદાર થએલો તેની સમક્ષ દેખાણો.

૨૧૨૭ ગર્જના કરતો સિંહ તેના લાકડાના ભારા ઉઠાવેલો જ્યારે આશીર્વાદીત તેના મથાળા ઉપર બેઠો હતો.

૨૧૨૮ (ખુદાએ તેને જે) માન આપ્યું હતું તેના અંગે તેનો ચાબુક એ ભયંકર અજગર હતો. તેણે ગધેડાના પરોણાની માફક પોતાના હાથમાં સરપ પકડ્યો હતો.

૨૧૨૯ આત્મીપુર્ષ કે જાણુ કે આની માફક જ દરેક રૂહાની રાહબર હસ્તિ ધરાવે છે. એક ઝનુની સિંહ ઉપર સવારી કરતા હોય છે.

૨૧૩૦ જો કે તે (સવારી) અને આ (સિંહ) ઇન્દ્રિઓથી પરખાતા નથી, છતાં તે રૂહાનીયત આંખથી ગુપ્ત નથી.

૨૧૩૧ રૂહાની રાહબરના સાથળ નીચે એક લાખ સિંહો બળતણનાં ભારા ઉઠાવતા આંખ કે જે અદૃશ્ય જુએ છે તેમની સમક્ષ હાજર હોય છે.

૨૧૩૨ પણ ખુદાએ (કોઈવાર) તેમને એકલે હાથે દ્રષ્યમાન બનાવ્યા, એટલા માટે કે તે પણ કે જે (પવિત્ર) માણસ નથી કદાચ જુએ.

૨૧૩૩ પેલા (રૂહાની) બાદશાહે તેને (મુરીદને) દુરથી જોયો અને તેના તરફ હસ્યા અને (તેને) કહ્યું, "એ તું કે જે આકર્ષાયો છે, સેતાન પાસેથી (હલકાં સુચનો) સાંભળ નહિ

૨૧૩૪ પૂજ્ય (સંતે) દિલના પ્રકાશ અંગે તેના ગુપ્ત વિચાર જાણ્યા, 'હા' તે (ગુઢાર્થ જ્ઞાનના) ઉત્તમ રાહનુમા છે.

૨૧૩૫ પછી (ગુઢાર્થ) જ્ઞાનના નિપુણે અત્યાર સુધી તેની મુસાફરીમાં જે જે થયું તેની વિગતવાર હકીકત કહી સંભળાવી.

૨૧૩૬ ત્યારબાદ પેલા મધુર વિવરણના આદમીએ પોતાનું મોઢું બની ઘરવાળીની બેઈમાનીની મુશ્કિલ બાબતમાં ખોલ્યું.

૨૧૩૭ કહે મારી લાંબી વેદના વિષયવાસનાની ઇચ્છા પ્રેરીત નથી. તે (શંકા) તારા દુષ્ટ મનની વૃથા કલ્પના છે, તેને પકડી રાખ નહિ.

૨૧૩૮ જ્યાં સુધી કે મારી ધીરજે ઘરવાળીને (મદદ કરવાનો) બોજો સહન કર્યો ન હોત ત્યાં સુધી ઝનુની સિંહે મને (ઉઠાવવાની) બહેમત કેમ સહન કરી હોત ?

૨૧૩૯ હું બેકટ્રેયન ઉંટોની માફક વણજારની આગલી હરોળમાં છાકટો અને ખુદાના છાલકાના પાસિયાનો નીચે મારા ખુદને (ચલાવતો).

૨૧૪૦ હું (દૈવી) હુકમ અને કાયદો પુરો કરવામાં અપૂર્ણ નથી, કે હું જનતાની નીંદાનો કોઈપણ વિચાર ધ્યાનમાં લઉં.

૨૧૪૧ મારો જાહેર અને બાતુન ધ્યેય તેનો હુકમ છે, મારા આત્મા તેના ચહેરાની શોધમાં દોડે છે

૨૧૪૨ હું પરણેલો અથવા કુંવારો હોઉં તે વાસનાની ઇચ્છાના કારણે નથી. મારો આત્મા ખુદાના હાથમાં એક પાસા માફક છે.

૨૧૪૩ હું પેલી સુર્ખ સ્ત્રી અને તેણીના જેવી એકસોનો તિરસ્કાર રંગના પ્રેમમાંથી કે સુગંધની લાલસા વગર સહન કરું છું.

૨૧૪૪ ખરેખર આ બધું (માત્ર) મારા મુરીદોએ શીખેલો બોધ છે. (પણ) મારી લડાઈની આગળ પાછળની હિલચાલ કઈ જગ્યા પ્રતિ ઉપલબ્ધ છે ?

૨૧૪૫ કઈ જગ્યાં પ્રતિ ? તે જગ્યા પ્રતિ કે જ્યાં જગ્યા (પોતે) પ્રવેશ શોધી શકતી નથી અને જ્યાં અલ્લાહના ચંદ્રમાના (ખુદાઈ નૂરના) પ્રકાશિત ચમકાર સિવાય કાંઇ હસ્તિ ધરાવતું નથી.

૨૧૪૬ (તે) તમામ ખ્યાલો અને અટકળોથી ઘણો જ પર છે. (તે) પ્રકાશન : પ્રકાશના પ્રકાશના પ્રકાશના પ્રકાશનું "નૂર" છે.

૨૧૪૭ જો મેં મારું વિવરણ તારી ખાતર અલ્પ બનાવ્યું તો (તે) એટલા માટે કે તમો એક હલકી પ્રકૃતિના સાથીદાર સાથે તે એક બાજુ મુકી શકો.

૨૧૪૮ અને દુઃખનો બોજો હસતા હસતા અને આનંદપૂર્વક સહન કરો, કારણ કે ધીરજ દુઃખમાંથી મુક્ત થવાની ચાવી છે.

૨૧૪૯ જ્યારે તમો આ હલકટ ટોળાની હલકાઈ એક બાજુ રાખશો ત્યારે તમો (નબીઓના) કાયદાઓનો પ્રકાશ મેળવી શકો.

૨૧૫૦ કારણ કે પયગમ્બરોએ વારંવાર હલકટમાંથી તકલીફો સહન કરી છે. વારંવાર આ સરપોના કારણે મનમાં મહાદુઃખો ભોગવ્યાં છે.

૨૧૫૧ જ્યારે કે અનંતતામાં તે ખુદાઈ માફી બક્ષનાર, પોતાને જાહેર અને પ્રત્યક્ષ કરનારનો વટહુકમ અને ઇચ્છા હતી.

૨૧૫૨ આમાં (વિરૂદ્ધાઇ સમાએલી છે કારણ કે) પ્રતિસ્પર્ધી વગર કાંઈપણ બતાવી શકાતું નથી, અને પેલા અપ્રતિમ બાદશાહનો કોઈ પ્રતિસ્પર્ધી નથી.

૨૧૫૩ "અરે, હું દુનિયા ઉપર મારો બલિકો બોકલીશ, કહેણમાં દૈવી ઇરાદો ન તેથી તેણે એક દિલ ખરાવતો 'વાઇસરોય' બનાવ્યો, અંતે કે તે તેની શહેનશાહત માટે એક આરસી બને.

૨૧૫૪ તેથી તેણે તેને અનંત પવિત્રતાથી વિભુશીત કર્યો. અને પછી તેની વિરૂદ્ધ અજ્ઞાનના (રૂપમાં) એક પ્રતિસ્પર્ધી ગોઠવ્યો.

૨૧૫૫ તેણે બે વાવટા બનાવ્યા સફેદ અને કાળો. એક હ. આદમ (અ.સ.) હતા અને બીજો હતો તેમાં રસ્તામાં ઇબલીસ (સૈતાન).

૨૧૫૬ પેલી બે શક્તિશાળી છાવણીઓ વચ્ચે સંઘર્ષ (હતો) અને જે થવાનું હતું તે થયું જ.

૨૧૫૭ તેવી જ રીતે બીજી અવધિમાં હાબિલ ઉઠ્યો અને કાબીલ તેના પવિત્ર નુરનો વિરોધી બન્યો.

૨૧૫૮ આજ રીતે આ બન્ને ઇન્સાફ અને દુષ્ટતાના વાવટાઓ (ફરકાવવામાં આવ્યા) ત્યાં સુધી કે નમરૂદની અવધીનો વખત આવી પહોંચ્યો.

૨૧૫૯ તે હ. ઇબ્રાહીમ (ખલીલુલ્લાહનો) વિરોધી અને પ્રતિસ્પર્ધી બન્યો અને પેલા બન્ને લશ્કરોએ (એકબીજા વિરૂદ્ધ) લડાઈ આદરી.

૨૧૬૦ (આખરે) જ્યારે તે સંઘર્ષના લંબાણથી નાખુશ થયો, તેની અગ્નિ બન્ને વચ્ચેના નિર્ણયનું નિમિત્ત બની.

૨૧૬૧ તેથી તેણે એક અગ્નિને પોતાનો હવાદ અને નોકર બનાવ્યો, એટલા માટે કે પેલા પેલા બન્ને પુરૂષોની (વિરૂદ્ધાઈ) મુશ્કેલીનો ઇલાજ કરવામાં આવે.

૨૧૬૨ આ બન્ને વિરોધી જુથોએ એક અવધિથી બીજી અવધિ અને પેઢીથી (બીજી) પેઢી સુધી (લડાઈ ચાલુ રાખી, ત્યાં સુધી કે ખુદાથી બીતા હ. મુસા (અ.સ.) અને ફિરઔન.

૨૧૬૩ તેઓની વચ્ચે ઘણા વર્ષો સુધી લડાઈ ચાલી, જ્યારે તે બધી હદો વટાવી ગઈ અને ખૂબ જ વધુ પડતો કંટાળો આપતી હતી.

૨૧૬૪ ખુદાએ દરિયાના પાણીને પોતાનો લવાદ બનાવ્યો, તે સમુદ્ર ઉપર નિર્ણય કરવાનું છોડી દેવામાં આવે કે આ બન્નેમાંથી કોણ ચડીયાતો થાય.

૨૧૬૫ તેથી (તે ચાલ્યા કર્યું) હ. મુસ્તફા ર.સ.અ.ના ઝમાના અને અવધિ સુધી કે જેઓએ અબુ જહલ, અજ્ઞાનના લશ્કરના જનરલથી હરિફાઇ કરી.

૨૧૬૬ વધુમાં તેણે (ખુદાએ) થામુદનો નાશ કરવા માટે એક દાસ મુકરર કર્યો, એક (ભયજનક) બુમ કે જે તેઓના જીવન ઉડાવી ગઇ.

૨૧૬૭ વધુમાં તેણે આદના લોકોના (નાશ) માટે એક દાસ મુકરર કર્યો એક કે જે જલદીથી ઉઠે છે અને ઝડપથી હાલે ચાલે છે, એટલે કે પવન.

૨૧૬૮ વધુમાં તેણે કારૂનના (નાશ માટે) એક પારખુદાસ મુકરર કર્યો. તેણે જમીનની કૃપાને દુશ્મનાઈથી પ્રદાન કરી.

૨૧૬૯ તેથી જમીનની કૃપા તદન રીતે કોપમાં ફેરવાઈ ગઇ અને તેણીએ કારૂન અને તેના બન્નાનાને નીચે અગાધ ઉંડાણમાં ગારદ કર્યો.

૨૧૭૦ ખોરાકની બાબતમાં કે જે કાયા માટેનો સ્તંભ છે (ટેકો) છે, ભુખની તલવારને પાછી હટાવવા રોટલો એ બખ્તર માફક છે.

૨૧૭૧ (છતાં) જ્યારે ખુદા તમારા રોટલા ઉપર ગુસ્સાની નેમ મુકે છે, ત્યારે રોટલો કંઠ-માળની માફક તમારા ગળામાં ચોંટશે.

૨૧૭૨ આ કપડું કે જે ઠંડીમાં તમારું રક્ષણ કરે છે, ખુદા તેને હદ ઉપરાંતના ઠારનું હવામાન આપશે.

૨૧૭૩ કે જેથી તમારી કાયા ઉપરનો મોટો કોટ બરફ જેવો અને બરફની માફક ચટકા ભરતો બનશે,

૨૧૭૪ (તેઓ કહે છે) એટલા માટે કે તમો ચામડાનો કોટ અને રેશમથી ભાગી છુટો. સખત ઠંડીથી તેમનામાંથી રાહત શોધો.

૨૧૭૫ તમારૂં જ્ઞાન સંપૂર્ણ નથી, અપૂર્ણ છે. તમો છાંયો આપતાં વાદળાંઓ થકી ખુદાની સત્તને ભુલી ગયા છો.

૨૧૭૬ ગામડાં અને શહેરમાં, (દરેક) ઘર અને દિવાલને ખુદાનો હુકમ આવે છે—છાંયો આપતા નહિ.

૨૧૭૭ સુર્યની (ગરમી) અને વરસાદથી છટકે નહિ કે જેથી લોકો ઉતાવળમાં નમી પાસે ગયા.

૨૧૭૮ બુમ પાડી કહે, "અમો લગભગ મરી રહ્યા છીએ, ઓ બાદશાહ દયા કરો" "બાકીનું (કુરાન ઉપરના) તફસીરની કિતાબમાં વાંચો."

૨૧૭૯ જ્યારે કે પેલા કુશળ હાથવાળાએ (હ. મુસા અ.સ.)ની લાકડીએ એક સરપ બનાવ્યો. જો તમને કાંઇપણ સમજશક્તિ હોય તો તે દાખલો પુરતો છે.

૨૧૮૦ તમો ગણત્રી કરવાનું જ્ઞાન ધરાવો છો પણ તે (વિષયમાં) જ્ઞાન ઉંડુ ઉતરતું નથી. તે એક થીજી ગએલ ઝરો છે અને તેનું વહેવું અટકયું છે.

૨૧૮૧ જ્યારે કે (દૈવી) કળાકાર કે જે વિચારો ચિતરે છે, કહે છે "ઓ (મારા) દાસ, ખૂબ જ મનનપુર્વક ગણત્રી કર."

૨૧૮૨ તેના (કહેવાનો) અર્થ એમ નથી "અનુમાનના જ્ઞાનની દોડમાં વખત બગાડ નહિ" પણ (તેનું કહેવું એમ છે કે) **ઓ (તું કે જે લોઢા જેવો) સખત છે પોતાને (ઝમાનાના) દાઉદને અર્પણ કર.**

૨૧૮૩ જો તારૂં શરીર મરેલું છે તો અસરાફીલ પાસે પ્રયાસ કર. જો તારૂં દિલ થીજી ગએલું છે તો આત્માના સુર્ય પાસે સમું કરાવ.

૨૧૮૪ તેવી જ રીતે જો તમને કલ્પનાના કપડામાં વીંટાળ્યા છે, તો અરે, તમો નજીકમાં જ હલકટ અંતઃકરણવાળા નાસ્તિકની (હાલતે) પહોંચશો.

૨૧૮૫ ખરેખર, તે ગર્ભ કે જે વિવેકબુદ્ધિ છે તે ધરાવતો નથી, તે સાચી દ્રષ્ટિ ધરાવતો નથી અને તાત્કાલીક) અનુભવથી વંચિત છે.

૨૧૮૬ ધ્યાન દઇને સાંભળ, ઓ બોલવાવાળા, આ ગણુગણુવાનો વખત નથી, જો તું લોકો સાથે (ખુલ્લી રીતે) બોલીશ, તો તે એક શરમજનક પ્રકાશન છે.

૨૧૮૭ 'ઇમાન'નો અર્થ શું છે? (તેનો અર્થ છે) ઝરાને વહેતો બનાવવો. જ્યારે આત્મા કાયામાંથી નાશી છુટયો છે ત્યારે તેઓ તેને 'રવાં' કહે છે.

૨૧૮૮ ફીલસુફ કે જેનો આત્મા કાયાના બંધનમાંથી મુક્ત બનાવાયો અને (વાસ્તવિકતાના) બગીચામાં ભટકવો શરૂ થયો.

૨૧૮૯ આ બન્ને આત્માઓ ઉપર (જુદો જુદો લક્ષ) ઇનાયત થયો એટલા માટે કે (એક બીજામાંથી) ઓળખાય, અને ભલે તેનો આત્મા આશીર્વાદીત બને.

૨૧૯૦ (હવે એક વાર્તા સાંભળ) બતાવે છે કે જો હરકોઈ (દૈવી) હુકમ આધારીત ચાલે છે, એક ગુલાબના કાંટા બનવા ચાહે તો તે તેવો જ બનશે.

હ. હૂદ (અ.સ.)નો સાબિતીપૂર્ણ ચમત્કાર, જ્યારે પવન ફુંકાયો ત્યારે સાચા ઇમાનદારોની કોમને તેમાંથી મુક્તિ આપવામાં આવી.

૨૧૯૧ બધા સાચા ઇમાનદારો, વિધાતક પવનના હુમલામાંથી (બનાહ શોધતા) (હ. હૂદ અ.સ.એ દોરેલા) કુંડાળામાં પોતાને બેસાડયા.

૨૧૯૨ પવન જળપ્રલય જેવો હતો. અને તેની (ખુદાની) કૃપા કિશ્તી હતી. તેની પાસે આવી ઘણી કિશ્તીઓ અને જળપ્રલયો છે.

૨૧૯૩ ખુદા એક બાદશાહને (તેની રૈયત માટે) એક કિશ્તી બનાવે છે. અંતમાં તે સ્વાર્થી-પણા અંગે (તેના દુશ્મનોની) હરોળોને ફટકારે.

૨૧૯૪ બાદશાહી ઇચ્છા એવી હોતી નથી કે લોકો સલામત બને, તેની ઇચ્છા છે કે તેની બાદશાહી તેમના પગો બાંધતી એક બેડી બને.

૨૧૯૫ એક ગધેડો જે ચક્કી ફેરવે છે, ચાલતો રહે છે, તેની ઇચ્છા રાહત (મેળવવાની છે), કે જેથી તે તે પળે ફટકામાંથી રાહત મેળવે.

૨૧૯૬ તેની નેમ થોડું પાણી ખેંચવાની નથી અથવા (ઘાણી ફેરવવા અંગે) તલમાંથી તેલ કાઢવાની નથી.

૨૧૯૭ બળદ સખત ફડકાઓ (પડવાની) બીકમાં ઉતાવળ કરે છે. નહિ કે ગાડી અને સામાનને (તેની પહોંચવાની જગ્યાએ લઈ જવાના) માટેના ઈરાદા માટે.

૨૧૯૮ પણ ખુદાએ તેનામાં દુઃખની આવી બીક મુકી છે અંતે કે (તેની બીકની) બદલીમાં ભલું પરિણામ મેળવેલ બને.

૨૧૯૯ તેવી જ રીતે દરેક દુકાનદાર પોતા માટે કામ કરે છે, નહિ કે દુનિયાના સુધારા માટે.

૨૨૦૦ દરેક જણ પોતાના દુઃખનો પાટો શોધે છે અને આની બદલીમાં આખી દુનિયા નિયમસરમાં ગોઠવાય છે.

૨૨૦૧ ખુદાએ બીકનો સ્થંભ આ દુનિયાનો (ટેકો) બનાવ્યો. કારણ કે બીક અંગે દરેક જણે પોતાને કામમાં લગાડેલ છે.

૨૨૦૨ ખુદાનાં વખાણ હોજો કે આ ડહાપણ ઉપર તેણે બીકને યોજક અને (દુનિયાની સુધારણા માટે) નિમિત્ત બનાવેલ છે,

૨૨૦૩ આ બધા (લોકો) નફો (ખોવાઈ જવા) અને દુઃખ સહન કરવાની બીકમાં બીધેલા છે. કોઈ પણ જે પોતાના ખુદથી બીધેલો છે તે બીકણ નથી.

૨૨૦૪ પછી, વાસ્તવિક રીતે (તેઓની બીકનો પેદા કરનાર અને) તેઓ (બધા) ઉપરનો રાજ્યકર્તા તે એક છે કે જે નજીક છે, ને કે તે ઈન્દ્રિયોથી પરખાતો નથી.

૨૨૦૫ તે અમુક સંતાવાની જગ્યામાં (દિલમાં) પરખાય છે, પણ આ ઘર (કાયાની) ઈન્દ્રિયથી પરખાતો નથી.

૨૨૦૬ સમજ કે જેનાથી ખુદા પ્રગટ બન્યો છે, તે આ દુનિયાની સમજ નથી. તે બીજી જ છે.

૨૨૦૭ જો જનાવરી સમજ પેલાં (દૈવી) રૂપોને નીરખે તો એક બળદ અને ગધેડો જમાનાનો બાયઝીદ બને.

૨૨૦૮ તે કે જેણે કાયાને એક રંગભુમી બનાવી કે જેમાં દરેક આત્મા પ્રગટ થયો છે તે જેણે કિશ્તીને હ. નુહ (અ. સ.) માટે બુરાક બનાવી.

૨૨૦૯ જો તે ઇચ્છે તો એક દરેક કિશ્તી (તેના સાધારણ) ગુણમાં તમારા માટે વિનાશ કારણ જળપ્રલય બનાવે, ઓ પ્રકાશના શોધનારા.

૨૨૧૦ એ જૂજ સાધનના આદમી, દરેક પળે તેણે તમારી દિલગીરીથી અને ખુશીથી તમને બચાવવા અને નાશ કરવા એક જળપ્રલય સાથે સંયુક્ત કરેલ છે.

૨૨૧૧ જો તમે કિશ્તી અને (પ્રલયનો) સમુદ્ર તમારી સમક્ષ પારખો નહિ (તો પછી) તમારા બધા અવયવોમાં ક્રુજ્જરી (કયાંથી આવે છે) તેની ગણત્રી કરો.

૨૨૧૨ જ્યારે તેની (ક્રુજનારા માણસની) આંખો તેની બીકનું મુળ નિહાળે નહિ, તો તે કલ્પનાની જુદી જુદી રીતોથી ચોંકાવાયો છે

૨૨૧૩ (દાખલા તરીકે) એક અણઘડ દાઢીઓ પોતાની મુઠીથી એક આંધાળાને ફટકારે છે. આંધળો માણસ ધારે છે કે તે એક લાતો મારતો ઉંટ છે.

૨૨૧૪ કારણ કે તે પળે તેણે એક ઉંટની ઘુમ સાંભળી, આંખ નહિ પણ કાન આંધળાની આરસી છે.

૨૨૧૫ (પણ) પછી ફરીવાર આંધળો માણસ કહે છે, નહિ, તે (કોઈએ ફેંકેલો) પત્થર હતો, અથવા કદાચ એક પડઘો પાડતા ઘુમ્મટમાંથી (એક ઇંટ) હતી.

૨૨૧૬ તે આ કે પેલું કંઈજ ન હતું. તે કે જેણે બીક પેદા કરી આ (કલ્પનાઓ) પેદા કરી.

૨૨૧૭ ચોક્કસપણે બીક અને ક્રુજ્જરી બીજ્જથી (પેદા) થઈ છે, એ દુઃખીયારા કોઈ પણ પોતાથી બીતો નથી.

૨૨૧૮ કંગાળ ફિલસૂફ બીકને વહેમ કહે છે, તે ખોટી રીતે આ પાઠ સમજ્યો છે.

૨૨૧૯ વાસ્તવિકતા વગર કાંઈ પણ કલ્પના કેમ હોય ? સાચા સિક્કા વગર બનાવટી સિક્કા કેમ ફેલાવામાં આવે ?

૨૨૨૦ સત્યતા વગર એક જુઠની કિંમત કયાંથી? બન્ને દુનિયામાં દરેક જુઠ સત્યતામાંથી ઉત્પન્ન થએલ છે.

૨૨૨૧ તેણે (જુઠાએ) નાણું અને સત્યતાએ મેળવેલી કિર્તી જોઇ, તેણે તેજ જાતનો (આનંદ) મેળવવાની આશામાં જુઠ વહેતું કર્યું.

૨૨૨૨ એ (દેહધારી) જુઠ, જેનું નશીબ સચ્ચાઇમાંથી (ઉતર્યું છે) કૃપા માટે આભાર માન અને સત્યનો અસ્વિકાર કર નહિ.

૨૨૨૩ હું ફિલસુફ અને તેની ગાંડી કલ્પના અથવા તેની (ખુદાની) કિશ્તીઓ અને સમુદ્રો (જળપ્રલય) વિષે બોલવું ?

૨૨૨૪ નહિ (હા) તેની કિશ્તીઓ વિષે (બોલીશ) કે જે ઇલાનીયત સદ્‌બોધ છે, હું સંપૂર્ણની વાત કરીશ. ભાગ સંપૂર્ણમાં સમાએલો હોય છે.

૨૨૨૫ **જાણ કે દરેક ઇલાની રાહબર (ઇમામે મુબી) એક નુહ છે અને કિશ્તીને માલિક જાણ કે આ (સંસારી) માણસોની દોસ્તી જળપ્રલય છે.**

૨૨૨૬ સિંહો જાતે ઝનૂની અજગરોથી ભાગો નહિ. (પણ) દોસ્તો અને સગાઓથી બબરદાર રહેજો.

૨૨૨૭ જ્યારે તમો તેની રૂબરૂ હો છો ત્યારે તે તમારો વખત બગાડે છે, તેમની તમારી યાદદાસ્ત (તેમનામાંથી) તમારી ગેરહાજરીનો વખત હજમ કરી જાય છે.

૨૨૨૮ એક તરસ્યા ગધેડાની માફક તમારી કલ્પનામાં તેમની દરેકની યાદી રૂહાની વિચારનું સરબત કાયાની સુરાહિમાંથી ચાટી જાય છે.

૨૨૨૯ પેલા વાતોડીયાની (માનસિક) ધારણાએ આકળ કે જેને તમોએ જીવનના સમુદ્રમાંથી મેળવેલ છે તે ચુસી લીધું હોય છે.

૨૨૩૦ પણ ડાળીઓમાં પાણીના સુકાઈ જવાની નિશાની એ છે કે તેઓ આમતેમ હાલતી નથી.

૨૨૩૧ તેનો અવયવ કે જે સ્વતંત્ર છે તે એક ભીની તાજી ડાળી માફક છે (જો) તમો કાંઈ પણ દિશામાં ધક્કો મારશો તો તે સહેલાઈથી ધકેલાશે.

૨૨૩૨ જો તમને એક ટોપલી જોઇએ તો તમો તે બનાવી શકશો. તમો તેના મથાળે એક પટી પણ બનાવી શકશો.

૨૨૩૩ (પણ) જ્યારે શોષાઈને તેનું મુળ સુકું બન્યું છે ત્યારે તમો ધક્કો મારો તે દિશાએ આવતું નથી.

૨૨૩૪ પછી, કુરાનમાંથી પઢ, "તેઓ જોમવિહોણા ઉભા થાય છે." જ્યારે ડાળીને તેના મુળમાંથી દવાદારૂની માવજત મળતી નથી.

૨૨૩૫ આ પ્રતિક (રૂપક કથા) જલદ છે, (પણ) હું ટુંકું કરીશ અને ફકીરની વાત અને બન્નેનો અને તેને લગતા બનાવો ફરી શરૂ કરીશ.

૨૨૩૬ તમે અગ્નિ જોયો છે કે તે દરેક (સુકા) લાકડાને બાળે છે, (હવે) આત્માનો અગ્નિ જો કે જેનાથી કલ્પના બાળી નાખવામાં આવે છે.

૨૨૩૭ આત્મામાંથી બહાર પડતા આવા અગ્નિ વિરૂદ્ધ કલ્પના અથવા તો વાસ્તવિકતા માટે કાંઈ પણ રક્ષણ નથી.

૨૨૩૮ તે દરેક સિંહ અને દરેક શિયાળનો દુશ્મન છે. **"તેના ચહેરા સિવાય બધું જ નાશવંત છે."** ની માફક લપટાએલો બન.

૨૨૪૦ 'બિસ્મ'માં 'અલીફ' ગુપ્ત રહેલ છે, તે 'બિસ્મ'માં છે અને વળી 'બિસ્મ'માં નથી.

૨૨૪૧ બધા શબ્દો જે અદ્રષ્ય થાય છે તેના સંબંધમાં પણ તેમજ છે, જ્યારે તેઓને જોડણીના હેતુ માટે છોડી દેવામાં આવે છે.

૨૨૪૨ તેણે (બિસ્મમાં 'અલીફ'ને દબાવ્યો) એ જોડણીના કારણે છે અને તેના અંગે 'બે' અને 'સીન'ને મિલન મેળવ્યું છે 'બે અને 'સીન'નું મિલન અલીફને જોડી શકે નહિ.

૨૨૪૩ જ્યારે કે આ મેળાપ એક પણ અસરને નિભાવે નહિ, કેમકે આ વિવરણ ટૂંકું કરવાનું સુચવે છે.

૨૨૪૪ જ્યારે એકલો અક્ષર 'સીન' અને 'બે'ની વચ્ચે જુદાઈનું કારણ છે, અહીં ચુપકીદી ધારણ કરવી સૌથી સારો રસ્તો છે.

૨૨૪૫ જ્યારે 'અલીફ' ખુદીમાંથી પસાર થઈ ગયો છે, (ખુદના પરિત્યાગમાં) આશરો લ્યે છે, 'બે' અને 'સીન' 'અલીફ' તેના વગર પણ ઉચ્ચારે છે.

૨૨૪૬ (શબ્દો) 'તેં ફેંકી ન હતી જ્યારે તેં ફેંકી' તેના (નબી સાહેબ) વગર ઉચ્ચારાએલ શબ્દો) તેવી જ રીતે (શબ્દો) ખુદાએ કહ્યું "મૌનમાંથી બહાર આવ્યા."

૨૨૪૭ જ્યાં સુધી જેમ એક દવા (સ્વતંત્ર રીતે) અસ્તિત્વમાં છે ત્યાં સુધી તેની કાંઇ અસર નથી, તે દર્દ હટાવે છે (માત્ર) જ્યારે તે નાશ પામે છે.

૨૨૪૮ (ભલે) જો (બધાં) જંગલો કલમ બને અને (બધો) દરિયા શાહી બને છતાં મસ્નવીનો છેડો આણવાની કોઈ આશા નથી.

૨૨૪૯ જ્યાં સુધી ઈંટો બનાવનારનું માટીથી ભરાઈ જવું બનતું નથી, તેમ (મસ્નવીની) કવિતાની ન્યુનતા પણ રહેશે જ.

૨૨૫૦ જ્યારે વધુ વાર જંગલ રહેતું નથી અને અસ્તિત્વમાંથી અદ્રષ્ય થાય છે ત્યારે (બીજા) જંગલો સમુદ્રના સત્વમાંથી પોતાના માથાં ઉંચા કરશે.

૨૨૫૧ જ્યારે વધુ વાર માટી રહેતી નથી અને તે (ખુદા) તેનું અસ્તિત્વ સુકવે છે, તેનો સમુદ્ર જ્યારે તે ફિણ કરે છે ત્યારે (નવી) જમીન બનાવશે.

૨૨૫૨ જ્યારે કે (દિલગીરીમાંથી) ઉગારનાર માલિકે કહ્યું "અમારા સમુદ્રમાંથી પ્રણાલિકાઓ જાહેર કરો." જ્યારે કે (તેમ કરવામાં) કાંઈ નુકસાન નથી.

૨૨૫૩ (હવે) સમુદ્રમાંથી પાછા ફરો અને તમારો ચહેરો સુકી જમીન તરફ ફેરવો. માત્ર રમવાની ચીજોનો વિચાર કરો, કારણ કે બચ્ચાંઓ માટે તે વધુ (યોગ્ય) છે.

૨૨૫૪ કે જેથી તેના બચપણમાં રમતથી પર થોડું થોડું આગળ વધતાં તેનો આત્મા વાસ્તવિકતાના સમુદ્રથી પરિચિત બને.

૨૨૫૫ પેલી રમતના સાધનોથી છોકરો (આસ્તે આસ્તે) સમજણ મેળવે છે. તે (તેની રમત) છીછરાપણું હોવા છતાં (સમજણ તરફ) વિસંગત છે.

૨૨૫૬ એક ઘેલો છોકરો કેમ રમશે? છોકરામાં સમજણનો એક ભાગ હોવો જોઈએ એટલા માટે કે તે (ભાગ) સંપૂર્ણતા હાંસલ કરે.

ગુંબજ અને બગલાની કહાણી તરફ પાછા ફરવું.

૨૨૫૭ અરે, "આવો, આવો "(તેની બુમો) સાથેની પેલા ફકીરના બ્યાલે તેની અરજ સામે ઝઝુમવા બરોબર મને અશક્ત બનાવેલ છે.

૨૨૫૮ તમે તેની બુમ સાંભળતા નથી (પણ) હું તે સાંભળું છું. હું મારા આંતરિક વિચારોમાં તેનો વિશ્વાસુ છું.

૨૨૫૯ બગલાના એક શોધક જેવો તેને સમજ નહિ, તે પોતે જ એક બગલો છે. પ્રેમી પ્રિતમ સિવાય બીજો કેમ બને?

૨૨૬૦ દરેક પળે તે પોતાની યાદીમાં માથું નમાવે છે. ચહેરા (જોવાના) કારણ માટે આરસી સમક્ષ માથું નમાવવામાં આવે છે.

ને પોતે એક બગલો.

૨૨૬૧ જો તેણે કાંઇ પણ કલ્પના વગર સુક્ષ્મજંતુ પણ અરીસામાં જોયું તો તેનું કાંઇપણ બાકી છોડવામાં આવશે નહિ.

૨૨૬૨ તેની કલ્પનાઓ અને તે (પોતે) બન્ને અદ્રશ્ય થશે. તેનું જ્ઞાન અજ્ઞાનતામાં ફેરવાઇ જશે.

૨૨૬૩ આપણી અજ્ઞાનતામાંથી બીજું જ્ઞાન ચોકખી રીતે ઉત્પન્ન થશે, કહીને, "અરે હું (ખુદા) છું."

૨૨૬૪ ક્રિસ્તાઓને દૈવી કહેણ આપતું હતું. "આદમને સિજદો કરો' કારણ કે તમે (ખરી રીતે) આદમ છો અને એક પળ માટે તમને ખુદને (તેનાથી) સમાન બનેલા જુઓ.

૨૨૬૫ તેણે (ખુદાએ) આંખોમાંથી દ્વૈતપણું હટાવ્યું કે જેથી મારી વાદળી આસમાનોથી સમાન બની.

૨૨૬૬ તેણે કહ્યું, "ખુદા નથી, સિવાય ખુદા," તેણે કહ્યું, "ખુદા સિવાય બીજો કોઇ ખુદા બન્યો નથી." અને ઐકયતા અંતર્ગતમાંથી બડાર આવતી હતી.

૨૨૬૭ વખત આવી પહોંચ્યો છે કે પેલા સાચા પ્રેમી અને (ખુદાના) વહાલા દોસ્તે મારો કાન પકડવો જોઇએ (અને દોરવવો જોઈએ).

૨૨૬૮ (ઐકયતાના) ઝરા તરફ કહીને, આ ચીજોથી તારૂં મોઢું ધોઈને સાફ કર, લોકોથી અમોએ જે છુપાવ્યું છે તે કહે નહિ.

૨૨૬૯ અને જો (તે) તું કહીશ, તો તે પ્રગટ બનશે નહિ, (છતાં) તું તે જાહેર કરવાની કોશીષ માટે ગુનેહગાર બનીશ.

૨૨૭૦ પણ, જો હું તેમનાથી ફરી વળું છું. હું આ (શુઢાર્થ) નો બોલનાર અને તે જ વખતે સાંભળનાર છું.

૨૨૭૧ દરવીશ અને બજનાનું (ચિત્ર) બડારનું વર્ણન અને બાહેરી રૂપજ (માત્ર) કહે, આ ટોળાંની (દુન્યવી) મુસીબતો તરફ આદત પડેલી છે (તેમને) તકલીફની વાત કહે.

૨૨૭૨ દયાનો ઝરો તેમના માટે હરામ બન્યો છે, તેઓ વિનાશકારી ઝેરના પ્યાલા ઉપર પ્યાલા પીએ છે.

૨૨૭૩ તેઓ પોતાનાં પહેરણો ધુળનાં ઢેફાંઓથી ભરી તેમને આ ઝરાઓ માટે, 'ડમા' બનાવવાના ઈરાદાથી લઈ જઈ રહ્યા છે.

૨૨૭૪ આ ઝરો કે જે સમુદ્રથી ફરી ભરાયો છે તે આ ભલા અથવા બુરા લોકોની મુઠીભર માટીથી કેમ અટકાએલો બનશે ?

૨૨૭૫ પણ તે (ઝરો) કહે છે, તારાથી હું બંધ થયો છું. તમારા વગર, હું અનંતકાળ સુધી વહેતો ચાલુ છું.

૨૨૭૬ (સંસારી) લોક પોતાની અભિલાષાઓથી સન્માર્ગથી વિમુખ બન્યા છે (તેઓ) માટી ખાય છે અને પાણીને સ્વાદ લીધા વગર છોડી દીધું છે.

૨૨૭૭ (સંસારના) લોકોને પેલી પયગમ્બરોની (પ્રકૃતિ) કરતાં ઉલટી પ્રકૃતિ છે. લોકો અજગર (દુનિયાને) વિલાસની વસ્તુ જુએ છે.

૨૨૭૮ જેમ કે (કુરાનમાંથી) આંખનો પાટો કે જેનાથી ખુદાએ (નજરને) સીલ મારેલ છે તે જાણ્યું છે, તમોએ કોના તરફ આંખો બંધ કરી તે તમે જાણ્યું છે?

૨૨૭૯ અને બદલીમાં આ (તમારી) આંખો કોના માટે ખોલી છે? (તે જે પણ હોય), જાણ કે દરેક રીતે તે એક તમારા માટે ખરાબ અદલબદલ છે.

૨૨૮૦ પણ (નહિતર) (દૈવી) પસંદગીનો સુર્ય પ્રકાશ્યો છે અને કૃપાવંત રીતે પેલી નિરાશામાંથી તેમને રાહત આપી છે.

૨૨૮૧ તે (ખુદા) તેની દયામાં ચોપાટની એક ઘણી જ અદ્‌ભૂત રમત રમેલ છે અનુપકારીપણાના સત્વને પશ્ચાતાપમાં ફેરતું બનવા ફેરવેલ છે.

૨૨૮૨ (દુનિયાના) લોકોના આ જુઠાણામાંથી, પેલા કૃપાવંતે બસો પ્રેમના ઝરાઓ વહેતા કર્યા છે.

૨૨૮૩ તેણે ગુલાબના છોડને કાંટામાં સમૃદ્ધ થવાનું મુળ બનાવ્યું છે. તે સરપ પાસેથી (મેળવેલો) સરપનો પત્થર એક દાગીનાની જાતનો આપે છે.

૨૨૮૪ તે રાત્રીના અંધકારમાંથી પ્રકાશિત દિવસ આણે છે અને તકલીફ સહન કરતા હાથથી આનંદપૂર્વક વહેતો બનાવે છે.

૨૨૮૫ તે રેતીમાંથી હ. ઈબ્રાહીમ (ખલિલુલ્લાહ) માટે આટો બનાવે છે, એક પર્વત હ. દાઉદ (અ. સ.)નો સાથી બને છે.

૨૨૮૬ એકાંતિક પર્વત અંધારાના પેલા વાદળા વચ્ચે સારંગી, તબલાં અને સંગીતના સુર ઉઘાડે છે.

૨૨૮૭ (ગાય છે), હ. દાઉદ, જાગૃત થાઓ, ઓ તું લોકોથી છટકતા, તમે તે (સમુહને) છોડી દીધો છે, મારામાંથી બદલો મેળવો.

ખજાનાના શોધનારે, ખૂબ જ શોધખોળ કર્યા બાદ અને આધારહિન અને નિરાશામાં પડતાં, મહાન ખુદા તરફ પાછો ફર્યો, કહે, "ઓ તું કે જે નિર્દેશન ધરાવે છે, તું જરૂર આ સંતાએલી વસ્તુ જાહેર બનાવ."

૨૨૮૮ દરવીશે કહ્યું, "ઓ ગુપ્તતાના જાણનાર, આ ખજાનાની ખાતર મેં વૃથા દોડાદોડી કરી છે.

૨૨૮૯ સોનાની ઉતાવળ અને સંપત્તિની લાલસા અને કંજુસાઈએ ઉંડુ મનન અથવા શાંતિ શોધી નથી.

૨૨૯૦ મેં કોઈપણ ઘડામાંથી એક કોળીઓ (પણ) મેળવેલ નથી, મેં (માત્ર) મારા હાથ કાળા કર્યા છે અને મારૂં મોઢું બાળ્યું છે.

૨૨૯૧ ખરેખર, મેં (ખુદને) કહ્યું જ નથી, "જ્યારે કે આ (બાબતમાં) ચોક્કસતા નથી, હું આ ગાંઠ તેની (મદદથી) કે જે બધી ગાંઠો ખોલે છે તેનાથી છોડાવીશ.

૨૨૯૨ ખુદાના શબ્દના ખુલાસા ખુદા પાસેથી શોધ. ઓ ઉદ્ધત આદમી, તારા પોતાના અભિપ્રાયમાંથી નીકળતી નિરર્થક વાત કર નહિ.

૨૨૯૩ ગાંઠ કે જે તેણે વાળી, વળી તે જ તે ઢીલી કરશે, ચિત્ર કે જે તેણે ચીતર્યું, તે પોતે જ તે લઈ લેશે.

૨૨૯૪ જો કે આ જાતના શબ્દો તને સહેલા દેખાય છે, તો (દૈવી) સંજ્ઞા (સમજવી) કેમ સહેલી બનશે ?

૨૨૯૫ તેણે (ફકીરે) કહ્યું, "ઓ માલિક, આ ઉતાવળ માટે હું પસ્તાવો કરું છું. જ્યારે કે તેં દરવાજો બંધ કરેલ છે, ત્યારે વળી તું જ દરવાજો ખોલ."

૨૨૯૬ (મારા ખુદને) વધુ એક વાર (ફકીરના) થીગડાવાળા ઝભ્ભા પાસે જવું યોગ્ય લાગે છે. (ખુદા તરફ) ની મારી બંદગી કરતાં હું પાત્રતાથી વંચિત હતો.

૨૨૯૭ મને સ્વતંત્ર પાત્રતા અથવા વ્યક્તિત્વ અથવા દિલ કયાંથી હોય ? આ બધાં જ તારાં જ પ્રતિબિંબો છે અને તું પોતે જ (બધું) છો.

૨૨૯૮ દરેક રાત્રીના મારી ઉંઘમાં મારા ભવિષ્યના વિચાર અને જ્ઞાનને (સમુદ્રના) પાણીથી કચડી નંખાતા એક વહાણ જેવા બને છે.

૨૨૯૯ નથી હું ખુદ રહેતો કે નથી પેલી (મારી) પાત્રતા રહેતી. મારો કાયા એક હાડ-પિંજર જેવી બેભાન પડેલી હોય છે.

૨૩૦૦ પ્હો ફાટતાં સુધી આખી રાત્રી પેલો કિર્તીવંત બાદશાહ પોતે 'અલસ્ત' (શું હું નથી ?) ઉચ્ચારે છે અને (જવાબ આપે છે) "હા."

૨૩૦૧ 'હા' કહેનાર કોઈપણ કયાં છે ? ઘસઘસાટ ઉંઘતું પ્રલય બધાને ઉડાવી ગયું છે અથવા એક મહાકાય દરિયાઈ પ્રાણી જે બધું ગળી ગએલ તે ઉલટી કરે છે.

૨૩૦૨ સવારની ભરતી વેળાએ જ્યારે તે પોતાની ઝગઝગતી તલવાર રાત્રીના અંધકારના સ્થાનમાંથી ખેંચે છે.

૨૩૦૩ અને ઉદયમાન સુર્ય રાત્રીને સંકેલે છે આ મહાકાય દરિયાઈ પ્રાણી ગળી ગએલું ઉલટી કરે છે.

૨૩૦૪ અને આપણે હ. યુનુસ (સ. અ.)ની માફક દરિયાઈ પ્રાણીના પેટમાંથી મુક્ત (દુનિયાના) સુવાસ અને રંગમાં વિખરાઈ જઈએ છીએ.

૨૩૦૫ હ. યુનુસ (અ. સ.) ની માફક લોકો (ખુદાના) વખાણ કરે છે, કારણ કે તેઓ પેલા અંધારામાં આરામમાં હતા.

૨૩૦૬ પ્હો ફાટતાં દરેક જણ કહે છે, જ્યારે તે 'રાત્રી' એક મોટી મચ્છીના પેટમાંથી બહાર આવે છે.

૨૩૦૭ ઓ કૃપાવંત કે જે દયાનો બાદશાહ અને આ બધા ખુશીના અનુભવો ભયભરેલ રાત્રીમાં અનામત રાખે છે.

૨૩૦૮ રાત્રીના નિમિતે, કે જે ગોળરી મહાકાય મચ્છીને મળતી આવે છે. આંખને ચોક્કણી, કાન અને કાયાને સતેજ બતાવે છે.

૨૩૦૯ હવે પછી, (અમારી બાજુએ) તારા જેવા એકથી અમો ભયજનક બાબતની હાલત-માંથી કદી ભાગશું નહિ.

૨૩૧૦ હ. મુસા (અ. સ.) એ ધાર્યું કે જે તેણે જોયું તે અગ્નિ હોવો જોઈએ પણ તે ખરેખર 'નૂર' હતું. આપણે રાત્રીને એક બિહામણા સીદ્દી જેવી ગણી, પણ (ખરેખર તો) તે એક હુરાં હતી.

૨૩૧૧ આના પછી, અમો તારી પાસે આંખ કે જે સત્યને જુએ છે તેજ માગીએ છીએ, એટલા માટે કે (લાકડીઓ અતે વરાળ (અમારામાંથી) સમુદ્રને સંતાડે નહિ.

૨૩૧૨ જ્યારે (ફિરઔનના) જાદુગરોની આંખો આંધળાપણામાંથી મુક્ત બની ત્યારે તેઓ પોતા હાથોથી (આનંદપુર્વક) તાળીઓ પાડતા હતા (જો કે) આ (કાયાના) હાથ અને પગથી વંચિત હતા.

૨૩૧૩ લોકોની આંખો ઉપર (ગૌણ કારણો) સિવાયનું બીજું કંઈ બંધાતું નથી, (આતુર-તામાં) નુકશાનીના કારણો માટે જે કોઈ ધ્રુજે છે તે 'ભાઇબંધ'માંથી નથી,

૨૩૧૪ પણ, ઓ મારા સાથીદારો, ખુદાએ સાથીદારો માટે દરવાજો ખોલ્યો છે અને મહેલમાં ઉંચા આસને દોરી ગએલ છે.

૨૩૧૫ તેના હાથ થકી ગુલામીના બંધનમાંથી લાયક અને બિનલાયકને દયા અંગે છુટા કરાય છે,

૨૩૧૬ (આપણા) નિરાકારી વખતે આપણે આ રૂહાનીયતપણું અને જ્ઞાન મેળવવા કેમ લાયક બન્યા?

૨૩૧૭ ઓ તું જેણે દરેક સમજણને (તારો) દોસ્ત બનાવેલ છે અને ઓ તું કે જેણે એક કાંટાને એક માનના માફક ગુલાબ આપેલ છે.

૨૩૧૮ એક બીજી વાર અમારી ધુળ બંધેરી નાખ. (અમારી) ક્ષુદ્રતાને ફરી એક વધુ વાર કંઈક બનાવ.

૨૩૧૯ આ (તારી) અભ્યર્થનાનો શરૂઆતથી તેંજ આદેશ આપેલ છે, નહિતર એક ધૂળનો સજીવ જીવ આમ કરવાની હિંમત કેમ કરે?

૨૩૨૦ અરે, કેવી અન્યાયી! તેં જ તને અભ્યર્થના કરવાનો અમને આદેશ આપ્યો છે, આ તારી અભ્યર્થનાને પસંદગીપુર્વકના જવાબનું કારણ બનાવ.

૨૩૨૧ રાત્રીએ (મારી) સમજણ અને ઇન્દ્રિઓના વહાણને ભાંગી નાખેલ છે, કાંઇ પણ આશા અથવા ફિકર અથવા નિરાશા બાકી રહેલ નથી.

૨૩૨૨ ખુદાએ દવાના સમુદ્રમાં મને જન્મ આપ્યો છે. (હું જાણતો નથી કે) કઇ વિશિષ્ટતા થી મને તે વિભુશીત કરશે અને (દુનિયામાં) મને પાછો મોકલશે.

૨૩૨૩ તે એકને શહેનશાહના 'નૂર' થી ભરે છે જ્યારે તે બીજાને (વૃથા) કલ્પનાઓ અને અટકળોથી ભરે છે.

૨૩૨૪ જો મારામાં કોઇ પણ નિર્ણયશક્તિ અને આવડત હોત તો મારી નિર્ણયશક્તિ અને ભવિષ્યનો વિચાર મારા તાબાની અંદર હોત.

૨૩૨૫ રાત્રીના મારી સંનિષ્ઠા મારી રજા વગર (મારાથી) દૂર જાત નહિ. અને મારા પંખીઓ (સમજણો અને આનંદો) મારા કાબુમાં હોત.

૨૩૨૬ સુવાના વખતે અને બેહોશી અને તકલીફના (વખતમાં) મારા આત્માની મુસાફરીના તબક્કાઓથી હું સજાગ બન્યો હોત.

૨૩૨૭ જ્યારે કે મારો હાથ આ (સત્તાથી) ખાલી બતાવાયો છે, તેની બાંધવા છોડવાની શક્તિ, અરે મને અજાયબી થાય છે, આ મારી મગરૂરી કયાંથી આવે છે ?

૨૩૨૮ મેં માલ-મિલકતનાં બધાં સ્વપ્નાં છોડી દીધાં છે અને મારી બધી આશાઓ ગરીબાઈ ઉપર લગાડી છે અને (એક ભિખારીની માફક) અભ્યર્થનાની ટોપલી ફરી વાર પકડી છે.

૨૩૨૯ અલીફની માફક હું કાંઈ પણ ધરાવતો નથી. ઓ. કૃપાવંત સિવાય 'મીમ'ની આંખ કરતાં વધુ દુઃખથી સંકોચાએલું એક દિલ.

૨૩૩૦ આ અલીફ અને મીમ આપણા અસ્તિત્વની મા (ઉમ્મ) છે અને ઉમ્મનો મીમ સાંકડો છે અને અલીફ એક સશકત ભિખારીની માફક તેમાંથી મુકિત માગે છે.

૨૩૩૧ અલીફ (થી સુચવાએલી હાલત) કંઈ પણ ન ધરાવતી, અનુપકારી હાલત છે. તકલીફ ભરેલ 'મીમ' સભાનપણાનો વખત સુચવે છે.

૨૩૩૨ બેભાનપણાના વખત દરમ્યાન હું કાંઈ પણ નથી જ. ભાનપણાના વખત દરમ્યાન હું વાવાઝોડાંમાં છું.'

૨૩૩૩ આની માફક કંઈ નહિ ઉપર કંઈ નહિ મુકતો નહિ. આના જેવા વાવાઝોડા ઉપર (દુન્યવી) નશીબનું નામ મુકતો નહિ.

૨૩૩૪ ખરેખર તો હું કાંઇ ધરાવતો નથી (ની હાલત) મને વધુ બંધબેસતી છે જ્યારે કે આ એક સો તકલીફો હું (કાંઇ) ધરાવું છું તેવી કલ્પનાઓમાંથી ઉત્પન્ન થાય છે.

૨૩૩૫ જ્યાં હું કાંઇ પણ ધરાવતો નથી તેવી (હાલતમાં) તું બાદશાહી રીતે મારા તરફ વર્તજે મેં દુઃખ સહન કરેલ છે, તું મારી ખુશી જરૂર વધારજે.

૨૩૩૬ જ્યારે કે રોતાં રોતાં હું આંધળો બન્યો છું તારા દરવાજે આંસુના પુરમાં હું નગ્ન ઉભો છું.

૨૩૩૭ આ તારા દ્રષ્ટિ વગરના ગુલામના આંસુઓ ઉપર આ કૃપાવંત ચરાણમાંથી લીલોતરી અને શાકભાજી તું ઇનાયત કર.

૨૩૩૮ અને જો હું (મારી આંખોમાં) આંસુ ન લાવી શકું તો પયગમ્બર સાહેબની આંખોમાંથી વહેલા આંસુ જેવી એક આંખ મને આપજે.

૨૩૩૯ જ્યારે કે તેઓએ આવા ઉંચા કિસ્મત અને સત્તા અને કિર્તી હોવા છતાં ખુદાઇ કૃપામાંથી આંસુઓ શોધ્યાં.

૨૩૪૦ હું ખાલી હાથવાળો ઘાળ ચાટનાર કંગાળ લોહીનાં આંસુથી સારા પોષાકો કેમ વણું?

૨૩૪૧ જેવી રીતે કે (હ. પયગમ્બર સાહેબની) પેલી આંખની માફક કે જે આંસુઓથી મોહિત છે તે મારાં આંસુઓને એક સો મોટી નદીઓ બનતી બનાવે છે.

૨૩૪૨ પેલાં આંસુઓમાંથી એક જ ટીપું આ બસો નદીઓ કરતાં વધુ ઉત્તમ છે કારણ કે તે એક ટીપાથી માણસ જાત અને જીવને બચાવાઈ છે.

૨૩૪૩ જ્યારે કે બહિશ્તના બગીચાએ વરસાદ શોધ્યો તો પછી હલકી ઉજ્જડ જમીન પાણી ન શોધે?

૨૩૪૪ ઓ સાથીદાર, ખુદાને અભ્યર્થના કરવાથી વંચિત ન રહેતો, (તારી પ્રાર્થના) ના સ્વીકાર કે અસ્વીકાર સાથે તારે શું કામ છે?

૨૩૪૫ જ્યારે કે રોટલો (માલમિલકત) આ પાણી (આંસુ)ની અટકાયત અને અડચણ છે તારે પોતાના હાથો પેલા રોટલાથી ધોઇ નાખવા જોઇએ.

૨૩૪૬ (દૈવી) ઇચ્છાથી તું પોતાને અનુકુળ કરતો રહે, તારો રોટલો (બળતો) આંસુઓથી ભલે પાકે.

આસમાની અવાજે ખજાનો શોધનારને બોલાવ્યો અને તેનાથી ગુપ્તાર્થોની સત્યતાથી જાણીતો કર્યો.

૨૩૪૭ જ્યારે તે આ પ્રાર્થનામાં મશગુલ હતો ત્યારે તેને પ્રેરણા આપી અને આ મુશ્કેલીઓનો નિવેડો ખુદાથી તેના માટે આણવામાં આવ્યો.

૨૩૪૮ કહે, તેણે (ખુદાઇ અણસારાએ) તમને તીરને ધનુષ્ય ઉપર મુકવા કહ્યું હતું, (પણ) ધનુષ્યની દોરી તાણવાનું કયારેક કહ્યું હતું?

૨૩૪૯ તેણે તમને તે સખત રીતે તાણવાનું કહ્યું ન હતું. તેણે પણછ ઉપર (તીર) મુકવા કહ્યું હતું, નહિ કે પુરી શક્તિથી (તીર) ફેંકવા,

૨૩૫૦ તમો, અહંકારના (સબબે) કમાન ઉંચે ઉઠાવી અને તીરંદાજની કળાને ઉંચી ખાઈમાં આણી.

૨૩૫૧ જાઓ, તીર સખત ખેંચવાની આ કળા પડતી મુકો, તીર કમાન ઉપર મુકો અને પુરી શક્તિથી ખેંચવાનું શોધતો નહિ.

૨૩૫૨ જ્યારે તે (તીર) પડે, ત્યારે જગ્યા ખોદજે અને શોધજે. તારી શક્તિ (માંનો વિશ્વાસ) છોડી દે. ભક્તિભાવપુર્વકની બંદગીના કારણોથી સોનું શોધજે.

૨૩૫૩ તે કે જે સત્ય છે તે ચોરી નષ્ટ કરતાં વધુ નજીક છે, તેં વિચારનું તીર બહુ દુર ફેંકયું છે.

૨૩૫૪ ઓ તું કે જેણે પોતાને તીર-કમાનથી સજજ કર્યો છે, શિકાર નજીક છે અને તેં દુર ફેંકયું છે.

૨૩૫૫ એક જેમ વધુ દુર ફેંકે છે, દુર જાય છે. અને આના જેવા એક બ્રાહ્મણથી વધુ જુદો થાય છે.

૨૩૫૬ ફિલસુફ વિચારમાં પોતાને મારી નાખે છે (થકવી નાખે છે), તેને (નકામો) દોડવા દયો, કારણકે તેની પીઠ બ્રાહ્મણ તરફ ફેરવાઇ છે.

૨૩૫૭ તેને દોડવા દયો, જેમ વધુ તે દોડે છે તેમ તેના દિલની ઇચ્છીત વસ્તુથી વધુ વેગળો બને છે.

૨૩૫૮ પેલા (દૈવી) બાદશાહે કહ્યું "(પેલાઓ કે જેઓએ) અમારા માટે સ્પર્ધા કરી છે," ઓ આરામ વગરના, તેણે એમ નથી કહ્યું. (પેલાઓ કે જેઓએ) અમારામાંથી સ્પર્ધા કરી છે."

૨૩૫૯ જેમ કેનાન (ની બાબતમાં) હતું, કે જે હ. નુહના તિરસ્કારમાં પેલા મોટા પર્વતના મથાળે ગયો.

૨૩૬૦ પર્વત તરફ ફરીને જેમ વધુ મુકિત તેણે ગોતી, તેમ પનાહની જગ્યાએથી વધુ દુર ગયો.

૨૩૬૧ આ દરવીશની માફક કે જે બ્રાહ્મણની ખાતર અને બાળુ (દોલત)ની ખાતર દરેક સવારે વધુ ને વધુ જોરથી તીર ખેંચતો હતો.

૨૩૬૨ અને દરેક વખતે જેમ જેમ તેણે વધુ જોરથી પકડ કરી, તેમ તેમ બ્રાહ્મણનો શોધવામાં અને નિશાની (તાકવાની) બાબતમાં તેનું બરાબ કિસ્મત જોર પકડતું હતું.

૨૩૬૩ આ બોધકથા દુનિયામાં (આત્મા માટે) બહુ જ ઉપયોગી છે, અજ્ઞાનનો આત્મા દુઃખ ભોગવવા લાયક છે.

૨૩૬૪ જેવી રીતે કે એક અજ્ઞાન તેના શિક્ષકને તિરસ્કારે છે. અનિવાર્યપણે તે જાય છે અને એક નવી દુકાન ઉઘાડે છે.

૨૩૬૫ ઓ (તમો કે જેઓ વૃથા અને વાસ્તવમાં એક) ચિત્ર (જેવા) છો, શિક્ષક ઉપર ઉઘાડેલી દુકાન, ચટકા ભરે છે અને વીંછીઓ અને સરપોથી ભરેલ છે.

૨૩૬૬ જલ્દીથી તે દુકાનને નિરૂપયોગી બનાવ અને લીલોતરી અને ગુલાબના છોડો અને પાણીની જગ્યા તરફ પાછો ફર.

૨૩૬૭ કેનાન માફક નહિ, ગર્વ અને અજ્ઞાનતા અંગે એક પર્વતને રક્ષણ કરતા જહાજ માફક સલામત રહેવાની જગ્યા તેણે બનાવી.

૨૩૬૮ તેનું (ફકીરનું) તીરંદાજીનું જ્ઞાન તેના માટે એક પડદો (અટકાયત) બન્યું. જ્યારે (બધો વખત) તેના દિલમાં ચાલુ પેલી ઇચ્છીત વસ્તુની ઇચ્છા હતી.

૨૩૬૯ તીક્ષ્ણ સુઝો અને સમજણો માટે જ્ઞાન એમ કેટલી બધી વાર એક પથિક માટે લુંટારા અને પ્રેમ (માફક મૃત્યુ) સમ બનેલ છે!

૨૩૭૦ બહિશ્ત માટે નિયુક્ત પેલાઓ ઘણાખરા મુર્ખાઓ (સાદા ભોળા દિલના) હોય છે કે જેથી તેઓ ફિલસુફીની ભુલભાંથી છટકી જાય છે.

૨૩૭૧ (નકામા) જ્ઞાન અને અહંકારથી નગ્ન બની જા એટલા માટે કે (દૈવી) દયા દરેક પળે તારા ઉપર ઉતરતી રહે.

૨૩૭૨ હુશિયારી અને વગોવણી બંદગીની ઉલટી બાજુ છે, હુશિયારી છોડી દે અને મુર્ખાની શ્રેણીમાં આવી જા.

૨૩૭૩ જાણ કે હુશિયારી વિજય મેળવવા (ના સાધનો) માટેનું એક છટકું છે અને (મન સંતોષતી) મોટાઈ અને ચાડિઓ છે, સાચા ભક્તિમાને શા માટે હુશિયાર બનવું?

૨૩૭૪ હુશિયારો કાબેલ પ્રપંચોથી સંતોષાય છે. સાદાઓ બનાવટથી બનાવટોમાં આરામ કરવા ભાગી છુટ્યા હોય છે.

૨૩૭૫ કારણ કે નાસ્તાના સમયે એક માતાએ પોતાના નાના બચ્ચાના હાથ અને પગો (આરામ કરાવવા) પોતાના પેટ ઉપર રાખ્યા હોય છે.

ત્રણ મુસાફરો, એક મુસ્લિમ, એક ક્રિશ્ચિયન અને એક યહુદીની વાર્તા કે જેઓએ મુસાફરખાનામાંથી કેટલોક ખોરાક (ભેટ તરીકે) મેળવ્યો. ક્રિશ્ચિયન અને યહુદીએ પોતાનું ખાણું ખાઈ લીધુ હતું. તેથી તેઓએ તેઓએ કહ્યું "ચાલો આ ખોરાક આપણે કાલે ખાઇએ. મુસ્લિમે રોજો રાખ્યો હતો અને તે ભૂખ્યો રહ્યો કારણ કે તે (તેના સાથીઓથી દબાયો હતો.

૨૩૭૬ ઓ પુત્ર, અહીં એક વાર્તા સાંભળ, એટલા માટે કે સુઝ (ઉપર આધાર રાખવામાં) સહન કરવું ન પડે.

૨૩૭૭ એવું બન્યું કે એક યહુદી અને એક મુસ્લિમ અને એક ક્રિશ્ચીયન ભેગા મુસાફરીમાં ગયા.

૨૩૭૮ એક સાચા ઇમાનદારે બે દુર્જનો સાથે મુસાફરી કરી. જાણે કે વિવેકબુદ્ધિ દુષ્ટ મન અને સેતાન સાથે એક થઈ.

૨૩૭૯ મુસાફરીમાં મર્વનો માણસ અને રયનો માણસ રસ્તા અને મેજ ઉપર એક બીજા સાથે સાથીદારો તરીકે મળ્યા.

૨૩૮૦ કાગડો અને ઘુવડ અને બાજ (એક જ) પિંજરામાં કેદી જેવા બન્યા. પવિત્ર અને બિનધર્મીઓ કેદખાનામાં સાથીદારો બન્યા.

૨૩૮૧ રાત્રીના પૂર્વના અને પશ્ચિમના ટ્રાન્સઝેનીયત્સોએ તેજ વણઝારને પોતાનું રહેઠાણ બનાવ્યું.

૨૩૮૩ નાનાં મોટાં ટોળાં વણઝારમાં દિવસો સુધી ધુમ્મસ અને બરફના કારણો સાથે રહ્યા.

૨૩૮૩ જેવો રસ્તો ખુલ્યો અને અડચણો હટાવાઇ, તેઓ જુદા પડે છે અને દરેક જણ એક (જુદી જુદી) દિશામાં જાય છે.

સુઝ ઉપર આધાર રાખવા
માં સહન કરવું ન પડે.

૨૩૮૪ જ્યારે શક્તિશાળી વિવેકબુદ્ધિ પીંજરૂં તોડે છે ત્યારે બધાં પંખીઓ, દરેકેદરેક (જુદી જુદી) દિશામાં ઉડી જાય છે.

૨૩૮૫ આ (મુક્તિ) પહેલાં દરેક આતુરતા અને દુઃખમાં પોતાની પાંખો પહોંચવાની જગ્યાએ પોતાના સાથી માટેની ઇચ્છામાં વિસ્તારે છે.

૨૩૮૬ દરેક પળે તે પોતાની પાંખો આંસુઓ અને નિશાસા સાથે વિસ્તારે છે પણ ઉડાવનો રસ્તો અથવા જગ્યા જ નથી.

૨૩૮૭ (જેવો) રસ્તો મળ્યો કે (તુર્તજ) દરેક પવનની માફક તેને જેની યાદી આપે છે તેને માટે પાંખો ફફડાવી ઉડી જાય છે.

૨૩૮૮ તેનો રસ્તો, જ્યારે તેને તક મળે છે ત્યારે તે જગ્યા કે જેને માટે આંસુઓ અને નિસાસા મુકયા હતા તેના તરફ (ઢોરવે છે).

૨૩૮૯ તારી પોતાની કાયાની ગણત્રી કર, કઇ જગ્યાએથી કાયામાં ભેગા થયેલા આ (તત્વો ભાગો એકઠા કરવામાં આવ્યા).

૨૩૯૦ પાણી અને માટી અને હવા અને અગ્નિ, અવકાશી અને પાર્થીવ (થોડી) ફમની અને થોડી કાશની.

૨૩૯૧ આ કાયાની વણઝારનાં એક અને બધા, એ બરફની ખીકમાં, (પોતાની પહોંચવાની જગ્યામાં) પાછા ફરવાની ઇચ્છા તરફ પોતાની આંખો બંધ કરી છે.

૨૩૯૨ જુદા જુદા બરફો ઇન્સાફના સુર્યમાંથી શિયાળામાં દરેક નિર્જીવ ચીજોના મેળાના (પ્રતિક) જેવા છે.

૨૩૯૩

૨૩૯૪ સમસ્ત નિર્જીવ ચીજો આત્માની રવાનગીના વખતે કાયાના છુટાપણાની માફક જુદી પડે છે.

૨૩૯૫ જ્યારે આ ત્રણ સાથી મુસાફરો અમુક મુસાફરખાનાએ આવી પહોંચ્યા, એક પૈસાદાર માણસ તેમના માટે બક્ષિસ તરીકે (થોડોક) હલવો લાવ્યો.

૨૩૯૬ એક શુશ્રેચ્છક ત્રણ અજાણ્યાઓ પાસે "અરે, હું નજીક છું. ના રસોડામાંથી હલવો લાવ્યો.

૨૩૯૭ એક કે જેણે (દૈવી) બક્ષિસ મેળવવાની ધારણા રાખી હતી તેમના માટે ગરમ રોટલો અને મધથી બનાવેલ હલવાની થાળી લાવ્યો.

૨૩૯૮ સભ્યતા અને સંસ્કૃતિ શહેરના માણસોની લાક્ષણિકતા હોય છે, તંબુના રહેનારાઓની લાક્ષણિકતા પરોણાગત અને મનોરંજન છે,

૨૩૯૯ દયાળુ (ખુદાએ) ગામડાઓમાં (મહેમાનો) અને અજાણ્યાના મનોરંજન માટે પરોણાગત વાળી છે.

૨૪૦૦ દરરોજ ગામડામાં એક નવો પરોણો હોય છે કે જેને ખુદા સિવાય કોઈ મદદ કરનાર નથી હોતો.

૨૪૦૧ ગામડાઓમાં દરેક રાત્રીના નવા આવનારાઓ આવે છે કે જેનો ખુદા સિવાય કોઇ આસરો નથી હોતો.

૨૪૦૨ બે દોસ્તો (યહુદી અને ક્રિશ્ચીયન) ખોરાકથી ધરાએલા હતા અને અજીર્ણથી પીડાતા હતા, મુસ્લિમને જેમ બન્યું તેમ આખો દિવસ રોજે હતો.

૨૪૦૩ સાંજની બંદગીના સમયે, જ્યારે હલવો આવ્યો, સાચો ઇમાનદાર ખૂબ જ ભૂખથી પીડાતો હતો.

૨૪૦૪ (બીજા) બેએ કહ્યું "અમોએ અમારૂં ખાણું ખાઇ લીધું છે, ચાલો તેને રાત્રીના એક બાજુએ રાખી દઈએ અને આવતી કાલે ખાઇએ.

૨૪૦૫ આજ રાત્રીના ચાલો આપણે આત્મસંયમ કેળવીએ અને ખોરાકથી દુર રહીએ, ચાલો ખોરાકને આવતી કાલ માટે અનામત રાખીએ.

૨૪૦૬ ઇમાનદારે કહ્યું "આ (મિઠાઇ) આજ રાત્રીના જ ખાઇ જઇએ. આત્મસંયમ આવતી કાલ માટે રાખી દઇએ.

૨૪૦૭ પછી તેઓએ તેને કહ્યું "આ ડહાપણમાં તમારો ઇરાદો એ છે કે તું પોતે જ બધું સ્વાહા કરી જાય.

૨૪૦૮ તેણે કહ્યું "ઓ મારા દોસ્તો, આપણે ત્રણ જણ નથી ? જ્યારે કે ઐકયતા સધાઇ નથી, ચાલો આપણે ભાગ પાડીએ.

૨૪૦૯ જેને પોતાનો ભાગ ખાવાનો આનંદ કરવો છે કરવા દો, જેને સંતાડી રાખવો છે તે ભલે સંતાડી રાખે.

૨૪૧૦ પેલા (બીજા) બેએ કહ્યું, "ભાગલા કરવાનો વિચાર ત્યાગી દો, આ નબી સાહેબની હદીસના શબ્દો ઉપર કાન દો, "ભાગ કરનાર દોજખની અગ્નિમાં છે."

૨૪૧૧ તેણે જવાબ આપ્યો (સંબોધાએલો) ભાગીદાર તે કે જેણે ખુદા અને વિષયવાસનાની વચ્ચે પોતાને વહેંચેલ છે.

૨૪૧૨ તું ખુદાની માલ-મિલકત છો અને સંપૂર્ણપણે તેનો જ ભાગ છે, (જો) તું (ખુદાનો ભાગ બીજાને આપે છે તો તું દ્વૈતભાવી છે.

૨૪૧૩ આ સિંહે કુતરાઓ ઉપર સરસાઈ મેળવી હોત તો પેલા હલકી પ્રકૃતિઓ વાળાનો વારો તેના ઉપર સરસાઇ કરવાનો ન હોત.

૨૪૧૪ તેઓનો ઇરાદો હતો કે તે મુસ્લિમ દુઃખ ભોગવે અને રાત્રી ખોરાકની જરૂરીયાતમાં પસાર કરે.

૨૪૧૫ તેને હંફાવાયો હતો. તેણે રાજીખુશીથી સંમત થઇને કહ્યું, "મારા દોસ્તો, હું સાંભળું છું અને કબુલ કરૂં છું.

૨૪૧૬ તેથી તેઓ પેલી આખી રાત્રી સુતા, અને સવારમાં ઉઠ્યા, પોતપોતાએ કપડાં પહેર્યાં.

૨૪૧૭ અને પોતાના ચહેરા અને મોઢાં પોંચાં અને પોતાની બંદગીમાં દરેકની જુદી જુદી રીત હતી.

૨૪૧૮ થોડા સમય માટે દરેકે પોતાના ચહેરા બંદગીમાં ફેરવ્યા અને ખુદા પાસેથી રહેમત શોધી.

૨૪૧૯ મુસ્લિમ અને ક્રિશ્ચીયન, યહુદી અને ગયુદ્ર અને માગીઅન, તેઓ તમામના ચહેરાઓ પેલા શક્તિશાળી શહેનશાહ તરફ (ફર્યા).

૨૪૨૦ નહિ, પત્થર અને માટી અને પર્વત અને પાણીને પોતાનું અદ્રષ્ય અવલંબન ખુદા તરફનું છે.

૨૪૨૧ આ મુદ્દો અપાર છે, તે વેળાઓ ત્રણેય સાથીદારોએ પોતાના ચહેરા એક સાથે મેળવ્યા.

૨૪૨૨ અને (તેમનામાંના) એક કહ્યું "ચાલો આપણામાંનો દરેક જે ગઈ રાત્રીએ સ્વપ્નામાં જોયું તે જાહેર કરે.

૨૪૨૩ જેને સૌથી સારૂં સ્વપ્નું આવ્યું તે આ (મિઠાઈ) ખાય, જેને સૌથી સારૂં સ્વપ્ન આવ્યું તે દરેકનો હિસ્સો ભલે ઉઠાવી જાય.

૨૪૨૪ વિવેકબુદ્ધિ (ના કાંટામાં) જે સૌથી ઉંચો ચડે, તેનું ખાવું બીજા (હલકાઓના ખાવાં તુલ્ય છે.

૨૪૨૫ તેનો ચળકતો આત્મા સૌથી ઉત્તમ છે, બાકીના બીજા તેના આનંદમાં સાથ પુરાવે છે.

૨૪૨૬ જ્યારે કે પેલાઓએ (સંપૂર્ણ) સમજશક્તિથી આવડત પ્રાપ્ત કરી છે, ત્યારે ભલે કાયમ માટે હૈયાત રહે, વાસ્તવિક રીતે આ દુનિયા ભલે કાયમ રહે (કારણ કે સંપૂર્ણ ઇન્સાન) (જીવન અને દુનિયાનો આત્મા છે.)

૨૪૨૭ પછી યહુદીએ પોતાનું સ્વપ્નું કહી સંભળાવ્યું (અને) પોતાનો જીવ રાત્રી દરમ્યાન કયાં ભટકયો તે તેમને (કહ્યું).

૨૪૨૮ તેણે કહ્યું "હ. મુસા (અ.સ.) મને રસ્તા ઉપર મળ્યા (જાણીતી કહેવત પ્રમાણે) બિલાડી પોતાના સ્વપ્નામાં બેટાની પુંછડીની ચરબી જુએ છે."

૨૪૨૯ હું સિનાઈ પર્વત ઉપર હ. મુસા (અ.સ.)ની પાછળ દોરવાયો, "નૂર"માં અમારામાંના ત્રણેય અદ્રષ્ય થયા.

૨૪૩૦ (અમારા) બધા ત્રણેઇ પડછાયાઓ સુર્યમાં અદ્રષ્ય થયા. ત્યારબાદ 'નુર'માંથી દરવાજો ઉઘાડવામાં આવ્યો (વહી આવી).

૨૪૩૧ પેલા 'નૂર'ના મધ્ય ભાગમાંથી એક બીજો પ્રકાશ નીકળી પડયો અને પછી બીજા પ્રકાશે જલ્દીથી ઉપર ચડવાનું શોધ્યું.

૨૪૩૨ હું અને હ. મુસા બન્ને અને સિનાઈ પર્વત પણ (બીજા) નુરના પેલા પ્રભામાં અદ્રષ્ય થયા.

૨૪૩૩ ત્યારબાદ મેં સિનાઇ પર્વતને ત્રણ કટકાઓમાં ભાંગતો જોયો, જ્યારે કે "ખુદાનું નૂર" તેના ઉપર રોશન થયું.

૨૪૩૪ જ્યારે બાદશાહના ગુણધર્મો તેને ખુલ્લા કરાયા ત્યારે તે દરેક દિશાએ તુટી પડયો.

૨૪૩૫ પર્વતનો એક ટુકડો દરિયામાં પડયો અને ઝેર જેવું કડવું પાણી મીઠું બન્યું.

૨૪૩૬ તેનો એક ટુકડો જમીનમાં ડુબી ગયો અને દવાવાળો ઝરો વહેતા પાણીનો શરૂ થયો.

૨૪૩૭ કે જેથી તેનું પાણી આશીર્વાદીત ભટ્ટી વહીના પ્રતાપે બધા બિમાર માટે આરામનું સાધન બન્યું.

૨૪૩૮ બીજે (ત્રીજે) કટકો કાબાની પાડોશ તરફ તુર્તજ ઉડ્યો જ્યાં આરફાત છે.

૨૪૩૯ જ્યારે હું પેલી મુર્છામાંથી ભાનમાં આવ્યો ત્યારે સિનાઈ પહેલાં કરતાં નાનામોટા થયા સિવાય તેની જગ્યાએજ હતો.

૨૪૪૦ પણ હ. મુસા (અ.સ.)ના પગલાં નીચે (આંતરિક રીતે) બરફની માફક ઓગળતો હતો. ડુંગરમાળ, અથવા શિખર કાંઈ તેનું રહ્યું નહિ.

૨૪૪૧ પર્વત ધરતીકંપથી જમીનદોસ્ત થયો હતો, તે પેલા ભયંકર શહેનશાહથી ઉપર નીચે ફેરવાયો હતો.

૨૪૪૨ (મારી સમજણોના) વેરાઈ જવા બાદ હું ફરીવાર ભાનમાં આવ્યો અને સિનાઇ પર્વત અને હ. મુસા (અ.સ.)ને વગર બદલાએલા જોયા.

૨૪૪૩ અને પેલું પર્વતવાળું મેદાન એક છેડાથી બીજા છેડા સુધી હ. મુસા (અ.સ.)ને મળતા આવે તેવા (ચળકતા ચહેરાથી) ભરાઇ ગયું હતું.

૨૪૪૪ તેઓની (લાકડીઓ અને) ગુપ્તાઓ તેની લાકડી અને ગુપ્તાઓ જેવા હતા. (તેમનામાંના) બધા સિનાઇ પર્વત તરફ આનંદપુર્વક જતા હતા.

૨૪૪૫ બધાઓએ પોતાના હાથો બંદગી કરવા ઉંચા કર્યા અને 'મને જોવા દે તમે'ના રાગમાં બધા ગાતા હતા.

૨૪૪૬ ફરીવાર રસ્તો મારાથી જુદો પડ્યો, દરેકનું રૂપ મને જુદું જુદું બનતું દેખાયું.

૨૪૪૭ (ખુદાના) પ્રેમથી વિભુશીત થએલા તેઓ પયગમ્બરો હતા, (આમ) નબીઓની (રૂહાનીયત) એકયતા મારાથી (ચોક્કખી રીતે) નજરે પડતી હતી.

૨૪૪૮ ફરીવાર, મેં કેટલાક શક્તિશાળી ફિરસ્તાઓ જોયા તેઓનું જાહેરી રૂપ બરફની કાયાઓથી (ભરપુર) હતું.

૨૪૪૯ અને (મેં) બીજું ફિરસ્તાઓનું 'કુંડાળું' (ખુદાની) મદદ માગતું (જોયું) તેઓનું બહારનું રૂપ સંપૂર્ણપણે અગ્નિ હતું.

૨૪૫૦ આ જ પ્રમાણે યહુદીએ (પોતાનું) સ્વપ્ન કહ્યું, કેટલાક યહુદી છે કે જેનો અંત વખાણ લાયક છે.

૨૪૫૧ કોઇપણ નાસ્તિક તરફ ધિક્કારથી જોતા નહિ, કારણ કે એક સાચા ઇમાનદાર તરીકે તેના મરણની ઉમેદ કદાચ હોય.

૨૪૫૨ તેના જીવનના અંતનું તમને કયું જ્ઞાન છે કે તમો તમારો ચહેરો કાયમ માટે તેનાથી ફેરવો.

૨૪૫૩ ત્યારબાદ કિશ્ચીયને બોલવું શરૂ કર્યું, કહે મારા સ્વપ્નામાં હ. ઇસા દેખાયા.

૨૪૫૪ હું તેમની સાથે ચોથા આસમાને ગયો (કે જે) આ દુનિયાના સુર્યનું રહેઠાણ છે.

૨૪૫૫ ખરેખર, સ્વર્ગના ગઢોની અદ્‌ભૂતતા આ નીચી દુનિયાની અજાયબીઓ સાથે સરખામણી કરી શકાય તેવી ન હતી.

૨૪૫૬ એ (આદમના) પુત્રોની મગરૂરી, દરેક જણ જાણે છે કે અવકાશી ગોળાની કલા પેલી (દુનિયાની) કલા કરતાં ખૂબ જ ઉત્તમ છે.

ઉંટ અને બળદ અને ઘેટાની વાર્તા કે તેઓને રસ્તા ઉપર એક ઘાસનો ભારો માલમ પડ્યો અને દરેકે કહ્યું "હું તેને આકશિ."

૨૪૫૭ જ્યારે કે એક ઉંટ, બળદ અને ઘેટું ચાલ્યા જતા હતા, રસ્તા ઉપર તેમની આગળ એક ઘાસનો ભારો નજર પડ્યો.

૨૪૫૮ ઘેટાએ કહ્યું "જો આનો આપણે ભાગ પાડશું, ચોક્કસ આપણામાંનો કોઈ તેનાથી પેટ ભરી શકશે નહિ.

૨૪૫૯ પણ આપણામાંનો જે કોઈપણ વધુ લાંબુ જીવ્યો હોય, આ ઘાસ ખાવાનો તેને સૌથી સારો હક છે, તેને ખાવા દો.

૨૪૬૦ હ. મુસ્તફા (ર.સ.અ.) તરફથી આવેલ સુચન મુજબ આચરણમાં મુકાયેલા કાયદા અનુસાર આગેવાનોને આગળની જગ્યા આપવી જોઈએ.

૨૪૬૧ જો કે આ ઝમાનામાં જ્યારે દુષ્ટ માણસોની પકડ છે, દુષ્ટ (માત્ર) બે પ્રસંગોએ આગેવાનોને આગળ કરો.

૨૪૬૨ કાં તો ખોરાક કે જે ગરમ ઉકળતો હોય તેની ચકાસણીના પ્રસંગે અથવા એક પુત્ર કે જે ચિરાડોવાળો છે અને વિનાશની હાલતમાં છે.

૨૪૬૩ હલકટ, પૂજ્ય શેખ અને આગેવાન તરફ માન બતાવતો નથી, (તેમને) માન આપવા સાથે સંકળાએલા શુભહિત વિચારો હોય.

૨૪૬૪ આ તેઓની ભલાઇ છે, તેઓની બુરાઇ કેવી હશે ? તેઓના (બહારનાં) ભલાઈમાંથી તેઓની (આંતરિક) દુષ્ટતા ઓળખતો રહેજે.

બોધવાર્તા

૨૪૬૫ એક બાદશાહ સામુદાયીક પ્રાર્થના માટે મસ્જિદમાં જતો હતો અને સરદારો અને છડી ઉંચકનારાઓ લોકોને મારી હટાવતા હતા.

૨૪૬૬ લાકડીનો અધિકારી એકનું માથું ભાંગતો અને બીજાનું પહેરણ કટકાઓમાં ચીરતો.

૨૪૬૭ એક ગરીબ કંગાળે કાંઇપણ ગુન્હો કર્યા વગર ટોળાં વચ્ચે લાકડીના દસ ફટકાઓ ખાધા. તેઓ બુમ પાડી ઉઠ્યા, "ચાલ્યો જા, રસ્તા વચ્ચેથી હટી જા."

૨૪૬૮ લોહી ટપકતું, તેણે પોતાનો ચહેરો બાદશાહ તરફ ફેરવ્યો અને કહ્યું "ખુલ્લો અન્યાય નિહાળ, જે ગુપ્ત છે તેનું કારણ શા માટે પૂછે છે ?

૨૪૬૯ આ તારી ભલાઇ છે (જ્યારે) તું મસ્જિદમાં જઇ રહ્યો છે, એ ઉંધે રસ્તે દોરાએલા, દુષ્ટતા અને પાપનો ભાર કેવો બનશે ?

૨૪૭૦ પીર એક હલકટની સલામ કદીપણ સાંભળતા નથી, સિવાય અંતમાં તેનાથી ખૂબ દુઃખી બનેલા હોય.

૨૪૭૧ જો એક વરૂ એક સંતને પકડે તેના કરતાં વધુ સારૂં છે કે સંત દુષ્ટ મનથી પકડાએલો બને.

૨૪૭૨ કારણ કે ભલે વરૂ મોટી ઈન્દ્ર પહોંચાડે, છતાં તેને તે જ જ્ઞાન અને કળા અને લુચ્ચાઈ નહિ હોય.

૨૪૭૩ નહિતર, તે છટકામાં કેમ પડે? લુચ્ચાઈ (માણસમાં) સંપુર્ણપણે આવે છે.

૨૪૭૪ ઘેટાએ બળદ અને ઉંટને કહ્યું, "ઓ દોસ્તો જ્યારે કે આવી (કિસ્મતી) તક આપણને મળી છે.

૨૪૭૫ ચાલો (આપણામાંનો) દરેક પોતાની જીંદગીનો (પ્રાચીન) દિવસ જાહેર કરે. સૌથી જૂનાને ઉત્તમ તક છે, બીજા ચુપકીદીમાં ભલે સહન કરે.

૨૪૭૬ ઘેટાએ કહ્યું, "પેલા ઝમાનાઓમાં મારૂં ચરાણ હ. ઈસમાઈલ (અ.સ) માટેના કુરબાનીના ઘેટા સાથે સહભાગી હતું."

૨૪૭૭ બળદે કહ્યું "હું ઉમ્મરમાં ખૂબ જ આગળ વધેલ છું (હું) હ. આદમ (અ.સ,) પાસેના બળદની જોડીમાંનો એક છું.

૨૪૭૮ માણસ જાતનો સૌથી આગળનો બાપ હ. આદમ (અ.સ.) જમીનમાં વાવવા જે હળ વાપરતા તે ચલાવતા બળદની જોડીમાંનો હું એક છું."

૨૪૭૯ જ્યારે ઊંટે બળદ અને ઘેટાંને સાંભળ્યાં, તે અજાયબ થયો. તેણે પોતાનું માથું નીચું કર્યું અને (ઘાસની ભારી) ઉઠાવી લીધી.

૨૪૮૦ તાબડતોબ, કાંઇ પણ મિથ્યા ચર્ચા કર્યા વગર બેકટ્રીયન ઉંટે તાજા જવનો ભારો હવામાં ઉછાળ્યો.

૨૪૮૧ કહે, "વાસ્તવમાં મને કાલક્રમ (માંના ટેકાની) જરૂર નથી, જ્યારે કે મને આવું એક મજબુત શરીર અને ઉંચી ડોક છે.

૨૪૮૨ ઓ બાપના વહાલા, ખરેખર દરેક જણ જાણે છે કે હું તમારાથી વધુ નાનો નથી.

૨૪૮૩ પેલાઓમાંનો હરકોઇ જે સમજણ ધરાવે છે તે આ જાણે છે, કે મારી પ્રકૃતિ તમારા કરતાં વધુ ઉંચી છે.

૨૪૮૪ (ક્રિશ્ચીયને કહ્યું) "બધા જાણે છે કે આ ઉંચું અવકાશ આ નીચી દુનિયા કરતાં એક સો ગણું વધું મોટું છે.

૨૪૮૫ અવકાશી પ્રદેશોના પહોળા વિસ્તારોને પાર્થીવ પ્રદેશોના (માપસરની) પ્રકૃતિ સાથે, સરખામણી કેમ બને?

મુસ્લિમનું પોતાના સાથીઓ યહુદી અને ક્રિશ્ચીયનને જવાબમાં કહેવું; તેણે સ્વપ્નમાં શું જોયું અને તેઓ કેવા નિરાશ બન્યા તે વિષે.

૨૪૮૬ પછી મુસ્લિમે કહ્યું "ઓ મારા દોસ્તો, મારો બાદશાહ હ. મુહમ્મદ મારી પાસે આવ્યા.

૨૪૮૭ અને મને કહ્યું "પેલો એક (યહુદી) (હ. મુસા) કે જેની સાથે ખુદા બોલ્યો, તેમની સાથે સિનાઇ પહાડ ઉપર ગયો છે અને (ખુદા સાથે) પ્રેમની રમત રમ્યો છે.

૨૪૮૮ અને બીજો (ક્રિશ્ચીયનને) હ. ઈસા (અ.સ.) સુખી ગ્રહના માલિક, ચોથા આસમાને ઉપાડી ગયા છે.

૨૪૮૯ ઉભો થા, ઓ તું કે જેને પાછળ મુકી દીધો છે અને તકલીફ સહન કરી છે, હલવો અને મિઠાઇ જલદી ખાઇ જા.

૨૪૯૦ પેલા (બે) ચતુર અને પ્રવીણ માણસો આગળ વધ્યા છે અને દોલત અને માનની કિતાબ વાંચી છે.

૨૪૯૧ પેલા બે ખ્યાતનામ માણસોએ પોતાનું (યોગ્ય) ગૌરવ મેળવ્યું છે, અને તેઓની ચતુરાઈ અંગે ફિરસ્તાઓ સાથે હળીમળી ગયા છે.

૨૪૯૨ સાંભળ, ઓ મુર્ખ સાદા આદમી, કે જેને પાછળ છોડી દેવામાં આવેલ છે, કુદકો માર અને હલવાના પ્યાલા પાસે પોતાને બેસાડી દે !

૨૪૯૩ આથી તેઓએ તેને કહ્યું, "પછી, ઓ કંજુસ આદમી, તેં કણાબ અને હલવાનું જમણ જમી લીધું છે ? અરે, એ કેવી નવાઈ જેવી ચીજ છે ?"

૨૪૯૪ તેણે જવાબ આપ્યો, "જ્યારે પેલા શહેનશાહ કે જેને બધા તાબે થાય છે, હુકમ આપ્યો, ત્યારે હું તે કોણ કે સામો થાઉં ?

૨૪૯૫ (ઓ) યહુદી, શું તમો હ. મુસા (અ. સ.) નો હુકમ પછી ભલે તે ભલો કે બુરો હોય તેની વિરૂદ્ધ બળવો કરો ખરા ?

૨૪૯૬ (ઓ) ક્રિશ્ચિયન, ભલા કે બુરા હ. ઇસા (અ. સ.) ના હુકમથી તું તારો ચહેરો ફેરવે ખરો ?

૨૪૯૭ (તો પછી) પયગમ્બરોની કિર્તી વિરૂદ્ધ હું કેમ બળવો કરૂં ? "મેં હલવો ખાધો છે અને અત્યારે હું ખુશ છું."

૨૪૯૮ પછી તેઓએ તેને કહ્યું, "ખુદાના કસમ, તમે સાચું સ્વપ્નું જોયું છે, અને તે અમારા એક સો સ્વપ્નાઓ કરતાં વધુ ઉત્તમ છે.

૨૪૯૯ ઓ આનંદી, તમારૂં સ્વપ્નું જાગૃત છે, કારણ કે તેની અસર (વાસ્તવિકપણું) તારા મીઠાઈ ખાવા અંગે તારા જાગૃતપણાની સાબિતી છે.

૨૫૦૦ પ્રખ્યાતિ અને (દુન્યવી) તાકાત અને હુશીયારી છોડી દે, જરૂરી બાબત (ખુદાની) બંદગી અને સારા સદ્‌ગુણો છે.

૨૫૦૧ આ જ કારણ માટે ખુદાએ આપણને 'નિરાકાર'માંથી બહાર આણેલ છે, "મેં મારી બંદગી કરવા સિવાય બીજા માટે માણસ જાતને પેદા કરી નથી."

૨૫૦૨ સામી કે જેની હુશીયારી (સોનાનો વાછરડો બનાવવામાં બતાવી) ખુદાના દરવાજાથી દુર હટાવાયેલ. (તેના) જ્ઞાને તેને શું નફો કરી આપ્યો ?

૨૫૦૩ તેના રસાયણશાસ્ત્રના જ્ઞાનથી કારૂને શું મેળવ્યું ? જમીને તેને કેવી રીતે અગાધ ઉંડાણમાં ઉતારી દીધો ?

૨૫૦૪ બધા પછી અબુલહકમ (અબુજહલે) જ્ઞાનમાંથી શું મેળવ્યું ? તેની બેઇમાનીના કારણે માથાભર દોજખમાં પડ્યો.

૨૫૦૫ જાણ કે (સાચું) જ્ઞાન અગ્નિ જેવી રીતે જોવામાં સમાયેલ છે, નહિ કે ખોટો હવારો કરવામાં કે પેલો ધુમાડો અગ્નિની સાખીતી છે.

૨૫૦૬ એ તમો કે જેનો પુરાવો સંતની આંખોમાં વૈદની સાબિતી કરતાં વધુ ગંધાય છે.

૨૫૦૭ જ્યારે કે તમને આના કરતાં બીજી કોઈ સાબિતી નથી તો, એ પુત્ર, વિષ્ઠા અને પેશાબ તપાસ !

૨૫૦૮ એ તમો કે જેનો પુરાવો તમારા હાથમાંની લાકડી છે (કે જે) બતાવે છે કે તમોને આંખની ખામી છે.

૨૫૦૯ (આ) બધો અવાજ અને આડંબરી વાત અને સત્તા ધારણ કરવી (નો માત્ર અર્થ), "હું જોઈ શકતો નથી (મહેરબાની કરી) મને માફ કરો."

તીરમીઝના બાદશાહ સૈયદે જાહેર કર્યું કે તે જે કોઇ તાત્કાલીક કામ અંગે સમરકંદમાં ત્રણ અથવા ચાર દિવસમાં (મુસાફરી પુરી કરવા) જાય તેને માનના ઝબ્બાઓ અને ઘોડાઓ અને ગુલામ છોકરાઓ અને ગુલામ છોકરીઓ અને સોનામાં એક મોટી રકમ આપશે. અને ગામડામાં (જ્યાં તેઓ હતા ત્યાંથી) આ સમાચાર સાંભળતાં દલકક ખૂબ જ ઉતાવળે બાદશાહ પાસે આવ્યો, કહે, "ગમે તેમ થાય તો પણ તે જઇ શકે તેમ નથી."

૨૫૧૦ વિચારવંત દલકક તીરમીઝના સૈયદ કે જે તે જગ્યાએ રાજ કરતો હતો તેનો વિદ્વપક હતો.

૨૫૧૧ તેને (બાદશાહને) સમરકંદમાં એક જરૂરી બાબત હતી, અને એક દૂતની જરૂરત હતી એટલા માટે કે તે. તે કાર્ય સમાપ્ત કરે.

૨૫૧૨ (તેથી) તેણે જાહેર કર્યું કે જે કોઈ ત્યાંથી પાંચ દિવસમાં સમાચારો લાવી આપે તેના ઉપર ખજાનો ઈનાયત કરશે.

૨૫૧૩ દલકક ગામડામાં હતો અને પેલી (જાહેરાત) સાંભળી, તે (ઘોડા ઉપર) સવાર થયો અને તીરમીઝ તરફ પુરપાટ દોડ્યો.

૨૫૧૪ રસ્તા ઉપર તેની પેલી ભયંકર રીતે પુરપાટ દોડાવતાં બે ઘોડાઓ મરેલા છોડ્યા.

૨૫૧૫ પછી, રસ્તા ઉપરની ધુળ સહિત, તે સભાગૃહમાં દોડ્યો અને કવખતે બાદશાહની હજુરમાં દાખલ થવા માંગણી કરી.

૨૫૧૬ કાઉન્સીલમાં એક ગુસપુસ અફવા ઉઠી, અને એક વ્યાકુળતાની લાગણી બાદશાહના દિલમાં ઉઠી.

૨૫૧૭ અમીરો અને શહેરના લોકોના દિલોમાં ભય છવાઈ ગયો (કારણ કે તેઓ અનભય થયા) કે કેવી ગડબડ અને દુઃખ આવી પડ્યું હતું.

૨૫૧૮ (કહે), કાં તો એક વિજયવંતુ લશ્કર આપણા ઉપર હુમલો કરવાની તૈયારીમાં છે અથવા એક વિનાશકારો મહા સંતાપ અદૃષ્યમાંથી ઉત્પન્ન થયો છે.

૨૫૧૯ કારણ કે ગામડામાંથી ઝડપી સવારી કરીને દલકકે રસ્તા ઉપર કેટલાય ઘોડા મારી નાખ્યા છે.

૨૫૨૦ લોકો બાદશાહના મહેલ પાસે એકઠા થયા, અનભય થતા હતા કે શા માટે દલકક આટલી બધી ઉતાવળે આવ્યો છે.

૨૫૨૧ કારણ કે તેની (આવેશમય) ઉતાવળે અને તેના પ્રયાસની ઉગ્રતાએ તીરમીડમાં તોફાન અને ધાંધલ ઉભી કરી.

૨૫૨૨ એક માણસ પોતાની ઘુંટણ ઉપર બન્ને હાથો પછાડતો હતો, જ્યારે બીજો દુઃખની હાજરીમાં દુઃખની આહો ઉચ્ચારતો હતો.

૨૫૨૩ ધાંધલ અને વ્યાકુળતા અને સજ્જના ભયના કારણે દરેક દિલ કલ્પનાઓની એક સો ગલીઓમાં ભટકવા લાગ્યું.

૨૫૨૪ દરેક જણ કટોકટીની વેળાએ એક અપશુકનનું (ભવિષ્ય) ભાખતા હતા અને તકલીફના કારણો જાણવાની કલ્પના કરતા હતા.

૨૫૨૫ તેણે (દલકકે) પ્રવેશ માગ્યો અને બાદશાહે તે તેને તુર્તજ આપ્યો, જ્યારે તેણે જમીનને ચુંબન કર્યું, બાદશાહે તેને કહ્યું, "હય, શું બાબત છે?"

૨૫૨૬ જ્યારે જ્યારે કોઇએ પેલા સખત ચહેરાના માણસને કાંઇ વિગત માટે પૂછ્યું, ત્યારે તેણે પોતાનો હાથ હોઠો ઉપર મુક્યો, જાણે કહેતો હોય–ચૂપ!

૨૫૨૭ તેઓનો સંશય પેલાની ગંભીરતાથી વધવા પામ્યો, બધા મુંઝાયા હતા, અને તેનાથી મુંગા બન્યા હતા.

૨૫૨૮ દલકકે એક ઇશારો કર્યો, જાણે કહેતો હોય. ઓ કિર્તીવાન બાદશાહ, શ્વાસ લેવા એક પળની મને રાહત આપો.

૨૫૨૯ કે જેથી મારી સમજ એકદમ પાછી આવે, કારણ કે હું એક વ્યાકુળતાની અદ્‌ભૂત હાલતમાં પડ્યો છું,

૨૫૩૦ થોડીવાર પછી, જે દરમ્યાન બાદશાહનું ગળું અને મોઢું (આતુરતાપૂર્વકની) મનાઈ અને અટકળ બાંધવાથી કડવું થયું હતું.

૨૫૩૧ કારણ કે તેણે દલકકને કદી પણ આના જેવો જોયો ન હતો, કારણ કે તેનાથી વધુ સારા આશાંકિત બીજો હતો જ નહિ.

૨૫૩૨ તે હમેશાં વાર્તાઓ અને રમૂજો લાવતો હતો અને બાદશાહને ખુશ અને હસતો રાખતો હતો.

૨૫૩૩ (તેની સાથે) બેસવામાં તે એવો અંતઃકરણપુર્વક હસતો રાખતો કે બાદશાહ પોતાનું પેટ બન્ને હાથોએ દબાવી રાખતો હતો.

૨૫૩૪ અને (ઘણીએક વખત) હસવાના બેંચાણ અંગે તેની કાયા પરસેવાથી રેબઝેબ થતી અને તે હસવા અંગે પોતાના ચહેરા તરફ ઢળી પડતો.

૨૫૩૫ (તો પછી) આજે (કેવી અજાયબી), ઉલટું, તે (દલકક) આના જેવો ફિક્કો અને ગંભીર, પોતાના હોઠો ઉપર હાથ મુકતો, જાણે કહેતો હોય, બાદશાહ, ચૂપ રહો.

૨૫૩૬ અનિષ્ટના ભણકારા ઉપર ભણકારા અને કલ્પનાની ઉપર કલ્પનાના બાદશાહને થઇ (જેમ તેને અજાયબી થઈ કે) તેના ઉપર કેવી સજા આવી પડશે,

૨૫૩૭ કારણ કે બાદશાહનું દિલ વ્યાકુળ અને ઉત્તેજીત હતું કારણ કે ખ્વારીઝમશાહ બહુ લોહી તરસ્યો હતો.

૨૫૩૮ અને પેલા નિર્દયે તે વિસ્તારમાં ઘણા બાદશાહોને દગાફટકા કે જોરજુલમથી મારી નાખ્યા હતા.

૨૫૩૯ તીરમીઝના આ બાદશાહ (તેનાથી હુમલો આપવાના) સંશયમાં હતો અને તેનો સંશય દલકકની ચાલાકીથી વધવા પામ્યો.

૨૫૪૦ તેણે કહ્યું "શાંત થા ! શું બાબત છે તે (મને) કહે. આટલો બધો ગભરાટ અને અને મુંઝવણનું કારણ શું છે તે મને કહે."

૨૫૪૧ તેણે જવાબ આપ્યો, "મેં ગામડામાં સાંભળ્યું છે કે બાદશાહે દરેક ધોરી રસ્તા ઉપર જાહેરાત કરી છે

૨૫૪૨ કે તેને ત્રણ દિવસમાં સમરકંદ ઢોડી જવા માટે કોઇની જરૂરત છે અને (દુત) ઉપર તેનો બક્ષનો નવાજીશ કરશે.

૨૫૪૩ હું તમારી પાસે ઉતાવળે આવ્યો એટલા માટે કહેવા આવ્યો કે હું તે કરી શકું તેમ નથી.

૨૫૪૪ મારા જેવા એક માટે આવી ચપળતા અશકય છે, કોઇ પણ રીતે મારી પાસે આવી આશા ન રાખતા.

૨૫૪૫ બાદશાહ ભુમ પાડી ઉઠ્યો, "તારી ઉતાવળ ઉપર શ્રાપ હોજો ! કારણ કે બલ્હીમાં શહેરમાં ગુંચવણો ઉભી થઇ છે.

૨૫૪૬ એ અર્ધ પાકેલા મુર્ખ, (તે માત્ર) આના કારણે જ કે તમે આચરણ અને ધાસ સળગાવી મુકેલ છે ?

૨૫૪૭ (આ) આવા અજ્ઞાન પુરૂષોની (વર્તણુંક) જેવું છે (કે જેઓ) ઢોલ અને વાવટા સાથે આવ્યા, કહે, "અમો (રૂહાનીયત) ગરીબાઇ અને 'લામકાં'ના રસ્તામાં જતા હુતો છીએ.

૨૫૪૮ શેખો બનવાની મોટી બડાઇઓ કોણ હાંકે ? અને તેઓ હ. બાયઝીદના (દરજ્જા)એ પહોંચ્યા છે તેવી વાતો કરે.

૨૫૪૯ અને (તેમના દાવા અનુસાર) ખુદીમાંથી પસાર થઇ જતાં, અને (ખુદાથી) એકયતાવાળા બનતાં, ઢોંગના રહેઠાણમાં (મુરીદો માટે) સભાગૃહ ખોલે.

૨૫૫૦ (જ્યારે કે) વરરાજાનું ઘર ઘોંઘાટ અને મુશ્કિલીઓથી ભરેલું છે અને છોકરીના કુટુંબને તેની કાંઈ ખબર નથી.

૨૫૫૧ (વરરાજાના કુટુંબીઓ) એક ધુમ ઉડાવશે, કહે, "અર્ધી બાબત પતી ગઈ છે શરતો કે જે અમારી બાજુ જરૂરી છે તે પૂર્ણ કરાએલ છે.

૨૫૫૨ અમે ઓરડાઓ સાફ કર્યા છે અને સુશોભીત કર્યા છે અને (અમારી મહેનત-માંથી) નશાબાજ અને (વહુરાણી મેળવવાની) ખુશ ઇચ્છાથી રાજી થયા છીએ.

૨૫૫૩ તેના ઉપરથી કોઈ સંદેશો આવ્યો છે ? "ના" પેલા છાપરા ઉપરથી નીચે કોઈ પંખી આવ્યું છે ? "ના"

૨૫૫૪ પછી આ (બધી) ચીઠ્ઠીઓ (જે તેં મોકલી છે) એક પછી એક, શું કોઇ જવાબ પેલા પડોશમાંથી તમને પહોંચ્યો છે !

૨૫૫૫ "ના" પણ આપણો દોસ્ત આ (બાબતથી) માહીતગાર બન્યો છે કારણ કે અનિ-વાર્યપણે એક દિલથી બીજા દિલ સુધી રસ્તો છે.

૨૫૫૬ તો પછી શા માટે તમારી આશાની વસ્તુ છે તે દોસ્ત પાસેથી તમારા પત્રનો કાંઇ પણ જવાબના રસ્તાથી વંચિત છે ?

૨૫૫૭ (જવાબમાં) એકસો નિશાનીઓ છે. જહેરી અને બાતુની (બન્ને), પણ થંભી જા આ દરવાજામાંથી પડદો ઊંચક નહિ.

૨૫૫૮ મુર્ખ દલકકની વાર્તા તરફ પાછો ફરે કે જે પોતાનું ખોટી રીતે માથું મારવાથી પોતા ઉપર દુઃખ ઉતાર્યું.

૨૫૫૯ ત્યારબાદ વઝીરે તેને (બાદશાહને) કહ્યું. "એ સત્યના સ્તંભ, આ તમારા નમ્ર ગુલામ તરફથી એક શબ્દ સાંભળો

૨૫૬૦ કોઈ દુષ્ટ સાહસોના કારણે દલકકે ગામડામાંથી આવ્યા (પણ હવે) તેનું મન ફરી ગયું છે અને પસ્તાવો કર્યો છે.

૨૫૬૧ તે બુનું (કપટ) પાણી અને તેલથી નવું કરે છે. તે ઠઠ્ઠા–મશ્કરીના કારણે (સજા) ટાળે છે.

૨૫૬૨ તેણે મ્યાન બનાવ્યું છે અને તલવાર સંતાડી છે. કાંઈ પણ દયા વગર તેને રીબાવવો જોઈએ

૨૫૬૩ જ્યાં સુધી કે તમો કાજુ કે અખરોટ તોડો નહિ ત્યાં સુધી તેના દિલને ગામને જાહેર કરશે નહિ કે તેલ આપશે નહિ.

૨૫૬૪ તેનો આ બચાવ અને ચાલાકી સાંભળતા નહિ, તેનું મુંજવું અને ફિક્કા રંગ તરફ જુઓ

૨૫૬૫ બુદ્ધાએ કહ્યું છે "તેઓની નિશાની તેઓના ચહેરા ઉપર છે, કારણ કે નિશાની બબર આપનાર અને વાત કહેનાર છે.

૨૫૬૬ આ આંખની સાબિતી (દલકકે કહેલી) વાતથી ઉલટી છે કારણ કે આ (આખી) માણસ જાત દુષ્ટતામાં મળી ગઈ છે.

૨૫૬૭ આકંદ કરતો અને ડુસકાં ભરતો દલક્ક બુમ પાડી ઉઠ્યો, 'ઓ સાહેબ, આ દુઃખી કંગાળનું લોહી વહેવડાવવાનો પ્રયત્ન ન કરો.

૨૫૬૮ ઓ બાદશાહ, ઘણાએક વિચાર અને કલ્પના કે જે ખરી હોતી નથી તે ધ્યાનમાં આવે છે.

૨૫૬૯ ખરેખર, કાંઇક શંકા એ પાપ છે. ઓ વઝીર, અન્યાય સારો નથી, ખાસ કરીને જ્યારે એક ગરીબ માણસ ઉપર (આચરવામાં આવે છે).

૨૫૭૦ એક કે જે તેને સંતાપે છે તેને બાદશાહ સજા કરતો નથી તો પછી એક કે જે તેને હસાવે છે તેને શું તે સજા કરશે ?

૨૫૭૧ સાહેબ (વઝીરના) શબ્દોએ બાદશાહ ઉપર અસર પાડી અને તેણે આ ઢોંગ અને બદમાસી ચોકખી કરવાનો હુકમ કર્યો.

૨૫૭૨ તેણે કહ્યું "દલક્કને કેદમાં પુરો અને તેની ફોસલામણી અને ઢોંગ ઉપર જરાપણ ધ્યાન આપશો નહિ.

૨૫૭૩ બાલી પેટવાળા એક ઢોલની માફક તેને પીટો કે ઢોલની માફ તે આપણને સમાચાર આપે

૨૫૭૪ (ભલે પછી) ઢોલ ભીનો હોય કે સુકો અથવા બાલી હોય કે ભરેલ, તેનો અવાજ આપણને દરેક ચીજ જણાવે છે.

૨૫૭૫ (તેને પીટો) એટલા માટે કે ગુપ્ત વાત કરવાની તેને ફરજ પડે કે જેથી આ શંકાશીલ દિલોને ફરી બાતરી થાય.

૨૫૭૬ જ્યારે કે પ્રકાશિત સત્ય સ્વસ્થતાનું (એક કારણ) છે, દિલ જુઠા શબ્દોથી શાંત બનતું નથી.

૨૫૭૭ જુઠાણું તણખલા જેવું છે, અને દિલ એક મોઢા જેવું છે, એક તણખલું કદી પણ મોંમાં છુપું બનતું નથી.

૨૫૭૮ જ્યાં સુધી તે ત્યાં રહે છે તે તેની જીત હલાવતો રહેશે એટલા માટે કે તે તેવા મોઢામાંથી બહાર કાઢે છે.

૨૫૭૯ બાસ કરીને, જ્યારે એક તણખલું પવનના ફુંકાવાથી આંખમાં પડે છે ત્યારે આંખ પાણી કાઢવું અને બોલ-બંધ કરવું શરૂ કરે છે.

૨૫૮૦ તેથી આપણે, અત્યારે આ તણખલાના માણસ (દલક્ક)ને લાત મારી બહાર કાઢવો જોઈએ એટલા માટે કે આપણું મોં અને આંખ આ તણખલાથી મુક્ત બને.

૨૫૮૧ દલકકે કહ્યું "ઓ બાદશાહ શાંત થાઓ. દયા અને માફીના ચહેરાને ઉઝરડા ન પાડો.

૨૫૮૨ વેર લેવામાં આટલી બધી ઉતાવળ શા માટે? હું કાંઈ ઉડી જતો નથી, હું તમારા હાથમાં જ છું.

૨૫૮૩ ભુલ સુધારવાની બાબતમાં આટલી બધી ઉતાવળ કરવી સારી નથી કે જે ખુદાની ખાતર ઉતારવામાં આવી છે.

૨૫૮૪ (પણ) જેનો ઈરાદો (બદ) છે તેને જોતાં મિજાજ અને કાર્યકારણ સંબંધી ગુસ્સો, તે (સુધારનાર) એવી બીકમાં ઉતાવળ કરે છે કે રખેને તે તેનાથી સંતોષી બને.

૨૫૮૫ તે બીએ છે કે જો સંતોષ આવ્યો અને તેનો ગુસ્સો ચાલ્યો જાય તો તેનું વેર અને તે વેર વાળવાની ખુશી ગુમાવેલી બનશે.

૨૫૮૬ ખોટી ભુખ, ખોરાકને હડપ કરવાની, ખોઈ બેસવાનો આનંદ ગુમાવવાની બીકમાં ઉતાવળ કરે છે, ખરેખર તે એક બિમારી છે.

૨૫૮૭ (જો) ભુખ સાચી બને, ઢીલ કરવી વધુ ઉત્તમ છે, એટલા માટે કે ખોરાક કાંઇ પણ તકલીફ વગર હજમ થાય.

૨૫૮૮ એક (ભયંકર) તકલીફ નિવારવાના કારણે શું તમો મને મારશો, અંતે તમો ફાટ જોશો અને તેને બંધ કરશો.

૨૫૮૯ જેથી મહાસંતાપ પેલી ફાટમાંથી બહાર ન આવે, દૈવી ભાવીને તેની બાજુમાં ઘણીએક ફાટો હોય છે.

૨૫૯૦ તકલીફ હટાવવામાં હિંસા સાધન નથી, સાધનો, ભલાઈ અને માફી અને દયા છે.

૨૫૯૧ તેમણે (નબી સાહેબે) કહ્યું "ખેરાત દુઃખ હટાવવાનું સાધન છે. ઓ યુવાન, ખેરાત (આપીને) તમારા દર્દો સાજા કરો."

૨૫૯૨ (ગુસ્સાની અગ્નિમાં) એક ગરીબ માણસને બાળવો અને આંખને આંધળી કરવી કે જે ધૈર્ય ઉપર ધ્યાન લગાવે છે.

૨૫૯૩ બાદશાહે જવાબ આપ્યો : "સખાવત અને તેના માટેનો પ્રસંગ ઉત્તમ ચીજો છે. પશુ (માત્ર) જ્યારે તમો સખાવતનું જો કાર્ય તેની યોગ્ય જગ્યાએ બજાવો છો.

૨૫૯૪ (જો) તમો બાદશાહને 'કૈસલ'ની જગ્યાએ મુકશો તે (રમતનો) નાશ છે તેવી જ રીતે (જો તમો) ઘોડાને બાદશાહની જગ્યાએ મુકશો તો તે એક અજ્ઞાનનું કાર્ય છે.

૨૫૯૫ દયા અને કડકાઇ બન્ને દીનના કાયદામાં બતાવાયા છે. તખ્ત ઉપર બેસવું તે બાદશાહનું કામ છે, ઘોડાનું કામ દરવાજા ઉપર ઉભા રહેવાનું છે.

૨૫૯૬ ઈન્સાફ શું છે? એક વસ્તુને તેની યોગ્ય જગ્યાએ મુકવી, અન્યાય શું છે? તેને અયોગ્ય જગ્યાએ મૂકવી.

(કાયદો શું)?
ઈન્સાફ શું?

૨૫૯૭ ખુદાએ કાંઈ પણ વૃથા પેદા કર્યું નથી. (ભલે પછી) તે ગુસ્સો અથવા માફી અથવા વિશ્વાસુ સલાહ અથવા લુચ્ચાઇ

૨૫૯૮ આ બધી ચીજોમાં કોઈ પણ ખૂબજ ઉત્તમ નથી અથવા તેમનામાંની કોઈ તદ્દન હલકી નથી.

૨૫૯૯ દરેકનો નફો-નુકશાન જગ્યા ઉપર, પ્રસંગ ઉપર આધાર રાખે છે આ જ કારણ માટે જ્ઞાન જરૂરી અને ઉપયોગી છે.

૨૬૦૦ અરે, ઘણીએક સખ્ત ગરીબ ઉપર ફટકારવામાં આવી. તે રોટલા અને મિઠાઈની (બક્ષિસ) કરતા વધુ ઉત્તમ છે.

૨૬૦૧ કારણ કે મિઠાઈ (જ્યારે) વગર ઋતુએ ખવાય છે ત્યારે પીળું પિત્ત ઉપજાવે છે (જ્યારે) કે તેના દુઃખમાંથી છુટવાનો રસ્તો તમાચા છે.

૨૬૦૨ પેલા ગરીબડાને ઋતુમાં એકાદ તમાચો લગાવો, તે તેને (ત્યારબાદ) માથું કપાવવામાંથી બચાવશે.

૨૬૦૩ ફટકો બરોબર લગાડવામાં આવ્યો કારણ તેનો બરાબ ગુણ, ધુળ ઉપર લાકડીઓ ફટકારવામાં આવે છે, નહિ કે પડદા ઉપર.

૨૬૦૪ દરેક બહેરાન (શહેનશાહને) ભોજનગૃહ અને એક જેલખાનું હોય છે. ભોજનગૃહ વિશ્વાસુ દોસ્ત માટે છે અને જેલ અર્ધથાકેલ હલકટ માટે હોય છે.

૨૬૦૫ (જો) એક ગુમડાને નસ્તરની જરૂર હોય અને તમો તેને એક પોટીસ મુકો. તમો (માત્ર) ગુમડામાં પરૂજ પેદા કરશો.

૨૬૦૬ તેથી તે અંદરના માંસને ખાઈ જશે (પરિણામ) અર્ધો નફો અને પચાસ ટકા નુકશાની

૨૬૦૭ હલકકે કહ્યું "હું એમ નથી કહેતો કે (મારા ગુન્હાને) જવા દયો, હું એમ કહું છું કે તપાસ કરવાની થોડી કાળજી લ્યો.

૨૬૦૮ સાંભળો, ધીરજ અને ઉંડા મનનો રસ્તો રૂંધો નહિ, શાંત થાઓ, થોડા દિવસો માટે વિચારો.

૨૬૦૯ ઉંડા મનનથી તમો ચોક્કસતાને ભટકાશો (અને પછી) તમો ચોક્કસ ગુન્હા માટે સખ્ત કરશો.

૨૬૧૦ શા માટે, એક કે જે રસ્તામાં (માથાભર પડતો) ચાલે છે, જ્યારે તેને તે સીધે સીધી છટાથી ચાલતો નિહાળે છે?

૨૬૧૧ ભલાના સમુહ સાથે સલાહ-મશવરો કરો, હ. નબી સાહેબને (દૈવી) હુકમે આપેલ વાત ઉપર ધ્યાન દયો, "તેમનાથી સલાહ-મસલત કરો."

૨૬૧૨ (શબ્દો) તેઓની બાબત મસલત કરવા માટેની (એક હકીકત) છે. તે જ ધરાદા માટે છે કારણકે મસલત કરવાથી ભુલો અને ખામીઓ ઓછી બને છે.

૨૬૧૩ આ (માનવ) બુદ્ધિમાનો બત્તીઓ જેવાં તેજસ્વી છે, વીસ બત્તીઓ એક કરતાં બુદ્ધિમાનથી વધુ પ્રકાશ થાય છે.

૨૬૧૪ તેમની વચ્ચે એવું પણ બને કે 'એક બતી' સ્વર્ગના પ્રકાશથી જલતી બની હોય.

૨૬૧૫ (કારણકે) ખુદાની અદેખાઇએ એક પડદો પેદા કર્યો છે, અને ઉંચા અને નીચાને એક સાથે ભેળસેળ કર્યા છે.

૨૬૧૬ તેણે કહ્યું છે, "મુસાફરી કરો" હમેશાં દુનિયામાં શોધતો બન; અને તારૂં સદકિસ્મતની કોશીષ કર અને ખૂબ (મેળવવાની ઉમેદરામ)

૨૬૧૭ (બધા) સભાગૃહોમાં, હમેશાં બુદ્ધિવાનો વચ્ચે એવી વિવેકબુદ્ધિ શોધ કે જેવી હ. પયગમ્બર સાહેબમાં (માલમ પડી).

૨૬૧૮ કારણકે માત્ર હ. પયગમ્બરના વંશમાં (આલે રસુલ ઇમામે ઝમાનમાં) પેલી (સમજણ) કે જે અદ્રષ્ય ચીજોને આગળ અને પાછળ (ભવિષ્ય અને ભૂતકાળને) નિહાળે છે.

૨૬૧૯ (આંતરિક) આંખો વચ્ચે પણ હમેશાં પેલી (આંતરિક) આંખ શોધતો બનજે કે જે આ મસનવીને વર્ણન કરવાની શકિત નથી.

૨૬૨૦ જ્યારે કે બાદશાહ (નબીએ કરીમે) મઠવાસીપણાની અને પહાડોમાં એક ત્યાગી તરીકે રહેવાની મનાઈ કરી છે.

૨૬૨૧ એટલા માટે કે આ જાતની (રૂહાની રાહબરથી) મુલાકાત ગુમાવાય નહિ કારણકે (આપણા) ઉપર તેમની દૃષ્ટિ એ ખુશનશીબ અને દુરાચરણનો સર્વશ્રેષ્ઠ ઈલાજ છે.

૨૬૨૨ સદાચારીઓ વચ્ચે એક (એવો) છે જે સૌથી વધારે સદાચરણી છે, સુલતાનના હાથથી તેની સનદ ઉપર 'શાહ' શબ્દ અંકિત થયેલ છે.

૨૬૨૩ (જ્યારે છે કે) (તેનાથી ઉચ્ચારાએલી) પ્રાર્થના જુદી પાડી ન શકાય તેવી રીતનો સ્વીકાર સાથે જોડાએલ છે (અનેકે) સૌથી મહાન માણસો અને જીત તેના સમોવડીયા નથી.

૨૬૨૪ (જ્યારે) પેલાઓ કે જેઓ તેની સાથેની દલિલ (કરવામાં) મીઠા હોય કે ખારા, ખુદાની દ્રષ્ટિમાં તેઓની દલિલ નકામી છે.

૨૬૨૫ કારણ (ખુદા કહે છે), ". જેમ અમોએ તેને અમારી પોતાની (કૃપાથી) માનવંત બનાવેલ છે, અમોએ (તેની વિરૂદ્ધ)થી દરેક અરજ અને દલિલ ગુપ્ત કરી મુકી છે.

૨૬૨૬ જ્યારે કે ખુદાના હાથે 'કિબ્લો' જાહેર બનાવ્યો છે, હવેથી શોધખોળ રજા વગરની નિહાળ.

૨૬૨૭ સાંભળ, તમારો ચહેરો અને માથાને શોધમાંથી હટાવી લે, હવે જ્યારે કે અંતિમ મુકામ અને રહેણાક દ્રષ્ટિમાં આવેલ છે.

૨૬૨૮ ને તમો આ 'કિબ્લો' એક પળ માટે પણ ભુલશો તો તમો દરેક નકામા 'કિબ્લા' તરફ ગુલામીમાં ગરકાવ થશો.

૨૬૨૯ જો જ્યારે જે તમને પરખશક્તિ આપે છે તેના તરફ અનુપકારીપણું બતાવશો તો વિચાર કે જે 'કિબ્લા'ને ઓળખે છે, તમારા પાસેથી ઝડપથી ચાલ્યો જશે.

૨૬૩૦ જો તમો આ ભંડારમાંથી ફાયદો અને (રૂહાનીયત) ઘઉં ઇચ્છો તો (તેનાથી) એક અર્ધા કલાક માટે પણ જુદા પડો નહિ, કે જેને તમારા તરફ સહાનુભુતિ છે.

૨૬૩૧ કારણકે જે પળે તમો આ 'મદદગાર'થી છુટા પડશો, તમો એક હલકટ સાથીથી પીડિત બનશો.

ઉંદર અને દેડકા વચ્ચેના અતિ સ્નેહની વાર્તા એક લાંબી દોરીથી તેઓ બન્ને કેમ બંધાયા અને એક જંગલી કાગડો ઉંદરને કેમ ઉઠાવી ગયો અને દેડકાનું (હવામાં) લટકવું અને રૂદન કરવું અને પોતાની જાતવાળાથી ભળવાને બદલે જુદી જાતના જનાવર સાથે પોતાને જોડવા પશ્ચાતાપ કરવા વિષે.

૨૬૩૨ એવું બન્યું કે, એક ઉંદર અને એક વિશ્વાસુ દેડકો એક નદીના કિનારે દોસ્ત બન્યા.

૨૬૩૩ તેઓ બન્ને મિલનનો સમય સાચવવા બંધાયા હતા, દરેક સવારે તેઓ એક એકાંતિક સ્થળે આવતા.

૨૬૩૪ (જ્યાં) તેઓ એક બીજાથી દિલ બહેલાવતા અને પોતાના દિલોમાંથી હલકા (શંકાશિલ) વિચારો બાલી કરતા.

૨૬૩૫ બન્ને દિલો મુલાકાત અંગે હર્ષથી ઉભરાતાં, તેઓ કહાણીઓ કહેતા અને એક બીજાને સાંભળતા.

૨૬૩૬ જીભ અને જીભ વગર ગુપ્ત વાતો કહેતાં, (હદીસનો) અર્થ બેસાડવાનું જાણતા. "એક સંયુક્ત સમુહ એક (દૈવી) કૃપા છે."

૨૬૩૭ જ્યારે જ્યારે પ્રસન્ન ચિત્ત (ઉંદર) હસમુખા દેડકાથી સ્વાગત કરતો ત્યારે એક પાંચ વર્ષની કહાણી તેના દિલમાં ઉત્પન્ન થતી.

૨૬૩૮ દિલમાંનો વાણીનો ધોધ સાચી દોસ્તીની નિશાની છે, વાણીનો અટકાવ મૈત્રિની બાબીમાંથી ઉત્પન્ન થાય છે.

૨૬૩૯ દિલ કે જેણે પ્રિયતમને જોએલ છે, તે કડવું કેમ રહેશે? (જ્યારે) એક બુલબુલે ગુલાબ જોએલ છે ત્યારે તે ચુપ કેમ રહેશે?

૨૬૪૦ હ. ખિઝરના અડકવાથી રાંધેલી મચ્છી જીવતી બની અને તેણે પોતાનું રહેઠાણ સમુદ્રમાં કર્યું.

૨૬૪૧ એક દોસ્તને, જ્યારે તે તેના દોસ્તની બાજુમાં બેઠેલો છે ત્યારે એક લાખ ગુઢાર્થની તખ્તીઓ બતાવીતી બને છે.

૨૬૪૨ દોસ્તની બબ્બર એક રક્ષાએલ તખ્તી છે, તેને (તેનો દોસ્ત) બન્ને દુનિયાની ગુપ્તતાઓ બુલ્લી રીતે જાહેર કરે છે.

૨૬૪૩ 'દોસ્ત' (તેના દોસ્તના) આગળ વધવા દરમ્યાન 'રાહનુમા' છે, જેમાં હ. મુસ્તુફા (ર.સ.અ.) એ કહ્યું છે, "મારી ચાલ તારાઓ માફક છે."

૨૬૪૪ તારો (વેરાન) રેતીમાં અને સમુદ્ર ઉપર રસ્તો બતાવે છે, તારી આંખ (રૂહાની) ગ્રહ ઉપર ચોંટાડ કારણ કે તે જ એક છે કે જેને અનુસરાય છે.

૨૬૪૫ તેના ચહેરા (માંથી જુદી ન પડે તેવી રીતે) તારી આંખ ચોંટાડ, ચર્ચા અને વાદ-વિવાદના રસ્તાથી ધુળ ઉડાડતો નહિ.

૨૬૪૬ કારણ કે પેલી ધુળથી તારો સંતાએલો બનશે, લથડતી જીભ કરતાં આંખ વધુ સારી છે.

૨૬૪૭ (ચુપ રહેજે) એટલા માટે કે તે બોલે કે જેનો આંતરિક ચાંદ (દૈવી) પ્રેરણા છે, કે જે ધુળ ઘટાડે છે અને તકલીફ ઉભી થવા દેતો નથી.

૨૬૪૮ જ્યારે હ. આદમ (અ. સ.) (દૈવી) પ્રેરણા અને પ્રેમના રંગમંચ બન્યા, ત્યારે તેના બુદ્ધિશાળી આત્માએ (તેને) નામોનું જ્ઞાન જાહેર કર્યું.

૨૬૪૯ તેમની જીભ, દિલના પાનામાંથી (વાંચતાં), દરેક ચીજોનાં નામો જેમ (બરોબર) હતાં તે જાહેર કર્યા.

૨૬૫૦ તેમની આંતરિક દ્રષ્ટિમાંથી તેમની જીભ બધી ચીજોની કિંમત અને સારતત્વોનું રહસ્ય ખુલ્લું કરતી હતી.

૨૬૫૧ (તે) ચીજોનાં યોગ્ય (નામો) ફાયનલ કરતી હતી, નહિ કે એક બાયલાને સિંહ (હીરો) કહેતો.

૨૬૫૨ હ. નુહ (અ.સ.) નવસો વર્ષો સુધી સીધા રાહમાં (ચાલ્યા), અને દરરોજ એક નવી શીખામણ સદ્બોધ આપવા માટે કહેતા હતા.

૨૬૫૩ તેમનો માણેકમય (હોઠ) (પયગમ્બરોના) જવાહિરમય દિલોમાંથી તેમની વાકચાતુરી બોલતો હતો, તેમણે 'રીસાલા' અથવા 'કુતુલ કલાબ' વાંચી ન હતી.

૨૬૫૪ વિવરણો (ના અભ્યાસમાંથી) સંબોધવું તેઓ કદી શીખ્યા ન હતા. નહિ, (તેઓ) ખુદાઈ માર્ગદર્શનના (ઝરામાંથી) અને આભામાંથી બડાર પડતા (જ્ઞાનથી) શીખ્યા હતા.

૨૬૫૫ કારણ કે શરાબ કે જે (આટલો બધો પ્રબળ છે કે) જ્યારે તે ગટગટાવાય છે ત્યારે મુંગાના (મોઢામાંથી) વાણીનું જળ વહેવા માંડે છે.

૨૬૫૬ અને એક નવું જન્મેલ બચ્ચું હ. ઈસા (અ. સ.)ની માફક છટાદાર દૈવત્વ મેળવે છે, (અને) વિકસિત ડહાપણના (શબ્દો) ઉચ્ચારે છે.

૨૬૫૭ હ. દાઉદ (અ. સ.) પર્વત કે જેણે મીઠા સરોદની (બક્ષિશની) મદીરા મેળવી હતી તેમાંથી એક સો આલાપો શીખ્યા.

૨૬૫૮ બધાં પંખીઓએ કિલકારી છોડી દીધી અને બાદશાહ દાઉદ (અ.સ.) ના સાથીદારો જેમ ઘેડાઈ ગયા.

૨૬૫૯ એક પંખી તેનાથી અતિ પ્રસન્ન બને તેમાં નવાઇ શું છે, જ્યારે કે લોઢું પણ તેના હાથના બોલાવવાથી તાબે થાય.

૨૬૬૦ એક ગાજતો પવન આદના લોકો માટે ભયંકર ખૂની બન્યો, (પણ) હ. સુલેમાન પયગમ્બર માટે એક દૂત જેવો (આકર) બન્યો.

૨૬૬૧ ગાજતો પવન પોતાના માથા ઉપર બાદશાહ (હ. સુલેમાનનું) તખ્ત દરેક સવાર સાંજ એક મહિનાની મુસાફરી (જેટલા દૂર) લઇ જતો હતો.

૨૬૬૨ તે એક ઉઠાવનાર અને તેના માટે જાસુસ બન્ને બન્યો. ગેરહાજરની વાત તેનાથી જાણીતી બનતી હતી.

૨૬૬૩ આસ્તે આસ્તે તરતી હવા કે જે ગેરહાજરના શબ્દો પકડતી તે બાદશાહના કાને પહોંચવા ઉતાવળ કરતી.

૨૬૬૪ કહે, ઓ પૂજ્ય નશીબના શક્તિશાળી સુલેમાન, ફલાણા ફલાણાએ હમણાં જ આમ કહ્યું છે.

ઉંદરની દેડકા સાથે વ્યવસ્થા કરવી : "જ્યારે મારી ઇચ્છા તમને મળવાની થાય છે ત્યારે હું પાણીમાં આવી શકતો નથી, આપણી વચ્ચે માલિતીના કાંઇ સાધનો હોવાં જોઇએ કે જેથી જ્યારે હું નદીના કાંઠે આવું ત્યારે હું તમને જાણ કરવા શક્તિમાન હોઉં અને જ્યારે તમો દરમાં આવો ત્યારે તમો જાણ કરવા શક્તિમાન હો. વિગેરે.

૨૬૬૫ આ મુદ્દો અંત વગરનો છે, એક દિવસે ઉંદરે દેડકાને કહ્યું. "ઓ બુદ્ધિની બત્તી.

૨૬૬૬ વખતોવખત જ્યારે તમારી સાથે બાનગીમાં વાત કરવી હોય ત્યારે તમો પાણીમાં આમતેમ ઠેકડા મારતા હો છો.

૨૬૬૭ હું નદીના કાંઠે તમારા માટે જોરથી બુમો પાડતો હોઉં છું, (પણ) તમો પાણીમાં હોતાં પ્રેમીઓના વિલાપો સાંભળતા નથી.

૨૬૬૮ ઓ બહાદુર દેડકા, (જ્યારે આપણે) આ નિયુક્ત કરેલા વખતે મળીએ છીએ ત્યારે તમારી સાથેની વાતચીતમાં હું કદીપણ કંટાળતો નથી.

૨૬૬૯ (રોજની) નિયમિત બંદગી પાંચ વખત છે, પણ પ્રેમીઓને દોરવણી આપતી (આયાત) છે, " (તેઓ કે જેઓ) ચાલુ બંદગીમાં છે."

૨૬૭૦ પેલાઓના માથામાં જે શરાબનો દુખાવો છે તે પાંચ (વખત) અથવા પાંચ લાખ વખતથી પણ હટાવાતો નથી.

૨૬૭૧ "અઠવાડીયામાં એક વખત મુલાકાત કરો" પ્રેમીઓનો ખોરાક નથી. વિશ્વાસુ (પ્રેમીઓનો) આત્મા સતત પીવાથી માગણી કરતો હોય છે

૨૬૭૨ મચ્છીઓની ભરપુર જિમ્મારીને ન ગણકારતાં, આ સમુદ્રનું પાણી કે જે વિશાળ જગ્યા છે તે માત્ર એક જ ઘુંટ છે.

૨૬૭૩ પ્રેમીઓને એક પળ જુદાઈ એક વરસ જેવડી છે, તેને એક આખા વર્ષનું અતુટ મિલન, નાશી જતી કલ્પના માફક છે.

૨૬૭૪ 'અઠવાડીયામાં એક વખત મળો' એ (પેલી) મચ્છીઓ માટેનો ખોરાક નથી. જ્યારે કે તેઓ સમુદ્ર સિવાય રૂહાની આનંદ અનુભવી શકતી નથી.

૨૬૭૫ પ્રેમ પીવાની આજ્ઞા કરે છે અતે તેને શોધે છે. જે પીવાની આજ્ઞા કરે છે. આ (પ્રેમી) અને (પેલો) પ્રેમી એકમીજ્ઞની એડીએ દિવસ અને રાત્રીની માફક છે.

૨૬૭૬ દિવસ રાત્રી સાથે પ્રેમમાં છે અને પોતાનો કાણુ ગુમાવ્યો છે. જ્યારે તમો (આંતરિક) રીતે જોશો કે રાત્રી તેનાથી પણ વધુ પ્રેમમાં છે.

૨૬૭૭ એક પળ માટે પણ કદી તેઓ શોધવું છોડતા નથી, એક બીજ્ઞની પાછળ પડવામાં કદી પણ એક પળ માટે પણ અટકતા નથી.

૨૬૭૮ આ એકે પેલા એકનો પગ પકડયો છે અને પેલા એકે આ એકનો કાન પકડયો છે. આ એક પેલા એકથી બેગાનો છે, અને પેલો એક આના થકી જ ભાનમાં છે.

૨૬૭૯ પ્રીયતમાના દિલમાં બધું જ પ્રેમી છે 'આશ્રા' દિલમાં હંમેશાં 'વાચીક' છે.

૨૬૮૦ પ્રેમીના દિલમાં પ્રિતમ સિવાય બીજું કંઈ નથી. કંઈજ જુદાઈ નથી અને તેમને કોઇ જુદા પાડતું નથી.

૨૬૮૧ આ બન્ને ઘંટો ઉંટ ઉપર છે તો ગઝી આ બન્ને (ચેતવણીઓ) 'અઠવાડીયામાં એક વાર મુલાકાત કરો' તું સુચન આવકારદાયક તેમ બને?

૨૬૮૨ શું કદી કોઈએ પોતાને ફરી ફરીને પોતાની મુલાકાતે આવેલ છે? શું કદી કોઈને નિયમસર વિરામે સાથીદાર હતો?

૨૬૮૩ તે (કે જે વિષે હું બોલું છું) એ તે જાતની એકતા નથી કે સમજણ ગ્રહણ આ (એકીપણું) સમજણ માણસની ખુદીના (મરી જવા) ઉપર આધાર રાખે છે

૨૬૮૪ અને જો તે આ (એકીપણું) સમજણના સાધનોથી નિરખવું શકય હોય તો કેવી રીતે શારિરીક ઈજા એક ફરજ કેમ બને?

૨૬૮૫ કેવી રીતે, આવી અનંત દયા તેને છે! તો પછી સુઝનો બાદશાહ વગર જરૂરીયાતે એમ કેમ કહે, "તારા ખુદને મારી નાખ"

ઉંદરની વિનંતી અને નમ્ર આજ્ઞાના, રૂપમાં સખત પ્રવાસ કરવો અને (હરકોઇ વખતે) મળવાની છુટ આપવાની પાણીના દેડકા પાસે કબુલાત કરાવવી.

૨૬૮૬ તેણે (ઉંદરે) કહ્યું 'ઓ વડાલા અને પ્રેમાળ દોસ્ત, તારો ચહેરો જોયા વગર મને એક પળનો પણ આરામ નથી.

૨૬૮૭ દિવસના તું જ મારો પ્રકાશ અને પ્રાપ્તીની (શક્તિ) અને જોર છે, રાત્રીના તું જ મારો અરામ અને શાંતી અને ઉંઘ છે.

૨૬૮૮ તે એક ઉત્તમ કાર્ય બનશે જો તું મને સુણી, બનાવશે અને મહેરબાની કરી ચાલુ યાદ કર્યા કરીશ.

૨૬૮૯ એ બધું ઇચ્છવાવાળા, આખા દિવસ અને રાત્રી દરમ્યાન માત્ર નાસ્તાના જ વખતે તો મળવાની તેં છુટ આપી છે.

૨૬૯૦ હું મારા પિતાશયમાં પીવા માટે પાંચસો આજીજીઓ અનુભવું છું. અને દરેક આજીજી સાથે જોડું છું.

૨૬૯૧ એ બાદશાહ, તું મારી મમતાની અસર વગરનો છો, તારા ઉંચા દરજ્જા ઉપર ઝકાતા દેતો જા. (આ) ગરીબ કંગાળ ઉપર (માયાળુપણે) નજર કર.

૨૬૯૨ આ ગરીબ ઉદ્ધત કંગાળ (તારી પસંદગીને) લાયક નથી. પણ તારી સર્વમય દયા તે (ધ્યાનમાં લેવામાં) વધુ શક્તિશાળી છે

૨૬૯૩ તારી સર્વમય દયાને ટેકાની જરૂર નથી, એક સુર્ય પોતાના કિરણો બધી ગોબરી વસ્તુ પર ફેંકે છે.

૨૬૯૪ તેનો પ્રકાશ આનાથી કાંઇ નુકશાન સહન કરતો નથી, અને ગોબરી વસ્તુ સાફ બનાવાય છે અને બળતણને, માટે લાયક બને છે.

૨૬૯૫ કે જેથી ગોબર રાંધણીમાં બનય છે, પ્રકાશમાં બદલાવાય છે અને દરવાજો અને નાવણીની દિવાલ પ્રકાશીત થાય છે

૨૬૯૬ (અગાઉ) તે એક ગંદકી હતી. અત્યારે તે એક શણગાર બન્યો છે જ્યારે કે સુર્યે તેના ઉપર મંત્રો છાંટયા છે.

૨૬૯૭ સુર્ય પૃથ્વીનું પણ પેટ ગરમ કરે છે કે જેથી પૃથ્વી બાકી રહેલ ગંદકી બહાર કરે છે.

૨૬૯૮ તે જમીનનો એક ભાગ બને છે અને તેમનામાંથી લીલોતરી ઉગી નીકળે છે તેવી જ રીતે ખુદા પાપી કાર્યોને સાફ કરી નાખે છે.

૨૬૯૯ ગંદકી કે જે (ચીજોમાં) સૌથી હલકી છે, તે આ મદદ કરે છે કે તે તેને વનસ્પતિ અને નર્ગિસ અને ફુલો બનાવે છે

૨૭૦૦ (તો પછી, ઈન્સાફ કરો) કે ખુદા (બદલાના) રસ્તામાં અને બંદગીમાં અને ઈમાનદારીના ભલા કામો ઉપર કેવી કૃપા વરસાવશે ?

૨૭૦૧ જ્યારે કે તે દુષ્ટ ઉપર આવો એક માનનો ઝખ્મો ઇનાયત કરે ત્યારે (ગણત્રી કર) ઇમાનદારો કે જે તેના રસ્તા ઉપર વાટ જુએ છે તેનો ઉપર કેવી દયા ઉતારશે.

૨૭૦૨ ખુદા તે તેમને આપે છે કે જે કોઇ આંખે જોએલ નથી તે કે જે કોઇ પણ જીભની અપેક્ષા ભાષાથી વર્ણવાય તેમ નથી.

૨૭૦૩ આની મનો કામના રાખવાવાળા આપણે તે વગી કોણ મારા દોસ્ત. આવો, તમારા ભલા સદ્‌ગુણોથી મારો દિવસ પ્રકાશવાન બનાવો,

૨૭૦૪ મારૂં કદરૂપાપણું અને ધિક્કારપણું અને ધિક્કારપણું ધ્યાનમાં ન લેતા, જો કે હું ડુંગરાળ સરપની માફક ઝેરથી ભરેલું છું.

૨૭૦૫ અરે, હું કદરૂપો છું અને બધી મારી ટેવો કદરૂપી છે, જ્યારે કે તેણે મને કાંટા તરીકે વાવ્યો ત્યારે હું એક ગુલાબ કેમ બનું?

૨૭૦૬ કાંટા ઉપર ગુલામની ખુબસુરતીની વસંત લહેરાવો. આસરપ ઉપર મોરની ખુબ સુરતી ઈનાયત કરો.

૨૭૦૭ હું કદરૂપાપણાની સંપૂર્ણતાની હદે પહોંચ્યો છું. તારી કૃપા પરિપૂર્ણતા અને મહાનતાની હદ સુધી પહોંચી છે.

૨૭૦૮ પેલા એક સિદ્ધમાંથી આ સિદ્ધથી એક વરદાન તું ઈનાયત કર. ઓ તું કે જે બધા ઉંચા સાયપ્રસની અદેખાઈ છો.

૨૭૦૯ હું મરીશ ત્યારે તારી કૃપા જો કે તે જરૂરીયાતથી બાકાત છે, માયાળુપણા અંગે રૂદન કરશે.

૨૭૧૦ તે લાંબો વખત મારી કબરની બાજુમાં બેસશે, આંસુઓ તેની કૃપાવંત આંખમાંથી વહેશે.

૨૭૧૧ તે મારી (ખુબસુરતીની) તંગી માટે રૂદન કરશે. તે મારી ખામીઓ તરફ પોતાની આંખ બંધ કરશે.

૨૭૧૨ પેલી મદદોમાંથી થોડીએક અત્યારે ઈનાયત કરો. પેલા માયાળુ શબ્દોમાંના થોડાએક શબ્દો અત્યારે મારા કાનમાં સંભળાઓ.

૨૭૧૩ તે કે જે તમો (હવે પછી) મારી માટીને કહેશો, તેને મારી દિલગીરી ભરેલ સમજણ ઉપર (અત્યારે જ) વેરો.

ઉંદરની નમ્રતાપૂર્વક દેડકાને અરજ કરવી, કહે, "ખોટા બહાના વિચારતા નહિ, આ મારી વિનંતીને પુરી કરવામાં પાછી પાની કરતા નહિ, કારણ કે "ઢીલ કરવામાં જોખમો છે" અને સુફી પળનો પુત્ર છે, એ પુત્ર (બચ્ચું) તેના બાપના પહેરણમાંથી હાથ ખેંચી લેતું નથી. અને સુફીનો માયાળુ બાપ કે જે પળ છે, તેને જરૂરિયાત અંગે મજ્જા તરફ નજર કરતો હલકાઈમાં ઉતારી મૂકતો નથી (પણ) તેના બાપનું જલદી ધ્યાન દોરવાના બાગના સામાન્ય જનતા માફક અનાદરયુક્ત નહિ પણ બધો વખત તેના ધ્યાનમાં નિમગ્ન રાખે છે. તે (સુફી) ભવિષ્ય આટે રાહ જોતો નથી. તે વખતનો નહિ પણ વખત વગરની નદીનો છે. કારણ કે 'ખુદા સાથે સવાર કે સાંજ નથી. ત્યાં ભૂતકાળ અને ભવિષ્યકાળ અને શરૂ વગરનો વખત અને અંત વગરનો વખત હસ્તિ ધરાવે છે. આદમ પહેલાંનો નથી અને નથી દજ્જાલ પાછળનો. આ (બધી) અવાધઓ વ્યક્તિગત સમજણ અને જનાવરી આત્માના ક્ષેત્રને લાગુ પડે છે. તેઓ પાર્થિવ અને વગર અવકાશી દુનિયાને (લાગુ પડતી નથી), તેથી તે તે પળનો પુત્ર છે કે જેનાથી સાત્ર વખતના ભાગલાને અસ્વીકારવાનું સમજાય છે, જેમકે 'ખુદા એક છે' એ દ્વૈતપણાનું નકારાત્મક સમજાવે છે, નહિ કે બરેબરી એકયતાની પ્રકૃતિ (વર્ણવે છે).

૨૭૧૪ અમુક શેઠને રૂપાના (કટકાઓ) વેરવાની ટેવ હતી, તેણે એક સુફીને કહ્યું "ઓ તમો કે જેના માટે મારા પગો એક શેત્રંજી બને.

૨૭૧૫ મારા બાદશાહ, તમને આજે એક દિરહમ ગમે, કે આવતી કાલે નાસ્તાના વખતે ત્રણ દિરહમ મળે ?

૨૭૧૬ તેણે જવાબ આપ્યો, 'આ એક દિહરમ આજે અને આવતી કાલે એકસો દિરહમ કરતાં ગઈ કાલે અર્ધો દિહરમ કબજામાં હોય તે મને વધુ ખુશ કરે છે.

૨૭૧૭ (ઉંદરે) કહ્યું "તુર્તમાં જ અપાએલો એક તમાચો, હવે પછી રોકડમાં અપાનાર એક દાન કરતાં વધુ ઉત્તમ છે, અને હું મારી ગરદનની ખોચી તારી આગળ ધરું છું. (મને) રોકડ આપો.

૨૭૧૮ ખાસ કરીને ત્યારે કે તમાચો તારા હાથમાંથી છે, ત્યારે ખોચી અને તારાથી લાગેલ તમાચો બન્ને તારાથી મદહોશીમાં (અત્યાનંદ)માં છે.

૨૭૧૯ સાંભળો, ઓ મારા આત્મા આપો, અને (ઓ તું કે જે) એકસો દુનિયાનો (આત્મા) છો, અત્યારની ક્ષણની તક ઘણી ખુશીથી ઝડપી લે.

૨૭૨૦ રાત્રીના ગુસાફરોમાંથી તારો ચંદ્રમા સરખો ચહેરો ચોરીછુપીથી હટાવ નહિ, ઓ વહેતા પાણી, આ નદીના તટમાંથી તારા પોતાને ખેંચી ન લેતું.

૨૭૨૧ (પણ વહો) એટલા માટે કે નદીનો વટ વહેતા પાણીથી હસે અને નદીના દરેક કાંઠા ઉપર પોતાના માથાં પેલી વૃક્ષો ઉંચા કરે.

૨૭૨૨ જ્યારે તમો નદીના કાંઠા ઉપર પેલી વનસ્પતિ તાજી જુઓ ત્યારે (તમો) ઘણા દુરથી પણ જાણશો કે ત્યાં પાણી છે.

૨૭૨૩ પેદા કરનારે કહ્યું છે, "તેઓની નિશાની તેઓના ચહેરા ઉપર છે" કારણ કે હરીયાળો બગીચો વરસાદની એક કહાણી કહેશે.

૨૭૨૪ જો વરસાદ રાત્રી દરમ્યાન વરસે તો કોઈ (વરસાદને) જોતો નથી, કારણ કે (ત્યારે) દરેક આત્મા અને શ્વાસોચ્છવાસ સુતા છે.

૨૭૨૫ (પણ) દરેક સુંદર ગુલાબના બગીચા વરસાદની ચોકખી સાબિતી છે કે જે દૃષ્ટિમાં સંતાએલો હતો.

૨૭૨૬ (ઉંદરે કહ્યું) ઓ ભાઈ, હું જમીન ઉપરનો છું. તું પાણીનો છો, પણ તું દયા અને દાનનો બાદશાહ છો,

૨૭૨૭ કૃપા કરવા અને (મદદ) આપવાના રસ્તા ઉપર એવી રીતે વર્તો કે હું વહેલા યા મોડા સેવા કરવા હાજર થઈ શકું.

૨૭૨૮ હું મારા ખરા અંતઃકરણપુર્વક નદીના કાંઠે તને હમેશાં બોલાવું છું. (પણ) બદલીમાં કદી દયાનો અનુભવ કરતો નથી.

૨૭૨૯ પાણીમાં દાખલ થવું મારા માટે અટકાવેલું છે કારણ કે મારી કાયાનું મોળપણું જમીનના એક ટુકડામાંથી મોટું થયું છે.
૨૭૩૦ કાંતો એક સંદેશવાહકની મદદનો ઉપયોગ કરો કે કાંતો મારી દયાજનક ખુમથી જાગૃત થવા એક પ્રતિક બનાવો.
૨૭૩૧ બન્ને દોસ્તોએ આ (બાબતની) ચર્ચા કરી, ચર્ચાના અંતે સમજુતી પર આવ્યા.
૨૭૩૨ કે તેઓએ એક લાંબી દોરી પ્રાપ્ત કરવી એટલા માટે કે દોરી ખેંચાતા ગુપ્તતા જાહેર થાય.
૨૭૩૩ (ઉંદરે કહ્યું) એક છેડો આ ગુલામ કે જે બેવડ (વળેલો છે) તેના પગે બાંધવો જોઈએ અને બીજો છેડો તારા પગે.
૨૭૩૪ આ ચતુરાઈથી આપણે બન્ને પુરૂષો ભેગા થઈએ અને કાયા સાથે આત્માની જેમ મળીએ.
૨૭૩૫ કાયા જાણે કે આત્માના પગ ઉપર બાંધેલી દોરી છે, આકાશમાંથી પૃથ્વી ઉપર નીચે તેને ખેંચતી.
૨૭૩૬ જ્યારે દેડકા જેવો આત્મા ઉંદર જેવી કાયામાંથી પાણીમાં નાસે છે, (કે જે) બેભાનપણાની ઉંઘ છે ત્યારે તે સુખી હાલતમાં પ્રવેશે છે.
૨૭૩૭ (પણ) ઉંદર જેવી કાયા પેલી દોરીથી તેને પાછો ખેંચે છે. આ ખેંચાણમાંથી કેટલી બધી કડવાશ આત્માએ અનુભવી છે.
૨૭૩૮ જો ગંધાતા મગજવાળા ઉંદરનું ખેંચાણ ન હોત તો દેડકો પાણીમાં આનંદ કરતો હોત.
૨૭૩૯ જ્યારે તમો (કયામતના) દિવસની ઘસઘસાટ ઉંઘમાંથી જાગૃત થશો ત્યારે સુર્યના પ્રકાશ પાથરતા અજવાળામાંથી બાકીનું તમો સાંભળશો.
૨૭૪૦ ઉંદરે કહ્યું "મારા ઉપર દોરાના છેડાની ગાંઠ વાળો અને બીજે છેડે (તારી) ગાંઠ.
૨૭૪૧ કે જેથી હું તને સુકી જમીન ઉપર ખેંચવા શક્તિમાન થાઉં, અને દોરીનો છેડો (તારા માટેની) મારી યોજના હવે ખુલ્લી દેખાય છે.
૨૭૪૨ આ સમાચાર (દરખાસ્ત) દેડકાના દિલમાં કબુલ હતી નહિ. (કે જેણે પોતાના દિલમાં વિચાર્યું) "આ દુષ્ટ મને વિષમ સમસ્યામાં ખેંચશે."
૨૭૪૩ જ્યારે જ્યારે સખત અણગમાની લાગણીઓ ભલા માણસના દિલમાં આવે છે ત્યારે તે કાંઈક ઉપયોગી જ્ઞાનથી વંચિત હોતી નથી.
૨૭૪૪ તે (અંતરજ્ઞાનથી અનુભવેલું) ડહાપણ દૈવી ગુણ બનવાનું નિહાળ, નહિ કે એક (વૃથા) કલ્પના દિલના પ્રકાશે સર્વમય તખ્તીમાંથી ઝડપ કરેલ છે.
૨૭૪૫ (દાખલા તરીકે) હાંકનારના સખત પ્રયત્નો અને જલદી ચાલોની ખુમો ન ગણકારતાં (અલ્લાહના) ઘર (કાબા) ની વિરૂદ્ધ ચાલવાની હાથીઓની આનાકાની.
૨૭૪૬ બધા ફટકાઓ સહન કરવા છતાં હાથીઓનો પગ કાબા તરફ થોડો કે વધુ ચાલ્યો જ નહિ.
૨૭૪૭ તમોએ કદાચ એમ કહ્યું હોત કે તેમના પગો ઝલાઈ ગયા હતા અથવા તેમનો આવેશમય આત્મા મરી ગયો હતો.

૨૭૪૮ (પણ) જ્યારે જ્યારે તેઓ પોતાનું માથું ચમન તરફ ફેરવતા ત્યારે ત્યારે ઋતુની હાથી એકસો ઘોડાઓની ઝડપથી દોડવું શરૂ કરતા.

૨૭૪૯ **(જ્યારે કે) હાથીની સમજ અદ્રષ્યમાંથી આવતા ફટકાથી સજાગ હતી ત્યારે આશીર્વાદીત રૂહાની રાહબરની સમજ કેટલી બધી સજાગ હોય !**

૨૭૫૦ (બાબત) એમ હતી કે પયગમ્બર યાકુબ (અ.સ.) પેલા પ્રવિત્ર પ્રકૃતિના માણસે હ. યુસુફ (અ.સ.) ની ખાતર તેના ભાઇઓને (કહ્યું),

૨૭૫૧ જ્યારે ભાઈઓએ તેમના બાપને તેમને આપવા આજીજી કરી કે થોડીવાર માટે તેઓ તેને ગામડામાં લઇ જાય.

૨૭૫૨ (અને) તેઓ બધાએ તેને કહ્યું (તમારા પર મુશ્કિલીની) ઇન્તથી બીતા નહિ. એ પિતા તેમને એક બે દિવસ આપે.

૨૭૫૩ કારણ કે શા માટે તમે મુસાફરી (આનંદ કરવા માટે) જવામાં હ. યુસુફ માટે અમારા તરફ વિશ્વાસ કરતાં નથી ?

૨૭૫૪ કે જેથી અમે ચરાણમાં રમીએ ? આ વિનંતી કરવામાં અમે વિશ્વાસુ અને ફાયદાકારક છીએ.

૨૭૫૫ તેણે (હ. યાકુબે) એમ નહોતું કહ્યું "હું આ જાણું છું કે તેને મારી પાસેથી હટાવવાનો (વિચાર) મારા દિલમાં બિમારી અને દિલગીરી પેદા કરે છે."

૨૭૫૬ આ મારું દિલ કહી જુઠું બોલતું નથી કારણ કે મારૂં દિલ સૌથી ઉંચા આસમાનના પ્રકાશથી પ્રકાશિત થયું છે.

૨૭૫૭ પેલી (મનાઈ કરવી) એ (તેઓની દુષ્ટતાની નિર્ણયાત્મક સાબિતી હતી પણ (દૈવી) ભાવી અંગે તેમણે (તેની) ગણત્રી કરી નહિ.

૨૭૫૮ પેલા જેવો એક અણસારો (તેમના મગજમાંથી) પસાર થઈ ગયો કારણ કે દૈવી ભાવી તે પળે (દૈવી) ફીલસુફી અમલમાં મુકવામાં મૌન હતું.

૨૭૫૯ તે કંઈ નવાઈ નથી કે એક આંધળો માણસ ખાડામાં પડે, (પણ) એક દેખતો માણસ કે જે રસ્તો જુએ તેને પડતો જોવો તે નવાઇનો બાપ છે.

૨૭૬૦ આ દૈવી ભાવી જુદી જુદી તરકીબો અજમાવે છે. તેનો આંખ બાંધી લેતો મંત્ર છે. "ખુદા કરે છે જે તે ધારે છે."

૨૭૬૧ દિલ જાણે છે અને છતાં (દૈવી ભાવીની) ચપળતા જાણતો નથી, તેનું (સખત) લોહું સીલ માટે મીણ જેવું (નરમ) બને છે,

૨૭૬૨ તમે કહેશો કે દિલે પોતાને કહેવું જોઇએ, તેનો (દૈવી ભાવીનો) ઢાળ આમ પસાર થવા સર્જાયો છે, (તો પછી) ભલે ગમે તેમ બને, આવવા દો.

૨૭૬૩ તેવી જ રીતે તે આ (બનાવ)થી પોતે જે બેધ્યાન છે, અને તેના આત્માને તેનાથી સખત રીતે બાંધે છે.

૨૭૬૪ જો પેલો માનવંત (રૂહાની રાહબર) આ બાબતમાં પાછળ રહ્યો છે તો તે (ખરી રીતે) પાછળ નથી, તે આફત છે.

૨૭૬૫ એક માત્ર આફ્રત એક સો આફ્રતોમાંથી તેને છોડાવે છે, એકજ ભુસકો (રૂહાની મેરાજની) સીડીઓ ઉપર (ઉંચે) લઈ જાય છે.

૨૭૬૬ અર્ધ પાકેલ વાયડો માણુસ કે જેને (પ્રેમની) મદિરાએ, (તેના જેવા) એક લાખ અર્ધ પાકેલ (પુરૂષો) થી નશાના સંતોષમાંથી રાહત આપી છે,

૨૭૬૭ આખરે પાકેલા અને સ્વીકારાએલા બને છે, તે આ દુનિયાના કેદખાનામાંથી નાશી છુટે છે અને સ્વતંત્ર બનાવાય છે.

૨૭૬૮ તે અનંત કાળની મદીરાથી નશાબાજ બનાવાયો છે તે (રૂહાની રીતે) સમજદાર બને છે અને પેદા કરાએલા સજીવ જીવોથી મુક્ત બનેલ છે.

૨૭૬૯ તેઓના લાગણીહીન નબળા વિશ્વાસમાંથી અને તેઓની અંધી આંખોના ભ્રમમાંથી.

૨૭૭૦ અરે, અમાપ સમુદ્રની ભરતીઓટથી તેઓની માનસિક પરખ કેવી છેતરપીંડી કરી શકે તે જોઈ હું અજાયબ થાઉં છું.

૨૭૭૧ વિકાસ અને આ બધી નિશાનીઓ પેલા વેરાનમાંથી આવી, (ત્યાંથી જ) (બધી) સાજ્યસત્તાઓ અને બાદશાહીઓ અને વઝિરાતો આવી.

૨૭૭૨ ઇચ્છાઓ ઝંખતા તેઓ 'લામકા'ના વેરાનમાંથી ટોળેટોળાં દ્રષ્યમાન (પાર્થીવ) દુનિયામાં આવ્યા.

૨૭૭૩ દરેક સવાર અને સાંજે વણઝર ઉપર વણઝર તેઓ આ વેરાનમાંથી આવ્યા.

૨૭૭૪ તેઓ આવ્યા અને આપણા દિલો કબજે કર્યા. કહે હું આવેલ છું. મારો વારો છે, તું ચાલ્યો જા.

૨૭૭૫ જ્યારે પુત્રે સમજણની આંખ ખોલી છે ત્યારે બાપે તુર્તજ પોતાનો સરસામાન ગાડીમાં મુકેલ છે.

૨૭૭૬ તે બાદશાહના ધોરી રસ્તા માફક છે, આવતા અને રવાના થતા (મુસાફરો) એક આ દિશામાં જાય છે પેલો બીજી દીશામાં (જાય છે).

૨૭૭૭ સારી રીતે ગણત્રી કર, આપણે (જો કે દેખીતી રીતે) હજી બેઠા છીએ (બરોબર) જઈ રહ્યા છીએ. તમો જોતા નથી કે આપણે નવા રહેઠાણે જવા બંધાએલા છીએ.

૨૭૭૮ તમો મેળવતા નથી (અને) કોઇ પણ ચાલુ જરૂરીયાત માટે તમારી મુડી (વાપરતા નથી) નહિ. પણ (તમો તેને) તમારી છેવટની જરૂરીયાત માટે સાચવી છે.

૨૭૭૯ એ રસ્તાના પરમ અનુરાગી મુસાફર તે છે જેની દોડ અને ચહેરો ભાવી તરફ છે.

૨૭૮૦ દરેક પળે કલ્પનાની દોડો દિલના પડદાઓમાં અવિશ્રાંતપણે આવે છે અને જાય છે.

૨૭૮૧ જો (આ) વિચારો પેલા એક જ તેજ તબ્બતામાંથી ઉઠતા નથી તો પછી એક બીજાની એડીએ દિલમાં તેઓ કેમ આવે છે?

૨૭૮૨ આપણા વિચારોનું લશ્કર, તરસથી ઉતેજીત, ટોળેટોળા દિલના ઝરા તરફ ઝડપ કરે છે.

૨૭૮૩ તેઓ પોતાની બરણીઓ ભરે છે અને જાય છે, તેઓ ચાલુ રીતે દેખાય છે અને અદ્રશ્ય થાય છે.

૨૭૮૪ તમારા વિચારોને આકાશમાં તારાઓની માફક નિહાળો (કે જેઓ) બીજા આસમાની આકાશમાં ચકરાવો લ્યે છે.

૨૭૮૫ (જો) સદ્‌કિસ્મત (રૂહાની વિચારો) અનુભવ્યા છે (ખુદાનો) આભાર માનો અને સખાવતનાં કામ કરો, (જો) તમે બદકિસ્મત (વાસનામય વિચારો) અનુભવ્યા છે, સખાવત કરો અને (ખુદાની) માફી માગો.

૨૭૮૬ દૈવી ભાવી આગળ હું મદદ વગરનો છું. ઓ મારા બાદશાહ, રાજ કરતા મારો ગ્રહ ભવ્ય બનાવો અને એક વાર (મારા તરફ) ફેરવો.

૨૭૮૭ મારા આત્માને ચંદ્રમાની રોશનીથી પ્રકાશીત કરો, કારણ કે મારો આત્મા ખરાબ સંગતથી કાળો બન્યો છે.

૨૭૮૮ તેને કલ્પના અને નકામા વિચારો અને અભિપ્રાયમાંથી મુક્ત કરો, કુવામાંથી મુક્ત કરો અને દોરડાના જુલમથી (છોડાવો).

૨૭૮૯ એટલા માટે કે તમારા ભલા માયાળુપણા થકી (મારા જેવું એક) દિલ તેની પાંખો ઉઘાડે અને માટી અને પાણીની કાયામાંથી ઉપર ચડે !

૨૭૯૦ ઓ મિસરના બાદશાહ અને તારૂં વચન વિશ્વાસપુર્વક પાળનાર, તારા કેદખાનામાં ખોટો યુસુફ છે.

૨૭૯૧ જલ્દીથી તેની મુક્તિનું સ્વપ્નું સેવ, કારણ કે "ખુદા હિતકારીને ચાહે છે."

૨૭૯૨ સાત બરાબ પાતળી ગાયો, તેની (આત્માની) સાત જાડી ગાયોને હડપ કરે છે.

૨૭૯૩ સાત સુકા, કદરૂપા અને ધાન્યના અપકવ કણસલાં, તેના તાજા કસણસલાં ઉપર નભતા હતા.

૨૭૯૪ ઓ શક્તિશાળી રાજવી, મિસરમાં દુકાળ ઉઠયો છે. ઓ રાજા, સાંભળ. આની પરવાનગી ચાલુ રાખતો નહિ.

૨૭૯૫ મારા યુસુફને તારા કેદમાં બેસવા દે, ઓ રાજા, આવો, સ્ત્રીઓની બુરાઇઓમાંથી મને મુક્ત કરો.

૨૭૯૬ મારી માતાની વિષયવાસનાએ સૌથી ઉંચા આસમાનેથી મને પડતો બનાવ્યો કે જે મારી આરામની જગ્યા હતી, કારણ કે (ખુદાએ કહ્યું) "તમો નીચે પડો"

૨૭૯૭ તેથી એક ઘરડી ડોશીની લુચ્ચાઇએ પુરેપુરી સંપૂર્ણતાની (એક હાલતમાંથી) ગર્ભાશયનો કેદમાં હું પડયો.

૨૭૯૮ તેણી ઉંચામાં ઉંચા આકાશમાંથી 'હાતિમ' સુધી આત્માને લાવે છે. સ્ત્રીઓની લુચ્ચાઈ બહુ મોટી હોવી જોઇએ.

૨૭૯૯ મારો પહેલો અને છેલ્લો બુસકો (બન્ને) સ્ત્રીના કારણે બન્યા. જ્યારે કે હું આત્મા હતો ત્યારે હું કાયા કેમ બન્યો?

૨૮૦૦ (કૃપામાંથી) હ. યુસુફનું તેનામાં સંરક્ષવાનું આ રૂદન સાંભળો, અથવા પેલા વ્યાકુળ હ. યાકુબ (અ. સ.) ઉપર દયા બતાવો.

૨૮૦૧ હું મારા ભાઇઓની ફરીયાદ કરું અથવા તો સ્ત્રી કે જેણે હ. આદમ (અ. સ.) ની માફક (ઇડનના) બગીચામાંથી મને ફેંકયો?

૨૮૦૨ હું શિયાળામાં બાદડાંઓની માફક કરમાયો છું. કારણ કે ઐકયતાના બહિશ્તમાંથી મેં ઘઉં ખાધા છે.

૨૮૦૩ જ્યારે મેં તારી દયા અને માયા અને તારાં શાંતીનાં અભીનંદન અને તારો સંદેશો જોયો.

૨૮૦૪ મેં હલકટ આંખ વિરૂદ્ધ શોકાર્ત પેદા કર્યો (પણ) હલકટ આંખ મારા શોકાર્તને પણ પહોંચી ગઇ.

૨૮૦૫ (તે) માત્ર તારી લાગણી દર્શાવતી આંખો છે (જે) આગળ કે પાછળ દરેક હલકટ આંખને હટાવવા શક્તિમાન છે.

૨૮૦૬ ઓ બાદશાહ, તારી ભલી આંખ. હલકટ આંખને સંહારે છે, એક દવા તરીકે તે કેવી રીતે ઉતમ છે!

૨૮૦૭ નહિ, તારી આંખમાંથી (અદ્‌ભુત) રસાયણો આવે છે, તેઓ હલકટ આંખને ભલી આંખમાં ફેરવી નાખે છે.

૨૮૦૮ બાદશાહની આંખે બાજ-દિલની આંખ ફોડી નાખી છે અને તેની બાજ આંખ શકિતશાળી મનોકામનાવાળી બની છે,

૨૮૦૯ કે જેથી, મહાન મનોકામનાના કારણે કે જે (બાદશાહની) દ્રષ્ટિમાંથી મેળવેલ છે, બાદશાહી બાજ ઝનુની સિંહ સિવાય બીજા કોઈ નો શિકાર કરશે નહિ.

૨૮૧૦ સિંહ તે વળી શું? રૂહાની બાદશાહી બાજ તારો શિકાર છે અને તેજ વખતે તું તેનો શિકાર છો.

૨૮૧૧ ભકિતના ચરાણમાં બાજ આત્માએ ઉચ્ચારેલી બુમ : "જે અસ્ત થાય છે તેને હું ચાહતો નથી" ની છે,

૨૮૧૨ તારી અનંત કૃપામાંથી એક આંતરિક આંખ બાજ આત્મા તરફ આવી કે જે તારી ખાતર ઉંચે ઉડનો હતો.

૨૮૧૩ તારામાંથી તેના નાકે (આંતરિક અર્થની) વાસ મેળવી અને તેના કાને (આંતરિક) સાંભળવાનું મેળવ્યું. દરેક ઇન્દ્રિયને યોગ્ય હિસ્સો આપવામાં આવ્યો.

૨૮૧૪ જ્યારે કે તું દરેક ઇન્દ્રિયને અદ્રશ્યમાં દાખલ થવાનાં સાધનો આપે છે, ત્યારે પેલી (રૂહાનીયત) સમજણ મોતના અપલક્ષણને અને પાકટ અવસ્થાની સફેદીને તાબે નથી.

૨૮૧૫ તું શહેનશાહીનો માલિક છે, તું (રૂહાની) સમજને કાંઈક (ખાસ) આપે છે કે જેથી તે સમજણ બીજી બધી સમજણો ઉપર રાજ્યાધિકાર ચલાવે છે.

રાત્રીના ચોરો કે જેમની સાથે સુલતાન મહમુદ રાત્રી દરમ્યાન (જોડાયો). કહીને "હું પણ તમારામાંનો એક છું" અને તેમની હકીકતોર્થા કેમ મળતીયો થયો તે વિષે.

૨૮૧૬ જ્યારે બાદશાહ મહમુદ રાત્રીના એકલો ભટકતો હતો ત્યારે તેને ચોરોનાં એક એક ટોળાંનો અચાનક ભેટો થઇ ગયો.

૨૮૧૭ આથી તેઓએ તેને કહ્યું "ઓ પ્રમાણિક આદમી, તમે કોણ છો ?" બાદશાહે જવાબ આપ્યો, "હું પણ તમારામાંનો એક છું."

૨૮૧૮ (ચોરોમાંના) એકે કહ્યું, ઓ લુચ્ચાઈના કાબેલ સમુહ, આપણામાંના દરેકને તેની (ખાસ) પ્રકૃતિદત્ત સુઝને જાહેર કરવા દો.

૨૮૧૯ તેના સાથીદારોને રાત્રીની વાતમાં કઈ (પ્રખ્યાત) કળા પોતાની પ્રકૃતિમાં ધરાવે છે તે તેને કહેવા દો."

૨૮૨૦ એકે કહ્યું "ઓ તમો સાથીદારો કે જેઓ (તમારી) હુશીઆરીનું પ્રદર્શન કરો છો, મારી વિશિષ્ટતા મારા કાનોમાં રહેલી છે.

૨૮૨૧ (તે આ છે) એક કુતરો જ્યારે ભસે છે ત્યારે તે શું કહે છે તે હું જાણું છું." બાકીના સમુહે કહ્યું "તારી હુશીયારી નજીવી છે"

૨૮૨૨ બીજા (ચોરે) કહ્યું "ઓ સોનાના પુજારીઓ, મારી વિશિષ્ટતા સંપૂર્ણપણે મારી આંખોમાં રહેલી છે.

૨૮૨૩ જો હું કોઈને પણ દુનિયામાં રાત્રીના જોઉં તો કાંઈપણ શંકા વગર દિવસના તેને ઓળખી કાઢું.

૨૮૨૪ બીજાએ કહ્યુ "મારી વિશિષ્ટતા મારા હાથમાં રહેલી છે. હું (દિવાલોમાં) મારા હાથમાં રહેલા જોરથી બાકોરૂં પાડી શકું છું."

૨૮૨૫ બીજાએ કહ્યું "મારી વિશિષ્ટતા મારા કાનમાં રહેલી છે, મારૂં કામ (જુદી જુદી) જમીનોમાં લાક્ષણિક સુગંધ શોધી કાઢવાનું છે."

૨૮૨૬ "માણસો ખાણો છે" ની ગુપ્તતા પોતે જ (મને) ઉપજાવે છે, કે જેથી શા માટે નબી સાહેબે તેમ કહ્યું છે (તે હું જાણું છું.)

૨૮૨૭ કાયાની માટીમાં સુંઘવાથી હું તેમાં કેટલી સારી ધાતુ (સંતાએલ છે) અને તેમાં કેવી જાતની (ખાણ) છે તે હું જાણું છું.

૨૮૨૮ એક ખાણમાં અમાપ સોનું સમાએલ છે જ્યારે બીજીની (બાબતમાં) મળતા નફા કરતાં વધુ ખર્ચો થાય (તેવી હોય છે)

૨૮૨૯ મજનુનની માફક હું માટી સુંઘું છું. અને લયલાનું રહેઠાણ કાંઈ પણ ભુલ વગર બતાવે છે.

૨૮૩૦ હું સુંઘુ છું અને દરેક પહેરણની વાસ ઉપરથી જાણું છું કે તે હ. યુસુફ (અ.સ.) નું છે કે સેતાનનું છે ?"

૨૮૩૧ હ. મુહમ્મદ (ર.સ.અ) ની માફક કે જેઓ યમનથી વાત પકડી શકતા હતા, મારા આ નાકે પેલા (રૂહાની વૃત્તિ) નો થોડો ભાગ મેળવ્યો છે.

૨૮૩૨ (કે જેથી હું સુંઘું છું કે) કઈ માટી સોનાની ભરેલી છે અથવા કઈ ખાલી છે કે કંગાળ.

૨૮૩૩ બીજાએ કહ્યું "અહીં ને, મારી વિશિષ્ટતા મારી મુઠીમાં છે, હું એક ફાંસલાને પર્વત જેટલી ઉંચાઇએ ફેંકી શકું છું.

૨૮૩૪ હ. મુહમ્મદ (ર.સ.અ) ની માફક કે જેઓના આત્માએ એક ફાંસલો એટલો ઉંચો ફેંકયો કે તેમનો ફાંસલો તેઓને બહિશ્તમાં લઈ ગયો,"

૨૮૩૫ અને ખુદાએ તેને કહ્યું "ઓ અવકાશી ઘર તરફ ફાંસલો ફેંકનાર, ફેંકવાનું કાર્ય મારાથી બનેલું નિહાળ, "જ્યારે તેં ફેંકી ત્યાર તે ફેંકી ન હતી."

૨૮૩૬ પછી તેઓએ (ચોરોએ) બાદશાહને પૂછ્યું "કહે, ઓ સત્તાના આદમી તારી ખાસ હુશિયારી કઈ ચીજમાં છે ?

૨૮૩૭ તેણે જવાબ આપ્યો, "મારી વિશિષ્ટતા મારી દાઢીમાં રહેલી છે, હું ગુનેહગારોને સજામાંથી બચાવી શકું છું.

૨૮૩૮ જ્યારે ગુનેહગારોને સજા કરનારાને મુક્ત કરવામાં આવે છે ત્યારે જેવી મારી દાઢી હાલે છે તેવાજ તેઓ બચાવાય છે.

૨૮૩૯ જ્યારે હું દયામાં મારી દાઢી હલાવું છું, તેઓ (સજાનો અમલ કરનારા) કતલ કરવું અને (બધી) તકલીફો મુકી વદે છે."

૨૮૪૦ સમુહે તેને કહ્યું "તું અમારો ચાંદ છો" કારણ કે તમો તકલીફના દિવસે મુક્તિના સાધન બનશો.

૨૮૪૧ ત્યારબાદ તેઓ બધા એક સાથે બહાર પડ્યા, અને સદ્કિસ્મતના બાદશાહના મહેલ તરફ ગયા.

૨૮૪૨ જ્યારે એક કુતરો જમણી તરફ ભસ્યો (તેમનામાંના એકે) કહ્યું "તે કહે છે બાદશાહ તમારી સાથે છે."

૨૮૪૩ ટેકરીના મથાળેથી બીજાએ જમીન સુધી અને કહ્યું "આ એક વિધવાની માલિકીનું ઘર છે"

૨૮૪૪ પછી ફાંસલો ફેંકવાના નિપુણે પોતાનો ફાંસલો ફેંકયો કે જેથી તેઓ ઉંચી દીવાલ ઉપર પહોંચ્યા,

૨૮૪૫ જ્યારે પેલા (ચોરે) બીજી જગ્યાએ માટી સૂંઘી. તેણે કહ્યું "તે એક અજોડ બાદશાહના બજનાની જમીન છે.

૨૮૪૬ બાંકોરૂ પાડનારે બાંકોરૂ પાડયું અને બજનાના ઘરમાં પહોંચ્યા. દરેક જણે બજનામાંથી કેટલોક સામાન ઉઠાવી લીધો.

૨૮૪૭ ટોળુ ઘણું સોનું અને સોનેરી ભરત ભરેલ કાપડ અને મોટાં મોતીઓ ઉઠાવી ગયું અને જલદીથી તેમને સંતાડી દીધું.

૨૮૪૮ બાદશાહે સ્પષ્ટ રીતે તેઓના રહેવાની જગ્યા અને તેઓના રૂપરંગ અને નામો અને જ્યાં તેઓએ આસરો લીધો અને કયા રસ્તે ગયા તે બધું જાણી લીધું.

૨૮૪૯ તે તેઓથી જુદો પડ્યો અને મહેલે પાછો ફર્યો અને બીજા દિવસે સભાગૃહમાં તેના સાહસની વાત કરી.

૨૮૫૦ આથી ઝનુની અમલદારો પકડવા દોડ્યા અને તેમના હાથ શરીર સાથે બાંધી લીધા.

૨૮૫૧ તેઓ (ચોરો) સભાગૃહમાં હાથકડી પહેરેલા મળ્યા, અને તેઓ પોતાની જીંદગીની ભીક્ષે કુજતા હતા.

૨૮૫૨ જ્યારે તેઓ બાદશાહના તખત સમક્ષ ઉભા, પેલો ચાંદ સમ બાદશાહ (ગઇ રાત્રીના) તેઓનો સાથીદાર હતો.

૨૮૫૩ તે (ચોર) કેજે રાત્રીના પોતાની આંખ જેના પર નાખી હોય તેને દિવસના કાંઇ પણ ઢીલ વગર ઓળખી શકતો હતો, તેણે.

૨૮૫૪ બાદશાહને ગાદી ઉપર બેઠેલો જોયો, અને કહ્યું "આ માણસ ગઇ રાત્રીના આપણી સાથે હતો અને આપણો સાથીદાર હતો.

૨૮૫૫ તે કે જેને આવી એક ખુબી દાઢીમાં છે, આપણું પકડાવું તેની તપાસના પરિણામે છે."

૨૮૫૬ તેની (ચોરની) આંખ બાદશાહને જાણનાર હતી અનિવાર્યપણે તેણે પોતાના અનુયાયીઓને આ જ્ઞાન કહેવા પોતાના હોઠો ઉઘાડ્યા.

૨૮૫૭ તેણે કહ્યું. "આ બાદશાહ (આના આધીન હતો.)" અને તે આપણી સાથે છે. તે આપણાં કૃત્યો નિહાળતો હતો અને આપણી ગુપ્તતાઓ સાંભળતો હતો.

૨૮૫૮ મારી આંખે તેની તરફ જોયું હતું. રાત્રીના બાદશાહને ઓળખી કાઢયો હતો. અને આખી રાત્રી સુધી તેના ચાંદ સમ ચહેરાથી પ્રેમની રમત રમી હતી.

૨૮૫૯ હું તેની પાસેથી મારા લોકો માટે (માફી) માગીશ, કારણકે તે તેના ઓળખીતાથી પોતાનો ચહેરો કદી પણ ફેરવતો નથી.

૨૮૬૦ જાણનારની આંખને જન્ને દુનિયાને મુક્તિ આપતી નિહાળ, કે જેનાથી દરેક બહેરામે (બાદશાહે) મદદ મેળવી.

૨૮૬૧ હ. મુહમ્મદ (સ.અ.વ.) નામોશીની દરેક જાત માટે મધ્યસ્થી હતા. કારણ કે તેમની આંખ ખુદા સિવાય બીજી ઉપર લાગતી ન હતી.

૨૮૬૨ આ દુનિયાની રાત્રીમાં કે જ્યાં (વાસ્તવિકતાનો) સુર્ય પડદે છે, તેઓ ખુદાને જોતા હતા અને તેમની (બધી) આશાઓ તેમનામાં હતી.

૨૮૬૩ તેમની આંખો તેમાંથી આંજણ મેળવતી હતી. "શું અમોએ તારૂં દિલ વિસ્તારેલ નથી?"

૨૮૬૪ અનાથ કે જેની આંખોમાં ખુદા આંજણ આંજે છે, અનાથ (દૈવી) દોરવણીથી વિભુશીત (અલંકૃત) મોતી બને છે.

૨૮૬૫ તેનો પ્રકાશ બીજા બધા મોતીઓથી ચડે છે કારણ કે તે આવી એક મહાન ચીજની ઇચ્છા કરે છે.

૨૮૬૬ ખુદાના દાસોના (બધાં) રૂહાનીયત રહેઠાણો તેને દ્રષ્યમાન બને છે. અનિવાર્ય રીતે ખુદાએ તેને 'સાક્ષી' નામે બોલાવ્યો.

૨૮૬૭ સાક્ષીનાં હથિયારો સત્યવાદી જીભ અને ચોકખી આંખ છે કે જેનો રાત્રીના ઉજાગરા અંગે કોઈ પણ ગુપ્તતા છટકી જઇ શકે નહિ.

૨૮૬૮ ભલે એક હજાર ઢોંગી (ખોટા સાક્ષીઓ) પોતાના માથાં ઉંચા કરે, તો પણ ન્યાયાધીશ સાક્ષી તરફ પોતાનો કાન દેશે (સાંભળશે).

૨૦૬૯ ન્યાય તોળવામાં ન્યાયાધીશનું આ જ કાર્ય છે, તેમને (સાચો) સાક્ષી બે આંખોની માફક છે.

૨૮૭૦ સાક્ષીના શબ્દો આંખ તુલ્ય છે કારણ કે એક રસહિન આંખથી (વાસ્તવિકતાની) ગુપ્તતા તેણે નિહાળી છે.

૨૮૭૧ ઢોંગી (ખોટા સાક્ષીઓ પણ) તેને જોએલ છે પણ પોતાના સ્વાર્થ સહિત પોતાનો સ્વાર્થ દિલની આંખ ઉપર એક પડદો છે.

૨૮૭૨ ખુદા ઇચ્છે છે કે તમારે એક 'શાહિદ' બનવું જોઇએ, એટલા માટે કે તમો સ્વાર્થ છોડી દયો અને એક સાક્ષી (શાહિદ) બનો.

૨૭૭૩ કારણ કે સ્વાર્થના આ વિચારો આંખ ઉપર એક પડદો છે, તેઓ એક પડદાની માફક દ્રષ્ટિને લપેટે છે.

૨૮૭૪ તેથી તે (સ્વાર્થી) (તેનું) નાનું મોટું જોતો નથી. (પેદા કરાએલી) ચીજોનો તમારો પ્રેમ તમને આંધળો અને બહેરો બનાવે છે.

૨૮૭૫ જ્યારે કે (દૈવી સુર્ય તેના (સાક્ષીના) દિલમાં રહેવા એક પ્રકાશ ઉત્પન્ન કરે છે. બહોને વધુ વાર તેના માટે કાંઇ પણ કીંમત રહેતી નથી.

૨૮૭૬ તેથી તે પડદા વગર ગુઢાર્થો નિહાળે છે. (તે) સાચા ઇમાનદારો અને નાસ્તિકોના આત્માની મુસાફરી (નિહાળે છે.)

૨૮૭૭ ખુદાએ પૃથ્વીમાં અથવા ઊંચા અવકાશોમાં માણસના આત્મા કરતાં વધુ રહસ્યમય બીજું કાંઈ પેદા કર્યું નથી.

૨૮૭૮ ખુદાએ બીની કે સુકી (બધી ચીજોનું ગુઢાર્થ) ખુલ્લું કર્યું છે, (પણ) આત્માના (ગુઢાર્થને) તેણે સીલ મારેલ છે.

૨૮૭૯ તેથીજ જ્યારે કે (સાક્ષીની) પ્રતાપી આંખ તે આત્માને જુએ છે ત્યારે તેમાંથી કાંઈ પણ છુપું રહેતું નથી.

૨૮૮૦ તે દરેક ચર્ચામાં એકલો જ સાક્ષી છે, તેનો શબ્દ બધાં દુઃખદાયક પરિણામોનો ટાળક છે.

૨૮૮૧ ખુદાને 'ઇન્સાફ' નામ અપાય અને સાક્ષી (પણ) તેની જ છે. આ કારણ અંગે સાચો સાક્ષી પ્રિતમની આંખ છે.

૨૮૮૨ બન્ને દુનિયામાં ખુદાને નિરખવાની વસ્તુ (પવિત્ર) દિલ છે કારણ કે બાદશાહની અનિમેષ દ્રષ્ટિ પસંદ કરાએલા ઉપર ચોંટેલી છે.

૨૮૮૩ ખુદાનો પ્રેમ અને તેના પસંદગી પામેલા સાથેનું તેના વલણનું શુદ્ધાર્થ તેના બધા મડદા બનાવવાનું મુળ હતું.

૨૮૮૪ (તે) આ કારણે હતું. પછી મએરાજની રાત્રીના પયગમ્બર સાથેની મુલાકાતમાં આપણો માલિક કે જે અડપલાંનો શોખીન છે. કહ્યું "તારા માટે જ."

૨૮૮૫ આ (દૈવી) ભાવી ભલીબુરી (બધી ચીજો ઉપર) રાજ કરે છે. શું સાક્ષી દૈવી ભાવીનો રાજ કરનાર ન બને ?

૨૮૮૬ ભાવીનો જમીનદાર દૈવી ભાવીનો હુકમ કરનાર બને, એ દીર્ઘદ્રષ્ટિવાળા કે જે (ખુદાને) રાજી કરે છે !

૨૮૮૭ જાણનારે જાણીતાને ઘણી એક ફરીયાદો કરી, કહે, આ તું કે જે ગરમી અને ઠંડીમાં અમારા ઉપર ચોરી કરે છે.

૨૮૮૮ એ તું કે જે આબાદી અને તકલીફમાં અમને સુચના આપે છે (જો કે) અમારાં દિલો તારાં સુચનોથી સળગ હોતાં નથી.

૨૮૮૯ એ (માલિક) કે જે દિવસ અને રાત્રીના અમોને જુએ છે અને અમો જોતા નથી, અમારૂં ગૌણ કારણ જોતાં અમારી આંખો મંદ પડી છે.

૨૮૯૦ મારી આંખને (બીજી બધી) આંખો ઉપર પસંદ કરવામાં આવી છે કે જેથી (દૈવી) સુર્યને રાત્રીના મેં નિહાળ્યો હતો.

૨૮૯૧ એ ખુબસુરત, તે તારી અનંત કૃપાના કારણે હતું અને (કહેવત કહે છે), કૃપાનું સંપૂર્ણપણું તેને સંપૂર્ણ બનાવવામાં રહેલું છે.

૨૮૯૨ એ માલિક કયામતના મેદાનમાં "અમારો પ્રકાશ સંપૂર્ણ બનાવો" અને અમને શરમ ભરેલ અને વધુ પડતી નાલેશીઓમાંથી મુકત કરો !

૨૮૯૩ દિવસના ભાગમાં તારા રાત્રીના સાથીને (તારી હજુરમાંથી) હદ બહાર થવા દેતો નહિ. આત્મા કે જેણે નજીકતા (મિલન) અનુભવ્યું છે તેની ઉપર જુદાઈ લાદતો નહિ

૨૮૯૪ તમારામાંથી ગેરહાજરી એ ભયંકર અને દુઃખદાયક મોત છે, ખાસ કરીને ગેરહાજરી કે જે તારી પસંદગીના આનંદ મેળવ્યા પછી આવે છે.

૨૮૯૫ તેણે કે જેણે તને જોયો છે તેને ન જોએલાની હાલતમાં મુકતો નહિ. જે ઊગી નીકળેલ છે તેની હરીયાળી ઉપર પાણી છાંટ.

૨૮૯૬ (તારા રસ્તા ઉપર) આવજાવ કરવાના વખતે હું બેધ્યાનપણે વર્તયો નથી, અને તું પણ છાંટવામાં બેધ્યાનપણે વર્તતો નહિ.

૨૮૯૭ અરે જેણે એક વખત તારો ચહેરો જોયો તેને તારા ચહેરાથી હાંકી કહાડતો નહિ.

૨૮૯૮ તારા સિવાય બીજાનો ચહેરો જોવો એ ગળા માટે એક લોઢાનો કાંઠલો (ભાંગી નાખવા બરાબર છે), ખુદા સિવાય બધું જ વૃથા છે.

૨૮૯૯ તેઓ વૃથા છે, પણ તેઓ મને સાચો રસ્તો બતાવે છે કારણ કે મોહજળ (માત્ર) નકામી ચીજોને જ આકર્ષે છે.

૨૯૦૦ પરમાણુ ઉપરના દરેક પરમાણુ કે જે દુનિયામાં અસ્તિત્વ ધરાવે છે તે અવકાશ તેના મળતીયા માટે એક કસ્તુરી માફક છે.

૨૯૦૧ પેટ તેની આરામની જગ્યાએ રોટલાને આકર્ષે છે. હોજરીની ગરમી પાણીને આકર્ષે છે.

૨૯૦૨ આખા શહેરના આ જુદા જુદા રહેઠાણની ખુબસુરતી પુરૂષોનો આકર્ષક છે મગજ (નાક) ગુલાબના બગીચામાંથી સુવાસ શોધે છે.

૨૯૦૩ કારણ કે આંખ માટે વિશિષ્ઠ સમજ રંગની ખેંચનાર છે, જ્યારે મગજ અને નાક સુગંધી અતરો ખેંચે છે.

૨૯૦૪ એ માલિક કે જે ગુપ્તતા જાણે છે, તારી દયાના ખેંચાણથી આ ખેંચાણમાંથી અમોને તું બચાવ.

૨૯૦૫ એ ખરીદનાર, તું બધા આકર્ષણ કરનારા ઉપર સતાધીશ છે. તે યોગ્ય થશે જો તું લાચારને પાછો પ્રાપ્ત કરીશ.

૨૯૦૬ તેણે પોતાનો ચહેરો એક તરસ્યો માણસ વાદળ તરફ ફેરવે તેમ બાદશાહ તરફ ફેરવ્યો. તે કે જે શકિતની રાત્રી હતી તેજ પોતાનો પૂર્ણિમાનો ચાંદ હતો.

૨૯૦૭ જ્યારે કે તેની જીભ અને તેનો આત્મા તેનાં (બાદશાહનો) હતાં (તે ડર્યો નહિ કારણ કે) તે કે જે તેનો છે, તેના તરફ બહાદુરીપુર્વક વાતચીત કરે.

૨૯૦૮ તેણે કહ્યું "આપણને માટીની કેદમાં આત્માની માફક બેડીઓમાં બાંધવામાં આવેલ છે. કયામતના દિવસે આત્માનો સુર્ય તું જ છો."

૨૯૦૯ એ બાદશાહ જેવો કારભાર (દ્રષ્ટિ) થી છુપાએલ છે, તારા માટે વખત આવ્યો છે કે દયામાં તારી દાઢી હીલચાલની નિશાની દયાપુર્વક હલાવે.

૨૯૧૦ (આપણામાંના) દરેકે પોતાની વિશિષ્ઠતા બતાવી છે, પેલી બધી હુશિયારીઓએ (અમારા) બદકિસ્મતને વધારેલ છે.

૨૯૧૧ પેલી હુશિયારીઓએ અમારી ગરદનો બાંધી છે, પેલા ઉંચા આકારોએ અમને માથાભર પછાડયા છે અને નીચે રખડાવ્યા છે.

૨૯૧૨ (અમારી) હુશિયારી અમારા ગરદન ઉપર બજુરીના પાનનું દોરડું છે, મૃત્યુના દિવસે પેલી સિદ્ધીઓમાંથી કાંઇ મદદ મળશે નહિ.

૨૯૧૩ (તેમાંની કોઇ મદદ રૂપ નથી) સિવાય માત્ર પેલા એકની વિશિષ્ઠતા, ભલી સમજણોથી વિભુશીત જેની આંખ રાત્રીના (અંધકારમાં) સુલતાનને ઓળખતી હતી.

૨૯૧૪ આ બધી હુશિયારીઓ રસ્તા ઉપરના (મુસાફરોને) લુંટતા પ્રેતો માફક છે, સિવાય પેલી એક આંખ કે જે બાદશાહથી સબધ હતી.

૨૯૧૫ મુલાકાતના દિવસે (તેઓ માટેની દયાના નકાર કરવાથી) બાદશાહ શરમાતો હતો કે જેઓની દ્રષ્ટિ રાત્રીના બાદશાહના ચહેરા ઉપર લાગેલી હતી.

૨૯૧૬ અને કુતરો કે જે પ્રેમાળ બાદશાહથી જાણીતો હતો, તેને પણ તમો 'ગુફાના કુતરા'નો લકબ લગાવી શકો.

૨૯૧૭ કાનમાં રહેલી વિશિષ્ઠતા પણ અદ્‌ભુત છે, કારણ કે તે (કે જે તેને ધરાવે છે) એક કુતરાનું ભસવું સાંભળી સિંહથી (બાદશાહથી) સન્તગ બનાવ્યો.

૨૯૧૮ જ્યારે કુતરો ચોકીદારની માફક રાત્રી દરમ્યાન સન્તગ છે, તે (રૂહાની) બાદશાહના રાત્રીના જાગરણનો અજ્ઞાન નથી.

૨૯૧૯ સાંભળ, એક હલકા નામો અંગે તેમનો તિરસ્કાર કરતો નહિ, તમારે તમારૂં ધ્યાન તેઓના આંતરિક ભાગો (રૂહાનીયત સદ્‌ગુણો) ઉપર આપવું જોઈએ.

૨૯૨૦ જેણે એક વખત ખરાબ નામ મેળવ્યું, તેણે સારી નામના મેળવવા) અને (તેથી) અધકચરો બનવાનું શોધવું ન જોઈએ.

૨૯૨૧ અરે, ઘણાએક સોનાના (કટકા) પોલીશ કરેલા લોઢા જેવા કાળા બનાવાય છે, એટલા માટે કે તેને લુંટાતા અને વિનાશમાંથી બચાવાય.

દરિયાઇ ગાયની વાત, તે કેવી રીતે બાદશાહી મોતીને સમુદ્રના ઉંડાણુ-માંથી બહાર લાવે છે, અને રાત્રીના તેને દરિયાના કિનારે મુકે છે અને તેની તેજસ્વિતા અને ચમકમાં પોષાય છે, અને એક વેપારી સંતાવાની જગ્યાએથી આવે છે અને જ્યારે ગાય મોતીથી થોડે છેટે ગએલ છે ત્યારે ગુંદેલી માટી અને કાળી માટીથી મોતીને ઢાંકે છે અને દોડી જાય છે અને ઝાડ ઉપર ચડે છે અને આવી જ રીતે વાર્તાના છેવટ સુધી અને (તેના) વિવરણ વિષે.

૨૯૨૨ દરિયાઈ ગાય સમુદ્રની બહાર એક મોતી લઈ આવે છે, તેને ચરાણ ઉપર રાખે છે અને તેની આજુબાજુ ચારો ચરે છે.

૨૯૨૩ મોતીના પ્રકાશના અજવાળામાં દરિયાઈ ગાય ઉતાવળે ઘંટાકાર કુલો અને કમળો ખાઈને નિર્વાહ કરે છે.

૨૯૨૪ દરિયાઈ ગાયનું મળમુત્ર કસ્તુરી છે કારણ કે તેનો ખોરાક નરગિસ કુલ અને નિકફર છે.

૨૯૨૫ **હરકોઈ જેનો ખોરાક શહેનશાહી "નૂર" છે, તેના હોઠોમાંથી કાયદાસરનો ચમત્કાર કેમ બહાર ન આવે ?**

૨૯૨૬ હરકોઈ જેને મધમાખીની માફક ઇનામ તરીકે (દૈવી) પ્રેરણા આપવામાં આવી છે, તેનું ઘર મધમાખીથી ભરેલું કેમ ન હોય ?

૨૯૨૭ ગાય મોતીના પ્રકાશમાં ચરે છે (પછી) ઓચીંતી મોતીથી થોડે દુર હરેફરે છે.

૨૯૨૮ એક વેપારી (દેખાય છે અને) મોતી ઉપર ગુંદેલી કાળી માટી મુકે છે, જેથી પેલું ચરાણ અને હરીયાળી જમીન કાળી બને છે.

૨૯૨૯ પછી વેપારી ઝાડ ઉપર આસરો લ્યે છે, જ્યારે ગાય પોતાના સખત શીંગડા સાથે માણસને શોધે છે.

૨૯૩૦ ગાય ચરાણમાં વીસ વખત દોડે છે એટલા માટે કે તેના શીંગડા ઉપર પોતાના દુશ્મનને ઉપાડે.

૨૯૩૧ જ્યારે ઝનુની ગાય તેને (શોધવામાં) નિરાશ થાય છે ત્યારે તે જ્યાં મોતી રાખ્યું હતું તે જગ્યાએ પાછી ફરે છે.

૨૯૩૨ અને બાદશાહી મોતી ઉપર ચુંદેલી માટી છે પછી તે ઇબલીસની માફક માટી પાસેથી દોડી જાય છે.

૨૯૩૩ જ્યારે કે ઈબલીસ (હ. આદમ અ.સ.ની) માટીમાં (રૂડાની વસ્તુ) ના તાત્પર્યથી આંધળો અને બહેરો છે, તો પછી ગાય કેવી રીતે જાણે કે માટીમાં એક મોતી છે.

૨૯૩૪ (દૈવી હુકમ) "તમો પડો" હલકી જગ્યામાં આત્માને લઈ ગયો, આ રબ્બેદર્શને તેને પ્રાર્થનામાંથી બાકાત રખાવ્યા.

૨૯૩૫ ઓ ભાઈઓ, આ આરામની જગ્યા અને પેલી નકામી વાતથી બબરદાર રહેજો, બરેબર, વિષયવાસના એ માણસોનું રબ્બેદર્શન છે.

૨૯૩૬ (દૈવી હુકમ) "તમો નીચે ઉતરો" આત્માને કાયામાં નાખ્યો કે જેથી એડનનું મોતી માટીમાં સંતાએલું બને.

૨૯૩૭ વેપારી તે જાણે છે, પણ ગાય જાણતી નથી, આત્મજ્ઞાની જાણે છે પણ માટી ખોદનાર કોઇ જાણતો નથી.

૨૯૩૮ દરેક માટીનો ટુકડો, જેના દિલમાં એક મોતી છે, તેનું મોતી બીજા માટીના (ટુકડા)ની ગુપ્તતા કહી શકે.

૨૯૩૯ જ્યારે માટી કે જેને ખુદાના (નૂર) થી છંટકાઈ પ્રકાશિત બનાવાઈ નથી તે માટીનો ટુકડો કે જે મોતીઓથી ભરપુર છે તેની મિત્રતા ધારણ કરી શકશે નહિ.

૨૯૪૦ આ મુદ્દો અંત વગરનો છે, (અને તે દરમ્યાન) નદીના કાંઠા ઉપરનો આપણો ઉંદર આપણા (કાન) ધ્યાન માટે રાહ જુએ છે.

ઉંદરની વાર્તા તરફ પાછુ ફરવું (કે જે) દેડકાને નદીના કાંઠા ઉપર ગોતતો અને દોરી ખેંચતો એટલા માટે કે પાણીનો દેડકો તેના ગોતવાનો બબરદાર બને.

૨૯૪૧ પેલો પ્રેમમાં ઘસાએલો ભલા દેડકાથી મિલાપ કરવાની આશામાં દોરી ખેંચે છે.

૨૯૪૨ તે સતત દિલની દોરી ઉપર વાત કર્યા કરે છે કહે છે, મને મારા પંજામાં દોરીનો એક છેડો મળ્યો છે.

૨૯૪૩ મારૂં દિલ અને આત્મા ચિંતનમાં એક દોરા જેવો દુર્બળ બન્યો છે, જ્યારથી દોરાના છેડાએ પોતાનો ચહેરો બતાવ્યો છે.

૨૯૪૪ પણ ઓચિંતાના જુદાઈનો એક જંગલી કાગડો ઉંદરને ઉઠાવવા આવ્યો અને પેલી જગ્યાએથી તેને ઉઠાવી ગયો.

૨૯૪૫ જ્યારે જંગલી કાગડો ઉંદરને હવામાં ઉપર ઉઠાવી ગયો, દેડકો પણ પાણીના તળીયામાંથી ખેંચાયો હતો.

૨૯૪૬ ઉંદર જંગલી કાગડાની ચાંચમાં હતો અને દેડકો તેવી જ રીતે બંધાએલ હવામાં ઉછળતો હતો.

૨૯૪૭ લોકો કહેતા હતા, જંગલી કાગડાએ પોતાની કળા અને લુચ્ચાઈએ દેડકાને પોતાનો શિકાર બનાવ્યો ?

૨૯૪૮ તે પાણીમાં કેમ ગયો અને તેને કેમ ઉઠાવી ગયો ? પાણીનો દેડકો જંગલી કાગડાનો શિકાર કયારે હતો ?

૨૯૪૯ દેડકાએ કહ્યું "આ તેને માટે લાયક સજા છે કે જે બદમાસ સાથે માનથી વંચિત લોકોની માફક દોસ્તી કરે છે.

૨૯૫૦ અરે, અફસોસ, હલકટ દોસ્તથી ઉતરેલી દિલગીરી માટે અફસોસ, ઓ માનવંતા સાહેબો તમો એક ભલા દોસ્તને શોધજો.

૨૯૫૧ વિવેકબુદ્ધિ હલકટ દુષ્ટ મનની સખતપણે મનની ફરિયાદ કરે છે (તેઓ એક એવા બેસુરા છે) જેમ એક ખુબસુરત ઉપર કદરૂપું નાક હોય,

૨૯૫૨ વિવેકબુદ્ધિ તેને કહેતી હતી "તે ચોક્કસ છે કે તે ફાવટ એ રૂહાની પ્રકૃતિનો રસ્તો છે અને તે પાણી અથવા માટીથી (ઉતરેલ નથી).

૨૯૫૩ ધ્યાન રાખજે, રૂપનો પુજક બનતો નહી અને આમ કહેતો નહિ, અનુકૂળતાની ગુપ્તતા (બહારના) રૂપથી શોધતો નહિ.

૨૯૫૪ રૂપ ખનીજ અને પથ્થરને મળતું છે, નિરિન્દ્રિય વસ્તુને અનુકૂળતાનું જ્ઞાન હોતું નથી.

૨૯૫૫ આત્મા એક કીડી માફક છે અને કાયા જાણે એક ઘઉંનો દાણો કે જે તે (કીડી) ચાલુ રીતે આમ તેમ ઉઠાવી જાય છે.

૨૯૫૬ કીડી જાણે છે કે જે દાણા તેણી ઉઠાવી જાય છે તે બદલાએલા બનશે તેનો સજાતીય બનશે."

૨૯૫૭ એક કીડી રસ્તા ઉપર એક જવનો દાણો ઉઠાવી લેશે, બીજી કીડી ઘઉંનો દાણો ઉપાડી અને દોડી જાય છે.

૨૯૫૮ ઘઉં જવ તરફ ઉતાવળે જતો નથી. પણ કીડી કીડી પાસે આવે છે. હા. (તે આવે છે.)

૨૯૫૯ જવનું ઘઉં તરફ જવું એ (માત્ર) પરિણામ રૂપ છે. તમે ધ્યાન દેજો કે તે કીડી છે કે જે પોતાના મળતીયા પાસે પાછી ફરે છે.

૨૯૬૦ એમ કહો નહિ "શા માટે ઘઉં જવ પાસે ગયો ? તમારી આંખો પકડનાર ઉપર લગાડો નહિ કે જે થયું છે તેના ઉપર.

૨૯૬૧ (જેમ જ્યારે) એક કાળી કીડી એક કાળા રંગના કપડા (ઉપર ચાલે છે) ત્યારે (દ્રષ્ટિમાંથી) કીડી સંતાએલ છે (માત્ર) દાણો પોતાના રસ્તે દ્રષ્યમાન છે.

૨૯૬૨ (પણ) વિવેકબુદ્ધિ કહે છે, તારી આંખે બરાબર જો, એક દાણો દાણા ઉપાડનાર વગર કયારે ચાલ્યો છે ?

૨૯૬૩ (તે) આના કારણે હતું (કે) કુતરો (ગુફાના) સાથીઓ તરફ આવ્યો. (બહારનાં) રૂપો દાણાં (માફક) છે, જ્યારે દિલ (આત્મા) કીડી માફક છે.

૨૯૬૪ જ્યારે કે હ. ઈસા (અ. સ.) અવકાશી પવિત્રો તરફ ઉંચે ચડે છે ત્યારે પીંજરાઓ (કાયાઓ) જુદી જુદી હતી. (પણ) નાનાં પંખીઓ (આત્માઓ) એક જ જાતના હતા.

૨૯૬૫ આ પીંજરૂં દ્રષ્યમાન છે પણ તેમાંનું નાનું પંખી (દ્રષ્ટિથી) પર છે. પીંજરૂં પીંજનારા ઉપાડનાર સિવાય ચાલતું કેમ બને ?

૨૯૬૬ અરે, આશીર્વાદીત આંખ તે છે કે જે વિવેકબુદ્ધિથી ચાલે છે. (આંખ) કે જે અંત પારખે છે અને સમજુ અને ઠંડી છે.

૨૯૬૭ વિવેકબુદ્ધિમાંથી ભલા અને બુરાનો તફાવત શીખતો જા. નહિ કે આંખ કે જે (માત્ર) કાળું અને સફેદ જ કહે છે.

૨૯૬૮ વિષ્ઠાના ટેકરા ઉપરની લીલોતરીથી આંખ જ છેતરાએલી બને છે (પણ) વિવેકબુદ્ધિ કહે છે. "તેને મારી ચકાસણીમાં મુકો."

૨૯૬૯ આંખ કે જે (માત્ર) તેની ઈચ્છીત વસ્તુને નિહાળે છે તે પંખીનો વિનાશ છે. વિવેકબુદ્ધિ, કે જે ફાંસલો જુએ છે તે પંખીની મુક્તિનું સાધન છે.

૨૯૭૦ (પણ) એક બીજો ફાંસલો હતો કે જે વિવેકબુદ્ધિએ નિહાળ્યો નહિ. જ્યારે કે પ્રેરણા કે જે અદ્રષ્ય જુએ છે આ દિશામાં ઝડપ કરે છે.

૨૯૭૧ વિવેકબુદ્ધિથી તમો મળતીયો અને અજાણ્યો પારખી શકો છો. તમારે એકદમ (બહારના) રૂપો તરફ દોડવું ન જોઈએ.

૨૯૭૨ તમારો મળતીયો મારૂં બનવું એ (બહારના) રૂપની રીતમાં નથી. હ. ઈસા (અ.સ.) માણસના રૂપમાં ખરેખર ફિરસ્તાઓથી મળતીયા હતા.

૨૯૭૩ અવકાશી પંખી, કાગડો દેડકાને ઉઠાવી ગયો તેમ આ વાદળી કિલ્લા ઉપરથી તેમને ઉંઠાવી ગયું.

અબ્દુલ ગય્યની કહાણી અને તેમને ફિરસ્તાઓનું ઉઠાવી જવું અને તેમની સાથે વર્ષો સુધી રહ્યા અને (ઘણા) વર્ષો બાદ તેઓ પોતાના અસલ ગામ અને બચ્ચાઓ તરફ પાછા ફર્યા પણ ફિરસ્તાઓથી જુદાઈ સહન કરી શકયા નહિ, કારણ કે તેઓ ખરેખરા તેઓના મળતીયા હતા અને રૂહાની રીતે એક હતા.

૨૯૭૪ અબ્દુલ ગય્ય ફિરસ્તાનો મળતીયો હતો. નવ વરસ સુધી તે હુરાંની માફક અદ્રષ્યમાં ઉડતો હતો.

૨૯૭૫ તેની ઘરવાળી બીજી ઘણીથી સંતતિ કરતી હતી અને તેના અનાથો તેના મૃત્યુની વાત કરતા હતા.

૨૯૭૬ કહે, એક વરૂ અથવા લુંટારાએ તેમને માર્યા (હોવા જોઈએ) અથવા (કદાચ) ખાડા કે સંકજામાં આવી ગયા હશે.

૨૯૭૭ તેમનાં બધાં બચ્ચાં તામસીપણામાં (હુન્યવી) કામધંધામાં લાગી પડયા હતા. તેઓએ કદીપણ વિચાર્યું નહિ કે તેઓને એક બાપ હતો (કે જે કદાચ જીવતો હોય).

૨૯૭૮ નવ વર્ષો બાદ તત્પુરતો તે (પાછો) આવ્યો,તે દેખાણો અને (પછી) ફરીવાર અદ્રશ્ય થાય છે.

૨૯૭૯ તે પોતાનાં બચ્ચાનો એક મહીના સુધી મહેમાન થયો અને ત્યારબાદ તેને ફરીવાર કોઇએ :કદી જોયો નહિ.

૨૯૮૦ ફિરસ્તાઓ સાથેની (આંતરિક) સમાનતા તેમને ઉઠાવી ગયું. જેમ એક ભાલાના ઘા (કાયામાંથી) આત્માને ઉઠાવી જાય છે.

૨૯૮૧ જ્યારે કે એક કે જે બહિશ્ત માટે નિર્ધારીત છે, આંતરિક રીતે બહિશ્તના પ્રકારનો છે. સમાનતાના કારણે પણ તે ખુદાની બંદગી કરનાર બને છે.

૨૯૮૨ હ. પયગમ્બર સાહેબે કહ્યું નથી. જાણ કે સ્વતંત્રતા અને સદ્ગુણ બહિશ્તમાંના ઝાડોની ઝુકતી ડાળીઓ છે, (અને) આ દુનિયામાં (નીચે) ઉતરી છે."

૨૯૮૩ બધા પ્રેમો (દૈવી) પ્રેમથી સમાન બનેલા જાહેર કરો, બધા કોપો (કોપથી મળતીયા) બનેલા નિહાળો.

૨૯૮૪ અવિચારી માણસ એક અવિચારી માણસને (પોતાના દોસ્ત તરીકે) મેળવે છે કારણકે તેઓ સમજણ અંગે મળતીયા છે.

૨૯૮૫ હ. ઇદ્રિસમાંની રૂહાનીયત સમાનતા તારાઓમાંથી ઉતરી હતી. આઠ વર્ષો સુધી તેઓ શનિના ગ્રહ સાથે આવતા હતા.

૨૯૮૬ તેઓ પૂર્વ અને પશ્ચિમમાં તેના (શનિના ગ્રહ)ના સાથી દાર હતા. (તેઓ) વાત ચીતમાં તેના ભાગીદાર અને લાક્ષણિક રીતે સંબંધી હતા.

૨૯૮૭ જ્યારે (કાયા માંથી) તેમની ગેરહાજરી બાદ તેઓ (પૃથ્વી ઉપર ખગોળ વિદ્યામાં હમેશાં પાઠો ભણાવતા હતા.

૨૯૮૮ ગ્રહો ઘણી ખુશીથી તેમની સમક્ષ પોતાને હારોમાં ગોઠવતા, ગ્રહો તેમના ભાષણોમાં હાજરી આપતા.

૨૯૮૯ કે જેથી (હાજર) લોકો, ખાસ અને આમ જનતા સરખી રીતે ગ્રહોનો અવાજ સાંભળતા.

૨૯૯૦ સરખાપણાએ લાદેલું ખેંચાણ ગ્રહોને પૃથ્વી ઉપર ખેંચતું અને તેમની સમક્ષ ખુલ્લી રીતે બોલવાનું કારણ બનતું.

૨૯૯૧ દરેક પોતાનું નામ અને પોતાના સંજોગો જાહેર કરતું અને અગોળશાસ્ત્રના નિરિક્ષણની વિદ્યા તેના ઉપર ખુલ્લી કરતું.

૨૯૯૨ ખરેખરી સમાનતા શું છે ? આંતરિકતાના સમાન ગુણ કે જેનાથી લોકો એક-બીજાની (લાગણીઓ અને દિલોમાં) દાખલ થવાનું મેળવે.

૨૯૯૩ જ્યારે ખુદા તેજ આંતરિક નજરથી વિભુશીત કરે છે કે જે તેનામાં (બીજા પુરૂષમાં) સંતાડી છે, ત્યારે તમો તેવા મળતીયા બનો છો.

૨૯૯૪ કોઇ પણ દિશામાં કાયાને કોણ ખેંચે છે? ઉંડી નજર. નૈતિક ખ્યાલ ખેંચાલીને કેમ ખેંચે ?

૨૯૯૫ જ્યારે તે (ખુદા) એક માણસમાં એક ઓરતની પ્રકૃતિ વાવે છે, ત્યારે તે 'મખ ન્નસ' થઈ જાય છે, અને બદફેલી કરાવે છે, (તે પણ એક જાતની ઓરત છે.)

૨૯૯૬ જ્યારે ખુદા ઓરતમાં પુરુષની પ્રકૃતિ વાવે છે ત્યારે તે બદકાર સ્ત્રી બીજી સ્ત્રીનો સંગાથ શોધતી ફરે છે.

૨૯૯૭ જ્યારે તે હ. જીબ્રીઈલના સદ્‌ગુણો તમારામાં વાવે છે, ત્યારે તમો એક તરૂણ પંખી માફક હવામાં ઉડવાનો રસ્તો શોધશો.

૨૯૯૮ અભિલાષાપુર્વક નિહાળતાં, તમારી આંખ હવામાં ચોંટેલી, જમીનમાંથી વિમુખ કરેલી, આકાશ તરફ મોહિત કરેલી.

૨૯૯૯ જ્યારે તે અક્કલહિણ ગુણો તમારામાં વાવે છે ત્યારે (ભલે) તમને એક સો પાંખો હોય તો પણ તમો તબેલા તરફ ઉડશો.

૩૦૦૦ ઉંદર તેના (બહારના) રૂપ માટે તિરસ્કારતો નથી. તે નિરાધાર, તેની તિરસ્ક રણીય ટેવના કારણે એક કાગડાનો બલિ બને છે.

૩૦૦૧ તે એક કંજુસ ખોરાક શોધનાર છે, અને એક ઠગારો અને એક અંધારાનો પ્રેમી, પનીર અને કાજુ અને ચાસણીથી લદુ બનેલો છે.

૩૦૦૨ જ્યારે એક સફેદ બાજને એક ઉંદરની પ્રકૃતિ છે તો તે ઉંદર પણ ધિક્કારવાળી વસ્તુ હોઈ જંગલી જનાવરો માટે એક નામોશી છે.

૩૦૦૩ ઓ પુત્ર, જ્યારે હારૂત અને મારૂતની પ્રકૃતિ બદલાણી હતી અને તે બેઉ ઉપર (ખુદાએ) માણસની પ્રકૃતિ ઉતારી ત્યારે

૩૦૦૪ તેઓ (પ્રખ્યાતીમાંથી) બાબીલોનના ખાડામાં પડયા. "ખરેખર અમો તેઓજ હતા કે જેઓ હારોમાં ઉભા રહેતા" (જ્યાં તેઓ) માથાભર પડેલા બેડીમાં (હતા)

૩૦૦૫ 'રક્ષાએલી તખ્તી' તેમની નજરમાંથી હટાવાઈ, જાદુગર અને જાદુગરી તેઓનું વિજ્ઞાન બન્યું.

૩૦૦૬ તે જ હાથો, તે જ મસ્તક, તે જ આકાર (છતાં) તેની (પ્રકૃતિમાં) એક મુસા, જ્યારે એક ફિરઔન અવજ્ઞાપાત્ર છે.

૩૦૦૭ આંતરિક પ્રકૃતિની શોધમાં હમેશાં રહેજે અને જેની પ્રકૃતિ ભલી છે તેની સાથે હળતો મળતો રહેજે. ગુલાબના તેણે ગુલાબની પ્રકૃતિ કેમ મેળવી છે તે તપા-સતો રહેજે.

૩૦૦૮ કબરની જમીન (પવિત્ર) માણસના ત્યાં દટાવાથી ઉદાત્ત બનાવાય છે. કે જેથી દિલ પોતાનો ચહેરો અને હાથો તેની કબર ઉપર મુકે છે.

૩૦૦૯ જેમકે (કબરની) જમીન પવિત્ર કાયાના પડોશપણાથી નશીબદાર અને ઉદાત્ત બનાવાય.

૩૦૧૦ તો પછી તમો પણ કહેશો, (પહેલો) પડોશી, પછી ઘર, જો તમને એક દિલ છે તો જાઓ, અને એક પ્રેયસી શોધ.

૩૦૧૧ તેની માટી (કાયા) તેના આત્માની પ્રકૃતિથી પ્રદાન થએલ છે. તે તેઓ કે જેઓ (ખુદાને) વહાલા છે તેઓની આંખો માટે એક આંજણ બને છે.

૩૦૧૨ અરે કેટલાકએક કબરમાં માટી માફક સુતા છે. તેઓ એકસો જીવંતો કરતાં ઉપયોગીપણામાં વધુ ઉતમ છે.

૩૦૧૩ તેણે પોતાનો પડછાયો (કાયા) આપણામાંથી ઉપાડી લીધેલ છે પણ તેની મોટી છાંયડો કરે છે, લાખો જીવંતો તેના છાંયામાં છે.

એક માણસ કે જેને તબ્રીઝના પોલીસ અમલદાર પાસેથી મંજુર થએલી રકમ મળતી હતી અને પેલી મળતી રકમની આશામાં મોટું કરજ કર્યું હતું. જ્યારે કે તે તેના (અમલદારના) મૃત્યુથી સજાગ ન હતો (વાર્તાનો) સાર એ છે કે તેનું કરજ કોઇ હૈયાત પુરૂષથી ચુકાવાયું ન હતું પણ મરી ગએલા અમલદારથી. કારણ કે જેમ કહેવાયું છે " તે કે જે મરી ગયો અને શાંતી મેળવીને મરેલો નથી. (બરેબર) મરેલો તે છે માણસ છે કે જે પાર્થીવ રીતે જીવંત વચ્ચે રૂહાની રીતે મરેલો છે.

૩૦૧૪ અમુક દરવીશ કે જે કરજમાં ડુબેલો હતો. દરદુરના મુલકથી તબ્રીઝ આવ્યો.

૩૦૧૫ તેનું કરજ નવ હજાર સોનાના સિક્કાનું હતું. એવું બન્યું કે તબ્રીઝમાં બદરૂદીન ઉમર નામનો એક માણસ હતો.

૩૦૧૬ તે પોલીસ અમલદાર હતો (પણ) દિલમાં તે (સખાવતનો) સમુદ્ર હતો. તેનો દરેક વાળેવાળ હાતીમના રહેવાની જગ્યાને (લાયક) હતો.

૩૦૧૭ હાતીમ જો તે (હૈયાત) હોત તો તેનો એક ભિખારો બન્યો હોત અને (તેની સમક્ષ) માથું મૂકયું હોત અને પોતાને તેના પગની ધૂળ બનાવી હોત.

૩૦૧૮ જો તેણે એક તરસ્યાને ચોકખા પાણીનો એક સમુદ્ર પણ આપ્યો હોત તો પણ તેની ઉદારતા એવી હતી કે તે ઇનામ ઇનાયત કરવામાં તે શરમાએલો બન્યો હોત,

૩૦૧૯ અને જો તેણે એક રજકણને સુર્યના ઉગવાની જગ્યાએ પ્રકાશથી ભરપુર ભરેલ જેવું બનાવ્યું હોત તો પણ તે તેની મહાન ઇચ્છાને અયોગ્ય કાર્ય લાગ્યું હોત.

૩૦૨૦ પેલો ગરીબ અજાણ્યો તેની આશામાં (તબ્રીઝ) આવ્યો કારણ કે ગરીબ અજાણ્યા તરફ તે (હંમેશાં) એક સગા અને કુટુંબી (જેવો) હતો.

૩૦૨૧ પેલો ગરીબ અજાણ્યો તેના દરવાજાથી જાણીતો હતો અને તેની દાનમાંથી અગણીત કરજ ચુકવ્યું હતું.

૩૦૨૨ પેલા દયાળુ ઉપર આધારિત, તે કરજમાં ડૂબ્યો, કારણ કે (ગરીબ) માણસ તેનું (દાન) મેળવવામાં વિશ્વાસુ હતો.

૩૦૨૩ તે તેનાથી અવિચારી બન્યો હતો. પેલા ઉદાર સમુદ્ર (પાસેથી) દોલતમંદ થવાની આશામાં દેવું કરવામાં આતુર બન્યો હતો.

૩૦૨૪ તેના લેણદારો ખિજાએલા દેખાતા, જ્યારે તે આનંદપુર્વક ગુલાબની માફક હસતો (પેલા) તબ્રીઝના બગીચાના કારણે (ખીલતો.)

૩૦૨૫ (જ્યારે) તેની (મુસ્લિમની) પીઠ અરબોના સુર્યથી ગરમ છે, (ત્યાર) ગુલાબની મુછ માટે (વૃથા મશકરી) માટે તેને કઇ પરવા છે?

૩૦૨૬ જ્યારે તેને વરસાદના વાદળાથી વચન અને દોસ્ત છે, ત્યારે પાણી લઇ જનારા તરફ પાણી માટે તેને શી ગરજ હોય?

૩૦૨૭ જ્યારે જાદુગરો ખુદાના હાથથી જાણીતા બન્યા હતા ત્યારે આ હાથ અને પગોની શું કિંમત હોય છે.

૩૦૨૮ લોંકડી કે જેને પેલા સિંહનું પીઠબળ છે તે તેની મુઠીથી ચીંતાની ખોપરીઓ ભાંગી નાખશે.

હ. જાફર (ર.સ.) એક કિલ્લો કબજે કરવા એકલા આગળ વધ્યા અને કિલ્લાના બાદશાહે તેને પાછો વાળવા (પોતાના વઝીરો સાથે) મસલત કરી અને વઝીરોનું બાદશાહને કહ્યું. 'બળરદાર' તેને તાબે થઈ જઓ, અને તેની સામે થવાની સુઝબુઝ કરતા નહિ, કારણ કે આ માણસ (દૈવી) મદદ પામેલો છે અને તેના આત્મામાં ખુદામાંથી મેળવેલ એક મોટી શક્તિ છે. વગેરે.

૩૦૨૯ જ્યારે હ. જાફર એક કિલ્લા સામે આગળ વધ્યા ત્યારે કિલ્લો તેમના સખત તાળવાને એક કોળીઓ દેખાણો.

૩૦૩૦ એકલા સવાર થઇ, તેમણે કિલ્લા સુધી હુમલો કર્યો કે જેથી રખેવાળ ફોજે બીકમાં કિલ્લાનો દરવાજો બંધ કર્યો.

૩૦૩૧ લડાઇમાં તેમની સાથે જવાની કોઇએ હિંમત કરી નહિ. મહાકાય દરિયાઇ પ્રાણીથી ગાથડવા વહાણના ખલાસીને કઇ હોજરી છે?

૩૦૩૨ બાદશાહ પોતાના વઝીર તરફ ફર્યો, "ઓ સલાહ આપનાર, આ કટોકટીમાં શું કરવું જોઈએ"

૩૦૩૩ તેણે જવાબ આપ્યો, (એક માત્ર ઈલાજ છે) કે તમારે ગર્વ અને લુચ્ચાઈને છોડી દેવી જોઈએ અને તમારા પોતાને તેની દયા ઉપર છોડી દેવો જોઈએ.

૩૦૩૪ બાદશાહે કહ્યું "શા માટે? શું તે એક જ માણસ અને એકલો નથી?" તેણે (વઝીરે) જવાબ આપ્યો, "માણસની એકલતા ઉપર ધિક્કારપૂર્વક જુઓ નહિ."

૩૦૩૫ તમારી આંખ ખોલો, કિલ્લા તરફ સારી રીતે જુઓ, તે તેની આગળ પારાની માફક ધ્રુજે છે

૩૦૩૬ તે પલાણ ઉપર એકલો બેસે છે (પણ) તેના અવયવ પૂર્વ અને પશ્ચિમના એક (લશ્કરની) ટુકડી તેનો સાથ કરતી હોઇ તેની માફક અચળ છે."

૩૦૩૭ 'ફિદાઈઓ'ની માફક કેટલાય માણસો આગળ ધસ્યા અને તેનો સામનો કરવા આવ્યા.

૩૦૩૮ તેણે પોતાની ગદાના ઘાથી તેમનામાંના દરેકને પછાડયા, (કે જેથી તેઓ) તેના ઘોડાના પગ આગળ મથાભર પડયા.

૩૦૩૯ ખુદાના (ગતિમાન) કાર્યે એવી એક શક્તિ તેમને આપી હતી કે (આખી) એક પ્રજાને એકલે હાથે ફટકારતો હતો.

૩૦૪૦ જ્યારે મારી આંખે પેલા (કુહાનીયત) શહેનશાહનો ચહેરો નિહાળ્યો, ત્યારે (બધી) અનેકતા મારી દ્રષ્ટિમાંથી અદ્રશ્ય થઇ.

૩૦૪૧ તારાઓ ઘણા છે, જો કે સુર્ય એકજ છે (છતાં) તેના દેખાતાં તેઓનો (તારાઓનો) પાયો ઉખડી જાય છે.

૩૦૪૨ જો એક હજાર ઉંદરો પોતાનાં માથાં ઉંધા કરે તો પણ બિલાડી બીતી નથી અથવા ભીતી હોતી નથી.

૩૦૪૩ ઉંદરો હુમલો કરવા કેમ આગળ આવે? ઓ ભલાભાઇ, તેઓને તેઓના દિલોમાં નિયંત્રિતતા નથી.

૩૦૪૪ નિયંત્રિતતા કે જે બહારના રૂપોમાં સમાએલી છે એ નકામી વસ્તુ છે, સાંભળ, આત્માની નિયંત્રિતતા પેદા કરનાર પાસેથી માગતો રહે.

૩૦૪૫ નિયંત્રિતતા કાયાની સંખ્યાના કારણે નથી, જાણ કે નામની માફક કાયા (બાલી) હવા ઉપર બાંધેલી છે.

૩૦૪૬ જો ઉંદરોના દિલોમાં કાંઇપણ નિયંત્રિતતા હોત તો સંખ્યાબંધ ઉંદરો રોશની લાગણીથી (ભેગા) થયા હોત.

૩૦૪૭ અને ફિદાઈઓની માફક દોડયા હોત, તેઓ કાંઇપણ મોકો આપ્યા વગર બિલાડી ઉપર તુટી પડયા હોત.

૩૦૪૮ એક (તેણીથી) લડાઈમાં તેણીની આંખ ખેંચી કાઢશે, જ્યારે બીજો પોતાના દાંતોથી તેણીના કાનો ચીરી નાખશે.

૩૦૪૯ અને બીજો તેની બાજુમાં એક કાણું પાડશે. સંયુક્ત ટોળામાંથી ભાગવાનો તેણીને રસ્તો જ હશે નહિ.

૩૦૫૦ પરંતુ ઉંદરના આત્માને નિયંત્રિતતા નથી. બિલાડીના એક ઘ્યાંઉથી તેના બધા અવયવો ભાગી જશે.

૩૦૫૧ ઉંદરને કપટી બિલાડીથી લકવો થઇ ગયો છે, ભલે જો કે ઉંદરની સંખ્યા એક લાખની પણ હોય.

૩૦૫૨ (ઘેટાંના) ટોળાની સંખ્યા માટે ખાટકીને શું ચીંતા હોય? વિચારોની વિપુલતા ઘસઘસાટ ઉંઘને કેમ રોકે?

૩૦૫૩ તે (ખુદા) બાદશાહીનો માલિક છે, તે હ. યુસુફ (અ.સ.) જે તે સિંહને નિયંત્રિતતા આપે છે કે જેથી તે આધારીતોના ટોળાં ઉપર કુદે છે.

૩૦૫૪ એક લાખ સિંગડાવાળા આધારીતો પણ સિંહના કુદકા આગળ નહિવત્ છે.

૩૦૫૫ તે બાદશાહીનો માલિક છે, તે એક યુસુફને ખુબસુરતીની બાદશાહી આપે છે કે જેથી તે સફેદ વાદળાના માફક (સુંદર) છે.

૩૦૫૬ તે એક ચહેરા ઉપર એક તારાની ચમક ઈનાયત કરે છે કે જેથી એક બાદશાહ એક છોકરીનો ગુલામ બને છે.

૩૦૫૭ **તે બીજા ચહેરા ઉપર તેનું પોતાનું "નૂર" નવાજીશ કરે છે કે જેથી તે મધ્યરાત્રીએ ભલુ બુરૂં બધું જુએ છે.**

૩૦૫૮ હ. યુસુફ (અ.સ.) અને હ. મુસા (અ.સ.) એ તેઓના ગાલો અને તેઓના ચહેરાઓ અને પોતાના આંતરિક દિલોમાંથી ખુદામાંથી "નૂર" મેળવ્યું.

૩૦૫૯ હ. મુસા (અ.સ.) નો ચહેરો જ્યોતનું કિરણ બહાર પાડતો હતો, તેમણે પોતાના ચહેરામાં આગળ એક પડદો ટીંગાડયો હતો.

૩૦૬૦ તેના ચહેરાની દિવ્યતા (માણસોની) આંખો આંજી દેતી હતી જેમ માણેક બહેરા ઝેરી સાપની આંખો (આંધળી કરે છે).

૩૦૬૧ તેમણે ખુદાને આજીજી કરી કે નાક ઉપરનું ઢાકણ પેલા શક્તિશાળી "નૂર" માટે એક પડદો બને.

૩૦૬૨ તેણે (ખુદાએ) કહ્યું "સાંભળ, તારા ઉનના કપડાનો એક પડદો બનાવ કારણ કે આત્મજ્ઞાનીનું કપડું સહીસલામત રાખવા ભરોસો કરી શકાય તેવું છે.

૩૦૬૩ કારણ કે પેલા પોષાકે સહનશક્તિની (એક મોટી શક્તિ) પેલા "નૂર"ની રક્ષાથી મેળવી છે, આત્માનું 'નૂર' તેની વણાટ અને પોતમાંથી પ્રકાશે છે.

૩૦૬૪ કંઈ પણ તેનું (સલામત) સંગ્રહસ્થાન બનશે નહિ, સિવાય આના જેવો એક જબ્બો. અમારું 'નૂર' બીજુ કંઇ સહન કરી શકશે નહિ.

૩૦૬૫ જો કાફ પર્વત તેના માટે એક અટકાયત તરીકે આગળ આવે તો 'નૂર' સીનાઈ પર્વતની માફક તેના કટકે કટકા કરી નાખે.

૩૦૬૬ (દૈવી) અનંત શક્તિ થકી (પવિત્ર) માણુસોની કાયાઓએ બિનશરતી 'નૂર'ને મદદ કરવાની શક્તિ મેળવી છે.

૩૦૬૭ તેની (ખુદાની) શક્તિ પેલા ('નૂર') રહેવાની જગ્યા એક કાચનું ઠામ બનાવે છે કે જેવું કે એક રજકણ સિનાઈ પર્વત સહન કરી શકે નહિ

૩૦૬૮ એક ફાનસ અને કાચનો ગ્લાસ 'પેલા નૂર' ની રહેવાની જગ્યા બની છે કે જેનાથી કાફ પર્વત અને સિનાઈ પર્વત ટુકડાઓમાં તોડી નખાયા છે.

૩૦૬૯ જાણ કે તેઓની કાયાઓ ફાનસો છે અને તેઓનાં દિલો કાચ. આ બત્તી જમીન અને આસમાનોને ઉજાળે છે.

૩૦૭૦ તેઓનું (આસમાનોનું) અજવાળું આ 'નૂર' થી અંજાઈ જાય છે અને આ સવારની ચમકતાં તારાઓથી માફક અદ્રશ્ય થાય છે.

૩૦૭૧ કાયમી અને અનંતના માલિકનું (કહેણ) પયગમ્બરોની મહોરથી જણાવાયું છે.

૩૦૭૨ "હું આસમાનોમાં અથવા શુન્યાવકાશમાં અથવા માનવંત સમજણો અને આત્માઓમાં સમાતો નથી.

૩૦૭૩ (પણ) એક સાચા ઈમાનદારના દિલમાં એક મહેમાન તરીકે પાત્રતા અથવા વ્યાખ્યા અથવા વર્ણન વગર હું સમાઈ જાઉં છું.

૩૦૭૪ ગમે તે બીજા બધા ઉપર અને નીચે પેલા દિલની દરમ્યાનગીરીથી મારી પાસેથી બાદશાહીઓ અને સદ્‌કિસ્મતો જીતી શકે.

૩૦૭૫ આવી એક આરસી વગર જમીન કે ઝમાનો મારી ખુબસુરતીના જ 'દિદાર'ની લાયકાત મેળવી શકે.

૩૦૭૬ મેં મારી દયાના ઘોડાને બન્ને દુનિયા ઉપર છલંગ મારતો બનાવ્યો. મેં એક ઘણી વિશાળ આરસી બનાવી.

૩૦૭૭ આ આરસીમાં દરેક પળે પચાસ (રૂહાનીયત) શાદી સમારંભો (દેખાય છે.) આરસી તરફ ધ્યાન દે, પણ તેનું વર્ણન કરવાનું (મને) પૂછતો નહિ,

૩૦૭૮ (વિવરણનો) મુદ્દો આ છે, કે તેણે (હ. મુસા અ. સ.) એ પોતાના પોશાકનો એક પડદો બનાવ્યો, કારણ કે પેલા ચંદ્રમાના (પ્રકાશની) વેધકતા તેઓએ જાણી.

૩૦૭૯ તેના કપડા સિવાય બીજી કોઈ વસ્તુમાંથી જો પડદો બનાવ્યો હોત તો તે ઢોરાઓ સહિત ફાટીને ટુકડા થઈ ગયો હોત. (ભલે પછી) તે બેવડો બનવાયો હોત,

૩૦૮૦ તે ('નૂરે') લોહાની દિવાલોમાં માર્ગ કર્યો હોત, "ખુદાના નૂર' વિરૂદ્ધ એક પડદો તે કેવી અટકાયત કરી શકે

૩૦૮૧ પેલો પડદો ઘણઘણતો બન્યો હતો, પરમાનંદની પળમાં એક આત્મજ્ઞાનીનો તે એક ઝબ્બો બન્યો હતો.

૩૦૮૨ અગ્નિ જે ભારેલો છે સુકામાં (સર્વ વ્યાપક બને છે) કારણ કે તે (સુકું) અગ્નિથી સંપૂર્ણપણે મળી ગયું છે.

૩૦૮૩ **અને વાસ્તવમાં, સાચા રાહનુમાના 'નૂર' માટેના પ્રેમ અને ઇચ્છામાં પોતાની બન્ને આંખો કુરબાન કરી.**

૩૦૮૪ શરૂમાં તેણીએ એક આંખ બંધ કરી અને બીજીથી તેમનો (હ. મુસા)ના ચહેરાનો પ્રકાશ જોયો અને પેલી આંખ ગુમાવાઈ.

૩૦૮૫ ત્યારબાદ તેણી પોતાથી વધુ વાર સંયમ રાખી શકી નહિ અને (તેથી) તેણીએ બીજી આંખ ઉઘાડી અને પેલા ચંદ્રમા ઉપર તેને શક્તિહિણ કરી.

૩૦૮૬ તેવી જ રીતે (રૂહાની) લડવૈયો (પહેલાં) પોતાનો રોટલો આપી દે છે (પણ) જ્યારે બંદગીનો પ્રકાશ તેના ઉપર પડે છે ત્યારે તે પોતાની જીંદગી પણ આપી દે છે.

૩૦૮૭ પછી એક સ્ત્રીએ તેણીને કહ્યું "હીરા જેવી આંખ તેં ગુમાવી તેથી શું તમે દિલગીર થાઓ છો."

૩૦૮૮ તેણીએ જવાબ આપ્યો, "(પેલા ચંદ્રમા) ઉપર કુરબાન કરવા એક લાખ આંખો કેમ નથી તેથી હું દિલગીર થાઉં છું"

૩૦૮૯ બાકી, (કે જે) મારી આંખ છે તે પેલા ચંદ્રમાથી નાશ પામી છે, પણ ચંદ્રમા ખંડેરમાં દટાએલા બગનાની માફક (ત્યાં) બેઠેલ છે.

૩૦૯૦ આ બગનો મારા પ્રવેશદ્વાર અને ઘર મારી આ નાશ પામેલી (આંખ) માટે (દિલગીરી ભરેલી કાંઈ યાદી) આવવાજ કેમ દયે ?

૩૦૯૧ હ. યુસુફ (અ. સ.) ના ચહેરાનો પ્રકાશ, જ્યારે તેઓ પસાર થતા ત્યારે દરેક હવેલીઓની બળીદાર બારીઓ ઉપર પડયા કરતો.

૩૦૯૨ અને ઘરમાંના લોકો કહ્યા કરતા " હ. યુસુફ (અ. સ.) આ રહેઠાણેથી ચાલી રહ્યા છે અને પસાર થઇ રહ્યા છે."

૩૦૯૩ કારણ કે તેઓ દિવાલ ઉપર ચમક જોતા અને પછી મકાન માલિકો (તેમ થવાનું) કારણ સમજતા.

૩૦૯૪ ઘર કે જેની પેલી દિશામાં તેની બારી છે, પેલા આનંદપ્રમોદ માટે ચાલતા હ. યુસુફના કારણે ઉદાત્ત બની છે.

૩૦૯૫ **સાંભળ, (ઝમાનાના) યુસુફ તરફ તારી એક બારી ખોલ, અને ચિરાડ-માંથી તેના તરફ નિહાળતાથી પોતાને ખુશ મનાવવો શરૂ કર.**

૩૦૯૬ પ્રેમનું કામકાજ (દિલમાં) પેલી બારી બનાવવાનું છે. કારણ કે દિલ પેલા પ્રિયતમની ખુબસુરતીથી શણગારાય છે.

૩૦૯૭ તેથી પ્રિયતમના ચહેરા ઉપર સતત નજર નાખ્યા કર, ઓ બાપ, સાંભળ, આ તારી શક્તિમાં છે.

૩૦૯૮ આંતરિક ભાગોમાં એક રસ્તો તારા માટે તૈયાર કર, (ખુદા) સિવાય બીજાથી સંબંધીત જે નીરખવાનું છે તે છોડી દે.

૩૦૯૯ તમો અમૃત ધરાવો છે? તમારી (દુષ્ટ) ચામડી ઉપર તેને ઘસો, અને આ કળાના કારણે તમારા દુશ્મનોને દોસ્ત બનાવો.

૩૧૦૦ જ્યારે તમો ખુબસુરત બન્યા છો ત્યારે તમો પેલા ખુબસુરત કે જે મિત્રતાહિન-માંથી આત્માને મુક્તિ આપે છે તેમાં સમાઇ જશો.

૩૧૦૧ તેની બિનાશ (દયા) આત્માના આ બગીચા માટે પૌષ્ટિક આહાર છે, તેનો શ્વાસોશ્વાસ જે દુઃખમાં મરી ગયા છે તેને ફરી સજીવન કરે છે.

૩૧૦૨ તે (માત્ર) આ હલકી દુનિયાની તમામ હકુમત (તમારા ઉપર) નવાજીશ કરતો નથી (પણ) જુદી જુદી જાતની એક લાખ બાદશાહીઓ ઈનાયત કરે છે.

૩૧૦૩ ખુદાએ તેને (હ. યુસુફને) વધારામાં ખુબસુરતીની બાદશાહી આપી, (પેલા વિજ્ઞાનના) ભણતર અને પાઠો શીખ્યા વગર (સ્વપ્નાઓની) તાસીર જાણવાની બાદશાહી આપી.

૩૧૦૪ ખુબસુરતીની બાદશાહી તેને જેલમાં લઇ ગઇ. જ્ઞાનની બાદશાહી તેને પ્રખ્યાતીમાં લઈ ગઇ.

૩૧૦૫ તેના જ્ઞાન અને (અર્ધઘટનની) કળાના કારણે (મિસરનો) બાદશાહ તેનો ગુલામ બન્યો. ખુબસુરતીની બાદશાહી કરતા જ્ઞાનની બાદશાહી વધુ વખાણને લાયક છે.

માણસ કે જે (મોટા) કરજમાં ઉતરી ગયો અને પોલીસ અમલદારનો સદ્ભાવ મેળવવાની આશામાં તબ્રીઝ આવ્યો તેની બાકી રહેલી કહાણી.

૩૧૦૬ ગરીબ અજાણ્યો, તેના કરજના કારણે બીકમાં ડુબેલો હતો, શાંતીના સ્થાપવા રસ્તે રવાના થયો.

૩૧૦૭ તે તબ્રીઝ અને ગુલાણના બગીચા વિભાગ તરફ ગયો, તે તેની આશા સહેલાઇથી પુરી થવાની ઉમેદ ધરાવતો હતો.

૩૧૦૮ તબ્રીઝના ભવ્ય બાદશાહી શહેરમાંથી તેની આશા ઉપર પ્રકાશના કિરણો અથડાતાં હતા.

૩૧૦૯ તેનો આત્મા મિસરના મિલન અને યુસુફમાંથી સુવાસિત (ફુંકાતી) હુંફ અને (અમીર) માણસની પેલી ફળવાડીમાં આનંદથી હસતો હતો.

૩૧૧૦ તેણે ખુમ પાડી, "ઉંટના દળરક્ષક, મને (ઉતરવા માટે) મારા ઉંટને ઘુંટણીએ પડવા દે, મારી મદદ આવી પહોંચી છે અને મારી જરૂરીયાત ઉડી ગઇ છે.

૩૧૧૧ ઓ મારા ઉંટ, ઘુંટણીએ પડ, મારી બાબતો વધી ગઇ છે, બરેબર, તબ્રીઝ એવી જગ્યા છે. કે જ્યાં બાદશાહો ઉતરે (અને વસવાટ કરે છે).

૩૧૧૨ ઓ મારા ઉંટ, ચરાણુની આજુબાજુ ચર. તબ્રીઝ આપણા માટે સર્વોતમ દાનનું મુળ છે.

૩૧૧૩ ઓ ઉંટ સવાર, ઉંટો ઉપરથી ભાર ઉતારો, તે તબ્રીઝ શહેર છે, અને - ગુલાબના બગીચાનો વિભાગ છે.

૩૧૧૪ આ બગીચાને બહિશ્તની ખુબસુરતી છે. આ તબ્રીઝને બહિશ્તની ચમક છે.

૩૧૧૫ વખતની દરેક પળે આત્માથી પ્રસારીત થએલ આનંદ સુવાસો પ્રગટાવતો, અવકાશ ઉપરથી તરતો તરતો તબ્રીઝના લોકો ઉપર ઉડતો હતો.

૩૧૧૬ જ્યારે ગરીબ અજાણ્યાએ અમલદારનું ઘર શોધ્યું, લોકોએ તેને કહ્યું કે પ્રેમાળ ચાલ્યો ગયો છે.

૩૧૧૭ તેઓએ કહ્યું "ગઇ પરમ દિવસે તેને આ દુનિયાથી હટાવાયો છે, તેના ઉપર પડેલા સંતાપ માટે (દરેક) સ્ત્રી અને પુરૂષ (દિલગીરીથી) ફિક્કાં થયાં છે.

૩૧૧૮ તે અવકાશી મોર બહિશ્તમાં ગયો છે. જ્યારેકે બહિશ્તના સુચનથી સુગંધ અદ્રષ્ય સંદેશવાહકોમાંથી તેને પહોંચી.

૩૧૧૯ અલગત (રક્ષણ શોધતા) લોકો માટે તેનો પડછાયો પનાહ હતી, સુર્ય તેન ઉપર જલ્દીથી ફરી વળ્યો.

૩૧૨૦ તેણે ગઇ પરમ દિવસે આ કિનારા ઉપરથી પોતાની હોડી હડસેલી મેલી, શેઠ આ દિલગીરીના ઘરથી ઘરાઈ ગયો હતો.

૩૧૨૧ ગરીબ માણસ ચીસ પાડી ઊઠ્યો અને બેભાન બની પડ્યો. તમો કહેશો કે તેણે પણ (પોતાના દોસ્તના) પગલે પ્રેમને છોડી દીધું હતું.

૩૧૨૨ પછી તેઓએ દ્રાક્ષાસવ અને પાણી તેના ચહેરા ઉપર છાંટ્યા. તેના સાથી મુસાફરો રોયા અને તેની હાલત ઉપર વિલાપ કર્યો.

૩૧૨૩ તે રાત્રી પડતાં સુધી બેભાન રહ્યો અને પછી તેનો આત્મા અર્ધ મરેલો અદ્રષ્યમાંથી પાછો ફર્યો.

અમલદારના મૃત્યુની ગરીબ અજાણ્યાને અમર આપત્રી અને એક પેદા કરાએલા જીવ ઉપર આધાર રાખવા માટે ખુદાની માફી માગવી અને પેદા કરાએલા જીવના દાન ઉપર પોતાની ઉમેદો રાખવા (પસ્તાવું). તેણે ખુદા પાસેથી મેળવેલા આશીર્વાદો યાદ કરવા અને ખુદા તરફ પાછા ફરવું અને પોતાના પાપનો પશ્ચાત્તાપ કરવો. "પછી ચેલાઓ કે જેઓ તેને બીજાઓ સાથે સરખો માનતા નથી."

૩૧૨૪ જ્યારે તે પોતાના ભાનમાં આવ્યો, તેણે કહ્યું "ઓ પેદા કરનાર, હું મારી આશાઓ તારા પેદા કરેલા જીવ ઉપર મુકતો હતો.

૩૧૨૫ જોકે શેઠે મોટી ઉદારતા બતાવી હતી (છતાં) તે તારી કૃપાની સમોવડી કદી ન હતી.

૩૧૨૬ તેણે ટોપી આપી પછી તે સમજણભરેલ મસ્તક આપ્યું, તેણે ડગલો આપ્યો પણ પણ તે મોટું કદ અને આકૃતિ આપી.

૩૧૨૭ તેણે મને સોનું આપ્યું, પણ તે હાથ કે જે સોનું ગણે છે તે આપ્યા. તેણે મને સવારી કરવા પશુ આપ્યું પણ તે મન જે તેના ઉપર સવારી કરે છે તે આપ્યું.

૩૧૨૮ શેઠે મને મીણબત્તી આપી. પછા તે ઠંડી (પ્રકાશિત અને આનંદી) આંખ આપી. શેઠે મને સ્વાદિષ્ટ ભોજન આપ્યું પણ તેં ખોરાક આરોગનાર જઠર આપ્યું.

૩૧૨૯ તેણે મને નિયમિત વેતન આપ્યું પણ તેં જીવન અને જીવતી હસ્તિ આપી. તેનું વચન સોનું હતું, પણ તારું વચન (આત્માની) પવિત્ર વસ્તુ.

૩૧૩૦ તેણે મને એક ઘર આપ્યું પણ તેં જમીન અને આસમાન આપ્યું. તારા ઘરમાં તે અને તેના જેવા એક સો જડા બને છે.

૩૧૩૧ સોનું તારું જ છે. તેણે સોનું પેદા કર્યું નથી. રોટલો તારો જ છે. રોટલો તેની પાસે તારા થકી જ આવ્યો.

૩૧૩૨ તેં જ વળી તેને ઉદારતા અને દયા આપી અને તેનો આનંદ પેલી ઉદારતા બતાવતાં વધતી હતી.

૩૧૩૩ મેં તેને મારો કિલ્લો (ઇચ્છીત વસ્તુ) બનાવી. મેં અસલ કિલ્લો બનાવનાર તરફ ઉપેક્ષા કરી.

૩૧૩૪ કયામતના દિવસનો ઇન્સાફ કરનાર હ. આદમ (અ. સ.)ની માટી એને પાણીમાં સમજણ વાવતો હતો ત્યારે આપણે ક્યાં હતા ?

૩૧૩૫ જ્યારે કે (તે આપણા માટે હતું) કે તે શુન્યમાંથી આસમાન પેદા કરતો હતો અને આ જમીનની શેત્રંજી પાથરતો હતો.

૩૧૩૬ અને તારાઓની બત્તીઓ બનાવતો હતો અને (ચાર) કુદરતી દોલતનું એક તાળું તેને ઉઘાડવાની કુંચી સહિત (બનાવતો હતો).

૩૧૩૭ અરે, કેટલી બધી ઈમારતો (દ્રષ્ટિમાં) છુપેલ અને જોવામાં ખુલ્લી આ છાપરા (અવકાશનાં) ફરતી ઉભી કરી છે. અને આ શેત્રંજી (દુનિયા) !

૩૧૩૮ હ. આદમ (અ. સ.) (દૈવી) ભવ્યતાના લાક્ષણિકતાઓનો ભવિષ્યવેતા છે. હ. આદમ (અ. સ.)ની પ્રકૃતિ તેની પ્રેરણાનો રંગમંચ છે.

૩૧૩૯ જે જે તેનામાં દેખાય છે તે તે તેનું પ્રતિબિંબ છે. જેમ કે ચંદ્રમા નદીના પાણીમાં દેખાય છે.

૩૧૪૦ તેના ભવિષ્ય કથન ઉપરના 'કરોળીયા' (ઉંચી તણતી) ઉપરની દેખાય છે. અંકિત આકૃતિઓ અનંત લાક્ષણિકતાઓનો ખાતર ત્યાં છે.

૩૧૪૧ એટલા માટે કે તેનો 'કરોળિયો' અદ્રશ્ય અવકાશ અને આત્માના સુર્યના વિવરણમાં પાઠો આપે.

૩૧૪૨ એક (રૂહાની) ભવિષ્યવેતા વગર 'કરોળીઓ' અને આ ભવિષ્ય કથન જે સીધો દોરવે છે તે (નકામી રીતે) હલકટના હાથમાં પડે છે.

૩૧૪૩ ખુદા આ (રૂહાની) ભવિષ્યશાસ્ત્રનું જ્ઞાન નબીઓ ઉપર નવાજીશ કરે છે, કારણ કે અદ્રષ્યના (ગુહાર્થો) માટે એક આંખ કે જે અદ્રષ્ય જુએ છે તે આંખની જરૂર છે.

૩૧૪૪ આ (સંસારી) પેઢીઓ ચાલુ દુનિયાના કુવામાં પડી છે, દરેક જણ કુવામાં પોતાનું પ્રતિબિંબ જુએ છે

૩૧૪૫ જાણ કે જે કુવામાં તમોને દેખાય છે તે (ખરેખર તો) બહારની છે, નહિતર તમો પેલા સિંહ જેવા છો કે જે કુવામાં પડયો અને ડુબી ગયો.

૩૧૪૬ એક સસલું તેને ગેરરસ્તે દોરવી ગયું, કહે, ઓ ફલાણા, આ બનુની સિંહ (તારો હરિફ) કુવાના તળીએ છે.

૩૧૪૭ કુવામાં જાઓ અને તેના ઉપર વેર વાળો, તેનું માથું ભાંગી નાખો. જ્યારે તમો તેનાથી વધુ શક્તિશાળી છો.

૩૧૪૮ પેલો સત્તાનો આંધળો અનુયાયી સસલાથી વશ થયો, તેણે પોતાને પોતાની ખુદની કલ્પનાથી અગ્નિથી ઉકાળ્યો હતો.

૩૧૪૯ તેણે કહ્યું નહિ, આ પ્રતિબિંબ પાણીથી પેદા થએલું નથી. આ તેના સિવાય પેદા થયું નથી કે સિવાય (દૈવી) બદલનારની બદલતી કાર્યવ્યવસ્થા.

૩૧૫૦ તેથી જ્યારે તમો ઓ છ (દિશાના) ગુલામ, તમારા દુશ્મન ઉપર વેર વાળો ત્યારે જે તમો જુઓ છો તેના સંબંધમાં તમો ભુલથાપમાં છો.

૩૧૫૧ તેનામાં (તમારા દુશ્મનમાં) પેલી દુશ્મનાઈ ખુદામાંથી પ્રતિબિંબિત છે, કારણ કે તે કોપના (દૈવી) ગુણધર્મમાંથી ત્યાં ઉતરી આવેલ છે

૩૧૫૨ અને તેનામાંનું પેલું પાપ તમારા પાપ સાથે મળતીયું છે. તમારે પોતાને પોતાની પ્રકૃતિના પેલા (હલકા) દુર્ગુણને ધોઈ નાખવો જોઈએ.

૩૧૫૩ તમારો હલકો અવગુણ તમને તેનામાં પોતે જ બતાવ્યો કારણ કે તે તમને આરસીના પટની માફક હતો.

૩૧૫૪ ઓ હસન, જ્યારે તમોએ આરસીમાં તમારૂં કદરૂપાપણું જોયું છે ત્યારે આરસી તરફ એકાદ ફટકો લગાવતા નહિ.

૩૧૫૫ એક ઉંચો તારો પાણીમાં પ્રતિબિંબિત થાય છે અને તારાના પ્રતિબિંબ તરફ તમો માટી નાખી રહ્યા છો.

૩૧૫૬ કહીને, આ અપશુકનીઓ તારો મારા સારા શુકનને ઉથલાવી નાખવા પાણી ઉપર આવેલ છે.

૩૧૫૭ તમો તેના ઉપર પરાધીનતાની માટી રેડશો, કારણ કે મળતાપણાના કારણે તમો તેને તારો બનેલો નિરખશો

૩૧૫૮ (જ્યારે) પ્રતિબિંબ (દૃષ્ટિમાં) સંતાએલું બને છે અને અદ્રશ્ય થાય છે, તમો ધારો છો કે તારો વધુ વાર નથી,

૩૧૫૯ (પણ) અપશુકનીયાળ તારો આકાશમાં છે, તે પેલા સ્થળે છે, (તેના અપશુકનીયાળ-પણામાંથી) તેને સમો કરવો જોઈએ.

૩૧૬૦ નહિ, તમારે તમારૂં દિલ તેના ઉપર ચોંટાડવું જોઈએ કે જે નિઃસીમ છે, આ સ્થળનું બદકિસ્મત (માત્ર) તે જન્યાનું પ્રતિબિંબ છે કે જ્યાં કોઈ સ્થળ હસ્તિ ધરાવતું નથી.

૩૧૬૧ જાણ કે બધાં ઇનામો ખુદાનું ઇનામ અને તેની કૃપા છે. તે પેલાં ઇનામો કે જે (દુનિયામાં) પાંચ ઇન્દ્રિઓ અને છ (દિશા)નાં દેખાતાં પ્રતિબિંબો છે.

૩૧૬૨ ભલે ઇનામો આ હલકી (સંસારી ચીજોનાં) રેતીથી પણ વધુ સંખ્યામાં હોય, (છતાં) તમો મરી જશો અને તેઓ વારસોની માફક પાછળ છોડી દેવાં પડશે.

૩૧૬૩ બધા પછી પ્રતિબિંબ કેટલો લાંબો વખત દૃષ્ટિમાં રહેશે? ઓ તું કે જે ત્રાંસુ જુએ છે, (પ્રતિબિંબના) અસલને ધિક્કારવાની આદત પાડતો બન.

૩૧૬૪ જ્યારે ખુદા પેલાઓ કે જેઓ પોતાની જરૂરીયાત પ્રસંગે તેને નમ્રતાપુર્વક વિનવે છે તેના ઉપર કૃપા ઇનાયત કરે છે, સાથે પોતાનું ઇનામ, તે તેના ઉપર એક લાંબી જીંદગી ઇનાયત કરે છે

૩૧૬૫ ફાયદો અને ફાયદો મેળવનાર (બન્ને) કાયમ માટે હૈયાત રહેનાર બનાવાયા છે, ✓ તે તેજ છે કે જે મરેલાને હૈયાતિમાં લાવે છે, તેથી તેનામાં આશ્રય લે.

૩૧૬૬ ખુદાઈ બક્ષિશો આત્માની માફક તારામાં એકમેક થઈ ગઈ છે, એવી સારી રીતે કે તમો તેઓ છો અને તેઓ તમો છે.

૩૧૬૭ જો તમને રોટલા અને પાણીની વધુ વાર ભુખ ન હોય તો આ બન્ને સિવાય સુંદર પૌષ્ટિક આહાર આપશે.

૩૧૬૮ જો તમારૂં જડાપણું ચાલ્યું ગયું છે તો ખુદા પેલી પારથી (રૂહાનીયત) જડાપણું (કાયાના) પાતળાપણામાં સંતાએલું આપશે.

૩૧૬૯ જ્યારે તે હુરાંને સુગંધમાંથી પૌષ્ટિક ખોરાક આપે છે અને દરેક ફિરસ્તાને આત્મામાંથી આહાર આપે છે.

૩૧૭૦ ત્યારે (જનાવરી) આત્મા શું છે કે તેના ઉપર તમારે આધાર રાખવો જોઇએ? ખુદા તેના પ્રેમથી તમને જીવતા રાખશે.

૩૧૭૧ તેની પાસેથી પ્રેમનું જીવન માગો અને (જનાવરી) આત્મા માટે માગણી કરતા નહિ. તેની પાસેથી (રૂહાનીયત) ખોરાક માગો અને રોટલા માટે માગણી કરતા નહિ.

૩૧૭૨ જાણુ કે પેદા કરાએલ જીવોની (દુનિયા) પવિત્ર અને ચોકખા પાણી જેવી છે જેમાં સર્વશક્તિમાનના ગુણધર્મો ચમકે છે.

૩૧૭૩ તેઓનું જ્ઞાન અને તેઓનો ન્યાય અને તેઓની દયા વહેતા પાણીમાં (પ્રતિબિંબીત) અવકાશી ગ્રહની માફક છે.

૩૧૭૪ બાદશાહો ખુદાની બાદશાહી જાહેર કરતા રંગમંચ છે, શીખેલા ડહાપણની આરસી છે.

૩૧૭૫ પેઢીઓ પસાર થઈ ગઈ છે, અને આ એક નવી પેઢી છે, ચંદ્રમા તે જ ચંદ્રમા છે (પણ) પાણી તે જ પાણી નથી.

૩૧૭૬ ન્યાય તે જ ન્યાય છે અને શિક્ષણ પણ તે જ શિક્ષણ છે, પણ પેલી પેઢીઓ અને લોકો બદલાએલા છે.

૩૧૭૭ આ મહેરબાન, પેઢીઓ ઉપર પેઢીઓ પસાર થઈ ગઈ છે, પણ ખ્યાલો (દૈવી ગુણધર્મો) કાયમી અને અનંત છે

૩૧૭૮ આ નહેરમાંનું પાણી ઘણી વખત બદલાયું છે. ચંદ્રમા અને તારાઓનું પ્રતિબિંબ બદલાયા વગરનું રહ્યું છે.

૩૧૭૯ તેથી તેનો પાયો વહી જતું પાણી નથી. નહિ તેનો પાયો બહિશ્તના (બહોળા) પહોળા વિસ્તારમાં છે

૩૧૮૦ આ ગુણધર્મો આદર્શ તારાઓ માફક છે. જાણુ કે તેઓ (વાસ્તવિકતાના) અવકાશમાં સ્થાપિત થયા છે.

૩૧૮૧ સુંદર તેની સુંદરતાની આરસી છે. તેમનામાંનો પ્રેમ. તે કે જે (ખરી) વસ્તુ છે તેની ઈચ્છાનું પ્રતિબિંબ છે.

૩૧૮૨ આ ગાલ અને લાખું ત્યાંથી તેના મુળમાં (પાછાં) જશે, એક આભાસ પાણીમાં હંમેશ માટે કેમ ચાલુ રહેશે ?

૩૧૮૩ ચિત્રોના રૂપોનો આખો સરવાળો (માત્ર) નદીના પાણીમાંનો એક પડછાયો છે જ્યારે તમો તમારી આંખ ઘસશો (તમો નિરખશો કે) તેમનામાંના બધા બરોબર 'તે' છે,

૩૧૮૪ ફરીવાર તેની (કરજદારની) સમજણે (તેને) કહ્યું. "આ બેવડું જોવું મુકી દે, સુરકો દ્રાક્ષાસવ છે, અને દ્રાક્ષાસવ સુરકો છે.

૩૧૮૫ જ્યારે કે (દ્રષ્ટિના) ખામીપણા અંગે, તમોએ શેઠને (ખુદા સિવાય) બીજો બોલાવ્યો છે, એ બેવડી નજરવાળા અદેખા, બાદશાહ આગળ શરમ રાખ.

૩૧૮૬ શેઠ કે જે અવકાશની પાર પસાર થઈ ગયો છે તેને આ અંધારામાં ઉંદરો સાથે મળતીઓ બનેલો ધારતો નહિ.

૩૧૮૭ શેઠને એક આત્મા માફક નિરખ, એક હલકી કાયા જેવો તેને જો નહિ, તેને એક મજ્જા માફક નિહાળ, તેને એક હાડકાં માફક જો નહિ.

૩૧૮૮ સ્થાપિત ઇબલીસની આંખથી શેઠ તરફ જો નહિ (તેનું અસલ) માટી હોવાનું તેને જણાવ નહિ.

૩૧૮૯ સુર્યના સાથી મુસાફરને ચામાચીડીઓ કહી બોલાવ નહિ, તે કે જેને ફિરસ્તાઓએ સિજદો કર્યો તેને (પાર્થીવ ચીજોની) બંદગી કરનાર તરીકે બોલાવ નહિ.

૩૧૯૦ આ (શેઠ) (બીજા) પ્રતિબિંબોને મળતો છે, પણ હકીકતમાં) તે એક પ્રતિબિંબ નથી તે પ્રતિબિંબના દેખાવમાં ખુદાનો બાહ્યાકાર છે.

૩૧૯૧ એક સુરજને નિરખ અને વધુ વર્ણત શીખેલો ન રહેતો. ગુલાબનું તેલ તલના તેલથી (મળેલું) વધુ વર્ણત રહેતું નથી.

૩૧૯૨ જ્યારે કે 'અબ્દાલ ખુદાના (પ્રતિનિધિ) એ પ્રકૃતિ બદલી છે, તેઓ પેદા કરાએલા સજીવ જીવોની જેમ (ઓળખાતા બનતા નથી) પાનું ફેરવ. (હ. આદમને ફિરસ્તાઓનો સિજદો બરોબરી રીતે તો ખુદાને સિજદો હતો) .

૩૧૯૩ (સિજદાની વસ્તુ) 'કિબ્લા' એટલે કે (દૈવી) ઐકયતા બે કેમ બને ? ફિરસ્તાઓ માટીને સિજદો કેમ કરે ?

૩૧૯૪ જ્યારે એક માણસ નદીમાં સફરજનનું પ્રતિબિંબ જુએ છે અને તેમને નિરખતાં પોતાનું પહેરણ (બરા) સફરજનથી ભરે છે.

૩૧૯૫ નદીમાં જોએલું જે આભાસ કેમ બને ? જ્યારે કે એક સો કોથળા પેલી દ્રષ્ટિ અંગે ભર્યા છે ?

૩૧૯૬ કાયાને નિરખ નહિ. પેલાં મુંગા અને બહેરા માણસો કે જેઓ 'સત્ય' જ્યારે તેમની કને આવ્યું ત્યારે તેમાં ઈમાન લાવ્યા નહિ-તેની માફક વર્તતો નહિ.

૩૧૯૭ શેઠ (ખુદાઈ ઇન્સાન કે જેના માટે ખુદાએ કહ્યું) છે, "જ્યારે તેં ફેંકી ત્યારે તેં ફેંકી ન હતી" તેને જોવો તે પેદા કરનારને જોવા બરાબર છે.

૩૧૯૮ તેની બિદમત તે ખુદાની બિદમત છે 'ખુદાઈ ઇન્સાનને જોવો એ ખુદાના નૂરને જોવા બરાબર છે.

૩૧૯૯ બાસ કરીને આ સંપૂર્ણ હસ્તિ ખૂદ જ દેદિપ્યમાન છે, (તેની અંદર, કાંઇપણ સુર્યથી કે તારાથી પ્રકાશ અનામત રખાયેલ નથી.

૩૨૦૦ પેલા (દૈવી) સુર્યમાંથી સંપૂર્ણ માનવ ઉપર કિરણો પ્રકાશે છે, પણ સાધારણ રસ્તામાં કે દિશામાં નહિ.

૩૨૦૧ સૂર્ય અને આ બારી (સંપૂર્ણ માનવ) વચ્ચે એક રસ્તો છે, (પણ (બીજી) બારીઓ (માનવો) તેનાથી જાણીતી નથી.

૩૨૦૨ કે જેથી જો એક વાદળું ચડે અને આકાશને ઢાંકે (છતાં) આ સંપૂર્ણ માનવને તેનો (સુર્યનો) પ્રકાશ ચળકે છે.

૩૨૦૩ સુર્ય અને બારી (સંપુર્ણ માનવ) વચ્ચે આ વાતાવરણ અને છએઈ દિશાઓ અંગે ગાઢ પરિચય છે.

૩૨૦૪ **તેને (સંપૂર્ણ માનવ) ના વખાણ કરવા અને સ્તુતિ કરવી એ ખુદાના વખાણ છે, સંપૂર્ણ માનવના આત્મામાં આ રહેમતો ઉગે છે.**

૩૨૦૫ સફરજનો આ ટોપલીમાંથી સુંદર જાતોમાં ઉગે છે, તેમાં કાંઈ નુકસાન નથી કે જો તમો તેના ઉપર 'ઝાડ'નું નામ ઇનાયત કરો.

૩૨૦૬ આ ટોપલીને સફરજનના ઝાડ કહીને બોલાવો, કારણ કે બન્ને વચ્ચે એક ગુપ્ત રસ્તો છે.

૩૨૦૭ તે કે જે ફળ આપતા ઝાડમાંથી ઉગે છે, તેજ જાતનું ફળ આ ટોપલીમાંથી ઉગે છે.

૩૨૦૮ તેથી ટોપલીને દોલતના ઝાડ તરીકે નિહાળ અને ટોપલીના પડછાયે (રક્ષણમાં) સુખપૂર્વક બેસ.

૩૨૦૯ જ્યારે રોટલો ઢીલાપણું પેદા કરે છે ત્યારે બો માયાળુ આદમી, તેને રોટલા નામે શા માટે બોલાવે છે? તેને 'સ્કેમની' કહી બોલાવો.

૩૨૧૦ જ્યારે રસ્તા ઉપરની ધુળ આંખ અને આત્માને ઉજળે છે, ત્યારે તેની ધુળને આંજણ તરીકે બોળખ અને જાણ કે તે આંજણ છે.

૩૨૧૧ જ્યારે પૃથ્વીના પટમાંથી સુર્યપ્રકાશ પાથરે છે ત્યારે મારે શા માટે આયુક (તારા) તરફ મારો ચહેરો ઉંચો કરવો જોઇએ?

૩૨૧૨ તે (શેઠ) નહિવત બન્યો છે, બો ગર્વીષ્ટ આદમી, તેને અસ્તિત્વવાળો કહી બોલાવ નહિ, આના જેવી નદીમાં ઢેકું સુકું કેમ રહે?

૩૨૧૩ આ સુર્યની હાજરીમાં નવો ચાંદ કેમ પ્રકાશે? આવા એક ફરસ્તાફની વિરુદ્ધ એક બખડી ગએલ બુઢી ડોસીનું કયું જોર હોય?

૩૨૧૪ (માત્ર બરોજ) આડતીઓ (બધા ઉપર) શોધતો અને સરસાઈ ભોગવતો છે. અંતે કે સંપૂર્ણપણે (બધી બોટી) હસ્તિઓને નેસ્તોનાબુદ કરે.

૩૨૧૫ 'બે' કહે નહિ, 'બે' જાણ નહિ, 'બે' બોલાવ નહિ, ગુલામને તેના શેઠમાં ભુંસાએલ બનેલો નિહાળ.

૩૨૧૬ શેઠ તેવી જ રીતે નહિવત અને મરેલો અને હરાવેલો અને શેઠના પેદા કરનારમાં દટાએલો છે.

૩૨૧૭ જ્યારે આ શેઠને ખુદામાંથી બુદાની માફક જોશો ત્યારે તમો વાસ્તવિકતાની બાહેર અને અંદરની બન્ને બાજુ બોશો.

૩૨૧૮ સાંભળો, તમારી (આંતરીક) આંખ અને તમારૂં દિલ (આ કાયાની) માટીથી ભલે પસાર થઈ જાય, આ એક 'ક્રિશ્લા' જો નહિ.

૩૨૧૯ જ્યારે તમો બે જોશો ત્યારે તમો બન્ને બાજુના વંચિત રહેશો, જ્યારે ખુદા પોતેજ પોતાની કિર્તી જાહેર કરે છે ત્યારે બુદીનો આભાસ અદ્રશ્ય થાય છે.

૩૨૨૦ માણસ કે જે એવડું જુએ છે તેની બોધવાર્તા, તે કાશ શહેરમાં એક અજાણ્યા જેવો છે, કે જેનું નામ ઉમર હતું. આ (નામના) કારણે તેણે (વસ્તુની ના પાડી અને) એક દુકાનથી બીજી દુકાને ધકેલ્યો. તેણે પારખ્યું નહિ કે બધી દુકાનો આ બાબતમાં એક હતી કે તેઓ (દુકાનદારો) 'ઉમર'ના (નામેરીને રોટી વેચશે નહિ.(તેથી તેણે પોતાને કહ્યું નહિ) અહીં (અને અત્યારે જ) હું મારી ભુલ સુધારીશ (અને કહે) મેં એક ભુલ કરી છે. મારૂં નામ ઉમર નથી. જ્યારે હું મત બદલીશ અને આ દુકાનમાં મારી ભુલ સુધારીશ, ત્યારે હું શહેરની બધી દુકાનોમાંથી રોટી મેળવીશ, પણ જો, મારી ભુલ સુધાર્યા વગર હું મારૂં નામ રાખીશ અને આ દુકાનેથી (બીજી) તરફ ભટકીશ, તો (પછી) હું 'બ્રેડ'થી વંચિત બનીશ અને એવડું જોઈશ, કારણકે મેં આ બધી દુકાનો એકબીજીથી જુદી નિહાળી છે.

૩૨૨૧ જો તમારૂં નામ ઉમર છે તો કાશ શહેરમાં કોઈપણ તમને એક પણ પાંઉ રોટી એકસો સિક્કાથી પણ વેચશે નહિ.

૩૨૨૨ જ્યારે તમો એક દુકાને કહેશો, 'હું ઉમર છું, મહેરબાની કરી આ ઉમરને એક પાંઉરોટી વેચાટી આપો.'

૩૨૨૩ તે (ભઠિયારો) કહેશે, પેલી બીજી દુકાને જાઓ, પેલી (દુકાનની) એક પાંઉરોટી અહીંની પચાસ કરતાં વધુ સારી છે.

૩૨૨૪ અને પછી એવડું ન જોવાથી પેદા થયેલ પ્રકાશે, કાશના તેના (ભઠિયારાના) દિલ ઉપર કિરણો ફેંકયા હોત અને ઉમર અલી બન્યો હોત.

૩૨૨૫ આ (ભઠિયારો) કહે છે. આ જગ્યાએથી (દુકાનેથી) પેલો બીજા ભઠિયારાને કહે છે. ઓ ભઠિયારા, આ 'ઉમરને પાંઉરોટી વેચજે.'

૩૨૨૬ અને તે પણ ઉમરનું (નામ) સાંભળતાં (તમારાથી) પાંઉને અટકાવશે અને (તમને) દુરની બીજી દુકાન તરફ મોકલશે.

૩૨૨૭ કહે છે, "ઓ મારા ભાગીદાર, આ ઉમરને પાંઉરોટી આપજે. એટલે કે મારા કહેવાના (અવાજમાંથી) (મારો ખરો અર્થ) તારવી લેજે."

૩૨૨૮ તે પણ (બીજા ભઠિયારામાંથી) તમને આગળ ધકેલશે. (તેને કહેશે) સાંભળ, થોડી પાંઉરોટી મેળવવા ઉમર આવ્યો છે.

૩૨૨૯ જ્યારે કે તમો એક દુકાનમાં ઉમર બન્યા છો તો તમારે રસ્તે જાઓ અને કાશાનમાંથી પાંઉરોટી મેળવવાની આશા રાખતા નહિ.

૩૨૩૦ પણ જો તમો એક દુકાનમાં કહ્યું હોત, (હું) અલી (છું) (તો પછી તમોએ) કાંઈપણ તકલીફ વગર અને એક દુકાનેથી બીજી દુકાને પ્રચાર થયા વગર આ દુકાનેથી પાંઉરોટી મેળવી હોત.

૩૨૩૧ જ્યારે બાઉ માણુસ માણુસ કે જે (એકને બદલે) બે જુએ છે તે સ્વાદિષ્ટ ખોરાકના આનંદથી વંચિત રહે છે, (તમારી બાબત વધુ ખરાબ છે. કારણકે) ઓ તું કેજે તારી માતાને પણ વેચે તેવો છે, તું દસ જુએ છે!

૩૨૩૨ એવડું જોવાના કારણે પૃથ્વીના આ કાશાનમાં ઉપરની માફક જ્યારે કે તમો અલી નથી તો (આમ તેમ) ભટકજો.

૩૨૩૩ આ નાશ પામેલા મઠમાં માણુસ કે જે એવડું જુએ છે તેને (ચાલુ રીતે) એક બાંચાથી બીજા બાંચા તરફ હટાવાય છે. ઓ (તું કે જે પોતાને કહીશ), (હું જે) ભલું શોધું છું તે ત્યાં મળશે.

૩૨૩૪ પણ જો તમો બે આંખો મેળવો કે જે ખુદાને ઓળખી શકે તો (તમે) જોશો કે આ બન્ને દુનિયાના સમસ્ત વિસ્તારો 'પ્રિતમ'થી ભરપુર છે.

૩૨૩૫ (અને આવી રીતે) તમો આ કાશાનિ (કે જે) બીક અને આશાથી ભરપુર છે તેમાંથી એકથી બીજી જગ્યાએ ભટકતા બનવામાંથી છટકી શકશો.

૩૨૩૬ **જો તમો આ નદીમાં (ફનાની રાહબરમાં) આ (રહેમતનાં) ઝાડો જુઓ તો બીજી નદીઓની માફક તેમને આભાસો ધારી લેતા નહિ.**

૩૨૩૭ કારણકે આ પ્રતિમાઓના પ્રતિબિંબોનાજ કારણોથી ખુદાએ તમને વાસ્તવિક બનાવ્યો છે અને (વાસ્તવિકતાનાં) ફળો તમને વેચે છે.

૩૨૩૮ આ પાણીના કારણથી આંખને એવડું જોવામાંથી સ્વતંત્ર કરાઈ છે. તે પ્રતિબિંબ જુએ છે અને ટોપલી (ફળથી) ભરાઇ છે.

૩૨૩૯ તેથી આ (પાણી) એ હકીકતમાં ફળવાડી છે, તો પછી બિલકીસની માફક બોજાં-ઓથી (છાંટા ઉડવાની બીકમાં) વસ્ત્રો ઉતારતો નહિ.

૩૨૪૦ ગધેડાઓની પીઠ પર જુદી જુદી જાતના બોજા લાદેલા હોય છે. આ (બધા) ગધેડા-ઓને (એકજ) લાકડીથી હાંકતા નહિ.

૩૨૪૧ એક ગધેડો માણેકો અને મોતીઓથી લદાએલ છે. બીજા (સાધારણ) પત્થરો અને આરસપાણથી લદાએલ છે.

૩૨૪૨ આ (એક સરખો) સિદ્ધાંત બધી નદીઓને લગાડતો નહિ. આ નદીમાં ચંદ્રમાને (પોતાને) નિહાળ અને તેને (માત્ર) પ્રતિબિંબ કહી બોલાવ નહિ.

૩૨૪૩ આ બિઝરનું પાણી છે, નહિ કે શિકારનાં જનાવરો અને છોડવા બાતા જનાવરોથી પીવાએલ પાણી, તેમાં જે દરેક ચીજ દેખાય છે તે બરી છે.

૩૨૪૪ નદીના તળીયામાંથી ચંદ્રમા બુમ પાડે છે, હું ચંદ્રમા છું. હું પ્રતિબિંબ નથી. હું (નદી સાથે) વાતો અને મુસાફરી કરું છું.

૩૨૪૫ તે કે જે (દુનિયામાં) ઉંચે છે તે આ નદીમાં છે, તારી મરજી પડે તેમ ચેલી (નદીમાં) અથવા (દુનિયાની) ઉપર તેનો કબજો લે.

૩૨૪૬ આ નદીને બીજી નદીઓના (વર્ગની) બનેલી ધારી લેતો નહિ.
આ ચંદ્રમા ચહેરાની (ખુબસુરતી)નું કિરણ ચંદ્રમા (પોતે છે તે) જાણ.
૩૨૪૭ આ ચર્ચા અંત વગરની છે, ગરીબ અજાણ્યો ઘણજ રોયો. શેઠના (મરણના) કારણે તે હૃદયભગ્ન બન્યો હતો.
તશ્રીઝ શહેરના બધા બાગોમાંથી (અમલદાર)ના બેલીફે ફંડ ઉઘરાવ્યું અને એક નાની રકમ ભેગી કરવામાં આવી. અને ગરીબ અજાણ્યાનું અમલદારની કબરની મુલાકાતે જવું અને (તેની મદદ માટે) બંદગી રૂપે ધ્યાન એકઠું કરવાની રીતે તેની કબર ઉપર તેની દયાજનક હાલત રજુ કરવી.
૩૨૪૮ તેના દેવાનું દુઃખ નામીચું બન્યું અને બેલીફ તેના દુઃખથી મુંઝાયો હતો.
૩૨૪૯ તે (બેલીફ) ફંડ એકઠું કરવા શહેરની આજુબાજુ અને દરેક જગ્યાએ (લાગણી આકર્ષવા) ગયો. જે બન્યું હતું તે બધું તેણે કહી બતાવ્યું.
૩૨૫૦ (પણ) પેલા ભાવીક ભિખારીને ભીખ માગવામાં એક સો દિનાર કરતાં વધુ મળ્યું નહિ.
૩૨૫૧ (પછી) બેલીફ તેની પાસે આવ્યો અને તેનો હાથ પકડયો અને પેલા ઘણજ ઉદાર માણસની કબરની મુલાકાતે તેને લઇ ગયો.
૩૨૫૨ તેણે કહ્યું 'જ્યારે (ખુદાનો) એક દાસ દૈવી સદ્‌ભાવ મેળવે છે કે જેથી તે એક સદ્‌ભાગી માણસનો આદર સત્કાર કરે છે.
૩૨૫૩ અને તેના ખાતર પોતાની દોલત છોડી દયે છે અને પોતાના ઉપર પદવી ઇનાયત થવાની ખાતર પોતાની ખુદની પદવી કુરબાન કરે છે.
૩૨૫૪ તેની (શુભેચ્છક) ની આભાર વૃતિએ ચોક્કસ ખુદા તરફ આભારવૃત્તિ (જેવીજ) છે, જ્યારે કે (તે) દૈવી સદ્‌ભાવ (હતો) કે જે શુભેચ્છક સાથે મળેલો હતો.
૩૨૫૫ તેના તરફ અકૃતજ્ઞતાવાળા બનવું એ ખુદા તરફ અકૃતજ્ઞાતાવાળા બનવું છે, કાંઇ પણ શંકા વગર તેનો હક (કૃતજ્ઞતા) ઉપર આતુપંગીક છે.
૩૨૫૬ તેની કૃપાઓ માટે ખુદાનો હંમેશાં આભાર માનતો જા અને (તારા શુભેચ્છક) શેઠ તરફ પણ આભાર અને વખાણ કરતો જા.
૩૨૫૭ જો કે એક માતાનું માયાળુપણું (ખુદામાંથી) ઉતરી આવેલ છે (છતાં) તેણીની ખીદમત કરવી એ પવિત્ર ફરજ અને એક યોગ્ય કાર્ય છે.
૩૨૫૮ આ કારણે જ ખુદાએ કહ્યું છે "તમો તેને આશીર્વાદ આપો" કારણ કે એક હ. મોહમ્મદ (ર. સ. અ.) જ એક હતા કે જેઓને (દૈવી આજીવીકાના સદ્‌ગુણો) ઇનાયત થયા હતા.
૩૨૫૯ કયામતના દિવસે ખુદા તેના દાસને કહેશે, 'સાંભળ, મેં તારા ઉપર જે ઇનાયત કર્યું તેનું તેં શું કર્યું ?

૩૨૬૦ તે જવાબ આપશે, ઓ ખુદા, મેં મારા બારા અંતઃકરણથી તારો આભાર માન્યો.
હતો જ્યારે કે મારી રોજની રોજી અને રોટલાનું મુળ તારામાં હતું.
૩૨૬૧ (પછી) ખુદા તેને કહેશે, "નહિ, તેં મારો આભાર માન્યો નથી. જેમ કે તેં તેનો
આભાર માન્યો નહિ કે જેણે એક દાનશીલતાનું કાર્ય કર્યું.
૩૨૬૨ તમે એક ઉદાર માણસ તરફ ખોટું અને અન્યાયી વર્તન કર્યું છે, શું મારી
કૃપા તમારા તરફ તેની મારફત આવી ન હતી ?
૩૨૬૩ જ્યારે તે (કરજદાર) પોતાના શુભેચ્છકની કબર પાસે આવી પહોંચ્યો ત્યારે તેણે
ખૂબજ રોવું શરૂ કર્યું અને જોરથી આક્રંદ આદર્યું.
૩૨૬૪ તેણે કહ્યું "ઓ તું કે જે દરેક સાચા માણસનો આશરો અને ટેકો અને આશા
અને મુસાફરોને મદદગાર હતો.
૩૨૬૫ ઓ તું કે જેનું દિલ અમારી રોજીના સાધનોની ફિકરમાં રહેતું હતું, ઓ તું
કે જેની સદ્‌ભાવના અને સખાવત, અનંત પોષણના ખોરાક જેવી હતી.
૩૨૬૬ ઓ તું કે જે ગરીબ તરફ તેઓના કરો અને ખર્ચા ભરવામાં અને તેઓના દેવાં
ભરપાઈ કરવામાં સગાવહાલાં અને માબાપ જેવા હતો.
૩૨૬૭ ઓ તું કે જે સમુદ્રની માફક તને જેઓ નજીક હતા તેને મોતીઓ આપતો
હતો અને પેલાઓ જેઓ દુર હતા તેઓને વરસાદ ભેટ તરીકે મોકલતો હતો.
૩૨૬૮ અમારી પીઠો તારાથી ગરમ થતી હતી, ઓ સૂર્ય (કે જે) દરેક મહેલની ચમક
અને દરેક વેરાનમાં બબ્બનો હતો.
૩૨૬૯ ઓ તું કે જેની બબ્બરમાં કદી કોઇએ કરચલીઓ જોઇ ન હતી, ઓ તું (કે જે)
(વગર બદલાએલા) મેકાઈલ માફક ઉદાર અને દાનશીલ હતો.
૩૨૭૦ ઓ તું કે જેનું દિલ અદ્રષ્યના સમુદ્ર સાથે જોડાએલું હતું, ઓ તું કે જે
દાનશીલતાના (પહાડ) કાફ ઉપર અદ્રષ્ય અન્કા હતો.
૩૨૭૧ પોતાની કેટલી બધી દોલત ચાલી ગઈ છે તેનો જેણે કદી વિચાર કર્યો નથી
અને તારી ઉદારતાના અંગછેદનની સપાટી કદી તુટી ન હતી.
૩૨૭૨ ઓ તું કે જેને (દરેક) વરસ અને મહીનામાં હું અને મારા જેવા એકસોને તારા
પોતાનાં બચ્ચાં માફક એક કુટુંબ માફક બનાવેલ હતું.
૩૨૭૩ તું અમારી રોકડ અને અમારી જંગમ અને અમારૂં રાચરચીલું, અમારી પ્રખ્યાતિ,
અમારી કિર્તી અને અમારી માલમિલકત હતો.
૩૨૭૪ તું મરેલો નથી (પણ) અમારી મોજમજાહ અને મિલકત મરી ગઈ છે, અમારી
સુખી જીંદગી અને પુરેપુરું પોષણ જે આપેલું તેનો અંત આવ્યો છે.
૩૨૭૫ લડાઈમાં અને ઉદારતામાં એક બબ્બરમાં તારા જેવો એક હોય છે. નિઃસ્વાર્થ
કૃપાઓ ઉતારવાના વખતે (તું) એક સો હાતિમ જેવો હતો.

૩૨૭૬ ને હાતિમ (રૂહાની રીતે) મરેલ (સંસારી) ઉપર નાશવંત (દુન્યવી સમાન) ઇનાયત કરે તો તે (તેના જેવો છે કે જે) બચ્ચાંઓ ઉપર અમુક સંખ્યાના અખરોટો ઇનાયત કરે છે.

૩૨૭૭ દરેક પળે તું એક જીંદગી ઇનાયત કરે છે કે જે તેના કીંમતી પણા અંગે શબ્દોમાં સમાવી શકાય નહિ.

૩૨૭૮ તું ટકી રહે તેવી જીંદગી ઇનાયત કરતો હતો, ગણત્રીની પર અને તંગીથી બાકાત તેવો અસલ સોનાનો સિક્કો, (ઇનાયત કરતો હતો.)

૩૨૭૯ તારી ઉમદા સદ્‌ગુણોનો એક પણ વારસ હસ્તિ ધરાવતો નથી. ઓ તું કે જેનું રહેઠાણ બહિશ્ત છે. બંદગીમાં સિજદો કરે છે.

૩૨૮૦ પેદા કરાએલા બધા ભરવાડોમાં તારી દયા (વરૂના દુઃખમાંથી ખુદાના કાલિમ (હ. મુસા અ. સ.) ની માફક. (તેમનું રક્ષણ કરે છે.)

૩૨૮૧ ખુદાના કાલિમ પાસેથી એક ઘેટું ભાગી છુટ્યું. હ. મુસા (અ. સ) ના પગે (તેને ગોતવા માટે પીછો કરવામાં) ફોડલા ઉઠ્યા અને તેમના જોડાઓ નીકળી ગયા.

૩૨૮૨ (તેઓએ) રાત્રી પડી ત્યાં સુધી તેની શોધ ચાલુ રાખી અને (દરમ્યાન) ટોળું તેની દ્રષ્ટિમાંથી અદૃષ્ય થયું.

૩૨૮૩ (ગુમાવાએલું) ઘેટું અસત અને થાકથી થાકી ગયું હતું. પછી ખુદાના કાલીમે તેના ઉપરથી ધૂળ બંખેરી નાખી.

૩૨૮૪ અને તેની પીઠ અને માથા ઉપર હાથ ફેરવ્યો, એક માતાની માફક, પ્રેમથી વહાલ કર્યું.

૩૨૮૫ જરા જેટલો પણ ગુસ્સો અને સંતાપ વગર, પ્રેમ અને દયા અને આંસુઓ સિવાય કંઈ નહિ,

૩૨૮૬ તેઓએ (ઘેટાને) કહ્યું "મારા ઉપર (સ્વાભાવિક રીતે) તારી દયા નથી, તે માફ કરું છું (પણ) તારી પ્રકૃતિએ તારા ખુદના ઉપર આવું ઘાતકીપણું શા માટે બતાવ્યું?

૩૨૮૭ તે પળે ખુદાએ ફિરસ્તાઓને કહ્યું "નબીપણા માટે ફલાણો લાયક છે."

૩૨૮૮ હ. મુહમ્મદ (ર.સ.અ.)એ પોતે જ કહ્યું છે કે દરેક પયગમ્બરે યુવાન અથવા છોકરા (ની ઉમરે) ઘેટાં ચાર્યાં છે.

૩૨૮૯ (અને કે) તેના ભરવાડ બનવા વગર અને તે કસોટીમાંથી (પસાર થયા વગર) ખુદાએ દુનિયાની આગેવાની તેના ઉપર ઇનાયત કરી નથી.

૩૨૯૦ એક સવાલ કરનારે કહ્યું "ઓ શક્તિશાળી માનવ, શું તમો પણ?" તેઓએ જવાબ આપ્યો, "હું પણ લાંબો વખત એક ભરવાડ હતો."

૩૨૯૧ એટલા માટે કે તેઓની (પયગમ્બરોની) પ્રશાન્ત અને માનસિક સ્વસ્થતા બતાવેલી બનાવાય, ખુદાએ નબીપણું (આ પણ) પહેલાં તેઓને ભરવાડો બનાવ્યા.

૩૨૯૨ દરેક બાદશાહ કે જેઓ એવી સારી રીતે માણસ જાતને ચરાવવાનું કામ બજાવે છે તે (ખુદાના) હુકમને તાબે થાય છે.

૩૨૯૩ (અને) દીર્ઘદ્રષ્ટિ અને સમજણ સાથે તેઓની સંભાળ લેવામાં હ. મુસા (અ.સ.) જેવી પેલી ધૈર્યતાં બતાવે છે.

૩૨૯૪ અનિવાર્યપણે ખુદા તેના ઉપર એક રૂહાની રીતે ચરાવવાનું કામ ચંદ્રમાના ગોળા ઉપર ઇનાયત કરે છે

૩૨૯૫ તેવી જ રીતે તે પયગમ્બરોને (ઘેટાંઓની) સંભાળ લેવામાંથી ઉંચા દરજ્જે ચડાવ્યા અને મોમિનોની સંભાળ લેવાનું કામ સોંપ્યું.

૩૨૯૬ ઓ શેઠ, ટુંકામાં (ગરીબની) તમારાથી લેવાએલી સંભાળ કે જે તમોને ધિક્કારે છે તેને મુંગા બનાવે છે

૩૨૯૭ હું જાણું છું કે ખુદા બદલામાં પેલી પારની અનંતકાળની બાદશાહી ઇનાયત કરશે.

૩૨૯૮ સમુદ્ર (જેવા) કૃપાવંત તારા (ખુલ્લા) હાથની આશામાં અને પુરેપુરી મારી ફરજ બજાવવામાં અપાતા તારા એક ચેતનમાં આધાર રાખવામાં આવે છે.

૩૨૯૯ મેં બેધ્યાનપણે નવ હજાર સોનાના સિક્કાઓનું કરજ કર્યું છે, તું કયાં છે કે આ બધો કચરો સાફ બને ?

૩૩૦૦ તું કયાં છો કે લીલા બગીચાની માફક હસતો તું કહેત, "પેલી (રકમ) અને તેનાથી વધુ દસ ગણી મારી પાસેથી લઈ જા."

૩૩૦૧ તું કયાં છો કે મને હસતો બનાવે અને સદ્‌ભાવ બતાવે અને અમીરોની માફક લાભદાયી બને ?

૩૩૦૨ તું કયાં છો કે તું મને તારા બજનામાં લઈ જાય અને મારા કરજ અને ગરીબાઈમાંથી મને મુક્ત બનાવે ?

૩૩૦૩ (જ્યારે કે) હું ચાલુ રીતે 'બસ' કહું છું અને તું મારો દાનશીલ દોસ્ત, જવાબ આપે છે "મારા દિલની ખાતર આ પણ કબુલ કર."

૩૩૦૪ (કાયાની) માટી નીચે આ દુનિયાનો સમાવેશ કેમ થાય ? બહિશ્તનો સમાવેશ દુનિયામાં કેમ બને ?

૩૩૦૫ ખુદા બચાવે ! તું અત્યારે અને તારા જીવન દરમ્યાન આ બન્ને દુનિયાથી પર હતો.

૩૩૦૬ એક પંખી અદ્રષ્યના વાતાવરણમાં ઉડે છે, તેનો પડછાયો જમીનના એક ટુકડા ઉપર પડે છે

૩૩૦૭ કાયા દિલના પડછાયાના પડછાયાનો પડછાયો છે, દિલના ઉંચા દરજ્જાને લાયક કાયા કેમ હોય ?

૩૩૦૮ એક માણસ ઉંઘમાં પડેલો છે, તેનો આત્મા સુર્યની માફક આકાશમાં પ્રકાશે છે જ્યારે તેની કાયા પથારીમાં પડેલી છે,

૩૩૦૯ તેનો આત્મા બાલી સ્થાનમાં (એક કપડામાં અંદર સીવેલી) કોરની માફક સંતાએલ છે, તેની કાયા એક છોડની નીચે આમતેમ ફરતી હોય છે.

૩૩૧૦ જ્યારે કે આત્મા, મારા માલિકના હુકમમાંથી હસ્તિમાં આવતાં અદ્રશ્ય છે. દરેક સરખામણી કે જે હું (તેના સંબંધમાં) ઉચ્ચારું તે (સત્ય વર્ણનના) નક્કરરૂપ છે.

૩૩૧૧ અરે, હું અજાયબ થાઉં છું કે તારો મીઠો માણેકી (હોઠ) અને પેલા મીઠા જવાબો અને તારાં ગુઢાર્થો કયાં છે?

૩૩૧૨ અરે, હું અજાયબ થાઉં છું કે સાકર ચાવતો ગુલામી (હોઠ) અમારી મુંઝવણોના તાળાની ચાવી કયાં છે?

૩૩૧૩ અરે, હું અજાયબ થાઉં છું કે ઝુલફિકાર જેવા (ચોકખો) શ્વાસ કે જે અમારી સમજણોને દિવાના બનાવતો તે કયાં છે?

૩૩૧૪ પોતાનો માળો શોધતા કબુતરની જેમ કેટલો લાંબો વખત (હું?) અને કયાં અને કયાં અને કયાં અને કયાં અને કયાંની (ધુમ પાડીશ)?

૩૩૧૫ (તે અત્યારે) કયાં છે? તે જગ્યામાં કે જ્યાં (દૈવી) દયાના ગુણો છે, અને (દૈવી) શક્તિ અને મહિમા અને (અવકાશી) સુઝ.

૩૩૧૬ (તે અત્યારે) કયાં છે? તેના જંગલમાંના સિંહની માફક જ્યાં તેનું દિલ અને વિચાર હમેશાં રહેતા હતા.

૩૩૧૭ (તે અત્યારે) કયાં છે? તે જગ્યામાં કે જ્યાં દુઃખ અને તકલીફના વખતે દરેક સ્ત્રી અને પુરૂષની આશા તેના તરફ ફરતી હતી.

૩૩૧૮ (તે અત્યારે) કયાં છે? તે જગ્યામાં કે જ્યાં બિમારીના વખતે તન્દુરસ્તી મેળવવાની આશામાં આંખ પાંખ લેતી હતી.

૩૩૧૯ તે જગ્યામાં જ્યાં તકલીફમાંથી ઉગરવાના કારણે, ધાન્ય સાફ કરવા અથવા એક વહાણને (ચલાવવા) પવનને શોધતા હતા.

૩૩૨૦ તે જગ્યામાં દિલ જેને અગત્યતા બતાવતું હતું જ્યારે જીભ 'ચાહુ'નું ઉચ્ચારણ ઉચ્ચારતું હતું

૩૩૨૧ તે હમેશાં ખુદા સાથે છે (અને) કયાં? કયાં? થી પર. વણનારાની માફક "આપણે કયાં છીએ!" મેં કહ્યું હોત. !

૩૩૨૨ આપણી સમજણ કયાં છે કે એક સો જાતના દબદબાથી પ્રકાશતા રૂહાની પૂર્વ અને પશ્ચિમને નિહાળી શકે?

૩૩૨૩ તેની (શક્તિ) ભરતી અને ઓટ એક (મોટા) ફીણવાળા સમુદ્રથી પેદા થતી હતી (હવે) ઓટ શમી ગઈ છે અને (માત્ર) ભરતી રહી છે.

૩૩૨૪ હું નવ હજાર (દિનારના) કરજમાં છું અને સહારો નથી (માત્ર) એક આ કાળામાંથી એક સો દિનાર છે.

૩૩૨૫ ખુદાએ તને (આ દુનિયામાંથી) ઉપાડી લીધો છે અને હું તકલીફમાં રહી ગયો છું. (અહીંથી) નિરાશ બનું છું. ઓ તું કે જેની માટી મીઠી છે!

૩૩૨૬ તારા દુઃખી (રોનાર) માટે એક પ્રાર્થના તારા અંતઃકરણમાં રાખી મુકજે, એ તું કે જેનો ચહેરો અને હાથો અને પ્રાર્થના માનવંત છે.

૩૩૨૭ હું ઝરો અને (બધા) કુવારાના મુળ તરફ આવ્યો. મને તેમાં પાણીને બદલે લોહી મળ્યું. પાણી તે જ નથી.

૩૩૨૮ આકાશ તેજ પ્રકાશ છે (પણ) ચાંદની તેજ નથી, નહીં તો તે જ નદી છે (પણ)

૩૩૨૯ દાતાઓ છે (પણ) પેલો એક કયાં છે કે (બધાથી) ઉતમોત્તમ ભલો બનતો હતો? તારાઓ છે. (પણ) પેલો સુર્ય કયાં છે?

૩૩૩૦ એ પુજનીય પુરુષ, તું ખુદામાં ગયો છે, હું પણ આથી ખુદામાં જ જઈશ.

૩૩૩૧ ખુદા સભાગૃહ છે જ્યાં (માણસ જાતની) પેઢીઓ તેના વાવટા નીચે એકઠી થઈ છે, "બધાને અમારી સમક્ષ લાવવામાં આવ્યા છે."

૩૩૩૨ ચિત્રો (પાર્થીવ રૂપો) (તેનાથી) સભાન અથવા બેભાન ચિત્રકારના હાથમાં (હંમેશાં) હાજર હોય છે.

૩૩૩૩ પળેપળ તે સીમા વગરનો એક, તેઓના વિચારના પાના ઉપર (તે ધારે તે) ચિતરે છે અને (પછી) ભુંસી નાખે છે.

૩૩૨૪ તે (ત્યાં) કોપ ઉતારે છે અને પરિચય ઉઠાવી લ્યે છે, તે (ત્યાં) કૃપણતા મુકે છે. અને ઉદારતા ઉઠાવી લ્યે છે.

૩૩૩૫ મારા ખ્યાલો સવારે કે સાંજે આંખના અર્ધા એક મટકા માટે પણ કદી (મગજ ઉપર) આ છાપ પાડવાના અને ભુંસી નાખવાના આ (કાર્યમાંથી) બાકાત રહેતા નથી.

૩૩૩૬ કુંભાર ઘડાને ઘાટ ઘડવા ઝડપે છે, ઘડો પોતાની મેળે પહોળો અને લાંબો કેમ બનશે?

૩૩૩૭ લાકડાને સુથારના હાથમાં ચાલુ રાખેલ છે, નહિતર તે કપાઇને ખરા આકારનું કેમ બને?

૩૩૩૮ પોષાક (જ્યારે બનાવાય છે) ત્યારે દરજીના હાથમાં હોય છે, નહિતર તે કેવી રીતે સીવાશે અને પોતાની મેળે કપાશે?

૩૩૩૯ ઓ સ્વીકારાએલા, પાણીની મસક પખાલી સાથે છે, નહિતર તે પોતાની મેળે ભરેલી અને ખાલી કેમ બનશે?

૩૩૪૦ તમો દરેક પળે ભરાઓ છો અને ખાલી થાઓ છો, તો પછી જાણો કે તમો તેના કામ કરતા હાથમાં છો.

૩૩૪૧ તે દિવસે કે જ્યારે આંખ ઉપરનો પડદો આંખમાંથી પડે છે ત્યારે કાર્ય કરનારના મોઢામાં કેવા ગાંડપણથી અંજાઈ જશે?

૩૩૪૨ (ઝે) તમોને આંખ હોય તો તમારી પોતાની આંખથી જુઓ, અજ્ઞાન મુર્ખની આંખે ન નિહાળો.

૩૩૪૩ (ઝે) તમોને કાન છે તો તમારા પોતાના કાને સાંભળો, મુર્ખના કાન ઉપર શા માટે તમો આધારિત બનો છો?

૩૩૪૪ કોઇ સત્તાની પાછળ આંધળી રીતે જોયા વગર (તમો ખુદ) જોવાની કોશીષ કરો. તમારી પોતાની સમજણની દ્રષ્ટિએ નિહાળવું વિચારો.

આનંદ મેળવવા સવારીએ જતાં ખ્વાહીઝમશાહે તેના ઘોડાનું જૂથમાં વધુ પડતો સરસ ઘોડો જોયો. અને બાદશાહનું દિલ તેની ખુબસુરતી અને સુઘડતામાં મુગ્ધ થવું અને ઈમાદુલ મુલ્કનું તે ઘોડો બાદશાહને લાયક ન હોવાનાં દેખાવ ઈમાદુલ મુલ્ક કરવા ઈલાહીનામાના હાકીમ સદાઇએ કહ્યું છે તેમ પોતાની દ્રષ્ટિમાં તેના શબ્દો પસંદ કર્યા. "જ્યારે અદ્દેખાઈની જીભ ગુલામના વેપારીને ફેરવે છે ત્યારે તમો એક યુસુફને એક ઈંચ રેશમની બદલીમાં મેળવી શકો. (તેને વેચવામાં) તેના દલાલો તરીકે હ. યુસુફ (અ.સ.)ના ભાઈઓની અદેખાઈ ભરેલી લાગણી અંગે જ્યારે તેઓ વર્ત્યા, ત્યારે આવી પણ એક મહાન ખુબસુરતી ખરીદનારાના દિલોમાંથી પડદે હતી, અને તે (તેઓને) કદરુપો દેખાવે શરૂ થયો કારણ કે (તેના ભાઇઓ) તેની જુજ કીંમત ઠરાવતા હતા.

૩૩૪૫ એક અમુક અમીર પાસે એક સુંદર ઘોડો હતો. તેની બરોબરીઓ સુલતાનના તબેલામાં હતો નહિ.

૩૩૪૬ એક સવારે તે ઘોડાના જૂથમાં બહાર સવારી ઉપર ગયો. ઓચીંતાના ખ્વારીઝમ શાહે ઘોડો નિહાળ્યો.

૩૩૪૭ તેની ખુબસુરતી અને રંગ ઉપર તે ખુશ થઈ ગયો, તેના પાછા ફરવા સુધી બાદશાહની આંખ ઘોડા ઉપર લાગેલી હતી.

૩૩૪૮ જે જે અવયવો ઉપર તેની કલ્પના ફરી વળી, તે દરેક એકબીજાથી વધુ પસંદ પડતા હતા.

૩૩૪૯ સુઘડતા અને ખુબસુરતી અને ચેતનવંતાની સાથે સાથે, ખુદાએ તેના ઉપર (બીજા) મનોહર ગુણો અન્યા હતા.

૩૩૫૦ પછી બાદશાહનું અંતઃકરણ પોતાની સમજણ (ઉપર સરસાઇ મેળવવા) અને તેને અટકાવવાના માટે શું કરી શકાય તે શોધવામાં લાગી ગયું.

૩૩૫૧ કહે, મારી આંખ ભરેલી અને સંતોષાએલી અને બીજા કશામાં નથી. તે બસો સુંદર (ઘોડાઓથી) પ્રકાશિત બની છે.

૩૩૫૨ અરે, (બીજી) બાદશાહોનું હાથીનું મહોરું મારી દ્રષ્ટિમાં એક ગીરવી મુકાયા સિવાય બીજું કંઈ નથી (અને છતાં) ઘોડાનો એક માંસનો ટુકડો કંઈપણ વ્યાજબીપણા વગર મને ખુશ કરે છે.

૩૩૫૩ બદહુના પેદા કરનારે મારા ઉપર બદહુ કર્યું છે. તે (મારા ઉપર લદાએલ) દૈવી આકર્ષણ છે, નહિ કે આ (ઘોડા)નો બાસ સદ્‌ગુણ,

૩૩૫૪ તે સુરે ફાતેહા પઢ્યો અને ઘણી વખતે "લાહૌલ" ઉચાર્યું (પણ) સુરે ફાતેહાએ (માત્ર) તેના અંતઃકરણમાં લાલસા વધારી.

૩૩૫૫ કારણ કે સુરે ફાતેહા પોતેજ પેલા તરફ ખેંચાણ કરતું હતું. સુરે ફાતેહા હલકાઇ દુર કરવામાં અને ભલાઇ ખેંચવામાં અદ્‌ભુત છે.

૩૩૫૬ જો ખુદા સિવાય બીજું કંઇ તને દેખાય તો તે તેની (અસરનો) તમને સમજણ તરફ જાગૃત કરવા તેનો આભાસ છે.

૩૩૫૭ પછી તે તેને (રાજાને) ચોક્કસ થયું કે ખેંચાણ પેલી પારનું હતું. ખુદાઈ કૃત્ય દરેક પળે ચમત્કારો સર્જે છે.

૩૩૫૮ (દૈવી) કસોટીના કારણે એક પત્થરનો ઘોડો (અથવા) એક પત્થરની ગાય. ખુદાના ધોખા થકી પુજવાની વસ્તુ બને છે.

૩૩૫૯ મુર્તિપૂજકની આંખોમાં મુર્તિ અદ્વિતિય છે, જો કે ભલે પછી મુર્તિને ભવ્યતા કે આત્મા ન હોય !

૩૩૬૦ આંતરિક, છુપાએલ ખેંચાણ શક્તિ શું છે કે આ દુનિયામાંથી પેલી પારની દુનિયામાં અજવાળું પાડે છે ?

૩૩૬૧ આ ઓચીંતા હુમલામાં (ભળવામાંથી) બુદ્ધિશાળીને અને આત્માને પણ બાકાત રાખવામાં આવ્યો છે, હું તે જોઈ શકતો નથી. જો તમો જોઇ શકો તો જુઓ !

૩૩૬૨ જ્યારે ખ્વારીઝમશાહ સવારીમાંથી પાછો આવ્યો, તેણે પોતાના રાજ્યના અમીરો સાથે મસલત કરી.

૩૩૬૩ પછી તેણે તુર્તજ પેલા અમીરના ઘરેથી ઘોડાને લઈ આવવા અમલદારોને હુકમ કર્યો.

૩૩૬૪ અગ્નિની ઝડપે (અમલદારોનો) સમુહ (ત્યાં) આવી પહોંચ્યો. પેલો અમીર કે જે (ગર્વ અને જુદમાં) પર્વત જેવો હતો તે લાકડાના એક કટકા જેવો (નગણ્ય અને નરમ) બન્યો.

૩૩૬૫ તેનો આત્મા તેના તાળવે પહોંચ્યો, તેણે 'ઇમાદુલ મુલ્ક સિવાય રક્ષણનું બીજું (સાધન) જોયું નહિ.

૩૩૬૬ કારણ કે ઇમાદુલ મુલ્ક વાવટાનું મુળ હતો કે જે અન્યાયના ભોગ બનેલા દરેક અને મુશ્કેલીમાં આથડતો દરેક તેની પનાહ માટે દોડતો.

૩૩૬૭ વાસ્તવમાં તેના કરતાં વધુ માનવંત અમીર બીજો ન હતો, તે સુલતાનની આંખોમાં એક નબી જેવો હતો.

૩૩૬૮ તેને મોટાઈ ન હતી. મજબુત મનનો, ઈમાનદાર, સંત, એક સાવચેતીઓ ધરાવતો અને ઉદારતામાં હાતિમ (બાકક) હતો.

૩૩૬૯ ઈન્સાફમાં પૂરેપૂરો નિપૂણ, દીર્ઘદૃષ્ટિથી વિભુશીત, અને મહાત્મા, તેનો ઈન્સાફમા દરેક દરેક કે જેમાં તેણે હાજરી આપી તેમાં પ્રતિત થયો હતો.

૩૩૭૦ (તે) પોતાની અને દોલતની બન્નેની કુરબાની, આપવામાં ઉદાર (હતો). (તે) હમેશાં બીજના ચંદ્રમાની માફક અદૃષ્ય જગતના સુર્યને શોધતો હતો.

૩૩૭૧ તે તેના (દુન્યવી) રાજ્યમાં એક અજાણ્યો અને બ્યાકુળ લાગતો હતો, તે (રૂહાની-યત) ગરીબાઇ અને (ખુદાના) પ્રેમના ગુણધર્મોમાં (આંતરિક રીતે) આચ્છાદીત હતો.

૩૩૭૨ તે તકલીફમાં દરેક જણ માટે એક પીતા સમાન હતો. સુલતાનની આગળ તે એક મધ્યસ્થી અને તકલીફમાંથી ઉગારનાર સાધન હતો.

૩૩૭૩ તે દુણો તરફ ખુદાની દયા માફક (તેઓનાં પાપનું) એક ઢાંકણુ સમાન હતો. તેની પ્રકૃતિ (બીજા પેદા થએલાથી) વિરુદ્ધ અને જુદી પડતી હતી.

૩૩૭૪ તે ઘણી વખત પોતાને એકાંતમાં રાખવાના ખાતર પર્વતોમાં એકલો ચાલ્યો જતો (પણ) સુલતાન એક સો નમ્ર વિનંતીઓ કરી તેને (તેમ કરતાં) અટકાવતો.

૩૩૭૫ જો દરેક પળે તેણે એક સો ગુનાઓ માટે કોઈની તરફેણ કરી હોત તો પણ સુલતાનની આંખ તેની સમક્ષ શરમાણી હોત.

૩૩૭૬ તે (પેલો અમીર) ઉદાર ઈમાદુલમુલ્ક પાસે ગયો. તેણે પોતાનું માથું ખુલ્લું કર્યું અને જમીન ઉપર પડયો.

૩૩૭૭ કહે, મારા અંતઃપુર સહિત હું જે પણ ધરાવું છું તે તેને (સુલતાન) ભલે લઇ જાય ! મારી તમામે તમામ દોલત ભલે હુમલો કરનાર લઈ જાય !

૩૩૭૮ (પણ) આ એક ઘોડો જ, મારો આત્મા તેનો ભાવિક છે, એ ખુદાના પ્રેમી, જો તે તેને લઇ જશે તો હું ચોક્કસ મરણ પામીશ.

૩૩૭૯ જો તે મારા હાથોમાંથી આ ઘોડો લઇ જશે તો મને ચોક્કસ જાણ છે કે હું લાંબુ જીવીશ નહિ.

૩૩૮૦ જ્યારે કે ખુદાએ (તમારા ઉપર) (પોતાની સાથેનું) કોક રૂહાની સંબંધ ઇનાયત કર્યો છે, ઓ મસિયાહ, મારા માથા ઉપર તમારો એક હાથ અડાડો.

૩૩૮૧ હું મારી સ્ત્રીઓ અને સોનું અને દોલતની નુકશાની સહન કરી શકીશ. આ ઢોંગ અથવા ઠગબાજી નથી.

૩૩૮૨ જો તમો આ બાબત માનો નહિ તો મારી ચોકસી કરી જુઓ, શબ્દ અને કાર્યથી મારી ચોકસી કરો.

૩૩૮૩ ઈમાદુલ મુલ્ક રોતો અને પોતાની આંખો લુછતો, સુલતાનની હજુરમાં બ્યગ્ર ચહેરે દોડયો.

૩૩૮૪ તેણે પોતાના હોઠો બંધ કર્યા અને સુલતાનની સમક્ષ ઉભો, ખુદા તેના બધા ગુલામોના માલિક સાથે ઐકયતા સાધતો.

૩૩૮૫ તે ઉભો અને સુલતાનની આંતરિક વાતો સાંભળી, જ્યારે આંતરિક રીતે તેનો ખ્યાલ આ (પ્રાર્થના સાથે) વણાતો હતો.

૩૩૮૬ ઓ ખુદા, જો પેલો યુવાન (અમીર) ખોટા રસ્તે ગયો છે તો પણ તારા સિવાય બીજા કોઈની પનાહ મેળવવી યોગ્ય નથી.

૩૩૮૭ (છતાં) તું તારી પોતાની ઉદાર રીતે જ વર્તજે અને જો કે કોઈ મારા જેવો ગરીબ કેદી તેને છોડાવવાનું કરે છે તે માટે તેનો ગુનોહ ગણીશ નહિ.

૩૩૮૮ જ્યારે સંપૂર્ણ સુર્ય હાજર છે ત્યારે મીણબતી અને વાટ પાસેથી દોરવણી શોધવી,

૩૩૮૯ કારણ કે આ (તારા) બધા સજીવ જીવો (તારીજ) ગરજમાં છે, સુલતાનથી લઈને એક ભિખારી સુધી (આ બાબતમાં એક સરખા) સંભાળજે.

૩૩૯૦ આરામથી ચક્કાવો લેતો સુર્ય જ્યારે હાજર છે ત્યારે મીણબત્તી અને ફાનસ પાસેથી પ્રકાશ શોધવો.

૩૩૯૧ કાંઇ પણ શંકા વગર અમારા ભાગે તે અપમાન છે, તે અનુપકારીપણું અને એક ખુદીનું કાર્ય છે.

૩૩૯૨ પરંતુ ઘણુંખરાં અંતઃકરણો (તેઓના) વિચારોમાં ચામાચીડીયા માફક અંધકારના પ્રેમીઓ છે.

૩૩૯૩ જોકે એક ચામાચીડીયું રાત્રી દરમ્યાન એક જીવડો ખાય છે (છતાં) તે સુર્ય જ છે કે જે જીવડાની જીંદગી પાળે છે.

૩૩૯૪ જો ચામાગીડીયું રાત્રી દરમ્યાન ક્રીડા (ખાવાની ખુશાલીમાં) મદહોશ બન્યું છે તો (પણ છતાં) તે સુર્યના કારણે જ છે કે જેણે કોઢને ચાલતું બનાવ્યું.

૩૩૯૫ સુર્ય જેમાંથી પ્રકાશ બહાર પડે છે પોતાના દુશ્મનને ખોરાક આપતો હોય છે.

૩૩૯૬ પણ બાદશાહી બાજની (બાબતમાં) કે જે ચામાચીડીયું નથી અને જેની તીક્ષ્ણ આંખ સત્ય જુએ છે અને ચોકખી છે.

૩૩૯૭ જો તે ચામાચીડીયાની માફક રાત્રી દરમ્યાન રોજીનો વધારો શોધે તો સુર્ય તેને સુધારવામાં કાન આમળશે.

૩૩૯૮ અને તેને કહેશે, હું પેલા સત્યથી વિમુખ ચામાચીડીયું જે અસ્થિર છે તેને આપું છું. (પણ) ગમે તેમ તારી બાબત શું છે ?

૩૩૯૯ હું સખત દુઃખ આપી તને સજા કરીશ, એટલા માટે કે તું તારું મસ્તક ફરીવાર સુર્યથી ફેરવે નહિ.

સાચા યુસુફ (અ. સ.) ને કેટલાય વર્ષો સુધી કેદમાં સજા કરવામાં આવી કારણ કે તેણે ખુદા સિવાય બીજા પાસેથી મદદ શોધી, કહીને "તારા માલિકની હાજરીમાં મારી વાત વર્ણવજે" તેના વિવરણ સહિતની કહાણી.

૩૪૦૦ તે (સાથી) કેદીની એક દરિદ્રી હલકી તાલીમની માફક હ. યુસુફ (અ. સ.) ની મદદ માગવા માફક છે.

૩૪૦૧ તેણે મદદ માટે આજીજી કરી અને કહ્યું "જ્યારે તમો (કેદમાંથી) બહાર આવો ત્યારે તમારી હાલત આબાદ બનશે.

૩૪૦૨ પેલા શક્તિશાળી બાદશાહના તખ્ત સમક્ષ મારી યાદી વર્ણવજે કે જેથી તેઓ મને આ કેદમાંથી છુટકારો આપે."

૩૪૦૩ આ દુનિયાના બધા લોકો આ પસાર થઇ જનાર રાંડેઠાણુમાં મૃત્યુની અભિલાષામાં રાહ જોતા કેદીઓ છે

૩૪૦૪ (પણ) શીકાર બનેલી હાલતમાંનો કેદી બીજા જેલમાં પુરાએલાને મુક્તિ કેમ આપે ?

૩૪૦૫ ચોક્કસપણે, સિવાય કોઇ જવલ્લેજ એક કે જેની કાયા (આ દુનિયામાં) કેદમાં છે અને તેનો આત્મા શનિ ગ્રહની માફક (સાતમા આસમાનમાં) છે.

૩૪૦૬ તેથી સાથી કેદીને પોતાના એક મદદગાર તરીકે સમજવા માટેની ઉપયુક્ત શિક્ષામાં, હ. યુસુફ (અ. સ.) ને કેટલાય વર્ષો સુધી કેદમાં રાખી મુકયા.

૩૪૦૭ સેતાને તેના મગજમાંથી હ. યુસુફ (અ. સ.) ની યાદી ભૂંસી નાખી અને શબ્દો (કે જે હ. યુસુફ અ. સ.) બોલ્યા હતા તે તેની યાદીમાંથી છેકી નાખ્યા.

૩૪૦૮ પાપ કે જે ભલી પ્રકૃતિના આદમીમાંથી બહાર પડયું તેના બદલામાં તેઓ (દૈવી) જજથી કેટલાય વર્ષો માટે કેદમાં રહ્યા હતા.

૩૪૦૯ કે જેઓએ (દૈવી જજે) "ઇન્સાફના સુર્યથી કઇ નિષ્ફળતા બતાવાઇ કે તારે એક ચામાચીડીયાની માફક (રાત્રીના) અંધકારમાં પડવું પડે ?

૩૪૧૦ સાંભળ, સમુદ્ર અને વાદળાંથી કઈ નિષ્ફળતા બતાવાઈ કે તારે મૃગજળ અને રેતીમાંથી મદદ શોધવી પડે ?"

૩૪૧૧ જો ગીધ પ્રકૃતિથી ચામાચીડીયો અને (રૂહાનીયત વગરનું) ઢોંગી છે તો તને ઓ યુસુફ, કંઈ નહિ તો બાજની આંખ છે.

૩૪૧૨ જો એક ચામાચીડીયું અંધારામાં અને વાદળી રંગમાં (અંધારી દુનિયા અને કંગાલીયતમાં) જાય, (તો તે કાંઈ નવાઇ નથી, પણ) બધા પછી બાજ જેણે સુલતાનને જોયો છે તેને કોણ પીડે ?.

૩૪૧૩ તેથી (દૈવી) શેઠે આ પાપ માટે તેને સજા કરી, કહીને "તારો ટેકો સડી ગએલા લાકડાનો ન બનાવ."

૩૪૧૪ પણ તેણે હ. યુસુફ (અ. સ.) ને પોતા સાથે તલ્લીન બનાવ્યો, અંતે કે તેનું દિલ પેલા જેલ નિવાસ માટે દુઃખી ન બને.

૩૪૧૫ ખુદાએ તેને એવી આંતરિક ખુશી અને મદદોશી આપી કે કેદમાંનું કે અંધાર કોટડીનું અંધારૂં તેને (દ્રષ્યમાન) ન રહ્યાં.

૩૪૧૬ ગર્ભાશય કરતાં વધુ ત્રાસજનક કોઈ કેદ નથી, ગડગડાટ અને અંધાર, લોહી ભરેલ અને બિમાર.

૩૪૧૭ (છતાં) જ્યારે ખુદાએ તમારા માટે એક બારી તેની દયા તરફ ઉઘાડી છે ત્યારે ગર્ભાશયમાં સંતાએલી તમારી કાયા દરેક પળે મોટી અને મોટી બને છે.

૩૪૧૮ અને તે કેદમાં, અમાપ ખુશીમાં (કે જે તેમાં તમો અનુભવો છો) છોડ, તમારી કાયામાંથી સમજણો ખુશી સાથે મોરે છે,

૩૪૧૯ ગર્ભાશયમાંથી આગળ વધવું તમારા માટે દુઃખદાયક છે. તમો તેણી (તમારી માતાના) પેટના નીચેના ભાગમાંથી પીઠ તરફ ભાગો છો.

૩૪૨૦ જાણો કે (રૂહાનીયત) ખુશીનો રસ્તો અંદરમાંથી છે, બહારથી નથી. જાણો કે મહેલો અને કિલ્લાઓ શોધવા તે મુર્ખાઈ છે.

૩૪૨૧ એક માણસ એક મસ્જિદના ખુણામાં આનંદીત અને ખુશીમાં છે, જ્યારે બીજો એક બગીચામાં નાખુશ અને વિષાદમય છે.

૩૪૨૨ મહેલ (કાયા) કંઇજ નથી, તમારી કાયાનો નાશ કરો (મોહ છોડી દો) ! ઓ મારા શાહજાદા, બદનો બંડરમાં પડેલો હોય છે.

૩૪૨૩ તમોએ જોયું નથી કે દારૂની મીજબાની વખતે પીધેલો (માત્ર) સુખી ત્યારે જ બને છે કે જ્યારે તે નાશ પામેલો (બેભાન) બને છે.

૩૪૨૪ અલબત (કાયાનું) ઘર ચિત્રોથી ભરપુર છે, તેને ઉખેડી નાખ. બદનો શોધ અને બદના વાડે તેને (ઘરને) સારી રીતે સમાર

૩૪૨૫ તે ઘર કલ્પના અને તરંગોના ચિત્રોથી ભરપુર ભરેલું છે, અને આ રૂપો (કલ્પ નાઓ) (ખુદા સાથેના) મીલનના બદના ઉપર એક પડદા સમાન છે.

૩૪૩૬ તે બદનો અને (રૂહાનીયત) સોનાની ચમક અને તેજ છે કે જે આ દિલની અંદર રૂપો (બ્યાલો) પેદા કરવાના કારણભુત બને છે.

૩૪૨૭ તે પવિત્રતા અછે ઉભદા પાણીની નિર્મળતામાંથી છે જેણે ફીણના તત્વોને પાણીના તટને પડદો નાખ્યો છે,

૩૪૨૮ તે પવિત્ર અને મહામુલા આત્માની વ્યાકુળતામાંથી છે કે કાયાની આકૃતિ આત્માના તટથી પડદે થઈ છે,

૩૪૨૯ સાંભળ, તો પછી (માણસોના) મોઢાઓમાંથી જાણીતી કહેવતો બહાર પડી છે ""ઓ ભાઈ, આ જે આપણા ઉપર ફેંકાણું છે તે આપણામાંથી જ આવ્યું છે"

૩૪૩૦ આ પડદાના કારણે આ તરસ્યાઓ :કે જેઓ આટલા બધા ફીણની શોખીન છે, આ પવિત્ર જળને પહોંચવામાં નિષ્ફળ ગયા છે.

૩૪૩૧ ઓ (દૈવી) સુર્ય, અમારી પાસે એક કિલ્લો અને તારા જેવો 'ઇમામ' છે તે ન સમજતાં અમો રાત્રીને પુજીએ છીએ અને ચામાચીડીયાની રીતે વર્તીએ છીએ.

૩૪૩૨ ઓ તું કે જેના રક્ષણ માટે પ્રાર્થના કરવામાં આવે છે, આ ચામાચીડીઆઓને તારા તરફ ઉડતા બનાવ અને આ ચામાચીડીયા જેવી વર્તણુંકમાંથી તેઓને મુક્તિ આપ.

૩૪૩૩ આ યુવાન (અમીર) આ પાપ આચરવામાં આડો ગયેા છે અને રસ્તેા ચુકયેા છે, કારણ કે તે (મદદ માટે) મારી પાસે આવ્યેા છે, છતાં પણ તેને સન્મ કરતેા નહિ.

૩૪૩૪ ઇમાહુલ મુલ્કની અંદર આ વિચારેા જંગલમાંના એક સિંહના પ્રકોપની માફક ઉછળતા હતા.

૩૪૩૫ તેનેા જાહેરી દેખાવ સુલતાન સમક્ષ ઉભેા (પણ) તેનેા ઉંચે ચડતેા આત્મા અદ્રષ્યના ખીણમાં હતેા.

૩૪૩૬ તે ફિરસ્તાઓની માફક 'અલસ્ત'ના અધિકારમાં (રૂહાની શરાબના) તાજા ઘુંટડાઓથી તે પળે મદહેાશ બનેલેા હતેા.

૩૪૩૭ આંતરિક રીતે એક શાદીની મીજબાની (માફક ખુશ), પણ જાહેર રીતે દીલગીરીથી ભરેલા એક માણુસની માફક, એક કબર જેવી કાયામાં (છુપાએલી) આકુલાદજનક દુનિયા.

૩૪૩૮ તેઓ આ મદહેાશીની (હાલતમાં) હતા અને ગુઢાર્થ અને ચમત્કારીક ચીજોની (દુનિયામાંથી) શું બહાર આવે છે તેની રાહ જોતા હતા.

૩૪૩૯ તે પળે જ અમલદારેા પેલા ઘેાડાને ખ્વારીઝમશાહની હજુરમાં લઇ આવ્યા.

૩૪૪૦ ખરેખર આ આસમાની રંગના અવકાશ નીચે આના જેવી આકૃતિ અને યેાગ્ય બછેરેા બીજો હતેા જ નહિ.

૩૪૪૧ તેનેા રંગ આંખને આંજી દેતેા (બધા કહેતા), "વિજળી અને ચંદ્રમામાંથી જન્મેલા ઘેાડાને જુઓ."

૩૪૪૨ તે ચંદ્રમા અને બુધગ્રહ જેવી ઝડપથી પસાર થતેા. તમેા કદાચ કહેશેા કે તેનેા ખેારાક જવ નહિ પણ 'સરસર' પવન હતેા.

૩૪૪૩ ચંદ્રમા એક માત્ર મુસાફરી અને પંથ અવકાશમાં એક રાત્રીમાં પુરેા કરે છે

૩૪૪૪ જ્યારે કે ચંદ્રમા એક રાત્રીમાં સૂર્યચક્રની નિશાનીઓમાં ભ્રમણ કરે છે ત્યારે શા કારણે તમેા 'મએરાજ'માં માનતા નથી.

૩૪૪૫ પેલું અદ્ભૂત અનાથ મેાતી એક સેા ચંદ્રમા માફક છે કારણ કે તેમનામાંથી એક મસ્તક ધૂનના કારણે ચંદ્રમા બે અર્ધામાં (ભાંગેલેા) બન્યેા.

૩૪૪૬ ચમત્કાર (પણ) જે તેઓએ ચંદ્રમાના ટુકડાઓ કરવામાં બતાવ્યેા તે (સામાન્ય) લેાકેા ધરાવતી સમજણની નબળાઈના માપસરનેા જ હતેા.

૩૪૪૭ પયગમ્બરેા અને (દૈવી) સંદેશવાહકેાનું કામ અને કાર્યશક્તિ આકાશેા અને ગ્રહેાથી પર છે.

૩૪૪૮ અવકાશની પેલે પાર (ચડીને) તમો પણ જઈ શકો અને (ગોળાને) ચકાવો લઈ
શકો અને પછી તે કાર્ય અને કામનો કાળજીપુર્વક વિચાર કરો.
૩૪૪૯ (જ્યારે કે) તમો પંખીનાં બચ્ચાની માફક ઈંડામાં છો ત્યાં સુધી હવામાં (ઉડતા)
પંખીઓથી ખુદાની કિર્તીનાં ગાનો સાંભળી શકશો નહિ.
૩૪૫૦ (પયગમ્બર સાહેબના) મોઝીજાઓ અહીં કહી. શકાય નહિ. ઘોડા વિષે અને
ખ્વારીઝમશાહ અને શું બન્યું તેની વિગત કહે,
૩૪૫૧ જેના જેના ઉપર ખુદાની દયાનો સુર્ય પ્રકાશે છે, ભલે પછી તે કુતરો અથવા
ઘોડો ગુફાની કીર્તિ મેળવે છે.
૩૪૫૨ છતાં તેની દયાની ચમક એકસરખી બનતી ધારતો નહિ. તેણે કાંકરા અને માણેકને
એક લાક્ષણિક નીશાની આપી છે.
૩૪૫૩ પેલી (ચમક)માંથી માણેકને એક ઉછીનો બદ્દનો છે (જ્યારે) કાંકરાને માત્ર ગરમી
અને પ્રકાશ છે.
૩૪૫૫ એક પળ માટે ત્યારબાદ બાદશાહ તેના (ઘોડા વિષેની) ધારણામાં ઠંડા બની ગયો,
તેણે પોતાનો ચહેરા ઈમાદુલ મુલ્ક તરફ ફેરવ્યો.
૩૪૫૬ કહે, ઓ વઝીર, "શું આ એક અતિ ખૂબસુરત ઘોડો નથી? બરેબર તે આ
પૃથ્વી પરનો નથી પણ સ્વર્ગીય છે,"
૩૪૫૭ ત્યારબાદ ઈમાદુલ મુલ્કે તેને કહ્યું "ઓ શહેનશાહ, સેતાને તારી વૃથા કલ્પનાથી
સ્વર્ગીય બનાવ્યો છે.
૩૪૫૮ કે જેના ઉપર તમો અજ્ઞાનપણે જુઓ છો તેથી (તમને) સુંદર (દેખાય છે). આ
ઘોડો ઘણો સુંદર અને આકર્ષક છે, છતાં
૩૪૫૯ તેનું માથું તેના ઘાટમાં ખોડવાળું છે, તમો કદાચ કહી શકો કે તેનું માથું
બળદના માથા જેવું છે."
૩૪૬૦ આ શબ્દોએ ખ્વારીઝમશાહના દિલ ઉપર અસર કરી. અને બાદશાહની દૃષ્ટિમાં
ઘોડાને સસ્તો બનતો બનાવ્યો.
૩૪૬૧ જ્યારે પૂર્વગ્રહ એક દલાલ અને (ખુબસુરતીનો) વર્ણવનાર બને છે ત્યારે તમો
એક યુસુફ ત્રણ ઈંચ રેશમના ભાવે મેળવી શકો.
૩૪૬૨ જ્યારે (કાયામાંથી) આત્માને જુદા થવાનો વખત આવે છે ત્યારે સેતાન ઈમાનના
મોતીનો દલાલ બને છે,
૩૪૬૩ અને પછી તે મૂર્ખ સખત વ્યાકુળતાના (વખતે) ઉતાવળે એક પાણીના કુજા માટે
પોતાનું ઈમાન વેચી નાખે છે.
૩૪૬૪ પણ તે (માત્ર) આભાસ છે અને (બરેબરો) કુજો નથી. દલાલ (સેતાનનો) ઈરાદો
છેતરપીંડી સિવાય બીજું કંઈ નથી.

૩૪૬૫ આ (ચાલુ) ઝમાનામાં, જ્યારે તમો તંદુરસ્ત અને સશક્ત છો ત્યારે તમો એક આભાસ માટે 'હક'ને છોડી આપો છો.

૩૪૬૬ તમો ચાલુ રીતે (રૂહાની) ખાણના મોતીઓને વેચો છો અને એક બચ્ચાંની માફક (બદલામા) અખરોટો લ્યો છો.

૩૪૬૭ તેથી તે નવાઈ જેવું નથી કે તમો મૃત્યુના દિવસે બિમારીમાં તેવી જ રીતે વર્તો.

૩૪૬૮ તમોએ તમારી કલ્પનામાં એક ઉમેદ ઉપજાવી છે, જ્યારે તમારી અખરોટની માફક ચકાસણી થશે ત્યારે તમો (સડેલા) સાબીત થશો.

૩૪૬૯ શરૂઆતમાં પેલી કલ્પના પૂર્ણિમાના ચાંદ જેવી દેખાશે પણ અંતે તે બીજના ચાંદ જેવી બનશે.

૩૪૭૦ જો તમો તેની પહેલી હાલતને તેની છેલ્લી (હાલત) માફક બરોબર બનતી નિરખો તો તેના હલકા પ્રપંચથી ઉઠાંતરી કરશો.

૩૪૭૧ આ દુનિયા એક સડેલું અખરોટ છે. એ ઇમાનદાર આદમી, તેની ચકાસણી ન કરતો (પણ) તેને દુરથી નિહાળ.

૩૪૭૨ બાદશાહે ઘોડાને હાજરીની દ્રષ્ટિએ જોયો, જ્યારે ઇમાદુલ મુલ્કે ભવિષ્યની દ્રાષ્ટિએ (જોયો.)

૩૪૭૩ બાદશાહની આંખે, તેની વિકૃતિ અંગે (માત્ર) બે ઇંચ જોયું. (પણ) તેની આંખ કે જે અંત જુએ છે તેણે પચાસ ઈંચ જોયા.

૩૪૭૪ એક કેવું અજાયબ આંજણ છે કે જે (રૂહાનીયત આંખને) આંજે છે, કે જેથી આત્મા એકસો પડદાઓ પાછળ પણ સત્યને જુએ છે.

૩૪૭૫ જ્યારે કે સરદાર (હ. પયગમ્બરની)ની આંખ અંત સાથે કદી ભળેલી ન હતી ત્યારે પેલી આંખથી હકીકતને જોતાં તેઓએ દુનિયાને 'હાડપિંજર' તરીકે બોલાવેલ છે.

૩૪૭૬ તેની પાસેથી દોષ ચડાવવાનો આ એક માત્ર (શબ્દ) સાંભળતાં, બાદશાહના દિલમાં ઘોડા માટેનો જે પ્રેમ (હતો) ઠંડોગાર બન્યો.

૩૪૭૭ તેણે પોતાની દ્રષ્ટિ છોડી દીધી અને તેની (ઇમાદુલ મુલ્કની) દ્રષ્ટિ પસંદ કરી. તેણે પોતાની સમજણ છોડી દીધી અને તેના (બીજાના) શબ્દો સાંભળ્યા.

૩૪૭૮ આ (ઇમાદુલ મુલ્કની વાણી માત્ર) ઢોંગ હતી અને (વાસ્તવમાં) તેની આજીજીએ અપૂર્વ ન્યાયાધીશે તેને બાદશાહના દિલમાં ઠંડાઇ બનાવી.

૩૪૭૯ તેણે (ખુદાએ) (બાદશાહની) આંખને તેની ખુબસુરતી તરફનો દરવાજો બંધ કર્યો. પેલા (ઇમાદુલ મુલ્કના) શબ્દોએ દરવાજાના અવાજની માફક દખલગીરી કરી.

૩૪૮૦ તેણે (ખુદાએ) પેલા ઢોંગી કહેણને બાદશાહની આંખ ઉપર એક પડદો બનાવ્યો. એક પડદો કે જેનામાંથી ચંદ્રમા કાળો બનેલો દેખાય છે.

૩૪૮૧ (અત્યુતમ) પવિત્રતા બાંધનાર છે કે જે અદ્રશ્ય દુનિયામાં પાણીના મહેલો અને આનંદના વાર્તાલાપ સર્જે છે.

૩૪૮૨ જાણ કે વાણી ગુઢાર્થના મહેલમાંથી (આવતો) દરવાજાનો અવાજ છે. અવાજ ઉઘડવાનો છે કે બંધ થવાનો તેની ગણત્રી કરજે.

૩૪૮૩ દરવાજાનો અવાજ બુદ્ધિગમ્ય છે, પણ દરવાજે (પોતે) સમજણથી પર છે, તમે જુઓ છો " આ અવાજ (સજાગ છે) પણ દરવાજે " તમો જોતા નથી"

૩૪૮૪ જ્યારે ડહાપણનું તંતુવાદ્ય મધુર સંગીતમાં તુટે છે (તું પોતેજ વિચાર કર કે) બહિશ્તના બગીચાનો કયો દરવાજો ખોલવામાં આવેલ છે?

૩૪૮૫ જ્યારે દુષ્ટ વાણીનો અવાજ વધુ મોટો બને છે ત્યારે (તું પોતેજ વિચાર કર કે) દોજખનો કયો દરવાજો ખોલવામાં આવેલ છે?

૩૪૮૬ જ્યારે કે તમો તેના દરવાજાથી દુર છો, ત્યારે દરવાજાનો અવાજ સાંભળો, અરે, આશીર્વાદીત તે જ છે કે જેની આંખ ખોલવામાં આવી છે.

૩૪૮૭ જ્યારે તમો સારા આમાલ કરવાના સજાગ છો ત્યારે તમો (રૂહાનીયત) આનંદ અને જીવનની લાગણીઓ મેળવો છો.

૩૪૮૮ અને જ્યારે એક ભુલ અને હલકટ કાર્ય (તમારાથી) આચરવામાં આવ્યું છે ત્યારે જીવન અને આનંદની લાગણીઓ અદ્રશ્ય થાય છે.

૩૪૮૯ તમારી પોતાની આંખથી હલકટ કાર્યને ઝીણવટથી નિહાળવું છોડી દેતો નહિ કારણ કે આ ગીધડાઓ તને હાડપીંજર તરફ દોરી જશે.

૩૪૯૦ તમો નરગિસકુલ જેવી આંખ બંધ કરો છો, કહીને, તે શું છે? "અરે મહેરબાન, મારી લાકડી લ્યો (અને મને રસ્તો બતાવો) કારણકે હું આંધળો છું."

૩૪૯૧ જો તમો માત્ર જોશો તો (તમારી નજરે પડશે કે) મુસાફરી માટે જેને રસ્તો બતાવનાર તરીકે પસંદ કર્યો છે તે તમારા કરતાં વધુ આંધળો છે.

૩૪૯૨ **એક આંધળા માણસની માફક " આલ્લાહની હસ્તી "ને ચૂડ ભરી લે. ખુદાઈ હુકમો અને મનાઈઓ સિવાય બીજા ઉપર આધાર રાખ નાહ."**

૩૪૯૩ અલ્લાહની હસ્તી શું છે? આપખુદીને છોડી દે, કારણ કે આ આપખુદી આદના (લોકોના) નાશ માટે ગર્જતો પવન હતો.

૩૪૯૪ તે આપખુદી અંગે છે કે ટોળાં જેલમાં બેઠાં છે, તે આપખુદી જ છે કે (પકડાએલા) પંખીની પાંખો બાંધેલી છે.

૩૪૯૫ તે આપખુદી અંગે જ છે કે મચ્છી એક ગરમ તાપડામાં (રંધાણી) છે. તે આપખુદી જ છે કે વિનયીમાંથી શરમ નાશ પામી છે.

૩૪૯૬ ફોજદારી ન્યાયાધીશનો ગુસ્સો આપખુદીમાંથી દઝાડતો તણખો છે. વધસ્થંભ સાથે બીક્ષા સહિત જડી દેવું અને ફાંસીની ભયંકરતાઓ આપખુદીનું જ (પરિણામ છે.)

૩૪૯૭ તમોએ જોયું છે કે ન્યાયાધીશ (કે જે) કાયાઓની) સજા દુનિયા ઉપર કરે છે. તે પણ જુઓ કે ન્યાયાધીશ આત્માની વિરૂદ્ધ દુનિયાને અમલ કરે છે.

૩૪૯૮ બરેબર અદ્રશ્ય દુનિયામાં આત્મા ઉપર રિબામણી લાદવામાં આવે છે, પણ જ્યાં સુધી તમો (આપખુદીમાંથી) નાશી છુટો ત્યાં સુધી (દ્રષ્ટિમાંથી) રિબામણી સંતાડેલી છે.

૩૪૯૯ જ્યારે તમો બંધનમુકત બનશો ત્યારે તમો (આત્માનું) દુઃખ અને રિબામણી જોશો, કારણ કે વિપરીતથી વિપરીત દ્રશ્યમાન બનાવાય છે.

૩૫૦૦ તે કે જે કુવામાં (પાર્થીવ દુનિયામાં) અને કાળા પાણીમાં જન્મ્યો હતો તે ખુલ્લા દેશની ખુશીયાલી અને કુવામાં હોવાનું દુઃખ પારખી જાણે?

૩૫૦૧ જ્યારે તમોએ ખુદાની બીકના કારણે આપ ખુદી છોડી દીધી છે ત્યારે બહિશ્તના ઝરામાંથી પાણીનો પ્યાલો (પીવા માટે) આવી પહોંચશે.

૩૫૦૨ આપખુદીમાં રસ્તો બનાવ નહિ. ખુદાઇ બાદશાહ પાસે બહિશ્તનો રસ્તો માગ.

૩૫૦૩ આપખુદીને તાબે અને સુકા ઘાસની માફક (આધીન) ન થતો. વાસ્તવમાં "ખુદાઈ તખ્ત"નો છાંયો (દુનિયાના) ઉનાળાના ઘર કરતાં વધુ ઉતમ છે.

૩૫૦૪ બાદશાહે કહ્યું: "ઘોડાને પાછો અમીરને ત્યાં (લઇ જાઓ અને આ ખોટું કાર્ય આચરવામાંથી મને તુર્તજ મુકત કરો.

૩૫૦૫ બાદશાહે પોતાના દિલમાં કહ્યું નહિ. "બળદના માથાના કારણે આવી ખોટી રીતે સિંહને છેતર નહિ."

૩૫૦૬ તમો (ઇમાદુલ મુલ્ક) મને છેતરવા માટે બળદને અંદર ખેંચ્યો, લઈ જાઓ, ખુદા એક બળદના શીંગડા ઘોડા ઉપર લગાડતો નથી.

૩૫૦૭ આ જાણીતો કાર્યકર તેની કાર્યવાહીમાં મોટો સુમેળ સાંધે છે, તે બળદની કાયાના ભાગને ઘોડાની કાયા સાથે કેવી રીતે જોડે છે?

૩૫૦૮ બાંધનારે (બધી) કાયાઓને બંધબેસતી બનાવી છે તેણે વહેતા મહેલો બાંધ્યા છે.

૩૫૦૯ (મહેલના) આ ભાગમાંથી પેલા સુધી તેમાં ઝરણાઓ અને પાણી ભરવાની ટાંકીઓ,

૩૫૧૦ અને તેમાં એક અપાર દુનિયા, આ બધો બહોળો વિસ્તાર એક માત્ર તંબુમાં સમાએલો છે.

૩૫૧૧ તે કયારે કે એકને ચંદ્રમા જેવો ખુબસુરત ને ભયાનક જેવો દેખાતો બનાવે છે, કયારેક તે કુવાના તળીઆને એક બગીચાની ખુબસુરતી જેવો બનાવે છે.

૩૫૧૨ તેવી જ રીતે સર્વશક્તિમાનથી દિલની આંખનું બંધ થયું અને ખુલવું ચાલુ રીતે કાયદાસરના જાદુની માફક કાર્ય કરે છે.

૩૫૧૩ આના જ કારણે હ. મુસ્તુફા (ર. સ. અ.)એ ખુદાને આજીજી કરી, કહીને "ખોટું ખોટા તરીકે અને સાચું સાચા માફક દેખાવા દે."

૩૫૧૪ આથી આખરે જ્યારે તમો પાંદડું ફેરવો છો ત્યારે હું દિલગીર નહિ થાઉં (અને) ઉશ્કેરાટમાં નહિ પડું.

૩૫૧૫ (તે) બાદશાહીનો માલિક જ હતો કે જેણે અજોડ ઇમારતો મુલ્કને કપટ જે તેણે આચર્યું તેમાં દોરવણી આપી.

૩૫૧૬ ખુદાની છેતરપીંડી આ (બધી) છેતરપીંડીનો આગવો ઝરો છે, દિલ દૈવી બાદશાહની બે આંગળીઓની વચ્ચે છે,

૩૫૧૭ તે કે જે પ્રપંચ અને તમારા દિલમાં વિચારની સમાનતા પેદા કરે છે તે પ્રપંચના (ગુણ પાસે) અગ્નિ પણ મુકી શકે છે.

બેલીફ અને ગરીબ કરજવાળાની કહાણી તરફ પાછા ફરવું. તેઓ ખ્વાજાની કબરમાંથી પાછા ફર્યા અને બેલીફનું ખ્વાજાને સ્વપ્નામાં જોવું, વિગેરે.

૩૫૧૮ આ સુંદર ઉપકથા છેડા વગરની છે, જ્યારે ગરીબ અજાણ્યો ખ્વાજાની કબરેથી પાછો ફર્યો.

૩૫૧૯ બેલીફ તેને પોતાને ઘરે લઇ ગયો અને એકસો દિનારની થેલી તેણે તેને હવાલે કરી.

૩૫૨૦ તે તેને માટે મિઠાઇ લાવ્યો અને તેને વાર્તાઓ કહી કે જેથી આશાની લાગણી. માંથી તેના દિલમાં એક સો ગુલાબો ખીલી ઉઠયાં.

૩૫૨૧ તેણે (બેલીફે) પોતાના હોઠો આબાદ હાલત કે જે સખત મહેનત ભોગવ્યા બાદ મેળવી હતી તે જણાવવા પોતાના હોઠો ખોલ્યા.

૩૫૨૨ મધ્યરાત્રી પસાર થઇ ગઈ, અને (તે) ફરી ફરી વાત વર્ણવતો હતો. (પછી) ઉંઘ તેઓને ઉઠાવી ગઇ કે જ્યાં આત્માઓને રોજી આપવામાં આવે છે.

૩૫૨૩ તે રાત્રીએ બેલીફે સ્વપ્નું જોયું કે (સ્વર્ગીય) મહેલમાં ઉંચા આસને આશીર્વાદીત ખ્વાજા બેઠેલો હતો.

૩૫૨૪ ખ્વાજાએ કહ્યું, 'ઓ ઉત્તમ બેલીફ. તેં જે કહ્યું છે તેનો દરેકે દરેક મુદ્દો મેં સાંભળ્યો છે.

૩૫૨૫ પણ મને જવાબ દેવાનો હુકમ હતો નહિ. માર્ગદર્શન મળ્યા વગર હું મારા હોઠ ખોલવા હિંમત કરી શકું નહિ.

૩૫૨૬ હવે જ્યારે કે આપણે (રૂહાનીયત દુનિયાની હાલત અને એકમોથી જાણીતા બન્યા છીએ ત્યારે આપણા હોઠો ઉપર એક મહોર મારવામાં આવી છે.

૩૫૨૭ રબ્બે અદ્રશ્ય દુનિયાના ગુઢાર્થોનાં રહસ્યો ખુલ્લાં કરવામાં આવે અને (આથી) મરણાધીનના જીવન અને આજીવીકાનો નાશ કરવામાં આવે.

૩૫૨૮ અને રબ્બે વિસ્મરણનો પડદો તદ્દન રીતે ફાટેલો બને અને ઉપાધીના ઘડામાંનું માંસ અધુરું પાકે.

૩૫૨૯ આપણે બધા કાનું છીએ (જે કે) કાનનું જાહેર રૂપ બહેરું બન્યું છે. આપણે બધા વાણી છીએ પણ આપણા હોઠો ચુપ છે.

૩૫૩૦ હવે આપણે દરેક ચીજનું પરિણામ કે જે આપણે (દુનિયામાંના આપણા જીવન દરમ્યાન) આપ્યું તે જોઈએ છીએ.

૩૫૩૧ વાવણીનો દિવસ એ સંતાડવાનો અને જમીનના ટુકડામાં બી વેરવાનો દિવસ છે.

૩૫૩૨ લણણીની ઋતુ અને દાતરડાને સજાવવાનો વખત બદલો અને જાહેરાતનો દિવસ છે.

દોસ્ત કે જે તેને (મળવા) આવ્યો હતો કે જેનું કરજ ચુકવવાના સાધનો ખ્વાજાએ સ્વપ્નામાં બેલીફને જાહેર કર્યાં અને તેણે જગ્યા કે જ્યાં નાણું દાટેલું હતું તે સમજાવ્યું અને પોતાના વારસોને એક સંદેશો મોકલ્યો કે કોઇ પણ કારણોસર તેઓએ કરજદાર માટે (તે રકમ) મોટી સમજવી નહિ અને તેમાંથી લઈ લેવું નહિ અને કે તેને બધું અથવા અમુક ભાગની ના પાડવામાં આવે તો પણ તે તે જ જગ્યાએ રહેવા દેવામાં આવે, એટલા માટે કે જે કોઈની ઈચ્છા હોય તે તે લઇ જઇ શકે. તેણે કહ્યું, 'કારણ મેં ખુદા આગળ કસમ ખાધા છે કે મારી પાસે કે જેઓને મારી સાથે સંબંધ છે તેવાઓ પાસે તેમાંનો એક સિક્કો પણ પાછો ન આવે.

૩૫૩૩ હવે મારા નવા મહેમાન માટે દાન (કે જે મેં અનામત રાખ્યું છે) તેની વાત સાંભળો. મેં અગાઉથી જાણી લીધું હતું કે તે આવી પહોંચશે.

૩૫૩૪ અને મેં તેના કરજના સમાચાર સાંભળ્યા હતા (તેથી) મેં બે કે ત્રણ હીરાઓ બાંધી રાખ્યા હતા.

૩૫૩૫ કે જે તેનું દેવું ભરવા માટે પુરતા અને વધારે છે, (મેં આમ કર્યું) કારણ કે મારા મહેમાનનું દિલ ઝખમી થવું ન જોઇએ.

૩૫૩૬ તેને નવ હજાર સોનાના સિક્કાનું કરજ છે, આમાંના કેટલાક (હીરાઓ)માંથી તેનું કરજ ભરપાઈ કરવા દયો.

૩૫૩૭ તેમનાંમાના ઘણા રાખી મુકવામાં આવ્યા છે (આ વધારો) ભલે મોટો બને અને એક આશીર્વાદમાં મને પણ ઉમેરો.

૩૫૩૮ હું તેને તે મારા પોતાના હાથથી આપવાની ઇચ્છા રાખતો હતો. આ (બધી) બાબતનો દસ્તાવેજ ફલાણી યાદી-બુકમાં લખેલ છે.

૩૫૩૯ તેમ છતાં, મૃત્યુએ મને ગુપ્ત રીતે એડનના મોતીઓ તેને હવાલે કરવાની રજા આપી નહિ.

૫૪૦ તેનું કરજ (ભરપાઇ કરવા) માટે માણેકો અને ઝવાહીરો એક ચોકકસ વાસણમાં (રાખેલાં છે) કે જેના ઉપર તેનું નામ લખેલું છે.

૫૪૧ મેં તેને અમુક બાબણમાં દાટેલ છે. મેં મારા જુના દોસ્ત માટે કાળજી રાખી છે.

૩૫૪૨ તે (બન્નેની) કીંમત બાદશાહો સિવાય કોઇ જાણી શકે નહિ. કાળજી રાખજો કે
તેઓ (ખરીદનારા) વેચાતાં લેવામાં તમને છેતરી જાય નહિ.
૩૫૪૩ વેચાણમાં, છેતરાએલા બનવાની બીક માટે, નબી સાહેબની રીતે વર્તન કરો, કે
જેઓએ (પોતાના અનુયાયીઓને) ત્રણ દીવસ પસંદગી માટે વિકલ્પ શીખવ્યો.
૩૫૪૪ તેનો (બન્નેનો) ભાવ ઘટવાની બીક રાખતા નહિ, આતુરતામાં ગભરાતા નહિ. કારણ
કે તેની માંગ ઘટવાની નથી.
૩૫૪૫ મારા વારસદારોને મારા તરફથી મુબારકી આપજો અને આ સૂચનાનો મુદ્દેમુદ્દો
કહી સંભળાવજો.
૩૫૪૬ એટલા માટે કે સોનાની મોટી રકમના કારણે અડચણ કરે નહિ, પણ આનાકાની
કર્યા વગર (મારા) તે મહેમાનને સુપ્રદ કરે.
૩૫૪૭ અને જો તે કહે કે તેને આટલું બધું જોઇતું નથી તો તેને લેવા ફરજ પાડજો
અને તેની ઇચ્છા મુજબ તેને ઇનાયત કરજો.
૩૫૪૮ મેં જે તેને આપ્યું છે તેમાંથી એક કણ પાછું લેવાનો નથી. દુધ કદીપણ ડીંટડીમાં
પાછું આવતું નથી.
૩૫૪૯ હ. પયગમ્બર સાહેબની હદીસ પ્રમાણે "જે કોઈ ઇનામને પાછું આપવાની માગણી
કરે છે એક કુતરો કે જે પોતાની ઉલટી ચાવે છે તેના જેવો બને છે."
૩૫૫૦ અને જો તે દરવાજો બંધ કરે અને (તે જાહેર કરે કે) સોનાની તેને જરૂરત નથી
તો તેઓ ભલે તેના દરવાજા પાસે ઢગલો કરે.
૩૫૫૧ (કે જેથી) જે કોઇપણ પસાર થાય તે સોનું ઉઠાવી જાય, ઇમાનદારોનાં ઇનામ
કદી પણ પાછાં લેવાય નહિ.
૩૫૫૨ મેં બે વર્ષ અગાઉ તેના માટે સ્ટોરમાં રાખી મુકેલ છે, અને સર્વશક્તિમાન પાસે
કસમ ખાધા છે કે તે (તેનું જ રહેશે.)
૩૫૫૩ અને જો તેઓ (મારા વારસદારો પોતાના માટે) રાખી લેવું કાયદાસરનું જુએ તો
તેમના ઉપર વીસ ગણી નુકસાની આવી પડશે.
૩૫૫૪ જો તેઓ મારા આત્માને સંતાપે તો આપત્તિના એક સો દરવાજા તુર્તજ તેઓના
માટે ઉઘાડવામાં આવશે.
૩૫૫૫ મને ખુદાની ભલી આશા છે કે તે પુરુષ કે જેને તેનો અધિકાર છે તેને પહોંચતું
કરવા યોગ્ય કરશે.
૩૫૫૬ તેણે (બ્રાહ્મણે) તેને બીજી બે બાબતો ખુલ્લી કરી (પણ) તે જણાવવા હું મારા
હોઠો ખોલીશ નહિ.
૩૫૫૭ એટલા માટે કે (આ) બન્ને બાબતો ગુપ્ત અને ગુઢ રહેવા પામે અને કે મસનવી
બહુ લાંબી બનવા ન પામે.

૩૫૫૮ તે (બેલીફ) ઉંઘમાંથી સફાળો ઉભો થયો (ખુશાલીમાં) આંગળીઓ ફરડતાં, ક્યારેક પ્રેમનાં ગીતો ગાતો અને ક્યારેક રૂદન કરતો.

૩૫૫૯ મહેમાને (કરજદારે) કહ્યું "કઈ ગાંડી લાગણીમાં તમો ફસાયા છો) ? ઓ બેલીફ, તમો મદહોશી અને ખુશીયાલીમાં જાગૃત થયા છો.

૩૫૬૦ ઓ માનવંતા, તમોએ ગઈ રાત્રીના કેવું સ્વપ્નું જોયું તેની મને નવાઈ લાગે છે કે જેથી તમો શહેર કે મેદાનમાં સમાઇ શકતા નથી.

૩૫૬૧ તમારા હાથીએ હિન્દનું સ્વપ્નું જોયું છે, કારણ કે તમો તમારા દોસ્તના વાતાવરણમાંથી ભાગી છુટયા છો.

૩૫૬૨ તેણે જવાબ આપ્યો "મેં એક ગાંડું સ્વપ્નું નિહાળ્યું છે, મેં મારા દિલમાં એક સુરજ જોયો છે.

૩૫૬૩ મેં મારા સ્વપ્નામાં જાગૃત જ્વાલ્હને જોયો કે જેણે (ખુદાના) 'દીદાર' માટે પોતાની જીંદગી છોડી દીધી.

૩૫૬૪ મેં મારા સ્વપ્નામાં જ્વાળા, ઇચ્છીત વસ્તુ દાનમાં દેનારને જોયો કે જે જો કાંઈ (ભયંકર) બનાવ બને તો એકલો એક હજાર જેવો હતો.

૩૫૬૫ નશામાં અને બે ખુદીમાં તેણે આવી રીતની યાદી ચાલુ રાખી, ત્યાં સુધી કે ખુદીમાંથી સમજણ અને ભાનમાં આવ્યો.

૩૫૬૬ તે પડયો અને ઓરડાના મધ્ય ભાગમાં સારા જેવા વખત માટે આરામ કર્યો. લોકોનું એક ટોળું તેની આજુબાજુ જમા થયું.

૩૫૬૭ (જ્યારે) તે ભાનમાં આવ્યો, ત્યારે તેણે કહ્યું "ઓ આશીર્વાદના સમુદ્ર, ઓ તું કે જેણે ભાનનાં રૂપો બેભાનીના સ્ટોકમાં સંધર્યા છે.

૩૫૬૮ તેં ઉંઘમાં એક જાગૃતી ભરી રાખી છે, તે એક કે જેનું દિલ ગુમાવાયું છે તેવી હાલતવાળા ઉપર એક સત્તા જોડી રાખી છે.

૩૫૬૯ તેં ગરીબાઈની નમ્રતામાં દોલત સંતાડી છે, તેં ગરીબાઇની લોઢાની સાંકળને દોલતનો હાર પહેરાવ્યો છે.

૩૫૭૦ વિપરીત ગુણધર્મ વિપરીતમાં ગુપ્તપણે વળગેલ છે, અગ્નિ ઉકળતા પાણીમાં આવરેલ છે.

૩૫૭૧ એક (ખુબસુરત) બગીચો નમરૂદની આગમાં આવરેલ છે, આપવા અને વાપરવામાં નાણું વધે છે.

૩૫૭૨ તેથી જ હ. મુસ્તફા (ર.સ.અ.) માલ દોલતના બાદશાહે કહ્યું છે, 'ઓ દોલતના ધરાવનારા "દાન કરવું એ નફાવાળો ધંધો છે."

૩૫૭૩ સખાવતથી દોલત કદી ઓછી થતી નથી, વાસ્તવમાં સખાવતી કાર્યો પોતાની દોલત વધારવાનું ઉત્તમમાં ઉત્તમ સાધન છે.

૩૫૭૪ જકાતમાં (દરેક માટે) સોનાનો વધારો અને બરકત છે, નિયમિત બંદગીમાં વિષયીપણું અને દુષ્ટતામાંથી બચાવ છે.

૩૫૭૫ જકાત તારી થેલી સાચવનાર છે, નિયમિત બંદગી ભરવાડ છે જે તને વરૂઓથી બચાવે છે.

૩૫૭૬ સ્વાદિષ્ટ ફળ ડાળી અને પાંદડામાં છુપાએલ છે. અમરજીવન મૃત્યુની અંદર સંતાએલ છે.

૩૫૭૭ વિષ્ઠા, સદૃશીકરણની અમુક રીતથી જમીન માટે પોષણ આપનાર પદાર્થ બને છે અને તે ખોરાકના કારણે જમીનમાં એક ફળ ઉત્પન્ન થાય છે.

૩૫૭૮ એક અસ્તિત્વ શુન્યમાં સંતાએલ છે. ભક્તિભાવવાળું પૂજનીય પ્રકૃતિમાં રહેલું છે.

૩૫૭૯ લોહું અને ચકમક બહારની રીતે કાળા છે (પણ) આંતરિક રીતે એક પ્રકાશ અને એક દુનિયા અજવાળતી મીણબત્તી છે.

૩૫૮૦ એક માત્ર ભયમાં એક હજાર સલામતીઓ સમાએલી છે. (શિષ્યની) કાળી કાળી આંખમાં હમેશાં ઘણા ચળકાટો હોય છે.

૩૫૮૧ ગાય જેવી કાયામાં એક શાહજાદો હોય છે, એક બજાનાને બંડેરમાં રાખવામાં આવે છે.

૩૫૮૨ અંતમાં કે એક ઘરડો ગધેડો, અક્કલનો ઇબલીસ, કદાચ પેલા બજાનામાંથી ભાગી છૂટે અને (માત્ર) ગાયજ જુએ અને બાદશાહ જુએ નહિ.

બાદશાહની કહાણી કે જેણે પોતાના ત્રણેય દીકરાઓને આદેશ આપ્યો. કહે, "મારી શહેનશાહતમાંની આ મુસાફરીમાં ફલાણી જગ્યાએ અમુક બંદોબસ્ત સ્થાપિત કરો અને ફલાણી જગ્યાએ અમુક હાકેમોની નિમણુક કરો પણ ખુદાની ખાતર, ખુદાની ખાતર ફલાણા કિલ્લા પાસે જતા નહિ, અને તેની આજુબાજુ ચકરાવો લેતા નહિ.

૩૫૮૩ એક બાદશાહ હતો. બાદશાહને ત્રણ દીકરાઓ હતા. ત્રણેય ડહાપણ અને પરબ્રહ્મ શક્તિથી વિભૂષિત હતા.

૩૫૮૪ દરેક એક બીજાથી ઉદારતામાં અને લડાઈમાં અને બહાદુરીમાં એકબીજાથી ચડીયાતા હતા.

૩૫૮૫ શાહજાદાઓ (કે જે) બાદશાહની આંખની ખુશી હતી. બાદશાહ સમક્ષ ત્રણ મીણબત્તીઓની માફક સાથે ઉભા રહ્યા.

૩૫૮૬ અને પિતાની બાજૂની એક ગુપ્ત નહેરથી પુત્રની (આંખોના) બે ઝરાઓમાંથી પાણી ખેંચતી હતી.

૩૫૮૭ જ્યાં સુધી જેમ આ ઝરાનું પાણી ઝડપથી પુત્ર તરફથી પોતાના માતા અને પિતા તરફ દોડે છે.

૩૫૮૮ તેના માબાપનો બગીચો હંમેશાં તાજો બનશે. તેઓનો ઝરો આ બન્ને ઝરાઓમાંના પાણીથી વહેતો બનાવાયો છે.

૩૫૮૯ (પણ) જ્યારે પુત્રનો ઝરો બિમારી અંગે નિષ્ફળ જાય છે ત્યારે (પિતાની) ખજુરીની ડાળીઓ અને પાંદડાંઓ સુકાએલાં બને છે.

૩૫૯૦ તેની ખજુરીનું સુકાઈ જવું ખુલ્લી રીતે કહે છે કે આઠ પુત્રમાંથી બિનાશ ખેંચતું હતું.

૩૫૯૧ ઓ તમો ધ્યાન વગરના, તમારા આત્મા સાથે આવી રીતની કેટલી બધી ગુપ્ત નહેરો જોડાએલી છે !

૩૫૯૨ ઓ તું કે જેણે (આજીવિકાનો) જથ્થો જમીન અને આસમાનમાંથી ખેંચ્યો છે કે જેથી તારી કાયા ફુલીફાલી છે.

૩૫૯૩ આ (બધી) એક ધીરાણ છે, તારે તારી કાયામાં આટલું બધું ઠાંસીને ભરવાની જરૂર નથી, જે તેં લીધું છે તો તે તમારે પાછું ભરપાઈ કરવાની જરૂર છે.

૩૫૯૪ (બધું જ) સિવાય (કે જે ખુદાએ કહ્યું છે) "મેં શ્વાસોચ્છવાસ લીધા" કે જે 'પરોપકારી'માંથી આવ્યા હતા. આત્માને વળગી રહે ! બીજી વસ્તુઓ વૃથા છે.

૩૫૯૫ હું તેમને આત્માના સંબંધમાં વૃથા કહું છું. નહિ કે તેના (તેઓના બનાવનારના) પરિપૂર્ણ બનાવવાના સબંધમાં.

સમજાવવું કે ત્યાગી અમર જીવનના ઝરાના મુખમાંથી પૂર્તિ શોધે છે અને તે પૂર્તિ શોધવાની કોઈ પણ જરૂરિયાતમાંથી મુક્ત બનાવાયો છે, અને અસ્થિર પાણીના ઝરામાંથી ખેંચે છે, અને તેની નિશાની તેનું આભાસના રહેઠાણમાંથી તેનું ઉંચું ઉઠાવવું છે કારણ કે જ્યારે એક માણસ પેલા ઝરાઓમાંથી પૂર્તિ ખેંચવા ઉપર આધાર રાખે છે ત્યારે તે અમર અને કાયમી જીવનના ઝરા માટે પોતાની તલાશમાં ધીમો પડે છે.

એક કાર્ય તારા આત્માની અંદરથી કરેલું જરૂરી છે, કારણ કે કોઇપણ દરવાજે તને ધીરધાર ઉપર આપેલી ચીજોથી ખુલેલો બનશે નહિ, ઘરમાંનો એક પાણીનો ઝરો, બહારની એક નહેર કરતાં વધુ ઉતમ છે.

૩૫૯૬ નહેર કેવી ભલી છે કે જે (બધી) ચીજોનું મુળ છે, તે આ (બીજી) નહેરોથી તમને સ્વતંત્ર બનાવે છે.

૩૫૯૭ તમો એક સો ઝરામાંથી પીણું ગટગટાવશો. જ્યારે જ્યારે પેલા એકસોમાંનો કોઇ ઓછું ઉપજાવે, તમારી ખુશી અદ્રશ્ય થાય છે.

૩૫૯૮ (પણ) જ્યારે ઉચ્ચતમ ઝરો (તમારા) અંદરમાંથી ધસે છે, બીજા ઝરાઓમાંથી ચોરવાની તમને જરા પણ જરૂર રહેશે નહિ.

૩૫૯૯ જ્યારે કે તમારી આંખ પાણી અને જમીનથી આનંદિત બની છે, દિલની દિલગીરી આ ખુશી માટેની ચુકવણી છે.

૩૬૦૦ જ્યારે પાણીનો (જથ્થો) બહારથી કિલ્લા તરફ આવે છે, ત્યારે તે સુલેહના વખતમાં જરૂર કરતાં વધુ છે.

૩૬૦૧ (પણ) જ્યારે દુશ્મન (કિલ્લાની) આજુબાજુ ચક્કરાવો લ્યે છે, એટલા માટે કે તે તેમને લોહીમાં ડુબાવે.

૩૬૦૨ ત્યારે વિરોધી લશ્કર બહારનું પાણી કાપી નાખે છે કે કિલ્લાના (રક્ષકો)ને તેમના તરફથી કાંઈ પણ રક્ષણ મળે નહિ.

૩૬૦૩ તે વખતે (કિવાલોની) અંદરનો એક બારો કુવો બહારની એક સો મીઠા પાણીની નદીઓ કરતાં વધુ ઉત્તમ છે.

૩૬૦૪ દોરીઓનો કાપનાર (મૃત્યુ) અને મોતનાં લશ્કરો શિયાળાની માફક (કાયાનાં) પાંદડાંઓ અને ડાળીઓ કાપવા આવે છે,

૩૬૦૫ (અને પછી) તેમને માટે દુનિયામાં વસંતમાંથી કાંઈ મદદ નથી, સિવાય નશીબજોગે આત્મામાં પ્રિયતમનો ચહેરો ઠેક મારે.

૩૬૦૬ પૃથ્વીને 'આભાસોના રહેઠાણ'નો હક મળ્યો છે કારણ કે પસાર થવાના દિવસે તેણી પોતાનો પગ પાછો ખેંચી લ્યે છે.

૩૬૦૭ તે (વખત) પહેલાં તેણી ડાબી અને જમણી બાજુ દોડતી હતી, કહેતી, "હું તારી દિલગીરી ઉઠાવી જઈશ" પણ તેણી કદી કાંઇ પણ ઉઠાવી ગઈ નથી.

૩૬૦૮ તેણી ગભરાટના વખતે તમને કહેશે "તમારા ઉપરથી દુઃખ દુર થાઓ અને (દુઃખ અને તારા) વચ્ચે દસ પર્વતો ભલે ઉભે !"

૩૬૦૯ જ્યારે દુઃખનું લશ્કર આવે છે ત્યારે તેણી પોતાનો શ્વાસ થંભાવે છે, તેણી આટલું પણ કહેશે નહિ "મેં તને જોયો છે"

૩૬૧૦ ખુદાએ આના ઉપર સેતાનને અનુલક્ષી એક બોધવાર્તા બનાવી છે, "તે પોતાના ઢોંગોથી તને લડાઈમાં દોરી જશે"

૩૬૧૧ કહીને, "હું તમને મદદ આપીશ, હું તમારી પડખે જ છું. (લડાઈના) જોખમોમાં હું તમારી આગળ દોડીશ.

૩૬૧૨ હું તીરોના વખતે તમારી ઢાલ બનીશ, તકલીફના વખતે હું તમારો આશરો બનીશ.

૩૬૧૩ હું તને તારા પગ ઉપર ઉભો કરવા માટે મારી જીંદગી કુરબાન કરીશ, તું એક રૂસ્તમ, એક સિંહ છો, આવી જાઓ, મર્દ બનો !"

૩૬૧૪ આ છેતરપીંડીઓના સાધનોથી પેલો ઢોંગ લુચ્ચાઈ અને પ્રપંચનો કોથળો તેને નાસ્તિકતા તરફ દોરવી જાય છે.

૩૬૧૫ જેવો તે (તેમાં) પગ મુકે છે અને (અગ્નિની) ખાણમાં પડે છે, તે (સેતાન) પોતાના હોઠ જોરથી "હા હા" કરતો ખોલે છે.

૩૬૧૬ (છેતરાએલી વ્યક્તિ ખુબ પાડે છે "એઈ, આવ ! મને તારામાં જ આશાઓ છે" તે (સેતાન) કહે છે, "ચાલ્યો જા, કારણ કે હું તને તજી દઉં છું.

૩૬૧૭ તું ખુદાના ઇન્સાફથી ડર્યો નહિ (પણ) મને (તેની) બીક છે, મારા ઉપરથી તારા હાથ ઉપાડી લે.

૩૬૧૮ (પછી) ખુદા (સેતાનને) કહે છે, "તે (તારાથી છેતરાએલ) બરેબર, પરમસુખથી દૂર થયેા છે, અને આ પ્રપંચેાથી તું કેમ બચાવેલેા બનીશ ?

૩૬૧૯

૩૬૨૦ અનિવાર્યપણે (ખુદાના) હુકમનામા અને ન્યાયી વહેંચાણીથી, રસ્તેા રેાકનાર અને રેાકાએલા (બન્ને) ખુદાથી જુદાઈની બીજુમાં છે અને "એક હલકી આરામની જગ્યામાં"

૩૬૨૧ મુર્ખ અને પ્રેત કે જેણે તેને છેતર્યો (બન્નેને) મુક્તિ અને પરમ સુખથી વંચિત થવાનું સહન કરવું પડશે.

૩૬૨૨ ગધેડેા અને તે કે જેણે ગધેડાને પકડયેા (બંને) અહીં કાદવમાં ખૂંચેલા છે. અહીં (આ દુનિયામાં) તેઓ (ખુદાના) ગાફેલ છે અને ત્યાં (પેલી દુનિયામાં તેઓ (દુઃખમાં) ડુબેલા છે.

૩૬૨૩ પેલા બધાઓ સિવાય કે જેઓ (પેલા પ્રપંચમાંથી) પાછા ફરે છે અને (વાસનાની) પાનબરમાંથી (દૈવી) દયાના વસંતના વાયરામાં આવી જાય છે.

૩૬૨૪ અને જે પશ્ચાતાપ કરે છે, કારણ કે ખુદા પશ્ચાતાપ સ્વીકારવા તૈયાર છે અને પેાતાના હુકમ તરફ વળગી રહે છે કારણ કે તે એક ભલેા હુકમ કરનાર છે.

૩૬૨૫ જ્યારે, દિલગીરીમાં (ગરકાવ) તેઓ એક દયાજનક ઘુમ પાડે છે, ઉંચામાં ઉંચી બહિશ્તેા પાપીઓના રૂદનથી ધ્રુજી ઉઠે છે.

૩૬૨૬ બચ્ચા માટે ધ્રુજતી એક માતાની માફક તે ધ્રુજે છે. તે પેાતાના હાથથી તેને પકડે છે અને ઉપર લઈ જાય છે.

૩૬૨૭ કહે છે, એા તમેા કે જેઓને ખુદાએ આભાસેામાંથી મુક્ત કર્યા છે, (દૈવી) દયાના બગીચાઓ નિહાળેા અને માફી અર્પતેા માલિક નિહાળેા.

૩૬૨૮ હવે પછી તમેાને કાયમી ખેારાક અને ખુદાની હવામાંથી પેાષણ છે, નહિ કે (છાપરાની) નીકમાંથી.

૩૬૨૯ તેવી જ રીતે સમુદ્ર મધ્યસ્થીઓનેા અદેખેા છે, એક કે જે માછીની માફક તરસ્યેા છે, પાણીની મસકની રજા લ્યે છે.

શાહજાદાઓની બાદશાહને વિદાયગીરી કરવી, તેઓના પિતાની રાજ-સત્તાના મુલકમાં મુસાફરીએ નીકળી પડવું અને વિદાયગીરીની પળે બાદશાહે પેાતાની સુચનાઓને ફરીવાર દોહરાવી.

૩૬૩૦ (બાદશાહના) ત્રણ શાહજાદાઓ (મુસાફરી માટે) નીકળી પડે તેવી રીતે પેાતાના પિતાની માલમિલ્કત જોવા રવાના થયા.

૩૬૩૧ અને આર્થીક હાલત અને નિયમસર સંચાલનના ઈરાદા માટે પેાતાના શહેરેા અને કિલ્લાઓની મુસાફરી કરે.

૩૬૩૨ તેઓએ બાદશાહનો હાથ ચુમ્યો અને તેમની વિદાયગીરી માંગી. પછી બાદશાહ
કે જેનાથી બધા આધીન હતા, તેમને કહ્યું
૩૬૩૩ "જ્યાં જ્યાં તમારૂં દિલ દોરે ત્યાં તમારો રસ્તો કરશો, ખુશીમાં હાથ હલાવતા ખુદાના
રક્ષણ નીચે જાઓ,
૩૬૩૪ એક કિલ્લા તરફ જેનું નામ સમજણનો લૂટારો છે ત્યાં જવા સિવાય (ગમે ત્યાં
જાઓ), તે (કિલ્લો), તાજના પહેરનારાઓ માટે ઉગલા સખત બનાવે છે. (દુઃખમાં
નાખે છે.)
૩૬૩૫ ખુદાની ખાતર, ખુદાની ખાતર, તે કિલ્લો કે જે ચિત્રોથી સુશોભીત છે તેનાથી
દુર રહેજો. જોખમ કરતાં ચેતજો.
૩૬૩૬ તેના મિનારાઓ અને તેના છત બધી પ્રતિમાઓ અને શણગારો અને ચિત્રોથી
આગળ અને પાછળ સભર છે.
૩૬૩૭ ઝુલેખાના આવાસની માફક (કે જે તેણીએ) ચિત્રોથી ભરેલ બનાવ્યો એટલા માટે
કે હ. યુસુફ (અ. સ.) મને કમને પોતા ઉપર નજર કરે.
૩૬૩૮ જ્યારે કે હ. યુસુફ તેણીના તરફ જોતા નહિ, તેણીએ લુચ્ચાઈ કરી ઓરડો પોતાના
ચિત્રોથી ભરી દીધો હતો.
૩૬૩૯ કે જેથી જ્યારે સુંદર મુખવાળો (યુવાન) જોતો ત્યારે પસંદગી કરવાની શક્તિ
વગર તે તેણીનો ચહેરો જોતો.
૩૬૪૦ અપૂર્વ મહાન ખુદાએ એવી શક્તિવાળાને પોતાની નિશાનીઓ જાહેર કરતું રંગ-
મંચ છએ દિશાએ બનાવ્યું છે.
૩૬૪૧ એટલા માટે કે હરકોઇ પ્રાણી અથવા છોડ ઉપર તેઓ જોતા, તેઓ દૈવી દાનના
ચરાણુમાં ધરાઈ જતા.
૩૬૪૨ જ્યારે કે તેણે આત્મજ્ઞાનીઓના સમુહમાં કહ્યું છે, **"તમારો ચહેરો જ્યાં પણ
ફેરવશો ત્યાં તેનો ચહેરો છે."**
૩૬૪૩ જો તરસમાં તમો થોડું પાણી પ્યાલામાંથી પીઓ છો તો તમો પાણીની અંદર
ખુદાને જુઓ છે.
૩૬૪૪ એ આંતરિક દ્રષ્ટિના આદમી, તે કે જે (ખુદાનો) પ્રેમી નથી, (તે) પાણીમાં પોતે
પોતાની જ પ્રતિમા જુએ છે.
૩૬૪૫ (પણ) જ્યારે કે પ્રેમીની પ્રતિમા તેનામાં (પ્રિયતમમાં) અદ્રશ્ય થઈ છે. પછી પાણીમાં
હવે તે કોને જોશે? (તે મને) કહો,
૩૬૪૬ અદ્વૈખાના કામ થકી, તેઓ (આત્મજ્ઞાનીઓ) પાણીમાં પ્રતિબિંબિત થતા ચંદ્રમાની
માફક તેઓ ફિરસ્તાઓના ચહેરામાં ખુદાની ખુબસુરતી નિહાળે છે.
૩૬૪૭ તેની અદ્વૈખાઈ એક પ્રેમી અને સાચા (વખાણનાર) વિરૂદ્ધ દોરાએલી છે, તેની
અદ્વૈખાઇ એક માનવ (દાનવ) અને જનાવર વિરૂદ્ધ (દોરાએલી નથી).

૩૬૪૮ (પણ) જો એક સેતાન (ખુદાનો) પ્રેમી બને તો તે દુઃખને ઉપાડી ગયો છે (જીત મેળવી છે). તે જીબ્રીઇલ બન્યો છે અને તેની સેતાનીક પ્રકૃતિ મરી ગઈ છે.

૩૬૪૯ "સેતાન એક સાચો ઇમાનદાર બન્યો" પ્રસંગ ઉપર પ્રગટ બતાવાય છે કે જ્યારે તેની (ખુદાની) દયા એક યઝીદને એક બાયઝીદ બનાવે છે.

૩૬૫૦ આ મુદ્દાનો અંત જ નથી, ખબરદાર, મુસાફરોના ઓ સમુહ, તમારા ચહેરાઓ પેલા કિલ્લામાંથી છેટા રાખજો!

૩૬૫૧ અરે, રબ્બને વૃથા કલ્પના તમારો રસ્તો રૂંધે, અથવા તમે કાયમી કંગાલીયતમાં પડો.

૩૬૫૨ ખતરામાંથી બચવું તે એક ખાસ ફરજ છે, મારી પાસેથી રસહીન વાત સાંભળ.

૩૬૫૩ (દિલગીરીમાંથી) રાહત શોધવામાં, એ વધુ ઉતમ છે કે એકની સુઝો તેજ હોવી જોઇએ. તકલીફના અવરોધમાં (પડવામાંથી) બચી જવું તે વધુ સારૂં છે.

૩૬૫૪ જો તેઓનો પિતા આ શબ્દો બોલ્યો ન હોત અને પેલા કિલ્લા વિરૂદ્ધ તેમને ચેતવ્યા ન હોત.

૩૬૫૫ તો તેઓનું મંડળ કદી પણ કિલ્લા પાસે આવ્યું ન હોત, તેઓની ઇચ્છા તેમના તરફ તેમને કદી દોરી ગઈ ન હોત,

૩૬૫૬ કારણ કે તે બહુ પ્રખ્યાત ન હતો તે એકાંત અને (બીજા) કિલ્લાઓ અને મુખ્ય રસ્તાઓથી વધુ પડતો દુર હતો.

૩૬૫૭ (પણ) જ્યારે તેણે (બાદશાહે) પેલી મનાઇ ઉચ્ચારી, ત્યારે તેઓના દિલો વૃથા ઉમેદ અને કલ્પનાના પ્રદેશમાં ફેંકાયો હતો.

૩૬૫૮ અને આ મનાઇના કારણે તેઓના દિલોમાં તીવ્ર ઇચ્છા પેલા (કિલ્લા) ની ગુપ્તતા તપાસ કરવા ઉદ્ભવી.

૩૬૫૯ મનાઈ કરેલી વસ્તુમાંથી પોતાને બાકાત રાખે તેવો કોણ છે, જ્યારે કે માણસ જેની મનાઈ કરેલી હોય છે તેની જ ઇચ્છા કરતો હોય છે!

૩૬૬૦ અધિકૃત નિષેધ ભાવિકને ધિક્કારતો બનાવે છે, અધિકૃત નિષેધ વાસનામયને લાલસા કરતો બનાવે છે.

૩૬૬૧ તેથી તે (ખુદા) કેટલાંએક ટોળાંને આ સાધનોથી આડે રસ્તે દોરવે છે, અને તેજ સવાલોથી ઘણાં એક જાણીતા દિલને સીધે રસ્તે દોરવે છે.

૩૬૬૨ પાળેલું કબુતર (પારધીના) અવાજથી ભડકેલું બનશે? નહિ, (માત્ર) હવામાંના (જંગલી) કબુતરો પેલા અવાજથી ભડકશે.

૩૬૬૩ પછી તેઓએ (શાહજાદાઓએ) તેને (બાદશાહને) કહ્યું, 'અમો સેવા બજાવશું, અમો (તમારા હુકમો) સાંભળવા અને તાબે થવામાં ઉત્સુક રહેશું.

૩૬૬૪ અમો તમારા હુકમોમાંથી અવળા જશું નહિ, તમારું માયાળુપણું ભુલી જવું અનુપકારી છે."

૩૬૬૫ પણ પોતા ઉપરની તેઓની શ્રદ્ધાના કારણે 'ઇન્શાઅલ્લાહ' કહેવું તેમનાથી દૂર હતું.

૩૬૬૬ મસનવીની શરૂઆતમાં "ઈન્શાઅલ્લાહ" કહેવાનું અને દેખીતી સાવચેતીની જરૂરત બતાવવામાં આવી હતી.

૩૬૬૭ જો એકસો ધાર્મિક કિતાબો હોય, (છતાં) તેઓ માત્ર એકજ પ્રકરણ છે. એક સો (જુદા જુદા) વિભાગો બંદગીની એક જ જગ્યા શોધતા હોય છે,

૩૬૬૮ આ (બધા) રસ્તાઓ એક જ ઘરમાં અટકે છે આ (બધા) હજાર અનાજના દાણા એક જ બીમાંથી છે.

૩૬૬૯ (તેઓના અંતિમ કારણ)ની બાબતમાં બધાં લાખ જાતના ખોરાક અને પીણાં એક જ વસ્તુ છે.

૩૬૭૦ જ્યારે તમો એક જ (જાતના ખોરાક)થી તદ્દન સંતોષાઓ છો ત્યારે (બીજા) પચાસ ખોરાકો તમારા દિલને (નારાજ) કરતા ઠંડા બને છે.

૩૬૭૧ પછી ભુખમાં તમો બેવડું જુઓ છો કારણ કે તમોએ એકલાને એક લાખ જેવા નિહાળ્યા છે.

૩૬૭૨ અમોએ (અગાઉ) તમોને દાસીની બિમારીની વાત કહી છે, અને હકીમોની અને તેઓની સમજણની ખામીઓની કહાણી કહી છે.

૩૬૭૩ પેલા હકીમો કેવા ચોકઠા વગરના ઘોડા જેવા હતા, સવારીના બેધ્યાન અને ફાયદા વગરના.

૩૬૭૪ જો કે તેઓના તાળવાના આગળ પાછળના ભાગો ચોકઠાના ભટકાવાથી બનેલા ભાઠાથી છવાએલા હતા અને તેઓની બરીઓ બદલાતાં પગલાંથી ઝખમી થએલી હતી.

૩૬૭૫ તેઓ કદી પણ (સત્યથી) સજાગ ન હતા (અને પોતાને કહ્યું ન હતું કે), 'અરે, આપણી પીઠ ઉપર ચાલાક તાલીમ આપનાર છે જે બરી હુંશિયારી બતાવે છે."

૩૬૭૬ આમતેમ અમારું માથું ફરવું આ ચોકઠાથી થતું નથી. પણ માત્ર કતેહમંદ ઘોડેસ્વારના અંકુશથી છે.

૩૬૭૭ અમો (પેલાઓ કે જેઓ) બગીચાઓમાં ગુલાબો ભેગા કરવા ગયા હતા (તેના જેવા છીએ) તેઓ ગુલાબો બનેલા દેખાયા પણ તેઓ (હકીકતમાં) કાંટાઓ હતા.

૩૬૭૮ તેમને સમજણ અંગે પુછવાનું કદી પણ બન્યું નહિ "અમારાં ગળાઓ કોણ ઘસે છે ?"

૩૬૭૯ પેલા (દુન્યવી ડાહ્યા) હકીમો ગૌણ કારણથી એવા ગુલામ બન્યા છે (કે) તેઓ ખુદાની કરામત તરફ આંધળા બન્યા છે.

૩૬૮૦ જો તમો એક બળદને તબેલામાં બીજો બાંધો અને પછી એક ગધેડાને બળદની જગ્યામાં જુઓ તો.

૩૬૮૧ તે અક્કલહીન બેદરકાર બનશે, એક ઘસઘસાટ ઉંઘતા માણસની માફક, તપાસ કરતો નથી કે બાનગી પ્રતિનિધિ કોણ છે.

૩૬૮૨ (છતાં) તમોએ કદી કહ્યું નહિ, 'આ બદલનાર કોણ છે તે મને જોવા દયો, તે દ્રષ્યમાન નથી, બરેબર, તે અવકાશી સજીવ જીવ છે.

૩૬૮૩ તમોએ જમણી તરફ એક તીર ફેંકયું છે, અને જોયું છે કે તમારું તીર ડાબી તરફ જાય છે.

૩૬૮૪ તમોએ એક હરણનો પીછો કર્યો છે અને પોતે જ તમો નર સુવરનો શિકાર બન્યા છો.

૩૬૮૫ તમો કાંઇક લાભ મેળવવાના ઇરાદામાં પોતાને ઠાંસી ઠાંસીને ભર્યા બાદ દોડયા છો. લાભ (તમને) પહોંચ્યો નથી અને તમને જેલમાં ફગાવી દેવામાં આવ્યા છે.

૩૬૮૬ તમોએ બીજાઓ માટે બાડાઓ ખોદયા છે અને તેમાં તમોએ પોતાને જ ફગાવ્યા છે.

૩૬૮૭ જ્યારે કે માલિકે સાધનોની બાબતમાં તમને નિરાશ કર્યા છે, ત્યારે તમો સાધનોના શંકાશીલ શા માટે બન્યા નથી?

૩૬૮૮ કેટલાએક કઠોર પરિશ્રમના જોરે શહેનશાહ બન્યા છે, જ્યારે બીજા કેટલાક તેવા જ પરિશ્રમે કંગાળ બનાવાયા છે.

૩૬૮૯ કેટલાએક શાદીથી કારૂન (જેવા) પૈસાદાર બન્યા છે, અને કેટલાએક શાદીથી નાદાર બનાવાયા છે.

૩૬૯૦ તો પછી સાધનો ગધેડાની પુંછડી માફક આજુબાજુ ફરતાં રહે છે, વધારે સારું એ છે કે તેના ઉપર આધાર રાખવો નહિ.

૩૬૯૧ અને તમે જો સાધનો લીધાં તો તમારે તે બડાઈપૂર્વક લેવાં નહિ કારણ કે તેની નીચે ઘણાં સંતાડેલાં હાડકાંઓ છે,

૩૬૯૨ આ ઠંડાપણુ અને સાવચેતી 'ઈન્શાઅલ્લા'નો સાર છે, કારણ કે આ (દૈવી) હુકમનામું (વારંવાર) ગધેડાને બકરો હોવાનો દેખાવ કરે છે.

૩૬૯૩ જોકે તે કે જેણે પોતાની આંખે (દૈવી હુકમના અંગે) પાટો બાંધ્યો તે હુંશિયાર છે (છતાં) તેનું બેવડું જોવાના કારણે, તેની આંખમાં ગધેડો એક બકરો છે.

૩૬૯૪ જ્યારે કે ખુદા આંખોનો ફેરવનાર છે (બીજો) કોણ દિલ અને વિચારોને ફેરવે?

૩૬૯૫ (જ્યારે કે) તમો એક બાડાને આનંદનો નિવાસ બનતો જુઓ છો! તમો એક ફાંસલાને મનોહર પદાર્થ બનતો જુઓ છે!

૩૬૯૬ આ (કાંઈ) પોકળ તર્ક નથી, તે ખુદાનું જ ફેરવવું છે, તે વાસ્તવિકતાઓ કયાં છે તે બતાવે છે.

૩૬૯૭ તે કે જે વાસ્તવિકતાઓનો ઈન્કાર કરે છે તે સમસ્તપણે કલ્પનામાં ફસાયો છે.

૩૬૯૮ તે (પોતાને) કહેતો નથી, 'તારું ધારવું (કે બધું) આભાસ છે તે પણ કલ્પના છે. એક આંખ મસળ (અને પછી જો).”

સુલતાનના પુત્રોનું મના કરેલા કિલ્લા તરફ જવું, જેમકે માણસ આતુરતાથી લાલસા રાખે છે તેની કે જેની મનાઈ કરવામાં આવી હોય, "અમોએ અમારી સેવાઓ બજાવી, પણ તારી હલકી પ્રકૃતિ દાસને અરીદ કરી શકી નહિ.'

તેઓએ બાપની સૂચનાઓ અને સલાહો પગ તળે છુંદી કે જેથી તેઓ મહાદુઃખના આડામાં પડયા અને તેઓનો ઠપકો દેતો આત્મા તેમને કહેતો હતો "શું એક ચેતવણી આપનાર તમારી પાસે આવ્યો ન હતો? જ્યારે તેઓ રૂદન કરતા અને યુક્તિ યોજના જવાબ આપતા. "જો અમને સાંભળવાની અને સમજવાની આદત હોત તો અમો તેઓમાંના ન હોત કે જેઓ બળતી અગ્નિમાં રહે છે.

૩૬૯૯ આ વિવરણનો છેડો જ નથી. (મુસાફરોના) સમુહે પોતાનો રસ્તો કિલ્લો શોધવાનો લીધો.

૩૭૦૦ તેઓ મનાઈ કરેલા ફળના ઝાડ પાસે પહોંચ્યા, તેઓ ઇમાનદારની હારમાંથી બહાર નીકળી ગયા.

૩૭૦૧ જ્યારે કે તેઓ પોતાના પિતાની મનાઈ અને અધિકૃત નિષેધથી વધારે ઝનુની બન્યા હતા, તેઓએ (બળવાખોરની રીતે) પોતાનાં માથાં પેલા કિલ્લા તરફ ઉંચા કર્યાં.

૩૭૦૨ પસંદ કરાએલા બાદશાહના હુકમને ન ગણકારતાં (તેઓ) કિલ્લા તરફ આગળ વધ્યા કે જે સમજદારીનો લુંટારો અને ખુદના સંયમનો નાશ કરનાર છે.

૩૭૦૩ પ્રકાશિત દિવસે પોતાની પીઠ ફેરવતાં, તેઓ સમજણની ઇનાયત થએલી સલાહની પરવા કર્યા વગર ગાઢ રાત્રીમાં પહોંચ્યા.

૩૭૦૪ ચિત્રોથી સુશોભીત સુંદર કિલ્લામાં (જ્યાં) પાંચ દરવાજાઓ સમુદ્ર તરફ અને પાંચ જમીન તરફ (જતા હતા.).

૩૭૦૫ પેલા દરવાજાઓના પાંચ, બહારની ઇન્દ્રિઓની માફક, રંગ અને સુગંધ (પાર્થીવ દુનિયા) તરફ નજર કરે છે. તેમનામાંની પાંચ આન્તરીક ઇન્દ્રિઓની માફક ગુહાર્થ (ની દુનિયા) શોધે છે.

૩૭૦૬ પેલા હજારો ચિત્રો અને રેખાંકિત આકૃતિઓ અને શણગારોથી તેઓ (શાહજાદાઓ) સખત બેચેન બનાવાયા હતા (કે જેથી) તેઓ આમતેમ અજાયબીમાં ગરકાવ બન્યા.

૩૭૦૭ આ પ્યાલાઓથી બેહોશ બનો નહિ, કે જે (વિલક્ષણ) રૂપો છે, રબને તું પ્રતિમાઓ કોતરનાર અને મૂર્તિપુજક બને.

૩૭૦૮ આ પ્યાલાઓ તજી દે, એટલે કે (વિલક્ષણ) રૂપો, તેને ડામરવાળું ન બનાવ! પ્યાલામાં શરાબ છે, પણ તે પ્યાલામાંથી આવતું નથી.

૩૭૦૯ તારૂં મોઢું મદીરાના આપનાર પાસે ઉઘાડ, જ્યારે મદિરા આવે છે ત્યારે પ્યાલાની ઓટ રહેશે નહિ.

૩૭૧૦ (ખુદાએ કહ્યું) "ઓ આદમ, દિલને મુગ્ધ કરતી મારી વાસ્તવિકતા શોધ, ફોતરાનો અને (મના કરેલા) ઘઉંના (બહારના) રૂપનો ત્યાગ કર.

૩૭૧૧ જ્યારે કે દોસ્ત (હ. ઇબ્રાહિમ અ. સ.) માટે રોટીને આટામાં ફેરવવામાં આવી હતી, ઓ અમીર, જાણ કે ખુદા ઘઉં સિવાય પણ આટો બનાવી શકે છે.

૩૭૧૨ રૂપને અરૂપથી અસ્તિત્વમાં લાવવામાં આવે છે. જેવી રીતે કે અગ્નિથી ધુમાડો પેદા થયો છે.

૩૭૧૩ ગુણવત્તાઓમાં ઓછામાં ઓછી બાબી તેની છે કે જે રૂપથી વિભુશીત છે, (તે) ગુસ્સે બને છે જ્યારે કે તમો તેને કાયમી ગણો છો.

૩૭૧૪ (પણ) અરૂપપણું તમને સંપૂર્ણ બેહોશીમાં ફેંકે છે, વગર ઓજારપણાથી એક સો જાતના ઓજારો ઉત્પન્ન થાય છે.

૩૭૧૫ વગર હાથપણું હાથોને વણે છે, આત્માનો આત્મા (પુખ્ત) માનવ રૂપ બનાવે છે.

૩૭૧૬ તે આના જેવું છે કે જુદાઈ અને મિલનમાંથી જુદી જુદી કલ્પનાઓ દિલમાં વણાતી હોય છે,

૩૭૧૭ આ કારણ તેની અસરમાં કદી મળતું છે? (દુઃખની) રાડ અને આક્રંદ તેની નુકશાનીમાં કારણભુત બન્યું તે કદી મળતું આવે છે?

૩૭૧૮ આક્રંદને રૂપ છે, નુકશાની અરૂપ છે, તેઓ (નુકશાની બનનારા) પેલા એક નુકશાની બાતર કે જેને હાથ નથી તેના કારણે પોતાના હાથ કરડે છે.

૩૭૧૯ ઓ દોરવણીના શોધનાર આ સરખામણી (હકીકતને) બંધબેસતી નથી. (પણ) એક ગરીબ માણસ તેને સમજાવવાની સૌથી સારી કોશિષ કરે તો તે તે જ છે.

૩૭૨૦ (ખુદાનું) અરૂપ કાર્ય, એક રૂપનું (બી) વાવે છે (જ્યાંથી) જ્ઞાન અને સમજણથી સભર એક કાયા ઉગી નીકળે છે.

૩૭૨૧ કે જેથી રૂપ (આશય) તે જે પણ હોય તે, તેની પોતાની પ્રકૃતિ મુજબ કાયાને ભલી અથવા બુરી (હાલતમાં) લાવે છે.

૩૭૨૨ જો તે રૂપ (આશય) ભલાઈનો બનેલો છે તો તે (કાયા) આભાર માનવા તરફ ફરે છે, જાતે શાંતિનું રૂપ હોય તો તે (કાયા) ગંભીર બને છે.

૩૭૨૩ જો તે દયાનું રૂપ બનેલું હોય, તો તે (કાયા) વિકસતી બને છે, જો તે નકારાત્મક હોય તો તે (કાયા) દિલગીરીઓ ભરેલ હોય છે.

૩૭૨૪ જો તે એક શહેરનું રૂપ હોય તો તે (કાયા) ત્યાં એક મુસાફરીએ નીકળી પડે છે. જો તે એક તીરના રૂપમાં હોય તો તે (કાયા) (બચાવમાં) એક ઢાલ લ્યે છે.

૩૭૨૫ જો તે ખુબસુરતોનું રૂપ હોય તો તે (કાયા) છુટથી આનંદ માણે છે, જો તે અદ્રશ્ય દુનિયાનું રૂપ હોય તો તે (કાયા) 'મઝહબી એકાંત' મેળવવાની કોશીષ કરશે.

૩૭૨૬ જરૂરીયાતનું રૂપ (કાયાને) (જીવનની જરૂરીયાત) પેદા કરવા તરફ દોરી જશે. બાવડાંમાના જોરનું રૂપ (કાયાને) (બીજાની માલમિલકત) જોરજુલમથી કબજે કરવા તરફ દોરે છે.

૩૭૨૭ આ (વિચારો) અમાપ અને અગણિત છે, કાર્યનો ઇરાદો (આવી) જુદી જુદી કલ્પનાઓમાંથી જાગૃત થાય છે.

૩૭૨૮ જીવનના બધા અમાપ રસ્તાઓ અને હિકમતો વિચારના રૂપનું પ્રતિબિંબ છે

૩૭૨૯ (દાખલા તરીકે) જ્યારે એક આનંદી ટોળું એક છાપરાના છેડા ઉપર ઉભું હોય છે ત્યારે જમીન ઉપરનો દરેકનો પડછાયો ધ્યાનમાં રાખ,

૩૭૩૦ વિચારનું રૂપ (આત્માના) ઉંચા છાપરા ઉપર છે, જ્યારે (પરિણામીત) કાર્ય પડછાયાની માફક ભલાઓ ઉપર (કાયાના અવયવો)માં દેખાય છે

૩૭૩૧ કાર્ય થાંભલાઓ ઉપર દેખીતું છે, જ્યારે વિચાર (કે જે પેદા કરે છે તે) ગુપ્ત છે પણ બને કાર્ય અને અસરના રૂપમાં જોડાએલા છે.

૩૭૩૨ રૂપો (આશયો) કે જે ઉત્સવ જેવા પ્યાલાંમાંથી સમારંભમાં જાગે છે તેઓના પરિણામો બેભાનપણા અને બેસમજનાં હોય છે.

૩૭૩૩ પરંતુ જેવો પ્યાર રૂહાનીયત બાદશાહ તરફ હોય છે તો તે પાર્થીવ રૂપના મોહમાંથી છૂટી જાય છે.

૩૭૩૪ રોટલો અને નિમકનું (પાર્થીવ) રૂપ કે જે (ખુદાએ ઇનાયત) કરેલો ફાયદો છે; તેને તેનું પરિણામ (શારિરીક) શક્તિ છે જે અરૂપ છે.

૩૭૩૫ લડાઇના મેદાન ઉપર તલવાર અને ઢાલના રૂપને તેનું પરિણામ અરૂપ ચીજ 'વિજય' છે

૩૭૩૬ વિદ્યાલય અને શાળા અને તેનાં જેવાં (જુદાં જુદાં) રૂપો વિદ્યાથી અનુરૂપ બની છોડી દેવાય છે

૩૭૩૭ જ્યારે કે આ રૂપો અરૂપના ગુલામો છે, તો પછી શા માટે તેઓ પોતાના આશ્રય-દાતાનો ઇન્કાર કરે છે?

૩૭૩૮ આ રૂપો કે તેઓનું અસ્તિત્વ અરૂપમાંથી છે, તો પછી શાના આધારે તેઓ તેનો ઇન્કાર કરે છે કે જે તેઓને અસ્તિત્વમાં લાવ્યું છે.

૩૭૩૯ તેનો (નાસ્તિકનો) અવિશ્વાસ ખરેખર તેના પોતાથીજ પ્રગટ થાય છે, સત્ય કહેતાં તેનું આ કાર્ય એક પ્રતિબિંબ સિવાય બીજું કંઈ નથી.

૩૭૪૦ જાણ કે દરેક રહેઠાણની દિવાલો અને છાપરૂં ચોજકના વિચારનું એક પ્રતિબિંબ છે

૩૭૪૧ જો કે તેના વિચારની બેઠકમાં દ્રવ્યમાન પત્થર અને લાકડું અને ઈંટ હોતી નથી.

૩૭૪૨ અનિવાર્યપણે અમર્યાદિત પ્રતિનિધિ અરૂપ છે. રૂપ તેના હાથમાં એક ઓજાર માફક છે.

૩૭૪૩ કોઈ વાર અરૂપ દયાના પ્રતાપે પોતાનો ચહેરો અરૂપના પડદામાં છુપાએલમાંથી રૂપો તરફ બતાવે છે,

૩૭૪૪ એટલા માટે કે આથી દરેક રૂપ કાંઇક સંપૂર્ણતા અને ખુબસુરતી અને શક્તિ સાથે પરિપૂર્ણ બને.

૩૭૪૫ જ્યારે તે ફરીવાર અરૂપે પોતાનો ચહેરો સંતાડયો છે ત્યારે તેઓ રંગ અને સુગંધના જ્ઞાનમાં માગણી કરવા આવે છે.

૩૭૪૬ જો એક રૂપ બીજા રૂપમાંથી સંપૂર્ણતા શોધે છે તો તે ભુલનું ઉદાહરણ છે.

૩૭૪૭ તો પછી શા માટે ઓ કિંમત વગરના આદમી, તમો તમારી જરૂરીઆત એક બીજા જરૂરીયાતવાળા (જીવ) પાસે રજુ કરો છો ?

૩૭૪૮ તેવીજ રીતે જેમ (બધાં) રૂપો (ખુદાના) ગુલામો છે, એમ કહેતો કે નિહાળતો નહિ કે રૂપ ખુદાને લાગુ પડતું છે, તેને 'તસ્બીહ' થી શોધતો નહિ.

૩૭૪૯ ખુદની બદબોઈ અને ખુદના વિલોપનમાં (તેને) શોધ. કારણ કે વિચારથી રૂપો સિવાય બીજું કંઈ પેદા થતું નથી.

૩૭૫૦ અને જો તમો રૂપ સિવાયમાંથી સંગીન તક ન લ્યો (તો પછી) રૂપ કે જે તમારી અંદર પોતાની મેળે ઉત્પન્ન થાય છે તે સૌથી સારૂં છે.

૩૭૫૧ (ધારો કે તે) એક શહેરનું રૂપ છે કે જ્યાં તમો જાઓ છો, ઓ ઢંગધડા વિનાના, તમો ખુશીની અરૂપ લાગણીથી નજીક ખેંચાતા જાઓ છો.

૩૭૫૨ તેથી તમો ખરેખરા ત્યાં જાઓ છો કે જ્યાંનું ચોકકસ ઠેકાણું જ નથી. કારણ કે ખુશી એ સ્થળ અને વખતથી (કોઇ) જુદીજ વસ્તુ છે.

૩૭૫૩ (ધારો કે તે) એક મિત્રના રૂપે તમો જશો, તમો તેની સંગાથમાં ખુશી મનાવવાના કારણે જાઓ છો,

૩૭૫૪ તેથી વાસ્તવમાં તમો અરૂપ (દુનિયા) તરફ જાઓ છો. જો કે તમો (તમારી મુસાફરીનો) કારણ તરફ સભાન નથી.

૩૭૫૫ તો પછી સત્ય રીતે ખુદા બધાથી પુજાય છે (જ્યારે કે) (બધો) રસ્તો લેવામાં ખુશીનું જ કારણ છે કે જેનું મુળ તેજ છે.

૩૭૫૬ પણ કેટલાકે પોતાના ચહેરા પુંછડી તરફ લગાડયા છે. અને મસ્તક ગુમાવ્યું છે. જો કે મસ્તક જીવનસૂત્ર છે

૩૭૫૭ પણ (એમ હોવા છતાં) પેલું મસ્તક આ ગુમાવેલા અને ગુન્હાહિતો ઉપર પુંછડીના રસ્તે મસ્તક જેટલી જ યોગ્ય ઉદારતા ઈનાયત કરે છે

૩૭૫૮ પેલો એક મસ્તકમાંથી દાન મેળવે છે આ એક પુંછડીમાંથી. બીજા (ગુલામો) સમૂહે પગ અને માથું બન્ને ગુમાવેલ છે.

૩૭૫૯ જ્યારે બધું ગુમાવાયું છે, તેઓએ સઘળું મેળવ્યું છે. નડિવતપણા તરફ સંકોચાતાં તેઓ સમસ્ત તરફ આગળ વધ્યા છે.

ચિત્રોથી સુશોભિત કિલ્લાના શામીયાનામાં તેઓએ ચીનના રાજાની પુત્રીની ચીતરેલી પ્રતિમા જોઈ અને તેઓ બન્નેએ ભાન ગુમાવ્યા અને વ્યાકુળતામાં પડયા અને તપાસ આદરી, પૂછતાં કે 'આ કોની પ્રતિમા છે ?'

૩૭૬૦ આ મુદ્દો અંત વગરનો છે, (ત્રણેઈના) સમુહે ઓચિંતાના એક ખુબસુરત અને બાદશાહી પ્રતિમા નિહાળી.

૩૭૬૧ (મુસાફરીના) સમુહે પેલા કરતાં વધુ સુંદર ચિત્રો જોયાં હતાં પણ (આ એક) ની નજરે તેઓ ઉંડા સમુદ્રમાં હડસેલાયા હતા.

૩૭૬૨ કારણ કે આ પ્યાલામાં તેમની પાસે અફીણ આવ્યું. પ્યાલાઓ દૃષ્યમાન છે પણ અફીણ અદૃષ્ય છે.

૩૭૬૩ સમજણનો નાશ કરનાર (નામે) ક્લિલાએ પોતાનું કામ કર્યું તેણે (બધા) ત્રણેયને મહાદુઃખની ખીણમાં ફગાવ્યા.

૩૭૬૪ પણ છ વગર તીર જેવા (પ્રેમના) ચમકારા દિલમાં ભોંકાય છે, દયા, દયા. ઓ દયા વગરના.

૩૭૬૫ એક પથ્થરની પ્રતિમાએ (વહી ગએલી) પેઢીને નષ્ટ કરી છે અને તેઓના ધર્મોમાં અને દિલોમાં (તેના માટેના પ્રેમની) અગ્નિ પ્રજ્વલીત કરી છે.

૩૭૬૬ જ્યારે તે (પ્રતિમા) રૂહાનીયત છે, તે કેવી મોહક બનવી જોઇએ ! તેની મોહિની દરેક પળે બદલાય છે.

૩૭૬૭ જ્યારે ચિત્રેલા આકારનો પ્રેમ ભાલાની અણી માફક શાહજાદાઓને દિલમાં ઝખમો કરતો હતો.

૩૭૬૮ તેઓમાંનો દરેક વાદળની માફક આંસુઓ સારતો હતો, પોતાના હાથો કરડતો અને ઘુમો પાડતો, અરે, અફસોસ !

૩૭૬૯ હવે આપણે જોઇએ કે બાદશાહે શરૂઆતમાં શું જોયું, "પેલા અપૂર્વે કેટલી બધી વાર આપણને વિનંતી કરી હતી !"

૩૭૭૦ પયગમ્બરોએ (આપણા ઉપર) એક મોટો ઉપકાર કર્યો છે, કારણ કે તેઓએ આપણને અંતથી માહિતગાર કર્યા છે.

૩૭૭૧ કહે, તે કે જે તમો વાવો છો તે કાંટા સિવાય બીજું કંઇ પેદા કરશે નહિ, અને (જો) તમો આ દુન્યવી દિશામાં ઉડશો તો પેલી પાર ઉડવાનું સ્થળ જ તમને મળશે નહિ.

૩૭૭૨ મારી પાસેથી બી મેળવો, કે તે (સારો) પાક આપે, મારી પાંખોથી ઉડો કે જેથી તીર પેલી પાર પહોંચે.

૩૭૭૩ (જો) તમો જરૂરિયાત અને (ખુદા તરફ) ઉડવાનું (ખરૂં) અસ્તિત્વ મુજબ કબૂલ કરો, નહિ તો પણ અંતે તમો કબુલ કરશો કે તે જરૂરી હતું.

૩૭૭૪ તે (પયગમ્બર) તમો છો, પણ આ (અસત્ય) તું નહિ, (તે) પેલો તું (છો) કે જે અંતે (આભાસની દુનિયામાંથી) ભાગી છૂટવાના અંતઃકરણવાળો હોય.

૩૭૭૫ તારો છેલ્લો (ખોટો) તું તારા પહેલા (ખરા) ની તરફ સલાહસૂચનો અને ભેટો મેળવવા આવ્યો છે.

૩૭૭૬ તારો (ખરો) તું બીજા (ખોટા) તુંમાં દટાયો છે, હું તે માણસનો નમ્ર ગુલામ છું કે જે (ખરેખરી) રીતે પોતાને જુએ છે.

૩૭૭૭ યુવાન કે જે આરસીમાં જુએ છે 'પીર' તેની અગાઉ તે ઈંટમાં જુએ છે.

૩૭૭૮ (શાહજાદાઓએ કહ્યું) આપણે આપણા બાદશાહના હુકમનો ભંગ કર્યો છે, આપણે આપણા પિતાજીની શુભેચ્છાઓ વિરુદ્ધ બળવો કર્યો છે.

૩૭૭૯ આપણે બાદશાહનો શબ્દ અને પેલી અભૂત સદ્‌ભાવો ગંભીર લેખ્યા નથી.

૩૭૮૦ અરે, આપણે મરેલા અને સંઘર્ષ વગરના ઘાથી ઘાયલ થએલ ખાઈમાં પડયા છીએ.

૩૭૯૧ આપણે આપણી પોતાની સમજણ અને ડહાપણ ઉપર આધાર રાખ્યો કે જેથી આ મહાદુઃખ આપણા ઉપર આવી પડયું છે.

૩૭૮૨ અમોએ પોતાને બિમારી વગરના અને બંધનમુક્ત બનેલા ગણ્યા, જેવો કે એક ક્ષયના રોગથી પીડાતો પોતાને સમજે છે તેમ સમજ્યા.

૩૭૮૩ હવે, અમોને કેદીઓ અને શિકાર બનાવ્યા બાદ, ગુપ્ત દર્દ દેખીતું બન્યું છે.

૩૭૮૪ **'રૂહાની રાહબર'નું રક્ષણ ખુદાના વખાણ કરવા કરતાં વધુ ઉતમ છે.** સંતોષની એકાદ લાગણી એકસો મીઠાઈઓ અને આવાની છાબડીઓ કરતાં વધુ ઉત્તમ છે.

૩૭૮૫ એક દેખતી આંખ (આંધળા માણસોની) ત્રણસો લાકડીઓ કરતાં વધુ સારી છે. આંખ કાંકરાઓમાંથી મોતીઓ ઓળખી શકે છે.

૩૭૮૬ તેઓએ પ્રેમની પિડાએ તલાશ કરવી શરૂ કરી, કહે, અમને નવાઈ ઉપજે છે કે તેણી કોની છે કે જેની આ ચિત્રેલ પ્રતિમા છે.

૩૭૮૭ તેઓની મુસાફરીના રસ્તામાં ઘણી તપાસ કર્યા બાદ એક રૂહાની રાહબર આંતરિક દ્રષ્ટિવાળાએ આ ગુઢાર્થનો ખુલાસો કર્યો.

૩૭૮૮ મોઢાથી નહિ, કાનના રસ્તાથી સમજણમાંથી મેળવેલ દૈવી પ્રેરણાથી તેને (બધાં) ગુઢાર્થો ખુલ્લા હતાં.

૩૭૮૯ તેણે કહ્યું, "આ તેણીની પ્રતિમા છે કે જે હુરાંઓની પણ ઈર્ષાની વસ્તુ છે. આ ચાઇનાની શાહજાદીનું ચિત્ર છે.

૩૭૯૦ તેણી આત્માની માફક અને ગર્ભાષયની માફક સંતાએલ છે, તેણીને એક ગુપ્ત લતામંડપ અને મહેલમાં (રાખવામાં આવેલ છે).

૩૭૯૧ સ્ત્રી કે પુરુષ કોઇને પણ તેની હજુરમાં દાખલ થવા દેવામાં આવતા નથી. બાદશાહે તેણીની મોહિનીના કારણે તેણીને સંતાડી રાખી છે."

૩૭૯૨ બાદશાહને તેણીના (ભલા) નામ માટે (મોટી) અદેખાઈ હતી કે જેથી એક પંખી પણ તેણીના છાપરા ઉપરથી ઉડતું નહિ.

૩૭૯૩ તે દિલ માટે અફસોસ છે કે એક ગાંડો આવો મોહ અથડાયો છે, કોઇપણ કદી આવો મોહ ન અનુભવે !

૩૭૯૪ આ તેના માટેની વેરની વસૂલાત છે કે જેણે અજ્ઞાનતાનાં બી વાવ્યાં, અને પ્રકાશ અટકાવ્યો અને પેલી (કિંમતી) સલાહને સસ્તી ગણી.

૩૭૯૫ અને પોતાની બુદ્ધનો કાર્યવાહીમાં વિશ્વાસ મુકયો, બુદ્ધિના એક જ પ્રહારે મારી કામગીરીને ફતેહમંદીએ લઈ જઈશ.

૩૭૯૬ બાદશાહના સદ્‌ભાવનો અતિ અલ્પ ભાગ બુદ્ધિશાળીથી ઉચ્ચારેલી ત્રણ સો હિકમતોથી વધુ ઉત્તમ છે,

૩૭૯૭ ઓ અમીર, તારી પોતાની હુશીયારી છોડી દે, (દૈવી) સદ્‌ભાવ સમક્ષ તારો પગલું પાછું ભર અને બુશીથી મરી જા.

૩૭૯૮ અમુક અશિયારીના કારણે આ મેળવી શકાતું નથી, કંઈપણ મદદગાર થશે નહિ સિવાય કે જ્યાં સુધી તમો આ (બધી) યુક્તિઓ તરફથી હટી જશો.

બુખારાના સદરે જહાનની કહાણી, (તેનો રિવાજ હતો કે) કોઇપણ ભિખારી પોતાની જીભથી ભીખ માગે તેને પોતાની સર્વમય અને સરળ સખાવતમાંથી બાકાત રાખતો. અમુક ગરીબ નોકરે (આ નિયમને) ભૂલી જતાં અને વધુ પડતો આતુર અને ઉતાવળમાં (સદરે જહાન) જ્યારે પોતાના ઘોડેસ્વારો સાથે પસાર થતો હતો ત્યારે પોતાની જીભથી ભીખ માગી. સદરે જહાને પોતાનો ચહેરો તેનાથી ફેરવી લીધો. અને (જે કે) તેણે દરરોજ એક નવી યુક્તિ અજમાવી અને પોતાને ઓળખાવ્યો, કયારેક બુરખો ઓઢેલ ઔરત અને કયારેક એક ચહેરો અને આંખો ઉપર પાટા બાંધેલ આંધળા તરીકે (પણ) તે (સદર) તેને ઓળખી લેવાની હમેશાં પૂરતી સમજ ધરાવતો હતો. વિગેરે વિગેરે.

૩૭૯૯ ખૂબ જ માનવંતા અમીરની બુખારામાં ભિખારીઓ સાથે માયાળુપણે વર્તવાની ટેવ હતી.

૩૮૦૦ તેની મહાન દયા અને અમાપ દાનશીલતા હમેશાં રાત્રી પડતાં સુધી સોનું વેરતી હતી.

૩૮૦૧ સોનું કાગળના કટકાઓમાં વીંટેલું હતું. તે જાઓ ત્યાં સુધી તેણે છુટે હાથે દાન આપવું ચાલુ રાખ્યું.

૩૮૦૨ તે સૂર્ય અને પ્રકાશિત ચંદ્રમા જેવો હતો (કારણ કે) તે (બધા) પ્રકાશો પાછા આપે છે કે જે તેઓ (ખુદામાંથી) મેળવે છે.

૩૮૦૩ જમીન ઉપર સોનું કોણ ઇનાયત કરે છે? સૂર્ય. તેના થકીજ સોનું બાણમાં છે અને બજ્જનો બંડેરમાં છે.

૩૮૦૪ દરેક સવારે એક મંજૂર કરેલી નાણાની રકમ એક (જુદા જુદા) પ્રકારના લોકોને (વહેંચી આપવામાં આવતી હતી), એટલા માટે કે તેનાથી નિરાશ થએલા કોઇ વર્ગ બાકી રહે નહિ.

૩૮૦૫ એક દિવસ તેનું ઇનામ (દર્દથી) પીડાતા પેલાઓ માટે રાખવામાં આવતું હતું. બીજે દિવસે તેવી જ ઉદારતા વિધવાઓ તરફ બતાવવામાં આવતી હતી.

૩૮૦૬ બીજે દિવસે મૌલા અલીના વંશવારસોના સાથે ગરીબ વકીલાત શીખતા ન્યાયાધીશો માટે.

૩૮૦૭ બીજે દિવસે ખાલી હાથવાળા સામાન્ય લોકો, બીજે દિવસે કરજમાં ડુબેલા લોકોને

૩૮૦૮ (સખાવત આપવામાં) તેનો રિવાજ એવો હતો કે કોઈએ પણ સોના માટે પોતાની જીભથી ભીખ માગવી કે પોતાના જરા જેટલા પણ હોઠ ખોલવા જોઈએ નહિ.

૩૮૦૯ પણ મુફ્લિસોએ એક દિવાલની માફક તેના રસ્તા ઉપરના ભાગોમાં ચુપકીદીથી ઉભા રહેવું.

૩૮૧૦ અને કોઈ પણ જે ઓચિંતાના પોતાના હોઠોથી ભીખ માગે તો આ ગુનાહ માટે તેને એક અધેલી પણ ન આપવાની સજા કરવામાં આવતી.

૩૮૧૧ તેનું જીવન સૂત્ર હતું, ' તમારામાં તેઓ કે જેઓ ચુપ રહે, બચાવવામાં આવ્યા છે, 'તેની થેલીઓ અને (ખોરાકના) કટોરા ચૂપ રહેવા માટે અનામત રાખવામાં આવતા.

૩૮૧૨ એક દિવસે (એવું બન્યું કે) અસાધારણ રીતે એક ઘરડા માણસે કહ્યું, ' મને ખેરાત આપો, કારણ કે હું ભુખથી પીડાઉં છું.'

૩૮૧૩ તેણે પેલા વૃદ્ધને (ખેરાત) આપવાની સના કરી, પણ પેલા વૃધ્ધે તેને આગ્રહભરી વિનંતી કરવી ચાલુ રાખી, લોકો આ ઘરડા માણસની વિનંતીથી અજાયબ થયા.

૩૮૧૪ તેણે (સદ્રે) કહ્યું, ' ઓ મારા બાપ, તમો એક ખૂબ જ બેશરમ આદમી છો," પેલા વૃધ્ધે જવાબ આપ્યો, ' તમો મારા કરતાં વધુ બેશરમ માણસ છો."

૩૮૧૫ કારણ કે તમોએ આ દુનિયાનો આનંદ માણ્યો છે, અને તારી કંજૂસાઈમાં તું તારી ચાલુ વિપુલતાને તારા ભવિષ્યનો આનંદ નક્કી કરવાનું નિમિત્ત બનાવે છે.

૩૮૧૬ તે (સદ્ર) હસ્યો અને પેલા વૃદ્ધને થોડા પૈસા આપ્યા, વૃધ્ધે એકલાએ દાન મેળવ્યું.

૩૮૧૭ પેલા વૃદ્ધ સિવાય કોઇ પણ જેણે (અવાજ કરી) માગ્યું, કદી તેના પૈસામાંથી એક સિક્કો પણ જોયો નહિ.

૩૮૧૮ એક દિવસે કે જ્યારે તે ધારાશાસ્ત્રીઓનો વારો હતો, અમુક ધારાશાસ્ત્રીએ કંજુસાઈ (પ્રેરિત) ઓચિંતાના કૃતિમ રૂદન શરૂ કર્યું.

૩૮૧૯ તેણે ઘણી દયાજનક આજીજીઓ કરી, પણ કાંઈ કામ આવી નહિ. તેણે આજીજીઓ ઉચ્ચારી પણ તે કાંઈ મદદગાર નીવડી નહિ.

૩૮૨૦ બીજે દિવસે તેણે પોતાનો પગ ચીંથરાઓથી લપેટ્યો, (અને) (બિમારી) ભોગવતાઓની હારમાં, પોતાનું માથું હલાવતો ઉભો.

૩૮૨૧ તેણે ડાબી અને જમણી બાજુએ ઢીંચણથી ઘુંટી સુધીનો પગ લાકડાની ચીપાઈથી બાંધ્યો, એટલા માટે કે એવું ધારી લેવામાં આવે કે તેનો પગ ભાંગી ગયો છે.

૩૮૨૨ તેણે (સદ્રે) જોયું અને તેને ઓળખી ગયો, અને કાંઈ આપ્યું નહિ, બીજે દિવસે તેણે પોતાનો ચહેરો વરસાદના ડગલાથી ઢાંક્યો.

૩૮૨૩ (પણ) ઉમદા માલિક તેમ છતાં તેને ઓળખી ગયો અને તેના બોલવાથી (આચરેલા) ગુન્હા) માટે કાંઈ પણ આપ્યું નહિ.

૩૮૨૪ જ્યારે તે એકસો જાતની યુક્તિઓમાં નાશીપાસ થયો ત્યારે તેણે પોતાના માથા ઉપર સ્ત્રીઓની માફક બુરખો ઓઢ્યો.

૩૮૨૫ અને ગયો અને વિધવાઓ વચ્ચે બેઠો અને પોતાનું માથું નીચું નમાવ્યું અને પોતાના હાથો છુપાવ્યા.

૩૮૨૬ છતાં પણ તે (સદ્ર) તેને ઓળખી ગયો અને તેને કાંઈ સદકો આપ્યો નહિ. આ નિરાશાના કારણે તેના દિલમાં એક દિલગીરીની જ્વાળા ભભુકી ઉઠી.

૩૮૨૭ તે વહેલી સવારમાં કફન પુરું પાડનારની પાસે ગયો, કહે, મને કફનમાં વિંટાળ, અને રસ્તા ઉપર બહાર મને મુક.

૩૮૨૮ તારા હોઠો પુરેપુરો બંધ રાખજે. (પણ) બેસી જજે. અને સદ્રે જહાન અહીંની પસાર થાય ત્યાં સુધી નજર રાખજે.

૩૮૨૯ કદાચ તે મને જુએ, મને મરેલો ધારે અને કફનની કિંમત ચુકવવા થોડા પૈસા ફેંકે.

૩૮૩૦ તે જે પણ કાંઈ આપશે તેમાંથી હું તને અર્ધા આપીશ, પેલા ગરીબ માણસે, ધારેલ બક્ષિસની ઇચ્છામાં તેણે જેમ કહ્યું હતું તેમ કર્યું.

૩૮૩૧ તેણે તેને કપડામાં વિંટ્યો અને તેને રસ્તા ઉપર મુક્યો, સદ્રે જહાનનું ત્યાંથી પસાર થવાનું બન્યું.

૩૮૩૨ અને કફન ઉપર થોડું સોનું ફેંક્યું, તેણે (ધારાશાસ્ત્રીએ) પોતાની ઉતાવળ અને બીકમાં પોતાનો હાથ લંબાવ્યો.

૩૮૩૩ રખેને કફન પુરું પાડનાર નાણાની બક્ષિશ ઉઠાવી લ્યે અને રખેને વિશ્વાસઘાતી બદમાશ પોતાથી તેને સંતાડી ઘે.

૩૮૩૪ મરેલા માણસે કફન નીચેથી પોતાનો હાથ ઉંચો કર્યો અને તેના હાથની પાછળ તેનું માથું (પણ) નીચેથી બહાર આવ્યું.

૩૮૩૫ તેણે સદ્રે જહાનને કહ્યું 'જુઓ મેં તે કેવું મેળવ્યું ? ઓ તમો કે જેણે મારી વિરુદ્ધ ઉદારતાના દરવાજા બંધ કર્યા હતા.

૩૮૩૬ તેણે (સદ્રે) જવાબ આપ્યો, '(હા), પણ ઓ ઉદ્ધત, જ્યાં સુધી તું મરી ન ગયો ત્યાં સુધી મારી પાસેથી દાન મેળવ્યું ન હતું.'

૩૮૩૭ 'મૃત્યુ પહેલાં મરણ પામો'નું ગુઢાર્થ આ છે, કે બક્ષિશો મરણ બાદ આપે છે (અને પહેલાં નહિ).

૩૮૩૮ મર્યા સિવાય, ઓ યુક્તિબાજ પ્રપંચી આદમી, ખુદા સાથે બીજી કોઈ હુશિયારી મદદ કરતી નથી.

૩૮૩૯ એક (દૈવી) સદ્‌ભાવ, એક સો જાતની (બુદ્ધની) કોશિશો કરતાં વધુ ઉત્તમ છે, (આવો) પ્રયાસ એક સો જાતની ભુલો અંગે ભયમાં છે

૩૮૪૦ અને (દૈવી) સદ્‌ભાવ મોત ઉપર આધાર રાખે છે, વિશ્વાસુ (અધિકારીઓએ) આ રસ્તાને (સિદ્ધાંતને) ચકાસણીમાં મુકયો છે.

૩૮૪૧ નહિ, તેનું (ત્યાગીનું) મરણ પણ (દૈવી) સદ્‌ભાવ વગર શકયમાન નથી. સાંભળ, સાંભળ, (દૈવી) સદ્‌ભાવ વગર કોઈ પણ જગ્યાએ ઉતાવળે દોડ નહિ

૩૮૪૨ પેલો (સદ્‌ભાવ) એક રત્ન (માફક) છે, અને આ (દુષ્ટ મન) એક જુના દગાબાજ (જેવું) છે, રત્ન વગર દગાબાજને આંધળો કેમ બનાવાશે ?

બે ભાઇઓની કહાણી, જેઓમાંના એકને હડપચી ઉપર થોડા વાળ હતા, જ્યારે બીજો દાઢી વગરનો છોકરો હતો. તેઓ પરિણિતોના ગૃહમાં સુવા ગયા, એક રાત્રીના એવું બન્યું કે છોકરો જાગ્યો અને કજીઓ કરવો શરૂ કર્યો, કહીને, "આ ઈંટો કયાં છે ? તમો તેને કયાં ઉઠાવી ગયા છો ? તમોએ તે શા માટે લીધી ? તેણે જવાબ આપ્યો. તમોએ અહીંઆ ઈંટો શા માટે મુકી હતી ?"

૩૮૪૩ એક દાઢી વગરનો છોકરો અને પોતાની હડપચી ઉપર થોડા વાળવાળો યુવાન એક તહેવારના સંમેલનમાં આવ્યા, કારણ કે શહેરમાં એક સભાગ્રહ હતો.

૩૮૪૪ ચુંટાએલો સમુહ સુર્ય આથમ્યો અને ત્રીજા ભાગની રાત્રી પસાર થઈ ત્યાં સુધી આનંદ કરવામાં રોકાએલો રહ્યો.

૩૮૪૫ બન્ને (ભાઇઓ)એ પ્રસંગ ઉજવાતા ઘરનો ત્યાગ કર્યો નહિ, રાત્રીના ચોકીદારોનો (ભેટો થવાની) બીકમાં તેઓ ત્યાં જ ઉંઘી ગયા.

૩૮૪૬ યુવાનને તેની હડપચી ઉપર ચાર વાળ હતા, પણ તેનો ચહેરો (ખુબસુરતીમાં) પૂર્ણિમાના ચાંદ જેવો હતો.

૩૮૪૭ દાઢી વગરનો છોકરો દેખાવમાં કદરૂપો હતો, અને આ વાત જાણીતા ન થવા માટે સારી હતી કે તેણે પોતાને બદફેલ લોકોથી દૂર રાખ્યો હતો.

૩૮૪૮ પેલા ખુબસુરતે સારી રાત બદફેલીમાં ગુજારી. તેણે આ મોકાનો ફાયદો ઉઠાવ્યો,

૩૮૪૯ જ્યારે તેણે તેના ઉપર હાથ ઉઠાવ્યો તો તે ગભરાઇને ઉઠયો.

૩૮૫૦ કહે, તું કુતરાના પુજારી તું કોણ છો ? શા માટે મારા ઉપર હાથ નાખ્યો ?

૩૮૫૧ હું એક બિમાર છોકરો છું. મારી અશક્તિના કારણે મેં સાવચેતી રાખી અને અહીં સુવાની જગ્યા બનાવી.

૩૮૫૨ તેણે જવાબ આપ્યો, "જો તમો તાવથી બિમાર છો, તો તમો દવાખાને કેમ જતા નથી ?

૩૮૫૩ અથવા એકાદ દયાળુ વૈદ્યના ઘરે, એટલા માટે કે તમારા ઈલાજનો દરવાજો ખોલે.

૩૮૫૪ તેણે કહ્યું, 'કેમ", "હું કયાં જાઉં ? કારણ કે જ્યાં જ્યાં હું જાઉં ત્યાં ત્યાં ત્રાસ ગુજારે છે.

૩૮૫૫ કેટલાક દુષ્ટ બેઈમાન તારા જેવા રાસકેલ મારી સમક્ષ પોતાનું માથું ઉંચકે છે;
૩૮૫૬ દરવીશોનો મઠ, કે જે સૌથી ઉત્તમ જગ્યા છે ત્યાં પણ એક પળ માટે હું સલામતી શોધી શકતો નથી.
૩૮૫૭ એક મુઠીભર કાલગ્રસ્ત બાનારાઓ મારા તરફ પોતાની નજર દોડાવે છે. જેની આંખો વાસનામય થાય છે તે 'બસીવાળા'ને પણ છોડતા નથી.
૩૮૫૮ અને તે પણ કે જે શિષ્ટાચાર પ્રત્યે લક્ષ આપે છે તેઓ પોતાની આંખો નીચે ઢાળેલી રાખે છે.
૩૮૫૯ જ્યારે આશ્રમો આના (જેવા) છે, ત્યારે ખુલ્લી બજારો કેવી બનવી જોઈએ?

ગધેડાઓ અને ગમાર સેતાનોનું ટોળું

૩૮૬૦ શિષ્ટાચાર અને પવિત્રતા સાથે ગધેડાને શું લાગેવળગે? એક ગધેડો પૂજ્યભાવ અને બીક અને આશામાં શું જાણે?
૩૮૬૧ (સાચી) સમજ (પ્રલોભનમાંથી) સલામત બનવામાં અને દરેક સ્ત્રી અને દરેક પુરૂષ તરફ યોગ્ય રીતે વર્તવાની ઈચ્છામાં બંધબેસતી હોય છે પણ આવી સમજ શોધવી કયાં?
૩૮૬૨ અને જો હું ભાગી જાઉં અને સ્ત્રીઓ તરફ જાઉં તો હું યુસુફ (અ.સ.)ના જેવી તકલીફમાં પડું.
૩૮૬૩ હ. યુસુફે (અ.સ.) કેદ અને માનસિક યાતના એક સ્ત્રીના હાથોથી સહન કરી હતી, હું પચાસ ફાંસીના માંચડાઓ વચ્ચે વહેંચાએલો બનું.
૩૮૬૪ પેલી સ્ત્રીઓ પોતાની મુર્ખાઈમાં પોતાને મારા તરફ દોડાવશે અને (પછી) તેઓનું સૌથી નજીક અને સૌથી વહાલું (સગુ) મારી જીંદગી શોધશે,
૩૮૬૫ મારી પાસે માણસો અથવા સ્ત્રીઓ પાસેથી નાશી જવાનાં સાધનો જ નથી, હું શું કરૂં? જ્યારે કે હું આ કે પેલા કોઈનો પણ સંબંધીત નથી!
૩૮૬૬ પેલી (ફરીયાદ) કર્યા બાદ પેલા છોકરાએ યુવાન તરફ જોયું અને કહ્યું "તે (તેની હડપચી ઉપરના) બેત્રણ વાળ અંગે તકલીફમાંથી મુક્ત છે.
૩૮૬૭ તે ઈંટોથી સ્વતંત્ર છે અને ઈંટોના કારણે ઝગડાથી (પણ) અને એક તારા જેવો દુષ્ટ જુવાન બદમાશ કે જે (જારકર્મ માટે) પોતાની માને પણ વેચી આવે.
૩૮૬૮ ચેતવણી જેવા ત્રણ કે ચાર હડપચી ઉપરના વાળ સલામતીનું સાધન બને છે.
૩૮૬૯ (દૈવી) સદભાવના પડછાયા (રક્ષણનું) એક અણુ સૌથી ભાવિક ધર્મનિષ્ઠાના એક હજાર પ્રયાસો કરતાં વધુ સારા છે.
૩૮૭૦ કારણ કે સેતાન ભક્તિભાવની ઈંટો હટાવી લેશે (ભલે પછી) જો ત્યાં બસો ઈંટો હોય તો પણ તે પોતા માટે એક રસ્તો બનાવશે.
૩૮૭૧ જો ઈંટો અસંખ્ય હોય (છતાં) તે તમારાથી મુકાએલી છે (જ્યારે) પેલા બે ત્રણ વાળ પેલી પારની બક્ષિશ છે.

૩૮૭૨ વાસ્તવમાં પેલા (વાળનો) દરેક એક પહાડ જેવો મજબુત છે, કારણ કે એક શહેનશાહે નવાજીશ કરેલ એક સલામત વ્યવસ્થા છે.

૩૮૭૩ જો તમો દરવાજા પર એક સો તાળાં લગાવશો, કોઈ અવિચારી આદમી તે બધાંને ઉઠાવી લેશે.

૩૮૭૪ (પણ) જો એક પોલીસ ન્યાયાધીશ (તેના પર) મીણથી મહોર મારશે, તેની દ્રષ્ટિથી જ હઠીલા બહાદુરોના દિલો ધ્રુજી ઉઠશે.

૩૮૭૫ પેલા બેને (દૈવી) સદ્‌ભાવના વાળના દોરા (હલકાઇ વિરુદ્ધ) એક પર્વત જેવી (મજબુત) અટકાયત ઉભી કરે છે, નિશાનીઓના બાદશાહની માફક.

૩૮૭૬ એ ભલી પ્રકૃતિના આદમી, ઇંટો મૂકવામાં બેપરવા ન બન, પણ તેજ વેળાએ દુષ્ટ સેતાનમાંથી સલામત હો તેમ ઉંઘતા પણ નહિ.

૩૮૭૭ જીઓ અને (દૈવી) દયાના બે વાળ મેળવો, અને પછી ઘસઘસાટ ઉંઘો અને વ્યાકુળતા હશે જ નહિ.

૩૮૭૮ ડાહ્યા (આલીમ) નું સૂવું (અજ્ઞાનથી થએલ) બંદગી કરતાં વધુ ઉત્તમ છે, (જો) આવું એક ડહાપણ (ઇલ્મ) (રૂહાનીયત) જાગૃતી આણનારૂં હોય તો.

૩૮૭૯ નિપુણ તરનારનું શાંત તરવું એક કે જે તરવા અશક્ત છે તેના હાથ અને પગથી સખત કોશીષો કરતાં વધુ ઉત્તમ છે.

૩૮૮૦ તે કે જે તરી શકતો નથી, પોતાના હાથ અને પગો બહાર ફેંકે છે અને ડુબી જાય છે (જ્યારે) (અનુભવી) તરનાર એક થાંભલાની માફક શાંતિથી પસાર થતો હોય છે.

૩૮૮૧ જ્ઞાન (ઇલ્મ) હદ કે કિનારા વગરનો સાગર છે, જ્ઞાનનો શોધનાર પેલા સાગરોમાં ડુબકી મારનાર માફક છે.

૩૮૮૨ ભલે તેની જીંદગી એક હજાર વર્ષની હોય, કદીપણ તે શોધવામાં થાકેલો બનતો નથી.

૩૮૮૩ કારણ કે આ (હદીસ) ખુદાના સંદેશકે (તેના) સમજાવવામાં કહી છે, "બે કંજુસો છે જેઓ કદી પણ સંતોષાએલા બનતા નથી."

હ. મુહમ્મદ (સ.અ.વ.) ની હદીસ ઉપર વિવરણ, કહ્યું "બે કંજુસો છે જે કદી પણ સંતોષાશે નહિ. ચાલુ જગતને શોધનાર, આ જ્ઞાન ચાલુ દુનિયાના જ્ઞાન કરતાં જુદુ છે. એટલા માટે કે (હદીસમાં જણાવ્યા પ્રમાણે) બે (જુદા જુદા) વર્ગો હોવા જોઇએ, પણ ચાલુ જગતનું જ્ઞાન ચાલુ જગત જેવું જ (અસરમાં) છે, અને જો તે (બેવડું ઉપર વર્ણાવાયું) તે ચાલુ જગતનો શોધનાર તે વારંવાર કહેવાયું, નહિ કે બે વર્ગોમાં ભાગલા, તેના ખુલાસા સહિત.

૩૮૮૪ (વર્ણન કરાએલા બે વર્ગો) ચાલુ જગતને શોધનાર અને તેની પ્રાપ્તિની વિપુલ તકો અને જ્ઞાનનો શોધનાર અને તેના યોગ્ય વળતરો.

૩૮૮૫ હવે, જ્યારે તમો તમારૂં ધ્યાન આ વિભાજન ઉપર ચોંટાડશો (તમો જોશો કે) ઓ મારા બાપ, આ જ્ઞાન ચાલુ જગત કરતાં બીજું હોવું જોઈએ.

૩૮૮૬ તો પછી શું ચાલુ જગત કરતાં બીજું છે? બીજી દુનિયા (કે જેનું જ્ઞાન) અહીંથી તને ઉપાડી જશે અને ખુદા તરફ તને દોરવતું બનશે.

જે બન્યું હતું તેને દ્રષ્ટિમાં રાખતા સારામાં સારો સ્વીકારવાનો કયો રસ્તો છે તેની ત્રણેય શાહજાદાઓની ચર્ચા કરવી.

૩૮૮૭ ત્રણેય દુઃખીયારાઓએ પોતપોતાના ચહેરા મેળવ્યા, બધા ત્રણેય જણાઓએ એકજ જાતની દિલગીરી અને વેદના અને દુઃખ અનુભવ્યાં.

૩૮૮૮ બધા ત્રણેઇ એકજ ચિંતન અને મોહમાંના સાથીઓ હતા. ત્રણેઈ એકજ દર્દના બિમાર અને એકજ ઇલાજના સાથી હતા.

૩૮૮૯ ચુપકીદીના સમયે ત્રણેઇનો એકજ વિચાર હતો, વાણીની વેળાએ, પણ ત્રણેઇની એક જ દલીલ હતી.

૩૮૯૦ એક પળે તેઓ બધા વિપત્તિના જમવાના મેજ ઉપર લોહીના આંસુ સારતા હતા.

૩૮૯૧ બીજી પળે ત્રણેઈ, પોતાના દિલમાંથી જલન અંગે ગરમ કરેલી કલમની (માફક) બળતી ગરમ આહો ભરતા હતા.

સૌથી મોટાભાઇનો વાર્તાલાપ

૩૮૯૨ સૌથી મોટાએ કહ્યું, "ઓ ઈમાનદારીના આદમીઓ, બીજાઓને સલાહ દેવામાં શું આપણે મર્દો ન હતા?

૩૮૯૩ જ્યારે જ્યારે બાદશાહનો એકાદ હજુરીઓ આપણી પાસે દુઃખની અને ગરીબાઇની અને બીક અને ગભરાટની ફરિયાદ કરતો.

૩૮૯૪ ત્યારે આપણે કહ્યા કરતા, તારી કઠણાઇઓનો કલ્પાંત ન કર, શાંત બન, કારણ કે ધીરજ (આત્મસંયમ) દુઃખમાંથી મુક્ત થવાની ચાવી છે.

૩૮૯૫ આ ચાવીનું એટલે કે આત્મસંયમનું અત્યારે શું થયું? વિચિત્ર કાયદો (કે જે આપણે બીજા માટે મુકયો) તે આપણા માટે નકામો અને વૃથા છે.

૩૮૯૬ આપણે હંમેશાં કહેતાં ન હતા કે 'જીવન સંગ્રામના સમયે અગ્નિમાં સોનાની માફક સુખેથી હસો, તેનું શું થયું?

૩૮૯૭ આપણે લશ્કરીઓને લડાઇમાં અથડામણની વેળાએ કહેતા, સાંભળો હિંમત હારતા નહિ

૩૮૯૮ તે વેળા જ્યારે ધરતી ઘોડાઓના પગ તળે ધ્રજતી, કપાએલાં માથાંઓથી છવાઇ જતી.

૩૮૯૯ આપણે આપણા સૈનિકો તરફ મુખો પાડતા હતા, 'અરે ચાલો, ભાલાની અણી માફક સામનો ન કરી શકે તેવી રીતે આગળ વધો.

૩૯૦૦ આપણે બધી દુનિયાને આત્મસંયમનો આદેશ આપ્યો, કારણ કે (આપણે કહ્યું) આત્મસંયમ એકતી અને દિલમાં પ્રકાશ છે.

૩૯૦૧ હવે આપણો વારો છે. "શા માટે આપણે બીકણ બાઇડીઓની માફક દુખી બન્યા અને બુરખાની અંદર ગયા છીએ?

૩૯૦૨ ઓ દિલ કે જેણે (બીજા બધાને) ગરમ બનાવ્યાં, તારા પોતાને ઉષ્મા પ્રેર અને તારા પોતાથી શરમાએલો બન!

૩૯૦૩ ઓ જીભ કે જે બીજા બધાની માર્ગદર્શક હતી, હવે તારો વારો છે, તું કેમ ચુપ છે?

૩૯૦૪ ઓ સમજણ, તારી વાણીથી છટા અને સાકર સરખી સલાહ કયાં છે? હવે તારો વારો છે, તારી અગાઉની 'એઇ'ની બુમોનું શું બન્યું છે?

૩૯૦૫ ઓ તું કે જેણે (બીજા) દિલોમાંથી એકસો ગભરાટો હટાવ્યા છે, હવે તારો વારો છે, તારા પંજા હલાવ અને તારા બુદ્ધને ભલામણ કર.

૩૯૦૬ જો હવે, તારા અધમ બાયલાપણામાં તને માત્ર એક (ચોરેલી) દાઢી છે, અગાઉ તું તારી દાઢી તરફ હસતો બન્યો હોવો જોઈએ.

૩૯૦૭ જ્યારે તું બીજાઓને ભલામણ કરે છે, (તારી બુમ છે), જલ્દી આવો! જલ્દી આવો! તારા પોતાના ગભરાટમાં સ્ત્રીઓની માફક (તું બુમ પાડે છે), અફસોસ, અફસોસ!

૩૯૦૮ જ્યારે કે તું બીજાઓના દુઃખનો ઇલાજ હતો (તો પછી તે કેમ છે) કે તું ચૂપ છો જ્યારે કે દર્દ તારૂં મહેમાન બન્યું છે?

૩૯૦૯ (તેમને ઉત્સાહિત કરવા) સૈનિકો તરફ બુમ પાડવાની તારી ટેવ હતી, (હવે) (તારા પોતા તરફ) બુમ પાડ, તારો અવાજ શા માટે ગુંગળાય છે?

૩૯૧૦ પચાસ વર્ષો સુધી તેં તારી સમજણની (શાલ) વણી છે (હવે) કાપડનું એક ગંજીફરાક પહેર કે જે તેં પોતેજ ગુંથેલ છે.

૩૯૧૧ તારા દોસ્તોના કાનો તારા ગાયનથી આનંદિત બનતા હતા, (હવે) તારૂં માથું બહાર કાઢ અને તારા બુદ્ધના ધ્યાનપુર્વક સાંભળતો બનાવ.

૩૯૧૨ (અગાઉ) તમો હમેશાં એક આગેવાન હતા, તમારી અગાઉની શક્તિ, સત્તા અને આબરૂ ગુમાવતા નહિ.

૩૯૧૩ (હવે) તમારા માટે શેતરંજના પટ ઉપર ચાલવાનું છે, તારી ધોરણસરની (રૂહાનીયત) તંદુરસ્તીની હાલત અને તારી (કુદરતી) હિંમતને યથાવત્ કર.

એક બાદશાહનો નજીવો અનુભવ કે જે એક હુશિયાર ડાકટરને પોતાના ભોજન સમારંભમાં પરાણે લાવ્યો અને તેને બેસાતો કર્યો, (જ્યારે) સાકીએ તેની આગળ શરાબની રજુઆત કરી અને તેની પાસે કટોરો ધરી રાખ્યો, ત્યારે ડોકટરે પોતાનો ચહેરો ફેરવ્યો અને ચીડાયેલો દેખાવો શરૂ થયો અને ઉદ્ધતાઇથી વર્ત્યો. બાદશાહે સાકીને કહ્યું," આપ તેને બુશમિજાજમાં લાવો." સાકીએ કેટલીય વખત તેના માથામાં ફટકાર્યું અને તેને શરાબ પીતો બનાવ્યો.

૩૯૧૪ (જ્યારે) એક પીધેલ બાદશાહ આનંદપુર્વક ઉજાણી કરતો હતો, અમુક ધારાશાસ્ત્રી તેના દરવાજા પાસેથી પસાર થયો.

૩૯૧૫ તેણે સુચનાઓ આપી, કહે. "તેને આ ઓરડામાં લાવો અને તેને લાલ રંગનો શરાબ પીવા આપો."

૩૯૧૬ તેથી તેઓ તેને બાદશાહ પાસે લાવ્યા, (કારણકે) તેને તેનો સામનો કરવાની હિંમત નહિ હતી. તે ઓરડામાં ઝેર અને સમયના જેવો ચીડાએલો બેઠો.

૩૯૧૭ જ્યારે તેણે (સાકી)એ તેની પાસે શરાબની રજુઆત કરી, તેને ગુસ્સાપુર્વક તેની મના કરી અને પોતાની આંખ બાદશાહ અને સાકી ઉપરથી હટાવી લીધી.

૩૯૧૮ કહે, "મેં મારી જીંદગીમાં કદી શરાબ પીધો નથી. શરાબ કરતાં ઝેર મને વધુ ખુશ કરશે.

૩૯૧૯ એઇ, શરાબને બદલે મને થોડું ઝેર આપો કે જેથી હું આ તમારી (ઉદ્ધતાઇ) અને મારા ખુદમાંથી મુક્તિ મેળવું."

૩૯૨૦ શરાબ પીધા વગર તેણે બલેલ કરવા માંડી અને મૃત્યુ અને તેની વેદનાઓની માફક સમુહ તરફ પ્રતિકુળ જેવો બન્યો.

૩૯૨૧ આ વાણી અને માટીના અનુયાયીઓની દુનિયામાંની વર્તણુંક માફક છે, જ્યારે તેઓ રૂહાનીયત જનતા સાથે ભેગા મળે છે.

૩૯૨૨ ખુદા પોતાની પસંદ કરેલાને પીધેલાની હાલત સિવાય રાખતો નથી.

૩૯૨૩ તેઓ પ્યાલાની રજુઆત કરે છે કે જેણે કોલ આપ્યો છે (પણ તેની) નિરિક્ષણ-શક્તિ તેના (અક્ષરશઃ) શબ્દો સિવાય બીજું કાંઈ સમજતી નથી.

૩૯૨૪ તે તેઓની દોરવણીથી પોતાનો ચહેરો ફેરવે છે કારણકે તે પોતાની આંખથી તેઓની બક્ષિસ જોતો નથી.

૩૯૨૫ જો ત્યાં તેના કાન અને તેના ગળા વચ્ચે રસ્તો હોત તો તેઓના સદ્‌બોધનો આંતરિક અર્થ તેના અંદરના ભાગોમાં ઉતર્યો હોત.

૩૯૨૬ તેવીજ રીતે જેમ તેનો આત્મા સંપૂર્ણપણે અગ્નિ છે, પ્રકાશ નથી, તે બળતા અગ્નિમાં છોડીયાં સિવાય બીજું કંઈ કોણ નાખશે?

૩૯૨૭ સત્વ બહાર રહે છે અને છીલકું (માત્ર) શબ્દો (ધરાવતું) અંદર જાય છે, જઠર છીલટાંથી ગરમ અને મજબૂત કેમ બનાવાશે?

૩૯૨૮ દોજખનો અગ્નિ માત્ર છીલટાને સંતાપે છે, અગ્નિને સત્વ સાથે કાંઈ કામ નથી.

૩૯૨૯ અને જો એક અગ્નિ પોતાના ભડકાઓ સત્વ ઉપર ફેંકે તો જાણ કે તે તેને પકાવવા માટે છે, નહિ કે તેને બાળવા.

૩૯૩૦ જ્યાં સુધી ખુદા ડાહ્યો છે, જાણ કે આ કાયદો ભુતકાળમાં અને જે વખત હજી આવ્યો નથી તેમાં શાશ્વત છે.

૩૯૩૧ પવિત્ર સત્વો અને છીલટાંઓને (પણ) તેનાથી માફી અપાઈ છે, તો પછી તે સત્વને કેમ બાળે? તેમનાથી તે દુર રહે!

૩૯૩૨ જો તેની દયામાં તે તેનું માથુ ફટકારે તો તે (આવો એક) રાતા શરાબ માટેની આતુરતાભરી ઇચ્છા ધરાવશે.

૩૯૩૩ અને જો તે તેને મારે નહિ તો તે ધારાશાસ્ત્રી જેવો આ (રૂહાનીયત) રાજાઓની ખુશાલી અને પીણા વિરૂદ્ધ પોતાનું મોં બંધ કરેલો રહેશે.

૩૯૩૪ બાદશાહે પોતાના સાકીને કહ્યું, "ઓ સારી વ્યવસ્થા કરનાર (યુવાન) તું ચુપ કેમ છો? તેને શરાબ પીતો બનાવ, તેને ખુશમિજાજી બનાવ."

૩૫૩૫ દરેક અંતઃકરણ ઉપર એક ગુપ્ત રાજ્યકર્તા છે, (જે) અંધાઇપુર્વક જેને તે ચાહે છે તેને તેના ઇરાદામાંથી અન્ય દિશામાં વાળે છે.

૩૯૩૬ પૂર્વમાંનો સુર્ય અને તેનો પ્રકાશ સાંકળમાં બાંધેલા કેદીની માફક બાંધેલા છે.

૩૯૩૭ તે અવકાશી ગોળાને તુર્તજ ફરતો કરે છે જ્યારે તે તેના મગજમાં યુકિતબાજ અર્ધો એક મંત્ર ઉચ્ચારે છે.

૩૯૩૮ વિચારશકિત કે જે બીજી વિચારશકિત ઉપર સત્તા ભોગવે છે તેમાંથી (વિજયયુકત) બીજું મેળવેલ છે, તે પૂર્ણ પ્રવિણ છે.

૩૯૩૯ તેણે (સાકીએ) (ધારાશાસ્ત્રીને) માથા ઉપર થપ્પડો લગાવી, કહે, "પ્યાલો પકડ. સંતાએલા આદમીએ (વધુ ફટકા) પડવાની બીકે ઘુંટડોક લીધો.

૩૯૪૦ તે સહેજ પીધેલો અને આનંદી અને બગીચા જેવો હસમુખો બન્યો. તેણે ગાઢ સાથીની માફક વર્તવું શરૂ કર્યું, તેણે હાંસીપાત્ર વાતો અને રમુજો કહેવી શરૂ કરી.

૩૯૪૧ તે ધડા બહાદુર અને વિનોદી બન્યો, વાત્સુ વગાડવા લાગ્યો અને શનાસ તરફ પિશાણ કરવા જવા લાગ્યો.

૩૯૪૨ શનાસમાં એક માંદી જેવી રૂપાળી દાસી જોઈ, બાદશાહની ખાસ બીદમતગાર દાસી હતી.

૩૯૪૩ જ્યારે તેને તેણી ઓચીંતી નજરે પડી, તેનું મોઢું ખુલ્લું રહી ગયું. તેની સમજણે રજા લીધી અને તેની કાયા હુમલા માટે તૈયાર બની.

૩૯૪૪ આખી ઉમર ઓરતો અને વાસનામાં મસ્ત રહેતો હતો, તેણે પોતાના બન્ને હાથ તેના ઉપર નાખ્યા અને તેને વળગી રહ્યો.

૩૯૪૫ પેલી છોકરી શરૂઆતમાં વિરોધ કરવા મંડી પરંતુ પછી ડરના માર્યા સામનો કરવો છોડી દીધો.

૩૯૪૬ ઓરત મરદના હાથમાં મિલાપ વખતે એમ જ કરતી હોય છે, જેમ અમીર બાઈના હાથમાં હોય તેમ.

૩૯૪૭ તે કયારેક તેને ધીમેથી ચુંટે છે કયારેક કાચું પાકું અને તેને પોતાની મુઠીના (અંગુઠાથી) નીચે ભાતભાતની વાનીઓ બનાવે છે.

૩૯૪૮ ક્યારેક તે પાટીયા ઉપર તેને સપાટ બનાવે છે, ક્યારેક વીંધવા માટે ગોળ વીંટે છે.
૩૯૪૯ ક્યારેક તે તેના ઉપર પાણી રેડે છે અને ક્યારેક ભીંજું, તે તેને સગડી અને અગ્નિ ઉપર ચકાસણી માટે મુકે છે.
૩૯૫૦ આમ તપાસાએલ અને શોધનાર અરસપરસ ગુંથાએલા છે, જીતાએલો અને જીતનાર (બન્ને) આ રમતમાં (મશગુલ બનેલ) છે.
૩૯૫૧ આ રમત માત્ર ધણી અને ધણીયાણી વચ્ચેની માત્ર નથી, આ દરેક વસ્તુ જે ચાહે છે અને ચાહક છે તે દરેકની કાર્યવાહી છે.
૩૯૫૨ પેલા 'વીસ' અને 'રામીન'ની માફક એક અરસપરસનું આલિંગવું, અનંત અને ક્ષણિક અને પદાર્થ અને આફત વચ્ચે આવશ્યક છે.
૩૯૫૩ પણ રમત દરેક બાબતમાં જુદી જુદી પ્રકૃતિથી છે, આલીંગનના દરેક ઘટનાના જુદા જુદા કારણો છે.
૩૯૫૪ આ એક ધણી અને ધણીયાણી માટે બોધ કહાણી માફક કહેવાએલ છે. અર્થ, "ઓ ધણી, તારી ઘરવાળીને ઘાતકી રીતે કાઢી મુકતો નહિ,
૩૯૫૫ તારી શાદીની રાત્રીએ તે જંઙલે તેણીનો હાથ તારા હાથમાં ભલા વિશ્વાસે મૂકયો ન હતો ?
૩૯૫૬ તું તેનું ભલું કે બુરૂં જે કરે છે, ઓ વિશ્વાસલાયક આદમી. ખુદા કરે તેવું જ કરશે.
૩૯૫૭ ફેરી હાથ ધરવામાં, આ પ્રસંગે આ ધારાશાસ્ત્રી, એટલો બધો પોતામાં ખોવાઈ ગએલો કે પોતામાં અનિશ્ચિત ઘટના અથવા ત્યાગીપણું કાંઈ બાકી રહ્યું નહિ.
૩૯૫૮ ધારાશાસ્ત્રીએ પોતાને સુંદર યુવતી ઉપર ફેંકયો, તેનાઅગ્નિએ તેણીનું રૂપને ઝડપી લીધું.
૩૯૫૯ જીવ સાથે જીવ ભળી ગયો. અને એકબીજા સાથે દબાણપુર્વક દબાઈ રહ્યા અને મિલન માટે તલપાપડ થઈ ગયા.
૩૯૬૦ તેમને શું શરાબનો મેળાવડો અથવા બાદશાહ અથવા અર્સલાન (તુર્કી ગુલામ) હતો ? તેમને શું સુરીકતા અથવા ધર્મ અથવા બીક અને પોતાની જીંદગીનો ગુમાવવાનો શું ભય હતો ?
૩૯૬૧ તેઓની આંખો 'અયન' અને 'ગએન' માફક મચકોડાએલી હતી. અહીં હસન અગર હુસેન સ્પષ્ટ રીતે દેખાતા ન હતા.
૩૯૬૨ તે (ધારાશાસ્ત્રીની ગેરહાજરી) લંબાણી તે મેળાવડામાં કેમ પાછો ફરે ? બાદશાહની અપેક્ષા બધી હદ વટાવી ગઈ.
૩૯૬૩ બાદશાહ શું બન્યું તે જોવા આવ્યો, કયામતના દિવસના અનુરૂપ ગડબડ તેણે નિહાળી.
૩૯૬૪ ધારાશાસ્ત્રી બીકમાં ઉભો થઈ ગયો અને મેળાવડાના ઓરડા તરફ ભાગ્યો અને જલ્દીથી શરાબનો કપ પકડયો.
૩૯૬૫ બાદશાહ, દોજખની માફક આગ અને ભડકાથી ભરપુર, ગુનેહગાર જોડીના લોહીનો તરસ્યો બન્યો હતો.

૩૬૬૬ જ્યારે ધારાશાસ્ત્રીએ તેને ગુસ્સે થએલો અને ક્રોધી ચહેરાનો જોયો, કે જે એક ઝેરના પ્યાલાની માફક સખત અને ખૂની બન્યો હતો,

૩૬૬૭ ત્યારે તેણે પોતાના સાકીને ખુમ પાડી, "ઓ હજુરીયા, શા માટે તું બહેરો બનીને બેઠો છે? (તેને) શરાબ આપ અને તેને ખુશમિજાજમાં લાવ.

૩૬૬૮ બાદશાહ હસી પડ્યો અને કહ્યું, "ઓ મહેરબાન, હું મારા ખુશમિજાજમાં આવી ગયો છું. યુવતી તારી છે.

૩૬૬૯ હું બાદશાહ છું. મારૂં કાર્ય ઈન્સાફ અને દયા બતાવવાનું છે, મેં પેલું પીધું કે જેથી મારી ઉદારતા મારા દોસ્ત ઉપર ઉતારી છે,

૩૬૭૦ હું મારા દોસ્ત અને સગાંવહાલાંને ખોરાક અને પીણું ખાવાપીવામાં મધ જેવું સ્વાદિષ્ટ ન હોઈને આપું બરો?

૩૬૭૧ હું મારા બાળનોકરોને જે મારા પોતાના ખાનગી મેજ ઉપર ખાઉં અને પીઉં તે જ આપું છું.

૩૬૭૨ હું મારા ગુલામોને રાંધેલો કે કાચો જેવો ખોરાક હું ખાઉં છું તેવો જ ખોરાક તેમને આપું છું.

૩૬૭૩ જ્યારે હું હીર અથવા રેશમનો પોષાક પહેરૂં છું ત્યારે મારા હજુરિયાઓને તેવું જ કપડું આપું છું, નહિ કે જાડું ગરમ કપડું.

૩૬૭૪ સર્વ સન્માનીત પયગમ્બર સાહેબ માટે મને માનની લાગણી છે, કે જેઓએ કહ્યું છે, "તમો તમારા પોતા માટેનાં કપડાં બનાવો તેવાં જ તેઓને પહેરાવો."

૩૬૭૫ હ. મુહમ્મદ (ર.સ.અ.)એ પોતાના (રૂહાની) બચ્ચાંઓને આ સુચના આપી "જે તમો પોતે ખોરાક ખાઓ તેનાથી જ તમારા આશ્રિતોને પોષો."

૩૬૭૬ તમોએ બીજાઓને સારા સદ્‌ગુણો તરફ વાળ્યા છે, તમોએ તેમને તૈયાર અને મનોવિગ્રહ બતાવવાની ખુશીવાળા બતાવ્યા છે.

૩૬૩૭ (હવે) મર્દાઈથી પોતાને પણ તે જ સદ્‌ગુણથી વિભુશીત કરો. સમજ એવી ધરાવો કે આત્મસંયમ ઉપર ચિંતન કરે અને તમને દોરવણી આપનાર બને.

૩૬૭૮ જ્યારે મનોવિગ્રહની દોરવણી તમારા માટે એક પાંખ બને છે ત્યારે તમારો આત્મા (દૈવી) તખ્ત અને બેઠકના ઉંચા અવકાશે ઉડશે.

૩૬૭૯ જુઓ, જ્યારે મનોનિગ્રહ તેમના માટે એક બુરાક બન્યું ત્યારે હ. મુસ્તફા (ર.સ.અ.)ને મઅેરાજે લઈ ગયું.

પુરેપુરી ચર્ચા-વિચારણા બાદ શાહજાદાઓનું પોતાની પ્રિયતમા અને પોતાની ઇચ્છીત વસ્તુ તરફ ચીનના પ્રાંત માટે રવાના થવું, એટલા માટે કે તેઓ પેલી વસ્તુ તરફ બની શકે તેટલા વધુ નજદીક બને, જોકે મિલનનો રસ્તો રૂંધાએલો છે. તે વખાણવા યોગ્ય છે કે જેટલું બની શકે તેટલું વધુ નજીક પહોંચાય.

૩૯૮૦ તેઓએ આ કહ્યું અને તુર્તજ રવાના થયા, ઓ મારા દોસ્ત, જે પણ બધું
મેળવવાનું હતું તે બધું તે પળે મેળવાયું હતું.
૩૯૮૧ તેઓએ (પોતાના ભોમીઆ તરીકે) મનોબળ પસંદ કર્યું. અને સાચા સાક્ષીઓ
બન્યા પછી તેઓ ચીન દેશ તરફ રવાના થયા.
૩૯૮૨ તેઓએ પોતાનાં માબાપ અને રાજ્ય છોડ્યાં, તેઓએ છુપાએલ પ્રિયતમા તરફનો
રસ્તો લીધો.
૩૯૮૩ આદમના પુત્ર ઈબ્રાહિમની માફક, પ્રેમે રાજ્યાસન વંચિત (તેમને બનાવ્યા), અને
તેમને પગ વગરના અને માથા વગરના અને કંગાળ બનાવ્યા.
૩૯૮૪ હ. ઈબ્રાહીમ (અ. સ.)ની માફક કે જેઓને (એક પયગમ્બર તરીકે) મોકલવામાં
આવ્યા હતા, એક (પ્રેમીથી) નશાબાજ બનેલા (જેઓએ) પોતાને અગ્નિનાં ફેંક્યા.
૩૯૮૫ અથવા ઘણું સહન કરનાર અને કીર્તિવંત હ. ઈસમાઈલ (અ. સ.) માફક, પ્રેમ
અને તેના ખંજરને પોતાનું ગળું રજુ કર્યું.

ઉમરા-ઉલ-કયઝ જે અરબોનો રાજા હતો અને વધુ પડતો ખુબસુરત હતો તેની કહાણી, તે તેના ઝમાનાનો યુસુફ હતો અને અરબ સ્ત્રીઓ ઝુલેખાની માફક તેના માટે મરી પડતી. તેને તત્સંબંધી વિશિષ્ટ માનસિક શક્તિ હતી. (ઉર્મિકાવ્યની પંકતી શરૂ થતી), ઉભા રહો, પ્રિયતમ અને રહેણાકની યાદીમાં અમોને રૂદન કરવા દયો, 'જ્યારે કે બધી સ્ત્રીઓ ખરા દિલથી તેની ઈચ્છા કરતી, ત્યારે કોઇને અજાયબી થતી કે તેના પ્રેમગીતો અને રૂદનનું કારણ શું છે. આત્રીપુર્વક તે જાણતો કે આ સઘળાં (ખુબસુરત આકારો) એક અપૂર્વ ચિત્રની પ્રકૃતિ છે કે જે (કલાકારો) થકી જમીનના ચોકઠામાં ઉપર દોરાએલી બની છે. આખરે આ ઉમરા-ઉલ-કયઝને એક એવો રૂહાનીયત અનુભવ આવ્યો કે મધ્ય રાત્રીએ તે પોતાના રાજ્યમાંથી અને બચ્ચાં પાસેથી ભાગી છુટ્યો અને એક દરવીશના કપડામાં પોતાને છુપાવ્યો. એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં તેની શોધમાં કે જે બધા પ્રદેશો ફેરવે છે, ભટકયો, 'જેને તે ઇચ્છે તેને પોતાની દયા માટે પસંદ કરે છે."

૩૯૮૬ ઉમરા-ઉલ-કયઝ પોતાની બાદશાહીથી કંટાળ્યો હતો, પ્રેમ તેમને અરબોના મુલક-
માંથી ઉઠાવી ગયો.
૩૯૮૭ કે જેથી તેઓ આવ્યા અને તબુકમાં ઈંટો બનાવનાર તરીકે કામ કર્યું, રાજાને
કહેવામાં આવ્યું કે એક બાદશાહી પુરૂષ.
૩૯૮૮ ઉઝરા-ઉલ-કયઝ (નામે) પ્રેમનો શિકાર થએલો, અહીં આવ્યો હતો અને પોતાની
જાત મહેનતથી ઈંટો બનાવતો હતો.

૩૯૮૯ બાદશાહ ઉઠી ઉભા થયા અને રાત્રીના તેની પાસે ગયા અને તેને કહ્યું, ઓ ખુબસુરત ચહેરાવાળા બાદશાહ.

૩૯૯૦ તમો ઝમાનાના યુસુફ છો, બન્ને દુનિયાઓ સંપૂર્ણ રીતે તમારા તાબામાં છે, (એ) તમારી સત્તા નીચેના મુલક, અને (બીજી) ખુબસુરતી,

૩૯૯૧ માણસો તમારી તલવારથી ગુલામો બન્યા છે, જ્યારે સ્ત્રીઓ તમારી ભવ્ય ખુબ-સુરતીથી કબજામાં છે.

૩૯૯૨ જો તમો મારી સાથે રહેશો તો તે મારું સદ્‌કિસ્મત બનશે, તમારા મિલનથી મારો આત્મા એકસો અતિ આનંદીત આત્માઓની બરોબરીમાં બનશે.

૩૯૯૩ હું પોતે અને મારી બાદશાહી (બન્ને) તમારા પોતાનાં માફક તમારાં છે, એ તમો કે જેઓએ ઉત્કટ ઇચ્છામાં બાદશાહીઓ છોડી દીધી છે.

૩૯૯૪ તેમણે લાંબો સમય તત્વજ્ઞાનની વાતો કરી અને તે (ઈમિરા-ઉલ-કયઝ) ચુપ રહ્યા, જ્યાં સુધી કે ઓચિંતાના તેઓએ ગુદાર્થ ઉપરથી પડદો હટાવ્યો.

૩૯૯૫ પ્રેમ અને આવેશની કઈ ગુમતાઓ તેમણે તેના કાનમાં કહી હોવી જોઇએ તેનો વિચાર કરો, તુર્તજ તેમણે તેને પોતાના જેવો બેગાનો ભટકનાર બનાવ્યો.

૩૯૯૬ તે (તબૂકના બાદશાહે) તેનો હાથ પકડયો અને તેનો સાથી બન્યો, તેણે પણ પોતાની ગાદી અને બાદશાહી છોડી દીધી.

૩૯૯૭ આ બન્ને બાદશાનો દુરના મુલકમાં ગયા, પ્રેમે આ ગુન્હો માત્ર એક વાર કર્યો નથી.

૩૯૯૮ તે (પ્રેમ) મોટાઓ માટે મધ છે અને બચ્ચાં માટે દુધ છે. તે દરેક હોડી માટે છેલ્લો બોજો છે.

૩૯૯૯ આ બેઉ સિવાય પણ, ઘણા બાદશાહો, અસંખ્ય (બાદશાહો), ને તેમના રાજ્ય અને કુટુંબોમાંથી પ્રેમે ચીરી નાખ્યા છે.

૪૦૦૦ આ ત્રણે ય શાહજાદાઓના આત્માઓ પણ દરેક દિશાઓથી ચીનની આજુબાજુ પંખીઓ દાણાઓ ઉપાડવા ચકરાવો લ્યે તેમ લેતા હતા.

૪૦૦૧ તેઓ (પોતાના દિલોમાં) ઘૂમેલા વિચારો ઉચ્ચારવા પોતાના હોઠો ખોલવાની હિંમત કરતા ન હતા, કારણ કે તે એક વિનાશક અને ગંભીર ગુમતા હતી.

૪૦૦૨ જ્યારે પ્રેમ તેની કામડીને ગુસ્સામાં ઉત્તેજના પેદા કરે છે ત્યારે એક લાખ માથાં તે પળે એક સિક્કા માટે જાય છે

૪૦૦૩ ગુસ્સા વગર પણ જ્યારે તે ખુશમિજાજ છે ત્યારે પ્રેમ હંમેશાં બેપરવાઈથી મારવા ટેવાએલો છે.

૪૦૦૪ જ્યારે તે સંતુષ્ટ છે ત્યારે તેની ટેવ આવી જ છે, તે ગુસ્સે થાય ત્યારે તે શું કરે છે તે હું કેમ વર્ણવી શકું ?

૪૦૦૫ પણ તેનો (પ્રેમનો) સિંહ કે જે આ પ્રેમ અને તેની વાંકી તલવારથી મરાણો છે તે તેના બદલામાં આત્માનું હરિયાળું ચરાણ બને !

૪૦૦૬ એક હજાર જીંદગીઓ કરતાં એક મારવું વધુ ઉત્તમ છે (બધી) બાદશાહીઓ આ દાસત્વના મરણાધીનપણાના શોખમાં પડી છે.

૪૦૦૭ તેઓ (શાહજાદાઓ) એકબીજાને પોતાની ગુપ્તતાઓ એક સો બીક અને સાવચેતીથી ધીમા અવાજમાં, સંકેતમાં કહેતા હતા

૪૦૦૮ ખુદા સિવાય બીજો કોઈ તેમની ગુપ્તતાનો વિશ્વાસુ ન હતો, બદ્દિશત સિવાય બીજું કોઈ તેમના નિસાસા માટે સહાનુભૂત ન હતું.

૪૦૦૯ તેઓ બાતમી પહોંચાડવાની બાતર પોતપોતા વચ્ચે અમુક ગુઢાર્થ શબ્દો ઉચ્ચારતા હતા.

૪૦૧૦ અધમે આ પંખીની ભાષા શીખી છે અને (તેના થકી) આબરૂ અને સત્તા મેળવી છે.

૪૦૧૧ પેલી પરિભાષા પંખીના અવાજની (માત્ર) નકલ છે. અપરિચિત આદમી પંખીઓની આંતરિક હાલતથી અજ્ઞાત છે.

૪૦૧૨ હ. સુલેમાન (અ. સ.) કયાં છે કે જેઓ પંખીના ગાયનો જાણે છે ? સેતાન, ભલે તે (હ. સુલેમાનની) બાદશાહી ઝુંટવે, એ એક પરદેશી છે.

૪૦૧૩ સેતાન હ. સુલેમાનના દેખાવમાં (સુલેમાનની જગ્યાએ) ઉભો, કેમ છેતરવું તે તે જાણે છે પણ તે અમોએ (પંખીની ભાષા) શીખવી છે (નું જ્ઞાન) ધરાવતો નથી.

૪૦૧૪ તેવી જ રીતે જેમ હ. સુલેમાન (અ. સ.) ખુદાની (સદ્‌ભાવનાથી) ખૂબજ આનંદ ભોગવતા હતા. પંખીની ભાષાનું તેમને જ્ઞાન હતું. જે "અમોએ શીખવાડેલ છે" તેમાંથી ઉતરેલું.

૪૦૧૫ સમજો કે તમો (સામાન્ય) હવાના પંખી છો કારણ કે તમોએ ગુપ્તજ્ઞાનના પંખીઓને નિહાળેલ નથી.

૪૦૧૬ સીમર્ધસનું રહેઠાણ કાફ પર્વતની પેલે પાર છે, કલ્પનામાં સહેલાઈથી દાખલ થાય તેવો આભાસ તે નથી.

૪૦૧૭ પણ માત્ર કલ્પના જે સંજોગવશાત દેખાય છે અને પક્ષી દેખાયા બાદ (તેમાંથી) છુટી પડે છે.

૪૦૧૮ જુદાઈ નહિ જે વિચ્છેદ સંડોવાય (પણ એક જુદાઈ) એક ભલા ઈરાદા માટે, કારણ કે પેલી ઉંચી હાલત દરેક બરી જુદાઈમાંથી સલામત બને છે.

૪૦૧૯ રૂહાનીયત કાયાને બાળવાના માટે થોડા સમય માટે (દૈવી) સૂર્ય બરફ ઉપરથી પોતાના કિરણો પાછાં ખેંચે છે.

૪૦૨૦ તારા આત્મા માટેની ભલાઈ તેમનામાંથી શોધ (કે જેઓ ખુદામાં પહોંચ્યા છે.) બબરદાર, તેઓની વાણીમાંથી શુદ્ધાર્થ સૂચનો ચોરતો નહિ.

૪૦૨૧ ઝુલેખાંએ હ. મુસ્તુફા (અ.સ.)ના નામને દરેક વસ્તુથી જોડેલ હતું. નેતરથી કુંવરના લાકડા સુધી.

૪૦૨૨ તેણીએ તેમનું નામ (બીજા બધા) નામોમાં છુપાવ્યું હતું. અને (તેણીના) વિશ્વાસુ સિવાય બીજા કોઈને તેનો આંતરિક અર્થ જાણીતો બનાવાયો ન હતો.

૪૦૨૩ જ્યારે તેણીએ કહ્યું. "અગ્નિથી મીણ નરમ બનાવાયું," આનો અર્થ, મારો પ્રિતમ મારા તરફ સખત પ્યાર કરે છે.

૪૦૨૪ અને જો તેણીએ કહ્યું, "જુઓ, ચંદ્રમા ઉગ્યો છે." અથવા જો તેણીએ કહ્યું, "નેતરની ડાળી લીલી છે."

૪૦૨૫ અથવા જો તેણીએ કહ્યું, "પાંદડાઓ ખૂબજ ડોલી રહ્યા છે. અથવા જો તેણીએ કહ્યું. "નેતર ખુશીથી બળી રહ્યું છે."

૪૦૨૬ અથવા જો તેણીએ કહ્યું "ગુલાબે બુલબુલને પોતાની ગુપ્તતા કહી છે, અથવા જો તેણીએ કહ્યું, "બાદશાહે શહનાઝની ગુપ્તતા જાહેર કરી છે.

૪૦૨૭ અથવા જો તેણીએ કહ્યું. "પ્રારબ્ધ કેવું શંકાશિલ છે? અથવા જો તેણીએ કહ્યું. "કરનીચરને સારી રીતે સાફસુફ કર"

૪૦૨૮ અથવા જો તેણીએ કહ્યું, "પાણી લાવનાર પાણી લાવ્યો છે" અથવા જો તેણીએ કહ્યું, "સુર્ય ઉદય થયો છે."

૪૦૨૯ અથવા જો તેણીએ કહ્યું, "ગઈ રાત્રીના ઘડો ભરીને પકાવેલ છે અથવા "ભાજી પાલાઓ એક સરખા રાંધવામાં આવ્યા છે.

૪૦૩૦ અથવા જો તેણીએ કહ્યું "રોટલાઓમાં સ્વાદ નથી" અથવા જો તેણીએ કહ્યું "અવકાશી ગોળો ઉલટી દિશામાં ફરતો જઈ રહ્યો છે.

૪૦૩૧ અથવા જો તેણીએ કહ્યું "મારૂં માથું દુઃખે છે "અથવા જો તેણીએ કહ્યું "મારૂં માથું વધુ સારૂં છે."

૪૦૩૨ જો તેણીએ વખાણ કર્યા, તે તેનાં (હ. યુસુફ)નાં હેત ચુંબનો હતાં, અને જો તેણી દોષ દેતી, 'તે તેનાથી જુદાઇ હતી.'

૪૦૩૩ જો તેણી એક લાખ નામનો ખડકલો કરતી, તેણીનો અર્થ અને ઇરાદો હમેશાં હ. યુસુફ હતા.

૪૦૩૪ જ્યારે તેણી ભુખી થતી, ત્યારે તેણી તેમનું નામ લેતી. તેણી (રૂહાનીયત) ખોરાકથી સભર બની જતી અને તેના પ્યાલાથી નશાબાજ બનતી.

૪૦૩૫ તેણીની તરસ તેના નામથી છીપાઈ જતી. હ. યુસુફ (અ.સ.)નું નામ તેણીના માટે આંતરિક શરબત હતું!

૪૦૩૬ અને જો તેણી દુઃખમાં હોય, તેણીનું દુઃખ પેલા કીર્તિવંત નામથી તુર્તજ સુખમાં ફેરવાઈ જતું.

૪૦૩૭ ઠંડી ઋતુમાં તે તેણી માટે ગરમ કોટ હતું. પ્રિયતમનું નામ જ્યારે પ્રેમમાં છે ત્યારે આમ કરી શકે છે.

૪૦૩૮ અધમ હમેશાં પવિત્ર નામ ઉચ્ચારે છે (પણ) તે આ કામ (તેમને માટે) કરતું નથી. જ્યારે કે આવો એક (સાચા) પ્રેમથી વિભુશીત થએલ નથી.

૪૦૩૯ પેલો ચમત્કાર કે જે હ. ઈસા (અ.સ.) 'હુ' (ખુદાનું) નામ (ઉચ્ચારવાથી) કરતા હતા તેણીને તેમના (હ. યુસુફ અ. સ.) ના નામથી સ્પષ્ટ થતો હતો.

૪૦૪૦ જ્યારે આત્મા ખુદાથી એક બન્યો છે. તે (ખુદા) વિષે બોલવું આ (આત્મા) માટેનું બોલવું છે, અને આ આત્મા વિષે બોલવું તે (ખુદા) વિષે બોલવું છે.

૪૦૪૧ તેણી ખુદીથી બાલી હતી અને પોતાના દોસ્ત (હ. યુસુફ અ. સ.) માટેના પ્રેમથી મસ્ત હતી, અને (જેમ કહેવત કહે છે,) 'જે ઘડામાં છે તેજ ઝરે છે.'

૪૦૪૨ ઐકયતાના કેસરી રંગની સુવાસ આનંદ ઉપજાવે છે, ગેરહાજરીની કુંગળીની વાસ આંસુઓ ઉપજાવે છે.

૪૦૪૩ બીજા દરેકને પોતાના દિલમાં એકસો ઈચ્છીત ચીજોની આશા હોય છે (પણ) આ પ્રેમનો અને શોખનો રસ્તો નથી.

૪૦૪૪ દિવસના ભાગમાં પ્રેમનો સુર્ય (પ્રિતમનો) ચહેરો છે, સુર્ય પેલા ચહેરા ઉપર એક પડદા માફક છે.

૪૦૪૫ તે કે જે પ્રિતમના ચહેરામાંથી પડદો પારખી શકતો નથી તે એક સુર્યને પુજનારો છે તારા પોતાને તેવાથી દુર રાખજે.

૪૦૪૬ તે પ્રેમીનો દિવસ અને રાજની રોજી બન્ને છે, તે પ્રેમીનું દિલ અને દિલની જલન બન્ને છે.

૪૦૪૭ (ખુદાઇ) મચ્છીઓ પાણીના સત્વમાંથી દેખીતી રીતે તેઓનું પોષણ અને પાણી અને કપડાં અને દવા અને ઉંઘ મેળવે છે.

૪૦૪૮ તે (પ્રેમી) છાતીમાંથી દુધ મેળવતા એક બચ્ચા માફક છે, તે બન્ને દુનિયામાં દુધ સિવાય બીજું કાંઇજ જાણતો નથી.

૪૦૪૯ બચ્ચું દુધ જાણે છે અને છતાં તે તેને જાણતું નથી. સમજણ દૈવી દયાના ગુઢાર્થમાં દાખલ થઈ શકતી નથી.

૪૦૫૦ પ્રેમથી બહાર પડેલો આ પરિપક્ષ બોલનારને અને તે કે જે (તેનાથી) ખુશ્યો છે તે બન્નેને શોધતાં આત્મા બેગાનો બને છે.

૪૦૫૧ તે (આત્મા) (શોધમાં) જતાં દીવાનો બનતો નથી, નહિ, (કારણકે) તે તેનામાં સાગર છે કે જે તેને પહોંચાડે છે નહિ કે એક વાવાઝોડું અથવા એક નદી.

૪૦૫૨ તે આત્મા (ખુદાને) કેમ મળશે તે કે જે ખુદાને મેળવે છે (તેમાં) ગુમાવાએલો બને છે. એક વાવાઝોડાની માફક સમુદ્રમાં ગરક બને છે.

૪૦૫૩ બી (જમીનમાં) નાશ પામ્યું છે (માત્ર) પછીજ તે એક અંજીરનું ઝાડ બને છે, "તું મરી ન ગયો ત્યાં સુધી મેં તને નહિ આપ્યું નહિ"નો અર્થ આ છે.

ચીનની રાજધાની, જ્યાં બાદશાહ રાજ્ય કરતો હતો, ત્યાં લાંબા સમય સુધી ધીરજથી રાહ જોતાં ગુપ્તવાસમાં રહ્યા બાદ, સૌથી મોટા ભાઈએ ધીરજ ગુમાવી અને કહ્યું, "છેલ્લા સલામ! હું જઈશ અને બાદશાહની હજુરમાં રજુ થઈશ, કાંતો મારા પગ મારી શોધની વસ્તુને મારી પાસે લાવે અથવા હું ત્યાં મારૂં માથું ગુમાવું."

(અરબીમાં કહેવાયું છે).

"કાં તો મારા પગ મારી શોધની વસ્તુને મારી પાસે લાવશે અથવા હું જેમ મેં મારૂં દિલ દઇ દીધું છે તેમ મારૂં માથું આપી દઈશ," અને તેના ભાઇઓની સારી સલાહ કાંઇ મદદકર્તા થઇ નહિ, "એ તું કે જે પ્રેમમાં પડેલા પેલાઓને ઠપકો આપે છે, તેમને એકલા રહેવા દે! તું ભેગા થવાનું કેમ સુચવે છે જેને ખુદાએ ઊંધે રસ્તે દોર્યો છે? અને

તે જ પ્રમાણે.

૪૦૫૪ સૌથી મોટા ભાઈએ કહ્યું, ઓ મારા ભાઈઓ, આટલી બધી રાહ જોતાં મારો આ આત્મા (કાયા છોડી દેવાની) તૈયારીમાં છે.

૪૦૫૫ હું બેપરવા બન્યો છું, હું વધુ વખત સહન કરી શકું તેમ નથી, આ સહન-શક્તિએ મને અગ્નિ ઉપર મુક્યો છે.

૪૦૫૬ મારૂં જોર આ મનોનિગ્રહથી અરઘાઈ ગયું છે, મારી કફોડી હાલત (બધા) પ્રેમીઓને એક ચેતવણી રૂપ છે.

૪૦૫૭ હું (પ્રિયતમાથી) જુદાઈમાં મારી જીંદગીથી થાકી ગયો છું, જુદાઈમાં જીવતું રહેવું એ પ્રપંચ છે.

૪૦૫૮ તેણીમાંથી જુદાઈ યાચના કેટલો લાંબો વખત મને મારી નાખતો બનાવશે? મારૂં માથું કાપી નાખો, એટલા માટે કે પ્રેમ મને એક નવું મસ્તક આપે.

૪૦૫૯ મારો દીન પ્રેમથી સજીવન રહેનાર છે, આ જનાવરી આત્મામાંથી જીવન ઉતરી આવ્યું છે, અને માથું મારા માટે એક નામોશી છે.

૪૦૬૦ (પ્રેમની) તલવાર પ્રેમીના આત્મા ઉપરથી ધુળ ઉડાડી મુકે છે, કારણ કે તલવાર પાપોને સાફ કરી નાખે છે.

૪૦૬૧ જ્યારે શારિરીક ધુળ ચાલી ગઈ છે, ત્યારે મારો ચંદ્રમા પ્રકાશે છે, મારા આત્માનો ચંદ્રમા સ્વચ્છ આકાશ મેળવે છે.

૪૦૬૨ આ પસંદ કરાએલા, જમાનાઓ સુધી, તારા માટે પ્રેમનાં ઢોલ હું પીટાવતો આવ્યો છું. (સુરહતો), 'અરે, મારૂં જીવન મારા મૃત્યુ ઉપર આધાર રાખે છે.

૪૦૬૩ મારા આત્માએ બડાઈ મારી છે કે તે એક પાણીનું પંખી છે, તે જળપ્રલયના દુઃખ માટે શોકાર્ત કેમ છે?

૪૦૬૪ એક બતકને વહાણુ ભાંગી જવા માટે કઇ ફિકર છે? તેણીના પગો પાણીમાં વહાણુ જેવા જ છે.

૪૦૬૫ મારો આત્મા અને કાયા આ ડંફાસથી જીવીત છે, હું આવી ડંફાશ મારવામાં બાકાત કેમ રહું?

૪૦૬૬ હું સ્વપ્નામાં છું પણ ઉંઘમાં નથી, હું એક ડંફાશ મારનાર છું પણ એક જુઠો નથી.

૪૦૬૭ ભલે તમો મારો શિરચ્છેદ એક સો વખત કરો, હું મીણબત્તી માફક છું, (તેમ છતાં) હું પ્રકાશિતપણે બળીશ.

૪૦૬૮ ભલે (મારા અસ્તિત્વની) ગંજી આગળ પાછળ (બન્ને) ભાગથી અગ્નિમાં ઝડપાય પેલા ચંદ્રમાની (ગંજી) તેજનું વર્તુળ રાત્રીના મુસાફરો માટે પુરતું છે.

૪૦૬૯ હ. યુસુફ (અ. સ.) પયગમ્બર હ. યાકુબ (અ. સ.) થી પોતાના ભાઇઓ કપટતા અંગે ગુપ્ત અને છુપેલા હતા.

૪૦૭૦ તેઓએ તેમને એક બનાવટથી દૃષ્ટિ બહાર કર્યા (પણ) આખરે તેમના પહેરણે માહિતી આપી.

૪૦૭૧ (મોટા શાહજાદાના) બન્ને ભાઇઓએ વાતચીતમાં તેને બોધ આપ્યો, કહે, વિનાશને અવગણો નહિ.

૪૦૭૨ સાંભળો, અમારા ઝખમો ઉપર નીમક છાંટો નહિ! બબરદાર, આ ઝેર અવિચારીપણે અને (પરિણામોની) શંકામાં પીઓ નહિ.

૪૦૭૩ એક સમજુ રાહનુમાએ આપેલી સલાહ વગર તમો કેમ જઇ શકશો? જ્યારે કે તમો દિલને પારખી શકતા નથી?

૪૦૭૪ પીંછા વગરના પંખીને શાપ હોજો કે જે અવકાશના મધ્યબિંદુ સુધી ઉડે છે અને વિનાશમાં પડે છે.

૪૦૭૫ **સમજણ પાંખો છે અને એક માણસ તેનાથી સુસજ્જ થાય છે, જ્યારે તેને સમજણની બામી છે, ત્યારે તેણે એક રાહનુમાની દોરવણી ઉપર આધાર રાખવો જોઇએ.**

૪૦૭૬ કાંતો વિજેતા અથવા વિજેતાનો એક શોધક બન, કાંતો સૂક્ષ્મ દૃષ્ટિ હોય અથવા જે સૂક્ષ્મ દૃષ્ટિથી વિભુશિત હોય તેની શોધવાળો બન.

૪૦૭૭ ચાવી ધરાવવા સિવાય, એટલે સુઝ, દરવાજાને આ બબડાવવું સ્વતંત્ર ઇચ્છાથી ઉશ્કેરાયું છે નહિ કે બરી તેમાંથી.

૪૦૭૮ એક આખું જગત સ્વતંત્ર ઇચ્છાથી જાળમાં ફસાયું છે, અને ઝખમો (નુકશાન-કારક ચીજો) જે ઈલાજો (ફાયદાકારક ચીજો) જેવા દેખાય છે,

૪૦૭૯ સરપ, મૃત્યુ જેવા (ભયંકર) પોતાની છાતી ઉપર (ખુદને) પોતાના મોંમાં એક મોટા પાંદડા સમો ઉંચો રાખે છે, એટલા માટે કે તેના શિકારને પકડે.

૪૦૮૦ તે એક છોડ જેવા છોડવાઓની વચ્ચે ઉભો રહે છે, (કે જેથી) પંખી ધારે છે કે તે એક છોડનો સાંઠો છે.

૪૦૮૧ જ્યારે તે (પંખી) ખાવાના ઈરાદે પાંદડાં ઉપર બેસે છે તે સરપના મોમાં અને મૃત્યુના પંજાઓમાં પડે છે.

૪૦૮૨ એક મગર પોતાનું મોઢું ખોલે છે, તેના દાંતો લાંબા જીવડાઓથી ચોફેર વળેલા છે.

૪૦૮૩ જીવડાઓ તેના દાંતોમાં બાકી રહેલા ખોરાકમાંથી ઉત્પન્ન થએલ છે અને તેણે તેમને ત્યાં રહેઠાણ આપ્યું !

૪૦૮૪ નાનાં પંખીઓ કીડાઓ અને ખોરાક જુએ છે, અને પેલા જનાજાને ચરાણ હોવાનું જુએ છે.

૪૦૮૫ જ્યારે તેનું મોઢું પંખીઓથી ભરાઈ જાય છે ત્યારે ઓચિંતાના તે તેમને ગળી જાય છે અને (ફરીવાર) પોતાનું મોં બંધ કરે છે.

૪૦૮૬ જાણ કે આ જગત સ્વાદિષ્ટ વાનીઓથી ભરપુર છે અને રોટલા જાણે કે મગરના ખુલ્લા મોં માફક છે.

૪૦૮૭ ઓ તું કે જે કોળીયાઓ અને કીડાઓની (તારી ઈચ્છામાં) આજીવિકાના નિમિત્તો અંગે સઘળા સાથે ઝપાઝપીમાં લાગેલો છે, મગર કે જે વખત છે તેની પ્રપંચ જાળમાંથી સલામત સમજતો નહિ.

૪૦૮૮ એક શિયાળ પડે છે (અને) પોતાને જમીન નીચે ચતોપાટ (પાડે છે) તેની જમીન ઉપર છેતરામણા દાણા છે.

૪૦૮૯ એટલા માટે કે બેદરકાર કાગડો તેમની નજીક આવે અને પેલો પ્રપંચી પોતાના પગથી લુચ્ચાઈ ભરી રીતે પકડી પાડે.

૪૦૯૦ જ્યારે કે જનાવરોમાં એક લાખ લુચ્ચાઈ ભરેલી યુક્તિઓ છે ત્યારે માણસની લુચ્ચાઈ કેવી મોટી હોવી જોઈએ કે જે (બધાં જનાવરો કરતાં) સર્વોપરી છે !

૪૦૯૧ (જાણે કેમ પોતે) હ. જ્યુનુલ આબીદીન (અ. સ.) મહેમાનોનું ઘરેણું હોય તેમ પોતાના હાથમાં એક પવિત્ર કિતાબ (લઈ જાય છે) (પણ) તેની બાંયમાં ઝેરીલું ખંજર છે.

૪૦૯૨ તે હસતાં હસતાં તમને ઉદ્દેશી છે, "ઓ મારા માલિક," (જ્યારે) તેના દિલમાં જાદુ અને ઢોંગના યંત્રોનું એક બાબિલોન છે.

૪૦૯૩ (તે) પ્રાણઘાતક ઝેર છે (જોકે) દેખાવમાં તે મધ અને દુધ છે, **ખબરદાર, જ્ઞાની રૂહાનીયત રાહનુમાના સાચ વગર આ તારા રસ્તે જતો નહિ.**

૪૦૯૪ બધા આપમતલબી આનંદો એક ઢોંગ અને પ્રપંચ છે, વિજળીના ચમકારાની આજુબાજુ અંધારાની એક દિવાલ છે.

૪૦૯૫ વિજળી (માત્ર) એક ખોટો અને છેતરતો અંધારાથી છવાએલો આછો ઝબકારો છે, અને તારો રસ્તો લાંબો છે,

૪૦૯૬ તેના પ્રકાશથી તું એક પંત્ર વાંચી શકીશ નહિ, અને તું તારા અંતીમ સ્થળે સવારી કરી જઈ શકીશ નહિ.

૪૦૯૭ વિજળીથી તારા મોહિત બનવા માટેની સજા તરીકે સુર્ય ઉદયના કિરણો તારાઓથી પોતાનો ચહેરો ખેંચી લ્યે છે.

૪૦૯૮ રાત્રી દરમ્યાન માઈલોના માઈલો વિજળીનો પ્રપંચ, એક રાહનુમા વગર અંધારામાં દોરી જાય છે.

૪૦૯૯ કયારેક તમો પહાડમાં પછડાવ છો, કયારેક એક નદીમાં, કયારેક તમો આ દિશામાં ભટકો છો, કયારેક પેલી દિશામાં.

૪૧૦૦ **દુન્યવી મિલકતના ઓ શોધનારા, તને કદી સાચો 'રૂહાની રાહબર' મળશે નહિ, અને જો તે તમને મળશે તો તું તારો ચહેરો તેમનાથી ફેરવીશ.**

૪૧૦૧ કહીશ, "મેં આ રસ્તા ઉપર સાઠ માઈલ મુસાફરી કરી છે, અને (હવે) આ રૂહાની રાહબર મને કહે છે કે મેં મારો રસ્તો ગુમાવ્યો છે,

૪૧૦૨ જો હું આ અજાયબી તરફ કાન દઈશ (સાંભળીશ), તો મારે મારી મુસાફરી આ સત્તાની નીચે ફરીવાર શરૂ કરવી પડશે.

૪૧૦૩ મેં મારી જીંદગી આ મુસાફરીને અર્પણ કરી છે, (હું તેની પાછળ પડીશ) ભલે ગમે તે થાય, ઓ રાહબર, રવાના થા!"

૪૧૦૪ (હા), તેં લાંબી મુસાફરી કરી છે, પણ (માત્ર) વિજળીની માફક. અભિપ્રાયમાં (મુલ્યહીન), (આવ), સુર્ય ઉદયની માફક ભવ્ય (દૈવી) પ્રેરણાની ખાતર પેલી મુસાફરીના દસમા ભાગની પણ મુસાફરી કર.

૪૧૦૫ તેં (આયાત) વાંચી છે, "સત્યની બદલીમાં અભિપ્રાય કાર્ય કરી શકે નહિ" અને (છતાં) એક વિજળીના ચમકારાથી તું ઉગતા સુર્યથી વંચિત બન્યો છો.

૪૧૦૬ ઓ કંગાળ આદમી, સાંભળ, અમારી કિશ્તીમાં આવી જા, અથવા (છેવટ), પેલી તારી કિશ્તીને (અમારી) આ કિશ્તી સાથે બાંધી દે.

૪૧૦૭ તે જવાબ આપે છે, "હું શક્તિ અને સત્તા કેમ છોડી દઉં? હું આંખો મીંચીને તને કેમ અનુસરું?"

૪૧૦૮ એક આંધળો માણસ જ્યારે એકલો જાય છે ત્યારે એક રાહનુમા સાથે રહે તે વધુ ઉત્તમ છે, પેલી બાબતમાં એક જ નામોશી છે, જ્યારે પાછલીમાં એક સો નામોશી છે.

૪૧૦૯ તું એક મચ્છરમાંથી એક વિંછી તરફ ભાગી રહ્યો છો. તું એક ઝાકળનાં ટીપાં-માંથી એક સમુદ્ર તરફ નાશી રહ્યો છો.

૪૧૧૦ તું તારા બાપના બદવર્તનમાંથી બદમાસો અને ગુનાહ અને પીડાની વચ્ચે ભાગે છે.

૪૧૧૧ હ. યુસુફ (અ.સ.)ની માફક તું (ઉંધા દોરવાયા) થકી એક દિલગીરીથી ભાગીને સંતાપના કુવામાં પડવા ભાગી રહ્યો છો. "અમને નાચકુદ અને રમવા દયે."

૪૧૧૨ આ ભૂતકાળના કારણે તું તેની માફક એક કુવામાં પડે છે, પણ તને મદદ કરવા દૈવી સદ્‌ભાવ કર્યાં છે.

૪૧૧૩ જો તે તેના બાપની પરવાનગીથી બન્યું ન હોત તો તે કયામત સુધી તે કુવામાંથી કદી પણ બહાર નીકળી શકયો ન હોત.

૪૧૧૪ (પણ) તેના દિલની ઈચ્છાના કારણે તેના પિતાએ પરવાનગી આપી અને કહ્યું, "જ્યારે કે આ તારી ઇચ્છા છે, (તેમાંથી) કંઈક સારૂં બહાર આવે."

૪૧૧૫ **કોઈપણ આંધળો માણસ (ઝમાનાના) મસિઆહ પાસેથી ઉપહાસમાં ફરી જાય ને યહુદીઓની માફક દોરવણી વગરનો રહી જશે.**

૪૧૧૬ (કારણ કે) જોકે તે આંધળો હતો, તે પ્રકાશ (રાહનુમાઈ) મેળવવાને શકિતમાન હતો (પણ) આ અણગમો બતાવવામાં તે આંધળા અને વાદળી (ગુમાવાએલો) બને છે.

૪૧૧૭ (ઝમાનાનો) ઈસા તેને કહે છે, "**ઓ આંધળા માણસ, બન્ને હાથોથી મને મજબુત રીતે પકડી રાખ, મારી પાસે કિંમતી આંજણ છે.**

૪૧૧૮ જો તું આંધળો છો તો તું મારી પાસેથી દ્રષ્ટિ મેળવીશ અને આત્માના (સુવાસિત) યુસુફના પહેરણની પકડ મેળવ.

૪૧૧૯ (ખરૂં) નશીબ અને (કુતેહનો) ધોરી માર્ગ કાર્યમાં રહેલો છે કે જે તારી પાસે સખત હાર બાદ આવે છે.

૪૧૨૦ કાર્ય કે જેને પગ અગર માથું નથી તેને છોડી દે, ઘરડા ગધેડા, સાંભળ, તારા માટે એક 'પીર'ની શોધ કર.

૪૧૨૧ **'પીર' સિવાયનાને તારો રાહનુમા અને ધણી બનાવતો નહિં 'પીર' (વૃદ્ધ ઇન્સાન) નહિ, પણ સાચી દોરવણી આપતા 'પીર' (રૂહાની રાહબર)**

૪૧૨૨ **અંધારાના ભાવિક જેવો તે 'પીર'ની (સત્તાનો) તાબેદાર બને છે કે તુર્તજ પ્રકાશ જુએ છે.**

૪૧૨૩ આવશ્યક શરત આત્મસમર્પણ છે, નહિ કે કઠોર પરિશ્રમ, ખોટા મંતવ્યમાં દોડાદોડી કરવી નકામી છે.

૪૧૨૪ **હવે પછી હું ઈશ્વરને રસ્તે શોધીશ નહિ. હું 'પીર'ને શોધીશ, હું 'પીર'ને શોધીશ, પીર, પીર.**

૪૧૨૫ પીર બહિશ્તની સીડી છે, તીરને શાથી ઉડાડાય છે? પણછથી.

૪૧૨૬ હ. ઈબ્રાહીમ બિન્નિલ્લાહ (અ.સ.) ન હતા કે નિર્જીવ નમરૂદે ગીધડાના નિમિત્તોથી આસમાન તરફ મુસાફરી કરવાનો પ્રયાસ કર્યો?

૪૧૨૭ ખુદીથી ઉત્તેજીત બનેલો, તે વારંવાર ઉપર ગયો, પણ કોઈ ગીધ બહિશ્ત તરફ ઉડી શકે નહિ

૪૧૨૮ હ. ઈબ્રાહિમ (અ.સ.)એ તેને કહ્યું "ઓ મુસાફર, હું તારો ગીધ બનીશ, આ તારા માટે વધુ લાયક છે.

૪૧૨૯ જ્યારે ઉપર જવા માટેની એક સીડી બનાવે છે ત્યારે તું ઉડવા વગર આસમાન તરફ ઉંચે ચડશે.

૪૧૩૦ જેમ દિલ (આત્મા), પોષણ વગર કે ઉંટ ઉપર સવારી કર્યા વગર વિજળીની ઝડપે પૂર્વ અને પશ્ચિમની મુસાફરી કરે છે.

૪૧૩૧ જેમ માણસની સુધબુધ, ઉંઘ દરમ્યાન બહાર ભટકે છે, રાત્રી દરમ્યાન (દુરના) શહેરોમાં મુસાફરી કરે છે.

૪૧૩૨ આત્મજ્ઞાનીની માફક, (એક જગ્યામાં) આરામથી બેસી, ગુપ્ત રસ્તે એક સો દુનિયામાં મુસાફરી કરે છે.

૪૧૩૩ જો તે આની માફક મુસાફરી કરવાની શક્તિથી વિભુશીત બન્યો નથી હોતો તો (પછી) પેલી (રૂહાનીયત) દુનિયાને લગતા આ અહેવાલો કોની પાસેથી મેળવ્યા ?

૪૧૩૪ લાખો 'પીરો' (રૂહાની રાહબરો) આ અહેવાલોની સત્યતા અને આ સાચેસાચા આખ્યાનો ઉપર સંમત થયા છે.

૪૧૩૫ આ કાયદાસરના અધિકારો વિરુદ્ધ વાદવિવાદ છે જ નહિ, અભિપ્રાયો ઉપર અવલંબિત જ્ઞાનની બાબતમાં આમજ છે.

૪૧૩૬ પેલું (અભિપ્રાય ઉપર અવલંબિત જ્ઞાન) ઘોર અંધારી રાત્રીમાં (કાબાની દિશા) શોધવા માફક છે, જ્યારે આ (ચુક્તાર્થ જ્ઞાન) મધ્યાન્હ અને કાબાની હાજરી માફક છે.

૪૧૩૭ ઉઠ, ઓ (તું કે જે) નિમરૂદ જેવો છે, (પવિત્ર) મહત્વશીલ વ્યક્તિ પાસેથી પાંખો શોધ, આ ગીધડાઓ પાસેથી કોઈપણ સીડી તું મેળવીશ નહિ.

૪૧૩૮ ઓ કંગાળ (આત્માવાળા), ગીધ વિષયાન્તર કરનારી સમજણ છે, તેની પાંખો મુડદાલ માંસ ખાનારાથી જોડાએલી છે.

૪૧૩૯ (પણ) 'અબ્દાલ' (માનવંત ઔલીયા રૂહાની રાહબર)ની સમજણ હ. જીબ્રીઈલની પાંખો માફક છે તે બહિશ્તના ઝાડની છાયા સુધી માઈલોના માઈલો સુધી ઉપર ચડે છે.

૪૧૪૦ (તે કહે છે) "હું એક બાદશાહી બાજ છું, હું માંગલિક અને સુંદર છું. મુરદાર માંસ સાથે મને કાંઈ કામ નથી. હું કાંઇ ગીધ નથી.

૪૧૪૧ ગીધને છોડી દે, કારણ કે હું તારો મદદગાર થઈશ, એકસો ગીધડા કરતાં મારી એક પાંખ તારા માટે વધુ ઉત્તમ છે.

૪૧૪૨ તું આંધળી રીતે કેટલોક વખત દોડાદોડી કરીશ. કારણ કે એક વેપાર અને કામકાજ (શીખવા માટે) એક શિક્ષકની જરૂર પડે છે.

૪૧૪૩ તારા ખુદને ચીનની રાજ્યધાનીમાં જાહેરમાં બદનામ બનાવતો નહિ, એક સંતને શોધ અને તેનાથી પોતાને વિખુટો પાડતો નહિ.

૪૧૪૪ સાંભળ, ઝમાનાનો 'પ્લેટો' તને જે કાંઈપણ કરવાનું કહે, તારી સ્વતંત્ર ઇચ્છા છોડી દે અને પેલી (સલાહ) અનુસાર વર્તન કર.

૪૧૪૫ બધા (કે જેઓ) ચીનમાં રહે છે, પોતાના બાદશાહની (કીર્તિ) માટેના ભાવાવેશમાં કહે છે, તે જનક તરીકે પેદા થયો નથી.

૪૧૪૬ વાસ્તવમાં કદી પણ આપણા બાદશાહે બચ્ચાંને જન્મ આપ્યો નથી. નહિ, તેણે સ્ત્રીને પોતાની પાસે આવવાની રજા આપી નથી.

૪૧૪૭ જ્યારે કોઇપણ રાજા તેના વિષે આ જાતનું કંઇ કહે છે, તે તેની બદનક્ષી કરનારની ગરદનથી કાપી નાખતી તલવારથી પરણે છે.

૪૧૪૮ બાદશાહ (આવા એકને કહે છે) "જ્યારે કે તું આવા શબ્દો બોલ્યો છો તો કાંતો સાબિત કર કે મને ઘરવાળી અને કુટુંબ છે.

૪૧૪૯ અને જો તું સાબિત કરે કે મને એક પુત્રો છે તો તું મારી તીક્ષ્ણ તલવારથી સલામત છો.

૪૧૫૦ અથવા નાહતર હું કાંઇપણ શંકા વગર તારૂં ગળું કાપીશ, હું (તારી કાયા) સુફીથી તારા આત્માને છુટો કરીશ.

૪૧૫૧ તું તલવારથી તારૂં માથું કદી પણ બચાવીશ નહિ, એ તું કે જે નકામા અને જુઠા શબ્દો બોલેલ છો.

૪૧૫૨ એ તું કે જે મુર્ખાઈપૂર્વક જુઠા શબ્દો બોલેલ છે, કેટલાય માથાં ભરેલ મોટામાં મોટી ખાઇ નિહાળ.

૪૧૫૩ એક ખાઇ તળીએથી માથા સુધી ભરેલ, આ અધમતાના કારણે જુદાં થએલાં માથાથી

૪૧૫૪ આ નિશ્ચિત કથનને બધા કુરબાન થએલા છે, તેઓએ આ નિશ્ચિત કથનથી પોતાનો શિરચ્છેદ કર્યો.

૪૧૫૫ ખબરદાર ! આ ધ્યાનપુર્વકની આંખથી નિહાળ, આવું નિશ્ચિત કથન અથવા કલ્પનીય વાત ઉચ્ચારતો નહિ.

૪૧૫૬ (બે બાદશાહોએ કહ્યું) "તું અમારી જીંદગીઓ અમારા માટે કડવી બનાવીશ, ઓ ભાઈ, આની (ભાફક) વર્તવા તને કોણ પ્રેરે છે."

૪૧૫૭ જો એક કે જે અજ્ઞાન છે, આંધળાપણામાં એક સો વર્ષ મુસાફરી કરે તો તેને મુસાફરી તરીકે ગણવામાં આવતી નથી.

૪૧૫૮ લડાઇના મેદાનમાં હથીઆર વગર જા નહિ. બેપરવાઇથી વિનાશમાં પડ નહિ.

૪૧૫૯ તેઓએ આ બધું (તેને) કહ્યું, પણ આધીન બાદશાહોએ જવાબ આપ્યો નહિ, "(ચેતવણીના) આ શબ્દો મને નફરત કરવા પ્રેરે છે."

૪૧૬૦ મારૂં દિલ અગ્નિથી લોહપાત્ર માફક ભરપુર છે, પાક પાકયો છે, આ દાતરડાનો વખત છે.

૪૧૬૧ મારા અંતઃકરણમાં ઘણું જ મનોબળ હતું (પણ) તે હવે રહ્યું નથી, પ્રેમે મનોબળના રહેઠાણોને આગ લગાડી છે.

૪૧૬૨ જ્યારે પ્રેમ જન્મ્યો હતો ત્યારે તે જ રાત્રીના મારૂં મરણ પામ્યું હતું. તે પ્રસાર થઈ ગયું, હાજર છે તેઓ ઘણું જીવો !

૪૧૬૩ ઓ તું કે જે (બાદશાહમાંથી) સખત ઠપકો અને સજા મને સંભળાવી રહ્યો છે. હું તે બધાથી પર બન્યો છું. ઠંડા લોઢાના કટકાને ટીપો નહિ.

૪૧૬૪ હું માથાભેર દોડી રહ્યો છું. એઈ, મારા પગને ચાલવા દ્યો, મારા બધા અવયવો કાંઈ પણ સમજવામાં કયાં રહ્યા છે ?

૪૧૬૫ હું એક ઊંટ માફક છું. જ્યાં સુધી બની શકે ત્યાં સુધી હું મારો બોજો ઉઠાવું છું. (પણ) જ્યારે હું થાકીને પડીશ ત્યારે હું મરેલો બનવા ખુશી થઈશ.

૪૧૬૬ જો એક સો બાઇઓ કાપેલાં માથાંઓથી ભરપુર હોય તો પણ તે મારા સંતાપની સરખામણીમાં તદ્દન મશ્કરી છે.

૪૧૬૭ હું કદી પણ બીક અને ધાકમાં મારી મમતા છુપાવીને આવો એક આવેશનો ઢોલ પીટીશ નહિ.

૪૧૬૮ હવે હું મારો ધ્વજ ખુલ્લા મેદાનમાં ખોડીશ, કાં તો મેં પસંદ કરેલ તેનો ચહેરો નિરખું કે કાં મારું મસ્તક ગુમાવું. તેવું (કિસ્મત ભલે બને) !

૪૧૬૯ બળું કે જે પેલી મદિરાને લાયક નથી, બહેતર છે કે તલવારના ફટકાથી કપાએલું બને.

૪૧૭૦ આંખ કે જે તેણીના મિલનમાં પુરેપુરો આનંદ પામી નથી, આવી એક આંખ ભલે (દર્દથી) સફેદ અને આંધળી બને.

૪૧૭૧ કાન કે જે તેણીની ગુપ્તતા સાંભળવા લાયક ન હોય, તેને તોડી નાખો, કારણ કે માથા ઉપરનું તેનું હોવું નકામું છે.

૪૧૭૨ હાથ જેમાં (તેણીનો સદ્‌ભાવ જીતવાનું) સામર્થ્ય ન હોય તો બહેતર છે કે કસાઈના છુરાથી તેને જુદો કરવામાં આવે.

૪૧૭૩ પગ કે જેના ચાલવાથી આત્મા તેણીના નર્ગિસના બગીચામાં દોરવાએલો ન બને.

૪૧૭૪ આવો એક પગ બહેતર છે કે બેડીમાં જકડાએલો બને, કારણ કે અંતે આવો એક પગ માથાનો દુઃખાવો, (તકલીફનું કારણ બને) !

૪૧૭૫ કાં તો મારી આ ઇચ્છા આ મુસાફરીમાં પુરી થાય અથવા તો હું આ મુસાફરીમાંથી ઘરે પાછો ફરું.

૪૧૭૬ એવું બને કે મારી ઇચ્છાનું (પૂર્ણ થવું) પરદેશ જવા ઉપર આધાર રાખે છે અને કે મારા પરદેશ જવા બાદ તેને ઘરે પરિપૂર્ણ કરું.

૪૧૭૭ હું મારી સર્વ શક્તિ અને તાકાત વડે પ્રિયતમાને શોધીશ, ત્યાં સુધી કે હું જાણું કે તેને શોધવાની જરૂર નથી.

૪૧૭૮ હું દુનિયામાં ભટકું નહિ ત્યાં સુધી મારી સાથેની તેની હસ્તિનું (ગુઢાર્થ) મારા (રૂહાનિયત) કાનમાં દાખલ થાય.

૪૧૭૯ લાંબી મુસાફરીઓ કર્યા વગર મને તેની હસ્તિનું ગુઢાર્થ કેમ કરી સમજાય ?

૪૧૮૦ ખુદાએ કહ્યું છે કે તે આપણી સાથે છે પણ તેણે દિલ ઉપર મહોર મારી છે એટલા માટે કે તે (બરો અર્થ) મારા દિલના કાનમાં સરળ રીતે દાખલ ન થાય.

૪૧૮૧ જ્યારે તેણે (શોધનારે) (ઘણી) મુસાફરીઓ કરી છે, અને રસ્તાની ફરજો બજાવી છે, ત્યાર બાદ જ (પહેલાં નહિ), તેના દિલમાંથી મહોર (છાપ) હટાવાય છે.

૪૧૮૨ (ગણીતશાસ્ત્રની રીતે), જેમ 'બેવડી વલણો,' (માત્ર) બે ભુલો બાદ જ તેને સાચો અંદાજ ચોકખો બને છે.

૪૧૮૩ ત્યાર બાદ, તે (પોતાના મનમાં) કહે છે, 'જો આ ખુદા સાથેના હોવાની (બરી પ્રકૃતિ)ની માહિતગારી હોત તો મેં તેના માટે શોધ કરી હોત ?"

૪૧૮૪ (પણ) તેનું જ્ઞાન મુસાફરી ઉપર આધાર રાખે છે, તે જ્ઞાન વિચારના સતેજ-પણાથી મેળવાએલું બનતું નથી.

૪૧૮૫ તે શેખના કરજોની ભરપાઇ કરવા જેવું બંધાએલું અને પેલા (નાના) જીવના રૂદન ઉપર અવલંબીત હતું.

૪૧૮૬ (જ્યારે) મિઠાઇ બનાવનારનો છોકરો ખૂબ રોયો (ત્યારે) માન્યવંત શેખનું દેવું ભરપાઇ થયું.

૪૧૮૭ તે રૂહાનીયત કહાણી મસ્નવીના યથાક્રમે અગાઉ વર્ણવાઇ ગઈ છે.

૪૧૮૮ તેણે (ખુદાએ) તારા દિલમાં અમુક સ્થાન (ગુમાવવાની) બીક મુકી. એટલા માટે કે બીજું કોઇ પણ સ્થાન તારી ઇચ્છાની વસ્તુ ન બને.

૪૧૮૯ પેલા સ્થળમાંથી તારી ઇચ્છિત મેળવવાની તારી આશાને તે બીજી સંગીન તક સાથે બાંધે છે પણ બીજા કોઈના હાથોથી તારી ઇચ્છા પુરી કરાવે છે.

૪૧૯૦ ઓ તું કે જેણે પોતાની ઇચ્છાઓ એક જ સ્થાને દૃઢપણે ચોંટાડી છે, કહીને, કૂળ પેલા ઉંચા ઝાડમાંથી મારી પાસે આવશે.

૪૧૯૧ તારી ઇચ્છા ત્યાંથી પુરી થશે નહિ, નહિ. દાન બીજે સ્થાનેથી આવશે.

૪૧૯૨ તો પછી શા માટે, તેણે તારામાં પેલી આશા રોપી ? જ્યારે કે તે પેલા સ્થાનેથી તારી ઇચ્છિત વસ્તુ આવશે નહિ.

૪૧૯૩ (તે) એક ભલા ઇરાદા અને યુક્તિ ખાતર છે, અને એટલા માટે પણ કે તારું દિલ વ્યાકુળતાની હાલતવાળું બને.

૪૧૯૪ ઓ શીખનાર, (તે) તેના ખાતર છે કે તારું દિલ ગભરાયેલું બને, (વિચાર કરતું કે) તારી ઇચ્છિત વસ્તુ કયાં સ્થળેથી (તારી પાસે) આવશે.

૪૧૯૫ (તે) તે છે કે તું તારી નબળાઈ અને તારી અજ્ઞાનતા જાણે અને કે અનિવાર્યપણે તારું ઇમાન અદ્દીઠમાં વધેલું બને.

૪૧૯૬ અને વધુમાં, કે તારું દિલ મુળ સબંધી મુંઝાએલું બને કે કચાંથી (ધારેલો) લાભ આવી પહોંચશે અને આ આશામાંથી કેવું પરિણામ (દૈવી) વ્યસ્થા કરનાર પેદા કરશે.

૪૧૯૭ તું આજીવીકાનાં સાધનો દરજીના કામમાં શોધવાની આશા રાખે છે, કે જેથી દરજી તરીકે કામ કરતાં તું તારા સમસ્ત જીવન દરમ્યાન પૈસા પેદા કરીશ.

૪૧૯૮ (પણ) તે તારી રોજની રોજી સોનીની કળામાંથી તારી પાસે આવતી બનાવે, મેળવવાના સાધનો કે જે તારી કલ્પનામાં (દાખલ થવામાં) ઘણું દુર હતાં.

૪૧૯૯ તો પછી કેવી રીતે તારી આશાઓ દરજીના કાર્ય ઉપર મંડાએલ હતી, જ્યારે કે પેલી બાજુએથી તને રોજની રોજી પહોંચે તેવી તેની ઈચ્છા ન હતી ?

૪૨૦૦ (તે) ખુદાઈ જ્ઞાન એક અદ્‌ભુતપૂર્વ વિચારના કારણે હતું, એક આદેશ કે જે તેણે (શાશ્વત) ભૂતકાળમાં લખ્યો હતો.

૪૨૦૧ અને અંતે પણ તારા વિચારો ગભરાએલા બને કે જેથી ગભરાટ તારું સમસ્ત કાર્ય બને.

૪૨૦૨ (સૌથી મોટા શાહજાદાએ કહ્યું), 'પ્રિયતમાથી મારું મિલન કાં તો આ પ્રયાસથી અથવા શારિરીક પ્રયાસથી બહારના સાધનોથી મેળવાએલ બને.

૪૨૦૩ હું જાહેર કરતો નથી કે મારી વસ્તુ આ (બાસ) રસ્તે મેળવાએલી બને. હું (અવિરામપણે) તે કયા સ્થળેથી દેખાશે) તે શોધવામાં દિલનો થડકાટ અનુભવું છું.

૪૨૦૪ શિરચ્છેદ કરાએલ પંખી દરેક દિશામાં કાયામાંથી પોતાનો અપૂર્વ આત્મા કઈ દિશામાં ભાગે છે તે જોવા કંપે છે.

૪૨૦૫ મારી ઇચ્છા આ દિશાએ (શોધમાં જતાં) પૂર્ણ થશે અથવા (દૈવી) હાથથી ખુલેલા બીજા દરવાજેથી પૂર્ણ થશે.

એક પુરૂષની કહાણી કે જેણે સ્વપ્નું જોયું કે ધનસંપત્તિની તેની ઇચ્છા કેરોમાં પુરી થશે, અને કે તે શહેરનાં અમુક સ્થાનમાં એક બજાનો (દાટેલો) હતો. જ્યારે તે કેરો આવ્યો ત્યારે કોઇએ તેને કહ્યું, "મેં બગદાદમાં આવા એક રહેઠાણ અને આવા ઘરમાં બજાનાનું સ્વપ્નું જોયું છે." અને તેણે સ્થાળનું નામ આપ્યું અને ઘર કે જેમાં આ આ માણસ રહેતો હતો તેનું નામ આપ્યું, પાછલાએ જાણ્યું કે (સ્વપ્નામાં) તેને અપાએલ કેરોમાં બજાનો હોવા સબંધીની માહિતી એટલા માટે હતી કે તેણે બીજે કયાંય શોધવાને બદલે પોતાના ઘરમાંજ શોધવું જોઇએ, આ બજાનો અરેબરો અને સત્ય રીતે કેરોમાંજ મેળવેલો બનવો જોઇએ.

૪૨૦૬ (એક વાર એક માણસ હતો કે જેને નાણાં અને મિલકતો વારસામાં મળી હતી. તેણે તે બધી ઉડાવી દીધી અને કંગાળ અને લાચાર બની ગયો,

૪૨૦૭ વારસાની દૌલત (નવા માલિક પાસે) બરોબર ચાલુ રહેવા પામતી નથી. જ્યારે કે તે પોતાની ઇચ્છા વિરૂદ્ધ ચાલ્યા ગએલાથી છુટી પડી હતી.

૪૨૦૮ કારણકે તેણે (વારસદારે) તે સહેલાઈથી મેળવી હતી, તે તેની કિંમત જાણતો ન હતો, કારણકે તેણે કામ કરવાની ઉતાવળ અને મહેનત અને પેદા કરવા ઉતાવળ કરી ન હતી.

૪૨૦૯ ઓ ફલાણા, તમો જ તમારા આત્માની કિંમત જાણતા નથી કારણ કે ખુદાએ તમને ઉદારતાપૂર્વક તે મફતમાં આપેલ છે.

૪૨૧૦ તેનું રોકડ નાણું ચાલ્યું ગયું અને તેનું રાચરચીલું અને ઘરો ચાલ્યાં ગયાં. તે એકલો જંગલમાં ઘુવડોની માફક બાકી રહી ગયો.

૪૨૧૧ તેણે આક્રંદ કર્યું "ઓ માલિક, તેં મને રોજી આપી હતી, રોજી ચાલી ગઈ, મને કાં તો રોજી આપ નહિતર મૃત્યુ આપ."

૪૨૧૨ જ્યારે તે ખાલી બન્યો ત્યારે તેણે ખુદાને બોલાવવું શરૂ કર્યું તેણે "ઓ માલિક" બોલવું શરૂ કર્યું, અને 'ઓ માલિક, મને બચાવ."

૪૨૧૩ જ્યારે કે પયગમ્બર સાહેબે કહ્યું છે કે "સાચો ઈમાનદાર 'મીઝદર' માફક છે (જે) તે જ્યારે ખાલી હોય છે માત્ર ત્યારે જ વાગે છે.

૪૨૧૪ (કારણ કે) જ્યારે તે ભરાય છે ત્યારે કવિ તેને નીચે મુકે છે, ભરેલો બન નહિ, કારણ કે તેના હાથનું અડવું મીઠું છે.

૪૨૧૫ ખાલી બન અને તેની બે આંગળીઓ વચ્ચે સુખેથી રહે, કારણકે રૂહાનીયત દુનિયાની મદિરાથી નશાબાજ બનેલો રહે.

૪૨૧૬ (તેની પાસેથી) આગલું ચાલ્યું ગયું તેની આંખોમાં આંસુઓ મુકતું ગયું, તેના આંસુઓએ ભક્તિના પાકોને પાણી પાયું (પુનર્જીવન આપ્યું).

સાચા ઇમાનદારોની પ્રાર્થનાના જવાબમાં વિલંબ કેમ થાય છે તેનું કારણ.

૪૨૧૭ અરે, કેટલાય એક નિખાલસ (બંદગી કરનાર) બંદગીમાં રૂદન કરે છે, જેથી તેની નિખાલસતાનો ધુમાડો આસમાન સુધી ઉપર ચઢે.

૪૨૧૮ અને પાપીના રૂદનમાંથી ઉંચા છાપરાની પેલી પાર ધૂપદાનોની સુવાસ તરતી બને છે.

૪૨૧૯ પછી ફિરસ્તાઓ આજીજીપૂર્વક ખુદાને વિનંતી કરે છે, કહે છે, "ઓ તું કે જે દરેક પ્રાર્થનાઓનો જવાબ આપે છે અને ઓ તું કે જેના રક્ષણની માગણી કરવામાં આવે છે.

૪૨૨૦ તારો એક વિશ્વાસુ ગુલામ નમ્ર આજીજી કરે છે તે તારા ઉપર આધાર રાખવા સિવાય બીજું કંઈ જાણતો નથી."

૪૨૨૧ તું અજાણ્યાઓ ઉપર તારી કૃપા ઇનાયત કરે છે, દરેક ઉત્સાહી ઇચ્છનાર તારી પાસેથી પોતાની ઇચ્છા પુરી કરે છે.

૪૨૨૨ બુદ્ધા કહે છે 'એમ નથી કે તે (મારી નજરમાં) અધમ છે! (નહિ, કૃપાનું મુલતવી રાખવું તેને મદદ કરવાના આશયેજ છે.

૪૨૨૩ (અગાઉની) અનુપકારીપણાની (હાલતમાંથી) મારા તરફ ફરવાની તેની જરૂરીયાતે ફરજ પાડી, તેણે તેને વાળથી ખેંચી મારા સ્થાને (પહોંચાડયો).

૪૨૨૪ જો હું તેની જરૂરીયાત સંતોષું તો તે પાછો જશે અને (ફરીવાર) પેલી નકામી રમતોમાં મશગુલ બનશે.

૪૨૨૫ અલબત તે (અત્યારે) પોતાની સર્વ શક્તિથી બુમ પાડે છે, "ઓ તું કે જેનું રક્ષણ માગવામાં આવે છે, તેને ભાંગેલા દિલે અને જખમી દાઢીથી રૂદન કરવા દે.

૪૨૨૬ તેનો દયાજનક અવાજ મને બુશ કરે છે, ઓ 'ઓ માલિક'ની બુમો અને તેની ગુપ્ત પાર્થના (પણ બુશ કરે છે).

૪૨૨૭ અને (મારાથી) આજીજી અને વિનંતી કરવામાં (સમજાવવાની) દરેક રીતથી મને છેતરવાની કોશીષ કરે છે."

૪૨૨૮ પોપટો અને બુલબુલોને પાંજરામાં પુરવામાં આવે છે કારણ કે તેઓ પોતાના મધુર ગાયનથી બુશી ઉપજાવે છે.

૪૨૨૯ (પણ) કાગડાઓ અને ઘુવડોને કેમ પાંજરામાં પુરતા નથી? આ કહાણીમાં કદી લખવામાં આવેલ નથી.

૪૨૩૦ જ્યારે બે પુરૂષો, તેમાંનો એકાદ બુઢો બખડી ગએલો અને બીજો સુંદર (જુવાન) એક ભઠીયારા પાસે આવે કે જે સુંદર છોકરાઓનો વખાણનાર છે.

૪૨૩૧ અને બન્ને ડબલ રોટી માગે છે. તે તુરતજ ખમીર વગરની ડબલ રોટી લાવશે અને તે લેવા બુઢા માણસને કહેશે.

૪૨૩૨ પણ તે પેલા બીજાને (તુર્તજ) ડબલરોટી કેમ આપશે? કે જેના દેખાવ અને ચહેરાથી તે બુશી છે? નહિ. તે ઢીલ જ કરશે.

૪૨૩૩ અને તેને કહેજો, થોડીવાર બેસો, તેનાથી તમોને અડચણ થશે નહિ, કારણ કે તાજી ડબલરોટી ઘરમાં પાકે છે.

૪૨૩૪ અને જ્યારે (પાકવાનું કાર્ય પૂર્ણ થયું) જુવાન પાસે ગરમાગરમ ડબલરોટી લાવવામાં આવે છે. તે (ભઠિયારો) તેને કહેશે, "બેસો, કારણ કે મિઠાઈ આવે છે."

૪૨૩૫ આજ રીતે તે તેને હમેશાં રોકે છે અને ગુપ્ત રીતે યુકિતથી તેને શિકાર બનાવવાનું શોધે છે.

૪૨૩૬ કહે, મને તમારી સાથે કાંઇ જરૂરી કામ છે, ઓ દુનિયાની બુબસુરતી એક પળ માટે થોભો.

૪૨૩૭ બાત્રીપૂર્વક જાણો કે શા માટે સાચા ઇમાનદારો ભલાઈ શોધવામાં અથવા તકલીફ-માંથી (ઉગરવામાં) નિરાશા સહન કરે છે.

પુરૂષ કે જેને કેરોમાં દટાએલ ખજાનાની ચાવી આપવામાં આવી હતી તે કહાણી તરફ પાછા ફરવું અને પોતાની ગરીબાઈના કારણે ખુદાને પોતાની વિનંતીઓ ચાલુ રાખવી.

૪૨૩૮ જ્યારે માણસ કે જેને વારસો મળ્યો હતો અને ઉડાડી દીધો હતો અને એક મુફલિસ બન્યો હતો. તેણે "ઓ માલિક"ની ધુમ અને રૂદન અને પસ્તાવો શરૂ કર્યો.

૪૨૩૯ ખરેખર, અમો આ દરવાજે ખખડાવશું કે જેમાંથી દયાની ઝડી વરસે છે. પ્રત્યુત્તર મેળવ્યા વગર એક સો વસંતો (ખીલે છે.)

૪૨૪૦ તેણે સ્વપ્ન જોયું કે તેણે આસમાનમાંથી અવાજ સાંભળ્યો, કહે, તારી દોલત તને કેરોમાં મળશે.

૪૨૪૧ કેરો જા. ત્યાં તારી સ્થિતિ સુધરશે. તેણે (ખુદાએ) તારી નમ્ર વિનંતી કબુલ કરી છે, આશાનું તેજ છે, પાત્ર માત્ર તેજ છે.

૪૨૪૨ ફલાણી જગ્યાએ એક મોટો ખજાનો છે. તેની શોધમાં તારે કેરો જવું જોઈએ.

૪૨૪૩ એ કંગાળ આદમી, સાંભળ, કાંઈપણ ઢીલ વગર બગદાદથી કેરો જ્યાં શેરડી ઉગે છે ત્યાં જા.

૪૨૪૪ જ્યારે તે બગદાદથી રવાના થયો (અને) કેરો આવ્યો ત્યારે કેરોના દેખાવે તેની હિંમત પાછી આવી, તેની પીઠ ગરમ બની.

૪૨૪૫ (કારણકે તે) અવકાશી અવાજે આપેલા વચનના પુરા થવાની આશામાં હતો કે તે તેની મુશ્કિલી હટાવતો ખજાનો કેરોમાં મેળવશે.

૪૨૪૬ ફલાણા સ્થળે અને ફલાણી જગ્યાએ ખૂબજ અમુલ્ય અને તારી પસંદગીનો ખજાનો દટાએલ છે.

૪૨૪૭ ખર્ચા માટેનું નાણું થોડું કે ઘણું તેની પાસે કાંઇ ન હતું. અને તે સામાન્ય જનતા પાસે જઈ ભીખ માગવાની તૈયારીમાં હતો.

૪૨૪૮ પણ શરમની (લાગણી) અને અપમાન તેને પાછું વાળતા હતા, (કે જેથી) તેણે પોતાને મનોનિગ્રહ ઉપર દ્રઢતાથી બાંધ્યો.

૪૨૪૯ (દરમ્યાન), તેમ છતાં, ભુખના દુઃખે તેનો આત્મા તરફડવા લાગ્યો, તેણે ભીખ અને ખોરાકની શોધમાં જવામાંથી છટકવાનાં કોઇ સાધન જોયાં નહિ.

૪૨૫૦ તેણે (પોતાના મનમાં) કહ્યું " રાત્રી પડતાં, હું બહુ જ આસ્તેથી સરકી જઈશ, એટલા માટે કે શરમાયા વગર હું રાત્રીના ભીખ માગી શકું.

૪૨૫૧ હું રાત્રીના ભિક્ષુકની માફક જાઈશ અને કટોરો લઇશ કે છાપરાઓ ઉપરથી અધેર્યો એક સિક્કો આવી મળે."

૪૨૫૨ આમ વિચાર કરીને, તે ગલીમાં બહાર ગયો અને (પોતાના મગજમાં) આ વિચારો સહિત આમતેમ ભટકવા લાગ્યો.

૪૨૫૩ એક પળે શરમ અને મોટાઇએ (ભીખ માગવામાંથી) વાર્યો, બીજી પળે ભૂખે તેને કહ્યું "માગ."

૪૨૫૪ રાત્રીનો ત્રીજો ભાગ પસાર થઈ ગયો ત્યાં સુધી, એક પગ આગળ અને એક પગ પાછળ મુકતો (પોતાને પૂછતો રહ્યો), "હું ભીખ માગું કે મારા સુકેલા હોઠોથી સુવા માટે લાંબો થાઉં?

૪૨૫૫ ઓચીંતાના રાત્રીના ચોકીદારે તેને પકડયો, અને પોતાનો ગુસ્સો તાબે ન કરી શકતાં તેણે તેને મુઠીથી અને દંડુકાથી માર્યો.

૪૨૫૬ એવું બન્યું કે (શહેરના) લોકોએ રાત્રીના ચોરોથી પેલી અંધારી રાત્રીઓએ નુકશાનીઓ ભોગવી હતી.

૪૨૫૭ તે ચોંકાવનારી અને વિનાશની રાત્રીઓ હતી, અને સિપાઈ પોતાની બધી શક્તિથી ચોરોને શોધતી હતી.

૪૨૫૮ બાદશાહે (તેમજ કહ્યું હતું કે) હરકોઈ જે રાત્રીના રખડે તેનો કાપી નાખો. ભલે કદાચ તે મારો કુટુંબી પણ હોય.

૪૨૫૯ બાદશાહે પોલીસને બીવરાવ્યા હતા, કહીને, "ચોરો તરફ તમો આટલા બધા દયાવાળા કેમ છો?"

૪૨૬૦ તમો શા કારણે તેમનો શોર માની લ્યો છો અથવા તેમની પાસેથી સોનું (લાંચ) સ્વીકારો છો?

૪૨૬૧ ચોરો તરફ દયા ન બતાવવી અને કોઇ હલકટ આદમી ઉપર ફટકા લગાવો અને બળળા ઉપર દયા રાખો નહિ.

૪૨૬૨ ખબરદાર, બાલ ગુનેહગાર સાથે સહાનુભુતી રાખતા નહિ, તેને સજા કર્યા વગર જવા દેતા નહિ, તેના દુઃખ તરફ નજર કરતા નહિ, જનતાની પીડાની ગણત્રી કરજો.

૪૨૬૩ સરપ કરડેલી આંગળી ઝેર અટકાવવા કાપી નાખો, ચેપની અસર ધ્યાનમાં લેજો. આખા શરીરનો નાશ અટકાવજો.

૪૨૬૪ જેમ બને છે તેમ અગાઉના જમાનામાં નિપૂણ અને અધુરા ચોરો પુષ્કળ બન્યા હતા.

૪૨૬૫ તેણે (ચોકીદારે) આવા એક સમયે (તેને) ગલીમાં જોયો અને તેને એવો ખરડયો અને અસંખ્ય ફટકા લગાવ્યા.

૪૨૬૬ પેલા ગરીબ કંગાળમાંથી ચીસો અને દયાની બુમો ઉઠી, "મને મારો નહિ, મને સંપૂર્ણ સત્ય કહેવા દ્યો."

૪૨૬૭ તેણે જવાબ આપ્યો, "હવે જો, હું તને સમય આપીશ, બોલ કે જેથી હું જાણું કે રાત્રીના તું આ ગલીમાં શા માટે આવ્યો.

૪૨૬૮ તું આ રહેઠાણનો લાગતો નથી, તું એક અજાણ્યો છો, અને મારાથી અજાણ છો, તું (અહીં) શું કરી રહ્યો હતો તેની સત્ય વાત કહે."

૪૨૬૯ સરકારી અમલદારો પોલીસને પકડે છે, પુછે છે કે શા માટે (શહેરમાં) આટલી બધી મોટી સંખ્યાના ચોરો અત્યારે છે?

૪૨૭૦ તે તમારા અને તારા જેવાના કારણે છે કે તેઓ આટલી સંખ્યામાં છે. સૌથી પ્રથમ તારા દુષ્ટ સાથીદારોનાં નામો જાહેર કર.

૪૨૭૧ નહિતર તેઓ બધાથી થએલ ગુન્હાનું વેર તારી ઉપર વાળીશ, એટલા માટે કે દરેક સભ્ય પુરૂષનું નાણું સલામત બને.

૪૨૭૨ ઘણા કસમો ખાધા પછી તેણે જવાબ આપ્યો, "હું ઘરફાડુ અથવા લુંટારો નથી.

૪૨૭૩ હું ચોર અને ગુનેહગાર નથી. હું કેરોથી અજાણ્યો છું. હું બગદાદનો રહેવાશી છું.

હદીસનો ખુલાસો "જુઠ શંકા ઉત્પન્ન કરે છે, જ્યારે સચ્ચાઈ વિશ્વાસ પ્રેરે છે."

૪૨૭૪ તેણે પોતાના સ્વપ્ના અને સોનાના ખજાનાની વાત કરી અને પોતાની સત્યતાની (અસરમાં) માણસનું દિલ (ફૂલની માફક) ખીલ્યું હતું.

૪૨૭૫ (ખજાનો શોધનારના) કસમોમાંથી તેને સત્યની સુગંધ આવી, તેનામાં તેની સચ્ચાઈ અને આંતરિક સાફ દિલ તેને દેખાયાં.

૪૨૭૬ દિલ સાચા શબ્દોથી શાંત બને છે, જેમ એક તરસ્યો માણસ પાણીથી શાંત બને છે.

૪૨૭૭ સિવાય એક કે જેનું દિલ પડદાવાળું છે, અને (રૂહાનીયત) દર્દથી પીડાય છે કે જેથી તે એક પયગમ્બર અને બોથડ વચ્ચેનો ભેદ પારખી શકતો નથી.

૪૨૭૮ અથવા નહિતર, (જો) સંદેશો કે જે (સત્ય)ના રહેઠાણેથી છે, ચંદ્રમા ઉપર ચડનાર હતો. તે (ચંદ્રમાં) ટુકડાઓમાં વહેંચાઈ ગયો હોત.

૪૨૭૯ ચંદ્રમા ઊંધો પડ્યો હોત, પણ તેનું દિલ કે જે પડદે છે, કારણ કે તે (ખુદાથી) અસ્વીકારાયો છે તે ચાહક નથી.

૪૨૮૦ ચોકીદારની આંખ વહેતા આંસુઓથી એક ઝરા જેવી બની. સુકા શબ્દોથી નહિ પણ દિલમાંના સત્યની સુગંધથી.

૪૨૮૧ એક શબ્દ હોઠો તરફ દોજખમાંથી આવે છે, એક શબ્દ રૂહાનીયતમાં હોઠોના પ્રદેશમાંથી આવે છે.

૪૨૮૨ આત્મા વધારતો સમુદ્ર અને દુઃખમય સમુદ્ર છે, આ બેઉ સમુદ્રો મળે છે ત્યાં હોઠો છે.

૪૨૮૩ તે બે શહેરો વચ્ચે (આવેલ) એક મોટા બજાર માફક છે, ત્યાં બધી બાજુએથી સામાન આવે છે.

૪૨૮૪ નુકશાન પામેલો, નકલી અને ઠગારી ચીજો (અને) મોતીઓ જેવી ઉંચી કિંમતની નફાકારક વસ્તુઓ.

૪૨૮૫ આ બજારમાં ચકોર વેપારીઓ (કાળજીપૂર્વક) અસલી અને નકલી બનાવટો તપાસે છે.

૪૨૮૬ તેમને (આવી એક) બજાર નફો મેળવવાની જગ્યા છે, જ્યારે બીજાઓને પોતાના અંધાપામાં નુકશાન થવાની જગ્યા છે.

૪૨૮૭ દુનિયાની દરેક વસ્તુ, એકેએક, મુર્ખ માટે એક બેડી છે અને ડાહ્યાઓ માટે મુક્તિના સાધનો છે.

૪૨૮૮ તે એક માટે શેરડી જેવું (મીઠું) છે અને બીજા માટે ઝેર જેવું કડવું છે, તે એક માટે દયા જેવું (સુંદર) અને બીજા માટે એક કોપ જેવું (ભયંકર) છે.

૪૨૮૯ દરેક નિર્જીવ વસ્તુ હ. પયગમ્બર સાહેબને એક કહાણી સંભળાવે છે, કાબા યાત્રીઓને સાક્ષી આપે છે અને (પોતે) સ્પષ્ટ વક્તા છે.

૪૨૯૦ મસ્જિદ, પણ, જે નિયમીત બંદગી ગુજારે છે તેની સાક્ષી પુરે છે, કહે, "તે દુરથી મારી મુલાકાતે આવ્યો હતો."

૪૨૯૧ અગ્નિ હ. ઈબ્રાહિમ (અ. સ.) જેવા માટે ફુલો અને મધુર તુળસી અને ગુલાબો માફક છે. જ્યારે નમરૂદ જેવા પેલાઓ માટે તેનાથી વિરૂદ્ધ, તે મોત અને યાચના છે.

૪૨૯૨ અમે આમ ઘણી વખત કહ્યું છે, ઓ હસન, હું તે આગળ લાવવામાં કદી થાકેલો બનીશ નહિ.

૪૨૯૩ પાતળો થતો અટકાવવાના ખાતર તેં ઘણીવાર રોટલો ખાધો છે, તે તેજ રોટલો છે, તું સંતોષ કેમ પામતો નથી ?

૪૨૯૪ (કારણ કે) સામાન્ય તંદુરસ્તીમાં એક નવી ભુખ તારા તરફ આવે છે, કે જેનાથી અપચો અને સંપૂર્ણ સંતોષ ધીમે ધીમે ખવાય છે.

૪૨૯૫ જ્યારે એક ખરેખર ભુખની માનસિક લાગણી અનુભવે છે ત્યારે તાજગીની સમજણ (કાયાના) દરેક ભાગ સાથે જોડાએલી હોય છે.

૪૨૯૬ ખાવાનો આનંદ ભુખમાંથી (આવેલો છે) નહિ કે નવી મિઠાઇઓમાંથી. ભુખ જવની રોટલીને સાકર કરતાં વધુ સ્વાદિષ્ટ બનાવે છે.

૪૨૯૭ તો પછી, પેલો થાક ઉત્સાહની બાબી અને સંપૂર્ણ રૂહાની અપચાના અંગે ઉત્પન્ન થયો છે, નહિ કે ફરી ફરીને વાર્તાલાપ અંગે.

૪૨૯૮ તમારી દુકાન અને લોકોને છેતરવાની ખાતર વાદવિવાદ અને હોંસાતોસીનો થાક તમને કેમ લાગતો નથી ?

૪૨૯૯ માણસની તેઓની ગેરહાજરીમાં અને સાડ વર્ષો સુધી તેમનું માંસ ખાવાનું બોલવાથી તમોને કેમ સંતોષ થતો નથી ?

૪૩૦૦ હલકટ સ્ત્રીની પાછળ પડવામાં જુઠા વખાણ કરનારા શબ્દો તમો થાકયા વગર વારંવાર આનંદપૂર્વક બોલ્યા છો.

૪૩૦૧ અને છેલ્લી વખત તમો તેની સાથે બળ અને અગનથી પહેલી વખત કરતાં એક સો વખત વધુ ઉત્સાહપૂર્વક બોલ્યા છો.

૪૩૦૨ લાલસા જુની દવાને નવી બનાવે છે, લાલસા થાકની દરેક ડાળીને કાપી નાખે છે.

૪૩૦૩ લાલસા આંધ છે કે જે (ચીજોને) નવી બનાવે છે, જ્યારે લાલસા જાગી છે ત્યારે ત્યાં થાક કેમ રહે ?

૪૩૦૪ અરે, થાક આંગે જોરથી નિસાસા નહિ નાખ, આવેશ શોધ, આવેશ શોધ, આવેશ આવેશ.

૪૩૦૫ નકામા ઇલાજે (માત્ર) સાચા આવેશને છેતરે છે, તેઓ લુંટારા માફક છે, અને તેઓ કે જેઓ કરવેરાના રૂપમાં પૈસા પડાવી લ્યે છે.

૪૩૦૬ તરસ માટે એક ખારૂં પાણી ઇલાજ નથી. (ભલે પછી) પીવાની પળે તે ઠંડુ અને ચોકખું દેખાય.

૪૩૦૭ છતાં તે તમને છેતરે છે અને મીઠું પાણી શોધતાં તમને અટકાવે છે કે જેનાથી એક સો રોપાઓ ઉગતાં બનાવાયા છે.

૪૩૦૮ તેવી જ રીતે નકલી સોનાનો દરેક ટુકડો (સાચું) સોનું ઓળખી કાઢવામાંથી અટકાવે છે કે જ્યાંથી તે મળતું હોય છે.

૪૩૦૯ તે (નકલી સોનું) તમારા પગો કાપી નાખે છે અને ઢોંગીપણાથી તમારી પાંખોને ચોંટી રહે છે, કહે છે, "તમો જે શોધો છો તે હું છું. ઓ શોધનાર, મને લઈ જા."

૪૩૧૦ તે કહે છે, "હું તારી લાલસા હટાડીશ," (પણ) સત્ય કહેતાં તે કીટની માફક કિંમત વગરનું, છે, તે (ખરેખર તો) હાર છે, ભલે તે દેખાવમાં જીત હોય.

૪૩૧૧ જાઓ, હમેશાં ખોટા ઇલાજથી ભાગતો બન, એટલા માટે કે તારો આવેશ વિજયવંત બને અને કસ્તુરીની સુગંધ ફેલાવતો બને.

૪૩૧૨ તેણે (ચોકીદારે) કહ્યું. "તું ચોર નથી અને તું અધમ પણ નથી. તું એક સારો માણસ છે પણ તું મુર્ખ અને ભોળો છો.

૪૩૧૩ તેં આવી મોટી મુસાફરી, આભાસ અને (માત્ર) સ્વપ્નાના આધારે કરી, તારી સમજણ ખૂબ જ ટૂંકી છે.

૪૩૧૪ મેં ચાલુ રીતે ઘણી વખત સ્વપ્નાં જોયા છે, કે બગદાદમાં એક છુપો ખજાનો છે.

૪૩૧૫ ફલાણી જગ્યાએ અને ફલાણી ગલીમાં, હકીકતમાં આ દુઃખી માણસ રહેતો હતો તેજ ગલીનું નામ હતું.

૪૩૧૬ તે ફલાણાના ઘરમાં છે, જા અને તેને શોધ, દુશ્મને (ચોકીદારે) ઘરનું નામ લીધું અને તેનું (ખજાનો શોધનારનું) નામ લીધું.

૪૩૧૭ મેં પોતે બગદાદની રહેવાની જગ્યાએ ખજાનો હોવાનું વારંવાર સ્વપ્નું જોયું છે.

૪૩૧૮ આ આભાસના કારણે મેં કદી મારૂં ઘર છોડ્યું નથી, (પણ) એકાદ સ્વપ્નાની ખાતર થાકનો વિચાર કર્યા વગર તું અહીં આવ્યો છે.

૪૩૧૯ મુર્ખના સ્વપ્નાં તેની સમજણને બંધબેસતાં છે, તેની માફક તેઓ નકામા અને કિંમત વગરનાં છે.

૪૩૨૦ જાણ કે સ્ત્રીનાં સ્વપ્નાંઓ પુરૂષોનાં સ્વપ્નાં કરતાં ઉતરતી કોટીનાં છે કે કારણ, સમજણથી તેણીની ખામી અને આત્માની નબળાઈ (થકી).

૪૩૨૧ અધુરી સમજણ અને મુર્ખના સ્વપ્નાઓની ઓછી કિંમત છે, તો પછી સમજણની તદ્દન ખામીથી પેદા થએલાં સ્વપ્નાઓનું શું? (માત્ર) પવન!"

૪૩૨૨ તેણે (બજ્જનો શોધનારે) પોતાના મનમાં કહ્યું, બજ્જનો મારા ઘરમાં છે, તો પછી
શા માટે હું ગરીબાઈમાં દુઃખેલો અને અહીં રૂદન કરું છું ?
૪૩૨૩ બજ્જના ઉપર (જીવવા દરમ્યાન) હું ભીખથી લગભગ મરેલો બન્યો છું કારણ કે
હું બેદરકાર અને પડદામાં છું.
૪૩૨૪ આ શુભ સમાચારથી તે આનંદીત બન્યો, તેની દિલગીરી જતી રહી અને પોતાના
હોઠો (ઉઘાડ્યા) વગર ખુદાના લાખો વખાણ કર્યાં.
૪૩૨૫ તેણે કહ્યું, ' મારી રોજી (નશીબ) આ ફટકાઓ ઉપર અવલંબીત ન હતી, જીવનનું
જળ બધો વખત મારી દુકાનમાં જ હતું.
૪૩૨૬ ચાલ્યો જા, કારણ કે એક મોટી દોલતના હિસ્સાથી મારો ભેટો થયો છે. એ ભ્રમ
ખોટો હતો કે હું કંગાળ હતો.
૪૩૨૭ તમારી મરજી પડે તેમ હું મુર્ખ કે તિરસ્કરણીય છું તેમ નિરખો. તે (બજ્જનો)
મારો છે, તમારી મરજી પડે તેમ મને બોલાવો.
૪૩૨૮ કાંઈ પણ શંકા વગર હું મારી ઉમેદ પુરી થતાં જોઉં છું. ઓ ઢોંગી મુખવાળા,
તમારી મરજી પડે તેમ મને બોલાવો.
૪૩૨૯ ઓ માનવંત સાહેબ, મને દિલગીરી ભરેલો કહો, તમારી દ્રષ્ટિમાં હું દિલગીરી
ભરેલો છું, પણ મારી દૃષ્ટિમાં હું સુખી છું.
૪૩૩૦ અફસોસ, આ હાલત બદલાણી છે (અને જો હું) તમારી દ્રષ્ટિમાં ગુલાબનો બગીચો
હોત અને મારી પોતાની દ્રષ્ટિમાં કંગાળ !'

બોધકથા

૪૩૩૧ એક દિવસ એક હલકટ માણસે એક દરવીશને કહ્યું, ' તમો હરકોઈ અહીં
અજાણ છો."
૪૩૩૨ તેણે જવાબ આપ્યો, ' જો અધમ મને ઓળખે નહિ તો પણ હું કોણ છું તે
સારી રીતે જાણું છું.
૪૩૩૩ અફસોસ, જો દુઃખ અને પીડા (રૂહાનીયત ઈલાજ) બદલાણો હોત તો તે (અધમ
માણસ) (હું ખરેખરો કેવો છું તે) જોત, જ્યારે હું મારા પોતાથી અંધ હતો.
૪૩૩૪ (બજ્જનો શોધનારે કહ્યું,) ' ધારો કે હું એક મુર્ખ છું. હું નસીબદાર મૂર્ખ છું.
સખત (ઉદ્ધત) બહેરો અને અધમતા કરતાં નશીબ વધુ ઉત્તમ છે.
૪૩૩૫ તમારા આ શબ્દો (માત્ર બોલું) અનુમાન વ્યક્ત કરે છે, કારણ કે તે જ સમયે
મારું નશીબ સંપૂર્ણ સમજણ ધરાવતું બધું મારા ઉપર ઇનાયત કરે છે.
૪૩૩૬ તે કેરોથી બગદાદ પોતાને સિજદામાં નાખતો અને બંદગી ગુજારતો અને ખુદાના
વખાણ અને આભાર માનતો પાછો ફર્યો.

૪૩૩૭ આખે રસ્તે તે વ્યાકુળ હતો અને આ અદ્‌ભુતતાથી બેભાન (એટલે કે) તેની રોજની રોજી (ખજાના, અંગે સંપૂર્ણ ફેરફાર, અને (તેને) શોધવાની રીત (પણ),

૪૩૩૮ પોતાના મનમાં (કહેતો), મને તેણે કયાંથી આશામય બનાવ્યો અને તેણે મને ખજાનો શોધવાની આશા કેરામાં આથી અને પછી બગદાદમાં માલદાર બનાવ્યો.

૪૩૩૯ આ કેવું ડહાપણ હતું, કે મારી બધી આશાની વસ્તુએ ઉલટા ગએલાની માફક મારા ઘરેથી આગળ જતો બનાવ્યો.

૪૩૪૦ કે જેથી હું રસ્તો ગુમાવવા ઉતાવળ કરતો હતો અને દરેક પળે જે હું શોધતો હતો તેનાથી વધુ ને વધુ દુર જતો હતો.

૪૩૪૧ અને પછી ખુદાએ પોતાની દાનશીલતામાં મારું સાચે રસ્તે પહોંચવું અને દોલત મેળવવાના નિમિત્તો વાસ્તવિક માર્ગથી ચાતરેલો બનાવ્યો.

૪૩૪૨ તે ગુમાવેલા રસ્તાને (સાચા) ઈમાનનો રસ્તો બનાવે છે, તે એક ખોટાં ખેતરને સચ્ચાઈનો પાક લણવાની જગ્યા બનાવે છે.

૪૩૪૩ અંતે કે કોઇ પણ સાચો માણસ (ત્રાસના) દબાણવાળો બને નહિ. અને કે કોઈ પણ પાપી આશા વગરનો બને નહિ.

૪૩૪૪ કીર્તિવંત ખુદાએ ઝેરમાં તેનું ચારણ મુકેલું છે એટલા માટે કે તેઓ કહે કે તે ગુપ્ત દયાનો માલિક છે.

૪૩૪૫ કે (દૈવી) દાન ભક્તિભાવ (બાબતમાં) રહસ્યમય નથી (પણ) દૈવી માફી એક પાપની બાબતમાં પણ માનનો પોષાક ઇનાયત કરે છે.

૪૩૪૬ નાસ્તિકોએ પેલાઓ (પયગમ્બરોને) નિંદ્યા કે જેઓ ઈમાનના લાયક હતા. કે (પેલી) વગોવણી માનવંત બની અને ચમત્કારો જાહેર બતાવવાનું કારણ બની.

૪૩૪૭ તેઓના અવિશ્વાસપણામાં તેઓએ (સત્ય) દીનને વગોવવા કોશીષ કરી. તેજ વગોવણી પયગમ્બરો માટે કીર્તિમાં ફેરવાઇ ગઇ.

૪૩૪૮ **દરેક દુષ્ટ માણસે અવિશ્વાસ ન બતાવ્યો હોત તો આ સાબિતીપૂર્ણ ચમત્કારો કેવી રીતે દેખાડવામાં આવ્યા હોત ?**

૪૩૪૯ એક તેનો અવિશ્વાસુ પ્રતિસ્પર્ધી તેની સત્યતાની સાબિતીની માગણી ન કરે ત્યાં સુધી એક ન્યાયાધિશ જરૂરી ઈન્સાફ કેમ આપે ?

૪૩૫૦ (એક પયગમ્બરે કરેલો) ચમત્કાર પ્રતિવાદીના નિઃસંદેહ સાચા દિલના પ્રમાણિક સાક્ષી જેવો છે.

૪૩૫૧ જ્યારે કે તેઓ (પયગમ્બરો) દરેક અજ્ઞાનોથી હુમલાના ભોગ બન્યા હતા, ખુદાએ તેમના ઉપર ચમત્કારો અને પોતાના સદ્‌ભાવની બક્ષિસ ઉતારી હતી.

૪૩૫૨ ફિરઓનનાં કાવતરાં ત્રણસો ગણું હતાં (તેમનામાંના) બધાં તેની વગોવણી અને પરાધીનતા તરફ (સાવનો) બન્યાં.

૪૩૫૩ તે ભલા અને બુરા જાદુગરો પોતાની હજુરમાં લાવ્યો એટલા માટે કે તે હ. મુસા (અ. સ.)ના ચમત્કારો રદબાતલ કરે.

૪૩૫૪ કે તે હ. મુસા (અ. સ.)નું દોરડું નકામું બનાવે અને શરમમાં મુકે અને માણસોના દિલો ઉપરથી તેના માટેનું માન (જે હતું) તે હટાવે.

૪૩૫૫ પેલા તેજ કાવતરાંઓએ હ. મુસા (અ. સ.)ની સચ્ચાઇ પ્રગટ કરાવી, તેના દોરડાની કીર્તિ ઉપર ગઇ.

૪૩૫૬ તે (ફિરઔન) પોતાના લશ્કરને નાઇલ નદીની નજીક દોરી ગયો એટલા માટે કે હ. મુસા (અ. સ.) અને તેના લોકોનો રસ્તો રુંધે.

૪૩૫૭ (પણ) તેણે માત્ર હ. મુસા (અ. સ.)ના અનુયાયીઓની સલામતીનું કાર્ય બજાવ્યું (જ્યારે) તે (ફિરઔન) જમીનની નીચે અને (રેતના) મેદાનમાં ગયો.

૪૩૫૮ જો તેઓ (હ. મુસા અ. સ.) મિસરમાં રહ્યા હોત, તે (ફિરઔન) તેમની વિરૂદ્ધ કુચ કરત નહિ. તો પછી ભયમાંથી ઇઝરાઇલીઓને કેમ મુક્ત કરાયા હોત ?

૪૩૫૯ તેણે કુચ કરી અને ઇઝરાઇલીઓને (ભયમાં) બતમ થતા બનાવ્યા, કારણ કે (તમારે) જાણવું જોઇએ કે ભયમાં સલામતી સમાએલી છે.

૪૩૬૦ ગુપ્ત દયા આમાં સમાએલી છે, કે માલિક તેનામાં એક ભયંકર અગ્નિને દયાનો ગ્રહણ કરનાર બતાવે છે, પણ તે ખરેખર તો (દયાળુ) પ્રકાશ છે.

૪૩૬૧ (ખુદાની) બક્ષિશમય ભક્તિભાવમાં કાંઇ રહસ્ય નથી (પણ) તેઓના પાપ પછી ફિરઔનના (જાદુગરો) ઉપર ઇનાયત થએલી બક્ષિશ તરફ નજર કરો.

૪૩૬૨ (ખુદાથી) બતાવાએલ સદ્‌ભાવનાની જ્યારે (તેના પ્રેમીઓ) પ્રીતિપૂર્વક ચાહના કરે છે ત્યારે તેમાં કાંઇ રહસ્ય નથી (પણ) તે જાદુગરો ઉપર (તેના હાથ અને પગો) કપાવવામાં પોતાનો સદ્‌ભાવ ઇનાયત કરે છે તેમાં છે.

૪૩૬૩ પગો કે જે હાલેચાલે છે તેના ઉપર મુસાફરી કરવી એ કાંઇ રહસ્યમય નથી, પણ જાદુગરોની મુસાફરી તરફ નજર કરો કે જ્યારે તેના પગો કાપી નાખવામાં આવ્યા હતા.

૪૩૬૪ ખુદાના જાણનારાઓ કાયમના માટે સલામત છે કારણ કે તેઓ લોહીના સાગરમાંથી પસાર થયા છે.

૪૩૬૫ તેમને ભયંકરતા વચ્ચે સલામતી દેખાણી. અનિવાર્યપણે તેઓ હમેશાં સલામતી તરફ આગળ વધવામાં છે.

૪૩૬૬ તમોએ જોયું કે સલામતી બીક (ભયની હાલતમાં) છુપાએલી છે, એ સર્વોત્તમ આદમી, તે પણ નિડાળ કે બીક (ભય) આશાની (હાલતમાં) સંતાય છે.

૪૩૬૭ અમુક અમીર લુચ્ચાઇપૂર્વક હ. ઇસા (અ.સ.)ને નજદીકીથી અનુસર્યો. હ. ઇસા (અ.સ.) પોતાનો ચહેરો ઘરમાં સંતાડે છે.

૪૩૬૮ તે (અમીર) દાખલ થાય છે એટલા માટે કે તે તેને પકડે અને (બાદશાહીનો) તાજ પહેરે કારણ કે તેના હ. ઇસા (અ.સ.) જેવા દેખાવ અંગે પોતે ફાંસીનો તાજ બને.

૪૩૬૯ (તે બુમ પાડી ઉઠ્યો), "અરે, મને ઠાંગો નહિ, હું ઈસા નથી, હું અમીર છું, હું યહુદીઓ તરફ સદ્‌ભાવ ધરાવનારો છું.

૪૩૭૦ (યહુદીઓ બુમ પાડે છે,) "તેને ફાંસીએ જલ્દીથી લટકાવી દયો, કારણ કે તે ઈસા છે, તે આપણને ગુંચવણમાં નાખી આપણા હાથમાંથી છટકી જવાનું શોધે છે."

૪૩૭૧ કેટલી બધી વાર એક લશ્કર (જીતના) ફાયદાઓ માણવાની (આશામાં) કુચ કરે છે, તેમના સાધનો (દુશ્મનોથી) નાશ પામે છે અને પોતાના માથાભેર પડે છે.

૪૩૭૨ કેટલી બધી વાર એક વેપારી (નફાની) આશામાં ઘરેથી નીકળે છે, તે ધારે છે કે તે એક મિજબાની (ઈદ) બનશે, પણ તે કુંવળના લાકડાની માફક બતમ થાય છે.

૪૩૭૩ આનાથી વિપરીત દુનિયામાં કેટલી બધી વાર બને છે, (દાખલા તરીકે) કોઈ એક કાંઈક ચીજને ઝેર (જેવું) કડવું ધારે છે, જ્યારે ખરેખર તો તે મધ જેવું મીઠું હોય છે.

૪૩૭૪ વારંવાર (જ્યારે) લશ્કરીઓએ પોતાના મનમાં મરવાનું નક્કી કર્યું હોય છે ત્યારે (ફતેહની) ભવ્યતા અને વિજય દેખાય છે.

૪૩૭૫ અબ્રાહા (ખુદાના) ઘરનું અપમાન કરવા હાથી સાથે આવ્યો કે તે જીવતાઓને મરી ગએલાની માફક ફેંકી દે.

૪૩૭૬ અને પવિત્ર કાબાનો નાશ કરે, અને બધા (રહેવાશીઓને) તે જગ્યામાંથી ભટકતા બનાવે.

૪૩૭૭ એટલા માટે કે બધા યાત્રીઓ તેની આજુબાજુ લોગા થાય અને બધા પોતાના કાબા તરફ બંદગી કરવા ફરે.

૪૩૭૮ અને કે તે (તેમના ઉપર થએલી) નુકશાનીનું અરબો ઉપર વેર વાળે, કારણ કે તેણે કહ્યું, "મારા કાબાને તેઓએ આગ શા માટે લગાડી?"

૪૩૭૯ તેના પ્રયત્નોએ કાબાને કીર્તિમાં ફેરવ્યા, તેઓએ (પવિત્ર) ઘરને કીર્તિવંત બનાવ્યું.

૪૩૮૦ (અગાઉ) મક્કાના લોકોની કીર્તિ એક માત્ર હતી, (હવે) તે એક સો ગણી બની, તેઓની કીર્તિ હવે કયામત સુધી વધારવામાં આવી હતી.

૪૩૮૧ તે (અબ્રાહા) અને તેનો કાબા વધુ ને વધુ ધરણ પામ્યા, (દૈવી) હુકમના સદ્‌ભાવમાં આ કર્યાં છે?

૪૩૮૨ પેલા ગરીબ અરબો અબ્રાહા (કે જે) એક જંગલી જનાવર જેવો હતો તેની સાધન-સામગ્રી અને સરંજામથી માલદાર બન્યા.

૪૩૮૩ તેણે વિચાર્યું કે તે (કાબા વિરૂદ્ધ) એક લશ્કર લાવતો હતો (હકીકતમાં) તે ખુદાઇ ઘરના રક્ષકો માટે સોનું લાવતો હતો.

૪૩૮૪ તે (ખજાનો શોધનાર) દરેકે દરેક રસ્તાના પગલે આ ચોક્કસ કારણોના (અદ્‌ભુત) રહબાદલપણા અને અભિલાષાના ઉંડા મનનમાં ઉતરી ગયો હતો.

૪૩૮૫ (જ્યારે) તે ઘરે આવ્યો ત્યારે તેણે ખજાનો શોધી કાઢયો, દૈવી દયાથી તેનું નશીબ પૂર્વવત સુધરી ગયું હતું.

(બન્ને) ભાઇઓએ સૌથી મોટાને પોતાની સલાહ દોહરાવી અને તે, તે સહન કરી શકયો નહિ અને તેમની પાસેથી ભાગી છુટયો, ક્રોધી બનેલો અને ભાનમાં બાદશાહના દરબારમાં રજા વગર દોડયો, પણ આ વધુ પડતા લાલસામય પ્રેમ અંગે હતું, નહિ કે અપમાન અથવા બેદરકારીના કારણે.

૪૩૮૬ બે (ભાઇઓએ) તેને કહ્યું, "આકાશમાંના તારાઓની માફક (તારી દલીલના) જવાબો અમારા મનમાં છે.

૪૩૮૭ સિવાય અમે (જવાબ આપીએ) અને બોલીએ ત્યાં સુધી રમત યથાસ્થાને આવશે નહિ, જો અમો બોલશું તો તારૂં દિલ દુઃખાશે.

૪૩૮૮ અમો પાણીમાંના દેડકા જેવા છીએ. બોલવું પણ દુઃખદાયક છે, જ્યારે ચુપકીદીનું પરિણામ બિમારી અને ગુંગળામણ છે.

૪૩૮૯ જો અમો ન બોલીએ તો તારી સાથેની અમારી દોસ્તીને (સત્યતાનો) પ્રકાશ નથી. અને જો અમો બોલીએ તે (તારી) રજા વગરનું છે.

૪૩૯૦ તે સીધો ઉભો થયો, જોરથી કહે, "ઓ કુટુંબીઓ, છેલ્લી સલામ, બરોબર આ દુનિયા અને તેમાંના બધા પસાર થતા આનંદ સિવાય બીજું કંઈ જ નથી."

૪૩૯૧ અને પણછમાંથી તીરની માફક ચાલ્યો ગયો, કે જેથી તે સમયે બોલવા માટે તેઓને વખત જ ન હતો.

૪૩૯૨ તે ચીનના બાદશાહની હજુરમાં (પ્રેમના) કેફથી આવ્યો અને તુર્તજ તેના પગ આગળની જમીન ચુમી.

૪૩૯૩ બાદશાહને પોતાના પ્રેમીઓની લાગણીઓ, તેમનો આવેશ અને વ્યાકુળતા પહેલેથી છેલ્લે સુધી દરેકે દરેક વિગત ખુલ્લી જાણીતી હતી.

૪૩૯૪ ઘેટાંઓ પોતાના ચરાણમાં કાર્યરત હોય છે, પણ ભરવાડ ઘેટાં વિષે બધું જાણે છે.

૪૩૯૫ (પેગમ્બરોમાંના દરેક માટે પયગંમ્બર સાહેબે કહ્યું છે), "તમારામાંનો દરેક ભરવાડ છે." જાણે છે કે ટોળામાંનું કયું ચરે છે અને કોણ ઝઘડામાં પડેલું છે.

૪૩૯૬ જો કે દેખીતી રીતે તે પેલી હારોથી દુર હતો, છતાં તે શાદી સમારંભના ડફની માફક તેઓની વચ્ચે હતો.

૪૩૯૭ (તે) તેઓ કે જેઓ બળતા અને દઝાડતા (આવેશથી) તેના દરબારમાં આવ્યા, તેનાથી સારી પેઠે માહિતગાર હતો, (પણ), તેના ડહાપણ અંગે તેણે તેઓને અવગણ્યા અને ચુપ રહ્યો.

૪૩૯૮ પેલો માનવંતો (બાદશાહ) તેઓના આત્માઓની અંદર હતો, પણ તેણે ઈરાદાપૂર્વક તેઓથી અજાણ હોવાનો ઢોંગ કર્યો.

૪૩૯૯ અગ્નિનું રૂપ (દેખાવ) કિટલીની અંદર છે, અગ્નિની (વાસ્તવિકતા) આત્મા કિટલીના આત્મામાં છે.

૪૪૦૦ તેનું રૂપ બહારની બાજુ છે, તેનો આત્મા અંદર, આત્માનું (ખરૂં જીવન) પ્રિતમ, નાડીઓમાંના લોહીની માફક (આત્મામાં) છે.

૪૪૦૧ શાહનશાહ બાદશાહ આગળ પગમાં પડયો, (જ્યારે) દસ જાહેરાત કરનારાઓએ તેની હાલતનું વર્ણન કર્યું.

૪૪૦૨ જે કે બાદશાહ તે અગાઉથી જ જાણતો હતો, છતાં જાહેરાત કરનાર પોતાની કચેરીની ફરજો બજાવતો હતો.

૪૪૦૩ એ ઇમાનદાર આદમી, તારામાંના રહસ્યમય જ્ઞાનના પ્રકાશનો એકાદ અણુ એક સો જાહેરાત કરનારાઓ કરતાં વધુ ઉત્તમ છે.

૪૪૦૪ જાહેરાત કરનારાને પોતાનો એકાદ કાન ગીરવી મુકયો તે (ખરા જ્ઞાન મેળવવામાંથી) અટકાયતની નિશાની અને અનુમાન બાંધવું અને (માત્ર) અભિપ્રાય છે.

૪૪૦૫ તે કે જેનો જાસૂસ આંતરિક આંખ છે, તેની આંખ દીર્ઘદ્રષ્ટિની અંતિમ હદ સુધી નિહાળશે.

૪૪૦૬ તેનો આત્મા રૂઢિજન્ય અધિકારથી સંતોષાએલો છે, નહિ, તેની સંપૂર્ણ ચોક્કસતાની લાગણીઓ આંતરિક આંખમાંથી આવે છે.

૪૪૦૭ પછી જાહેરાત કરનારે પસંદ કરાએલા બાદશાહની હજુરમાં તેની (મોટાભાઇની હાલત) નું વર્ણન કરવા પોતાના હોઠો ઉઘાડયા.

૪૪૦૮ (તેણે કહ્યું. "ઓ બાદશાહ, તે તારી કૃપા તરફ એક શિકાર બન્યો છે, તેના તરફ બાદશાહી સદ્‌ભાવ બતાવો, કારણ કે તેની પાસે છટકવાનાં કોઇ સાધનો નથી.

૪૪૦૯ તેણે આ બાદશાહીના પાગડાના પટાને પકડયો છે, તેના મુંઝાએલા મસ્તક પર તમારો હાથ ફેરવો.

૪૪૧૦ બાદશાહે જવાબ આપ્યો, "આ યુવાન મારી પાસેથી) દરેક ઉંચો દરજ્જો અને બાદશાહી તે જે શોધે છે તે મેળવશે.

૪૪૧૧ હું અહીં તેના ઉપર તેણે છોડી દીધેલી બાદશાહત અને મારા પોતાને સોદામાં વીસ ગણી બાદશાહીઓ ઇનાયત કરીશ.

૪૪૧૨ તેણે (જાહેરાત કરનારે) કહ્યું. "જ્યારે કે તમારી બાદશાહી શહેનશાહતે તેનામાં પ્રેમનાં બી વાવ્યાં છે, ત્યારે તે તારા માટેની લાલસા સિવાય બીજી લાલસામાં કેમ રહેશે.

૪૪૧૩ તારો ગુલામ બનવા માટે તે એટલો બધો આગ્રહી છે કે પેલી બાદશાહી તેના દિલને ઠંડો દિલાસો બની છે.

૪૪૧૪ તેણે રાજ્ય અને રાજવીપણાનું જુગટું રમી નાખ્યું છે, તારી ખાતર, તારી ખાતર દેશવટો અપનાવ્યો છે.

૪૪૧૫ તે એક સુફી છે. તેણે પોતાના ઝબ્બાને અત્યાનંદમાં ફગાવ્યો છે, તે પોતાના ઝબ્બામાં પાછો ફરશે?

૪૪૧૬ આપી દીધેલા ઝબ્બા માટે ઝંખના કરવી અને (આપી દેવા માટે) પસ્તાવો કરવો તે આમ કહેવા માફક છે. "મને ઠગવામાં આવ્યો છે."

૪૪૧૭ ઓ ભાઇ. ઝબ્બો પાછો અહીં મુક, કારણ કે તે (અત્યાનંદ) તેના લાયક ન હતો, એટલે કે આ ઝબ્બા જેટલી કિંમતનો ન હતો.

૪૪૧૮ એક પ્રેમીમાંથી આવો એક વિચાર તેનામાં ઉત્પન્ન થાય કે દુર હટે અને જો થાય તો તેના માથા ઉપર ધુળ ફેંકવી જોઇએ.

૪૪૧૯ પ્રેમ પેલી કાયાના ઝબ્બાઓ કરતાં એક સો ગણો કિંમતી છે, કે જે જીવનનો સિદ્ધાંત અને લાગણી અને સમજણ ધરાવે છે.

૪૪૨૦ ખાસ કરીને દુન્યવી સત્તાનો ઝબ્બો કે જે ક્ષુદ્ર છે, તેનાથી પાંચ સિક્કા જેટલો કેફ (માથાના દુઃખાવામાં) પરિણમે છે.

૪૪૨૧ દુન્યવી સત્તા (માત્ર) તેઓ માટે હલાલ છે જેઓ કાયામાં ડુબેલા છે, આપણે (પ્રેમીઓ) પ્રેમની અનંતકાળની બાદશાહીના ભાવુક છીએ.

૪૪૨૨ તે (શાહુબ્દો) પ્રેમનો દલાલ છે. તેની નોકરી વંચિત કરતા નહિ, તને ચાહવા સિવાયના કામમાં તેને લગાડતા નહિ.

૪૪૨૩ કામકાજ જે તારા ચહેરાની (દ્રષ્ટિમાંથી) મને પડદે રાખે છે તે બેકારીનું સત્વ છે પછી ભલે તે કચેરી કહી બોલાવાતી હોય.

૪૪૨૪ તેના અહીં આવવાની ઢીલનું કારણ હુશિયારીની બામાં અને અશક્તિ હતી.

૪૪૨૫ (જો) તમો લાયકાત વગરના એક બાણમાં જશો, તમો (સોનાનો) એક કણ પણ મેળવશો નહિ.

૪૪૨૬ આબરૂ વગરનો ઇન્સાન નામર્દની માફક છે, જો કાંઈ કારણ વગર દાસી ખરીદે તો તેવો માણસ તેનાથી શું ફાયદો ઉઠાવશે?

૪૪૨૭ (બિન કામેલ માણસ) તેલ કે વાટ વગરની બત્તી જેવો છે કે જે (જલતી) મીણ-વાટમાંથી થોડું ઘણું કાંઈ મેળવતો નથી.

૪૪૨૮ (જો) કોઈ સુંઘી શકે નહિ તે બગીચામાં દાખલ થાય, તેનું મગજ (નાક) છોડવાઓની સુવાસથી આનંદિત કેમ બનશે?

૪૪૨૯ જેમકે એક ખુબસુરત ઓરત જો કોઈ નામર્દને ઘરે હોય તો તેવો ઇન્સાન આવી ઓરતથી કઈ મજ્જહ માણશે?

૪૪૩૦ (અને) એક જમીનનું પંખી કે જે ઉંડા પાણીમાં પડે છે, ત્યાં મૃત્યુ અને યાચના સિવાય બીજું શું તેને મળશે ?

૪૪૩૧ (અને) એકની માફક ઘઉં ન હોવા છતાં ચક્કીએ જાય છે, (આટાથી) ધોળા વાળ થવા સિવાય બીજું તેને કાંઈપણ આપવામાં આવશે નહિ.

૪૪૩૨ અવકાશી ચક્કી પેલાઓ કે જેઓની પાસે ઘઉં નથી તેમના ઉપર (માત્ર) વાળની સફેદી અને અવયવોમાં અશક્તિ સિવાય બીજું કંઇ ઇનાયત કરશે નહિ.

૪૪૩૩ પણ પેલાઓ કે જેઓ પોતાની સાથે ઘઉં લાવે છે, આ ચક્કી રાજય અને બાદશાહી શક્તિ તેમના ઉપર નવાજીશ કરે છે.

૪૪૩૪ તમારે સૌથી પહેલાં બહિશ્ત માટે લાયક થવું જોઇએ એટલા માટે કે બહિશ્ત-માંથી અનંત જીવન તમારા માટે પેદા કરવામાં આવે.

૪૪૩૫ નવા જન્મેલા બચ્ચાંને શરાબમાં અને ભુજેલા માંસ અને મહેલો અને ગુંબજોમાં શું મજા છે ?

૪૪૩૬ આ બોધકથાઓને કદ નથી. (આ જાતના) વધુ શબ્દો શોધ નહિ, જા અને લાયકાત મેળવ,

૪૪૩૭ (જાહેરાત કરનારે) કહ્યું. "લાયકાતના કારણે તેણે અત્યાર સુધી રાહ જોઈ, નહિતર તેની ઝંખનાએ (બધી) હદોને ભાંગી નાખી હોત.

૪૪૩૮ તેણે (શાહજાદાએ) કહ્યું "લાયકાત પણ બાદશાહ પાસેથી ઇનાયત થએલી છે. આત્માના (હસ્તક્ષેપ) વગર કાયા લાયકાતવાળી કેમ બનાવાય ?"

૪૪૩૯ (પછી) બાદશાહની સદ્‌ભાવનાઓએ તેના સંતાપથી કાર્ય કર્યું, તે બાદશાહનો શિકાર કરવા ગયો હતો, તે બાદશાહનો શિકાર બન્યો.

૪૪૪૦ (જાહેરાત કરનારે) કહ્યું, "હરકોઇ તારી માફક શિકારની પાછળ પડે છે તે પોતાનો શિકાર પકડતો નથી ત્યાં સુધી કે પોતે ખુદ પકડાયો નથી.

૪૪૪૧ તે ચોક્કસ છે કે રાજ્યનો દરેક શોધનાર તે મેળવે તે પહેલાં જંજીરમાં જકડાય છે.

૪૪૪૨ જાણ કે જે આ કિનખાબના નાના ટુકડા ઉપર કાળજીપુર્વક ચીતરેલા વિપરીત છે, દુનિયા તરફના દરેક ગુલામને, 'દુનિયાના માલિક' તરીકે બોલાવાય છે.

૪૪૪૩ ઓ બોટું સમજતી દુરાચરણ કરતી કાયા, તું જ છે કે જે છે એક લાખ મુક્ત વ્યક્તિઓને ગાદીએ બેસાડયા છે.

૪૪૪૪ થોડા વખત માટે આ કપટમય કાવતરાંઓ છોડી દે, થોડી પળો માટે સ્વતંત્રતાથી જીવ, નહિતર મરી જઈશ.

૪૪૪૫ કારણ કે જે (વધુ બોજો લાદેલા) ગધેડાની માફક સ્વતંત્રતા મેળવવાને તને કોઈ રસ્તો નહિ હોય, તો તારી હિલચાલ પેલી બાલ્ટીની માફક કુવામાં માત્ર ડુબાડેલી બનાવાય.

બાદશાહનો - શિકાર કરવા ગયો હતો

બાદશાહનો - જ શિકાર થયો.

૪૪૪૬ જાઓ, થોડીવાર માટે મારા આત્માથી રજા લ્યો, મારા બદલે બીજે કોઈ સાથી શોધો.

૪૪૪૭ મારો વારો પુરો થયો છે, મને છુટો કરો, બીજાને અપનાવો. બીજા કોઇ સાથે (છેતરપીંડી કરો).

૪૪૪૮ તારા એક સો (દુનિયાના) સંબંધોવાળી ઓ કાયા, મને રજા દે. તેં મારૂં જીવન હણી લીધું છે. (હવે) કોઈ બીજે (બલી) શોધ.

જુહીની ઘરવાળીથી એક કાજી આસકત બન્યો હતો અને એક મજબુત પેટીમાં (સંતાએલો) રહ્યો, અને કાજીના પ્રતિનિધિએ પેટી ખરીદી અને જ્યારે બીજે વરસે જ્યારે જુહીની ઘરવાળી તેજ ઢોંગ (જે) છેલ્લા વરસે (ફતેહમંદ કર્યો હતો) તે ઢોંગ રમવાની આશામાં ફરીવાર આવી ત્યારે કાજીએ તેને કહ્યું "મને સ્વતંત્ર કર અને બીજા કોઇને શોધ" અને તેવીજ રીતે કહાણીના અંત સુધી.

૪૪૪૯ ગરીબાઇના કારણે દરેક વર્ષ લુચ્ચાઈપુર્વક જુહી પોતાની ઘરવાળી તરફ ફરતો અને કહેતો, "ઓ પ્યારી,

૪૪૫૦ જ્યારે કે તારી પાસે હથીયાર છે, જા અને કોઈ શિકાર પકડ. એટલા માટે કે આપણે તારા શિકારમાંથી દુધ (નફો) મેળવીએ.

૪૪૫૧ ખુદાએ તને તારી ભમરની પગ છુ તારી કામેચ્છુ દ્રષ્ટિપાતનું તીર, અને તારી લુચ્ચાઈની જાળ શા માટે આપી છે? શિકાર કરવા માટે.

૪૪૫૨ જા. એક મોટા પંખી માટે જાળ બીછાવ, ગર્ભ બતાવજે, પણ તેને ખાવા આપતી નહિ.

૪૪૫૩ તેને તેની ઈચ્છા બતાવજે, પણ નિરાશ કરજે, જ્યારે તે જાળમાં કેદ છે ત્યારે ગર્ભ કેમ ખાઇ શકશે?

૪૪૫૪ તેની ઘરવાળી કાજી પાસે ફરીયાદ કરવા ગઈ. કહે, મારા બેઇમાન ધણી વિરૂદ્ધ મદદ કરવા માટે હું તને આજીજી કરૂં છું.

૪૪૫૫ કહાણીને ટુંકી કરતાં, કાજી સુંદર સ્ત્રીની ખુબસુરતી અને આજીજીના શબ્દોનો શિકાર બન્યો.

૪૪૫૬ તેણે કહ્યું, "ઇન્સાફની કચેરીમાં એટલો બધો અવાજ છે કે હું તારી ફરીયાદ સમજી શકતો નથી.

૪૪૫૭ (પણ) જો તમો મારા બાનગી ઘરે આવજો. ઓ સાઇપ્રસ સરખી પાતળી રંભા, અને તમારા ધણીની અન્યાયી વર્તણુંક મને વર્ણવજો.

૪૪૫૮ તેણીએ જવાબ આપ્યો, "તમારા ઘરમાં દરેક જાતના ભલાબુરા લોકોની ચાલુ આવજાવ ફરીયાદો કરવાના કારણે હશે.

૪૪૫૯ જો આગેવાનનું ઘર ગાંડી લાલસાથી સંપૂર્ણ ભરેલું બને તો દિલ ગડબડ અને ગભરાટથી ભરપુર બને.

૪૪૬૦ શરીરના બાકીના અવયવો વિચારની હરકત વગરના છે, જ્યારે પેલાં દિલો આવતા વિચારોથી ખવાઇ ગએલાં હોય છે.

૪૪૬૧ ખુદાની બીકમાં પાનબર અને આંધીમાં પનાહ લે, રબ્બે ગયા વરસનાં ફુલો બરી પડે.

૪૪૬૨ (કારણકે) આ ફુલો નવાં કુંપળોએ અટકાવે છે અને તે તેઓના વધવા અંગેજ છે કે દિલનું ઝાડ અસ્તિત્વ ધરાવે છે.

૪૪૬૩ પોતાને ઉંઘાડી દે (અને) આવા વૃથાં વિચારમાંથી (ભાગી છુટ) (પછી) તારૂં મગજ ઉંઘમાંથી (રૂહાનીયત) જાગૃતીમાં ઉંચુ કર.

૪૪૬૪ ઓ શેઠ, ગુફામાંના માણસો (સાત સુનારાઓની) માફક ઉતાવળે (તેઓની હાલત) કે જેઓ જાગ્યા છે તેઓમાં પસાર થા "જોકે તેં તેમને સુતેલા જોયા."

૪૪૬૫ કાજીએ કહ્યું "ઓ વખાણને પાત્ર, કઈ યુક્તિ બની શકશે?" તેણીએ જવાબ આપ્યો "આ તારી ચાકરડીનું ઘર તદ્દન ખાલી છે."

૪૪૬૬ દુશ્મન બહારગામ ગએલ છે, અને કાળજી રાખનાર કોઇ ત્યાં નથી તે ગુપ્ત રીતે મળવા માટે એક ઉત્તમ જગ્યા છે.

૪૪૬૭ બની શકે તો આજ રાત્રીના ત્યાં આવો, જે કાંઈ કોઈ રાતીના કરે છે તે (લોકો) સાંભળી કે જોઈ ન શકે તેવા ઈરાદાથી હોય છે.

૪૪૬૮ (તે વખતે) બધા જાસુસો ઉંઘની મદિરાથી કેફમાં હોય છે. બધા સીદ્દીથી (રાત્રીથી) માથા વગરના બનેલા હોય છે.

૪૪૬૯ પેલી મીઠાબોલીએ કાજી ઉપર અદ્દભુત મંત્રો નાખ્યા અને પછી કેવા જાદુઇ હોઠો?

૪૪૭૦ ઇબલીસે હ. આદમ (અ.સ.) સાથે કેટલી બધી વાર મિથ્યા ચર્ચા કરી! પણ જ્યારે બીબી હવાએ તેમને ખાવાનું કહ્યું, પછી તેઓએ ખાધું જ.

૪૪૭૧ પક્ષપાત અને ઈન્સાફની આ દુનિયામાં પહેલવહેલું લોહી એક ઓરતના કારણે કાબીલથી વહેડાવાયું હતું.

૪૪૭૨ જ્યારે જ્યારે હ. યુહ (અ.સ.) પોતાના દીનમાં નાસ્તિકોના સખત દિલોને ઉત્સાહી ઇમાનથી પ્રેરણા આપવાનું શોધતા ત્યારે વાહીલા (તેની ઘરવાળી) મહત્વહિન માણસો તરફ પત્થરો ફેંકતી (દીનમાં આવતા અટકાવતી).

૪૪૭૩ અને તેની ઘરવાળીનું કાવતરૂં તેના (દીની) કાર્યને હરાવતું (કે જેથી) તેની શીખામણનું ચોકખું પાણી ગંદું બને.

૪૪૭૪ (તેથી) તેણી (બેઈમાન) જનતા તરફ ગુપ્ત સંદેશા મોકલાવતી. કહેતી, આ આડે માર્ગે ઉતરેલા માણસો (પાસેથી દગાફટકામાં આવો) જવાબોથી તમારા ધર્મને સાચવજો."

કાજીનું જુહીની ઘરવાળીના ઘરે જવું અને જુહીએ ગુસ્સાપુર્વક દરવાજો બબડાવ્યો અને કાજીએ એક મોટી પેટીમાં આશરો લેવો.

૪૪૭૫ સ્ત્રીની લુચ્ચાઈ પાર વગરની છે. વિચારવંત કાજી રાત્રીના જુહ્રીની ઘરવાળી પાસે ગયો.

૪૪૭૬ સ્ત્રીએ બે મીણબત્તી સળગાવી અને તેના મનોરંજન માટે મિઠાઇઓ ગોઠવી. તેણે કહ્યું. "આ પીણા વગર મને ચાલશે. હું પ્રેમના નશામાં છું."

૪૪૭૭ તે પળે જુહ્રી આવ્યો અને દરવાજો ખખડાવ્યો. કાજીએ કોઇએ જગ્યા કે જ્યાં આશરા માટે છટકી જવા તે માટે આજુબાજુ જોયું !

૪૪૭૮ તેણે એક મોટી પેટી સિવાય બીજું કંઈ સંતાવાનું જોયું નહિ. પોતાની બીકમાં માણસ પેટીમાં પડ્યો.

૪૪૭૯ (પછી) જુહ્રી અંદર આવ્યો અને (પોતાની ઘરવાળીને) કહ્યું. "ઓ મારી પત્ની, ઓ તું કે જે પાનખર અને વસંતમાં (બન્ને)માં મારી ઉપાધી છે.

૪૪૮૦ મારી પાસે શું છે કે જે મેં તારા માટે કુરબાન ન કર્યું હોય, (તો પછી શા માટે) તું મારા તરફ હમેશાં બુમાબુમ કરે છે ?

૪૪૮૧ તેં મારી સુકી રોટીના ટુકડાઓ ઉપર તારી જીભ છુટી મુકી છે, કયારેક તું મને મુફલિસ અને કયારેક બાયલો કહે છે.

૪૪૮૨ મારી વ્હાલી, જો હું આ બન્ને બિમારીઓ ભોગવું છું તો આગલી એક તારામાંથી આવે છે. બીજી બુદ્ધામાંથી.

૪૪૮૩ મારી પાસે પેલી મોટી પેટી સિવાય કાંઇ નથી કે જે શંકાનું મુળ અને એક ખોટી અટકળનું સાધન છે.

૪૪૮૪ લોકો ધારે છે કે હું તેમાં સોનું રાખું છું અને આ (ખોટા) અભિપ્રાયે સખાવતને અટકાવી છે.

૪૪૮૫ પેટીનો દેખાવ બહુ મજાનો છે પણ તે સોનું અને રૂપું અને સરસામામાનથી તદ્દન ખાલી છે.

૪૪૮૬ તે એક ઢોંગી પુરૂષ માફક સ્વરૂપવાન અને ગૌરવવંત છે (પણ) ટોપલીમાં તમો એક સરપ સિવાય બીજું કંઈ શોધી શકશો નહિ.

૪૪૮૭ આવતી કાલે હું પેટીને ગલીમાં લઇ જઇશ અને બજારના ચોરસ રસ્તાની વચ્ચે તેને બાળીશ.

૪૪૮૮ કે સાચા ઈમાનદાર અને આતશ પરસ્ત અને યહુદ્દી જુએ કે આ પેટીમાં શાપ માટેના કારણ સિવાય બીજું કંઈ હતું નહિ.

૪૪૮૯ સ્ત્રી બુમ પાડી ઉઠી, 'ઓ મારા ધણી, નજીક આવ, આ (વિચાર) છોડી દે, (તેમ છતાં) તેણે કેટલીય વાર કસમ ખાધા કે તેણે જેમ કહ્યું હતું તેમ કરવાનો જ છે.

૪૪૯૦ વહેલી સવારે તે પવનની માફક ગયો અને એક મજુરને બોલાવી લાવ્યો અને તુર્તજ પેલી પેટી તેની પીઠ ઉપર મુકી.

૪૪૯૧ (તે તેની સાથે રવાના થયો, જ્યારે) પેટીમાંના કાજીએ ગભરાટમાં બુમ પાડી, ઓ મજુર ! ઓ મજુર !

૪૪૯૨ મજુરે ડાબી અને જમણી બાજુએ જોયું કે કઇ દિશાએથી આ અવાજો અને ચેતવણીઓ આવે છે.

૪૪૯૩ તેણે કહ્યું, 'મને નવાઈ લાગે છે કે શું તે આસમાની અવાજ છે કે જે મને બોલાવે છે અથવા શું તે રહસ્યમય રીતે બોલાવતો જીન છે?

૪૪૯૪ જ્યારે એક પછી એક વારાફરતી બોલાએલા અવાજો વધ્યા ત્યારે તેણે કહ્યું, "તે આસમાની અવાજ નથી" અને પોતે ભાનમાં આવ્યો.

૪૪૯૫ આખરે તેણે પારખ્યું કે અવાજો અને બુમો પેટીમાંથી મદદ માટે આવેલ છે. એક કોઇક તેમાં છુપાએલો હતો.

૪૪૯૬ પ્રેમી કે જે એક (માટીમય) વસ્તુની લાલસાના પ્રેમમાં પડયો હતો ને પેટીમાં ગયો હતો, જો કે (દેખાવમાં) તે બહાર છે.

૪૪૯૭ તેણે (દુન્યવી) આશાઓના કારણે મોટી પેટીમાં પોતાની જીંદગી વિતાવી (ગુમાવી છે), તે પેટી સિવાય દુનિયાનું કાંઇ જોઈ શકે નહિ.

૪૪૯૮ માથું કે જે આકાશથી ઉપર ઉંચું થયું નથી, જાણ કે તે પેલી પેટીમાં વૃથા ઉમેદોમાં કેદમાં છે.

૪૪૯૯ જ્યારે તે (આવો એક) કાયાની પેટીમાંથી આગળ જાય છે ત્યારે તે (માત્ર) એક કબરમાંથી બીજી કબરમાં જાય છે.

૪૫૦૦ આ વિષયનો છેડો જ નથી. કાજીએ તેને કહ્યું, 'ઓ પેટીના મજુર, ઓ મજુર,

૪૫૦૧ મારા સમાચાર મારા પ્રતિનિધિને ઈન્સાફની કચેરીમાં આપ અને જેમ બને તેમ જલ્દી આ (બાબતની વિગતોથી) તેને માહિતગાર કર.

૪૫૦૨ એટલા માટે કે તે આ અક્કલ વગરના માણસ પાસેથી સોનું આપી આ પેટી ખરીદે અને જેવી છે તેવી જ બંધ કરેલી તેને મારે ઘરે લઈ જાય.

૪૫૦૩ **ઓ આલિક, કાયાની પેટીમાંથી અમને છોડાવવા એક રૂહાનીયત રીતે વિભુશીત સાથીને મુકરર કર.**

૪૫૦૪ **કપટની પેટીમાં કેદ થએલા લોકોને પયગમ્બરો અને ઇમામો સિવાય કોણ છોડાવે?**

૪૫૦૫ હજારોની અંદર (પાત્ર) એકાદ સારી ભાવનાનો પુરૂષ હોય છે જે જાણે છે કે તે પેટીની અંદર છે.

૪૫૦૬ તેણે અગાઉ (રૂહાનીયત) દુનિયા નિહાળી હોવી જોઇએ કે જેથી પેલી વિરૂધ્ધાઇના નિમિત્તોએ આ વિરૂધ્ધાઇ તેને દેખીતી બનાવાઈ.

૪૫૦૭ કારણ કે "જ્ઞાન સાચા ઇમાનદારનો ગુમાવાએલો ઉંટ છે," તે પોતાનો ગુમાવા-એલો ઉંટ ઓળખી કાઢે છે અને (તે તેનો જ છે) તેની ખાત્રી અનુભવે છે.

૪૫૦૮ (પણ) તે કે જેણે કદી સારું નશીબ જોયું નથી તે આવા સંતાપથી ગભરાએલો કેમ બનશે?

૪૫૦૯ સિવાય કે તે બચપણમાં દાસત્વમાં પડયેા અથવા તેની માતાએ આપેલા જન્મ વખતે એક ગુલામ તરીકે જન્મ્યેા હતેા.

૪૫૧૦ તેના આત્માએ (રૂહાનીયત) સ્વતંત્રતાનેા આનંદ કદી જાણ્યેા ન હતેા. (વિલક્ષણ) રૂપેાની પેટી તેનેા અખાડેા છે.

૪૫૧૧ તેનું મન કાયમ માટે રૂપેામાં કેદ છે તે (માત્ર) એક પિંજરામાંથી બીજા પિંજરામાં પસાર થાય છે.

૪૫૧૨ પિંજરામાંથી બહાર નીકળી અને ઉપર જવાનાં કેાઇ સાધનેા તેની પાસે નથી. તે એક પછી એક પિંજરામાં વારાફરતી આમ તેમ અથડાય છે.

૪૫૧૩ કુરાનમાં (આયાત છે), 'જો તમેાને શક્તિ હેાય, આગળ વધેા.' આ શબ્દેા જીન અને માણસ જાત માટે ખુદામાંથી આવેલ છે.

૪૫૧૪ તેણે કહ્યું, 'તારા માટે (દૈવી) સત્તા અને આસમાની પ્રેરણા સિવાય આકાશથી પેલે પાર પસાર થવા માટેનેા રસ્તેા નથી.

૪૫૧૫ જો તે કેાઇ) પેટીમાંથી પેટીમાં જાય છે તેા તે આસમાનનેા નથી. તે (નીચલી દુનિયાની) પેટીનેા છે.

૪૫૧૬ પેાતાની પેટી બદલાવવાની (માત્ર) ખુશી નથી, બેહેાશી છે. તે જાણી શકતેા નથી કે તે પેટીમાં છે

૪૫૧૭ તે આ બધી પેટીઓથી ભરમાયેા નથી ને કાજીની માફક છુટવું અને મુક્તિ શેાધે છે

૪૫૧૮ જાણ કે એક જે આ સમજે છે તેની નિશાની તેની મદદ માટેની ખુમેા અને રૂદન છે.

૪૫૧૯ કાજીની માફક તે કંપતેા બનશે, તેના આત્મામાંથી આનંદનેા શ્વાસ કેમ નીકળશે?

કાજીના પ્રતિનિધિનું બજારમાં આવી પહેાંચવું અને જુહી પાસેથી પેટીનું ખરીદવું.

૪૫૨૦ પ્રતિનિધિ આવી પહેાંચ્યેા અને પૂછ્યું, "આ પેટીની તારે કેટલી કિંમત લેવી છે? તેણે કહ્યું, "તેઓ નવસેા સેાનાના સિક્કા કે તેથી વધુની રજુઆત કરે છે."

૪૫૨૧ (પણ) હું એક હજારથી વધુ નીચેા આપીશ નહિ, જો તમારે ખરીદવાની ઇચ્છા હેાય તેા તમારી થેલી ઉઘાડેા અને (પૈસા) રજુ કરેા.

૪૫૨૨ તેણે જવાબ આપ્યેા, "એ ઠુંકેા ડગલેા પહેરેલ, થેાડી શરમ રાખ, પેટીની કિંમત દેખીતી જ છે.

૪૫૨૩ તેણે (જુહીએ) કહ્યું. "જોયા વગર ખરીદવું તે પક્ષપાત છે, આપણેા સેાદેા ધાબળાની અંદર થાય છે, આ ઠીક નથી.

૪૫૨૪ હું તેને ઉઘાડીશ, જો તે, તે રકમને લાયક નથી તેા ખરીદતેા નહિ, એ (મારા) બાપ, રહેને તું છેતરાએલેા બને

૪૫૨૫ તેણે (પ્રતિનિધિએ) (ખુદાને સંબોધતાં) કહ્યું "ઓ (ભુલોને) પડદે કરનાર, રહસ્ય ખુલ્લું કરતો નહિ" (પછી તેણે જુહીને કહ્યું) " હું ઢાંકણા સાથે જ ખરીદીશ, મારી સાથે કિંમત કરવા આવ."

૪૫૨૬ (બીજાની ભુલો) સંતાડ એટલા માટે કે તારા માટે પણ સંતાડવામાં આવે, કોઈની હાંસી ન કર ત્યાં સુધી કે તું (તારા પોતાને) સલામત જુએ.

૪૫૨૭ તારા જેવા ઘણાને આ પેટીમાં બાકી રખાયા છે અને પોતાને મહાદુઃખમાં ઉતાર્યા છે.

૪૫૨૮ દુઃખ અને અન્યાય બીજા ઉપર (માત્ર) ત્યારે જ ઉતારજે કે તમો તમારા પોતા માટે ઇચ્છો અને કબુલ કરો.

૪૫૨૯ કારણ કે રાહ જોવામાં અને અટકાયતમાં કયામતના દિવસ પહેલાં જ વેરની વસુલાત આપવા તૈયાર ઉભો રહેજે.

૪૫૩૦ **સઘળો ફરી વળેલ તેનું તખ્ત છે કે જે મોટાઇમાં તખ્તે બેઠેલો છે, બધા આત્માઓ ઉપર તેના ઇન્સાફનું તખ્ત પથરાએલું છે.**

૪૫૩૧ તેના તખ્તનો એક ખૂણો તને અડકે છે, ખબરદાર, અન્યાય અને અપવિત્રતાઈથી વર્તવા હાથ હલાવતો નહિ.

૪૫૩૨ તારી પોતાની વર્તણુંક ઉપર આંપતી ચોકી રાખજે, ધ્યાન રાખજે કે મધ ઇન્સાફમાં સમાએલ છે અને કે અન્યાય પછી ચટકો આવે છે.

૪૫૩૩ તેણે (જુહીએ) કહ્યું, ' હા, મેં જે કર્યું તે ખોટું કર્યું', પણ તે જ વેળાએ (તમારે પણ) જાણવું જોઇએ કે (બેમાંથી) હુમલાખોર વધુ અન્યાયી છે."

૪૫૩૪ પ્રતિનિધિએ જવાબ આપ્યો, ' આપણામાંનો દરેક હુમલાખોર છે, પણ આપણા ચહેરાની કાળાશ છતાં આપણે સુખી છીએ.'

૪૫૩૫ સીદ્દીની માફક કે જે સુખી અને રાજી છે, (કારણ કે) તે પોતાનો ચહેરો જોતો નથી, (જે કે) બીજાઓ તે જુએ છે.

૪૫૩૬ (પેટી માટે) કોણ સૌથી વધારે કિંમતે માગણી કરશે ? વાતચીત લંબાણી, (આખરે) તેણે એક સો સોનાના સિક્કા આપ્યા, અને તેની પાસેથી (પેટી) ખરીદી.

૪૫૩૭ ઓ તું કે જે દુષ્ટતા કબુલ કરવા લાયક શોધે છે, તું હમેશાં પેટીમાં છો. અવકાશી અવાજો અને પેલા કે જેઓ અદ્રશ્યના છે તેઓ તને મુક્તિ અપાવે છે.

હદીસનું અર્થઘટન કે હ. મુસ્તુફા (ર.સ.અ.) કહ્યું, " જ્યારે હરકોઈનો હું માલિક છું, હ. મૌલા મુર્તુઝાઅલી (અ.સ.) પણ તેના માલિક છે, ' જેથી નાસ્તિકોએ કટાક્ષપૂર્વક પૂછ્યું. આપણી આપેલી સેવા અને તાબેદારીથી તેઓ સંતોષી ન થયા કે તેઓ તેવી જ સેવા કરવાનો હુકમ નાના છોકરા માટે આપે છે " વિગેરે.

૪૫૩૮ આના કારણે હ. પયગમ્બર સાહેબ કે જેઓએ (બંદગીમાં) ખૂબ જ ભાવવિશથી સખ્ત મહેનત કરી પોતા માટે (મઉલા) માલિક નામ લગાડ્યું અને હ. મઉલા મુર્તુઝઅલી (અ.સ.) માટે.

૪૫૩૯ **તેમણે કહ્યું, 'મારો ભાઈ અલી દરેક જણ જે મારા રક્ષણમાં છે તેનો દોસ્ત અને મઉલા છે.**

૪૫૪૦ **માલિક કોણ છે ? તે કે જે તમને સ્વતંત્ર કરે અને તમારા પગોમાંથી દાસત્વની બેડીઓ હટાવે.**

૪૫૪૧ જ્યારે કે નખીપણું સ્વતંત્રતાનું રાહનુમા છે, સ્વતંત્રતા પયગમ્બરો તરફથી સાચા ઈમાનદારો ઉપર નવાજીશ કરવામાં આવે છે.

૪૫૪૨ ઓ સાચા ઇમાનદારોની કોમ, આનંદ કરો, તમારા ખુદને સ્વતંત્ર (પવિત્ર અને ઉમદા) સાઇપ્રસ અને કમળની માફક બનાવો.

૪૫૪૩ તમો પણ દરેક પળે લીલાછમ બગીચાની માફક પાણી તરફ વણબોલાએલા ઉપકારો માન્યા કરો.

૪૫૪૪ સાઇપ્રસો અને લીલી ફળવાડીઓ મૌનપણે પાણીનો આભાર માને છે અને વસંતના ન્યાય માટે (શાંત) આભાર રજુ કરે છે.

૪૫૪૫ તાજા પોષાકો પરીધાન કરેલા અને પોતાના પહેરણોની સગડ પાડતા, પીધેલા અને નાચતા અને આનંદમગ્ન અને અત્તર વેરતા,

૪૫૪૬ (તેમનો) દરેક ભાગ બાદશાહી વસંતથી ગર્ભિત, તેઓની કાયાઓ મોતીઓ જેવાં ફળોથી ભરેલ ટોપલીઓ જેવી.

૪૫૪૭ હ. મરીયમની માફક, ધણી ન હોવા છતાં, મસિયાહથી ઉન્નત થએલ, શાંત, અવાજ વગરના અને સ્પષ્ટ સંકેતોથી વંચિત.

૪૫૪૮ (કહેતા), 'અમારો ચંદ્રમા વાણી વગર (અમારા ઉપર) તેજસ્વી રીતે પ્રકાશિત થયો છે, દરેક જીભ અમારી ખુબસુરતીમાંથી પોતાની વાણી મેળવે છે.

૪૫૪૯ હ. ઇસા (અ.સ.)ની વાણી હ. મરીયમની (રૂહાનીયત) ખુબસુરતીમાંથી (ઉતરી છે). હ. આદમ (અ.સ.)ની વાણી (દૈવી) ફૂંકનું પ્રતિબિંબ છે.

૪૫૫૦ (ફળવાડીનો આ આભાર માનવો તમારા માટે એક બોધપાઠ છે) એટલા માટે કે તમારા આભાર માનવામાં, ઓ ઇમાનના આદમી, (રૂહાનીયત ભવ્યતાનો) વધારો ઉત્પન્ન થાય (અને જો તમો આભાર માનો તો) પેલાઓએ મેળવેલા આશીર્વાદોમાં વધારો થાય.

૪૫૫૧ અહીં (જાણીતી હકીકતનું) ઉલટાવવું છે (કારણ કે) તે કે જે આભારથી સંતોષાયો છે, વગોવાએલો બનશે (અને તેવી જ રીતે) આ બાબતમાં તે કે જે તૃષ્ણા રાખે છે, માનવંત બનશે.

૪૫૫૨ તારા શારિરીક આત્માના કોથળામાં આટલો બધો ઉતર નહિ, તારા ખરીદનારાઓ (મુક્ત કરનારાઓથી) આટલો બધો અનુપકારી ન બન.

બીજા વર્ષે જુહીની ઘરવાળી કાજીની કચેરીએ પાછી ફરી, એવી આશાએ કે છેલ્લા વર્ષની માફક તેવું જ (પૈસાનું) દાન મળશે અને કાજીનું ઓળખી જવું અને તેમજ વાર્તાના અંત સુધી.

૪૫૫૩ એકાદ વર્ષ બાદ, ગરીબાઈના દુઃખ અંગે જુહી પોતાની ઘરવાળી તરફ ફર્યો અને કહ્યું ઓ ચતુર સ્ત્રી.

૪૫૫૪ (આપણા ઘર તરફ) છેલ્લા વર્ષના દાનનું પુનરાવર્તન કર, કાજી પાસે મારી ફરીયાદ કર.

૪૫૫૫ સ્ત્રી કાજીની પાસે (બીજી કોઇ બાઈ) સાથે આવી, તેણીએ અમુક સ્ત્રીને દુભાશી બનાવી.

૪૫૫૬ રંગને તેણીની વાણી ઉપરથી કાજી તેને ઓળખી જાય અને ભૂતકાળનું બદકિસ્મત સંભારે.

૪૫૫૭ એક સ્ત્રીના નખરાંબાજ પ્રેમના ઇશારાઓ મોહ પમાડનાર હોય છે પણ તે મોહ તેણીના અવાજથી એક સો ગણો વધી જાય છે.

૪૫૫૮ જ્યારે કે તેણી એક અવાજ પણ ઉચ્ચારવાની હીંમત ન કરી શકી. ઘરવાળીની માત્ર એકલી કટાક્ષમય નજરો કાંઈ મદદગાર ન હતી.

૪૫૫૯ કાજીએ કહ્યું "જા અને પ્રતિવાદીને અહીં લાવ કે હું તારા કજીઆની તેની સાથે સમજુતી કરું.

૪૫૬૦ (જ્યારે) જુહી આવ્યો, કાજી તુર્તજ તેને ઓળખી શકયો નહિ કારણ કે તેઓની પહેલી મુલાકાત વખતે તે પેટીમાં હતો.

૪૫૬૧ તેણે (માત્ર) તેનો અવાજ બહારથી સાંભળ્યો હતો, ખરીદ વેચાણ વખતે કીંમતની વધઘટના વખતે.

૪૫૬૨ તેણે (જુહીને) કહ્યું "ખર્ચાઓ માટે તેણીની જરૂરિયાત તું તારી ઘરવાળીને કેમ આપતો નથી ?" તેણે જવાબ આપ્યો, "હું ખરા દિલ અને આત્માથી દીનના કાયદાનો પાલક છું.

૪૫૬૩ પણ જો હું મરણ પામું તો મારી પાસે કફન આપવાના પૈસા પણ નથી. હું આ રમતમાં દેવાળીઓ છું. હું બધું જુગારમાં હારી ગયો છું.

૪૫૬૪ આ શબ્દો સાંભળતાં જ કાજી તેને બન્યું હતું તેમ ઓળખી ગયો અને પોતાની યાદીમાં તેની નીચતા યાદ આવી ગઈ અને જે ઢોંગ તે રમ્યો હતો (તે પણ).

૪૫૬૫ તેણે કહ્યું, "તું પેલી રમત મારી સાથે રમ્યો હતો ગયે વર્ષે તેં મને નહિવત બનાવ્યો હતો.

૪૫૬૬ મારો વારો આવી ગયો છે, આ વરસે પેલી રમત કોઈ બીજા ઉપર અજમાવ અને મારા ઉપરથી તારા હાથ ઉપાડી લે."

૪૫૬૭ જુદાનો જાણકાર છ દિશાઓ અને પાંચ (સમજણોથી) વેગળો બન્યો છે (તેથી અનિવાર્યપણે) તે પાંચ અને છ વિરુદ્ધ પોતાનો ચોકીદાર બન્યો.

૪૫૬૮ તે પાંચ સમજણો અને છ દિશાઓમાંથી ભાગી છુટ્યો છે, તેણે પેલા બધાની પાર શું રહેલું છે તેનાથી તને માહીતગાર કર્યો છે.

૪૫૬૯ તેના સૂચનો અનંતકાળનાં સૂચનો છે, તેણે બધાં ગર્ભાધાનોનું રૂપ બદલ્યું છે અને પોતાને જુદો ખેંચ્યો છે.

૪૫૭૦ સિવાય કે તે પોતાની સમજદાર દુનિયાની બહાર છે, તે (તેની) અંદરમાંથી એક યુસુફને કેમ બહાર લાવે ?

૪૫૭૧ તેજ એક છે કે જે થાંભલા વગરના ગગન ઉપર પાણી ખેંચે છે, (જ્યારે) તેની કાયા, એક બાલટીની માફક મદદ કરવા કુવામાં (નીચે પડેલી છે)

૪૫૭૨ યુસુફે તેની બાલટીને પકડી રાખે છે, કુવામાંથી ભાગી છુટે છે અને મિસરના બાદશાહો બને છે.

૪૫૭૩ બીજી બાલટીઓ કુવામાંથી પાણી શોધે છે, તેની બાલટીને પાણીથી કાંઈ સંબંધ નથી. તે (માત્ર) (તકલીફમાં) દોસ્તો શોધે છે.

૪૫૭૪ (બીજી) બાલટીઓ ખોરાક માટે પાણીમાં પડે છે, તેની બાલટી ખોરાક અને મચ્છીના આત્માનું જીવન છે.

૪૫૭૫ બીજી બાલટીઓ (નશીબના) ભવ્ય પૈડાંને લાગેલી છે, તેની બાલટી બે શક્તિશાળી આંગળીઓમાં પકડાએલ છે.

૪૫૭૬ કેવી બાલટી, કેવી દોરી અને કેવું પૈડું ? ઓ બડાદુર, આ બહુ નબળી સરખામણી છે.

૪૫૭૭ **(પણ) હું એક સરખામણી કે જે દુષણ વગરની હોય તે ક્યાથી લાવું ? (ખુદાના જાણકારથી) કોઇની સરખામણી કરવી કદી નહિ બને અને કદી બની નથી.**

૪૫૭૮ તે એક માણસમાં (છુપાએલ) એક લાખ માણસો છે, એક કુંકણીમાં ભેગા કરેલ એક સો પણછ અને તીરો.

૪૫૭૯ (અલી માફક), "તેં ફેંકી ન હતી જ્યારે કે તેં ફેંકી" (અજ્ઞાન માટે) પ્રલોભન, એક મુઠીમાં એક લાખ ગુણી અનાજ.

૪૫૮૦ (તે) એક રજકણમાં છુપાએલો સુર્ય છે, ઓચિંતાના તે રજકણ પોતાનું મોં ખોલે છે (સૂર્યને છતો કરે છે.)

૪૫૮૧ જમીન અને આસમાનો પેલા સુર્ય રજકણોમાં સમસ્ત ભુક્કો બોલે છે જ્યારે તે અટકાયતમાંથી બહાર કુદી આવે છે.

૪૫૮૨ આના જેવો આત્મા કાયામાં (કેદી થવા કેમ) આવે ? સાંભળ ઓ કાયા, આ આત્મા ઉપરથી તારા હાથ ધોઇ નાખ !

૪૫૮૩ ઓ કાયા કે જે આત્માની રહેઠાણ બની છે, તે બસ છે, સમુદ્ર કેટલો લાંબો વખત પાણીની મસકમાં વસવાટ કરશે ?

૪૫૮૪ ઓ તું કે જે માણસના (રૂપમાં) એક હજાર જીબ્રીલો છે, ઓ તું કે જે (હ. ઈસા અ.સ.)ના ગધેડાની અંદર (કેટલાય) મસિયાહો છો.

૪૫૮૫ ઓ તું કે જે દેવળમાં છુપેલા એક હુન્નર કાબા છો, ઓ તું કે જે ઇસ્રીટ અને સેતાનને ભુલમાં નાખતા બનાવે છે.

૪૫૮૬ તું અવકાશમાં પુજવાની અવકાશ શુન્ય વસ્તુ છો, સેતાનો ને તારાથી છુપાએલી દુકાનો છે.

૪૫૮૭ (કારણ તેઓ કહે છે) હું આ માટીને કેમ સિજદો કરૂં ? મારી તાબેદારી બતાવતો એક લાખ (માત્ર) એકરૂપ ઉપર કેમ ઇનાયત કરૂં ?

૪૫૮૮ **તે રૂપ (જેમાં તે દેખાય છે) તે નથી, તારી આંખ સારી રીતે ચોળ, કે તું (તેનામા) (દૈવી) કીર્તિના 'નૂર'ની ચમક નિહાળે.**

(સૌથી મોટા) શાહજાદાની કહાણીની ફરીવાર રજુઆત કરવી અને બાદશાહના દરબારમાં તેની ચાલુ હાજરીનું વર્ણન.

૪૫૮૯ શાહજાદો બાદશાહની હાજરીમાં આ (રહસ્યથી) ગુંચવાયો હતો, તેણે મુઠીભર માટીમાં સાત આસમાને નિહાળ્યા.

૪૫૯૦ ચર્ચામાં પોતાના હોઠો ઉઘાડવા તેના માટે કોઇ પણ રીતે શક્ય ન હતું પણ એક પળ માટે પણ આત્માની આત્મા સાથેની વાત અટકતી નથી.

૪૫૯૧ તે તેના ધ્યાનમાં આવ્યું કે તે ખૂબ જ રહસ્યમય હતું. આ બધું વાસ્તવિક છે તો પછી રૂપ (દેખાવ) ક્યાંથી આપે છે ?

૪૫૯૨ તે એક રૂપ છે કે જે તને રૂપના (આભાસ) માંથી મુક્ત કરે છે. એક દરેક ઉંઘનાર કે જે 'સત્ય' તરફ ઉઘેલો છે તેને જગાડે છે.

૪૫૯૩ (તેનાથી ઓલાએલા) શબ્દો (ખોટા વાદવિવાદના) શબ્દોમાંથી તને મુક્ત કરે છે, અને (તેનાથી પ્રેરિત પ્રેમની) બિમારી (વાસનામય) બિમારીમાંથી તને છોડાવે છે.

૪૫૯૪ તેથી પ્રેમની બિમારી આત્માની સાચી તંદુરસ્તી છે, તેનાં દર્દો દરેક ખુશીની અદેખાઈ છે.

૪૫૯૫ ઓ કાયા, આ (જનાવરી) આત્માથી તારા હાથ ધોઈ નાખ, અથવા જો (તેનાથી તારા હાથ) ધોઇશ નહિ તો આના કરતાં બીજો આત્મા શોધ.

૪૫૯૬ ટુંકમાં, બાદશાહે તેને (શાહજાદાને) પ્રેમપુર્વક પાળ્યો, અને પેલા સુર્યના (કિરણોમાં) તે ચંદ્રમાની માફક ઝાંખો પડતો હતો.

૪૫૯૭ પ્રેમીઓનું ગુમાવાઈ જવું (તેઓની રૂહાનીયતની) વૃદ્ધિ છે, ચંદ્રમાની માફક તેને (પ્રેમીને) જ્યારે તે ઝાંખો પડે છે ત્યારે એક તાજો (ચળકતો) ચહેરો હોય છે.

૪૫૯૮ બધા બિમાર સાજા બનવાની આશા રાખે છે, પણ આ બિમાર ડુસકાં ખાય છે, બુમ પાડે છે, " મને વધુ બિમાર બનાવો. "

૪૫૯૯ અને આ ઝેર કરતાં વધુ મીઠું પીણું માલમ પડ્યું નથી, આ બિમારી કરતાં વધુ સારી તંદુરસ્તીની હાલત બીજી કોઇ નથી.

૪૬૦૦ ભક્તિભાવનું કોઈપણ બીજું કાર્ય આ પાપ કરતાં વધુ ઉત્તમ નથી. વર્ષો આ પળ સાથે સરખાપણામાં માત્ર એક કલાક છે.

૪૬૦૧ આવી રીતથી તે લાંબો વખત આ બાદશાહ સાથે રહ્યો, તેનું દિલ કબાબની (માફક ભૂંજાતું) હતું અને તેનો આત્મા (કુરબાનીની) કથરોટ ઉપર મુકાયેલ હતો.

૪૬૦૨ તેણે કહ્યું "બાદશાહ દરેકનો એક જ વાર શિરચ્છેદ કરે છે (પણ) હું દરેક પળે બાદશાહથી નવો નવો કુરબાન થાઉં છું.

૪૬૦૩ હું સોના અંગે ગરીબ છું. પણ માથાઓ (જીવનમાં) માલદાર છું. જીવનને તેની જગ્યા લેવા માટે મારું માથું એક સો માથાંઓ માફક છે.

૪૬૦૪ પ્રેમના પંથે કોઈ બે પગે દોડી શકે નહિ, એક માથાથી પ્રેમની (રમત) કોઈ રમી શકે નહિ.

૪૬૦૫ છતાં દરેકને બે પગો અને એક માથું છે, હજારો પગ અને માથાવાળી કાયા દુષ્પ્રાપ્ય ચીજ છે.

૪૬૦૬ આના કારણે બીજા બધા અખાડાઓ નહિવત છે, (જ્યારે) આ (પ્રેમનો) અખાડો દરેક પળે ગરમ બને છે.

૪૬૦૭ તેની ગરમીનું મુળ જગ્યાના ક્ષેત્રથી પર રહે છે, સાતેય દોજખો તેની અગ્નિના તણખાઓમાંથી ઉઠતો માત્ર એક ધુમાડો છે.

ભૂમિકા સમજાવવી કે જ્યારે (કયામતમાં) તેના ઉપર 'પુલ સીરાત' મુકવામાં આવશે ત્યારે દોજખ કહેશે, "ઓ સાચા ઈમાનદાર કે 'સીરાત' ઉપરથી વધુ ઝડપથી પસાર થાઓ, જલ્દી ઉતાવળ કરો, રખેને તારા 'નુર'ની મહાનતા મારો અગ્નિ ઓલવી નાખે, (હદીસ પ્રમાણે), "ઓ ઈમાનદાર, પસાર થાઓ, કારણ કે અરે, તારા 'નુરે' મારો અગ્નિ ઓલવી નાખ્યો છે."

૪૬૦૮ આ સાફ દિલના આદમીના કારણે દોજખ નબળી અને પ્રેમના અગ્નિથી બુઝાએલી છે.

૪૬૦૯ તે તેને (ઈમાનદારને) કહે છે, "ઓ માનવંતા, ઝડપથી પસાર થાઓ, નહિતર મારી અગ્નિ તારા ભડકાઓથી નાશ પામશે."

૪૬૧૦ આ (પ્રેમની) ફુંક નાસ્તિકતાનું કેવું રૂપાંતર કરે છે તે જો, કે જે એકલીજ દોજખની ગંધક છે.

૪૬૧૧ જલ્દીથી તારો ગંધક આ (પ્રેમના) આવેશને અર્પણ કર એટલા માટે કે દોજખ અથવા તેના ભડકાઓ તારા ઉપર આક્રમણ કરે,

૪૬૧૨ બહિશ્ત પણ તેને કહે છે, પવનની માફક પસાર થા, નહિતર જે પણ હું ધરાવું તે વેચવાલાયક નહિ રહે.

૪૬૧૩ કારણ કે તું (આખા) ઢગલાનો માલિક છે (જ્યારે) હું માત્ર વસ્તુ ભેળી કરનાર છું. હું માત્ર એક પ્રતિમા છું જ્યારે તું પ્રતિમાઓનું મુળ છે.

૪૬૧૪ દોજખ અને બહિશ્ત બંને તેની (ઈમાનદારની) બીકમાં ધ્રુજે છે, એક કે બીજું તેનામાંથી સલામતી અનુભવતું નથી.

૪૬૧૫ તેની (શાહજાદાની) જીંદગી પસાર થઈ અને (તેના આવેશના) ઇલાજ કરવાની તક તેને મળી નહિ. રાહ જોવી તેને વધુ પડતી બાઇ ગઇ અને તેનો આત્મા તે સહન કરી શકયો નહિ.

૪૬૧૬ લાંબા વખત સુધી પોતાના દાંત કચકચાવતો તેણે આ સંતાપ સહન કર્યો, નહિતર, તેણે પોતાની જીંદગીનો અંત નિહાળ્યો હોત.

૪૬૧૭ પ્રિયતમનું રૂપ (દેખાવ) તેનામાંથી અદ્રશ્ય થયું, તે મૃત્યુ પામ્યો અને પ્રિયતમની વાસ્તવિકતામાં મળી ગયો.

૪૬૧૮ તેણે (પોતાના મનમાં) કહ્યું "જો કે આ કપડું રેશમ અને કાંશટરનું હતું, તેની ન દેખાએલી ભાત વધુ મોહક હતી.

૪૬૧૯ (હવે) હું મારી કાયાથી અને તે આભાસના (પડદાથી) નગ્ન બનેલ છે, હું મિલનના પરિપૂર્ણતામાં વિજયપૂર્વક આગળ વધી રહ્યો છું.

૪૬૨૦ આ મુદ્દાઓ આટલી હદ સુધી ચર્ચાવાય, (પણ) આના પછીનું બધું ગુપ્ત રાખવું જોઇએ.

૪૬૨૧ અને જો તમો તે કહેશો અને એક લાખ કોશીષો કરશો તો પણ તે નકામી મહેનત છે. કારણ કે તે કદીપણ સ્પષ્ટ બનશે નહિ.

૪૬૨૨ સમુદ્ર સુધી તે મુસાફરી ઘોડા ઉપરની છે, આના પછી તમારી પાસે લાકડીનો ઘોડો હોવો જોઇએ.

૪૬૨૩ લાકડીનો ઘોડો સુકી જમીન ઉપર કાંઇ કામનો નથી તે ચોક્કસ રીતે તેઓ કે જેઓ સમુદ્ર ઉપર મુસાફરી કરે છે તેને ઉપાડે છે.

૪૬૨૪ લાકડાનો ઘોડો આ (રહસ્યમય) મૌન છે, (આ) મૌન સમુદ્રની જનતાને સુચના આપે છે.

૪૬૨૫ આવો એક મૌનવ્રત કે જે તમને થકવે છે તે (હકીકતમાં) પેઢીવાર પ્રેમની ચીસો પાડે છે.

૪૬૨૬ તમો કહેશો "મને નવાઇ લાગે છે કે શા માટે તે ચુપ છે" તે (પોતાના મનમાં) કહે છે, કેવી અન્યાયી તેનો કાન કયાં છે?

૪૬૨૭ હું ચીસોથી બહેરો બન્યો છું (છતાં) તે (તેમનાથી) સન્નગ નથી (દેખીતી રીતે) તીક્ષ્ણ કાનમાંથી જ હકીકતમાં આ (રહસ્યમય) વાતચીત તરફ બહેરા છે.

૪૬૨૮ (દાખલા તરીકે) કોઇ પોતાના સ્વપ્નામાં જોરથી બુમ પાડે છે અને એક લાખ ચર્ચા અને વાતચીત કરે છે.

૪૬૨૯ (જ્યારે) આ (બીજો) તેની બાજુમાં બેઠેલો (તેનાથી) અજાણ છે, બરોબર તો તે કે જે સુતો છે અને બધા ગડબડાટ અને ઘોંઘાટ તરફ બહેરો છે.

૪૬૩૦ અને તે કે જેનો લાકડાનો ઘોડો તુટી ગયો છે અને (સમુદ્રના) પાણીમાં ડુબ્યો છે. વાસ્તવમાં તે એક મચ્છી છે.

૪૬૩૧ તે બોલતો કે મૌન નથી, તે એક અજાયબી છે. તેની હાલત દર્શાવતો શબ્દ જ નથી.

૪૬૩૨ તે આ બન્ને (પ્રકારોનો) નથી (અને છતાં) પેલી અનેરી વસ્તુ (બરમેરી) બને છે. આને સમજાવવું પૂજ્યભાવથી યોગ્ય હદોનું ઉલ્લંઘન કરે છે.

૪૬૩૩ આ સરખામણી કંગાળ અને સફળ છે, પણ સમજણથી (દુનિયામાં) આના કરતાં વધુ ઉત્તમ મળશે નહિ.

સૌથી મોટા શાહજાદાનું મરણ અને વચલો ભાઈ તેની દફનક્રિયામાં આવ્યો, કારણકે સૌથી નાનો બિમારીના કારણે આટલામાં હતો, અને બાદશાહનું વચલાભાઈ સાથે માયાળુપણે વર્તવું કે જેથી તે પણ તેની માયાથી બંધનમાં બંધાયો અને તે બાદશાહ પાસે રહ્યો, અને એક લાખ બક્ષિશો અદીઠ અને દ્રષ્યમય દુનિયામાંથી તેના ઉપર બાદશાહની સદભાવના અને નશીબે નવાજીશ કર્યા, અને તેનું થોડું વિવરણ.

૪૬૩૪ સૌથી નાનો (ભાઇ) માંદો હતો, (તેથી) વચલો સૌથી મોટાની દફનક્રિયામાં એકલો આવ્યો.

૪૬૩૫ (જ્યારે) બાદશાહે તેને ઓચિંતો જોયો, તેણે એક ઇરાદાથી કહ્યું. "આ કોણ છે? કારણ કે તે પેલા સમુદ્રનો છે, અને તે પણ મચ્છી છે."

૪૬૩૬ પછી જાહેરાત કરનારે કહ્યું. "તે એક જ બાપનો પુત્ર છે, આ ભાઇ પેલા (મરેલા) ભાઇ કરતાં નાનો છે."

૪૬૩૭ બાદશાહે પ્રેમપુર્વક તેનો સત્કાર કર્યો, કહે, તું તારા ભાઈનું સંભારણું છો, આમ કહીને તેણે તેને પણ પોતાનો શિકાર બનાવ્યો.

૪૬૩૮ બાદશાહ તરફથી (તેના પ્રત્યે) બતાવાએલા પ્રેમના કારણે પેલો કંગાળ (કે જે) પ્રેમની અગ્નિમાં ભુંજાતો હતો, પોતાની કાયામાં (જનાવરી) આત્મા કરતાં બીજો એક આત્મા જોયો પોતાના દિલમાં.

૪૬૩૯ તેણે એક સુફી એક સો 'ચીલા'માં ન અનુભવે તેવી આનંદની લાગણી અનુભવી.

૪૬૪૦ દરબાર અને દિવાલ અને પત્થરના ગુંથાએલા પહાડ તેની આગળ ખુલ્લા થએલા દાડમની માફક હસતા તેને દેખાયા.

૪૬૪૧ એક પછી એક (બ્રહ્માંડના) અણુઓ તંણુઓની માફક એક સો જુદા જુદા રસ્તે પોતાના દરવાજા તેને માટે બોલતા હતા.

૪૬૪૨ કયારેક દરવાજો બારી બનતો હતો. કયારેક સુર્યના કિરણો. જમીન કયારેક ઘઉં બનતી હતી.

૪૬૪૩ (માણસોની) આંખમાં આસમાનો બહુ જુનાં અને જર્જરિત છે, તેની આંખમાં તે દરેક પળે એક નવીન પેદાશ હતી.

૪૬૪૪ જ્યારે ખુબસુરત આત્માને કાયામાંથી મુક્ત કરાયેા છે, કાંઇપણ શંકા વગર આના જેવી એક આંખ (દૈવી) નશીબથી તેના ઉપર નવાજીશ થશે.

૪૬૪૫ **એક લાખ રહસ્યેા તેને ખુલ્લાં કરવામાં આવ્યા. તેણે તે જોયું કે જે રૂહાની રાહબરે કબુલ કરેલાની આંખેા નિહાળે.**

૪૬૪૬ તેણે (આંતરિક) આંખ ઉઘાડી (અને) (આદર્શ) રૂપ ઉપર નજર કરી કે જેના વિષે તેણે (માત્ર) પુસ્તકેામાં વાંચ્યું હતું.

૪૬૪૭ શક્તિશાળી બાદશાહના ઘેાડાની રજમાંથી પેાતાની આંખની દ્રષ્ટિ માટે ભવ્ય આંજણુ મેળવ્યું.

૪૬૪૮ આવા એક ફુલેાના બગીચામાં તે પેાતાનું પહેરણુનું સગડ પાડતેા હતેા, જ્યારે તેનેા દરેક ભાગ ખુમ પાડતેા હતેા, "શું હજી વધુ છે ખરું ?"

૪૬૪૯ છેાડમાંથી ઉગતાં ફુલેા થેાડીએક પળેા માટે જ જીવે છે, ફુલેા કે જે સમજણમાંથી ઉગે છે તે કાયમ તાજા છે.

૪૬૫૦ ફુલેા કે જે જમીનમાંથી ફાલે છે, કરમાએલાં બને છે, ફુલેા કે જે દિલમાં ખીલે છે, અરે, કેવેા આનંદ !

૪૬૫૧ જાણુ કે (બધાં) આનંદકારક વિજ્ઞાનેા આપણને જાણીતાં છે. (માત્ર) બગીચામાંના ફુલેાની બે કે ત્રણ ડાળીએા જ છે.

૪૬૫૨ આપણે આ બે અથવા ત્રણ ફુલેાની ડાળીને અર્પણ થયા છીએ, કારણ કે આપણે આપણા ઉપર બગીચાનેા દરવાજો બંધ કર્યેા છે.

૪૬૫૩ અફસેાસ ! એ (વહાલા) આત્મા, રેાટલા માટેની તારી કંજુસાઇના કારણે આવી વખાણવા લાયક કુંચીએા તારી આંગળીએામાંથી હંમેશાં પડી જાય છે.

૪૬૫૪ જો એક પળ માટે તું રેાજીના કાર્યમાંથી મુક્ત બને છે તેા તું એક સ્ત્રીનેા ઝભ્ભેા પહેરે છે અને સ્ત્રીઓની તારી લાલસામાં (પેાતાને) અર્પણ કરે છે.

૪૬૫૫ અને પછી, જ્યારે તારી જલંદરી (વિષયવાસનાનેા) સમુદ્ર મેાટી છેાળેામાં ભાંગે છે ત્યારે તારા રસ્તામાં એક રેાટલા અને સ્ત્રીઓ ભરપુર પુરા શહેરની તને જરૂરત પડે છે.

૪૬૫૬ (શરૂઆતમાં) તું માત્ર એક સરપ હતેા (હવે) તું ખરેખર એક અજગર બન્યેા છે, તને એક જ માથું હતું. હવે તને સાત માથાં છે.

૪૬૫૭ દોજક સાત માથાવાળેા અજગર છે, તારી કંજુસાઈ ગર્ભ છે અને નર્ક જાળ છે.

૪૬૫૮ જાળના ટુકડા કરી નાખ, ગર્ભને બાળી નાખ. આ (શારિરીક) રહેઠાણમાં નવા દરવાજાઓ ઉઘાડ.

૪૬૫૯ એ સશક્ત શિકારી, સિવાય કે તું (ખુદાનેા) પ્રેમી છે, તારી પાસે સૂધબૂધ વગરના પહાડ માફક માત્ર પડયેા છે.

૪૬૬૦ પર્વત પેાતાના ખુદનેા અવાજ કેમ ધરાવે ? આ વિશ્વાસુ આદમી, પડયેા બીજાથી પ્રતિબિંબીત છે.

૪૬૬૧ તે જ રીતે જેમ તારી વાણી બીજાનું પ્રતિબિંબ છે, તેથી તારી બધી લાગણીઓ પ્રતિબિંબ સિવાય બીજું કંઈ જ નથી.

૪૬૬૨ પણ તારો ગુસ્સો અને તારી ખુશી માત્ર બીજાઓથી લાવી આપનારના આનંદ અને ચોકીદારના ગુસ્સા માફક પ્રતિબિંબીત છે.

૪૬૬૩ બંદગી કર, પેલા ગરીબ આદમીએ રાત્રીના ચોકીદારનું શું નુકશાન કર્યું હતું કે તે સજા કરે, વેરમાં તેને સંતાપ આપે ?

૪૬૬૪ (કયાં સુધી તું) બીજાઓથી પ્રતિબિંબીત ચમકતા આભાસને પગલે ચાલીશ ? કોશીષ કર કે આ અનુભવ તું તારી મેળે મેળવે.

૪૬૬૫ કે જેથી તારા શબ્દો તારી તાત્કાલીક લાગણીઓથી (પ્રેરાએલા) બને અને તારું ઉડાણ તારી પોતાની પાંખો અને પીંછાથી બનાવાય.

૪૬૬૬ તે દુશ્મનના પીંછા છે કે તીર પોતાનો શિકાર પકડે છે, અનિવાર્યપણે તે પંખીના માંસમાંથી ભાગ મેળવતું નથી.

૪૬૬૭ (પણ) બાજ પોતાનો શિકાર પર્વતોમાંથી પોતે જ લાવે છે, અનિવાર્યપણે બાદશાહ તેને કબુતર અને પંખીને ખાવા દયે છે.

૪૬૬૮ વાણી કે જે (દૈવી) પ્રેરણામાંથી ઉતરી આવી નથી, ખુદની પસંદગીમાંથી નીકળે છે, તે હવામાં તરતી ધૂળ અને (સૂર્યના કિરણોમાં) ઉડતા રજકણો માફક છે.

૪૬૬૯ વાંચકને આ કહેણ ભુલભરેલું દેખાય તો (સુરા) વાલ, નજમની શરૂઆતની થોડી લીટીઓ બોલો.

૪૬૭૦ નીચે સુધી (શબ્દો), "મુહમ્મદ પોતાની ખુશીમાંથી બોલતા નથી તે વાણી (માત્ર) અહીંથી મેળવેલ છે."

૪૬૭૧ "એ મુહમ્મદ, જ્યારે કે વહી મેળવવામાં નાઉમેદ થતો નથી ત્યારે તપાસ અને અનુમાન ભૌતિકવાદીઓ ઉપર છોડી દે."

૪૬૭૨ કારણ કે જરૂરીયાત અંગે મુડદાલ માંસ હલાલ (ખોરાક) છે, પણ જ્યારે એક મિલનના કાળામાં છે ત્યારે કાળા કઈ દિશામાં છે તેની તપાસની જરૂરત નથી.

૪૬૭૩ **હરકોઈ તપાસ કર્યા વગર ઈરાદાપુર્વક નાસ્તિકતાને અનુસરે છે અને સત્યપંથ શોધવા બની શકતા પ્રયત્નો કરતો નથી.**

૪૬૭૪ આપખુદીની હવા તેને ઉંચે ઉડાડશે અને 'આદ'ના લોકોની માફક મારી નાખશે. તે સુલેમાન નથી કે પોતાનું તખ્ત હવામાં તરાવે.

૪૬૭૫ કારણ કે આદ (અને તેમના જેવા) પવન એક ભયંકર ઉડાવગીર છે, (તેઓ) બાઉધરાના હાથોમાં એક ઘેટાં જેવા છે.

૪૬૭૬ કે જે તે પોતાના બોળામાં બાણે પોતાનું બાળક હોય તેમ મુકે છે અને એક બાટકીની માફક હલાલ કરવા ઉઠાવી બતય છે.

૪૬૭૭ પેલો પવન તેઓના અહંકારના કારણે આદ માટે સજા હતી, તેઓએ ખરેખર તેને એક દોસ્ત તરીકે જોયો (પણ) હકીકતમાં તે અજાણ્યો (દુશ્મન) હતો.

૪૬૭૮ જ્યારે ઓચિંતાના તેણે પોતાનો રંગ બદલ્યો, પેલા દુષ્ટ દોસ્તે તેમને કટકેકટકામાં તોડી નાખ્યા.

૪૬૭૯ (ખુદીના) પવનનો નાશ કર, કારણ કે આપખુદીનો પવન એક મોટું પ્રલોભન છે, નહિતર તે આદની માફક તને તોડશે.

૪૬૮૦ હુદ હુદ (આસ.)એ તેમને શીખામણ આપી, કહે, ઓ અહંકારી જનતા, આ પવન તમારા હાથો સહીત પહેરણોને તોડીફોડી નાખશે.

૪૬૮૧ પવન ખુદાનું લશ્કર છે, અને (માત્ર) ઢોંગમાં તેણે તમને થોડા દિલસો માટે આલીંગન કર્યું છે.

૪૬૮૨ ગુપ્ત રીતે તે પોતાના પેદા કરનારને વફાદાર છે, જ્યારે મુકરર કરેલો વખત આવશે ત્યારે પવન પોતાના હાથો અજમાવશે (અને તમને રંજાડશે).

૪૬૮૩ જુઓ કે પવન મોઢામાંથી દરેક પળે આવતો જતો આગળ પાછળ કેવો પસાર થાય છે.

૪૬૮૪ ગળા દાંતોને તેનામાંથી કાંઈ ભય નથી (પણ) જ્યારે ખુદા હુકમ કરે છે તે દાંતો ઉપર હુમલો કરે છે.

૪૬૮૫ (અને પછી) માત્ર એકાદ હવાનો અણુ એક પર્વત જેવો અને વજનદાર બને છે અને દાંતનો દુઃખાવો તેને માંદો અને (સહન કરતો) કંગાળ બનાવે છે.

૪૬૮૬ આ તેજ પવન છે કે જે નુકશાન કર્યા વગર પસાર થયા કરતો, તે પાકનું જીવન હતો અને તે પાકનો નાશ કરનાર બન્યો.

૪૬૮૭ માણસનો હાથ કે જેણે (અગાઉ) તારો હાથ ચુમ્યો, ગુસ્સાની પળે તે જ હાથ એક ગદા બને છે.

૪૬૮૮ તે (કે જેને દાંતનો દુઃખાવો છે) ખરા દિલથી બુમો પાડે છે, 'ઓ માલિક! ઓ માલિક! આ પવન લઈ જા, ઓ તું કે જેની મદદ (બધા) માગે છે.'

૪૬૮૯ ઓ મોં, તું આ પવનથી બેધ્યાન હતું. (હવે) જા અને દાંતના મુળમાંથી ખુદાની માફી માગવા વિનંતી કરવા લાગ.

૪૬૯૦ તેની સાબત આંખ (હવે) વરસાદની માફક આંસુ સારે છે, (માત્ર) યાચના નાસ્તિકોને ખુદાને બોલાવતા બનાવે છે.

૪૬૯૧ જ્યારે કે તેં (પવિત્ર) માણસમાંથી (પવિત્ર) માણસોની પ્રેરણા મેળવી નથી ત્યારે સાંભળ, યાચનામાંથી દૈવી પ્રેરણા મેળવ.

૪૬૯૨ પવન કહે છે, 'હું માણસ જાતના બાદશાહનો એક સંદેશ કહું, કયારેક હું સારા અને કયારેક વિનાશના અને ખરાબ સમાચાર લાવું છું.

૪૬૯૩ કારણ કે હું હુકમના તાબે છું, હું મારા પોતાના અધિકારમાં નથી, તારી માફક મારા બાદશાહનો કયારે અનુપકારી છું ?

૪૬૯૪ હું તારી (રૂહાનીયત) હાલત પેલા હ. સુલેમાન (અ.સ.)ને મળતી હોય તો હું હ. સુલેમાનને (અ.સ.) ઉઠાવતો તેમ તને પણ ઉઠાવત.

૪૬૯૫ હું તને (માત્ર) ઉછીનો છું, મારે તારા હાથનો એક કણજો બનવું છે, મેં મારા રહસ્યથી તને માહિતગાર બનાવ્યો હોત.

૪૬૯૬ પણ જ્યારે કે તું બળવાખોર છો અને મને (માત્ર) ત્રણ કે ચાર દિવસ તારી સેવા કરવા ધીરાણ ઉપર લેવામાં આવ્યો છે.

૪૬૯૭ તેથી હું આદની માફક તને નીચો મુકીશ અને તારા લશ્કરમાંથી બળવો કરી નાશી જઈશ.

૪૬૯૮ એટલા માટે કે તારું ઇમાન અદૃષ્યમાં મજબુત બને, તે પળે કે જ્યારે તારું ઇમાન (માત્ર) શાપનું મુળ છે.

૪૬૯૯ કારણ કે વાસ્તવિકમાં તે પળે બધા ઇમાનદારો બને છે, તે પળ સૌથી માથાભારે પણ માથાં નમાવવા આતુર છે.

૪૭૦૦ તે પળે તેઓ ફાંસીની નીચે ચોરો અને લુંટારાઓની માફક દયાજનક ણુમ અને નમ્રતાપૂર્વક ગાજીજીઓ કરે છે.

૪૭૦૧ પણ જો તમો અદૃષ્યમાંના (તમારા ઇમાનમાં) સીધા બન્યા હોતો તમો બન્ને દુનિયાના માલિક અને તમારા પોતા ઉપર (સત્તા ચલાવતા) ન્યાયાધીશ છો.

૪૭૦૨ ચિરસ્થાયી (રૂહાનીયત) ન્યાયાધીશપણું અને બાદશાહી તે (એવી ચીજ નથી) કે બે દિવસ માટે ધીરાણથી લેવાય અને (નાશવંત) પીડા આપે.

૪૭૦૩ (આતુર હોવું કે) તમો સંઘર્ષમાંથી મુક્ત બન્યા છો અને પોતા માટે મરજી પડે તેમ વર્તી શકો, તમો રાજા છો અને તેજ પળે તમારો પોતાનો ઢોલ વગાડો છો.

૪૭૦૪ જ્યારે દુનિયા મોતના સમયે આપણું ગળું દબાવે છે ત્યારે આપણા ગળા અને મોંએ માટી ખાધી હશે.

૪૭૦૫ આ મોહું બરેબર હમેશાં માટીનું ખાનાર બન્યું છે, પણ માટી કે જે રંગીન બની છે.

૪૭૦૬ એ પુત્ર, આ ભુંજેલું માસ અને આ શરાબ અને આ સાકર (માત્ર) રંગેલ અને રંગેલ માટી છે,

૪૭૦૭ જ્યારે તમોએ તેને ખાધેલ અથવા પીધેલ છે, અને તેઓ માંસ અને ચામડી બનેલ છે, ત્યારે તે તેમને માસનો રંગ આપે છે, પણ તેઓ છતાં પણ (તેની) ગલીની માટી છે.

૪૭૦૮ તે એક માટીના અંશમાંથી છે કે તે (માટીની) કાયાને રેભા લ્યે છે અને પછી આખા (તાકાને) ફરીવાર માટીનો અંશ બનાવે છે.

૪૭૦૯ હિન્દુ અને તુર્ક અને ગ્રીક અને ઇથોપીયન, બધા કબરમાં પુરેપુરા એક જ રંગના છે.

૪૭૧૦ કે જેથી તમો જાણો કે આ બધા રંગો અને ચિત્રો સંપૂર્ણપણે એક પડદો અને ધોકેબાજ અને ઉછીની (અલ્પજીવી) છે.

૪૭૧૧ **માત્ર કાયમી રંગ 'અલ્લાહનો રંગ' ('નૂર') છે. જાણે કે બાકીના બધા એક ઘંટની આફક છીછરાપણાથી ઉપર ટપકીયા ચોટાડયા છે.**

૪૭૧૨ ઈમાનદારીનો રંગ અને ભક્તિભાવનો રંગ અને અંતર્જ્ઞાનથી અનુભવેલો વિશ્વાસ (સાચા) બંદગી કરનારાઓમાં સદા સર્વદા માટે ટકી રહેશે.

૪૭૧૩ અને શંકાનો રંગ અને અનુપકારનો રંગ અને ઢોંગ ફરજો ન બજાવતા આત્મામાં સદા સર્વદા માટે ટકી રહેશે.

૪૭૧૪ દુષ્ટ ફિરઔનના ચહેરાની કાળાશ માફક તેના રંગ ટકી રહે છે, જો કે તેની કાયા પસાર થઈ જાય છે.

૪૭૧૫ (અને તેમજ) સાચા દિલના ઈમાનદારોના ખૂબસુરત ચહેરામાં પ્રકાશ અને ભવ્યતા, તેઓનાં શરીરો પસાર થઈ જાય છે પણ પેલું કયામતના દિવસ સુધી રહે છે.

૪૭૧૬ માત્ર કદરૂપો તે છે જે કાયમી કદરૂપો છે, ખુબસુરત તે છે જે (કાયમી) ખુબસુરત છે, આ એક હમેશાં હસે છે અને પેલો એક ડોળા કાઢે છે.

૪૭૧૭ તે (ખુદા) જમીનને અમુક રંગ અને ભાત અને કિંમત આપે છે અને બાલિશ જનતાને તેના ઉપર હુંસાતુંસી કરતી બનાવે છે.

૪૭૧૮ (જ્યારે) કણુકના એક ટુકડાને સિંહ અથવા ઉંટના આકારમાં પકાવ્યો છે ત્યારે (આ) બચ્ચાંઓ તેના માટેની લાલસામાં પોતાની આંગળીઓ કરડે છે.

૪૭૧૯ સિંહ અથવા ઉંટ મોંમાં રોટલામાં ફેરવાય છે, પણ બચ્ચાંઓને આ કહેવું નિરર્થક છે.

૪૭૨૦ બચ્ચું અજ્ઞાન અને કલ્પના અને શંકાની હાલતમાં છે, ગમે તેમ પણ ખુદાનો આભાર માનો કે તેનું જોર થોડું છે,

૪૭૨૧ બચ્ચું કળિયાળું અને એકસો ભુલ કરતું છે, તેની હુંશીયારી અને શક્તિની ખામી માટે ખુદાનો આભાર માનો.

૪૭૨૨ (પણ) વગર શિસ્તપાલનના આ મોટાઓ માટે અફસોસ કે જેઓ પોતાની શક્તિમાં દરેક ચોકીદાર તરફ એક સંતાપ રૂપ બન્યો છે.

૪૭૨૩ જ્યારે હથીઆરો અને અજ્ઞાનતા સાથે લાવેલ છે ત્યારે તે (આવો એક) દુનિયાને હજમ કરતો પોતાના જુલમમાં એક ફિરઔન બને છે.

૪૭૨૪ ઓ ગરીબ આદમી, તારી (સાધનોની) ખામી અંગે ખુદાનો આભાર માન, કારણ (તેથી) તને એક ફિરઔન બનવામાંથી અને (દૈવી આશીર્વાદ માટે) અનુપકારી બનવામાંથી મુક્ત કરાયો છે.

૪૭૨૫ ખુદાનો આભાર માન કે તું સતાવાયો છે, જુલમગાર નહિ, તને ફિરઔનની માફક વર્તવામાંથી અને દરેક પ્રલોભનમાંથી સલામત બનાવાયો છે.

૪૭૨૬ એક બાલી પેટે કદી પણ દેવત્વની શેખી કરી નથી, કારણ કે પોતાના અગ્નિમાં પોતા પાસે ઇંધણ જ નથી.

૪૭૨૭ એવું બાલી પેટ સેતાનની જેલ છે, કારણ કે રોટલા માટેની વ્યાકુળતા કાવતરાં અને છેતરવામાંથી તેને અટકાવે છે.

૪૭૨૮ જાણ કે મીઠાઈ ભરેલું પેટ સેતાનની બજાર છે, જ્યાં સેતાનના વેપારીઓ ગડબડાટ ઉભો કરે છે.

૪૭૨૯ વેપારીઓ જેઓ જાદુ કરે છે અને કિમત વગરનો સામાન વેચે છે અને (માણુસોની) સમજણો ખુમખરાડાથી ગભરાટમાં નાખે છે.

૪૭૩૦ જાદુની યુક્તિથી તેઓ એક દેગને ઘોડા માફક દોડતી બનાવે છે અને ચંદ્રમા અને પરોઢના આછા અજવાળામાં એક રેશનનો ટુકડો બનાવે છે.

૪૭૩૧ તેઓ માટીને રેશમ માફક ગુંથે છે અને પારખનારાઓની આંખોમાં (ધુળ) ફેંકે છે.

૪૭૩૨ તેઓ સુગંધી લાકડાના ટુકડાને સામાન્ય લાકડાના ટુકડા જેવું દેખાડે છે, તેઓ એક ઢેફાં માટે અદેખાઈપૂર્ણ ઈચ્છા આપણામાં મુકે છે.

૪૭૩૩ (પણ) તે પવિત્ર છે કે જે (માત્ર) માટીને એક (ખાસ) રંગ આપે છે અને બચ્ચાંઓની માફક તેના માટે લડતા બનાવે છે.

૪૭૩૪ (દુનિયા) થાળ ભરેલી માટી છે, અને આપણે નાનાં બચ્ચાંઓ જેવા છીએ. આપણી દૃષ્ટિમાં માટી ખાણના સોના જેવી છે.

૪૭૩૫ બચ્ચાં માટે (મોટા) માણુસોની બાજુમાં જગ્યા નથી, એક બચ્ચાંને માણુસો સાથે ખુદા કેમ બેસવા દે?

૪૭૩૬ જો એક ફળ મોટું બને (છતાં) જ્યાં સુધી તે અપકવ છે અને પાકેલું નથી ત્યાં સુધી 'ગુરૂ' કહેવાય છે.

૪૭૩૭ એક અનારને મળતું અને ખાટું (ફળ) એકસો વર્ષનું થાય (તોપણ) તે બાળક છે અને દરેક સમજુ માણુસના અભિપ્રાયમાં કાચું છે.

૪૭૩૮ તેના વાળ અને દાઢી ભલે સફેદ બને છતાં તે બીક અને આશાની હાલતમાં બચ્ચા સમાન છે.

૪૭૩૯ કહે છે, શું હું યુવાની મેળવીશ અથવા મને અપકવ બાકી છોડશે? અરે, મને નવાઈ લાગે છે કે મારા ઉપર પેલું દાન શરાબની નવાજીશ કરશે?

૪૭૪૦ આવી એક અનાવડત અને (ખુદાથી) વેગળો હોવા છતાં પણ ખાણની આ અપકવ દ્રાક્ષોને પેલી પાકેલી દ્રાક્ષ જેવી સંપૂર્ણતા તે આપશે ખરો?

૪૭૪૧ મને કોઈપણ સ્થાનેથી આશા નથી, પણ પેલું (દૈવી) દાન મને કહે છે, "તમો નિરાશ થતા નહિ."

૪૭૪૨ આપણા બાકાન (બાદશાહે) આપણા માટે શાશ્વત મિજબાની બનાવી છે (આપણને નજીક ખેંચવા) તે રોજ આપણા કાનો ખેંચે છે (કહે છે), 'આશા ગુમાવતા નહિ.'

૪૭૪૩ જો કે આપણે બીજુર્મા છીએ (અને) આ નિરાશાથી (દબાએલા છીએ), ચાલો નામ કરતા આગળ જઈએ જ્યાને કે તેણે આપણને આમંત્રા છે.

૪૭૪૪ ચાલો આપણે જાણીતા ચરાણ તરફ દોડતા પાણીદાર ઘોડાઓની માફક નાચ કરીએ.

૪૭૪૫ ચાલો આઇણે આપણા પગોને ઉછાળીએ, ભલે ત્યાં પગ જ ન હોય ચાલો આપણે પ્યાલો પીએ, ભલે ત્યાં કંઈજ નહોય.

૪૭૪૬ કારણ કે ત્યાં બધુ રૂહાનીયત છે, તે વાસ્તવિકતા ઉપર વાસ્તવિકતા છે.

૪૭૪૭ રૂપ પડછાયો છે વાસ્તવિકતા સુર્ય છે, પડછાયા વાંસો પ્રકાશ જ્યારે પાર્થીવ રૂપો તજી દે છે ત્યારે નજરે પડે છે.

૪૭૪૮ જ્યારે ઈટ ઉપર આધારિત ઇંટ રહેતી નથી ત્યારે કદરૂપો પડછાયો ચંદ્રમાતા પ્રકાશમાં રહેતો નથી.

૪૭૪૯ ભલે સોનાની ઇંટ હોય તો પણ તે તોડી નાખેલ હોવી જોઇએ, જ્યારે કે ઇંટનું હટાવવું પ્રેરણા અને પ્રકાશ માટે આપેલી કીંમત છે.

૪૭૫૦ (પાર્થીવતાનો) પડછાયો હટાવવાનાં કારણે (સોનાઈ) પર્વત જમીન ભેગા કરવામાં આવ્યો, પેલા 'નૂર'ના કારણ માટે કબરાઓમાં પડવું નાની બાબત છે.

૪૭૫૧ **જ્યારે માલિકનું 'નુર' પર્વતની સપાટી ઉપર પડયું, તે (પર્વત) ટુકડા થઇ ગયો એટલા માટે કે તે (નૂર) તેના આંતરિક ભાગમાં પણ દાખલ થાવ.**

૪૭૫૨ જેવો ડબલ રોટીનો ટુકડો એક ભુખ્યા માણસની હથેળીને અડે છે, તેની આંખો અને મોઢું (તેને ખાવા માટે)ની ઈચ્છામાં પહોળું ઉઘડે છે.

૪૭૫૩ **આ (નૂર) મુલ્યવાન છે (એટલે કે) એક લાખ ટુકડામાં પડવું (યોગ્ય જ છે) (રૂહાનીયત) અવકાશમાં ઉપર ચડવું, એ તું કે જે માટીને મળતો છે.**

૪૭૫૪ પેલું અવકાશી 'નૂર' તારો પડછાયો બલાસ કરે છે. એ દિવસના દુશ્મન, રાની તારા પડછાયાથી બને છે.

૪૭૫૫ આ માટી બાળકો માટેનું પારણું છે, યુવાન માણસો માટે તે સાંકડી જગ્યા છે.

૪૭૫૬ બચ્ચાંઓના કારણે કે (જેઓ તેમાં રહે છે) ખુદાએ માટીને પારણું કરી બોલાવી છે અને તેણે બચ્ચાંઓ ઉપર આ પારણાઓમાં દુધ ઇનાયત કર્યું છે.

૪૭૫૭ ઘર આ પારણાંઓથી બીચોબીચ ભરેલું છે, એ બાદશાહ ભારે બચ્ચાંઓ જલ્દી મોટા થાય ?

૪૭૫૮ (એ પારણા, ઘરને પ્રતિકુળ ન કર (પણ જગ્યા રહેવા દે, કે જેથી મોટો માણસ આરામથી હરીફરી શકે.

૪૭૫૯ જ્યારે બાદશાહની આંતરિક પ્રકૃતિમાંથી કાંઈપણ વેચાણ કે ખરીદયા વગર તેના (શાહજાદાના) આત્મામાં (રૂહાનીયત) વેતન ભરપાઈ થઈ ગયું.

૪૭૬૦ ત્યારે જેમ ચંદ્રમા સુર્યના (પ્રકાશ) ઉપર નભે છે તેમ તેનો ચંદ્રમા સરખો આત્મા બાદશાહના આત્માના પ્રકાશ ઉપર નભતો બની ગયો.

૪૭૬૧ અને અપૂર્વ બાદશાહમાંથી રૂહાનીયત આહાર તેના કેફી આત્મામાં દરેક પળે આપતો રહ્યો.

૪૭૬૨ તે પાર્થીવ આહાર ન હતો કે ભૌતિકવાદીઓ અને ખ્રિસ્તીઓ ખાય છે (પણ) (રૂહાનીયત) ખોરાકનો ભાગ કે જે ફિરસ્તાઓ ખાય છે તેનો ભાગ હતો.

૪૭૬૩ તેણે પોતામાં સ્વાયત્તતા અનુભવી અને સ્વાયત્તતામાંથી એક ઉદ્ધત ગર્વની ભાવના ઉત્પન્ન થઈ.

૪૭૬૪ તેણે કહ્યું "હું શું એક બાદશાહ અને બાદશાહનો પુત્ર નથી? મેં મારો કબજો આ બાદશાહને કેમ લેવા દીધો?

૪૭૬૫ હવે જ્યારે કે પ્રકાશિત ચંદ્રમા મારા માટે ઉગ્યો છે ત્યારે શા માટે મારે ધુળના (ઢેફાંને) અનુસરવું?

૪૭૬૬ પાણી મારી નદીના તટમાં વહે છે અને અત્યારે તુચ્છકારવાનો વખત છે; હું કે જેને કાંઈ જોઈતું નથી તે બીજા પાસેથી તુચ્છકાર શા માટે સહન કરે?

૪૭૬૭ જ્યારે મારા માથાનો દુઃખાવો ચાલ્યો ગયો છે ત્યારે માથાને પાટો શા માટે બાંધું? ફિક્કો ચહેરો અને આંસુ ભરેલી આંખ માટેનો સમય પસાર થઈ ગયો છે.

૪૭૬૮ જ્યારે કે મારા હોઠો સાકર જેવા મીઠા બન્યા છે અને મારા ગાલો ચંદ્રમા જેવા (પ્રકાશિત) ત્યારે મારે બીજી (સ્વતંત્ર) દુકાન ખોલવી જોઈએ.

૪૭૬૯ જ્યારે તેના દુષ્ટ મને આ અહમમાં ઈંડા મુકવા શરૂ કર્યા ત્યારે તેણે એક લાખ ખોટી કલ્પના આપવી શરૂ કરી,

૪૭૭૦ બરાબ આંખ પણ તે જગ્યાએ પહોંચે છે જે કંજુસાઈ અને અદેખાઈથી એક સો જંગલોથી દુર રહે છે

૪૭૭૧ તો પછી, બાદશાહનો સમુદ્ર કે જ્યાં બધું પાણી પાછું ફરે છે તે વાવાઝોડા અને પાણીમાં જે સમાએલ છે તેનાથી અજ્ઞાત કેમ હોય?

૪૭૭૨ બાદશાહનું દિલ તેના (શાહજાદાના) વિચારો અને પોતાની વિશુદ્ધ દાનશીલતા માટે બતાવેલ અનુપકારીપણાથી દુઃખાયું હતું.

૪૭૭૩ તેણે (પોતાના મનમાં) કહ્યું, "ઓ હલકા સ્વભાવના આદમી, હું તને પુછું છું કે મારા દાન માટે આ લાયક હતું? અત્યંત આશ્ચર્યજનક!"

૪૭૭૪ (જો) આ કિંમતી બક્ષનો છુટે હાથે પ્રદાન કરવામાં હું કેવી રીતે તારી સાથે વર્ત્યો હતો? (જુઓ) તારા હલકા આત્માપણા અંગે તું મારી સાથે કેવી રીતે વર્ત્યો છે!

૪૭૭૫ મેં તારા દિલમાં એક ચંદ્રમા મુક્યો છે જે કયામતના દિવસ સુધી કદી આથમવાનો નથી.

૪૭૭૬ અને પવિત્ર પ્રકાશના ઈનામ માટે બદલામાં તેં મારી આંખમાં માટી અને કાંટા ફેંક્યા છે.

૪૭૭૭ હું તારા માટે આસમાનની સીડી બન્યો હતું અને તું મારાથી ધર્ષણમાં તીર અને કામઠું બન્યો છો,

૪૭૭૮ (બાદશાહના) દિલમાં અદેખાઈની વેદનાઓ ઉઠી, બાદશાહની વેદનાઓનું પ્રતિબિંબ તેના (શાહજાદામાં) દાખલ થયું.

૪૭૭૯ તેના સૌભાગ્યનું પંખી ઉડ્યા વિના ઋતુનપુર્વક ઠપકો દેતું હતું, અને તેનાથી થએલા અપમાનનો પડદો ચીરતું હતું. જેણે (બાદશાહથી) એકાંત શોધ્યું હતું,

૪૭૮૦ જ્યારે કૃપાળુ યુવાને પોતાની ધૂળ અને તેની હલકી વર્તણુંકની અસરો અનુભવી.

૪૭૮૧ (અને જોયું કે) સદ્‌ભાવ અને દાનનું વેતન આવ્યું ન હતું અને કે આનંદનું ઘર દિલગીરીથી ભરેલું હતું.

૪૭૮૨ ત્યારે તે (અહંમની) મદીરાથી ચડેલા કેફમાંથી ભાનમાં આવ્યો (પણ) પેલા પાપના બદલામાં તેનું મસ્તક બીમારીના થાકનું રહેઠાણ બન્યું હતું.

૪૭૮૩ તેણે (મનાઈ કરેલ) ઘઉં ખાધા હતા, તેનો અવકાશી પોષાક તેના ઉપરથી ઉતારી લેવામાં આવ્યો અને તેના માટે બહિશ્ત જંગલ અને રેતાળ મેદાન બન્યું.

૪૭૮૪ તેને સમજાયું કે પેલા કેટલી ઘુંટે પોતાને બિમાર બનાવ્યો હતો અને કે પેલા અહંમમય પ્રપંચોના ઝેરે પોતાનું કાર્ય કર્યું હતું.

૪૭૮૫ તેનો આત્મા કે જે (શાશ્વત) ખુશીના બગીચામાં એક (બગાઉ) મોર જેવો હતો (હવે) અવાસ્તવિકતાના જંગલમાં એક ઘુવડ જેવો બન્યો.

૪૭૮૬ હ. આદમ (અ.સ.)ની માફક તેને બહિશ્તથી ઘણો દુર જમીન ઉપર ખેતી કરવા ખાતર બળદ હાંકતો છોડવામાં આવ્યો હતો.

૪૭૮૭ તે આંસુઓ સારતો હતો અને બુમ પાડતો હતો, "ઓ દુષ્ટ મન, તેં આત્માને કાયામાં બંદીવાન બનાવ્યો છે,

૪૭૮૮ ઓ હલકટ દુષ્ટ મન, તારા ઠંડા શ્વાસથી, તું બાદશાહથી બેવફાઈથી વર્ત્યો છો જે મદદ માટેના બધા જવાબો આપે છે"

૪૭૮૯ ઘઉંના એક દાણા માટેની તારી કંજુસાઈમાં તેં ફાંસામાં (દાખલ થવાનું) પસંદ કર્યું છે, અને તેના ઘઉંના દરેક દાણો તને દુઃખ દેવા એક વીંછી બન્યો છે.

૪૭૯૦ અહંમની ખોટી કલ્પના તારા મગજમાં આવી, (હવે) તારા પગમાં પચાસ મણ વજનની બેડી નિહાળ

૪૭૯૧ આવી રીતથી તે પોતાના આત્મા માટે વિલાપ કરતો હતો, કહેતો, શા માટે હું મારી બાદશાહીનો વિરોધી બન્યો?"

૪૭૯૨ (પછી) તે ભાનમાં આવ્યો અને ખુદાની માફી માગી અને તેના પશ્ચાતાપથી કંઈક બીજું જ જન્મ્યું.

૪૭૯૩ પોતાનું ઈમાન ગુમાવવાની બીકમાં પીડા ઉત્પન્ન થાય છે, (આવા દુઃખી)ના ઉપર દયા બતાવજે, કારણ કે તે અસાધ્ય પીડા છે.

૪૭૯૪ કોઈપણ માનવ પાસે તેની દયા ન હોજો! (ગરીબાઇ) સહન કરવામાંથી જેવો તેને મુક્ત બનાવાય છે કે તુર્તજ તે માનની પદવી શોધે છે,

૪૭૯૫ કોઈપણ માનવ પાસે મુક્કો અને ખીલાઓ ન હોજો! (કારણ કે) પછી તે કદી પણ સચ્ચાઇ અને ભક્તિભાવના વિચાર કરશે નહિ.

૪૭૯૬ એક માણસ માટે સૌથી સારૂં એ છે કે તેને મારી નાખવામાં (તકલીફમાં) માનભંગ કરવામાં આવે, દુષ્ટ મન નિમકહરામ છે અને એક કે જે અવળું ચાલ્યું ગયું છે.

ખુદાનું હ. અઝરાયલને સંબોધન, કહે, "આ બધા સજીવ જીવો કે જેઓના આત્માઓને તેં કબજે કર્યા, સૌથી વધારે દયા કોના ઉપર આવી?" અને માલિકને અઝરાયલ તરફથી અપાએલો જવાબ.

૪૭૯૭ ખુદા હ. અઝરાયલને કહેતો હતો, "ઓ માર્શલ, બધા દુઃખીયારાઓમાં સૌથી વધારે દયા કોના ઉપર કરી?"

૪૭૯૮ તેણે જવાબ આપ્યો, "મારૂં દિલ તેઓ સઘળા માટે બળે છે, પણ (દૈવી) હુકમનો અનાદર કરતાં બીઉં છું."

૪૭૯૯ તેથી હું કહેતો, "ખુદાએ મને આ યુવાનની બદલીમાં કુરબાન કર્યો હોતો (કેવું સારૂં)?"

૪૮૦૦ ખુદાએ પૂછ્યું, "સૌથી વધુ દયા કોના માટે અનુભવી? કોના કારણે તારૂં દિલ સખત અને જ્વાલામુકત બન્યું?"

૪૮૦૧ તેણે કહ્યું "(તારા) હુકમથી એક દિવસ મેં ઝનુની મોજાંઓ ઉપરના વહાણને ભાંગ્યું, તેથી તે ટુકડાઓમાં વેરાઈ ગયું.

૪૮૦૨ પછી પેલા સમુદ્રમાંથી એક સ્ત્રી અને બચ્ચાં સિવાય બધાના આત્માઓ લઇ લેવાનો તેં હુકમ કર્યો,"

૪૮૦૩ બન્ને એક પાટીયા ઉપર બાકી હતા, અને પાટીયું મોજાંઓ ઉપર તણાતું હતું.

૪૮૦૪ પછી તેં હુકમ કર્યો, "માનો આત્મા લઇ લે અને 'થા' હુકમની તાબેદારીમાં બચ્ચાંને એકલું છોડી દે."

૪૮૦૫ જ્યારે મેં બચ્ચાંને તેની માતાથી જુદું કર્યું ત્યારે તું પોતે જ જાણે છે કે તે મારા માટે કેવું સખત હતું.

૪૮૦૬ વારંવાર મેં મોટા વિલાપમાં નિસાસાઓ જોયા છે, (પણ) પેલા બચ્ચાંની સખત દિલગીરી મારી યાદીમાંથી કદી વિસરાઇ નથી.

૪૮૦૭ ખુદાએ કહ્યું "મારી દયાથી મેં મોજાંઓને પેલા બચ્ચાંને જંગલમાં લઇ જવા હુકમ કર્યો.

૪૮૦૮ એક જંગલ કમળનાં ફુલો અને મધુર કસ્તુરી અને ગુલાબોથી છલકાતું, બાવા માટેનાં ઉત્તમ ફળોથી ભરપુર ઝાડીઓ સહિત,

૪૮૦૯ અને સ્વચ્છ મધુર પાણીના ઝરાઓ, મેં બચ્ચાંનું એક સો વહાલથી પોષણ કર્યું.

૪૮૧૦ અસંખ્ય મધુર ગાતાં પંખીઓ પેલા બગીચામાં એક સો ગાયન ગાતાં ભેગા થતા હતાં.

૪૮૧૧ મેં જંગલી શુક્રાણોના પાંદડાંઓની પથારી તેના માટે બનાવી, મેં તેને દુઃખના આઘાતમાંથી સલામત બનાવ્યો.

૪૦૧૨ મેં સુર્યને તેને ન દઝાડવાનું કહ્યું, મેં પવનને તેના ઉપર મંદ ગતીએ ફુંકાવા કહ્યું;

૪૦૧૩ મેં વાદળાંઓને તેના ઉપર ન વરસવાનું કહ્યું, મેં વિજળીને તેના ઉપર ન પડવાનું કહ્યું.

૪૮૧૪ મેં કહ્યું, "ઓ શિયાળા, આ ફળવાડીમાંથી કોમળ હવા કાપી નાખતો નહિ." મેં ઉનાળાને કહ્યું "આ બગીચા ઉપર તારો પંજો પડવા દેતો નહિ."

શયબાન રાઇ (ર. અ.)ના ચમત્કારો

૪૮૧૫ ઋતુની વરૂના કારણે, શયબાન રાઇ શુક્રવારની બંદગીના સમયે પોતાના ટોળાની આજુબાજુ લીટી દોર્યા કરતા.

૪૮૧૬ એટલા માટે કે કોઇપણ ઘેટું લીટીની બહાર જાય નહિ અને કે કોઇ વરૂ કે બદમાશ ચોર અંદર આવે નહિ.

૪૮૧૭ તે હ. હુદ (અ. સ.)ના પનાહના કુંડાળાની નકલ હતી, કે જેમાં તેમના અનુયાયીઓ 'સરસર' પવનથી સલામત હતા.

૪૮૧૮ (હ. હુદ અ.સ.એ તેમને કહ્યું), આઠ દિવસ સુધી આ કુંડાળામાં શાંતિથી રહો અને બહાર ભયંકર સંહાર જુઓ.

૪૮૧૯ તેણે (પવને નાસ્તિકોને) હવામાં ઉલાળ્યા અને તેમને પત્થરો ઉપર ફેંકયા કે જેથી માંસ અને ગોસ વેરાઇ ગયું?

૪૮૨૦ તેણે એક સમુહને બીજા સાથે હવામાં ભટકાવ્યા કે જેથી તેઓનાં હાડકાંનો કુલેાનાં બીયાંની માફક ભુક્કો થયો.

૪૮૨૧ તે પુરેપૂરૂં વર્ણવવા મસનવીમાં જગ્યા નથી કે જે સજાથી આસમાન પણ ધ્રુજી ગએલ.

૪૮૨૨ ઓ ઠંડા પવન, જો તું આ (તારી પોતાની) પ્રકૃતિથી કરતો હો તો (પછી) હ. હુદ (અ.સ.) મેં દોરેલી લીટી અને ચક્કરાવાને તોડવાની કોશીશ કરી જો!

૪૮૨૩ ઓ કુદરતના તત્વજ્ઞાની, પ્રકૃતિ ઉપરની આ (ખુદાની) બાદશાહી નિહાળ, અથવા નહિતર આવ અને (જો તું) આ પવિત્ર કિતાબમાંથી આ (આખ્યાન) ભુંસી શકીશ નહિ.

૪૮૨૪ પેલાઓ કે જેઓ (ધંધાદારી રીતે) કુરાન વાંચે છે તેને મના કર, અને તેના ઉપર મનાઇ બાદ અથવા શિક્ષાને સજા કર અને તેને ફાળમાં ઉતાર.

૪૮૨૫ તું નિઃસહાય છો અને આ નિઃસહાયતાનું કારણ સમજવા અશકત છો તારી નિઃસહાયતા વેરની વસુલાતના દિવસનું પ્રતિબિંબ છે.

૪૮૨૬ ઓ અધમ આદમી, તને તારી સમક્ષ ઘણી નિઃસહાવ હાલતો છે (જ્યારે) સમય આવે છે, ત્યારે, અરે, નાસભાગ કરતો ગુનેહગાર પ્રગટ થશે.

૪૮૨૭ સુખી તે છે કે જેનો (રૂહાનીયત) ખોરાક આ નિઃસહાયતા અને વ્યાકુળતા છે, અને જે બન્ને દુનિયામાં પ્રિતમના પડછાયાના (રક્ષણમાં) સુતો છે.

૪૮૨૮ તે (આવો એક) આ ચાલુ જીવનના તબેલામાં અને છેલ્લી (ભવિષ્યની) હાલત બન્નેમાં નિઃસહાય હોવાનું માને છે, મરેલો છે, અને સવાલ કર્યા વગર ઈમાન કબુલ કરેલ છે.

૪૮૨૯ તે ઝુલેખા માફક છે, જ્યારે હ. યુસુફે (અ.સ.) તેના પર તેજ ફેંકયું, વૃદ્ધાવસ્થામાંથી યુવાનીનો રસ્તો મળ્યો.

૪૮૩૦ જીવન (ખુદીના) મરવા ઉપર આધાર રાખે છે, અને તકલીફ સહન કરવા ઉપર જીવનનું જ્યાં અંધકારના મુલકના છે.

માતા અને તેમના હસ્તક્ષેપ વગર મહાન ખુદાનું નમરૂદને બચપણમાંથી મોટો કરવાની કહાણી ફરીથી લેવી.

૪૮૩૧ ડુંકમાં પેલો બગીચો આત્મજ્ઞાનીઓના (રૂહાની) બગીચાની માફક સરસર પવન અને ગરમીમાંથી સલામત બનાવાયો હતો.

૪૮૩૨ (ત્યાં) વાઘણે તાજાં બચ્ચાંઓને જન્મ આપ્યો હતો. મેં તેણીને તેને દુધ આપવાનો હુકમ કર્યો અને તેણી કબુલ થઈ.

૪૮૩૩ તેથી તેણીએ દુધ પાયું અને તે મોટો થયો અને મજબુત અને બહાદુર બન્યો ત્યાં સુધી સંભાળ લીધી.

૪૮૩૪ જ્યારે તેણે ધાવણ છોડ્યું ત્યારે મેં જીનને ન્યાય અને સંભાષણ કરવાનું શીખવવા હુકમ કર્યો.

૪૮૩૫ મેં તેને પેલા બગીચામાંથી પોષણ આપ્યું. મારી નિખાલસતાનું (વર્ણન) શબ્દોમાં કેમ સમાવી શકાય?

૪૮૩૬ મેં હ. યાકુબ ઉપર એક પિતાનો પ્રેમ નવાજીશ કર્યો એટલા માટે કે તે કીડાઓની પરોણાગત કરે અને તેમને કાંઈ ઈજા કરે નહિ.

૪૮૩૭ મેં કીડાઓ ઉપર બચ્ચાંઓને પિતા તરફ હોય તેવો પ્રેમ ઇનાયત કર્યો, જુઓ, અહીં (મારી) શક્તિનું (એક પ્રતિક) છે. અહીં (મારા) હાથનું પ્રતિક છે.

૪૮૩૮ મેં માતાઓને (પોતાનાં બચ્ચાંની) કાળજી માટે શીખવ્યું છે. મેં જગાડેલ દયા કેવી અનંત બનવી જોઈએ?

૪૮૩૯ મેં (તેના પર) એકસો સદ્‌ભાવો બતાવ્યા અને ઉપકારના એકસો બંધનો બાંધ્યાં કે તે મારી કૃપાનો સત્વર અનુભવ કરે.

૪૮૪૦ અને કોઈપણ ગૌણ કારણોથી મુંઝાએલ બને નહિ, અને તે કે મદદ માટેની દરેક માંગ મને જ કરવામાં આવે.

૪૮૪૧ અથવા છેવટ કે તેને (બીજે ફરવાનું) બહાનું ન રહે અને કોઈપણ પ્રસંગે કોઈ હલકટ સાથી હોવાની ફરીયાદ પણ ન રહે.

૪૮૪૨ તેણે એકસો દોરીથી ગુંથાએલી આ મમતામય કાળજી બાંધી. કારણ કે એક મધ્યસ્થી વગર મેં પોતે તેને મોટો કર્યો.

૪૮૪૩ એ માનવંત ચાકર, તેના આભારો આ હતા, કે તે નમરૂદ હ. ઈબ્રાહિમને બાળનાર બન્યો.

૪૮૪૪ આ શાહજાદાની માફક, બાદશાહની સદ્‌ભાવનાની બદલીમાં ઉદ્ધતાઇ બતાવી અને પોતાની મોટાઇ શોધી.

૪૮૪૫ કહે, જ્યારે હું રાજ્ય અને નવું ભવ્ય નશીબ ધરાવું છું ત્યારે બીજાનો અનુયાયી શા માટે બનું?

૪૮૪૬ (એટલે કે) બાદશાહના સદ્‌ભાવો કે જેના વિષે અગાઉ કહાણીમાં કહેવાયું છે, તેની ઘોર ઉદ્ધતાઈ અંગે તેના દિલમાંથી અદ્રષ્ય થયા.

૪૮૪૭ તેજ પ્રમાણે નમરૂદે અજ્ઞાનતામાં કર્યું અને આંધળી રીતે મારી પેલા સદ્‌ભાવોને પગ તળે છૂંદ્યા.

૪૮૪૮ હવે તે એક નાસ્તિક બન્યો છે, અને (ઈમાનદારને) લુટે છે, તે ઉદ્ધતાઈપુર્વક વર્તે છે અને દૈવત્વનો ઢોંગ કરે છે.

૪૮૪૯ ત્રણ ગીધોના સાધનોથી તે મારી સાથે લડાઇ કરવા ખાતર ભવ્ય આસમાન તરફ ઉડ્યો છે.

૪૮૫૦ અને એક લાખ નિર્દોષ બચ્ચાંઓને મારી નાખ્યાં છે, એથી આશામાં કે તે હ. ઈબ્રાહિમને શોધે.

૪૮૫૧ કારણ કે ભવિશ્યવેતાઓએ જાહેર કર્યું કે ભવિશ્યની આગમવાણી અનુસાર એક પ્રતિસ્પર્ધી તેનો સામનો કરવા જન્મવાનો છે.

૪૮૫૨ (અને કહ્યું), સાંભળ પેલા દુશ્મનને હટાવવા સાવચેતીનાં પગલાં લે, (તેથી) તેના ગાંડપણમાં તે દરેક બચ્ચું જે જન્મે તેને મારી નાખવામાં મશગુલ બન્યો.

૪૮૫૩ (પણ) તેને ગુંચવવા, પ્રેરિત બચ્ચું બચાવાયું હતું. બીજા બધાનું લોહી (પાપનો ભારો) તેના ગળ ઉપર રહ્યો.

૪૮૫૪ અરે, કેવું અદ્‌ભૂત! શું તેણે પેલી બાદશાહી તેના બાપ પાસેથી મેળવી હતી કે (બદલામાં) ઉમદા વંશના અંધકારથી તે મુર્ખ બન્યો હતો.

૪૮૫૫ (નહિ), જો બાપ અને મા બીજાઓને અટકાયતી આભાસનું કારણ બન્યા હોત તો તેણે પોતાની થેલીમાં મારી પાસેથી ઝવાહીરો મેળવ્યો હોત.

૪૮૫૬ અનિવાર્યપણે તારૂં દુષ્ટ મન લાલચુ વરૂ છે. શા માટે તું દરેક દોસ્ત ઉપર અપવશ મુકે છે?

૪૮૫૭ તેની ખોટી દોરવણીમાં ખોટો બેઇમાન બુધ્ધુ વગરનો નફ્સે અમ્મારા (દુષ્ટ મન) એક સો તાલીયા માથા માટે એક ટોપી જેવું છે.

૪૮૫૮ એ (ખુદાના) ગરીબ ગુલામો આના કારણે હું હંમેશાં કહું છું "કુતરાની ડોકમાંથી પટો હટાવો નહિ."

૪૮૫૯ (ભલે પછી) આ કુતરો એક શિક્ષક બન્યો છે, છતાં તે કુતરો જ છે, તું એવો બન જેના દુષ્ટ મનની બદબોઈ થઈ છે, કારણ કે તે હલકી પ્રવૃત્તિનું છે.

૪૮૬૦ તું તારી ફરજપુર્વકની કામગીરી બજાવીશ ને તું સુકાયલ (ની માફક) ચારે બાજુ જઈશ, (ફકાની અસરોથી) તાઇફની માફક પવિત્ર બનીશ.

૪૮૬૧ ઓટલા માટે કે સુકાયલ (બૌદ્ધિકતાના) પાપોમાંથી તને છોડાવે અને તું એક બુટની માફક પ્રિતમના પગને યોગ્ય બને.

૪૮૬૨ સમસ્ત કુરાન દુષ્ટ મનની દુષ્ટતાના વર્ણનથી ભરપુર છે. પવિત્ર કિતાબમાં જો! તારી આંખ કયાં છે?

૪૮૬૩ દુષ્ટ મનના કારણે આદ જેવા લોકો જ્યારે હથીઆરો મળ્યાં ત્યારે સખત મહેનતે નબીઓનો સામનો કર્યો.

૪૮૬૪ વંશ પરંપરા અસભ્ય દુષ્ટ મનની દુષ્ટતા (દૈવી કોપથી) ઓચિંતી દુનિયાને આગ લાગવાના કારણરૂપ હતી.

શાહજાદો કે જે બાદશાહના દિલમાંથી એક (જીવલેણ) ફટકાથી નુકશાન પામ્યો હતો અને બીજી (ફકાનીયત) ઉત્તમતાઓથી પ્રદાન પામ્યા પહેલાં આ દુનિયામાંથી વિદાય થયો હતો, તે કહાણી તરફ પાછા ફરવું.

૪૮૬૫ વાત ટુંકાવ, એક વરસ બાદ પેલા અદેખાની ચીઢે તેને (શાહજાદાને) કબર ભેગો કર્યો.

૪૮૬૬ જ્યારે બાદશાહ ખુદીની નાખુદીની હાલતમાંથી સૂધબૂધમાં આવ્યો (તેણે જાણ્યું કે) તેની લડાયક આંખે લોહી વહેવડાવ્યું છે.

૪૮૬૭ જ્યારે અપૂર્વ (બાદશાહે) પોતાના ભાથામાં જોયું તેઃ જણાયું કે તેના ભાથામાંથી એક તીર ઘટે છે.

૪૮૬૮ તેણે (પોતાના મનમાં) કહ્યું, પેલું તીર કયાં છે? અને (પોતાને જણાવવા) ખુદાને વિનંતી કરી, તેણે (ખુદાએ) જવાબ આપ્યો, તેના (શાહજાદાના) ગળામાં, કારણ કે તે તારા તીરથી જ (મરાણો છે).

૪૮૬૯ બાદશાહ, કે જેનું દિલ એક સાગર સમ હતું, માફી માગી, પણ અફસોસ તીર મર્મસ્થાને વાગ્યું હતું.

૪૮૭૦ તે ઠાર કરાયો હતો અને બાદશાહ તેના માટે દિલગીરીમાં રોયો (કારણ કે) તે (બાદશાહ) બધું છે, તે ઠાર કરનાર અને સૌથી નજીકનો સગો બને છે.

૪૮૭૧ કારણ કે જો તે બન્ને નથી તો પછી તે બધું નથી, (પણ) તે લોકને મારનાર અને તેમને માટે રૂદન કરનાર બન્ને છે.

૪૮૭૨ (દરમ્યાન) ફિક્કા ગાલવાળો શહિદ (ખુદાનો) આભાર માનતો હતો કે તે (તીરે) તેની કાયાને હાની પહોંચાડી છે અને તેને કે જે અસલ (આત્મા) છે તેને હાની પહોંચાડી નથી.

૪૮૭૩ દ્રષ્યમાન કાયા આખરે જવા સર્જાઇ છે (પણ) તે કે જે અસલ (પવિત્ર આત્મા) છે કાયમને માટે આનંદ કરતો હૈયાત રહેશે.

૪૮૭૪ જો કે તે સંજા કરવામાં આવી હતી, છતાં તે માત્ર ચામડી ઉપર પડી, પ્રેમી ઇજા વગર પ્રિતમ પાસે ગયો.

૪૮૭૫ જો કે તે બાદશાહની સેવામાં અર્પણ થયો હતો (છતાં) અંતે તે સંપૂર્ણની આંખ (દિદારથી) પ્રિતમ સાથે 'મિલન'માં દાખલ કરાયો હતો.

૪૮૭૬ અને ત્રીજો (ભાઇ) ત્રણેયમાં સૌથી વધારે આળસુ હતો, તેણે પુરેપુરૂં (ઇનામ) જીત્યું, રૂપ (દેખાવ) તેમજ વાસ્તવિકતા પણ.

અમુક માણસે સૂચનાઓ આપી કે તેના મરણ બાદ તેની માલમિલકત પોતાના ત્રણેય દિકરાઓમાંથી સૌથી વધારે આળસુ હોય તેને વારસામાં આપવામાં આવે.

૪૮૭૭ અગાઉ એક માણસ પોતાની મૃત્યુશય્યાએ સૂચનાઓ આપતા (નીચે મુજબ) બોલ્યો હતો.

૪૮૭૮ (કારણ કે) તેને ત્રણ દીકરાઓ ત્રણ હાલતા સાઈપ્રસ જેવા હતા, તેમને તેણે પોતાનો આત્મા અને જીવ અર્પણ કર્યો હતો.

૪૮૭૯ તેણે કહ્યું, 'જે કોઇ આ ત્રણેયમાં સૌથી વધુ આળસુ હોય તો તેને મારી માલિકીનું બધું સોનું અને સરસામાન લઇ જવા દયો.'

૪૮૮૦ તેણે કાજીને બોલાવ્યો અને તેને સખત તાકીદ કરી, ત્યારબાદ તેણે મૃત્યુની મદિરાનો પ્યાલો ગટગટાવ્યો,

૪૮૮૧ છોકરાઓએ કાજીને કહ્યું, 'ઓ માનવંત સાહેબ, અમો ત્રણેય અનાવેઃ તેના ઠરાવમાંથી ચલીત થશું નહિ.

૪૮૮૨ અમો કબુલ કરીએ છીએ અને તાબે છીએ. અધિકાર તેનો જ હતો. જે તેમણે હુકમ કર્યો છે તે અમારે બજાવવો જ જોઈએ.

૪૮૮૩ અમો હ. ઈસિમાઈલ (અ.સ.) માફક છીએ. અમારા ઇબ્રાહીમમાંથી અમો પાછા હઠશું નહિ. ભલે તે અમારી કુરબાની આપે."

૪૮૮૪ કાજીએ કહ્યું, 'ચાલો તમારામાંનો દરેક, પોતાની બુદ્ધિ વાપરીને પોતાના આળસુપણાનો હિસાબ આપે.

૪૮૮૫ કે જેથી હું દરેકનું આળસુપણું નિહાળું, કાંઈ પણ શંકા વગર દરેકની બાબત ઉભી છે!"

૪૮૮૬ આત્મજ્ઞાનીઓ બન્ને દુનિયામાં સૌથી આળસુ લોક છે, કારણ કે તેઓ હળ હાંકયાં વગર પોતાનો પાક લણે છે.

૪૮૮૭ તેઓએ પોતાનો આધાર આળસુપણું બનાવેલ છે, (અને તેના ઉપર આધાર રાખે છે) જ્યારે કે બુદ્ધા તેમને માટે કાર્ય કરે છે.

૪૮૮૮ અધમ બુદ્ધાનું કાર્ય જોતો નથી, અને (તેથી) સવારથી સાંજ સુધી સખત મહેનત-માંથી આરામ કરતો નથી.

૪૮૮૯ કાજીએ કહ્યું, 'આંવો, (તમારું) આળસુપણું બતાવો કે જેથી રહસ્ય જાહેર થતાં તેની વ્યાખ્યા શીખ !

૪૮૯૦ તે નિઃસંશય છે કે દરેક જીભ દિલ ઉપરનો પડદો છે, જ્યારે પડદો હટાવાય છે ત્યારે તેમાં (સંતાએલાં) રહસ્યો આપણને પહોંચે છે.

૪૮૯૧ એક નાનો પડદો રોટીના ટુકડા જેવો એક સો સુર્યના રૂપોને સંતાડે છે.

૪૮૯૨ ભલે મુર્ખનો બુલાસો ખોટો છે, છતાં સુવાસ (અસર) સાચા કે ખોટાથી જાણીતી બનાવે છે.

૪૮૯૩ મંદ પવન જે બગીચામાંથી આવે છે, તે રાણના ઢગલામાંથી આવતા ગરમ પવનથી જુદો છે.

૪૮૯૪ સત્યતા અને મુર્ખે પકડેલ જુઠાણું, કસ્તુરી અને લસણની માફક બોલવામાં સ્પષ્ટ છે.

૪૮૯૫ જો તમો દસ દિલોવાળા દોસ્તમાંથી સાચા દોસ્તને ઓળખી ન શકો તો તમારી સડી ગએલ સુંઘવાની ઇન્દ્રિયની ફરીયાદ કરો.

૪૮૯૬ બાયલાઓ અને બહાદુર હિંમતવાન માણસોના અવાજો સિંહ અને શિયાળાની લાક્ષણિકતાઓ જેમ નિરાળા છે.

૪૮૯૭ અથવા (ફરીવાર) જીભ રાંધવાના વાસણના ઢાંકણા માફક છે, જ્યારે તે હટાવાય છે ત્યારે તમો જાણો છો કે તેની અંદર કઈ જાતનો ખોરાક છે.

૪૮૯૮ (પણ) એક કે જેની (ગંધની) ઇન્દ્રિય તીવ્ર છે, વરાળ ઉપરથી કહેશે કે મીઠાઈ અથવા 'સીકાજ'નું તપેલું છે.

૪૮૯૯ જ્યારે એક માણસ એક નવો ઘડો તેને ખરીદવાના સમયે પોતાના હાથથી ટકોરા લગાવે છે ત્યારે તે (તેના અવાજ ઉપરથી) તુટેલો શોધી કાઢે છે.

૪૯૦૦ તેણે (ત્રણમાંના એકે) (કાજીને) કહ્યું, "હું માણસને તુર્તજ તેના મોં (વાણી ઉપરથી) ઓળખું છું. અને જો તે ન બોલે તો હું તને ત્રણ દિવસમાં ઓળખી જાઉં છું.

૪૯૦૧ બીજાએ કહ્યું "જો તે બોલે તો હું તેને ઓળખું અને જો તે ન બોલે તો હું તેને વાતચીતમાં લગાવું."

૪૯૦૨ તેણે (કાજીએ) કહ્યું "(પણ) જો તેણે આ (તમારી) યુક્તિ સાંભળી લીધી છે, તો તે પોતાના હોઠો બંધ રાખશે અને ચુપકીદીનો આશરો લેશે.

બોધકથા

૪૯૦૩ આ બાબત પેલી એક મા જેવી છે કે જેણે પોતાના બચ્ચાને કહ્યું, ' ને એક પ્રેત રાત્રીના તારી પાસે આવે તો.

૪૯૦૪ અથવા ને એક કબ્રસ્તાનમાં અને ભયંકર જગ્યાએ ગુસ્સાથી ભરેલો કાળો જીન તમો જુઓ,

૪૯૦૫ મજબુત દિલ રાખજે અને તેના ઉપર ધસી જજે, અને તુર્તજ તે પોતાનો ચહેરો તારામાંથી ખસેડી લેશે.

૪૯૦૬ બચ્ચાએ કહ્યું, ' પણ ધારો કે સેતાનિક જીનની માતાએ તેને (આજ વસ્તુ) કહી હોય.

૪૯૦૭ (ને) હું તેના તરફ ધસું, તેની માતાના હુકમથી તે મારી ગરદન ઉપર પડશે, તો પછી હું શું કરું ?

૪૯૦૮ તમો મને દ્રઢ ઉભા રહેવાનું શીખવો છો (પણ) કદરૂપા જીનને પણ એક મા હોય છે.

૪૯૦૯ સેતાનો અને માણસ બનતે સૂચના આપનારો એક (ખુદા) છે, તેના થકી દુશ્મન જે કે તે થોડી શક્તિમાં હોવા છતાં સરસાઈ ભોગવે છે.

૪૯૧૦ પેલો દયાળુ જે પણ બાજુએ હોય, ખુદાની ખાતર બન, ખુદાની ખાતર તું પણ તે જ બાજુએ હોય.

૪૯૧૧ તેણે (કાજીએ કહ્યું), ધારો કે માનનીય આદમી તમારી યુક્તિથી બોલવા પ્રેરાયો નહિ. કચારનીય યુક્તિ બનાવી ગયો છે.

૪૯૧૨ મને સત્ય કહે, તેની ગુપ્ત પ્રકૃતિ તમે કેમ જાણશો ? તેણે જવાબ આપ્યો, હું તેની સાથે મૌનથી બેસીશ.

૪૯૧૩ અને ધીરજને દાદરવાળી સીડી બનાવીશ, ધીરજ ફતેહની ચાવી છે.

૪૯૧૪ અને જે તેની હાજરીમાં મારા દિલમાંથી આ આનંદ અને દિલગીરીના ક્ષેત્રથી પર એક વાણી આગળ ધસશે.

૪૯૧૫ હું જાણીશ કે તેણે તેને ચમનમાં (ઉગતા) ચંદરવાની માફક પ્રકાશતા આત્માના ઉંડાણમાંથી મારી પાસે મોકલી છે.

૪૯૧૬ મારા દિલમાંની વાણી પેલા ભવ્ય સ્થાનમાંથી આવે છે, કારણ કે દિલ અને દિલ વચ્ચે એક બારી છે.

૪૯૦૨ સમાપ્ત.